गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૫૫૩૮ वर्गांक

पुस्तकनुं नाम તરણાં તપારેપણી

विषय ૮-૨

ૐ

તરૂણ તપસ્વિની

ભાગ ૧ લો.

લેખક-સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

(કુમુદકુમારી અને પદ્મલતાના કર્તા)

શાહાપુર, વડવાળી પોળ—અમદાવાદ.

પ્રકાશક

સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

શાહાપુર વડવાળી પોળ-અમદાવાદ

આવૃત્તિ ૧ લી ; પ્રત ૧૦૦૦.

સોલ એજન્ટ

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

૨૬૩૦, પાનકોર નાકા—અમદાવાદ.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

કીંમત રૂ. ૧-૮-૦.

સર્વ હક્ક પ્રકાશકે સ્વાધિન રાખ્યા છે.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
...વાદ
ગૂ... ...રાઈટ સંગ્રહ

૫૫૩૧

शार्दूलविक्रीडित वृत्त.

एके सत्पुरुषाः परार्थघटकाः स्वार्थं परित्यज्य ये ।
सामान्यास्तु परार्थमुद्यमभृतः स्वार्थाविरोधेन ये ॥
तेऽमी मानुषराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये ।
ये निघ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ॥

भर्तृहरि

અમદાવાદ શાહપુર વનમાળી વાંકાની પોળમાં હરિભાઈ
દલપતરામે પોતાના "અભ્યોદય" પ્રેસમાં છાપી

અર્પણ પત્રિકા.



કવ્વાલી.

સરસ્વતી સુનતિ મ્હારી, સુજાડી લ્હું તે ઉતારી.
પ્રસારી જ્યોતિ જુગ ભારી ગુણો તુજ ગાય નરનારી સરસ્વતી
સદા છો શાન્ત ગુણવાળી, વિણાવજી હસ્તમા ધારી
ભજન ભંડાર ભરનારી, સકળ સંકષ્ટ હરનારી સરસ્વતી
હૃદયના આશ જે મ્હારી, કૃપાળુ લ્યોને ઉરધારી,
સફળ કરો શ્રમને ભારી. પ્રભુ આ ગ્રંથ સ્વિકારી સરસ્વતી
ગુણો શું ગાઉં વીસ્તારી, પ્રભુની પુત્રી છુ પ્યારી,
જગતિના મ્હોયતી મારી, પ્રસિદ્ધ પવિત્રતા તારી. સરસ્વતી

* * *

સમય પરિશ્રમ પામીને, પુસ્તક રચીયુ આજ,
લાજ રંકની રાખશો, શરણે ગરીબ નીવાજ
સરસ્વતી સ્વિકારશો, અર્પણ કરતો આજ,
રામ કૃષ્ણ ગોવિંદની, સાક્ષી જગને આજ સરસ્વતી

આપનો કૃપાભિલાષી
સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

ૐ

પુષ્પાંજલી.

જાર સાટે પરમાર્થ કરીને ગાજતા,
નામ પરીમળ વીરમંડળમા વાગતા શાં૦
ભૂપનુ રૂપ જોઈ કોટી કામદેવ લાજતા,
ભવરણુ યુધ્ધે કાળના કાળથી ના ભાગતા...શાં૦

ભક્ત હ્રદયમા અખંડ જ્યોતી બીરાજતા,
સરજનહાર કિરતાર સકળમા ગાજતા શાં૦.

કરણીએ નર નારાયણુ નીપજતા
ભૂતળ ભક્તી કરવા દેવો આવતા શાં૦
ધરણી નીતિ આચરણી ચલાવતા
ખલક ખેલાડી અલખજી આરાધતા શાં૦

ૐ

પ્રસ્તાવના.

સાંપ્રત સમયમાં અનેક નવલકથાઓ બહાર પડની દૃશ્ય માન થાય છે. એમાં આ તરૂણ તપસ્વિની નામક નવલ પુસ્તકનો વધારો થાય છે. પુસ્તક જનસમાજને પ્રીય કરનાર મિત્ર છે. તેના વાચનથી દુઃખમાં શાન્તિ, ધિરજ અને સુખમાં નીતિ, રીતિ વગેરેનુ જ્ઞાન થાય છે. આ સ સારમા અનેક પ્રકારના નવનવા ર ગ નજરે પડે છે. માણુસ શુ ં કરવાને શક્તિવાન છે એ પોતે સમજી શકતો નથી. તેમ છતાં ગર્વઘેલા મનુષ્યો હુ ંજ સર્વ કાર્ય કરવાને શક્તિવાન છુ, એમ સમજીને લોભ, મોહ ક્રોધ, મદ વગેરેને આધિન થઇ અત્ય ત નીચ કર્મો આદરે છે. એથી સર્વેશ્વર તે ગર્વના પુતળાને દારૂણ કષ્ટ દઈ તેનું અભિમાન ઉતારે છે, અને આખરે તે દુષ્ટ જન પશ્ચાતાપ રૂપ અગ્નિમાં બળી શુદ્ધ થઇ નીતિને પ થે પળે છે. માણુષ માત્રના મનની સ્થિતિને ફરતા વાર લાગતી નથી. સુખમાં અભિમાની થાય છે ને દુ ઃખમા પુન. પસ્તાય છે. માટે સર્વ સુજ્ઞ જનોએ સુખ યા દુઃખમા હમેશાં શાન્તિ ધારણ કરી ધર્મ નીતિની બરાબર સ ભાળ રાખવી કે જેથી આખરે વિજય પ્રાપ્ત થયા સિવાય રહેતોજ નથી. માણુસ લોભ દશાએ કરી છતી આંખે અ ધ થઇ લોભની તૃષ્ણાથી અનેક કુકર્મો કરે છે. તેમજ સાધુ વગેરેનો સ્વાંગ ધરી ધર્મીષ્ટ જનોને પીડે છે. સાધુ થયેલા મનુષ્યનો ધર્મ સર્વનું કલ્યાણ કરવાનો છે. એમ નહિ કરતાં આજકાલના ભગવા વેશ ધારી

કેટલાક સાધુ મહાત્માઓ જન સમાજને નીતિને રસ્તે દોર વાને બદલે પોતાના સુખને અર્થે અવળે રસ્તે દોરી તેમના દ્રવ્યનું હરણ કરે છે, અને એ દ્રવ્યથી સાધુ મહાત્મા ઇંદ્રિયોને ઉશ્કેરે એવાં ખાનપાનાદિ, ગાડી ઘોડા વગેરેની મોજમઝા ભોગવે છે. જેણે આ સંસારનો ત્યાગ કરી ભગવાં ધર્યા તેને મોજમઝા શા માટે ભોગવવી? જેણે સંસાર ત્યાગ્યો તેને શા માટે મિષ્ટ અન્ન જમી ઇંદ્રિયોને ઉશ્કેરવી? સાધુ થયેલા મહાત્માએ તો જેમ બને તેમ જન સમાજથી દૂર રહી, ઇંદ્રિયોને નિયમમાં રાખી આત્મજ્ઞાન સંપાદન કરી મોક્ષ મેળવવો જોઇયે. પણ તેમ નહિ કરતાં હાલના ભગવાધારી કેટલાક મહારાજો "નામ મોટા ને દર્શન ખોટા" એ અનુસાર બહારથી મ્હોટા સિદ્ધ થઇ અંદરથી અત્યંત દુષ્ટ કૃત્યો આચરે છે. "રામ નામ જપના ને પરાયા માલ અપના" એ સિદ્ધાંતને અનુસરી તેઓ જનસમાજને સત્ય ધર્મનો ઉપદેશ નહિ કરતાં ખરૂ ખોટું સમજાવીને પોતાનોજ સ્વાર્થ સાધે છે. એવા સાધુ મહાત્મા આખરે ભગવાનના ક્રોધના ભોગ થઇ રીબાઇ રીબાઇને મરે છે ને પશ્ચાત નર્કના અધિકારી થાય છે.

આ નવલકથામા પણ એક સ્વાર્થ સાધુ મહાત્માના ભયંકર કાર્યો વર્ણવેલા છે, કે જેના વાચનથી એ સાધુરામ ઉપર તિરસ્કાર છુટયા વિના રહેશે નહિ. આ નવલકથામાં સર્વ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભોળા હૃદયના ને દ્રવ્યવાનના પુત્રને દુષ્ટ મિત્રો તેમના કુટિલ કાવાદાવામાં સપડાવી, તેમના પૈસાની પાયમાલી કેવી રીતે કરે છે અને આખરે દ્રવ્યહિન

થયેલાના તે નીચ મિત્રો કેવા હાલ હવાલ કરે છે, તેનુ આબેહુબ વર્ણન કરેલું છે. તેમજ સન્મિત્ર તેના મિત્રને માટે અત્યંત સંકટો ઉઠાવી મિત્ર ફરજ કેવી રીતે બજાવે છે વગેરેનો ચિતાર આ નવલકથામા આપેલો છે. પોતાનો સ્વામિ અત્યંત નીચા કર્મ કરનારો હોવા છતા પણ તેનામાં પ્રેમ રાખી તેને પ્રભુ સમાન ગણી નીતિને રસ્તે દોરવા પ્રયત્ન કરનાર સતી બાળાઓને ઘણુંજ દુઃખ પડયા છતા પણ પોતાના ધર્મથી વિચલીત થતી નથી. તેમજ દુષ્ટ માણસના પંજામા સપડાયા છતા તે તેનું શિયળવૃત કેવી રીતે સંભાળે છે અને શિયળની કેટલી મહુત્વતા છે એ સિદ્ધ કરી બતાવે છે. સ્વર્ગિય પ્રેમના પરીબળે પ્રેમની પરીપકવ દશામા આવતા પ્રેમિ યુગલને અનહદ કષ્ટો સહન કરવા પડે છે પણ પ્રેમનો ત્યાગ નહિ કરતા પ્રભુ પર દ્રઢ વિશ્વાસ રાખી તેઓ પોતપોતાનો ધર્મ યથાર્થ સંભાળી આખરે કેવી રીતે સુખી થાય છે.

આ સંસારમાં જન્મેલા સર્વ માણસોએ એક બીજાનુ કલ્યાણ ઇચ્છવુ એજ પરમ ધર્મ છે. "પારકાના કલ્યાણમાજ પોતાનુ કલ્યાણ સમાયેલુ છે." એ ખૂબ યાદ રાખવુ. વૃક્ષો, નદીયો, પહાડો, ને પ્રાણીયો વગેરે પણ જન સમાજનો ઉપકાર કરે છે. ધર્મશાસ્ત્રમા પણ પરોપકારનુ પુન્ય વિશેષ વર્ણવેલુ છે. "પરોપકાર સમાન મહાન્ પુન્ય નથી, અને પારકાને દુઃખ દેવુ અને ઇચ્છવુ તેના સમાન એક પણ મ્હોટુ પાપ નથી." માટે સર્વ સુજ્ઞ જનોએ સત્યધર્મ અનુસાર વર્તવુ કે જેથી આખરે શ્રેય થાય છે.

ગુણગ્રાહી ભ્રાતાઓ ! આ નવલકથામાં નીતિ, રીતિ, ધર્મ જ્ઞાન વગેરેનો સમાવેશ કરેલો છે. તેમાંથી આપને જે રૂચીકર લાગે તે જ્ઞાન ગ્રહણ કરશો તો લેખક પોતાનો શ્રમ સફળ થયેલો સમજશે.

જે સુજ્ઞ ભ્રાતાઓ મારી અલ્પબુદ્ધિ અનુસાર લખાયેલા મારા પુસ્તકનો યોગ્ય સત્કાર કરી હોશથી ઉત્તેજન આપે છે તેમનો હુ જેટલો ઉપકાર માનુ એટલો ઓછો છે.

આ પુસ્તકને બનતી ત્વરાએ બહાર પાડવામાં મને મદદરૂપ થઇ પડેલા મારા મિત્ર અમૃતલાલ ચુનીલાલ શાહનો પણ હુ ઉપકારી છુ.

તેમજ અત્રેના સુપ્રસિદ્ધ બુકસેલર અને મારા પ્રિય મિત્ર ભાઇ ત્રીભોવનદાસ દલપતરામભાઇએ પણ હિમ્મત અને શુભ શિખામણ આપવામાં બાકી રાખી નથી તેથી તેમનો પણ અત્યત ઉપકારી છું.

આ પુસ્તકમા ભુલ્યો માલમ પડે તો તેને સુધારીને વાંચવા હુ વાંચકવર્ગને વિનતી કરૂછુ.

મારૂં કાર્ય વિરામે છે, અને આ અલ્પજ્ઞ લેખક પ્રભુને યાચે છે કે હે પ્રભુ ! આ ભારતભુમીનાં જનોને શુભ બુદ્ધિ પ્રેરી તેમની કીર્તિ, શોભા, યશને વધારી સદાચરણી કરી સુખી રાખો.

વિક્રમાર્ક ૧૯૭૧ નિર્જળા એકાદશી
શાહાપુર વડવાળો ઉરે મહેતાપોળ.
અમદાવાદ.

લી.
સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા

અનુક્રમણિકા.

વાંચવા લાયક નોવેલો.

ગુર્જરી-મુબાઇની શેઠાણી	૧-૪-૦
કુંદન અને કુસુમ ભાગ ૧ લો	૦-૧૨-૦
કુંદન અને કુસુમ ભાગ ૨ જો.	૦-૧૨-૦
કુંદન અને કુસુમ ભાગ ૩ જો	૦-૧૨-૦
કુંદન અને કુસુમ ભાગ ૪ થો	૦-૧૨-૦
કુંદન અને કુસુમ ભાગ ૫ મો	૦-૧૨-૦
પદ્મલતા.	૧-૪-૦
તરૂણતપસ્વિની	૧-૮-૦
કુમુદકુમારી.	૧-૮-૦
કુસુમ લતા (એ. રસિ. નોવલ)	૧-૮-૦
સુગુણ સવિતા. ,,	૦-૮-૦
વિશ્વજીત ઉર્ફે વિશ્વાસઘાત	૧-૮-
વિશ્વપ્રભા,	૦-૮-૦

આ સિવાય અમારી તથા મુંબાઈની છાપેલી ઘણી જાતની નોવેલો અમારી દુકાનેથી કીફાયત ભાવેથી મળશે

મળવાનું ઠેકાણું

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર

પાનકોર નાકા-અમદાવાદ.

તૈયાર છે!   તૈયાર છે!

નવલકથાના શોખીનોને નવીન સમાચાર!!

આપવામા આવે છે કે

સાક્ષરશ્રી મણીલાલ છબારામ ભટ્ટ કૃત

ગુર્જરી—મુંબાઇની શેઠાણી.

આ નવલકથામાં મુંબાઇનું અવતરણ, આશાના અંકુર આનંદ-મા આનંદ, દૈન્યનો દુર્ગુણ દ્વેષ, આત્મવિચાર, રામચંદ્રનું ચરિત્ર રંગનું ચટકું, સુખ દુઃખના બેલી, વરની મરજી, ક્યાં મન માને, મિત્રોનો મેળાપ, સારા વરની ખોટ. નિરાશાનો છાયો વિવાહનું વચન, વિવાહ નક્કી થયો, ચંદુનું જવું. રજવાડી રહેણી, બંગલાની બલા, ભેદી બનાવ, ખરાનું ખોટું વિગેરે વિગેરે અનેક પ્રકારની બાબતો એવી ચિતરવામા આવી છે કે વાચક વર્ગને એક પાનું વાંચતાની સાથેજ એવી તો સંસારીક, વહેવારીક તેમજ રજવાડી ખાતામા કેવી નજીવી તકરારને લીધે કાવાદાવા કરવામા આવે છે તેનો આબેહુબ ચિતાર ચિતરવામા આવ્યો છે તે માલમ પડી આવશે.

સુંદર સોનેરી નામવાળું કપડાના પૂઠાનું મજબૂત બાઇન્ડીંગ
આકર્ષક છપાઈ, સુંદર સફેદ ચિકણા કાગળ પૃષ્ટ
સંખ્યા ૩૧૬ છતાં **કીંમત માત્ર રૂ. ૧-૪-૦.**

વી. પી. પોસ્ટેજ જુદું.

સોલ એજન્ટ

બુકસેલર હરગોવનદાસ હરજીવનદાસ.

૨૬૩૦, પાનકોર નાકા—**અમદાવાદ.**

ચોખ્ખો માલ

અને

સાચી ગેરંટીથી

ચાંદી

સોનાના

દાગીના આપનાર

પંચાલ

શીવલાલ દયારામ.

રતનપોળ દુ. નં. ૫૨૯૪—અમદાવાદ.

ॐ

તરૂણ તપસ્વિની.

પ્રકરણ ૧ લું.

તપસ્વિનીદેવીનો આશ્રમ.

"પહોચે ના કર્ણે કલકલ ધ્વનિ આ જગતના,
વહે ધીમા ધીમા ખળખળ અહીં શાન્ત ઝરણા;
પડે ઘોષો ગાજી મધુર જ્યમ માતંગ ગરજે,
રડા બચ્યા ન્હાનાં ચપળ હરિણોના કુદી રહે" કલાપી.

સ્વર્ગના દેવતાઓ અને યક્ષ–અપ્સરાઓને વિહાર કરવા જેવું રમણીય સ્થાન જો કોઈ હોય, તો તે ફક્ત વિંધગિરિમાજ હોવું જોઇએ. વર્ષા ઋતુના દિવસો હોવાથી વિંધગિરિની શોભા કંઇ અવર્ણીય ભાસતી હતી. ખળખળ અવાજ કરતાં પાણીનાં ઝરણાં નીચાણના ભાગ તરફ વહન કરતાં હતાં. નાના પ્રકારની વનસ્પતિ ખીલી રહી હતી, કોયલ, મોર, બુલબુલ વગેરે

પક્ષીઓ મધુરા ટહુકાર કરી રહ્યાં હતા. નાનકડાં હરણનાં બચ્ચાંઓ લીલું ઘાસ ચરવાને આમતેમ કુદી ફરતાં હતાં. પર્વતની ઉંડી ખીણોમાં ક્રૂર વનરાજની ભયંકર ગર્જનાઓ થતી હતી, ને તે ગર્જનાઓથી ઘાસ ચરતા હરણો ભય પામી બચ્ચાઓ સાથે આમતેમ નાસતાં હતાં. ઉચા ગગન ચુંબિત પર્વતના શિખરે વાદળીયો દોડમદોડા કરતી દૃશ્યમાન્ થતી હતી. શિખર પરથી પૂર્વ દિશા ભણી નજર કરતાં મણીપુર નામક નગરનાં દેવાલયોના શિખર ઉપર પવનમા ફરકતી ભગવા રંગની ધ્વજાઓ દૃષ્ટિગોચર થતીહતી. પશ્ચિમ દિશા પ્રતિ નજર નાખતા અમરાવતી નામના નગરનાં ભવ્ય રાજમહાલયો પણ દૂરથી દેખાતા હતા. પર્વતની નીચે જોતા પુષ્પભદ્રા નદીનો વિશાળ પટ પાણીના મોટા મોટા મોજા ઉછાળતો સમુદ્રનુ ભાન કરાવે એવી રીતે જણાતો હતો. પુષ્પભદ્રા નદી ત્યાં આગળથી વહન કરી સમુદ્રને મળતી હતી. આ સંગમ પ્રદેશપટ પણ ઘણો વિશાળ જણાતો હતો. આવા મહાન્ ગિરિરાજની ઉપર એક શિખર કૈલાસ ટેકરીના નામથી ઓળખાતુ હતુ, એ કૈલાસ ટેકરીની ઉપર ઉગમણી દિશાનુ એક શિવાલય આવેલુ હતુ. તે શિવાલયની પાસે એક પર્ણકુટી બાધેલી હતી, પર્ણકુટીની આસપાસ અશોક વૃક્ષોની ઘનઘોર ઘટા છવાયેલી હતી ને ત્યા નાના નાના હરણના બચ્ચાઓ નિર્ભયતાથી કુમળુ ઘાસ ચરી આનંદ કરી રહ્યા હતા.

સમય સાંજનો હતો, સવિતા નારાયણ સ્વસ્થાને જવાને ધીમે ધીમે પર્વતની ઉંડાણમા ઉતરતા જણાતા હતા. પવનની

કડી લ્હેરો આવતી હતી. સર્વ સ્થળે શાન્તિ દીસતી હતી. પર્વત પ્રદેશ વિકટ દેખાવા લાગ્યો; આવે સમયે દિવસ છતાં પણ આ વિકટ પ્રદેશમાં કોઈપણ આવી શકવાની હિંમત કરે એ અસંભવિત હતું.

એકાએક કૈલાસ ટેકરીપર આવેલા શિવાલયની નજીકની પર્ણકુટિનાં વાંસનાં દ્વાર ખુલ્લાં થયાં ને તેની અંદરથી ભગવા રંગના વસ્ત્રની કફનીથી ઢંકાયેલી એક અપૂર્વ પ્રભાવશાળી તપસ્વિની બહાર નીકળી. ધીમે પગલે પગ ઉપાડતી, આસપાસ જોતી તપસ્વિની ત્યાંથી થોડેક દૂર આવેલા એક અશોક વૃક્ષ નીચે આવી ઉભી રહી અને તેનાં નાજુક ગૌર હાથથી એ વૃક્ષનું નીચુ ડાળુ પકડી શાન્તિથી આસપાસની લીલા અવલોકવા લાગી

તપસ્વિની દિવ્ય દેવી સમાન જણાતી હતી, વય વિચારતા પચીસેક વર્ષની હશે. મુખાકૃતિ ગોળ, રંગ ગૌર ને તેજથી ભરેલુ ગંભિર દેખાતું હતુ; આ સમયે તેના હૃદયમા થતા કંઇક અવનવા વિચારોથી મુખપર વારે વારે નુતન પ્રકારના ભાસ જણાતા હતા. દેવીના લાંબા કાળા બાલ ગરદન પર છુટા પથરાઇ બંને ખભાઓ પર સર્પાકારે લટકતા હતા. ભગવા રંગની કફનીપર ગળામા રૂદ્રાક્ષના નાના મણકાની માળા લટકતી હતી. ભાલપર ભસ્મનુ આચ્છાદન કરેલુ હતુ છતા તેનુ ભવ્ય લલાટ તેજથી પ્રકાશમાન જણાતુ હતુ. ભાનુભગવાન અસ્તાચળ તરફ ક્યારનાએ ગમન કરી ગયા હતા, પુષ્પ ભદ્રાના ગંભિર જળના ઘુઘવાટ સાથે પવન પણ સુસવાટા કરતો શરીરને સ્પર્શ કરી કંપાવતો હતો.

અશોક વૃક્ષનું ડાળ પકડી ઉભેલી તપસ્વિની થોડીક- વાર કંઇક વિચાર કરી અને આસપાસ દ્રષ્ટિ કરી બોલી કે, હજી "કૈલાસ" કેમ આવી નહિ. શું દુષ્ટોએ તેને ઓળખી ફસાવી તો નહિ હોય? પુનઃ વિચાર થયો. ના, ના, પવિત્ર "કૈલાસ" ને ફસાવતા દુષ્ટોનો નાશ થાય. ત્યારે આજે "કૈલાસ" ને આવતાં કેમ વિલંબ થયો હશે! મારા ધારવા મુજબ આજે "કૈલાસ" અવશ્ય કંઇક અગત્યના કાર્યમાં રોકાયેલી હોવી જોઇયે ને જ્યારે તે આવશે ત્યારે જરૂર કંઇક અગત્યની બાતમી લાવશે.

અહા! કેવી સુંદર કુમારીકા! પ્રભુ! આવી કમળના પુષ્પ સમાન કોમળ કુમારીકાને શામાટે કષ્ટ સહન કરવું પડતું હશે? વિશ્વાધાર! વિશ્વમા ફેલાયેલી આપની અગમ્ય માયા જાળને હું જાણી શકતી નથી. પ્રભુ!

"ઘડીમા હસાવો, ઘડીમા રડાવો,
ઘડીમા ખીલાવો, ઘડીમા ફસવો.
ભુલે માનવી ના શકે કોઇ ફાવી,
બનાવો નવા રંગનું નીત્ય ભાવિ."

ક્ષમા પ્રભુ! હુ દીનબાળા આપની ક્ષમા યાચુ છુ. પાલન કર્તા, સંહાર કરતા, ને પુન. ઉત્પન્ન કરના નારાયણ આપને આ રંક બાળાના અનંત કોટી પ્રણામ છે બોલતા બોલતા તપસ્વિની પ્રભુ ધ્યાનમા ધ્યાનસ્થ થઇ, આખ્યો બંધ થઇ ને નારાયણના તેજોમય સ્વરૂપમા તદાકાર થઇ પ્રભુનું રટણ કરવા લાગી.

રાત્રિ થઇ, આકાશમાં શશિ તેનાં શાન્ત શિતળ કિરણોથી જગતને શોભાવા લાગ્યો. સર્વ સૃષ્ટિમાં ચંદ્રિકાનું રૂપેરી તેજ

ફેલાઇ ગયુ. ધ્યાનસ્થ દેવીએ થોડીવારે નેત્રો ઉઘાડયા ને આકાશમાં ઉગેલા ચન્દ્રને અભિવન્દન કરી પુષ્પભદ્રાના ગભીર જળ સામું જોવા લાગ્યાં. શાન્ત શશિની પ્રકાશમય રાત્રિ જોઇને પુષ્પભદ્રાના ગંભિર જળનો ઘુઘવાટ સાંભળી તપસ્વિનીદેવી મનસાથે બોલવા લાગી. અહા! કેવી શાન્તિ! ઓ સંસારના શોકરૂપી દાવાનળ દુઃખથી દુખી થતા મનુષ્યો! જો તમારે અખંડશાન્તિ મેળવવી હોય, તો એકવાર અત્રે આવો અને આ વિંધગિરિની રમ્ય રમણિયતા નિહાળી તમારાં દુઃખને વિસારી અપૂર્વ શાન્તિ મેળવો.

સંસાર સાર વિનાનો એક કુવો છે, તેમાથી સુખરૂપ બહાર નીકળવુ મુશ્કેલ છે. ખરેખર "ઇશ્વર જે કરે છે તે સારૂંજ કરે છે." ઇશ્વર ઇચ્છાને માન્ય આપી આ શરીરે અત્યંત કષ્ટો સહન કર્યા છે, ને હજી શુ ખબર કે કેટલાએ સહન કરવાના હશે? હા! જીવુ છુ પણ મૃતઃપ્રાય સમાન જીવુ છું. "કૈલાસ!" વ્હાલી કૈલાસની માયાથી તેમજ આ જગતમાના કેટલાક ધર્મિષ્ટ જનોનીપર આવી પડનાર વિપત્તિના વાદળને ઇશ્વર કૃપાથી દૂર કરવાના અભિલાષથી જીવું છું ખરેખર મને તો આખુ જગત દુષ્ટ જનોથી ભરેલું જણાયછે. અહા!

શાર્દૂલ વિક્રીડિત

आदित्यस्य गतागतै रहरहः संक्षीयते जीवित ।
व्यापारैर्बहु कार्यभार गुरुभिःकालो न विज्ञायते ॥
दृष्ट्वा जन्मजरा विपत्ति मरण चासम्रनोत्पद्यते ।
पीत्वा मोहमयी प्रमाद मदिरा मुन्मत्त भूतं जगत् ॥

भर्तृहरि.

રાત્રિ દિવસ ભાનુભગવાનનો ઉદય અને અસ્ત થાય છે તેથી આયુષ્ય ઓછું થાય છે. મોટા મોટા અનેક કાર્યમાં કાળ ક્યાં વ્યતિત થાય છે તે સમજાતું નથી, તેમજ જન્મ જરા વિપત્તિ અને મરણને જોઇને પણ મનુષ્યને ત્રાસ કે ભય ઉત્પન્ન થતો નથી. કારણ કે તેઓ મોહમય મદિરાનુ પાન કરી અભિમાનમાં અંધ થઇ કાળની દરકાર નહિ કરતાં નિરંતર નીચ કાર્યો કરી કાળ ગુમાવે છે. પ્રભો ! પ્રભો ! માયાની જાળમાં મસ્ત થઇ મદમાં મદાંધ બની આ સકળ સૃષ્ટિ મને તો ઉન્મત્ થઇ ગયેલી લાગે છે. દુષ્ટોની દુષ્ટતા નિહાળતાં હૃદય કંપે છે, તેમનાં દુષ્કૃત્યોથી આ ધરા ધ્રૂજે છે ને તેથી આ હૃદય વ્યાકુળ થાય છે.

' કા વિશ્વપતિ આ વિશ્વના, દુષ્કર્મ જોવાના રહ્યા !
આ પ્રાણ કેમ જાતા નથી, સંકષ્ટ બહુ અંગે સહ્યા
શુ સર્વ સ્થળ સંસારમા, નીચ કર્મની અવધિ નહિ '
ઓ જગતતાત આ સૃષ્ટિમા, શું પાપની વૃદ્ધિ રહી
કહો કથો કુદરત કરી, કિરતાર શુ આ રીતની !
કરવા કસોટી કષ્ટમા, શુ પ્રબળ ઇચ્છા આપની !
શુ સૃષ્ટિ કેરા પતિત જનને, કાજ આ દ્રષ્ટાંત છે !
શું સમજવું ! શુ સત્ય છે ! ઓ ઇશ્વરા તુ જ્ઞાન દે "

કહો, કહો, ઓ કુદરત કર્તા કહો ! આપની શુ ઇચ્છા છે ? પ્રભુ ! પતિતજનો જાણે છે છતા પાપકર્મ કરે છે. અંતરાત્મા રોકે છે છતા મન પ્રબળ થઇ ચંચળ ઇંદ્રિયોને નીચ કાર્ય કરવાને ઉશ્કેરે છે. હાય તેથી અંતે તેઓ યમરાજને સ્વાધિન થઇ પીડાય છે દયાળુ પ્રભુ ! આપે ઉત્પન્ન કરેલાં જનો પુન્યવાનજ હોવા જોઇયે છતા એ શુ ?

" દુષ્કર્મ કૃતિ છે જાણતા, પણ નીચ કર્મો આદરે,
અંતે ખુવારી પામતા, નીજ પાપની વૃદ્ધિ કરે.
મન માન તુ નીચ કર્મ છે, પણ મન કરાવે કાર્ય હો;
દુષ્ટાતમા એ કોણ છે ? સમજાય ના પ્રભુજી કહો ? "

તપસ્વિની વિચાર વમળોમાં ગોથાં ખાવા લાગી, પણ પ્રભુજીની કુદરતને જાણવા શક્તિવાન થઇ નહિ. તેના હૃદયમા વિચારોનાં આવરણો છવાવા લાગ્યાં. દૂર પર્વતની ખીણમાં સિંહની ભયકર ગર્જના થઈ. વિચાર કરતી દેવી સાવધ થઈ. કૈલાસની શંકા કરી તે મનમાંજ બોલવા લાગી. કૈલાસ હજી સુધી નહિ આવવાથી મને શ કા ઉત્પન્ન થાય છે કે શુ તે શેતાન સાધુએ તે નિર્દોષ બાળકીને ઓળખી સપડાવી હશે ! જો એમ થયું હોય તો કૈલાસ બચવી મુશ્કેલ છે. તે કૂર સાધુ, ખરેખરો સાધુ નથી પણ સાધુના રૂપમાં ઢકાયેલો એક ભયંકર શેતાન છે. નીચ કાર્યનો ભ ડાર છે, દુષ્ટોનો મદદગાર છે. હા ! કૈલાસની ઓળખ થતાજ તે પથ્થર હૃદયનો ક્રૂર સાધુ તે કોમળ બાળાનો રીબાવી રીબાવી અ ત આણશે.

કૈલાસ ! વ્હાલી બાળકી કૈલાસ ! ઇશ્વર તારો મદદગાર છે ને તેજ તારો તથા મારો રક્ષણ કર્તા છે. ઓ દુષ્કર્મ કરનાર યોગી ! તે અથાગ દુષ્ટ કર્મો કરેલા છે, તો હવે થોડા વખતને માટે તો ઇશ્વરને ભજી પાપ કર્મને ત્યજ અને સુપંથને સજ ? તપસ્વિનીદેવીના કપાળ પર કરચલીયો પડવા લાગી. જાણે તે ક્રૂર સાધુ ત્યાં પ્રત્યક્ષજ ન હોય અને તેને રોષ ભરી દૃષ્ટિયે ઠપકો ન આપતાં હોય એવા દેખાવથી તપસ્વિની દેવી મ દપણ મૃદુ સ્વરે બોલવા લાગ્યાં.

કવ્વાલી.

અરે ઓ ધર્મના દ્રોહી, અરે ઓ ભોગના ભોગી.
અરે દુષ્કર્મના રાગી, હવે તો શાન્તિ ઉર ધરને.
કરે ક્રૂર કર્મ શુ જોગી! જોને તુજ કાળ એ ચોગી.
ફસાયો કર્મમાં ચોગી, હવે તો શાન્તિ ઉર ધરને

તારા ભયાનક ક્રોધને સમાવ, ઘણું થયું ઘણું કર્યું અતે તારૂં ધાર્યું કંઇ ન થયું. માટે હજી સમજ ને નીચ કાર્યોનો ત્યાગ કરી પ્રભુનું ધ્યાન ધર. આટલું બોલી પુન: દેવીએ ચલાવ્યું.

વિષયની લાલસા ત્યાગી, પ્રભુનો થા તુ અનુરાગી,
મલીનતા મન તણી ત્યાગી, હવે તો શાન્તિ ઉર ધરને
ખરાબી છે ખત્તા પડશે, કુકર્મો આખરે નડશે.
જીવન તુ ધુળ રડવડશે, હવે તો શાન્તિ ઉર ધરને

વિષયોને વિષ સમાન ગણી શાન્તિ ધરીશ તો આ સંસારથી તુ તરીશ, નહિ તો અંતે રીબાઇ રીબાઇ મરીશ ને રૌરવ નર્કનો અધીકારી થઇશ. વળી આગળ ચલાવ્યુ.

અતિશય પાપ કર્મોમા, ભુલી ભટકયો તુ આ ભવમા;
થઇ અંધો પડયો કુપમા, હવે તો શાન્તિ ઉર ધરને,
થઇને રાજ્યનો લોભી, કુકર્મો ત્હે ઘણા કીધા,
સમજ તુજ આશ નિષ્ફળ છે, હવે તો શાન્તિ ઉર ધરને.

બસ સમજવું હોય તો સમજજે નહિ તો અંતે પશ્ચાતાપ કરી મરજે. આટલું બોલી તપસ્વિની શાન્ત થઇ, બોલેલા શબ્દોનું મનન કરવા લાગી. ચોગી આખ્ય આગળજ છે એમ ધારીને જોવા લાગી; પણ ચોગી ત્યા કયાથી હોય! એતો ખાલી મનની ભ્રમણા હતી. પોતાના મનની વિચિત્રતા જોઇ તપસ્વિની હસવા

લાગી ને અંતે મુખ ગંભિર કરી બોલી ઉઠી; બસ આ જીંદગી હવે પારકાના કલ્યાણને અર્થેજ છે; હજી સમય ગયો નથી. સાધુ! નાહાન સાધુ! જ્યાં સુધી આ તપસ્વિની જીવે છે, જ્યા સુધી તપસ્વિનીના ચરણો આ પર્વતના શિખરો ચઢવાને શક્તિ-વાન છે ત્યાં સુધી હુ તને તારા નીચ કાર્યોમા કદાપિ ફાવવા દઇશ નહિ. પાપી! તુ ગમે ત્યા હોઇશ તથાપિ હુ તને ખોળી ત્યા આવીશ ને તારા પંજામા ફસાયેલા નિર્દોષ જનોનુ ઇશ્વર કૃપાથી રક્ષણ કરીશ. સાધુના રૂપના શેતાન.

"તુ ધારે નિજ મન વિષે, મુજ ધાર્યું તો થાય,
ધાર્યું તુજ થાશે નહિ, હરીનુ ધાર્યું થાય"

એ નક્કી સમજજે ને નિર્દોષોને સંતાપતા કેવાં ફળ મળે છે તે જોજે, ને જોતો જોતો આખરે રોજે. આતપ.... ......દેવી આગળ બોલતા અટકી, કોઇના આવવાના પગલાનો અવાજ સંભળાયો. તપસ્વિની ચમકી ને અવાજ તરફ આતુરતાથી જોવા લાગી અલ્પ સમયમાં તો એક અપૂર્વ રૂપ લાવણ્યથી શોભિત ભગવી કંથાધારી બાળા હાથમા ધનુષ્ય બાણ સાથે સહેજ ગભરાયેલી હાલતે ત્યા દોડી આવી.

તે બાળાને જોતાજ તપસ્વિનીદેવીના મુખપર આનંદની ઉર્મિયો જણાવા લાગી, ને દોડી આવતી બાળાને પોતે આગળ વધી હૃદય સાથે દાબી તપસ્વિની બોલી ઉઠી, બેટા "કૈલાસ" તુ આવી?

પ્રિય વાચકો! તપસ્વિનીદેવી જેની આતુરતાથી રાહ જોતી હતી તેજ આ કૈલાસ હતી.

પ્રકરણ ૨ જું.

કૈલાસટેકરી પર કૌતુક.

ભુજંગને પય સરકરા, પાયે વિષ નવ જાય;
કોટી ઉપાય કરી જુઓ, કાગ હંસ નવ થાય
સારા નરની સંગતે, સુધરે સારૂં કાજ;
વિભિષણ શ્રીરામના, સંગે પામે રાજ
ખોટા જે ખોટે વળી, અન્યનું નરસું ચ્હાય;
ધારેલું તેને નડે, મૂર્ખ પછી પસ્તાય
દુષ્ટ જનેના હૃદયમાં, ભરેલ ભારે ક્લેશ;
કુમતી સંગે કૌરવો, ખુએ દેશને વેષ.

કમળની પાખડી જેવી કૈલાસ, એક અપૂર્વ રૂપ ગુણ સંપન્ન પંદર વર્ષની બાળા, આ સમયે ભગવી કથાથી તેમજ પીઠપર પ્રસરેલા લાંબા કાળા વાળથી ઘણીજ સુંદર દેખાતી હતી. કોમળ કરમાં ધનુષ્ય બાણ ધારણ કરવાથી તેના મુખપર વીરતાનો છાપ પ્રત્યક્ષ જણાતી હતી.

તપસ્વિનીના બાહુ પીંજરમાંથી દૂર થતાં કૈલાસ કહેવા લાગી. "માતાજી! આજે હું ઘણાજ અગત્યના સમાચાર લાવી છું."

૫૯૩૧

"એમ! પણ કૈલાસ! આજે તુ આટલી રાત્રે કયાંથી આવી, ને આમ ગભરાયેલા જેવી કેમ જણાય છે?"

"માતા! આપની આજ્ઞા મેળવી હું પર્વત પ્રદેશમાં ફરતી ફરતી ઘણે દૂર નીકળી ગઈ, તેથી આવતા વિલંબ થયો. માતા! અત્રે પાછાં ફરતાં ઘણી અગત્યની બાતમી મળી છે તે જણાવ-વાના હેતુથી હુ અહીં દોડતી આવી છું. આથી આપને મારી હાલત ગભરાયલા સમાન જણાય છે, બીજું કાંઈ નથી."

"ઘણીજ જબરી છોકરી! કહે હવે શું સમાચાર લાવીછે?"

"માતા! દુષ્ટ સાધુ આજે તેના મ ડળ સાથે આ પ્રદેશમા આવનાર છે, ને ક ઇક ભય કર ગોઠવણ કરનાર છે."

"શું તે કર્મચ ડાળ આજે આ પ્રદેશમા આવનાર છે?'

"હા માતાજી! ને તે વળી આ સમયેજ."

"કૈલાસ! આ સમાચાર તે કેવી રીતે મેળવ્યા?"

"આપણા શિખરથી થોડેક દૂર નીચે જતાં એક તળાવ આવે છે, તે તળાવની પાસે હુ વિશ્રાન્તિને માટે બેઠી હતી. એવામાં ત્યાંથી થોડેક દૂર એક અજાણી ગુફા છે, તે ગુફાની બહાર મે બે શ્યામ વસ્ત્ર ધારી પુરૂષોને જોયા. તેઓ એક બીજા શ્રીમેથી ક ઇક વાતો કરતા હતા. માતા! અચાનક તેમને જોવાથી હું પ્રથમ તો ભયભિત થઈ, પણ પછી હિ મત ધરી તેઓ શુ વાત કરે છે એ સાભળવાના ઇરાદાથી હુ તેઓ જાણે નહિ એવી રીતે તળાવ પરથી બીજી બાજુ ગઇ ને એક આડે રસ્તે થઇ તેમની નજીકમા એક વૃક્ષ નીચે છુપાઇ તેમની વાત સાભળવા લાગી."

"કૈલાસ! તેઓ શું વાત કરતા હતા?" વચમાં તપસ્વિનીએ પ્રશ્ન કર્યો.

"માતા! તેઓ ધીમેથી વાતો કરતા હતા ને કોઇના આવવાની આતુરતાથી રાહ જોતા હતા. તેઓની વચ્ચે થતી વાતચીત હું દૂર હોવાને લીધે બરાબર સાભળી શકતી નહોતી પણ આખરે તેઓ વાત પુરી કરી ગુફાની અ દર જતા મોટેથી એક જણ બીજાને કહેવા લાગ્યો કે, આજે ગુરૂમહારાજ આવશે ને સઘળી બાબતનો ફેસલો કરશે. માતા! એટલુ બોલી એ લોકો ગુફામા ચાલ્યા ગયા ને હુ પછી આપની પાસે દોડી આવી." તેજ વખતે તેમની નજરે શ્વેતચદ્રિકામા પુષ્પભદ્રાના જળપર તરતુ એક વ્હાણુ જણાયુ.

રાત્રિના સમયે સરિતામા વ્હાણુ જોઇ કૈલાસ આશ્ચર્ય પામી, ને વાત સાભળી વિચાર વમળમા પડેલી તપસ્વિનીનો હસ્ત પકડી, કૈલાસ નદી તરફ પોતાનો હાથ લાબો કરી કહેવા લાગી

"માતાજી! જુઓ, જુઓ, આટલી રાત્રે સરિતાની સપાટીપર વ્હાણુ આવતુ જણાય છે."

"ખરેખર એમજ જણાય છે, વિચારમાથી જાગી તપસ્વિનીએ નદી તરફ નજર નાખી કહ્યુ."

"માતા! આટલી રાત્રિએ આ નિર્જન પ્રદેશમા વ્હાણુમાં બેસી કોણ આવતુ હશે?"

"ગમે તે આવતું હશે તેની આપણને હમણાં ખબર પડશે, કૈલાસ! તુ મા'રી પાછળ ચાલી આવ, બ્હીશ નહિ હાં!

આપણે આ ટુંકા રસ્તે થઈ તે વ્હાણ આવવાના કિનારા તરફ જઇએ, એ અરસામાં વ્હાણ પણ આવી પહોંચશે, ને તેઓ કોણ છે તે જણાશે." કહી તપસ્વિની આગળ ચાલવા લાગી. પાછળ કૈલાસ પણ મંદમંદ પગલાં ભરતી આવતા વ્હાણને જોતી ચાલવા લાગી. થોડીવારમાં બન્ને જણાં એક ટુંકા રસ્તે થઇને કિનારે આવી પહોંચ્યાં, અને કિનારો આગળ એક ઘનઘોર ઘટાદાર વૃક્ષને ઓથે છુપાઈ જોવા લાગ્યાં.

સડનો સડસડાટ અવાજ કરતુ વ્હાણ થોડીવારમાં કિનારાની નજીક આવી પહોંચ્યું. અંદર બેઠેલા મનુષ્યો પૈકી ચાર જણા કિનારા પાસે આવતાં ઉભા થઇ સડના કપડાને થાંભલા સાથે વિંટવા લાગ્યા.

નાવ કિનારે આવતાં તેને સાંકળથી લંગરવામાં આવ્યું તે સ્થિર થતા શઢ વિંટનાર ચાર માણસો પ્રથમ નીચે ઉતર્યા ને કિનારે આવેલા એક વૃક્ષને થડે વ્હાણના દોરડાને બાધી દીધું. બાદ તેમા બેઠેલા માણસો વારાફરતી નીચે ઉતરવા લાગ્યા.

વ્હાણમાંથી ઉતરનારાઓની સંખ્યા બાર જણાની હતી. તેમાના દસ જણે શરીરપર કાળા ઝબ્બા ધારણ કરેલા હતા. તેઓ મજબુત બાંધાના કદાવર શરીરની સાથે વિક્રાળ ચ્હેરાના જણાતા હતા. સઘળાની કમ્મરે તરવારો લટકતી હતી.

વ્હાણમાંથી ઉતરી સઘળા પર્વતપર ચઢવા લાગ્યા. સૌની પાછળ ઠીંગણા આકારનો, હૃષ્ટ પુષ્ટ શરીરનો, ઘઉવર્ણો પણ ખૂની આંખ્યોના દેખાવનો, એક ભગવાં વસ્ત્ર ધારી "સાધુરામ" જમણા હાથ તરફ એક શ્રીમંત જણાતા યુવાનનો હાથ પકડી,

ડાબી બાજુ પોતાની સાથે ચાલતા એક રાજવંસી યુવકની સામુ વારેવારે જોતો ચાલતો હતો.

સાધુરામે માથાપર બનાવટી જટા ધારણ કરી હતી, વય બત્રીસેક વર્ષનું અનુમાનથી જણાતુ હતું. બદનપર ભગવા રંગની રેશમી કફની ચંદ્રિકામાં ચળકાટ મારતી હતી. તેણે લલાટપર ભસ્મનું લેપન કર્યું હતુ. ગળામાં મોટા મોટા મણુકાનો જથ્થો લટકતો હતો.

છુપાઇ ઉભેલી તપસ્વિની આ મંડળને જોઇ નિશ્વાસ નાંખવા લાગી. તે જે સાધુરામની શંકા ધારતી હતી એ તેજ સાધુરામ હતો. સાધુની સાથે ચાલતા ગ્રહસ્થ જણાતા યુવાનને તપસ્વિની ધારી ધારીને જોવા લાગી, પણ તે તેને ઓળખી શકી નહિ.

વ્હાણમાથી ઉતરેલુ સાધુરામનુ મંડળ એકપણ શબ્દનો ઉચ્ચાર કર્યા સિવાય ઝડપથી પર્વતપર ચઢવા લાગ્યુ. સર્વ મંડળની પાછળ કોઇ જુએ નહિ એમ તપસ્વિની પણ કૈલાસનો હાથ પકડી ચાલવા લાગી. પહાડપર ચઢતુ મંડળ શાન્તિથી ચાલતુ હતુ. આખરે શાન્તિનો ભંગ કરી સાધુરામની સાથે ચાલતા ગૃહસ્થ જણાતા યુવાને સાધુને પૂછયુ "ગુરૂદેવ! હવે કેટલે દૂર જવાનુ છે?"

"મુકામ પાસેજ છે." ઘોઘારી અવાજે ટુંકો ઉત્તર આપી સાધુ શાન્તિથી ચાલવા લાગ્યો. ચાલતા ચાલતા સર્વ નિર્ણિત ગુફા પાસે આવી પહોચ્યા ને એક પછી એક સર્વજણા ગુફાની અંદર પ્રવેશ્યા.

તપસ્વિની અને કૈલાસ ગુફાથી થોડેક દૂર અટકીને ઉભાં રહ્યાં. દેવી મનમાં થોડાક સમય કંઇક વિચાર ગોઠવી કૈલાસને કહેવા લાગી. કૈલાસ! અત્રે કંઇક ભયંકર ગોઠવણ થવાની હોય એમ જણાય છે.

"માતા! મારૂં હૃદય પણ એમજ કહે છે, ચાલો આપણે આ ગુફાની પેલી બાજુ જઇ સાંભળીયે કે તેઓ શી ગોઠવણ કરે છે."

"હા! હું પણ એમજ ધારૂંછુ. કારણ કે આ ગુફા ઘણી લાંબી છે ને તેનુ વિશાળ મુખ પેલી બાજુ છે. તેઓ ત્યાંજ બેસી તેમની વાતો કરશે. માટે આપણે ત્યાં જવુ જોઇએ. ત્યા જવાથી તેઓની વાતો આપણાથી સ્પષ્ટ સાભળી શકાશે."

તપસ્વિની દેવી કૈલાસને લઇ ગુફાની બીજી બાજુ ગઇ ને પાસે ઉગેલા એક વૃક્ષનીપર પ્રથમ કૈલાસને ચઢાવી પછી પોતે ચઢી નિશ્ચીંત હૃદયે ડાળપર બેસી ગુફામા થતી વાતો સાંભળવા લાગી.

પ્રકરણ ૩ જું.

શૈલેશ કુમાર.

ગઝલ.

મ્હને બદનામ નહિ કરશો ! હું તો છું પ્યારનો દર્દી !
દીધો મ્હેં પ્રેમ આ દીલથી ! થયો દિલદાગનો દર્દી !
બળે આ દેહ અગ્નિમા, ફના દુનિયા તજું તદપિ,
અરે ! આ સુક્ષ્મ દેહેથી, છુ પ્રેમ વિહારનો દર્દી હર્ષદ

સાંજ પડવા આવી, ગરમીનો ઉકળાટ શાન્ત થયો; પક્ષિઓ મધુરા ટહુકારથી આમતેમ ઉડી આનદ કરવા લાગ્યા. ચારો ચરાવવાને આવેલા ગોવાળીયાઓ સાજ પડવાથી પર્વતની ખીણોમા ચરતી ગાયોને વાળી ઘર તરફ જવા લાગ્યા. આકાશમા કુસુબી રગ છવાયો હતો. એવા રમણિય સમયે મણિપુર નગરની સરહદના પર્વત પ્રદેશમાથી, એક સોળ વર્ષની ઉમ્મરનો યુવાન ઘોડેસ્વાર, અશ્વને થનથન નચાવતો, પર્વતની રમણિયતા નીહાળતો, પસાર થતો હતો. પર્વતના ખાડા ટેકરા ચડતાં ઉતરતા અશ્વને માર્ગ વચ્ચે પડેલી શીલાઓની ઠોકરો વાગતી હતી. ઘોડા પર સ્વાર થયેલો યુવાન ઘણીજ ચાલાકીથી અશ્વને ચલાવતો હતો, તેની જગાએ જો

કોઇ બીજો સ્વાર હોય તો અવશ્ય એ ખાડા ટેકરાવાળા પ્રદેશમા પડી ગયા વિના રહે નહિ.

ઘોડેસ્વાર યુવાન ઉમ્મરના પ્રમાણમાં સહજ ઉંચો હતો, પહોળી છાતી સાથે તે ભરાવાદાર મજબુત બાધાનો જણાતો હતો. મુખ ગૌર હતું, કપાળમાં કેશરી રંગનું અર્ધચંદ્રાકાર ત્રિપુંડ કરેલું હતું; તેથી એમ અનુમાન થતું હતું કે તે યુવાન શિવ ભક્ત હોવો જોઇએ. યુવાને શરીર પર કિંમતી પોશાક ધારણ કર્યો હતો, શીર ઉપર મણિમય પણ સાદો લીલા રંગનો શીરપેચ બાંધ્યો હતો. શરદ શશિના સમાન ગોળ ગૌર મુખ પર મુછનો ઝીણો દોરો ફુટેલો હતો. કમ્મરે રત્નજડીત પટામા સુવર્ણ મુઠની સમશેર લટકતી હતી. વામ કરમા ભાલો પકડેલો હતો, તે ઉપરાંત એ રાજવંશી જણાતા યુવાને કમ્મરમાં કટાર, જમૈયો ભરેલી પીસ્તોલ વગેરે આયુધો સજેલાં હતાં. એવી રીતે સર્વાંગે સુંદર શોભતો તે યુવાન અશ્વને ચલાવતો થોડીવારે એક વિશાળ વૃક્ષ નીચે આવ્યો, અને ત્યાં થોડીવાર થાક ઉતારવા અશ્વ પરથી નીચે ઉતર્યો. હાથમાં પકડેલા ભાલાને ઝાડના થડે ટેકવી પટામાથી સુગંધયુક્ત રૂમાલ કાઢી મુખ લ્હોઇ, આસપાસ જોઇ મન સાથે બોલવા લાગ્યો. “ અહા ! શું આ પર્વત પ્રદેશની રમણિયતા ! તેમાં આ વિશાળ વડવૃક્ષ તો રમણિયતામાં ઓરજ વધારો કરે છે. ”

“ ઘન ઘનઘોર છવાય છે, શાન્તિ સર્વત્ર ફેલાય છે,
મધુર સમિર લ્હેર વાયછે, મન આનંદિત અતિ થાયછે ”

ખરેખર આજે હું શિકારની શોધમાં ઘણે દૂર નીકળી

આવ્યો, પણ શિકાર મેળવવાને ભાગ્યશાળી ન થયો. એવી રીતે બોલી તે યુવાન દૂર નજર કરી પુન બોલવા લાગ્યો. હા! એમજ જણાય છે; અમરાવતી નગરની સરહદ આ વડવૃક્ષ આગળ પુરી થાય છે ને અત્રેથી મણિપુર નગરની સરહદ શરૂ થાય છે. જો વધારે સમય હોત તો અવશ્ય હું મણિપુર જાત ને ઘણા દિવસથી મળવાને ઇચ્છતા મહારાજા વિરબાહુની મુલાકાત લેત, તેમજ મારા ભાગ્યની ભવિષ્યમાં થનારી સુખ દુ:ખની ભાગિની ભામિનીના દર્શનનો પણ લાભ લેત. હા, વિવાહ થયાને ઘણા દિવસ થઇ ગયા છે છતા પણ હુ મારી થનાર પ્રિય સધર્મચારિણીના દેદારનાં દર્શન કરવાને ભાગ્યવાન થયો નથી. હશે! જેવી ઇશ્વરેચ્છા, ફરીથી પ્રસંગ પ્રાપ્ત થતાં જોઇ લેવાશે." એટલુ બોલી તે યુવાન ત્યાથી જવાને તૈયાર થયો. એકવાર આસપાસ જોયુ તો કોઈ જણાયુ નહિ. પક્ષીઓ કિલકિલાટ કરતાં માળા તરફ ઝડપથી જતા હતા. જવાને તૈયાર થયેલા યુવાનને કાને કંઇક અવાજ સંભળાયો. યુવાનનો ચપળ ચક્ષુઓ અવાજ તરફ આકર્ષાઇ. અવાજ સાંભળતા તે યુવાન આશ્ચર્ય પામ્યો, ને મન સાથે બોલી ઉઠયો." અરે! આટલામા તો કોઈ જણાતુ નથી છતા આ અવાજ કયાથી આવ્યો હશે? શુ મ્હે સાંભળેલો અવાજ ખરેખર મનુષ્યનો અવાજ હશે કે આ નિર્જનસ્થાનમા માણસ આવ્યાના અવાજની ભ્રમણા હશે?! યુવાન વિચારમા પડયા ને અંતે બોલ્યો "ભ્રમણાજ! કારણ કે આ સમયે આવા ભયંકર સ્થળમા કોઈ પણ માણસ આવવાની ભાગ્યેજ હિંમત કરી શકે ચાલ હવે હુ પણ જાઉ ને રાત્રિ થતાં પહેલા અમરા-

વતી પહોચી જાઉ." આમ બોલી તે યુવાન પાસે ચરતા અશ્વની નજીક ગયો, પણ એટલામા પાછુ કોઇ બોલતું ન હોય એમ સ્પષ્ટ શબ્દ સભળાયા. "સરદારસિંહ" તમે આપણા સૈનિકો સાથે અત્રે વિરામ લ્યો, અમે અટલામાંજ ફરી સત્વર પાછાં આવીએ છીએ."

બોલનારના શબ્દો સ્પષ્ટ રીતે સાભળી યુવાન વિસ્મય પામ્યો, ને આવા સમયે આ ભયકર સ્થાનમાં ફરવા આવનાર કોણ હશે! એમ વિચારી તે યુવાન આવનારના માર્ગપ્રતિ આતુરતાથી જોવા લાગ્યો. અજબ! એક સ્વરૂપવાન બાળાઓનુ ટોળુ તેની તરફ આવતુ જણાયું. અપ્સરાઓ સમાન યુવતીયોને જોઈ તે યુવાન સ્તબ્ધ બની ગયો; ને એકાગ્ર દૃષ્ટે આવનાર રમણીયોને જોવા લાગ્યો. બાળાઓ મદમદ પગલા ભરતી, અરસ પરસ હાષ્યવિનોદ કરતી વડવૃક્ષ ભણી આવવા લાગી. વડવૃક્ષ તરફ તે બાળાઓને ચાલી આવતી જોઇ ઉભેલો યુવાન વિચારવા લાગ્યો કે અવશ્ય આ સુદર સુદરીઓ મને અહી ઉભેલો જોઇ શરમાઇ પાછી ફરશે, માટે લાવ હુ પણ તેઓ મને જોઈ શકે નહિ એમ છુપાઇ જાઉ. એવો વિચાર કરી તે યુવાન બાળાઓ તેને જોઇ શકે નહિ એવી રીતે તે તેનો ભાલો તથા અશ્વ લઇ પાસે આવેલી એક પહાડની પોલાણમાં છુપાયો અને અશ્વને ચરવા છુટો મુકી દીધો.

હસગતીથી ચાલતી બાળાઓ વડવૃક્ષ નીચે આવી ઉભી રહી. આ નવયોવનાઓમા એક ઉર્વશી અને મેનકાનુ પણ ભાન ભુલાવે એવી સ્વરૂપવતી રમણી હતી અને ને આ બીજી

બાળાઓની અગ્રેસર હોય એમ જણાતી હતી. તેની ઉમ્મર પંદરેક વર્ષના આશરાની જણાતી હતી. આંખ્યો અણીયાળીને મોહક લાગતી હતી. તેનું મુખ ચદ્રને પણ ક્ષોભ ઉપજાવે એવું ગોળ ઘાટીલુ ને ગૌર-હતુ. તેણે શરીરે શ્યામ સાડી પહેરેલી હતી. કઠમા મુલ્યવાન મણિમાળા લટકતી આમતેમ હાલી તેના શરીર સ્પર્શનો લ્હાવો ન લેતી હોય એમ ઝુલતી જણાતી હતી. ગજરાજની સુંઢ સમાન તેના કોમળ કર કમળના કાંડાપર ઝીણા ઝીણા હીરા જડીત બંગડીયો શોભી રહી હતી. શરીર નાજુક અને કોમળ દેખાતું હતુ. ચાલતાં કેશરીસમ પાતળી કમ્મર વારે વારે લચકાઇ જતી હતી. પગ કુમકુમ વર્ણા જણાતા હતા. શુકની ચાચ સમાન નાકે નિલમની ઝીણી ચુની ઝગકતી હતી, કા'ને માણેકના એરીંગ ચળકતા હતાં. આ સમયે જો કોઇ તેને બરોબર જોનાર હોય તો કહ્યા સિવાય રહે નહિ કે આ સ્વરૂપવાન બાળાને ઇશ્વરે નવરાશની વખતેજ બનાવી હશે.

પર્વતની પોલાણમા છુપાઇ ઉભેલો યુવાન આ લલિત-લલનાને નિહાળી કેવળ દિઙમુઢ જેવો બની ગયો, ને અનિમેષ દૃષ્ટિથી આખ્યનો એક પણ પલકારો માર્યા વિના તે બાળાને ધારી ધારીને જોવા લાગ્યો.

જેમ જેમ તે વધારે સમય તેને જોતો ગયો, તેમ તેમ તેનો મોહ વધતો ગયો, આંખ્યો વિકાર વશ થવા લાગી; આખરે ઉન્મત્ત મન બોલી ઉઠયું. અહા!

શુ ગૌરવર્ણી મોહિની! છે વદન મધુરૂં અતિ ઘણું;
છે આખ કાતિલ તીર સમ, મમ હૃદયને પળમાં હરયુ.

શુ ચટક ચાલે ચાલતી, ગજરાજને શરમાવતી;
તું પ્રેમ પુજક મનુષ્યના, હરી દુખ શાન્તિ આપતી.

અહા! કેવી સુંદરતા! મને લાગે છે કે આ સસારમાં સ્વરૂપવતી સુંદરી આના સમાન કોઇ હશેજ નહિ. તેનું સ્વરૂપ આકાશમાં ઉદય થયેલા શશિના સ્વરૂપને પણ ઘડીભર શરમાવે તેવુ છે. એની કાન્તિ આગળ આ ચદ્રની ચદ્રિકા પણ તુચ્છ છે. આ બાળાને જોતાંજ મારા ગાત્રો શિથિલ થઇ ગયાં છે, આ ચરણો જે થોડા સમયપર અમરાવતી જવાને તૈયાર થયા હતા, તે હવે આ બાળાને જોઇ આગળ એક પણ પગલુ ભરવાને ઉપડતા નથી. આ ચક્ષુઓ! વિકાર વશ થઇ એકજ દ્રષ્ટિથી તે મનોહારિણીને જોવાનુ સાહસ કરી રહી છે. આ પ્રચડ બાહુઓ ભાલો પકડવાને મજબુત હતા, તે હવે નરમ બની આ સામે જણાતી મૃગનયનીને બાહુ પિજરમા દબાવવા ઉત્સુક થયા હોય એમ જણાય છે. અહા! શુ સુદરતા '

" વેણી વાસુકી નાગ, સાા ગજની શિર કેશે;
ભર યૌવન અપ્સરા, દીસતી સુદર વેષે
શશી સમ પેખી વદન, ચઢે મનડુ ચકડોળે;
અબુજ સમશા નેણ, અવરના કો તુજ તોલે
ભ્રકુટી ધનુષ્ય કમાન સમ, ચતુરા ચાલે ચાપથી,
રસીલી ચોર્યું ચીતડું રભા સુદર રૂપથી '

અહા! શુ સુદર સુદરી! શુ કરૂ? હૃદય આકળ વિકળ થાય છે, શરીર રોમાચાય છે, મનમા વિજળી સમાન ચમકાટ થાય છે. આ આખુ અગ અનગને વશ થઇ ગયુ છે. અહા! આ અનગની પણ મોહિની નીરાળી છે. ત્યારે શુ! આ

અનંગથી બચવાને સાહસ કરી તે સુંદરતાની દેવી સમીપ જઇ મારા હસ્તને તેના શરીરે સ્પર્શ કરી પાન ન કરું ? પુન વિચાર થયો. ના, ના. એમ તો ન થાય, એમ કરવાથી રખેને તે રસિલી રીસાઇ જાય ને મારા મનના વિચાર મનમાંજ સમાય. હજી સમય છે જોઉં કે આ લલિત રમણીઓ અહિં શું કરવા આવી છે. એવી રીતના વિચાર તરંગો કરતો એ યુવાન પુનઃશાન્ત થઇ ઉભો રહ્યો. પેલી તરફ વૃક્ષ નીચે ફરતી બાળાઓ સૃષ્ટિ સૌદર્ય અવલોકતી હતી. એવામાં સારંગીના કોમળ સુરની માફક અગ્રેસર સુંદરી તેની એક સખીને કહેવા લાગી "સરયુ ! ચાલતો આ સ્હામે જણાતી ગુફાને તપાસીયે કે તે અંદરથી કેવી સુંદર છે."

"નારે બ્હેન બા ! કદાપિ એમા સિંહ રહેતો હોય તો ફાડી ખાય." સરયુએ સિંહનો ભય બતાવી કહ્યુ

"ત્યારે સરદારસિંહને બોલાવી અંદર જઇશુ ?" પુનઃ તે સુંદરીએ સખીને પૂછ્યુ.

"સરદારસિંહનુ શુ કામ છે, સિંહનો શિકાર કરનાર શિકારી પાસેજ છે." છૂપાયેલો યુવાન મનમા ગણગણી ઉઠયો.

સરદારસિંહને બોલાવાનો હજી વિચાર કરે છે. એટલામા એક બીજી સખી જે દૂર ફરતી હતી તે પાસે દોડી આવી કહેવા લાગી. બ્હેન ! બ્હેન ! આમ તો આવો ! કંઇક દેખાડુ.

"શુ છે !" કહી તે સુંદરતાની દેવી સખીના સામું જોવા લાગી. તે સખી મંદહાસ્ય કરી એક મધુરા પુષ્પપર ગુંજારવ કરતા ભ્રમરને બતાવી કહેવા લાગી. "જુઓ બ્હેન !

આ કોમળ પુષ્પપર ભ્રમર ગુંજારવ કરી તેને દંશ કર્યા કરે છે."

"અરે તારૂ ભલુ થાય સખી! આમાં તે શુ જોવાનું હતુ કે મને તું બતાવા લાગી."

"એમાં તો ઘણું જોવાનું છે બ્હેનબા!"

"શુ જોવાનું છે ધૂળ!"

"નારે, બા, ના! આમ અકળાઇ શુ જાઓ છો! એમાંથી તો શીખવાનુ છે ને તે પરણ્યા પછી અનુભવવાનું છે. બટક બોલી સખીયે મશ્કરી કરી કહ્યુ.

"અલી શારદા! એમાં તે શુ અનુભવવાનુ છે કે જ્યારે ને ત્યારે પરણ્યા પછી પરણ્યા પછી કહ્યા કરે છે.?

"હુ ખરૂ કહુ છું બ્હેન! જેવી રીતે એ પુષ્પને મધુકર ગુંજારવ કરી અકળાવે છે. તેવીજ રીતે તમે પરણશો બાદ તમારો ભોગી ભ્રમર તમને પણ પ્રેમ લીલાથી વિનોદ કરી વારે ઘડીયે અકળાવશે ને સતાવશે. સમજ્યા બ્હેન?"

"શરમા, બોલતા શરમા, તે વખતની વાત તે વખતે."

તે સમયે તો કઇ નહિ શીખાય, પ્રિયતમ આગળ બોલવાનુ મન થતા પણ નહિ બોલાય ને નીચેથી ઉંચુ પણ નહિ જોવાય.

"ત્યારે શું થાય?"

"થવાનુ શુ! એ તો એ વખતે થવાનુ હશે તે એની મેળેજ થઈ જશે. બ્હેન! પ્રેમશાસ્ત્ર શીખવાડયુ શીખાતુ નથી એ તો એની મેળેજ સમયે શીખી જવાય છે.

એમ! તો ચાલ આપણે એનો અનુભવ કરીએ, તું થા રાણી ને હું થાઉ રાજા, તું મારાથી રીસા, ને હું તને મનાવું. એમ કહી તેણે શારદાનો હાથ પકડયો.

છુપાઇ ઉભેલો યુવાન એવું જોતાંજ વિચિત્ર અવસ્થા અનુભવવા લાગ્યો, ને આનંદથી રમત અવલોક્વા લાગ્યો.

તે બાળાએ શારદાનો હાથ પકડી રાણી થવાનુ કહ્યુ શારદા હજી તો રાણી થવાને તૈયાર થાય છે એટલામા તો ઇચ્છન કુમારી નામની સખી ગભરાટથી પર્વત તરફ હસ્ત લબાવી કહેવા લાગી. " બ્હેન! બ્હેન! જુઓ! સામેની ગુફામાંથી પેલો મોટો વનરાજ નીકળ્યો."

"હાયરે હવે શુ થશે!! સર્વ સખીઓ ભયથી બોલી ઉઠી.

"સખીયો! ન ગભરાવ, મારા હાથથી તે વનરાજનો શિકાર થશે." એમ બોલતાની સાથેજ તેણે સાડીમાંથી ભરેલી પીસ્તોલ બહાર ખેચી કાઢી, ને સિહના સામી નેમ ટાકી.

તેનુ સાહસ નીહાળી પોલાણમા છુપાયેલો યુવાન સ્તબ્ધ થઇ મનમાં તેની પ્રસસા કરી બોલી ઉઠયો. "ખરેખર! એ જેવી સુદર છે તેવીજ બહાદુરને હિમતવાન છે. એટલામા તો તાકેલી પીસ્તોલનો બ્હાર થયો. સિહ ચમકયો, દૈવયોગે ગોળી બ્હાર ખાલી ગયો, ઉશ્કેરાયેલો કેશરી ભયકર ગર્જના કરી કુદયો.

સિહને પોતાની તરફ ધસી આવતો જોઇ સખીયો ગભરાઇ ગઇ, ને જીવ બચાવવા, નાસજો, નાસજો, એમ ભયથી

ખુમો મારતી સરદારસિંહ જ્યાં સૈનિકો સાથે ઉભો હતો તે તરફ નાસવા લાગી.

આ ગભરાટમાં પીસ્તોલનો બ્હાર કરનાર બાળા નાશી શકી નહિ, મ્રત્યુ નજીક આવ્યું ધારી તે બાળા પવનથી જેમ સુકોમળ વ્રક્ષ જમીનપર તુટી પડે એમ ભયથી તે બાળા એકા એક જમીનપર બેશુદ્ધ થઇ ઢળી પડી.

પોતાના શત્રુને સપડાવવા ચારે પગે ઉછળેલો કેશરી હજી તો તેના શત્રુની લગોલગ પહોચ્યો નથી, એટલામા તો સનનન કરતી એક ગોળી ઉછળેલા સિંહના પેટમા અદ્ધર આબાદ વાગી વનરાજ અધવચ જમીનપર તુટી પડયો, ને દુઃખથી ભયંકર ત્રાડ પાડી, બળાત્કારે ઉભો થઇ ગોળીમારનારને જોવા લાગ્યો. એ અરસામા તો સનનન અવાજ કરતી બીજી ગોળી આવી, ને મુખ પહોળુ કરી ઉભેલા સિંહના મુખમા પ્રવેશી તાળવું વિંધી કયાયે ગુમ થઇ ગઇ દુઃખના દર્દથી ભયંકર ચીસ પાડી ચકરીયો ખાતો વનરાજ અલ્પ સમયમા તો નિર્જીવ થઇ ધરણીપર ઢળી પડયો.

સિંહને મરણને શરણ થયેલો જોઇ ગોળી બ્હાર કરનાર યુવાન આનંદ પામ્યો, અને બેશુદ્ધ બનેલી બાળાને સાવધ કરવાના ઇરાદે ધીમે પગલે તેની પાસે આવ્યો.

પ્રકરણ ૪ થું.

દિવ્યપ્રભા.

હરિગીત છંદ.

શો યોગ આવો હૃદયનો ! ક્યા તુ અને ક્યા હુ વળી !
ક્યા હુ નગુણો–યોગ્ય નહિ, ક્યા તુ રમીની ને ભલી ?
ભરીઓ ઘણા અવગુણ થકી, શુભ લક્ષણી ગુણધામ તુ !
આ માહરા જરજરિત હૈડે સુખદ સ્થળ વિશ્રામ તુ
તુતો ભરી રસપૂર, હુ કઇ રસ વિષે સમજું નહિ !
હુ એક જાણુ છુ ખરે કે, જોગ ત્હારે હુ નહિ.

કેરાશરી

મનમા ગણગણતો યુવાન કે જે જીદગીમા પ્રેમનો પ્રથમજ અનુભવી છે તે બેભાન રમણીની નજીક આવતા ધ્રુજવા લાગ્યો. તેના હૃદયમા એક જાતનો કપ થવા લાગ્યો ને તેથી આને સાવધ કરૂ કે નહિ એમ વિચારવા લાગ્યો આખરે હૃદયને દૃઢ કરી તે યુવાન બેભાન બાળાની નજીકમાજ નીચે બેઠો અને અવ્યવસ્થિત થયેલાં રમણિના વસ્ત્રો ઠીક કરી તેનુ શીર પોતાના ખોળામા લઈ જાણે પોતાની પરિચિત ન હોય એમ સુગધવાળા રૂમાલથી તેને પવન

નાંખી સાવધ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. સુંદરીના શરીર સ્પર્શથી તે યુવાન પોતાને અહોભાગ્ય માનવા લાગ્યો, ને હૃદયમા સ્વર્ગ સુખનો અનુભવ થવા લાગ્યો. સુંદરીના મુખ સામું જોઈ રહેલો યુવાન સમય વિતતાં ભાન ભુલવા લાગ્યો, મનમાં અનેક પ્રકારના વિચારોને સ્થાન આપવા લાગ્યો અનંગનો નીસો તેની રગેરગમાં પ્રસરી ગયો, મનના મોહક તંતુઓ ઉશ્કેરાવા લાગ્યા; તેની સાથેજ વિકાર વશ થયેલો યુવાન દયાર્દ્ર નેત્રોથી જાણે તે બેશુદ્ધ પડેલી બાળાને વિનવતો હોય એમ મનમા ગણગણવા લાગ્યો. "પરવશતાને પ્રાપ્ત થયેલી બાળા! તુ જાગ્રત થા મન્મથ મને સતાવે છે."

તે યુવાન, મુર્છિત રમણીના કપોલ પ્રદેશ પર બાઝેલો પસીનો રૂમાલથી લુછવા લાગ્યો.

બાદ હૃદય તરફ હાથ વધવા લાગ્યો પણ એટલામા તેને કંઇક યાદ આવ્યુ ને તેની સાથેજ તેણે આગળ વધવા ઉત્સુક થયેલા હસ્તને અટકાવ્યો. અજ્ઞાની યુવાન જ્ઞાની બન્યો ને મન સાથે બોલી ઉઠયો. "અરે! આ શુ! હુ કોણ! મા'રી આ શુ સ્થિતિ! શું મા'રે આવી રીતે વર્તવુ યોગ્ય છે? નહીં, નહી, મન્મથ તુ શાન્ત થા, દુષ્ટ વિકારો દૂર થાઓ." યુવાન આખરે શાન્ત થયો અને અસાવધ બાળાને સાવધ કરવા વધુ યત્ન કરવા લાગ્યો.

યુવાનની સરભરાથી બેભાનબાળા થોડીવારમા સાવધ થઇ, પણ સંભ્રમને સબબે યુવાનના ખોળામા પડી રહી.

તેને સાવધ થયેલી જોઇ યુવાન આનંદ પામ્યો, ને મંદ હાસ્યથી તે બાળાને કહેવા લાગ્યો. "રમણી! સાવધ થાઓ,

સિંહ મરાયો છે, તમે નિર્ભય છો."

"હેં તમે કોણ!" કહી તે બાળા પૂર્ણ સાવધ થઈ અને યુવકના ખોળાનો ત્યાગ કરી એકદમ ઉભી થઈ નીચું વદન કરી વિમાસવા લાગી. તેને શાન્ત ઉભેલી જોઇ તે યુવક તેને બોલાવવાના ઇરાદે કહેવા લાગ્યો, "સુંદરી! આ વિકટ અરણ્યમાં રમણ કરવાને નીકળેલા તમે કોણ છો?'

સિતારના તારમાથી નીકળતા કોમળ સુરની માફક તે બાળા યુવકની સામે જોઇ કહેવા લાગી. બહાદુર શિકારી! હુ કોણ છુ તે જાણ્યા પહેલા આપે મારૂં રક્ષણ કરવામા જે અપાર શ્રમ લીધો છે, તેને માટે હુ આપનો ઉપકાર માનુ છુ.

"ઉપકારની આવશ્યકતા નથી, અબળાનુ સબળે રક્ષણ કરવુ તે ધર્મ છે." એ ધર્મના સિદ્ધાતથી મ્હે તમારૂં રક્ષણ કર્યું છે. વીરબાળા! હવે તમે કોણ છો તે જણાવશો તો ઉપકાર થશે.

વાહવા! શું બોલવાની માધુર્યતા! અહા! આ યુવકને જોતાં મા'રા મનમા કઇ કઇ થઇ જાય છે, મુખપર શરમના શેરડા પડે છે, શરીર ધ્રુજે છે. એવી રીતે મનમા બોલી તે બાળા થોડીવાર કઇક વિચાર કરી કહેવા લાગી. વીરકુમાર! હુ મણિપુરના પ્રતાપી મહારાણાની કુમારિકા છુ, મા'રૂ નામ "દિવ્યપ્રભા" છે.

શું તમે પોતેજ દિવ્યપ્રભા! યુવકે અનહદ્દ આનદથી પૂછ્યું.

"હાજી! હવે આપનુ નામ ઠામ જણાવશો?"

"ઘણીજ ખુશીથી! બાળા! તમે જે રાજકુમારની સાથે થોડા સમય પછી લગ્નની પવિત્ર ગાઠથી જોડાવાનાં છો, તેજ આ

અમરાવતીના મહારાજા વિરભદ્રનો કુમાર શૈલેશ, આજ તમારી સમક્ષ ઉભો છે.

"હેં ! શું આપ શૈલેશ કુમાર ?!" કુમારી શરમાઈ નીચુ જોઇ રહી.

તેને શરમાતી નીહાળી શૈલેશકુમાર તેની નજીક ગયો. અને નીચું જોઇ પગના અંગુઠાથી પ્રથ્વી ખણુતી દિવ્યપ્રભાનો હસ્ત પકડવાનો યત્ન કરવા લાગ્યો.

ગુણિયલ બાળા દિવ્યપ્રભા શૈલેશની સ્થિતિ કલ્પી, અહું-હાભ્યથી શરમને ત્યાગી કુમાર સામે જોઇ કહેવા લાગી:-" શાણા કુમાર ! મ્હેં એમ સાભળ્યું હતુ કે આપ ઘણા જ્ઞાની છો, પણ આજે તમારા હૃદયમાં થતા વિચારોનું અનુમાન કરતાં મ'ને લાગે છે કે જ્ઞાની શૈલેશ કુમાર તમે કે કોઇ બીજા ! કુમારશ્રી મારી નજીક આવશો નહિ, હું હજી કુમારીકા છુ; ને કૌમાર્ય વ્રત પાળુ છું.

ફિકર નહિ, તમે જેમ કૌમાર્ય વૃત પાળોછો તેમ હું પણ બ્રહ્મચર્ય વૃત પાળુ છુ. રાજકુમારી ! તમારૂં લગ્ન અવશ્ય મા'રી સાથેજ થવાનું છે. એમ ધારીનેજ હુ આ સાહસ કરૂંછું. કુમારે તેના જેવાજ મર્મથી ઉત્તર વાળ્યો.

કુમાર ! આપનુ કહેવુ સત્ય છે, પ્રેમમા પણ મર્યાદાની હદ હોય છે, આપ જ્ઞાની થઇ કેમ ભુલોછો ?

સત્ય છે, રમણી રત્ન તમારૂં કહેવું સત્ય છે, કુમારી હવે હુ સાવધ છું. પ્રિયરત્ન ! ઘણા દિવસથી તમને જોવાની મા'રી અભિલાષા હતી, તે આજે શ્રી ઇષ્ટ કૃપાથી પૂર્ણ થઇ છે.

કુમારિકા! વનરાજની ભયંકર ગર્જનાથી ત્રાસી, તમારી સખીયો નાશી ગઇ છે. તેથી કહો તો હવે નગર સુધી મુકવા આવું.

કુમારશ્રી! હું આપને શ્રમ આપવા ઇચ્છતી નથી, મા'રી સાથે સરદારસિંહ સૈનિકો સાથે આવેલા છે. સિંહના ભયથી મારી જે સખીઓ તેમની પાસે નાસી ગયેલી તે પણે હવે જુઓ. સર્વ પાછી આવતી જણાય છે. સરદારસિંહ સર્વને લઇ ત્યાં આવતો જણાયો ને તે બતાવીને તેણે કહ્યું.

સરદારસિંહ દૂરથી કુમારીને નિર્વિઘ્ને ઉભેલી જોઇ આનંદ પામ્યો, ને ઝડપથી પગ ઉપાડી થોડીવારમા સખીઓ તથા સૈનિકો સાથે કુમારીની પાસે આવી પહોચ્યો.

કુમારીની પાસે આવી તેનુ કુશળ પૂછી સરદારસિંહ કહેવા લાગ્યો. બ્હેન! સમય ઘણો થયો છે, હવે નગર તરફ પ્રયાણ કરીએ તો સારૂ. એટલુ કહી સરદારસિંહે પાછળ નજર કરી તો શૈલેશકુમારને ઉભેલો જોયો.

સરદારસિંહ શૈલેશકુમારને જોતાજ આશ્ચર્ય પામ્યો ને નીચો નમી નમન કરી કહેવા લાગ્યો કુમારશ્રી! આપનુ આગમન અત્રે ક્યાથી? અને આ બધુ શુ બન્યુ?

સરદારસિંહ! હુ શિકારને માટે આજે નીકળ્યો હતો, એક મૃગની પાછળ અહિં સુધી આવી ચઢયો ને વિશ્રામને અર્થે આ વડવૃક્ષ નીચે વિશ્રાન્તિ લેતો હતો. એવામાજ આ રાજ્યબાળા સખીઓ સાથે આવતા મારી નજરે પડયા. હુ તેઓ શરમાય તેથી દૂર જઇ પેલી પર્વતની પોલાણમા બેઠો. રાજકન્યા સખીઓ સાથે અત્રે ફરવા લાગ્યા. એટલામા અચાનક એક સિંહ

નીકળી આવ્યો. કુમારીએ બહાદુરીથી તેની સામે ગોળીબ્હાર કર્યો, પણ દૈવવશાત્ તે ગોળીબ્હાર નિષ્ફળ ગયો. સિંહ ઉશ્કેરાયો ને ભયંકર ગર્જના કરી કુમારીની પર તલપ્યો. ભયથી સાથેની સખીઓ નાસી ગઇ. સિંહની તરાપથી રાજકન્યા ગભરાયાં ને આખરે બેશુદ્ધ થઇ નીચે પડયાં. સિંહને તેમની પર તલપ મારતો જોઇ હું ઉભો થયો, ને ત્યાથી ગોળીબ્હાર કરી અધવચમા સિંહને નીચે પાડયો, બાદ બીજા બ્હારે તે મરણને શરણ થયો.

ઘણોજ ઉપકાર થયો. સરદારસિંહ ઉપકાર માની આગળ કહેવા લાગ્યો, કુમારશ્રી! નગરમા પધારશો? અમારા મહારાજા ઘણા દિવસથી આપને જોવા ઇચ્છે છે.

સરદારસિંહ! મહારાજાને મારા સવિનય પ્રણામ કહેશો. હાલમાં અગત્યનું કાર્ય હોવાથી આવી શકાય એમ નથી. તેમજ લાંબા સમયપર સેનાપતિ ભુપતસિંહનુ ખુન કરી બેવફા થઇ નાશી છુટનાર દિવાન વૈરીસિંહના મળતીયાઓ રાજ્યમા ઉપદ્રવ મચાવે છે, તેમને પકડી શાશન આપવાનુ કામ મા’રે માથે છે. કુમારે સવિનય નહિ જવાનુ કારણ જણાવ્યુ.

પુનઃ પધારવુ કયારે થશે? સરદારસિંહે ફરીથી પ્રશ્ન કર્યો.

સમય મળતા જોઇ લેવાશે, કુમારે જવાબ આપ્યો.

જેવી આપની ઇચ્છા, કહી સરદારસિંહ દિવ્યપ્રભાને કહેવા લાગ્યો. બ્હેન! હવે આપણે ચાલીશુ?

હા ચાલો, કહી કુમારી સજળ નયને કુમારના સામું જોવા લાગી. સરદારસિંહ સૈનિકો સાથે કુમારને નમન કરી આગળ

ચાલવા લાગ્યો. પાસે ઉભી રહેલી સખીયોને કુમારીએ આંખની ઇશારતથી સમજાવી આગળ ચાલવાનું સુચવ્યું. સખીયો હસતી હસતી સૈનિકોની પાછળ પાછું વાળી જોતી જોતી ચાલવા લાગી. તેઓને થોડેક દૂર જવા દઇ કુમારી શૈલેશને કહેવા લાગી. કુમારશ્રી! ફરીથી આપના દર્શનનો લાભ ક્યારે મળશે?

દિવ્યપ્રભા! ઇશ્વર ઇચ્છાનુસાર થશે, શાન્તિથી નગર તરફ ગમન કરો. આપણો સાચો પ્રેમ છે તો જરૂર ઇશ્વર આપણને મેળવશે. શૈલેશે જવાની સુચના કરી જવાબ આપ્યો.

શૈલેશ કુમાર! આજથી આઠમા દિવસના સોમવારે મા'રી જન્મતિથી હોવાથી હુ નગરની બહાર આવેલા બગીચામાં શિવપૂજન કરવા આવનાર છુ ને તેથી ત્યાજ હુ આપના દર્શનની ઇચ્છા રાખુ છુ.

દિવ્યપ્રભા! અવશ્ય હુ ત્યાં આવી તમને મળીશ.

આપો જો વચન.

લ્યો આ મા'રૂ વચન, બોલો બીજુ કાઇ?

નાજી, હવે કાઇ નહિ, કહી એક કાતિલ કટાક્ષ ફેંકી મૃદુ મૃદુ હસતી કુમારી ત્યાંથી ઝડપથી ચાલી ગઇ ને આગળ ગાલતા સૈનિકો અને સખીયોને મળી નગર તરફ પ્રયાણ કરવા લાગી.

દિવ્યપ્રભાના ગયા પછી ત્યાં વિશેષ વાર નહિ રોકાતાં શૈલેશ કુમાર પણ પાસે ચરતા અશ્વપર ભાલો લઇ સ્વાર થયો અને શ્વેત ચંદ્રિકામાં પવન વેગી અશ્વને અમરાવતી તરફ પુરપાટ દોડાવી મુકયો.

પ્રકરણ ૫ મું.

સાધુ કે શેતાન ?

માથે જટા ને ભષ્મ લેપન, વેશ રંજન મન કરે;
ભગવા બનાવી વેશ, સાધુ દુષ્ટ કૃત્યો આચરે

સગ્રાહી વાચકો ! ચાલો હવે આપણે વ્હાણુમાંથી ઉતરી ગુફામાં મસલત કરવા પેઠેલા સાધુરામના મ ડળને તપાસીએ.

શ્વેત ચ દ્રિકાની દેદિપ્યમાન જણાતી રાત્રિનું સામ્રાજ્ય સઘળે સ્થળે સ્થપાયું હતું. વનનાં વનચરો ગાઢ નિ દ્રામાં પડેલાં જણાતાં હતાં. દિવસે અ ધ દશાયે દબાયેલાં પક્ષીઓ રાત્રિએ ચક્ષુઓ પ્રાપ્ત થતાં, આન દ પામી ખોરાકની શોધમાં પાંખોના ફડફડાટ સાથે કર્ણકર્ધ્વનિથી જંગલને ગજાવતાં હતાં. એવે સમયે પ્રથમ કથિત્ ગુફામા આ સમયે પાંચ માણુસોશાન્તિથી બેઠેલાં હતાં, બાકીના સાત જણા ગુફાના દ્વાર પાસે બેસી, ચલમોના સપાટા લગાવતા ગપ્પા હાંકતા હતા. અગાઉથી માણુસો મોકલી તે ગુફાને સાફ કરાવવામા આવી હતી. જમીન પર ગાદી તકીયા પાથરવામાં આવ્યા હતા અને તેની ઉપર સાધુરામ સાથે બીજા ચાર જણા વિજમારાન

થયા હતા. ગુફાની અંદર પોલાણમાં પ્રકાશને માટે એક કોડીયામાં દીવો કરી ગોઠવવામા આવ્યું હતું.

અંદર બેઠેલા માણસોએ મદિરાપાન કરેલું હોય એમ ત્યાં ખાલી પડેલા શીશા તથા પ્યાલાં ઉપરથી અનુમાન થતું હતું. શીશાની પાસે એક ટાટમાં કંઇક ખાવાનુ પણ ઢાંકેલું હતુ. સઘળાઓ જ્યારે શાન્ત થઇને બેઠા હતા ત્યારે તકીયાને અઢેલી બેઠેલો સાધુરામ સાવધ ચિત્તે જાણે કે કાઇ મહાન કાર્ય કરવાના વિચાર ન કરતો હોય એમ બેઠેલો જણાતો હતો. પાંચેના મુખમાથી એકપણ શબ્દ તે સમયે નીકળતો નહોતો. રાત્રિની શાન્તતાની સાથે તેમનુ મૌન મળવાથી રાત્રિ સમસમાકાર સમાન દિસતી હતી. એવામા થોડીવાર પછી દૂર પર્વતની ખીણમાં શિયાળવાંના રૂદનધ્વનિનો કર્કશ અવાજ સંભળાયો. શાન્તિમા ખલેલ પડી, સઘળા ચમકયા, મધ્યરાત્રિ થઇ એમ અનુમાન કરવા લાગ્યા. આખરે છવાયેલી શાન્તિનો ભંગ કરી સાધુની સામા બેઠેલા ચાર યુવકમાથી એક સ્હેજ ઉચો થઇ પાસે બેઠેલા ગ્રહસ્થ જેવા જણાતા યુવકને કહેવા લાગ્યો. "ભદ્રેશ!' હવે તો તું કંઇક નિર્ણય ઉપર આવે તો સારૂં. જોને! વિચારમાંને વિચારમા મધ્યરાત્રિ વિતવા આવી, હમણાં પરોઢ થશે, છતાં આપણે કંઇપણ નિર્ણય ન કરી શકયા, માટે મહેરબાની કરી તુ તા'રો વિચાર જણાવી દે, કે ઝટ વાતનો ફેસલો આવી જાય.

હુ શું વિચાર જણાવુ ? તમે બધા જે સલાહ આપો તે મારે કબુલ છે. ભદ્રેશે તેનો વિચાર જણાવી દીધો.

તેનો જવાબ સાંભળી અજીતસિંહ નામનો એક મજબુત બાંધાનો ને બળવાન જણાતો યુવક, કે જે અત્યાર સુધી એક તકીયાને અઢેલી મૌન ધારણ કરી બેઠો હતો, તે હવે સહજ ઉંચો થઇ કે'વા લાગ્યો. ભદ્રેશ! તમારૂ કહેવુ ખરૂં છે, પણ દામ કરે કામ તેતો જાણોછોને? માટે જો તમારે ભવિષ્યમા અમરાવતીના દિવાન થવુ હોય, તેમજ ગુમાવેલા દ્રવ્ય કરતા ચારગણું દ્રવ્ય સંપાદન કરી મોજમઝા ભોગવવી હોય, તો હાથ છુટો મુકયા વિના બનનાર નથી.

તેની પણ હું તમને કયાં ના પાડુછું. મિત્રો! તમારા સર્વના જાણુવામા છે કે, આપણા સહેલસપાટા ને ગાન તાનમા મા'રૂ રોકડનાણું તો ખરચાઇ પુરૂં થઇ ગયુ છે. મિત્રો! હવે મા'રી પાસે સ્થાવર મિલ્કત સિવાય બીજુ કાંઇ રહ્યું નથી, અને તેનો પણ ઉપયોગ કરતાં જો આપણું કાર્ય સિદ્ધ થાય એમ હોય તો તેની પણ હું કયાં ના પાડુ છુ. ભદ્રેશે ખુલાસો કર્યો.

જો એમ હોય તો હવે આપણે વખત ખોવો વૃથા છે. ભદ્રેશ! તમે કાલને કાલ કંઇક ઉંધુ ચતુ કરી રૂપિયા દશહજાર લાવી આપો, કે તુરત પછી અમે આપણા કામની શરૂઆત કરીયે. ત્રીજા કપટસેન નામના યુવાને મુદ્દાની વાત ઉપાડી

મિત્રો! કાલને કાલ દશહજાર રૂપિયા લાવુ કયાથી? જાગીરો વેચતાં યા ગીરો મુકતાં સઘળુ ખુલ્લુ થઇ જશે ને મારા પિતાની કિંમતી આબરૂ કોડીની થઈ જશે. માટે મિત્રો! તે સિવાય બીજો જો કોઇ રસ્તો હોય તે મને બતાવશો તો હું અવશ્ય કબુલ કરીશ. ભદ્રેશે દયામણે મુખે કહ્યું.

ભદ્રેશ! જો તમારે આવી ગરીબી હાલતમાંથી કરોડાધિપતી બનવું હોય, તેમજ આ રાજ્યના દિવાન થવાની આશા હોય, તો ભવિષ્યમાં થનારા આ મહારાજાને હાલ મદદ કરો. રાજ્યના દિવાન થવામાં તમારી રહેલી મિલ્કત તથા જનાર આબરૂ કંઇ વિસાતમાં નથી. ચોથા વરૂણસિંહ નામના યુવકે અજીતસિંહને બતાવી ભદ્રેશને ભવિષ્યનો લાભ દર્શાવ્યો.

અરે યાર! સ્થાવર મિલ્કત વેચતાં ડરતો હોય તો કર તારી બૈ'રીને ઠાર કે ઝટ થાય બેડા પાર. કેમ ખરૂ ને વરૂણસિંહ? વચમાં કપટસેન બોલી ઉઠયો.

કપટની સલાહ વ્યાજબી છે, ભદ્રેશ! તારી સ્ત્રીની પાસે દરદાગીના થઈ આશરે એક લાખ રૂપિયાનો માલ છે, અરે તેની આંગળીએ જે એક વિંટી રહે છે, તે વિંટીમાંજ રૂપિયા પંદર હજારનો કિંમતી હિરો છે. ભદ્રેશ! જો તે સ્ત્રીનું કાસળ નીકળી જાય તો ઘણીજ જલ્દીથી આપણું કાર્ય સિદ્ધ થાય. આટલું કહી અત્યાર સુધી શાન્ત બેસી રહેનાર સાધુરામ વરૂણસિંહને આંખની ઈશારત કરી કે'વા લાગ્યો. વરૂણ! ભદ્રેશને દારૂનો પ્યાલો ભરી આપ, કે જેથી એની સુસ્તિ ઉડી જાય, અને ધારેલા કાર્યને માટે હિંમતવાન થાય.

ચાલાક વરૂણ તુર્તજ ઉભો થયો ને પ્રથમ પીતાં વધેલા શીશામાથી એક સુંદર પ્યાલામાં દારૂ કાઢી ભદ્રેશના કરમાં આપી પુનઃ નીચે બેઠો.

ભદ્રેશ ખુશીથી તે નાજુક સુંદર પ્યાલામાં કાઢેલા જીંદગીને બરબાદ કરનારા ચળકતા લાલ પ્રવાહી પદાર્થને આનંદથી પી

ગયો. પ્યાલો ખાલી થતાંજ વરૂણે બીજો ભરી આપ્યો. તેનો પણ ખુલાસો થયો. યથેચ્છ મદિરાપાનથી ભદ્રેશ પ્રફુલ્લિત બન્યો, તેની આંખ્યો ચળકવા લાગી. બાદ થોડીવારે બરાબર સમય સાધી ગંભીર ડોળથી સાધુ મહાત્માએ વાત ઉપાડી. કાં ભદ્રેશ! શું વિચાર કરે છે? જલ્દી જવાબ આપ કે વાતનો ખુલાસો થઇ જાય.

હા, ગુરૂજીનુ કહેવુ ખરૂ છે, ચોક્કસ વિચાર કરીને જવાબ આપજો કે જેથી પાછળ વિમાસવુ ના પડે. ભદ્રેશ! અમે કંઇ તમારા બુરામાં રાજી નથી, અમારા સર્વ પ્રયત્નો તે આપનાજ ભલાને માટે છે. અમે તમારા સુખ દુઃખના ભાગીદાર વ્હાલા દોસ્તો, તમારા બુરામાં કેમ રાજી હોઇયે? તેનો તમારા મનથીજ વિચાર કરી જુવો. માટે જો અમારૂં કહેવુ નહિ માનો તો આખરે પસ્તાશો ને જીંદગીભર ગરીબી હાલતમાં રહી રોશો. કપટકળામા નીપુણ કપટે સમજાવવા માંડયું.

તેમજ સ્રી જાતનો વિશ્વાસ રાખનાર પણ મૂર્ખ ગણાય છે. "રાડ, ભાડ ને હરણા ભેસા, તે વ ઠે તો કરના કેસા?" તે જુની કહેવતને વિચારી જુઓ. ભદ્રેશ! આ સમયની સ્રીયો તે સ્રીયો નહિ પણ સ્વાર્થ સાધનારી જીવતી ડાકણો છે. વરૂણે વિશેષ સમજાવ્યું.

મદિરાના તાનમાં મસ્તાન બનેલો ભોળા દિલનો ભદ્રેશ, આ સ્વાર્થાંધમિત્રોનાં વચનોથી ભોળવાયો ને પોતાની પવિત્ર પતિવૃતા નારીની ઉપર નિશામા સંશય આણુવા લાગ્યો. દારૂની ઝુમમાં થોડીકવાર વિચાર કરી અંતે તે બોલ્યો.

ગુરૂ મહારાજ તથા દોસ્તો! તમારી વાત સત્ય છે. જે સ્ત્રી ઘણીજ નમ્રતા બતાવતી હોય તે અવશ્ય એવી હોવીજ જોઇએ; ને........

અરે હોવી જોઇએ શુ ? ખરેખર એવી હોયજ. સાધુએ વચમાં વાતને ટેકો આપ્યો.

સત્ય છે, ગુરૂજી આપનું કહેવું અક્ષરે અક્ષર સત્ય છે. એવી બેવફા સ્ત્રીયોને આ દુનિયામાં એક ઘડી પણ જીવતી રાખવી યોગ્ય નથી; જે સ્ત્રી તેના સ્વામિને ખુલ્લા દિલથી તેના હાથે દારૂ પાય નહિ, તેમજ તેને નાચ મુજરા હાવભાવ ને નેત્રના કટાક્ષથી રજન કરે નહિ તે સ્ત્રી શુ કામની? મા'રા પ્રાણ સમાન દોસ્તો! આજથી આ ભદ્રેશ તમારા કહેવા પ્રમાણે વર્તવાને જીદગીભર બધાયો છે. હુ હવે સત્વરે તે પતિવૃતાની પુછડીને યમસદનમા પહોચાડી દઇશ. દારૂના તાનમા ભાષણ કરી ભદ્રેશ શાન્ત થઇ ગાદીપર આડો પડયો.

હા! હવેજ ભદ્રેશ સમજ્યો, ને તેની સાથે તેનો દિવસ પણ ફર્યો. સાધુએ તેને ચડાવવાના હેતુથી કહ્યું.

પણ પછી તમે મને મદદ કરશોને? ભદ્રેસને કંઇક યાદ આવતા પૂછયુ.

અરે એ શુ બોલ્યા? મદદ તો શુ, આ પ્રાણ પણ આપને માટે તૈયાર છે. કપટે કપટકળા વાપરી.

ધન્ય છે મારા જીગરના દોસ્તો! તમારા જેવા ગુણવાન મિત્રોની સલાહ નહિ માનનારા કેવળ નાલાયક મૂર્ખ છે. પણ.... વાત કરતાં ભદ્રેશ અચકાયો.

ભદ્રેશને વાત કહેતાં બંધ રહેલો જોઈ ચતુર સાધુરામ પૂછવા લાગ્યો. કાં ભદ્રેશ! વાત કહેતાં કેમ અચકાયો? તારા મનમાં જે કાંઇ હોય તે બેલાશક કહે. ગુરૂથી વાત છુપાવીયે તો ઇશ્વરના ગુન્હેગાર ગણાઇયે.

ગુરૂજી! જાણે હુ એમ કહેવાને ઇચ્છું છું કે હુ મારી સ્રીનું ખૂન કરીશ એતો ચોક્કસ. પણ પછી તેના શબની શુ વ્યવસ્થા કરવી તેની મને કઇ સમજ પડતી નથી. ભદ્રેશે મનમા થતા વિચારો જણાવ્યા.

અહોહો! એમાં તે શુ મહાભારે કામ છે. ભદ્રેશ! તેની વ્યવસ્થા કરવાનું કામ મા'રે માથે પછી કાંઇ? મિત્ર ફરજ બજાવતા મરવુ પડે તોય શુ? વરૂણે મિત્ર ફરજ બજાવવાનુ માથે લઈ કહ્યું.

બસ! મા'રે એટલુંજ કહેવાનું હતુ. કદાપિ જો આ કાર્ય મહારાજાને ખબર પડે, તો અવશ્ય આપણે સઘળાને મરવુ પડે. માટે હવે આપણે જે કાર્ય કરવુ તે ઘણીજ ચાલાકી ને સાવચેતીથી કરવુ. દારૂની ઝુમમા ભદ્રેશે મિત્રોને શિખામણ દીધી.

ભદ્રેશ! તે બાબતની તારે લગીર પણ ફિકર કરવી નહિ. ગુરૂએ વચમાં જણાવ્યુ.

પણ તમે મારી સ્રીના શબનુ કરશો શુ? પુનઃ ભદ્રેશે પ્રશ્ન કર્યો.

ભદ્રેશ! હજી તું ભોળો ને ભોળો રહ્યો. જો આ વાત કોઇને કહેવા જેવી નથી પણ જ્યારે તું અમારો ખરો મિત્ર થયો ત્યારે તને કહ્યા સિવાય ચાલે નહિ. મિત્ર ભદ્રેશ! તુ શુ

અમને જેવા તેવા સમજે છે ? અરે ભલભલા માલદારોને અમારા શિકાર બનાવી તેમના માલ હજમ કરી ગયા. અને તે હજમ કરેલા માલનાં નાણાં કરી રોકૂબંધ કપડાંના ઠાઠથી રહીએ છીએ. તેમજ ભલભલી પતિવ્રતા સ્ત્રીઓને પ્રપંચ જાળમાં ફસાવી તેમને વશ કરી, મોજમઝા માણી તેમના માલ પણ હજમ કરી ગયા, અને તેવી સ્ત્રીયોનાં ખૂન કરી તેમનાં ખાલી ખોખાંને ભોંયમાં ભંડારી દીધાં, તો આ એક ગરીબ ગાય જેવી તારી સ્ત્રીના શબને છુપાવતાં તે શું વાર ? કપટે તેમના ધંધાનું દિગ્દર્શન કરાવ્યું.

હાં ! અને હું ધારૂં છું કે તેથીજ તમે આમ લાલા લોક જેવા થઈ ફરોછો. પણ વારૂ તમે મારી સ્ત્રીના શબને નાંખશો ક્યાં, તે તો જણાવો ? ભદ્રેશે પુનઃ નિશાની ઝુમમાં પૂછ્યું.

અમે તેના શબને જે સ્થળે નાંખીશું તે સ્થાનની તને આગળ ઉપર માહિતી મળશે. હાલમાં તારી પૂર્ણ પરિક્ષા કર્યા સિવાય તને જણાવી શકાશે નહિ. ભદ્રેશ ! જેમ જેમ તારો અને અમારો સબંધ ઘાડો થતો જશે તેમ તેમ તને અમારાં સઘળાં ગુપ્ત સ્થાનો અને અમારા સર્વ ભેદોના રહસ્યની જાણ થશે. સાધુ મહારાજે ખુલાસો કર્યો.

તો જેવી તમારી ઇચ્છા ! પણ ગુરૂમહારાજ ! આ તમારા ભદ્રેશને અવશ્ય એકવાર અજમાવી જુવો ને પછી વિચારી જુઓ કે તે તમારી પરિક્ષામાં પાર ઉતરે છે કે નહિ ! ભદ્રેશે ખરા દિલથી જવાબ વાળ્યો.

એમ ! તો કહો કે તમે દશહજાર રૂપિયા ક્યારે આપશો ? શાન્ત બેશી રહેલા અજીતે ભદ્રેશને પૂછ્યું.

હવેજ પ્રિય મિત્રની પરિક્ષાનો સમય આવ્યો છે, કપટસેને ભદ્રેશ સાંભળે એમ વરૂણના કાનમાં કહ્યુ.

મિત્રો! હુ નક્કી કાલેને કાલે ઘરમાં તકરાર કરીને પણ રૂપિયા બાર હજારના કિંમતી દાગીના ઉપાડી લાવીશ કારણ કે રોકડમાં મારી પાસે બસો રૂપિયા ઉપર એક પાઇ પણ નથી. ભદ્રેશે મિત્રોની પરિક્ષામાં પાસ થવા દાગીના લાવવાનુ જણાવ્યું.

શાબાશ! મિત્ર જોઇયે તો આવાજ જોઇયે. સાધુરામે વચમાં ઉમેર્યું.

મિત્રો હવે આપણે શું કરવાનુ બાકી રહ્યું? ભદ્રેશે પૂછ્યું.

બીજુ કાંઇ નહિ પણ હવે જરા છાટા પાણી પી આનંદ કરવાનુ. વરૂણે કહ્યુ.

ત્યારે ઉડાવો હવે. ભદ્રેશે આજ્ઞા આપી.

ગુરૂ અને અજીત ત્યાથી ઉભા થયા, કારણ કે તે સાધુરામ ભદ્રેશના દેખતાં કદિ પણ દારૂ પીતા નહિ. તેમજ અજીત ભવિષ્યમાં મહારાજા થનાર હોવાથી તેની આગળ પણ તે પવિત્ર રહેવાનો ઢોંગ કરતો. અજીતને કદિ મદિરાપાનની ઇચ્છા થતી તો તે સાધુ મહાત્મા દેવીનુ પુજન કરી માતાને મદિરાનો પ્યાલો ધરાવી પ્રસાદને બ્હાને તેને પાતા ને પોતે પીતા. તેમજ અજીતને ભદ્રેશના દેખતા દારૂ પીવાની મના કરેલી હતી તેથી આ લોભી ગુરૂ ને લાલચુ ચેલા ત્યાંથી ઉઠી ગુફામા દૂર પડેલી એક પહોળી શીલાપર બેસી વાતો કરવા લાગ્યા.

પ્રકરણ ૬ ઠ્ઠું.

ભયંકર સૂચના.

વૃથા દુષ્ટ વિચાર થકી, સરે ન એકે અર્થ.
થાય વિમાસણ જે સમય, ઉપજે અધિક અનર્થ.

સાધુ મહારાજ અને અજીતના ત્યાંથી ઉઠીને ગયા પછી કપટસેન ઉભો થયો ને દૂર પડેલો શીલબંધ દારૂનો શીશો ખોલી, ત્રણ પ્યાલા તેનાથી સંપૂર્ણ ભરી, દરેકને એકેક આપી પોતાની જગાએ આવી બેઠો. એક બીજાની તંદુરસ્તી ચાહી દારૂનો એક ઘુંટડો પીતા અને પાસે પડેલા થાળમાથી ખોરાકનો કોળીયો ખાતા મદિરાને યોગ્ય ન્યાય આપવા લાગ્યા. આખરે યથેચ્છ મદિરાપાન કરી તેનાથી ગુલતાન બની વાતો વિનોદ કરવા લાગ્યા વાતો કરવામા કપટ અને વરૂણ સાવધ હતા, ભદ્રેશ નિશાથી છેક બેફામ જેવો બની ગયો હતો.

એટલામા સહસા કપટની નજર ભદ્રેશની આંગળીયે ચળકતી હિરાની વિંટી તરફ ગઇ, તેથી તેને પડાવી લેવાની દાનતથી કપટકળામા નિપુણ કપટે વાત ઉપાડી. ભદ્રેશ! જે વાત કરવાની હતી તેનો તો ખુલાસો થઇ ગયો, પણ હજી

એક વાત તમને જણાવવાની બાકી રહી છે.

કઇ વાત હજી બાકી બળી છે? ભદ્રેશે કંટાળી પૂછયું.

ભદ્રેશ! ઉતાવળનું કામ નથી, "ઉતાવળા સો બાવરા ને ધીરા સો ગંભીર" એ કહેવતને યાદ કરો. જાણે વાત એ કહેવાની છે કે તમે જ્યારે ને ત્યારે દિવાન બનવાના એ તો ચોક્કસ; પણ હાલમાં અમે મિત્ર ફરજ તરીકે તમારા દરેક કાર્યમા મદદ કરીયે તો ખરા પણ કદાપિ ન કરે નારાયણ ને કયાંક સપડાઈ ગયા અને ફાંસીના વિમાનમાં ચઢવાનુ થાય તો શુ થાય? ભદ્રેશ! તમે જાણોછો કે અમારે ને લક્ષ્મીદેવીને મુળથીજ પાકુ વૈર બધાયેલું છે તેથી તેના વિના અમારી શું દશા થાય? કપટે સ્વાર્થની વાત ઉપાડી.

કપટસેન! તારે બીલકુલ ગભરાવુ નહિ. જ્યા સુધી હુ જીવુ છુ ત્યા સુધી કોઈના એક બાલને પણ ઇજા આવવા દેનાર નથી. ભદ્રેશે શાન્તવન કર્યું

તેતો જાણે બધુ ખરૂં પણ માણસના મનની સ્થિતિ બદલાઇ જતાં વાર લાગતી નથી. તેમજ આપ શેઠજી ભોળા હ્રદયના છો તેથી અમારે માટે કંઇક ચોક્કસ કર્યુ હોય તો સારૂ. વરૂણે કહ્યુ.

મિત્રો! તમારી વાત સત્ય છે, મારા મનની સ્થિતિને ફરતા વાર લાગતી નથી તેથી હુ આ મારી આંગળીયે પહેરેલી વિંટી તમારી તરફથી હાલને હાલ ગુરૂ મહારાજાને આપું છું જેની કિંમત પાંચહજાર રૂપિયાની છે. મિત્રો! કદાપિ હું તમા- રાથી બદલાઉ તો તેનો ઉપયોગ તમારા બચાવને વાસ્તે ગુરૂશ્રી

કરશે. બોલાવો ગુરૂ મહારાજને, ક્યાં ગયા ગુરૂદેવ ? ગુરૂજી ! ભદ્રેશે દારૂની ધુનમાં સાધુ મહારાજને બૂમ મારી.

દૂર બેઠેલા ગુરૂ મહારાજ ભદ્રેશની બૂમ સાંભળતાં ચમક્યા, ને ભદ્રેશને આવું છું કહી ત્યાં વિચારમાં પડેલા અજીતને કહેવા લાગ્યા, અજીત !

જી મહારાજ, વિચારમાંથી જાગી અજીતે જવાબ આપ્યો. શું વિચારવમળમા ગુંથાયો છે ? ગુરૂએ ઉભા થતાં પૂછયુ.

મહારાજ ! દિવ્યપ્રભા શૈલેશકુમારને પરણનાર છે, એ આપે કહેલી વાત શું ખરી છે ? અજીતે મનમા થતા વિચાર વિષે પૂછયુ.

હા તે વાત સત્ય છે. ગુરૂએ ગમગીન ચ્હેરે જવાબ આપ્યો.

તો ગમે તેમ કરી હુ શૈલેશનુ ખૂન કરીશ. અજીત ઉશ્કેરાઇ બોલી ઉઠયો.

તોજ તુ તારા કાર્યમા ફાવીશ ને દિવ્યપ્રભાને પરણી ભાગ્યશાળી થઇશ. સાધુ મહારાજે બળતામા ઘી હોમ્યું.

ગુરૂજી ! હુ અવશ્ય તેનો વિનાશ કરીશ, વળી રાજ્યને માટે શુ કરવું તે પણ ભેગાભેગુ જણાવી દો, કે તે સઘળા કાર્યનો હુ એક સાથેજ પાર લાવું. અજીત ગુસ્સાથી ઉભો થઇ પૂછવા લાગ્યો.

અજીત ! વીર અજીત ! ગુસ્સાને શાન્ત કર, આજે આટલો બધો ઉશ્કેરાઇ કેમ જાય છે બળવાન અજીત ! તારે શુ કરવુ તે ધ્યાન પૂર્વક સાંભળ.

જો ઇચ્છા છે રાજ્યની, માન કહ્યું મમ ખાસ;
ક્રોધ કરીને કારમો, કર તું શત્રુ વિનાશ
પુન્ય પાપનો લેશ પણ. નવ કરીશ વિચાર,
ભોગવવા સુખ રાજ્યનું, રાજા કુટુંબ સહાર.

સાધુરામે છેલ્લા વાક્યપર ભાર મુકી ઘોઘારી અવાજે જણાવ્યું

સત્ય છે! ગુરૂજી! હવે એમજ થશે અને આ વીર અજીતની ચળકતી શમશેરથી અલ્પ સમયમાં રાજ્યકુટુંબનો નાશ થશે. અજીતે ગુસ્સાથી સમશેર ખેંચી જવાબ આપ્યો.

માછલું જાળમાં બરાબર જકડાયું છે ધારીને એ સ્વાર્થાંધ સાધુ મહાત્મા આખરે અજીતને સમજાવી શાન્ત કરી તેનો હાથ પકડી બેઠેલા મંડળમાં આવીને બેઠા, અને ભદ્રેશને બોલાવવાનુ કારણ પૂછયું.

ગુરૂમહારાજ! અમારે અત્યારે એવો ઠરાવ થયો છે કે હુ જો આ મારા મિત્રોથી બેવફા થાઉ તો આપે આ મારી વિંટીના નાણાં કરી તેમના બચાવમાં વાપરવાં, લ્યો આ વિંટી તેની કિંમત પાંચ હજારની છે. ભદ્રેશે આંગળીયેથી વિંટી કાઢી આપતાં કહ્યું.

નારે ના! ભદ્રેશ કદી બેવફા થાયજ નહિ, તેની મને સંપૂર્ણ ખાત્રી છે, વિંટીની જરૂર નથી. સાધુએ નિર્લોભતા જણાવી.

નહિ ગુરૂમહારાજ, આ વિંટી લ્યો ને ભદ્રેશ મિત્ર ફરજ કેવી જાણે છે એ આમને દેખાડી આપો. કહી ભદ્રેશે સાધુના હાથમાં વિંટી મુકી.

વિંટી લેવાની આનાકાની કરતા સાધુરામને વરૂણે આંખની

આજ્ઞા કરી, કે તુર્તજ સાધુશામે જેવી તારી મરજી કહી તે કિંમતી વિંટીને ભગવા અંચળામાં ઠેકાણે મુકી દીધી. બાદ થોડીવાર આડીઅવળી વાતો કરી અજીતે પૂછયું. હવે આપણે ચાલીશું ?

હા ચાલો ! કહી સાધુમહાત્મા ઉભા થયા, તેમની સાથે સર્વ મંડળ જવાને ઉભુ થયુ, કે વળી ભદ્રેશને પાછું કંઇક યાદ આવતા પૂછયું, પેલાનું શું કરશો ?

“ શાનુ ? ”

“ પેલીના શબનું ! ”

“ તે તને કાલે જણાવીશું. ”

“ આજે નહિ ? ”

“ ના. ”

“ કેમ વારૂ ? ”

“ આજે જણાવાય એમ નથી. ”

“ ઠીક, પણ કાલે પાછા કયા મળીશુ ? ”

“ મધુમુખીને ત્યાં. ”

“ કયારે ? ”

“ કાલ સાંજે. ”

“ બહુ સારૂં ચાલો. ”

વાતની સમાપ્તિ કરી સાધુશામે એક સંજ્ઞાદર્શક ઝીણી સિસોટી વગાડી, એ સાંભળતાંજ ગુફાની બહાર બેઠેલા માણસો અંદર દોડી આવ્યા. તેમને જોઇ સાધુએ અંદર ગોઠવેલી તમામ ચીજો લઇ લેવાની આજ્ઞા કરી. તરતજ તેઓ લાવ્યા હતા તે ચીજો લઇ દિવાને ફુંક મારી ઓલવી નાખી સાધુશામ સાથે

ગુફાની બ્હાર નીકળ્યા. ગુફાની અંદરનું મંડળ ભદ્રેશની મૂર્ખતાના મનમાં વિચાર કરતુ, થોડીવારે આવેલા રસ્તે થઇને નદી કિનારે આવી પહોંચ્યું. ઝાડના થડે બાંધેલા વ્હાણને છોડવામાં આવ્યું, ને બીજા માણસે અંદર જઈ સડનુ કપડું ઉકેલ્યુ. સડ પવનમાં ફરકવા લાગ્યો. બાદ સઘળા વ્હાણમા ચઢી બેઠા. વ્હાણ ચાલવા લાગ્યું, ને જોતજોતામાં પવન અનુકુળ હોવાથી શ્વેત ચંદ્રિકામાં ઘણે દૂર જતું જણાયું.

સર્વ મંડળના ગયા પછી કિનારો જનશુન્ય જણાવા લાગ્યો. સઘળે શાન્તિ પથરાઇ ગઈ. એટલામાં છવાયેલી શાન્તિમા ભંગ થવાનો ભાસ થયો, ગુફાની પાછળના ઝાડપર કંઇક ખડખડાટ થયો. ઝાડપર છુપાઇ બેઠેલા તપસ્વિની ને કૈલાસ નીચે ઉતર્યા. ચંડાળ મંડળની સઘળી વાત તપસ્વિનીએ ધ્યાનપૂર્વક સાભળી હતી. તેથી આ સમયે તેમનુ મુખ દિલગિરિથી શોકાતુર થઇ ગયું હતુ. નિર્દોષોનુ શી રીતે રક્ષણ કરવુ તેના વિચાર હૃદયમા થવા લાગ્યા. આખરે વિચારનો અંત નહિ આવવાથી કંટાળી તપસ્વિની કૈલાસનો હાથ પકડી પર્ણકુટિ તરફ ચાલવા લાગ્યા તપસ્વિની સાથે ચાલતી કૈલાસ પણ જાણે કાઇ ગહન વિચારમાં ન હોય એમ જણાતી હતી. એવી રીતે મૌનતાથી ચાલતાં તેઓ અલ્પ સમયમા તેમની પર્ણકુટિપાસે આવી પહોંચ્યા.

પર્ણકુટિનાં દ્વાર ઉઘાડી બન્ને જણાં અંદર પ્રવેશ્યાં ને પુનઃ દ્વાર બંધ કરી જમીનપર બે મૃગચર્મો બીછાવી તેની પર સુતાં. તપસ્વિનીને વિચારોથી નિંદ્રા આવી નહિ પણ કૈલાસ પ્રભુનું રટણ કરતી થોડીવારમા નિંદ્રાને વશ થઇ ગઇ. આખરે

મોટું પરોઢ થવા આવ્યુ. તપસ્વિનીની આંખ્યો પણ ઉંઘથી ઘેરાવા લાગી ને થોડીવારે પારકાના દુઃખે દુઃખી થતી તપસ્વિનીદેવી શાન્ત નિંદ્રાને ખોળે પડી. લગભગ ત્રણેક કલાકની નિંદ્રા લઇ તપસ્વિની જાગ્રત થઇ; અને સવાર થયેલું જોઇ કૈલાસને જગાડવા તેના મ્રગચર્મ ભણી દ્રષ્ટિ કરી. પણ અરે આ શું! કૈલાસ ત્યાં નથી. મ્રગચર્મ ખાલી પડયુ છે. કૈલાસને નહિ જોવાથી તપ-સ્વિની આશ્ચર્ય પામી અને આખ્યો બધ કરી પ્રભુનું સ્મરણ કરવા લાગી. બાદ થોડીવારે આંખ્યો ઉઘાડી મુખથી પ્રભુ નામનો ઉચ્ચાર કરતી તપસ્વિનીદેવી ઉભી થઇ ને હાથમાં કમંડળ પકડી ખભાપર એક બીજી કથા લઇ ગગામાં સ્નાન કરવા ચાલતી થઇ.

પ્રકરણ ૭ મું.

ભદ્રેશનું ભાગવત.

સ્વાર્થિ સ્વાર્થને સાધવા, કરે ફરેબ અપાર;
મધમાખી સમ તાળિયા મિત્ર જતા શું વાર ?

અમરાવતીનગરના મહારાજા વિરભદ્રના દરબારમાં નરેન્દ્રનાથ કરી બુદ્ધિશાળી દિવાન હતો. તેની પ્રમાણિકતાથી તેને રાજ્ય તરફથી ઘણીજ જમીન મળેલી હતી તેથી તે આખા રાજ્યમાં મોટો જમીનદાર કહેવાતો. નરેન્દ્રનાથ સાધારણ ભણ્યો હતો છતા બુદ્ધિબળે દિવાન પદે પહોંચવાને ભાગ્યશાળી થયો હતો. મહારાજા વિરભદ્ર દરેક કાર્યમાં તેની સલાહ લેતા અને તેની સલાહ પ્રમાણે ચાલતા. પોતાની કારકિર્દીમા નરેન્દ્રનાથે ઘણુ દ્રવ્ય સંપાદન કર્યુ હતું. રાજા અને પ્રજાના તેણે સારી રીતે મન જીતી લીધા હતા.

સંતાનમા તેને એક પુત્ર હતો. પુત્રની માતા પુત્રને બાલ્યાવસ્થામાંજ મુકી મરણને શરણ થઇ હતી. નરેન્દ્રનાથ સદાચરણીને એક પત્નિવૃત પાળનાર હોવાથી બીજીવાર લગ્ન કર્યુ નહોતુ. પત્નિના મરણ પછી તેમણે પુત્રને એક પુષ્પની માફક

સંભાળીને ઉછેરી મોટો કરવા લાગ્યા. તે પુત્રનું નામ ભદ્રેશ-કુમાર હતું.

પ્રિય પાઠકો ! જે ભદ્રેશને આપણે ગત પ્રકરણમાં સાધુના મંડળ સાથે ગુફામા બેઠેલો જોયો, તેજ ભદ્રેશ દિવાન નરેન્દ્ર-નાથનો પુત્ર હતો.

ભદ્રેશની નવ વર્ષની ઉમ્મર થતાં તેને ઉપવિતાદિ સંસ્કાર કરી વિદ્યાભ્યાસને માટે નિશાળે મુકવામા આવ્યો. પંદર વર્ષ પુરા થતાંમા તો તેણે ગુજરાતી ભાષાનું સારૂં જ્ઞાન સંપાદન કર્યું. ભદ્રેશ ચાલાક ને ભણવામાં ખંતીલો હોવાથી તેને પ્રતિવર્ષ સારાં સારાં ઇનામો મળતાં, તેમજ તેના ગુરૂ પણ તેના વિષે સારો અભિપ્રાય બાંધતા. વિદ્યાભ્યાસમાં બે વર્ષ વધારે વિત્યાં એટલામા તો તેણે થોડુંક સંસ્કૃતનું જ્ઞાન પણ મેળવી લીધું.

ભદ્રેશ ! જે શાળામાં વિદ્યાભ્યાસ કરતો હતો તેજ શાળામા તેને કપટસેન અને વરૂણસિંહ નામના મિત્રોનો સહવાસ થયો તે બંને જણા ઉછ્રંખલ, સ્વાર્થી ને વિદ્યાથી કંટાળનાર હતા તેમનાં માબાપ તેઓને નહાની અવસ્થામાં મુકીને મૃત્યુને આધિન થયાં હતાં. તેથી તેઓ અનાથાશ્રમમા ઉછરીને મ્હોટા થયા હતા. જીવ્હા સ્વાદને લીધે તેઓ નાનપણથીજ પૈ પૈસાની ચોરી કરતાં શીખ્યા હતા. જેમ જેમ તેઓ ઉમ્મરે મોટા થતા ગયા તેમ તેમ તેઓ લોકોનાં છોકરાને સમજાવી ફોસલાવી તથા ન આપે તો છેવટે તેમના ગજવામાંથી ચોરી લઇ તેમનો જીવ્હા સ્વાદ ખાવાનુ ખાઇ પુરો કરતા. "સોબતે અસર" તેમજ "कुसंगात्संग दोषेण काष्ट घंटा विटम्बना" એ અનુસાર

ભદ્રેશ પણ તેઓની સોબતને લીધે અભ્યાસમાં ઓછું લક્ષ આપવા લાગ્યો; અને છેવટે નિશાળે નહિ જતાં તેઓની સાથે બહાર ભટકવા શીખ્યો. બહાર ફરવાની ટેવથી ભદ્રેશ ધીમે ધીમે નીચ આચરણો આચરતાં તથા જાત જાતનાં ખાનપાનાદિ ખાતાં પીતાં શીખ્યો. ભદ્રેશ ઘેરથી નિશાળનુ નામ દઇ નિશાળે નહિ જતાં બહાર ભટકે છે એવી વાતની નરેન્દ્રનાથને ખબર પડતાં તે ઘણા ગુસ્સે થઇ ગયા. બાદ જ્યારે ભદ્રેશ ઘેર આવ્યો ત્યારે તેને શિખામણ દઇ તેને જે અમુક પૈસા વાપરવા આપતા તે આપવા બંધ કર્યા; છતાં પણ ભદ્રેશ સુધર્યો નહિ. થોડા દિવસમા તો તે ત્રણે મિત્રોએ શાળાને છેલ્લી સલામ કરી દીધી

પિતા તરફથી વાપરવા મળતા પૈસા બ ધ થવાથી મિત્રોની શીખવણીથી ભદ્રેશ ઘરમાં ધાપ મારતાં શીખ્યો. કોઈ વખત પિતાની શિલીકમાંથી તો કોઇ વખતે રોકડનાણું બ દોબસ્તમા હોવાથી દાગીના ઉપર હાથ મારવા લાગ્યો. નરેન્દ્રનાથ જ્યારે દરબારમાં જાય ત્યારે તે તકનો લાભ લઇ, ખીલા અગર લોઢાના સળીયાના સાધનથી પટારાનાં તાળા ખુલ્લા કરતો, ને તેમાંના દાગીનામાંથી પિતાની જાણમા આવે નહિ એવી રીતે સોનાની ઘુઘરીયોવાળા દાગીનામાંથી ઘુઘરીયોનાં ઝુમખાં તોડી લેતો તથા નકકુર દાગીનામાંથી સોનુ કાપી લેતો. બાદ બરાબર જણસો પટારામાં ગોઠવી તાળું બ ધ કરી લીધેલો માલ લઇ બહાર જતો ને લઇ ગયેલો સર્વ માલ મિત્રોને સ્વાધિન કરતો. સ્વાર્થી મિત્રો બજારમાં જઇ તેનાં નાણાં કરતા ને તે નાણામાંથી અરધાં પોતાની પાસે રાખી બાકીનાં તેને આપી તેની સાથે

મોજશોખ ઉડાવતા. પુત્રના નીચ આચરણો નરેન્દ્રનાથના જાણુ-વામાં આવતાં તેમને અત્યંત ઉદ્વેગ થવા લાગ્યો.

નરેન્દ્રનાથે ભદ્રેશનું લગ્ન તેની દશેક વર્ષની ઉમ્મરે એક સુજ્ઞ કુટુંબની શાણીને સદ્દગુણી કન્યા સાથે કરેલું હતુ. ભદ્રેશની ઉમ્મર અઢાર વર્ષની થઈ હતી. સુશીલા ભાર્યા ભારતી પતિગ્રહે આવી વસી હતી. સદ્દગુણી કન્યા ભારતીમાં તેના નામ પ્રમાણે ગુણો હતા. તે આજકાલની સુધરેલી સ્ત્રીઓની માફક ટાપટીપ તથા દમામભેર રહેવાને બદલે સાદાઇથી રહેવાનુ વધારે પસંદ કરતી. ભારતી ટાપટીપ અને ફેશનને ધિક્કારતી તેમજ ફેશન-વાળાં દમામદાર બાનુઓના સહવાસથી તે દૂર રહેવાનો પ્રયત્ન કરતી. નરેન્દ્રનાથ પાસે ઘણુ જ દ્રવ્ય હતુ, નોકર ચાકરો કામ-કાજ કરવાને તૈયાર રહેતા છતા ભારતી રાત્રિના ચાર વાગે જાગ્રત થઇ નોકર ચાકરોને જગાડી ગ્રહનુ કાર્ય કરાવતી હતી. તેથી નોકરો ચંચળને ચાલાક બનતા ગયા. રસોઇ કરનાર રસો-ઇયો હોવા છતાં ભારતી સસરા તથા સ્વામીને માટે સ્વહસ્તેજ રસોઈ બનાવતી હતી. પવિત્ર પુત્ર વધુના કાર્યોથી સંતુષ્ટ થતા નરેન્દ્રનાથ, આશા બાંધવા લાગ્યા કે અવશ્ય મારો ભદ્રેશ ભાર-તીના સહવાસથી સુધરશે

ભદ્રેશ જો કે નીચ મિત્રોના સહવાસથી બગડયો હતો છતાં તેનુ હૃદય અત્યંત કોમળ અને ભોળું હતુ. ભારતી પ્રત્યે તે સમયે તેનો અથાગ પ્રેમ હતો. પત્નિને સાદી રીતે રહેતી જોઈ ભદ્રેશ ભારતીને સારી રીતે પહેરી ઓઢી ફરવાની સૂચના કરતો. વિનયવતી બાળા સ્વામીના વાતને ધ્યાન પૂર્વક સાંભળી છેવટે સ્નેહ ભર્યાં વચનોથી દ્રષ્ટાંતો આપી ફેશનનુ ખંડન કરતી.

પિતાની તરફથી વાપરવા મળતા પૈસા બંધ થવાથી અને ઘરમાં પણ હાથ મારવાનું નહિ ફાવવાથી નાણાં વિના ભદ્રેશને કંઇ ચેન પડવા માંડયુ નહિ. ગમે તે પ્રકારે નાણાં મેળવી ભાર્યા સાથે આનંદ કરવો, એ વિચાર ભદ્રેશ રાત્રિ દિવસ કર્યા કરતો. દ્રવ્ય કયાંથી મેળવવું ? એ વિચારમાં નહિ ફાવવાથી આખરે તેણે પોતાના મિત્રો કપટ તથા વરૂણની સલાહ લેવાનુ વ્યાજબી ધાર્યું. તેથી એક દિવસે સાંજના ભદ્રેશ મિત્રોને મળવા પગે ચાલતો બગીચા તરફ ચાલ્યો. કારણ કે કામધંધા વિનાના તે મિત્રો બગીચામાં બેસી રહેતા હતા. એવું ભદ્રેશ સારી રીતે જાણતો હતો. બગીચા તરફ જવાને નીકળેલો ભદ્રેશ થોડીવારમાં બગીચામા આવી પહોંચ્યો તો તેના ધારવા મુજબ તેના મિત્રો બગીચામા બેઠા બેઠા ગપ્પા મારતા હતા. ભદ્રેશને જોતાંજ તેઓ આનંદ પામ્યા. બાદ એક બીજાનુ કુશળ પૂછી બગીચાના એકાંત ભાગ તરફ સર્વ ચાલવા લાગ્યા, ને મનને અનુકુળ લાગતી એકાંત જગા ખોળી એક વૃક્ષ નીચે પડેલી પાટલીપર ત્રણે મિત્રો બેઠા. વાર્તા વિનોદમા ભદ્રેશના નિરાશાજનક શબ્દો સાભળી ચતુર કપટ પૂછવા લાગ્યો. ભદ્રેશ ! આજે તમારૂ મનોહર વદન કમળ કરમાયેલુ કેમ લાગે છે ! અમે તો એમ સમજતા હતા કે ભાભીના આવ્યાથી ભાઇશ્રી અનહદ આનંદમા પડશે ને કદાચ આ રંક મિત્રોને ભુલી જશે, પણ આજે તેનાથી ઉલટું તમારા મુખપર આનંદને બદલે દિલગીરીની છાયા જોઇ અમને આશ્ચર્ય થાય છે. પ્રિય મિત્ર ! સત્ય હકીકત જણાવો, હૃદયની વાત મિત્રોને નહિ જણાવો તો કોને જણાવશો ?

મિત્રો ! મારા મર્મ ભાગમાં થતી ઉંડી ચિંતા તમને હુ શું જણાવું ? અફસોસ ! જ્યાં સુધી મારા પિતા હયાત છે ત્યાં સુધી આ ભદ્રેશને કદાપિ આનંદ મળનાર નથી. હા ! સ્વરૂપવાન સુંદરીનો મને સમાગમ થવાથી અત્યંત આનંદ થાય છે તે તમારૂં ધારવું સત્ય છે. પણ દ્રવ્યના અભાવે તે સઘળું સુખ વ્યર્થ છે. ભદ્રેશે હૃદયની વાત જણાવી.

અહાહા ! એમાં તે આટલા બધા ઉદાશ શાને બની જાઓ છો ! તમારે રૂપિયા જોઇએ છીએ એજ કે કાંઇ બીજુ ? ભદ્રેશ ! તમારે જેટલા રૂપિયાની જરૂર હશે તેનાથી પણ વધારે અપાવવાને અમે તૈયાર છીએ. વરૂણે રૂપિયા અપાવવાની હામ ભીડી કહ્યું.

પણ તે નાણાં લઇ મારે પાછાં આપવા કયાંથી ? મિત્રો ! તમે જાણો છો કે જ્યાં સુધી મારા બાપુ જીવે છે ત્યા સુધી મારે એક પૈસાની પણ આશા રાખવી નકામી છે. ભદ્રેશે નિરાશ થઇ જણાવ્યુ.

અરે તમને કોણ કહે છે કે હાલને હાલ પાછા આપજો. કપટે નિરાશ થતાને આશા આપી.

ત્યારે તમે શી ગોઠવણ કરવા ધારી છે ? ભદ્રેશે પૂછ્યું.

જુઓ સાભળો ! અમારી પડોશમાં એક પૈસાદાર માણસ રહે છે ને તે કાંધીયાના ઉપનામથી ઓળખાય છે માણસ ઘણોજ લાયક છે, તે દરેકની વાત ખાનગી રાખે છે ને શ્રીમતોના છોકરાઓને નાણા ધીરી તેમનાં દુઃખ કાપે છે. માટે આપણે તેની પાસેથી નાણા લેવાનો ગદ્દો મસ્ત કરીશુ ને રૂપિયા આપવાનો વાયદો બાપ મુવાનો કરીશું. બોલો મિત્ર ! પછી છે કાંઇ ફીકર ? કપટે કરવા ધારેલી ગોઠવણ કહી પૂછ્યું.

વાહવા! વાહવા! એથી ઉત્તમ શું! મિત્રો! જો એવી વ્યવસ્થા થશે તો સ્વર્ગ મારાથી ફક્ત બે આંગળજ દૂર રહેશે. વ્હાલા મિત્રો! ચાલો આપણે અત્યારે ને અત્યારે તે કાંધીયાના મકાને જઇ રૂપિયા લઇ આવીયે. ભદ્રેશે આનંદ પામી કહ્યું.

ભદ્રેશ! તમને કાંઇ બીજી ખબર છે? જુઓ સાંભળો! તમે તેની પાસેથી જેટલા રૂપિયા લેશો તેનાથી તેને તમારે બમણા લખી આપવા પડશે, અને વ્યાજ રૂપિયે બે ટાકડા લેખે લેશે, તેમજ પ્રથમ પાઘડીના ને કોથળી છોડયાના સેકડે દસ ટકા પ્રમાણે કાપી લેશે. કપટે કાધાયાના રીવાજથી ભદ્રેશને વાકેફગાર કર્યો.

અરે કપટસેન! એમા તે શુ છે? કદાપી આઠ ઘણા લખી આપવા પડે તોય શુ? વાયદો બાપ મુવાનો છે પછી શું ફીકર છે? ભદ્રેશે કહ્યુ.

તો જેવી તમારી મરજી! ચાલો ત્યારે આપણે તેને મકાને જઇયે. પણ પ્રિય મિત્ર! અમે જે આ ગોઠવણ કરી આપીએ છીએ તેને માટે અમને પણ કંઇક પાન સોપારી જેટલું મળશે તો ઉપકાર થશે. મિત્ર! અમે ગરીબ માણસ આપ જેવા શ્રીમંતના આશ્રયે રહી જીવનારાની આપ સંભાળ ના રાખો તો પછી અમારી શું દશા થાય એ અમે કહી શકતા નથી. વરૂણે ગરીબાઇ જણાવી કહ્યું.

કાંઇ ફીકર નહિ, ચાલો! કહી ભદ્રેશ ઉભો થયો ને મિત્રોની સાથે બગીચાની બહાર નીકળી કાંધીયાના મકાન તરફ ચાલવા લાગ્યો.

પ્રકરણ ૮ મું.

ભદ્રેશનું ભાગવત ને ધનશંકરની ધાપ.

જનો કાધીયા આપ ધનને વધારે,
ધીરી નાણું થોડું લખાવે વધારે;
ઉરે ખબ રાચે લહી પુંજી પને,
ખરે આખરે ખોટ નક્કી ખજાને

પૈસા પ્રાપ્ત કરવાને માટે આખી જીંદગી વૃથા ગુમાવી, અને લોકોને રડાવી, રીબાવી, બમણાં નાણા લખાવી ગરીબ જનોનાં ગળા રેસી કસાઇ તુલ્ય લોભી લાલચુ જનો, પાઇ પાઇ એકઠી કરી નાણુ વધારી પૈસાદાર થયા. છતા લોભી કાધીયાઓ સંતોષ પામતા નથી; તેથી તેઓ આખરે ઘણાજ હેરાન થાય છે. મૃત્યુ સમયે દારૂણ દુઃખ સહન કરી નરક સમાન વેદનાનો આ જન્મમાજ અનુભવ કરી મૃત્યુ પામે છે અને મૃત્યુ પામ્યા પછી નીચને ઘેર અવતાર ધારણ કરો કરેલા કર્મના ફળ ભોગવે છે. તેણે મેળવેલુ હરામનુ દ્રવ્ય ઝાઝો સમય રહેતુ નથી, મકાનમાં આગ લાગી ને કાતો ચોર ચોરી કરીને લઇ જાય છે. કદાપિ તેમ ન થાય તો તેના મરણબાદ તેને જો પુત્ર હોય તો, એ હરામના દ્રવ્યના પરિબળે દુરાચરણો થાય છે, ને તેના પિતાએ

પેદા કરેલું હરામનું ધન કુમાર્ગે વાપરી પુરૂં કરે છે. પૈસાના લોભીષ્ટ કસાઇનુ કાર્ય કરનાર કાંધીયાઓ આખરે ઘણુજ કષ્ટ સહન કરી નિર્વંશ મરે છે. માટે સર્વ મનુષ્યોએ સત્યધર્મથી દ્રવ્ય સપાદન કરવુ ને ઇશ્વર આપે તેમાંજ સતોષ માની કાળ નિર્ગમન કરનારનુ આખરે શુભ થાય છે.

કપટ તથા વરૂણુ ભદ્રેશને લઇ જે કાંધીયાને ત્યાં જતા હતા, તે કાધીયાનુ મકાન અમરાવતીના એક વસ્તીવાળા મહોલ્લામા આવેલુ હતુ. તે કાધીયાએ લોકોને રડાવી તેમજ ખરા ખોટા કરી ગરીબોને પાયમાલ કરી ઘણુ દ્રવ્ય એકઠુ કર્યું હતુ. તેની પાસે રોકડા પાચ લાખ રૂપિયા હતા પણ પાછળ વાપરનાર કોઇ હતુ નહિ.

કાધીયાને ત્યાં જવા નિકળેલા ત્રણે મિત્રો થોડા સમયમાં તેના મકાને આવી પહોચ્યા.

આ સમયે તે કાધીગો તેના મકાનના ચોગાનમાં ફરતો હતો એવામા તેની દૃષ્ટિ આવતા ત્રણે મિત્રો પર પડી. ચતુર કાધીગો તેઓને આવતા જોઇ ચેતી ગયો. કપટ અને વરૂણને તો તે સારી રીતે ઓળખતો હતો, ને કોઇ માલદારના પુત્રને નાણા જોઇતા હોય તો આપીશુ એમ તેમને સુચવેલુ હતુ. લોભી કાધીયો કપટ તથા વરૂણની સાથે આવતા ભદ્રેશને ધારી ધારી જોવા લાગ્યો; અને આખરે ભદ્રેશને ઓળખી સારો શિકાર હાથ લાગવાથી આનદ પામી, પધારો પધારો, કહી સામો લેવા દોડયો. બાદ ત્રણે જણાને આદરસત્કાર પુર્વક મકાનમા લઇ જઇ માનપુર્વક ગાદી ઉપર બેસાડી નોકરને પાન સોપારી લાવવાની

આજ્ઞા કરી અને ત્રણે જણાને આવવાનું કારણ પૂછવા લાગ્યો.

કપટસેને પ્રથમ ભદ્રેશની ઓળખાણ કરાવી બાદ સર્વ વાત તેને જણાવી. કપટની વાત ધ્યાનપુર્વક સાંભળી થોડીકવાર કંઇક વિચાર ગોઠવી લોભી કાધીયો હસ્તે વદને ભદ્રેશની સામે જોઇ પૂછવા લાગ્યો. ભદ્રેશ શેઠ! હાલ આપને કેટલા રૂપિયાની જરૂર છે?

વિસહજાર રૂપિયાની, ભદ્રેશે ભભકાથી જવાબ આપ્યો.

ભદ્રેશનો જવાબ સાભળી કાધીયો હબકી ગયો, પણ પુનઃ પાછો કંઇક વિચાર કરી ઉભો થયો ને પારોની તીજોરી ખોલી રૂપિયા વિસહજારની ગીનીયોની થેલી બહાર કાઢી ભદ્રેશની પાસે મુકી. બાદ તુર્તજ તૈયાર સ્ટેપના કાગળપર કાંધીયાએ સાઠ હજાર રૂપિયાનુ ખત લખાવી લીધુ; ત્યાર પછી વ્યાજ પાઘડી ને કોથળી છોડામણનાં નાણા પણ તેજ સમયે એમાથી કાપી લીધાં. સર્વ કામ પુરૂં કરી સર્વેને પાન સોપારી આપી આડી અવળી વાતો કરી થોડીવારે સર્વને વિદાય કર્યો.

રૂપિયા મળતા ભદ્રેશને અત્યાનદ થયો ને તે આનદના આવેશમા તેણે તેજ સમયે કપટ અને વરૂણને ગીનીયોની થેલી-મ થી ગીનીગો કાઢી દરેકને દશ દશ ગીનીયો બક્ષિસ આપી દીધી.

મિત્રોની પ્રમ સાથી કુલાતો ભદ્રેશ આખરે તેઓની રજા લઇ રાત્રિના દશવાગે મકાને આવ્યો. ગીનીયોની થેલીને ચુપકીથી કબાટમા મુકી, જમી કરી દિવાનખાનામા આવી પ્રિયાની સાથે પ્રેમાલાપ કરવા લાગ્યો.

થોડા દિવસ સુધી તો ભદ્રેશ રૂપિયાના તાનમાં મસ્તાન

થઇ ભારતી સાથે ઘણાજ આનંદથી કાળ નિર્ગમન કરવા લાગ્યો. તે વારંવાર મિત્રોને મળતો ને તેમની સાથે ફરવા જઇ ઘણુંજ દ્રવ્ય વાપરતો. કપટ વરૂણને પણ તેની સાથે ફરવા હરવામાં ઘણોજ આનંદ પડતો.

કપટ તથા વરૂણના અત્યંત સહવાસથી ભદ્રેશ આખરે દારૂ પીતાં શીખ્યો, સ્વાર્થાંધ દુષ્ટ મિત્રોએ તેના પૈસાનું પાણી કરી પોતાનાં ખીસ્સાં ભરવા ભદ્રેશને એ નીચ રસ્તે ચડાવ્યો. મદિરાનો પુજારી થતાં ભદ્રેશ કંઇક ઓરજ ભાસવા લાગ્યો. થોડા દિવસમા તો મદિરાને યથેચ્છ ન્યાય મળવા મંડયો કે તુરતજ તે નીચ મિત્રોએ ભદ્રેશને શોખની ખાતર સમજાવી દારૂના વફાદાર દોસ્ત જુગારનો પણ તાબડતોબ પરિચય કરાવી દીધો. ખરેખર જેવી સોબત એવી અસર. સુજનની સોબત શ્રેયકારી છે અને દુષ્ટોની મિત્રતા કષ્ટકારી છે.

શાર્દુલ વિક્રીડીત.

વારી બીંદુ પડયું રહે નવ ટકી. ઉના તપેલા પરે;
પત્રે હોય કમળ તણા તવ દિસે. મોતી સમું તે ખરે
સ્વાતીએ પડતા સમુદ્ર છીપમા, મોતી થઇ તે જગ;
આવે મધ્યમ નીચ ઉત્તમ ગુણો સબંધ જેવા થશે

એવી રીતે દુષ્ટ મિત્રોની સોબતે ભદ્રેશ ભ્રષ્ટ થઇ નિશાબાજ થયો, જુગાર રમતા શીખ્યો ને તેમા ઘણાજ પૈસાની પાયમાલી કરવા લાગ્યો. ખીસ્સાના ખાલી મિત્રો ભદ્રેશના બેભાનપણામાં પોતાનું ગજવુ ભરવાને ચુકતા નહિ. ધીમે ધીમે ભદ્રેશ બદલાતો ગયો ને આખરે જે ભારતીને પ્રાણ સમાન ચહાતો હતો. તે

ક્ષિયળવતી ભારતીને પણ બોલાવવી બંધ કરી. અહા! જે ભદ્રેશ! ભારતીના સુખને સ્વર્ગે સમાન લેખતો હતો, અરે જેના પ્રેમમાં મસ્ત થઈ પ્રાણ સમાન ચાહી તેને વખાણતો હતો, હા, તેજ ભદ્રેશે આજે ઘણા દિવસ થયાં તે શુદ્ધ પ્રેમ ને તિલાં-જલી આપી છે, અને વ્યસન વશ થઈ કપટી મિત્રોની કુટિલ જાળમાં જકડાઇ તે ઘણાં દિવસ થયા સતી ભારતીને મળ્યો નથી.

પતિનાં દુષ્ટ આચરણોની જાણ થતાં તેમજ પ્રેમનુ છેદન થતું જોઇ પતિવ્રતા ભારતીનું મન ઘણુજ શોકાતુર રહેવા લાગ્યું. જેમ તેમ વ્યાકુળ મનને શાન્ત કરતી તે ગુણિયલ બાળા "ઈશ્વર પર શ્રદ્ધા રાખી" દિવસ નિર્ગમન કરવા લાગી. સ્વામિને સદુપદેશ આપી સમજાવીશ, મારા નાથ ભોળા છે, જરૂર તે મારૂ માની સુધરશે ને દુષ્ટોનો ત્યાગ કરી નીતિને પથે ચઢશે. એવી આશાઓ બાંધતી સતી ભારતી સ્વામિના વિરહનું કષ્ટ સહન કરતી પતિ ક્યારે આવશે એમ વિચારતી તે આતુર હૃદયે ભદ્રેશની રાહ જોતી હતી.

ભદ્રેશ ચાર દિવસ થયા છતાં મકાને ગયો નથી તેનુ કારણ એ કે ભોળો ભદ્રેશ લંપટ મિત્રોની એક નવીન જાળમા સપડાઇ અત્યારે નવીન રંગ રાગમા મશગુલ થયો છે. તે નવીન આનંદનુ સ્થાન "મધુમુખી" નામની ગુણકાને ત્યા થયુ હતુ. દારૂડીયા ભદ્રેશને મધુમુખીના મોહપાશમા ફસાવી કપટકળા નિપુણ કપટ અને વરૂણ તેના પૈસાનુ પાણી કરતા હતા.

મધુમુખી દક્ષિણ દેશની રહેવાશી હતી, દેખાવમા તે ઘણીજ ખુબ સુરત હતી ને તેની સાથે નાચ ગાયનમા પણ

ઉસ્તાદ હતી. અમરાવતી નગરની પાદરે આવેલા એક સુંદર મકાનમાં તે રહેતી હતી. તેની સેવામાં દાસ દાસીએ હાજર રહેતાં હતાં. મધુમુખી જ્યારે શરીરપર શૃંગાર ધારણ કરી તેના મકાનના ખુલ્લા જરૂખામાં બેસતી, ત્યારે તેને જોતાંજ કેટલાક પતંગીયા રૂપી લપટ યુવાનો તેનાપર મરી ફીટતા, ને તેની ઉપરની ખુબ સુરતીથી દિવાના બની તેના મકાનમાં દાખલ થઇ તેના પ્રેમને માટે એક ગુલામની માફક કરગરતા, ને આખરે તે પાપના પુતળાંઓએ ઝેરી નાગણીના વિષ સમાન પ્યારમાં અંધ થઇ તેમનાં તન, મન અને ધનનો નાશ કરી બુરી હાલતે ભીખ માગતા રખડતા.

મધુમુખીના મકાને સારા સારા માણસો આવતા હતા. રાજાના નાયબ દિવાન "વૈરિસિંહ" તરફથી તો તેને પ્રતિમાસે સારો પગાર મળતો હતો. નાયબ દિવાન વૈરિસિંહ તથા સેના-પતિનો પુત્ર "અજીતસિંહ" હમેશાં મધુમુખીને ત્યાં આવી આનંદ કરતા.

મધુમુખીને પોતાના હાથમાં રાખવાથી આગળ ઉપર ઘણોજ લાભ થશે એમ ધારીને કપટ તથા વરૂણે પ્રથમથીજ મધુમુખીની સાથે પોતાનો પરિચય પાડી સર્વ વાતથી જાણીતી કરી દીધી હતી ને તેને જે મળે તેમાથી ત્રીજો હીસ્સો તેમને મળે એવી ગોઠવણ પણ તેની સાથે કરી દીધી હતી. ત્યાર બાદ ધીમે ધીમે તેઓએ ભદ્રેશને ત્યાં આવતો જતો કરી દીધો હતો.

ગુણકાના કૃતિમ પ્યાર ભર્યા વચનોથી તથા હાવ ભાવ સાથે ગાન, નાચ, મુજરા વગેરેથી થોડા દિવસમાં તો ભદ્રેશ

દિવાના સમાન બની ગયો; ને ઘણો સમય મધુમુખીને ત્યાંજ ગાળવા લાગ્યો.

દારૂના વ્યસનથી અને જુગાર સાથે ગુણકાના સહવાસથી ભદ્રેશને વારંવાર રૂપિયાની જરૂર પડતી પ્રથમ ઉપાડેલા વિસ હજાર રૂપિયા તો ક્યારનાએ ખલ્લાસ થઇ ગયા હતા. તેથી કાંધીયાને ત્યાંથી નવા નવા સ્ટાંપ લખી વારંવાર રૂપિયા ઉપાડવામાં આવતા હતા.

ભદ્રેશના સગા સંબધીયોના જાણવામાં ભદ્રેશની પાયમાલીની વાત આવતાં, તેઓ અનેક પ્રકારે ભદ્રેશને સમજાવી સુધારવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પણ શિખામણ દેનાર સગાં વ્હાલાનું ભદ્રેશ ખુલ્લું અપમાન કરી નાખતો, તેથી આખરે કંટાળી તેના પિતાસહ સર્વ સ્નેહિયોએ તેને શિખામણ દેવાનુ બધ કર્યુ પતિ પરાયણ ભારતી પણ સમય મળતાં ભદ્રેશને સદુપદેશ કરવાને ચુકતી નહિ. પત્નિનો હિત શીક્ષાથી ભદ્રેશનુ હૃદય પીંગળતુ ને તેથી તે સમયે ભદ્રેશ ભારતીની સમક્ષ પોતાના સર્વ પાપ કબુલ કરતો, ને હવે ફરીથી પાપકર્મ નહિ કરૂં એવી પ્રતિજ્ઞા કરતો. પણ પ્રાત:કાળે મિત્રોને મળતાં અને મધુમુખીનુ આનતાન સાભળતાં તેનું કબુલ કરેલું સર્વ હવામા ઉડી જતું

પુત્રનાં નીચ આચરણોથી નરેન્દ્રનાથને અત્યત ઉદ્વેગ થવા લાગ્યો. પુત્રને શિખામણ દેતાં તે સામો થઇ મને મારવા આવે છે, બાળપણમાં અત્યત લાડ લડાવી મોઢે ચઢાવવાનું મને આ ફળ મળે છે એમ તે નિરંતર મન સાથે પશ્ચાતાપ કરતા હતા, આથી તેમની તબીયત દિવસે દિવસે બગડવા લાગી. તેથી

સમય વિચારી તેમજ પુત્રનાં નીચ કાર્ય જાણી નરેન્દ્રનાથે સદ્‌ગુણી ભારતીના કલ્યાણને અર્થે આશરે એક લાખ રૂપિયાની કિંમતના કિંમતી દાગીના ભારતીને સ્વાધિન કરી દીધા, ને આની ઉપર ફક્ત તારોજ અધિકાર છે વગેરેનું ખત પત્ર કરી પોતાની સહી કરી તે પત્ર દાગીના સાથે ભારતીને સોંપી દીધો.

આવી રીતે જ્યારે નરેન્દ્રનાથ કાર્ય કરતા હતા. ત્યારે ભદ્રેશ મિત્રોના માનમાં, દારૂના બેભાનમાં ને મધુમુખીના ગાન તાનમાં ગુલતાન થઇ અઢળક દ્રવ્ય ખરચી યથેચ્છ વિહાર કરતો હતો.

આવી રીતે ભોળા ભદ્રેશનો પ્રથમ પ્રવાહ ચાલતો હતો એવામાં દૈવેચ્છાથી અચાનક નરેન્દ્રનાથનુ ભેદ ભરી રીતે મરણ થયું. કોઇ હરામખોરો રાત્રિને સમયે તેમને બેશુદ્ધ કરી ઉપાડી ગયા ને જંગલમાં લઇ જઈ તેમનું ખુન કર્યું કહેવામાં આવ્યુ. નરેન્દ્રનાથના શબનો પત્તો લાગ્યો નહિ પણ ઘણીજ શોધ કરતા જંગલમાથી તેમનાં લોહીથી ભીંજાયેલાં કપડાં મળી આવ્યાં. કપડાંની તપાસ થઇ આખરે નરેન્દ્રનાથનું ખુન થયુ એમ સિદ્ધ થયુ. ખુન કરનાર ખુનીયોનો પત્તો મેળવવા મહારાજા વિરભદ્ર તરફથી મોટાં મોટાં ઇનામો જાહેર થયાં. મોટા અમલદારોને સખ્ત હુકમ ફરમાવવામાં આવ્યા પણ તે ખુનીયોનો પત્તો મેળવવાને કોઇપણ શક્તિવાન થયા નહિ.

પિતાના મરણ સમાચાર સમયે ભદ્રેશ મકાને નહોતો. એતો તે સમયે મધુમુખીને ત્યાં આનંદથી નાચ મુજરા સાંભળતો હતો. એવા આનંદના અવસરમાંજ નરેન્દ્રનાથના મરણ સમાચાર

લઈ એક નોકર ત્યાં તેડવા આવ્યો. પિતાના મરણ સમાચાર સાભળતાજ પ્રથમ તો ભદ્રેશના મનમાં સખ્ત આઘાત થયો; ને તુર્તજ ત્યાંથી નીકળી નોકર સાથે મકાને આવ્યો. શુશિલા ભારતી સસરાના મરણ સમાચારથી બેફાટ રૂદન કરતી હતી. ભદ્રેશે મકાનમાં આવી ભારતીને આશ્વાસન આપી શાન્ત કરી સર્વ સગા સ્નેહિયોને તેડાવી સર્વ સાથે સ્નાન કરી લીધું.

આ સમયે નરેન્દ્રનાથનો એક દૂરનો સગો નામે "ધનશંકર" કરીને ત્યા આવ્યો હતો તે સર્વ કાર્ય કરતો હતો. પિતાની પાછળ યોગ્યતા મુજબ ખર્ચ કરવાની સુચના ધનશંકરને આપી ભદ્રેશ મકાનનો વહિવટ તપાસવા લાગ્યો. ખર્ચ કાર્યનો કારભારી ધનશંકર જોકે વયે વૃધ, ઉપરથી ઠરેલ સ્વભાવનો, ઝીણી આંખોના દેખાવનો, અને તિક્ષણ બુદ્ધિ સાથે સભ્યતા દર્શાવનાર વફાદાર માણસ જેવો જણાતો હતો. પણ અ દરખાનેથી તે ધનશંકર લુચ્ચાનો સરદાર હતો. ઘણા વખતથી નરેન્દ્રનાથનું લ્હેણુ ધનશંકર પાસે હતુ, પોતાનો સગો કોઇક દિવસ આપશે ધારીને નરેન્દ્રનાથે તેની પાસે પ્રથમથી ચોપડામા ખાતુ પડાવી લીધુ હતુ. ચોપડામા ખાતુ હતુ છતાં ભલા દિવાન નરેન્દ્રનાથ તેની પાસે કદાપિ ઉઘરાણી કરતા નહિ.

નરેન્દ્રનાથના મૃત્યુબાદ સઘળો કારભાર હાથમા આવવાથી એ પ્રપંચના પુતળા કારસ્થાની ધાપ મારૂ ધનિયાએ તેની પાસે લ્હેણા નીકળતા રૂપિયાનુ ખાતુ જે ચોપડામા પડાવ્યુ હતુ, તે ખાતુ ચોપડો ખોળી ભરપાઇ અર્થાત જમે ઉધાર સરખુ કરી નાંખ્યુ. ચાલાક ભારતી તે લુચ્ચાનાં સર્વ લક્ષણ જાણતી

હતી ને તેની પર વિશ્વાસ નહિ મુકવાને ભદ્રેશને વારંવાર ભલા-મણ કરતી હતી; પણ તેની વાતની દરકાર દ્રવ્યના મદમાં અંધ થયેલો ભદ્રેશ કરતો નહિ. ઉલટો તેતો, તે બાપમારૂ ધનિયાની સલાહનુસાર વર્તતો હતો. પોતાની યોગ્યતા મુજબ પિતાની પાછળ ખર્ચ કરી તેણે વાહવાહ કહેવરાવી. ભદ્રેશે કરેલા ખર્ચમાં પણ લુચ્ચા ધનીયાએ તેનાં ખીસ્સાં ભરવાનું બાકી રાખ્યું નહોતું. બાદ થોડા દિવસ ધનીયો ત્યાં રહી લેવાય એટલું દ્રવ્ય લઇ પોતાને ગામ પલાયન કરી ગયો. કારણ કે તેને દહેશત હતી કે ભદ્રેશનાં સબ ધીયો અવશ્ય મારો હિસાબ તપાસસે ને તેથી કરેલા ગોટાળાનો શું જવાબ આપીશ એમ વિચારતાજ તે ભદ્રેશની રજા માગી રાતોરાત પલાયન કરી ગયો હતો.

નરેન્દ્રનાથના તેરમાને દિવસે મહારાજા તરફથી નાયબ દિવાન વૈરિસિંહ ભદ્રેશને પાઘડી બધાવી શેક મુકાવવા આવ્યો હતો. મહારાજા વિરભદ્રનો વિચાર ભદ્રેશને તેના પિતાના પદપર નિમવાનો હતો પણ ભદ્રેશનાં નીચ આચરણોની તેમને જાણ થતાં ભદ્રેશને દિવાનપદ નહિ આપતાં નાયબદિવાન વૈરિસિંહને દિવાનપદ પર નિમ્યો હતો.

પિતાના મરણ પછી સર્વ દ્રવ્ય હાથ આવ્યાથી ભદ્રેશે પ્રથમ તો કાધીયાનું દેવું ચુકાવી દીધુ. ત્યાર બાદ મિત્રોને સાથે રાખી મન ગમતી મોજ માણવા લાગ્યો ને મધુમુખીને ત્યાંજ પડયો પાથર્યો રહેવા લાગ્યો. એવામા તેને મધુમુખીને ત્યાં આવતા નવા દિવાન વૈરિસિંહ અને સેનાપતિના પુત્ર અજીત-સિંહ સાથે ઘાડો પ્રેમ બંધાયો. સેનાપતિના પુત્ર તેમજ

રાજ્યના દિવાનની મિત્રતા થતાં મુર્ખ ભદ્રેશ આકાશ કુસુમવત વિચારો કરવા લાગ્યો. વ્હાલા મિત્રો કપટસેન તથા વરૂણસિંહને તો તેણે ક્યારનાયે વૈરિસિંહને કહી રાજ્યમાં સારા દરજ્જાપર નોકરીએ ચઢાવી દીધા હતા, ને પોતાની તરફથી પણ પ્રતિમાસે રૂપિયા પચાસના પગારથી તેઓને ખાસ પોતાના સલાહકાર નિમ્યા હતા. ભદ્રેશ હમેશા તેઓના કહ્યા મુજબ વર્તતો હતો ને તેથી સહેલસપાટામા અનહદ દ્રવ્યનો ગેર ઉપયોગ કરવા લાગ્યો એનું પરિણામ એ આવ્યુ કે થોડા દિવસમાં નરેન્દ્રનાથની સંપાદન કરેલી ઘણીજ રોકડ મિલ્કતનુ તળીયું દેખાયુ. વફાદાર મુનિમે ભદ્રેશની આંખ્યો ઉઘાડી ને ઉડાઉ ખર્ચ બધ કરવાની વિનતી કરી, પણ ભદ્રેશે તેની વિનતીની કાંઇ પણ દરકાર કરી નહિ. આથી તે વફાદાર મુનિમ વિઠ્ઠલરાયે પોતાનો મોભો જાળવવા ભદ્રેશને છેલ્લીવાર શિખામણ દઇ છેવટની રજા લઇ લીધી. સતી ભારતી પણ સ્વામિને કઇ કહી શકતી નહિ કારણ કે નિશાબાજ પતિને સદુપદેશ કરતા ત સતીનારી વારવાર તે કુટિલના ક્રોધની ભોગ થઈ પડતી, આથી નશીબપર આધાર રાખી સતી ભારતી શોકાતુર હૃદયે મૌનતાથી જે થાય તે જોયા કરતી હતી.

ભદ્રેશના: ચારે દોસ્તદારો દુષ્ટ, પરદારા લપટ, સ્વાર્થીને સમય આવે ખુન પણ કરી નાખવાને ચુકે નહિ એવા હતા નોકરીમા પેટપુર પગાર મળવા છતા કપટ અને વરૂણનો ધધો. શ્રીમતોના પુત્રોને પોતાના દમામમાં આણી તેમના મિત્ર થઇ તેમને અનિતીને પથે ચઢાવી પૈસાનું પાણી કરવાનો હતો.

તેઓ હમેશાં મધપુડાની માંખ્યો માફક પૈસાદાર મિત્રોને વળગી રહેતા ને આખરે છળકપટથી તેમના પૈસાની પાયમાલી કરાવી, જેમ મધમાંખો ખાલી થયેલા મધપુડાનો ત્યાગ કરે છે, તેમ તેઓ ખાલી થયેલા મિત્રોને તજી દેતા ને નવા મિત્રની ખોળ કરતા તેઓ ભભકાદાર પોશાક પહેરી, બાલને સુગંધીદાર તેલથી શણુગારી ટાપટીપ કરી ફાંકડા થઇ ફરતા ને નગરની સારા ઘરની સ્રીયોને મોહપાસમાં અજાવી, મોટી મોટી લાલચોથી લલચાવી તેમના પંજામાં ફસાવી ભલી અબળાઓનુ સર્વસ્વ નાશ કરતા કદાચ કોઇ કુળવાન બાળા તેમના સપાટામાથી નીકળી જવાનો પ્રયત્ન કરતી તો તે દુષ્ટો તેને ગમે તે યુક્તિ પ્રયુક્તિથી પકડતા ને તેના દરદાગીના ઉતારી લઇ તેને મારી નાખતા ને તેના મુડદાને તેઓ એવી તો અજબ જગાએ છુપાવતા કે વર્ષોના વર્ષો કોઇ તપાસ કરે પણ તેનો પત્તો ન મળે. વૈરિસિંહ દિવાન અને સેનાપતિનો પુત્ર અજીતસિંહ પણ પ્રપંચમાં પુરા હતા બને રાજ્યલોભી હતા. અજીતસિંહ બળવાન, મજબુત બાંધાનો ને સામા માણુસને ભય ઉત્પન્ન કરે એવા દેખાવનો હતો, અને તે રાજાના ભાઇ સેનાપતિ ભુપતસિંહનો પુત્ર થતો હતો.

રાજ્યલોભી વૈરિસિંહ હાલમા તો અજીતને પક્ષમાં રાખી પ્રપંચ રચતો હતો, ને રાજ્યની ખટપટ તારેજ માટે છે એમ એને સમજાવતો હતો. ધીમે ધીમે અજીત પણ રાજ્યલોભી થયો. તેઓનુ સંકેત સ્થાન મધુમુખીને ત્યાં હતું. મધુમુખી પણ ઘણીજ ચાલાક ને પ્રપંચી હતી. તેનું કામ ભોળી બાળાઓને ફસાવવાનું અને શ્રીમતોના છટેલ છોકરાઓને આંખના

પલકારામાં આંજી તેમનું સર્વસ્વ હરણ કરી લેવાનું હતુ. તેથી આ ઉત્સાહ શુક્ષુકા એ લુચ્ચાઓના એક ઉત્તમ હથિયાર તરીકે વપરાતી હતી. દુષ્ટમંડળ પણ તેને ઘણાજ પ્યારથી ચાહતું હતું. આવી રીતે ભદ્રેશ નીચ મ ડળના સહવાસમાં સપડાયો હતો.

ગત પ્રકરણુમા વૈરિસિંહ સિવાય સર્વ મંડળ એક સાધુની સાથે ગુફામા વાત કરતુ આપણે વાંચી ગયા છીએ. પતિપ્રેમાળ ભારતીનુ ખૂન કરવા ભદ્રેશે કબુલ્યું અને એક અજાણ સાધુની સલાહથી વફાદાર સેનાપતિનો પુત્ર અજીતસિંહ રાજકુમાર શૈલેશનો તેમજ રાજ્ય કુટુંબનો ઘાત કરવા તૈયાર થયો. તે સઘળુ આપણે વાંચી ગયા હવે આગળ ઉપર શુ બનાવ બને છે તે અવલોકવાનુ બાકી રહ્યુ છે.

અહા! વિશ્વના વિશ્વપતીની ઘટમાળ કેવા પ્રકારે ચાલી રહી છે. તેનો પાર પામવાને કોઇ પણ શક્તિવાન નથી.

પ્રકરણ ૯ મું.

ગુરૂ આશ્રમ.

ગજલ.

નહિ કાળા નહિ ભગવા, નહિ ઝોળી નહિ કફની,
નહિ માળા નહિ તસ્બી, હમારો ભેખ ન્યારો છે;
હમારા શાસ્ત્ર છે જુદાં, હમારા મંત્ર છે જુદા
પ્રભુના પ્રેમની પોથી, હમારો વેદ ન્યારો છે
દયા શ્રદ્ધા ક્ષમા સેવા, હમારા મંત્ર એ ચારે,
ગજાવીશું ખુશે ખુશે, અહાલેક એ હમારો છે;
પ્રભુને રંગ રંગાઈ, ધર્યા છે કેશરી વાઘા,
ઝુકાવ્યું શિર તો મરવું, હમારા જંગ જુદા છે ન બા

વત્સ! શાન્ત થા, તારા અશ્રુ જોઇ મારૂં હૃદય દ્રવે છે.

આવી રીતનું આશ્વાસન આપનાર એક યોગેન્દ્ર વિંધ્યગિરિમાં આવેલા સુવર્ણ શિખરના એક સરોવર કિનારે ઉભા હતા તેમની સામે હાથ જોડી એક સુકુમાર યુવક આંખોમાંથી અશ્રુ વહેવરાવતો દયામણે મુખે ઉભો હતો તે દિવ્ય યોગેન્દ્ર તેને આશ્વાસન સુચક શબ્દો કહી શાન્ત કરવાનો પ્રયત્ન કરતા હતા.

પ્રભુ! ત્યારે શું આપ મારો ત્યાગ કરીને ચાલ્યા જશો! હા! પ્રભુ મારૂં શું થશે? પુનઃ હાથ જોડી ઉભેલો યુવાન દયા જનક ચહેરે કહેવા લાગ્યો.

વિશ્વેશ! તારૂં શુભ થશે. આ સંસારમાં તું જેટલો દુઃખી થયો છે. તેટલોજ બલકે તેનાથી વધારે તુ સુખી થશે. વિશ્વેશ! દુઃખ ધરીશ નહિ, હું જ્યાં જઇશ ત્યા પણ તારા શુભને માટે પ્રભુની પ્રાર્થના કરીશ. યોગીએ કહ્યું.

માતા પિતા વિનાના બાળકને દુષ્ટોના હાથમાંથી જીવન દાન અપાવી, છેવટે મોટો કરનાર મારા પાલક પ્રભુ! આપના જવાના શબ્દો શ્રવણ કરતાંજ આ હૃદય ચુર્ણ વિચુર્ણ થઈ જાય છે. સર્વ સંસાર અંધકારમય ભાસે છે. દયાળુ! આ તમારા બાળકને તજી ન જશો. આપના સિવાય મારૂં આ દુનિયામાં કોઇ નથી. પ્રભુ! મારા દુઃખમા આપના વિના દિલાસો કોણ દેશે? કહી વિશ્વેશ યોગીના ચરણમા પડી રડવા લાગ્યો.

મહાપરાણે હૃદયને શાન્ત કરી યોગેન્દ્ર પોતાના હસ્તથી વિશ્વેશને ઉભો કરી હૃદય સાથે દબાવી કહેવા લાગ્યા. વિશ્વેશ! તું નિર્ભય રહે, મનમા ઓછુ લાવી રડ નહિ. વિશ્વ નિયંતા પ્રભુ તારી પાસે છે, ને તેજ તારૂં રક્ષણ કરવા સમર્થ છે પુત્ર! દુઃખી થઇશ નહિ ને સમજજે કે આજથી તારૂં ભાગ્ય ચઢતુ છે. પ્રભુ ઇચ્છાથી તું થોડા સમયમા સુખનો ભોક્તા થઇશ, તેમજ તારા હૃદય સમુદ્રમા જે " વિશ્વપ્રભા " નો કંટક ખુંચી રહ્યો છે ને જેને તુ મરણને શરણ થયેલી માને છે તે તારી વિશ્વપ્રભા હાલ હયાત છે.

" શુ આ હૃદયનુ જીવન હજી જીવે છે? ? વિશ્વેશ આશ્ચર્ય પામી પૂછવા લાગ્યો "

" હા જીવે છે, ને તે તારાજ પ્રેમમા મસ્તાન થઇ તારૂંજ રટણ કરતી દુનિયામા પરોપકાર કરતી ફરે છે.

"ઓ મારા પ્રભુ! આપ આ શું વદો છો? હું સત્ય શ્રવણ કરૂં છું યા ભ્રમણામાં છું! દયાળુ! કહો! કહો! તે પ્રેમી વલ્લભાને હું ક્યારે મળવાને ભાગ્યશાળી થઇશ?

"વિશ્વેશ શાન્ત થા! હજી તારે ઘણાંજ મહાન કાર્ય કરવાનાં છે. તેમા તુ આખરે યશસ્વિ થઇશ ને ત્યાર પછી વિશ્વપ્રભાને મળવા ભાગ્યશાળી થઇશ.

"મારી વિશ્વપ્રભા હાલ ક્યાં નિવાસ કરે છે?

"તે જણાવવાને હાલ હું લાચાર છું. વિશ્વેશ! હૃદયે શાન્તિ ધરી પુરષાર્થ કરી વિજયવાન થા. તેમજ જોતું વિશ્વપ્રભાને મેળવવા પ્રયત્ન કરીશ તો તે તારા પ્રયત્નનુ ફળ વિશ્વપ્રભા અવશ્ય તને મળશે. કુમાર હવે હુ જાઉ છુ.

"ઉભા રહો, મારા પ્રભુ એક ક્ષણ કૃપા કરી ઉભા રહો ને મારે હવે શું કરવુ તે જણાવો?

"તું મારા અહિંથી ગયા પછી અમરાવતી નગર તરફ જજે

"ત્યાં ગયા પછી શુ કરવું?"

"તારી બુદ્ધિનુસાર વર્તજે; પણ આટલું ખાસ કરીને યાદ રાખજે કે "સત્ય દયા, ને ધર્મનો ત્યાગ કરીશ નહિ, પરોપકાર કરતાં મરવુ પડે તો મરજે ને નિર્બળનુ રક્ષણ કરજે. વિશ્વેશ! અવશ્ય તું અમરાવતી જજે ને ત્યાં એક ભદ્રેશ નામનો ભોળા હૃદયનો શ્રીમન્ત પુત્ર દુષ્ટોના સકુંજામાં સપડાયો છે, તેનુ દુષ્ટોથી રક્ષણ કરજે. યોગીએ વિશેષ સૂચના કરી.

બહુ સારૂં! પ્રભુ હુ આપની આજ્ઞાનુસાર ત્યાં જઇશ ને ઇષ્ટ સહાયથી તેનુ રક્ષણ કરીશ. પણ પ્રભુ! હું કોણ! મારાં માતા પિતા કોણ! તેની મને ખબર નથી? વિશ્વેશ આટલું કહી

ઢ્યામણે મુખે મહાત્માની સામે જોઇ રહ્યા.

પવિત્ર કુમાર! તારાં માતા પિતા કોણ છે તે તમે સમય આવે ખબર પડશે. હાલમાં તો તારે ફક્ત એટલુંજ જાણવું જરૂરનું છે કે માતા પિતા ફક્ત શ્રીહરિજ છે. મનના કષ્ટથી અમુઝાતા કુમાર! લે, આ પ્રભુના સત્યપ્રસાદરૂપ માદળીયું, હું તારા વીર બાહુપર બાંધુ છું તે તને આખર ઉપર ઘણુ જ ઉપયોગી થઈ પડશે. અને તેના પ્રતાપથીજ તુ આખરે વિજયશાળી થઇશ તે હિંથ મહાત્માએ એક સુવર્ણનું માદળીયું વિશ્વેશના હાથે બાંધ્યું.

અસ્તુ! આપનો આશિર્વાદ સફળ થાઓ. પ્રભુ! પુનઃ આપનાં દર્શનનો લાભ ક્યારે મળશે? વિશ્વેશે નમન કરી પૂછ્યું.

વિશ્વેશ! સમય આવ્યે અવશ્ય હું તને મળીશ. પણ તે ક્યારે તે હુ હાલ તને કહી શકતો નથી. કુમાર હવે હું જાઉ છુ ને જતા જતા કહુ છુ કે દુઃખ આવતા ડરીશ નહિ ને સુખ મળતા અભિમાન ધરીશ નહિ.

દયાળુ! શુ આ દેહને હજી સંકટો ભોગવવાના બાકી છે? પુનઃ વિશ્વેશે પ્રશ્ન કર્યો.

વિશ્વેશ! આ તારો પ્રશ્ન નિરર્થક છે. આ સંસાર ચક્રમા સુખ દુઃખની ઘટમાળ ફર્યા કરે છે.

अचिन्तितानि दुःखानि यथैवायान्ति देहिनाम् ।
सुखान्यपि तथा मन्ये दैवम त्रातिरिच्यते ॥

हितोपदेश.

જેમ મનુષ્યોને અણધાર્યા સંકટો આવી પડે છે, તેમ સુખ પણ અણધાર્યુંજ આવી મળે છે માટે ધિરજથી સર્વ સહન કરવું ને હમેશા પ્રભુના ચરણ કમળમાંજ ચિત્તવૃત્તીને પ્રેરવી. દુઃખમા

ધિરજ, શત્રુને ક્ષમા, ચોરી કરવી નહિ, પવિત્રતા, ઇન્દ્રિયનિગ્રહ એટલે ઇંદ્રિયોને વશ રાખવી, સુબુદ્ધિ આત્મજ્ઞાનની વિદ્યા સંપાદન કરવી, સત્ય બોલવું, ને છળકપટથી હમેશાં દૂર રહેવું, અને કોઇનીપર વૃથા ક્રોધ કરવો નહિ વિશ્વેશ! આ ધર્મનાં દશ સિદ્ધાંતો જે કોઇ પાળશે તે જરૂર આ ભવસાગરમાંથી તરશે. તેમજ સુખ અને દુઃખ ફક્ત મનમાનાંજ કારણુ છે. દેહમાં રહેલા આત્માને કંઇજ નથી. કુમાર! જ્ઞાનચક્ષુથી જો, કે તારા આત્માને તારા દેહ સાથે કંઇ સંબંધ છે? નહિ. જેમ મનુષ્યના શરીરપરનો વસ્ત્રનો ડગલો જીર્ણ થાતો ફાટી જતાં ફેંકી દે છે ને નવો ડગલો ધારણ કરે છે. તેવીજ રીતે આ પંચમહાભૂતનો દેહ કૃતકર્મ પ્રમાણે સંસારમાના સુખ દુઃખ સહન કરી આખરે જીર્ણ થઇ પંચમહાભૂતને શરણ થઇ જાય છે. ને તેમાથી અમર, અગોચર દિવ્ય આત્મા ઉડી જાય છે ને નુતન દેહ ધારણ કરે છે માટે આ શરીરમા રહેલા આત્માને અમર માનો આ દેહપર પડતા દુખોથી ડરીશ નહિ. તારો દેહ પડશે પણ અમર આત્મા રહેશે. કારણ કે તે—

नैनं छिंदंति शस्त्राणि, नैनं दहति पावकः ।
न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुतः ॥
अछेद्योऽयमदाह्योऽयमक्लेद्याऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयंसनातनः ॥

श्रीमद्भगवद्गीता.

તે અમર આત્મા હથીયારોથી કાપી શકાતો નથી, અગ્નિથી બળી શકતો નથી, પાણીથી ભિંજાઇ શકતો નથી, અને વાયુ

તેને સુકાવી શકતો નથી: એવો તે વિકારવિહીન, નિત્ય, સર્વ વ્યાપક, સ્થિર, અચળ, અને સનાતન છે. એવા અનંત આનંદ-મય આત્માને ઓળખી તેને નમસ્કાર કર. કે જેથી સર્વેશ્વર તારાં કષ્ટો કાપી શાન્તિ આપશે. વિશ્વેશ ! તારૂ કલ્યાણ થાઓ હવે હું જાઉ છુ.

વિશ્વેશે મુસ્તક નીચું નમાવ્યુ, યોગીએ તેના માથે હાથ મુકી આશિશ વચન કહ્યું. ત્યારબાદ એકવાર આસપાસ દૃષ્ટિ કરી આકાશ સામું જોયુ ને ત્યાથી આગળ પ્રયાણ કરવા માડયું. પ્રયાણને માટે ઉપડતા મંદમંદ પગલા સાથે તે દિવ્ય યોગેન્દ્રના કંઠમાથી માગલિક મધુરૂ ગાન નિકળવા લાગ્યુ.

કવ્વાલી.

" મઝા છે ગાન મસ્તીમા, નથી દુનિયા નથી હુ તુ.
પ્રગટની સુખની ઘેનજ, નથી આનંદ વિણ બીજુ
ગન્યુ અદ્વૈત આનંદે, અલૌકિક દિવ્યતા ભાસે,
અલખ ચૈતન્યમય જ્યોતિ, કયા એ શબ્દથી કહેવી.

ગાન સાથે પગ આગળ ચાલતા હતા, પાછળ વિશ્વેશ પણ શીર નીચુ નમાવી મહાત્માના વચનામૃતનું પાન કરતો ધીમે પગલે ચાલતો હતો. વિશ્વેશ પાછળ આવે છે તેનુ ભાન યોગેન્દ્રને નહોતુ તે તો પ્રભુના ધ્યાનમા લીન થઈ તેનુ ગાન ગાતા ગાતા આગળ ગમન કરતા હતા.

જગતને શી નિશાની દઉં, પ્રભુના તેજની સાચી.
અરૂપી રૂપમા નાચે, કથાતુ શબ્દથી તેના.
અરે એ ધર્મ છે ન્યારો, અરે એ તેજ છે ન્યારૂ.
અરે એ રૂપ છે ન્યારૂ, અરૂપી થૈ અરૂપી સે.

સ્વરો ને વ્યંજનોથી તે, કરોડો મૈલ છે દૂરે;
મુસાફર શબ્દ શાસ્ત્રોનો, અનુભવ વિણુ જતો થાકી.
અહેલી ન્યાય કોટીએ, ઘણાએ વ્યાપ્તિના વાદો;
મુસાફર તર્કના થાકયા, નિરંજન માર્ગ છે જુદો.
વિવાદોના નથી ઝગડા, નથી જ્યાં ચિત્ત ચંચળતા;
જગતની દૃષ્ટિથી જુદું, અખંડાનન્દથી રસિયુ.

ગાનમાં લીનતા વ્યાપવા લાગી, મન આનંદમય બની ગયુ, દિવ્ય ગાનના તાનમા પોતે ચાલે છે એની પણ વિશુદ્ધિ જણાવા લાગી. આત્મા અલખ ચૈતન્યમા તદાકાર થયો હતો પણ ગાન તો ચાલુજ હતુ.

અચલ એ બ્રહ્મ છે તત્ત્વજ, નથી એ તેજની અવધિ,
પ્રભુ સર્વજ્ઞના શબ્દે, દિશા દેખાય છે તેની
અહા ! કોઇ પૂર્ણ મન્કરી, અહા કોઇ પૂર્ણ સત્કારી,
અનુભવથી લહે ઝાંખી, ચિદાનન્દી સ્વયં દેખે.
અહો જ્યા ઉંઘવુ જુદું, અહો જ્યા જાગવું જુદું,
અહો જ્યા જીવવુ જુદું, અહો જ્યા મૃત્યુ છે જુદું.
અહો એ જ્ઞાન મસ્તીમા, કરીને પાન અમૃતનું.
બુદ્ધબ્ધિ શુદ્ધ ઉપયોગે, અમર આનંદમય થાવું
મુનિશ્રી બુદ્ધિસાગરજી.

જય જય, સચ્ચિદાનંદ પ્રભુ જય ! ગાન પુરૂં થયુ, મહાત્માએ આનંદમય પ્રભુને પ્રણામ કર્યા ને પુનઃ પાછળ દ્રષ્ટિ કરી તો વિશ્વેશને શીર નીચુ નમાવી પાછળ ચાલતો જોયો. યોગેન્દ્ર ચમકયા ને બોલી ઉઠયા, વિશ્વેશ !

મારા પ્રભુ! બોલતાંજ વિશ્વેશ સજળ નયને મહાત્માના ચરણમાં ઢળી પડયો.

પ્રેમ વાત્સલ્યના ઉભરાઇ આવવાથી નીચે પડેલા વિશ્વેશને યોગીએ સ્વહસ્તે ઉભો કર્યો, અને તેના નિર્દોષ મુખ સામે જોઇ કહેવા લાગ્યા. વિશ્વેશ! શા માટે વૃથા શ્રમ વેઠી મારી પાછળ આવે છે! બાપુ તું અમરાવતી તરફ જા. તારા પાછળ આવવાથી મારૂં ધ્યાન ભંગ થાય છે. પ્રભુના ધ્યાનમા મગ્ન બનેલો હું તારૂં દયામણુ મુખ જોઇ ધ્યાન ભુલુ છુ, અને માયાને આધિન થઇ હૃદયમા દુઃખી થાઉ છુ. વિશ્વેશ તુ જા અને ફરીથી પાછળ આવીશ નહિ. આટલુ કહી તે દિવ્ય મહાત્મા મનને દ્રઢ કરી પુનઃ ત્યાથી ત્વરાએ ચાલવા લાગ્યા.

વિશ્વેશ સ્તબ્ધ થઇ ત્યાજ ઉભો રહ્યા ને ઝડપથી ચાલ્યા જતા યોગેન્દ્રને અનિમેષ દ્રષ્ટિથી જોવા લાગ્યો. જોત જોતામાં તે દિવ્ય મહાત્મા વિશ્વેશને અરણ્યમા એકલો મુકી ઘાડી ઝાડીમા અદ્રશ્ય થઇ ગયા.

મહાત્માની પાસે રહી મોટો થનાર વિશ્વેશને યોગીના અદ્રશ્ય થયાથી હૃદયમા સખ્ત આઘાત થયો. સર્વ શુન્યકાર ભાસવા લાગ્યું. વિશ્વપ્રભાના વિયોગો વિશ્વેશને મહાત્માના ગયાથી હૃદય ચીરાવા લાગ્યુ. યોગીને દ્રષ્ટિની બહાર ગયેલા જોઇ સ્તબ્ધ બનેલો વિશ્વેશ ચમકી બોલી ઉઠયો. હા, ગયા. આ ભવ સમુદ્રમાં આ કમભાગ્ય વિશ્વેશને મુકી યોગીરાજ ગયા. હા ગયા. કહેતાં કહેતાંમા સુકુમાર યુવાન ભાન ભુલી જમીનપર ઢળી પડયો.

પ્રકરણ ૧૦ મું.

પાપીના પાપી વિચાર અને નિર્દોષપર પિસ્તોલનો પ્રહાર.

પ્રીતિ ભર્યું જે લગ્ન છે, તે લગ્ન સાચું નામ છે
પ્રીતિ વિનાનું લગ્ન તે, નહી લગ્ન પણ બદનામ છે.
સુખમય બનાવે જીંદગી, જો લગ્ન પ્રીતિથી ભર્યું;
ઝેરી બને છે જીંદગી, જો લગ્ન પ્રીતિ વણ કર્યું

વાર્તાવારિધિ.

" પરનારી નર્કની બારી, અંતે છે કષ્ટ દેનારી
નિજનારી છે સુખકારી, તજો નર પરનારીની યારી "

પુણ્યશાળી પતિત પાવની પુષ્પભદ્રા સરિતાનો જ્યાં આગળ સાગર સાથે સંગમ થાય છે, ત્યાનો દેખાવ ઘણોજ મનોહર લાગે છે. સરિતાના કિનારાથી દૂર વિંધ્યગિરિની હારો જાણે મહાન ગજરાજ મસ્ત થઇને ન ઉભો હોય એમ ભાસ થતો હતો. આવા નંદન વન સમાન સ્થાનમા પુષ્પભદ્રાને કિનારે અમરાવતી નગર આવેલું હતું. નગરની આગળ નદી રૂપી વિશાળ ખાઇ અને પાછળ વિંધ્યગિરિની મજબુત હારો આવેલી હતી. અમરાવતીને કુદરતી રક્ષણ હોવાથી તેના રક્ષણને માટે

કિલ્લો બાંધેલો ન હતો છતાં કુદરતી કિલ્લાથી ઘેરાયેલું અમરાવતી નગર એ સમયે અજીત ગણાતું હતું. પ્રજા પુણ્યશાળી અને પૈસે ટકે સુખી હતી. મહારાજા વિરભદ્ર પ્રજાના શ્રેયમાંજ પોતાનુ શ્રેય સમજનારા હોવાથી પ્રજાને કોઇ પણ પ્રકારનું કષ્ટ નહોતુ. આવા સ્વર્ગસમાન અમરાવતી નગરની દક્ષિણ દિશાના માર્ગે તરફ જતા દૂર નિર્જન સ્થાનમાં એક ભવ્ય મહાલય બાંધેલું હતું. એ મહાલય મહારાજા વિરભદ્રે પોતાનો સેનાપતિ ભુપતસિંહ કે જે તેમનો પિત્રાઇ ભાઇ થતો હતો, તેના માટે અનગળ દ્રવ્ય ખરચીને બધાવેલું હતુ. તે મહાલય બંધાયા પછી સેનાપતિ ભુપતસિંહ ઝાઝો સમય એમા રહેવા પામ્યા નહોતા, કારણ કે દૈવવશાત દુષ્ટ દિવાન વૈરિસિંહે તેમનુ ખુન કર્યું હતુ.

સેનાપતિ ભુપતસિંહને અજીતસિંહ નામનો પુત્ર હતો, તે વિક્રાળ દેખાવનો બળવાન વીર ગણાતો હતો. ભુપતસિંહના મ્રત્યુ પછી તે પચીસ વર્ષની વયે પિતાના પદપર આવ્યો હતો બળવાન અજીતની ચારે તરફ વીરહાક વાગતી હતી. તેના નામથી શત્રુઓ થરથર કાંપતા હતા એવો બળવાન અજીત તેની પત્નિ નિર્મળા સાથે હાલ એ મહાલયમા રહેતો હતો.

મધ્ય નિશાનો સમય થયો છે, પશુ પક્ષીયો પણ નિદ્રાને ખોળે પડેલાં છે. કાળી ભમર જેવી ભયકર રાત્રિ સમસમ અવાજ કરતી વ્યતિત થતી હતી. એવા સમયે મહાલયના એક દેદિપ્યમાન દિવાનખાનામાં સેનાપતિ અજીતસિંહ કઇક મહાન તરગોમા ઝુલતો એક વિરામાસન પર પડેલો હતો. વિરામાસનની નજીક-

માંજ એક ગોળ ટેબલપર ભરેલી પિસ્તોલ અને તરવાર પડેલી હતી. વિચારવશ અજીત વિચારમાંને વિચારમાં વારે વારે ઉશ્કેરાયેલા જેવો જણાતો હતો, ને તેથી ગુસ્સાના આવેશથી વારે વારે ટેબલપર હાથનો પ્રહાર કરતો હતે. જ્યારે આવી રીતે અજીત ગુસ્સાના આવેશથી વિચારમાં વર્તતો હતો ત્યારે તેની પાસેના ખડમાં એક લાવણ્યવતી બાળા કે જેની ઉમ્મર ભાગ્યેજ બાવીસ વર્ષની હશે. એવી રૂપ ગુણ સંપન્ન સુંદરી ચુપ ચુપ ઉભી રહી અજીતના વિચારો સાંભળતી હતી ને તેના ક્લેશપર થતા નુતન પ્રકાર એક છીદ્રમાથી અવલોકતી હતી. છુપાઇને ઉભેલી બાળા સેનાપતિ અજીતસિંહુની ધર્મપત્નિ નિર્મળા હતી. નિર્મળા ખરેખર નિર્મળ મનની પતિવ્રતા બાળા હતી, સ્વામિના કલ્યાણ માંજ પોતાનુ કલ્યાણ સમાયેલુ છે એવુ એ સારી રીતે સમજતી હતી. નિર્મળા નોકર ચાકરોના નિંદ્રાધિન થયા પછી સ્વામિના દિવાનખાનામા અજીતની પાસે જતી હતી, પણ દૈવવશાત અજીતને વિચારવશ જોઈ તે ચમકી ને કોઇ દિવસ નહિ ને આજે સ્વામિ શું વિચાર કરે છે તે સાંભળવાને નિર્મળા પાસેના ખડમાં ગુપચુપ ભરાઇને ઉભી હતી.

મધ્યરાત્રિ થઈ છે, કોઇ જાગતુ નથી એમ ધારીનેજ અજીત દિવાનખાનામાં આવી કરવા ધારેલા કાર્યના વિચાર કરતો હતો ને નિર્મળાને નિંદ્રાને શરણે પડેલી ધારતો હતો. અજીત જેમ જેમ વિશેષ વિચાર કરતો ગયો તેમ તેમ તેના મનમા થતા વિચારો મુખથી બહાર નીકળવા લાગ્યા. વિચારમાં તે આખરે ઉશ્કેરાઇ ઉભો થઇ ટેબલપર હાથનો પ્રહાર કરી બોલી ઉઠયો

બસ, શૈલેશકુમારને નક્કિ કાલે મરણને શરણ થવુંજ પડશે, અને મણીપુરની રાજકન્યા દિવ્યપ્રભાને આ અજીત સાથે પરણવુજ પડશે. હા, મણીપુરની ગર્વઘેલી રાજકન્યા! તું મને ધિક્કારે છે પણ તેની સાથે યાદ રાખજે કે આ અજીતનેજ આખરે તારો ભર્તાર કબુલ કરવોજ પડશે. તારો માનીતો શૈલેશ કાલે આ પૃથ્વીપરથી સદાયને માટે વિદાયગીરી લેશે. હા, તપાસ કરાવતાં ખબર મળી છે કે શૈલેશ કાલે શિકારે જનાર છે. બસ, હવે કાલે ધારેલી ધારણા સિદ્ધ થશે ને આ હાથથી અમરાવતીનો ભવિષ્યમાં થનાર મહારાજા શૈલેશ જમીનદોસ્ત થશે. ત્યારબાદ યુક્તિ પ્રયુક્તિથી રાજા વિરભદ્રનો પણ અંત આવશે ને અમરાવતીની ગાદીએ આ અજીતસિંહ બિરાજશે. આટલુ બોલી અજીત પાછો કંઇક વિચારમાં પડયો.

છુપાઇને ઉભી રહેલી નિર્મળા અજીતના વાક્યો શ્રવણ કરી કંપવા લાગી, તેના શરીરમાંથી ભયની કંપારીઓ નીકળવા લાગી, તેના સુકોમળ મુખપર તિરસ્કારયુક્ત છાયાઓ જણાવા લાગી; ને આખરે તે મન સાથે બોલી ઉઠી. ઓહ! હાય! કેવા દુષ્ટ વિચાર! અરે એ પાલનકર્તાને મારવા વિચાર કરનાર પાપી અજીતકુમાર! હા! તમારા શુદ્ધ હૃદયમા અત્યારે આવા પાપી વિચાર ક્યાથી? હા! નિર્ભાગી નિર્મળા! તારો વફાદાર સ્વામિ! શુ નિમકહરામ નીકળશે? હા, એમજ જણાય છે. સ્વાર્થ આગળ વફાદારી ધુળમા મળશે અને અવશ્ય આ નિષ્ઠુર હૃદયના અજીતને હાથે મહાન્ ભયંકર કાર્યો થશે. આટલું બોલતાં બોલતાં નિર્મળા પુનઃ વિચારમાં પડી ગઇ, પણ પાછી

અજીતનો શબ્દ કાન પર પડતાં પુનઃ સાવધ થઈ સાંભળવા લાગી.

વિચાર ગોઠવી અજીત બોલવા લાગ્યો. સત્ય છે, યોગી-મહારાજ આપનાં વચન સત્ય છે, શૈલેશના પ્રાણ હવે આ હાથમાંજ છે. શૈલેશ દિવ્યપ્રભાને પરણશે એ સાંભળી આ હૃદયમાં આગ લાગી છે. શુ એ નાદાન છોકરો અમરાવતીનો રાજા અને દિવ્યપ્રભાનો સ્વામી થશે ? નહિ, નહિ, મારા માર્ગમાં નડતા એ કંટકને હું કચડી છુંદી નાખીશ. બસ એજ વિચાર, ઓ વફાદારી તું દૂર જા, દયા તુ આ દેહમાંથી નીકળી જા. ઓ ભયંકર કાળી રાત્રિ! તું આ અજીતને માટે તેનું કાર્ય કરતાં સુધી અંધકારવાળીજ રહેજે. હા.

શૈલેશ સંહારીશ તુને, દિવ્યપ્રભાને માટ;
રાજ્ય કરૂ આ નગ્રનુ, તું માટ સ્વર્ગની વાટ.
વિનાશ કરૂં વિરભદ્રનો, નિષ્કંટક કરૂ રાજ;
રહે પછી અવનિ વિષે, અજીતસિંહ મહારાજ.

આટલુ આવેશથી બોલી અજીત ચુપ થયો, ને તેની સાથેજ કોઇએ અટ્ટાહાષ્ય કર્યું. હસવાનો અવાજ સાંભળતાંજ અજીત ચમકયો ને આંખ્યો ફાડી આસપાસ જોવા લાગ્યો પણ તેને કોઈ જણાયુ નહિ. તેથી મનની ભ્રમણા કલ્પી કરવા ધારેલા કાર્યને માટે જવાની તૈયારી કરવા લાગ્યો. છુપાઇ રહેલી નિર્મળા પણ તે હસવાનો અવાજ સાભળી ચમકી ને ચારે તરફ જોવા લાગી પણ તેનેય કાંઈ જણાયુ નહિ. જવાને તૈયાર થયેલો અજીત ટેબલપર પડેલી તરવારને હાથમાં પકડી ખુલ્લી કરી બોલવા લાગ્યો. માર્ગમાં નડતા કંટકનો નાશ કરનારી સમર્થ

સમશેર! અજીતના દરેક કાર્યમાં મદદગાર થનારી સમશેર! ચાલ તૈયાર થા ને મારા શત્રુનું રક્ત પીવા મારી સાથે ચાલ; કહી અજીતે ખુલ્લી તરવારને મ્યાન કરી કમ્મરે લટકાવી દીધી. ખીંટીપર લટકતો કાળો ઝભ્ભો બદનપર ઓઢી લીધો. કાળો ઝભ્ભો ધારણ કરવાથી અજીત ભયંકર રાક્ષસ સમાન જણાવા લાગ્યો. પુનઃ અજીત એકવાર આસપાસ દ્રષ્ટિ કરી જોવા લાગ્યો ને આખરે મહેલની સીડી તરફ ચાલ્યો.

તેને જતો અટકાવવાના હેતુથી નિર્મળા છુપાએલી જગ્યાએથી બહાર આવીને ધીમેથી પણ ત્વરીત ગતીથી સીડીમાં પગ મુકી ઉતરતા અજીતનો પાછળથી ઝભ્ભો પકડી અટકાવ્યો. અજીત ચમકી સ્તબ્ધ બની પાછળ જોવા લાગ્યો તો તેણે નિર્મળાને ઉભેલી જોઇ. અજીત વ્હેમાયો, પણ મનને શાન્ત રાખી હસ્તે વદને પૂછવા લાગ્યો. નિર્મળા! શું હજુ તું જાગે છે? જા સુઈ જા! ઉજાગરાથી તારૂ સુકોમળ શરીર કરમાશે.

નાથ! હું હમણાંજ નિદ્રામાંથી જાગૃત થઈ છું. મને આજે એક ઘણુ જ ભયંકર સ્વપ્ન આવ્યુ ને તેમા જાણે મારૂં સર્વસ્વ નાશ પામ્યુ. વ્હાલા! એવા ભયકર સ્વપ્નથી હુ ભયભીત થઇ જાગી ઉઠી ને તમારા દિવાનખાનામાં દોડી આવી ને તમને જોવા લાગી, તો તમને મે દાદરનાં પગથીયાં ઉતરતા જોયા. નાથ! ચાલો! દિવાનખાનામાં પધારો. ભયકર સ્વપ્નથી હુ ભય પામું છું. આટલું કહી નિર્મળા અજીતનો હાથ પકડી દિવાનખાના તરફ ખેંચી ગઇ.

ભયંકર કાર્ય કરવા જતો અજીત બળાત્કારથી પગ ઉપા

ડતો દિવાનખાનામાં આવ્યો અને મુખ ગંભીર રાખી પૂછવા લાગ્યો. નિર્મળા ! તને કેવું ભયંકર સ્વપ્ન આવ્યું છે ?

ઘણુંજ ભયંકર સ્વપ્ન ! જાણે કે તમે કાળના મુખથી ઘેરાઇ ગયા. નિર્મળાએ મર્મથી કહ્યું.

કાળના મુખથી ઘેરાવાનું કારણ ? અજીતે પૂછયું.

નાથ સાંભળો ! જાણે કે જ્યાં સુધી તમે પવિત્ર વફાદારીથી વર્તતા હતા ત્યાં સુધી કાળ તમારા પ્રાણ લેવા સમર્થ થયો નહિ. પણ જાણે તમે ઘણાજ દુષ્ટ થયા ને મહારાજાથી બેવફા થયા, તેમજ તમારા હૃદયમાં શૈલેશકુમારને સંહારવાના મલિન વિચારો ઉપસ્થિત થયા. તેથીજ મારા વ્હાલા ! તમે જાણે કાળના મુખના ગ્રાસ થયા. નિર્મળાએ સત્ય વાત જાણવા મર્મપ્રહાર કર્યો.

હાં....અને તેથી તુ ભય પામી મારી પાસે દોડી આવી કેમ ! અજીતે ગંભીરતાથી પ્રશ્ન કર્યો.

હા, તેથીજ. મારા પ્રભુ ! એક નેક અબળાની ફરજ છે કે તેના સ્વામિને સંકટમાં સપડાતો બચાવવો અને દુષ્ટ કાર્ય કરતા અટકાવવો. નિર્મળાએ જવાબ આપ્યો.

"પણ હુ દુષ્ટ હોઉ ત્યારેના ! અજીતે તેના સામે જોઇ પૂછયું."

હા નાથ ત્યારેજ ! વ્હાલા ! પણ ...આપ અત્યારે આ છુપો પોશાક પહેરી કઈ તરફ સિધાવો છો ? કોઇનો પરોપકાર કરવા જાઓ છો કે કેંઈ નિબળનું રક્ષણ કરવા જાઓ છો ? ફરીથી સત્યવાત જાણવા નિર્મળાએ પ્રશ્ન કર્યો.

" નિર્મળા હજી મારા વિચારથી અજાણ છે, એમ સમજી અજીત આનંદ પામ્યો ને મનમાં બોલવા લાગ્યો. હા, નિર્મળા :

હું જાઉં છું, કોઇના પરોપકાર માટે નહિ પણ મારા માર્ગમાં વિઘ્નકર્તા શત્રુને કચડી નાંખવા જાઉ છુ."

અજીતને મનમા ગણુગણુતો જોઈ ફરીથી નિર્મળા પૂછવા લાગી. કા વ્હાલા! કહોને કે આપ અત્યારે આવી ભયકર કાળી રાતે કઇ તરફ જતા હતા?

નિર્મળા! મહારાજાનુ એક અગત્યનુ છુપુ કામ છે અને તે કાર્ય કરવાને અત્યારેજ જવાની જરૂર છે. અજીતે વાત ઉડાવવા જુઠુ સમજાવ્યુ.

કેવળ અસત્ય! નાથ! આ નિર્મળાથી શાને માટે વાત છુપાવો છો? અસત્ય કદી છુપુ રહેતુ નથી. સ્વામિ સાભળો.

નવ નાથ હૃદયે ધારશો, કે પાપ કો જાણે નહિ.
ના, ના, કદિ નવ સમજશો, છે વિશ્વ વ્યાપી પ્રભુ અહિં.
અતળ, વિતળ, પાતાળમા, ઉંચે ગિરિ આકાશમા;
સ્થળ ભયકર નિર્જન ભલે, દીસે પ્રભુજી સર્વમા
છાનુ છુપું કઇ નવ રહે, ઇશ્વર જુએ સરવે ખરે;
કુભ તો ભરાતા પાપનો, ફટ ફુટશે સ્વામિ ખરે.

નિર્મળાએ સત્ય હકીકત જણાવી દીધી.

નિર્મળા! નિર્મળા! આજે તુ આમ કેમ બોલે છે! મે તને શું અસત્ય કહ્યુ? અજીતે પૂછ્યુ.

શૈલેશકુમારનુ ખૂન કરવાનુ તમે મને કેમ ન જણાવ્યુ? નિર્મળાએ સામો પ્રશ્ન કર્યો.

અરે! આ હુ શું સાંભળું છું? નિર્મળા સઘળુ સાભળી ગઇ હોય એમ લાગે છે. આટલુ મનમાં ગણુગણી અજીત

નિર્મળાને સમજાવવા લાગ્યો. પ્રિય નિર્મળા! શામાટે સંશ૰ આણે છે, મારે શામાટે શૈલેશકુમારનુ ખૂન કરવું જોઇએ ?

અમરાવતીનું રાજ્ય સિંહાસન પ્રાપ્ત કરવા અને દિવ્યપ્રભ સાથે આનંદ ભોગવવા. નિર્મળાએ ખુલ્લું જણાવી દીધું.

નિર્મળા! મને લાગે છે કે તુ આવા વિચારથી થોડા સમ યમા દિવાની થઇ જઇશ. વ્હાલી! અમરાવતીની ગાદી મારે શું કરવી છે? તેમજ પ્રિય નિર્મળા છે પછી દિવ્યપ્રભાનુ શું કામ છે નિર્મળા તુ સારી રીતે જાણે છે કે હુ વફાદાર માણુસ છુ છતા આજે આમ બોલવાનુ કારણ શું? અજીતે નિર્દોષ બનવા પ્રયત્ન કરવા માડયો.

આજ સુધી જાણુની કે તમે છો વફા,
પણ આજ જાણી હૂ ગઇ કે આપ છો બેવફા

નિર્મળાએ સ્પષ્ટ જવાબ આપ્યો.

ઓહ! શુ હુ બેવફા? નિર્મળા તું ભુલે છે! વિચાર કર! સેનાપતિ અજીતને બેવફા કહેનાર નિર્મળા! આખરે તુ પસ્તાઇશ, ઠગાઇશ. હા, અફસોસ! અજીત બેવફા થયો છે એવં વાત શ્રવણ કરતાં મારા ગુરૂજીને કેટલુ દિલગીર થવુ પડશે?' અજીતે કૃતિમ ઢોગ કરવા માડયો.

શુ કહ્યુ? તે યોગી તમારો ગુરૂ થાય? નિર્મળાએ પ્રશ્ન કર્યો.

હા, તે મારા શિરસાવધ ગુરૂજી થાય. અજીતે જવાબ આપ્યો

નહિ, કદાપિ નહિ, નિર્મળાના સ્વામિ અજીતસિંહને ગુરૂ, શ્રી ભગવાન સિવાય બીજો કોઇ હોઇ શકેજ નહિ. સ્વામિ!

તમે જેને ગુરૂ રૂપ માનો છો; પણ તે તમારો ગુરૂ! ભગવા વેશમાં છુપાએલો સાધુ! સાધુ નથી પણ એક શેતાન છે. નિર્મળાએ તેના ગુરૂનું દિગ્દર્શન કરાવ્યું.

ચુપ થા! મારા ગુરૂજીને શેતાનની ઉપમા આપનાર નાદાન નિર્મળા ચુપ થા. તારાં વાકયોથી હૃદયમાં આગ પ્રકટે છે. યાદ રાખજે કે આ અજીતને સતાવવાનું ફળ વિપરિત છે. અજીતે ગુસ્સાથી કહ્યું.

તેમજ હુ જાણી ગઇ છું કે આપની બુદ્ધિ પણ વિપરીતજ થઇ છે. સત્ય છે કે, " જ્યારે ખરાબ થવાનું હોય ત્યારેજ દુષ્ટ વિચારો સુઝે." વિનાશના કુંડમા પડવા તૈયાર થયેલા સ્વામિ! આજથી સમજી લેજો કે તમારૂં ભાવિ ભુંડુ છે ને તેથીજ તે તમને ભુલાવી અનીતિને રસ્તે દોરે છે. હા.

ઉપજાતિ વૃત.

સીતા સમાણી, સતી કોણ શાણી;
પતિ પ્રતિજ્ઞાય, સદા પ્રમાણી.
1 કુરંગ હણવા, મતિ ભ્રષ્ટ કીધી;
વિનાશકાળે, વિપરીત બુદ્ધિ.

નિર્મળાએ તેના ગુસ્સાની દરકાર નહિ કરતા કહ્યું.

ચુપ થા બે અદબ! હું તા'રૂં કઇ પણ સાભળવા નથી માગતો, અજીતે ઉશ્કેરાઇ કહ્યું.

તમે નહિ સાભળો તોપણ હુ તમને પરાણે સભળાવીશ. મારી ફરજ બજાવતા મરવુ પડશે તો મરીશ પણ દુષ્ટ કાર્ય કરવા જતા મારા નાથને અટકાવીશ. નિર્મળાએ તેના સામો જવાબ વાળ્યો.

તેમ કરીશ તો મારા ક્રોધના બળીદાનમાં તું પ્રથમજ હોમાઇ જઇશ. નાદાન સ્ત્રી ! હું અમરાવતીનો બળવાન સેનાપતિ અજીતસિંહ ! તેને આવાં વચનો કે'નાર તું કોણ ? હું તા'રા કરતાં ઘણોજ જ્ઞાની છું. અજીતે તેનો તિરસ્કાર કરી કહ્યું.

નાથ ! હુ જાણુંછું કે આપ ઘણાજ જ્ઞાની છો, અને તેથીજ પાપકાર્ય કરવા જતાં અટકો એમ ઇચ્છુછું. સ્વામિ જુઓ !

" કેવા હતા કૌરવ કાળ જ્ઞાની; "
કુસંપમા પાછી કરી ન પાની.
કંપે મુઆ દેશ સહિત ક્રોધી;
વિનાશકાળે વિપરીત બુદ્ધિ **કાવ્યકૌસ્તુભ.**

નિર્મળાએ ફરી ઉપદેશ કર્યો.

બસ ! હવે તું અહિંથી જઇશ ? અજીતે ઉશ્કેરાઇ ગર્જના કરી.

હા, જઇશ ! પણ આપને બેવફા થતાં અટકાવીનેજ જઇશ. પ્રાણનાથ ! જેના આશ્રયથી આપ આ મહાન સેનાપતિ પદપર છો. અરે જેનાથી આપે વફાદાર રહેવાના સોગન ખાધા છે. હાય તેજ મહારાજા વિરભદ્રથી બેવફા થઇ તેમનુ જ નિકંદન કાઢવા ઇચ્છો છો. અરે ! જે ભવિષ્યમાં થનારી મહારાણી દિવ્યપ્રભા ! કે જે આપની ભગીની સમાન કહેવાય ! હાય તેનીજ પર દુષ્ટ વિકાર ? શરમાવ સ્વામિ શરમાવ. નિર્મળા આવેશથી કંપવા લાગી.

નિર્મળાનાં આવેશયુક્ત વાકયો શ્રવણ કરી અજીત ક્ષણભર સ્તબ્ધ બની ગયો. અને મનમાં વિચારવા લાગ્યો કે

નક્કી નિર્મળાએ મા'રા વિચાર સાંભળેલા હોવા જોઇએ; બસ, જ્યારે હવે તે સઘળું જાણી ગઇ છે ત્યારે હવે તેને સ્પષ્ટ જણાવવામાંજ સાર છે. એવો વિચાર કરી અજીત નિર્મળાની સામે તિરસ્કારયુકત વદન કરી કહેવા લાગ્યો. નિર્મળા! મને લાગે છે કે તુ સઘળું જાણી ગઇ છે. પણ હુ તા'રી દરકાર કરનાર નથી. માટે તું હવે અત્રેથી તા'રા શયનગ્રહમાં ચાલી જા. હુ કોટીઉપાયે મા'રા વિચાર ફેરવનાર નથી. તેમજ આ દેહ છે ત્યા સુધી રાજ્ય લાલસા ત્યાગનાર નથી. નિર્મળા! હુ દિવ્યપ્રભાને મેળવીશ, શૈલેશના કોમળ હૃદયમા આ રકત પિપાસુ સમશેર ભોંકીશ અને રાજા વિરભદ્રનો વિનાશ કરીશ. હા! ત્યારેજ હુ શાન્ત થઇશ. હઠીલી અબળા! જાણુતી નથી કે આ અજીતસિંહ એક બળવાન વીર છે, પૃથ્વીને પણ કંપાવવા સમર્થ ધીર છે? અજીતે ગુસ્સાથી કહ્યુ.

એવા મહાન્ બળવાન વીરો પણ આખરે સ્મશાન ક્ષેત્રની ભસ્મ થઇ ગયા તે જાણો છો? લંકેશપતિ રાવણને પોતાના પુત્રને પારણે બાંધનાર વીરવાલી પણ શ્રી રઘુવીરના બાણે ક્ષણમાં નષ્ટ થયો તો તમે કોણ? નિર્મળાએ શાન્તિથી પ્રશ્ન કર્યો.

અમરાવતીના રાજ્ય સિંહાસનની ઇચ્છા કરનાર એક કાળો નાગ, કે થર થર કાંપે છે, શત્રુઓ સાંભળી મમ વીરહાક. અજીત અભિમાનમાં અંધ થઇ બોલી ઉઠયો.

હા, હા, હા! નિર્મળા તેના વચનથી હસી પડી ને પછી મુખ પર સહજ રોષ આણી કહેવા લાગી. ગર્વિષ્ટ! ગર્વનો ત્યાગ કરો. કિરતારની કૃતિ આગળ તમારૂં સઘળુ બળ વૃથાસ મજો.

કો કિરતાર ન ઓળખે, અજીતસિંહ સરદાર,
ધરા ધ્રુજે ચરણોવડે, નહિ કોની દરકાર.
લઉં શૈલેશ જીવન પછી વિરભદ્ર છે હું શિશ;
વરૂ દિવ્યપ્રભા સુંદરી, છું હુ ઇજનો ઇશ.
જા સમજી તુ નિર્મળા, હવે ન કર કાઇ વાર,
ક્રોધ વ્યાપશે કારમો, કરીશ તુજને ઠાર.

અજીત ગુસ્સાથી ધ્રુજતો બોલી ઉઠયો.

જો ઠાર કર તુ સાહ્યબા, આનદ થાય અપાર,
સુભાગ્ય કયાથી માહરૂ ? કે તુજ હસ્ત થાઉ ઠાર.
ઝટ મારી નાખો આ પળે, મરવા છુ તૈયાર,
કર્તવ્ય કરીને પૂર્ણ, છુ સ્વર્ગમા જાનાર

અભિમાનમા મસ્ત થયેલા સ્વામિ! સમજજો કે આખરે "સત્યનોજ વિજય છે." ખાડો ખોદનારજ અવશ્ય એ ખાડાનો ભોગ થાય છે. માટે હજી પણ કહું છુ કે પાપ કાર્ય કરતા અટકો આખરે પસ્તાવુ પડશે, વિમાસવુ પડશે. વિચારો, નાથ વિચારો. હુ આપના ચરણમાં પડી કરગરીને કહુ છુ કે મારૂં કહેવુ માન્ય કરો અને પાપી વિચારનો હૃદયમાથી ત્યાગ કરો.

શુ શૈલેશ ને બચાવુ ? સર્પના સતાનને જીવાડું ? અને મનોહારી દિવ્યપ્રભાને મેળવવાના વિચારોનો ત્યાગ કરૂં ? હા, હા, હા, ત્યારેજ તને શાન્તિ થાય કેંમ ? સમજયો ! શાણી નિર્મળા ! તા'રા કહેવાનો ભાવાર્થ હુ બરોબર સમજયો, કે દિવ્યપ્રભાને લાવવાથી તા'રી આખોમાં ઇર્ષ્યા ભરાય છે. પણ તેમાં તારી ભુલ છે

શું જાણે તું નિર્મળા, દિવ્યપ્રભા દ્રષ્ટે ચઢી;
છોડું શું લાભ્યા વિના, પ્રેમ લગની લાગી રહી.
નિર્મળા નથી તું માનતી, વિચારના વમળે ચડી,
અજ્ઞાન છું નાદાન છુ, બેભાન છુ તું બાપડી.

અજીતે ચોખ્ખું સમજાવી દીધું.

દિન રાત હુ મસ્તાન છુ, સહુ સૃષ્ટિના કલ્યાણમાં;
બીજુ મને ગમતુ નથી, યાચું મરણ વફાદારીમા.
આ અજીત છે કે કોણ છે, સામે ઉભો મમ કોણ આ ?
શુ આજ સ્વામિ નિર્મળાનો, પાપી અજીત તે ! શુજ આ ?

નિર્મળાએ ઉશ્કેરાઈ અજીત સામે જોઇ પ્રશ્ન કર્યો.

હા, હા, ઓ નાદાન અબળા! આ એજ અજીત. અજીતે ક્રોધથી જવાબ આપ્યો.

શું આ તેજ બેવફા અજીત ? નિર્મળા દિવાનાની માફક બોલી ઉઠી ને અજીતના સામે વક્ર દૃષ્ટિથી જોઈ કે'વા લાગી.

અજીત ઉર વિચારજે, વફાદારીમા સુખ છે;
ચેતવુ હોય તો ચેતજે, બેવફામા દુખ છે

ઓહ! ઓ પોતાના સ્વામિને અપમાનની આગમાં સળગાવનારી અભાગી નિર્મળા! ચાલ તૈયાર થા. આ અજીતને અપશબ્દો સભળાવનારી નારી ચાલ મારા ક્રોધનો ભોગ થઇ સ્વર્ગે જા. ભયકર વિષધરની માફક કુંફાડા મારતા અજીતે ટેબલ પર પડેલી પિસ્તોલ ઉઠાવી ને નિર્મળા સામે તાકી ક્રોધથી પૂછ્યુ. બોલ શુ વિચાર છે!

વિચારમાં આ પ્રાણુ તૈયાર છે. લે, લે, એ ઘોર ઘાતકી આ નિર્મળાના પ્રાણુ સુખેથી લે, તારા બેવફા થયા પહેલાં આ ારી નિર્મળાને છુટી કરી નાંખ. અજીત! વફાદાર અજીત! મા તારી વફાદાર નિર્મળા તારા બળીદાનમાં હોમાવા તારી મમક્ષ છાતી ધરી ઉભી છે. મરણુની દરકાર નહિ કરતાં ઝનુની નેર્મળા અજીતની સામે ક્રોધયુક્ત વદને જોઇ ઉભી રહી.

તેનાં કોપપૂર્ણ વચનોથી અજીત ક્રોધથી કાંપવા લાગ્યો મને આખરે ભયંકર બૂમ મારી અજીત પોકારી ઉઠયો. એમ! ેા લે, એ નાદાન! આ તા'રી વફાદારીનું ઇનામ. પિસ્તોલનો ોડો પડયો, મહાલય ધ્રુજી ઉઠયું. સતિ નિર્મળાના ખભા પર ાખ્ત આઘાત થયો, મુખથી એક ઝીણી ચીસ નીકળી ગઈ ને ેની સાથેજ અમરાવતીના બેવફા થયેલા સેનાપતિ અજીતની .ફાદાર પત્નિ રક્તથી ભીંજાતી જમીન પર બેશુદ્ધ હાલતે ,ળી પડી

ભરનિંદ્રામાં ઉંઘતા નોકરો પણુ પિસ્તોલનો ભયંકર મવાજ મધ્ય રાત્રિના શાન્ત સમયે થયેલો સાંભળી જાગી ઉઠયા મને આસપાસ જોવા લાગ્યા. પણુ પછી કંઇ વિશેષ ગરબડ ાહિ સંભળાતાં કંઇ નથી ધારીને કાચી ઉંઘથી જાગેલા નોકરો ાાછા નિદ્રાને શરણે થઇ ગયા.

સતિ નિર્મળા પાપીની પિસ્તોલથી જખમી હાલતે બેશુદ્ધાસ્થામાં જમીન પર પડી હતી, વાગેલા જખમમાંથી અત્યંત ધીર વહેતું હતું. સખ્તહૃદયનો અજીત ટગર ટગર નિર્મળાના ેશુદ્ધ શરીર તરફ જોઇ રહ્યો હતો. આ સમયે તેનું હૃદય

કાંપતું હતુ, બદન ધ્રુજતું હતું, પણ આખરે મનને દ્રઢ કરી નિર્મળાની સ્થિતિ તપાસવા પાપી અજીતે તેની નજીક જવા એક પગલું આગળ ભર્યું. એટલામાં તો દિવાનખાનાની સામી બાજુએ આવેલા એક ખંડનાં દ્વાર જોસથી ઉઘડી ગયાં અને તેની અંદરથી એક કાળી આકૃતિ બહાર દોડી આવી. અજીત સ્તબ્ધ બની ત્યાં ને ત્યાં અટકયો, બીજું પગલુ આગળ ભરવાની હિંમત ન કરી શકયો. આવનાર આકૃતિ તિક્ષણ નજરથી અજીતની સામે જોવા લાગી. મધ્યરાત્રે આ કાળી આકૃતિને જોઇ અજીત ભયભીત થઇ ગયો ને અહિંથી નાશી જવુ યોગ્ય છે સમજીને અજીત ધીમે કદમે પાછળ જવા લાગ્યો અને તે આકૃતિથી સ્હેજ દૂર જતા પાપી અજીત ભય પામી મુઠીયો વાળીને પલાયન કરી ગયો. આવનાર આકૃતિ શાન્ત ને ગંભીર જણાતી હતી, આ સમયે તેની ચળકતી ચક્ષુઓમા ક્રોધની રેષાઓ પ્રકટી નીકળી હતી, મુખપર મુખવટો હોવાથી તેના મુખનુ અવલોકન કરી શકાય એમ નહોતુ. તેણે તેના શરીરને કાળા ઝભ્ભાથી ઢાકી દીધુ હતુ, કાળા ઝભ્ભા ઉપર કમ્મરે પ્રકાશમા ચળકતી ખુલ્લી સમસેર ઝુલતી હતી.

અજીતને જતો રહેલો જોઇ તે આકૃતિ વિમાસવા લાગી, અને પછી કંઇક વિચાર ગોઠવી તેણે મુખપરથી મુખવટો દૂર કર્યો. તો અંદરથી તેનું મનોહર ગૌર વદન જણાયુ, માથાના વાળ છુટા થઇ કાળા ભુજંગની માફક પૃષ્ટ ભાગપર લટકવા લાગ્યા. વાચકો! આવનાર વ્યકિત કોઇ રમણીની હતી.

આવનાર રમણી! આસપાસ દ્રષ્ટિ કરી રકતમાં તરબોળ

થયેલી બેભાન નિર્મળાની નજીક બેઠી ને નિર્મળાના માથે તેનો હાથ મુકી તેણે એક ઝીણી સિસોટી વગાડી. સિસોટીનો અવાજ સાંભળતાંજ ચાર કદાવર બાંધાના માણસો ત્યાં ધસી આવ્યા અને નિર્મળાને માથે હાથ મુકી બેઠેલી રમણીની આજ્ઞા સાંભળવાને ઇંતેજાર થઇ મૌનપણે ઉભા રહ્યા.

તેમને જોઈ તે રમણી ધીમેથી કહેવા લાગી. બળભદ્ર! પાપી પલાયન થઇ ગયો છે, સતિ નિર્મળા જખમી થઇછે ને હાલ શુદ્ધિમાં આવે એમ નથી. માટે આ બેશુદ્ધ બાળાને આપણા મુકામે ઉપાડી ચાલો.

જેવી આજ્ઞા, કહી બળભદ્રે બાકીના ત્રણ માણસોની મદદથી સાચવીને બેશુદ્ધ નિર્મળાને ઉપાડી લીધી, અને ધીમે કદમે ચાલતા આ ચાર વીર પુરૂષો તે રમણીની સાથે આવ્યા હતા તે રસ્તે થઇ સુખરૂપે બહાર નીકળી ગયા. મહેલાય બહાર નિર્મળાને સંભાળી ચાલતા એ ચારે માણસો તે રમણીની સાથે કાળા અંધકાર સમયે પહાડી પ્રદેશમાં ક્યાં ચાલ્યા ગયા તેની ખબર પડી નહિ.

પ્રકરણ ૧૧ મું.

ભિષ્મ પ્રતિજ્ઞા.

શેતરંજ સંસારમાં, દુખ સુખ આવે જાય;
પ્રભુ લીલા અવલોકતા, પાર ન પામી શકાય.

કૃષ્ણ પક્ષની કાળી રાત્રિનો પાછલો પ્રહર વિતતો હતો, નભ મંડળમાં નક્ષત્રો ઝગઝગી રહ્યાં હતાં. સર્વત્ર શાન્તિ જણાતી હતી. પર્વત પ્રદેશમાં આ સમયે પશુ પક્ષી વગેરે નિદ્રાદેવીને શરણે પડેલાં હતાં, ફક્ત નિશાચર પક્ષિયો ખોરાકની શોધમાં તેમના કર્કશધ્વનિથી પ્રર્વત પ્રદેશને ગજાવતા આમ તેમ ઉડી પાંખોના ફડફડાટ કરતાં હતાં. આવા શાન્તિના સમયે વિંધગિરિ પર આવેલા શિવાલયની સમિપમાં તપસ્વિની દેવીની પર્ણકુટીમાં એક ઝાંખો દિપક મંદમંદ બળતો હતો

પર્ણકુટીની બ્હાર બે કદાવર બાંધાના માણસો બેઠા બેઠા ઝોકાં મારતા હતા. પર્ણકુટીની અંદર દિપકના પ્રકાશમાં જોતાં જણાય છે કે અંદર બે મનુષ્યો બેઠેલા છે. તે બે મનુષ્યોમાં એક તો આપણાં પરિચીત તપસ્વિની દેવી વિચારમાં ચિંતાગ્રસ્ત મુખે બેઠેલાં જણાય છે. તેમની સામે એક વૃદ્ધ વયનો પણ મજબુત બાંધાનો માણસ હાથ જોડીને બેઠેલો છે. તેઓ જાણે

કંઇક ઉંડી ચિંતામાં ન હોય એમ જણાતાં હતાં, પણ એવામાં વિચાર વમળનો ત્યાગ કરી તપસ્વિની દેવી તેના સામે હાથજોડી બેઠેલા માણસ પ્રતિ દ્રષ્ટિ કરી બોલ્યાં. સમરસિંહ!

ભગવતી! શું આજ્ઞા છે? સમરસિંહે નમ્રવદને પૂછયું.

કૈલાસનો પત્તો મળ્યો? તપસ્વિનીયે સામો પ્રશ્ન કર્યો. દેવી! હજી કૈલાસ બ્હેનનો પત્તો મળ્યો નથી. બ્હેનની તપાસમાં હું આપણાં માણસો લઇ મણીપુર તેમજ અમરાવતી નગરોમાં જઇ આવ્યો પણ કૈલાસની શોધમાં નિરાશા સિવાય કશું પ્રાપ્ત થયું નહિ. તેમજ તે શેતાન સાધુના મંડળમાં ખાનગી તપાસ કરતાં જણાયુ કે ત્યાં પણ કૈલાસ બ્હેન ગયાં નથી. સમરસિંહે જવાબ આપ્યો.

સમરસિંહ! ત્યારે શું આપણી કૈલાસના સમાચાર નહિ મળે? પુનઃ દેવીએ પ્રશ્ન કર્યો.

મળશે, દેવી ધૈર્ય ધરો. ભગવતી! આપણે સર્વના કલ્યાણને માટે પ્રયત્ન કરીયે છીએ ને આપણે કોઇને દુખ થાય એમ ઇચ્છતાં નથી છતાં શા માટે આપણુ ખરાબ થાય? દેવી! અવશ્ય દિનદયાળ પ્રભુ આપણુને સહાય કરશે ને તેની કૃપાથીજ કૈલાસબ્હેન નિર્વિઘ્ને અત્રે પાછાં આવશે. વૃદ્ધ સમરસિંહે શાન્તિ આપી.

હા એમજ થશે. પ્રભુમાં મા'રો પુર્ણ વિશ્વાસ છે. મા'રો અંતરાત્મા કહે છે કે આજે કૈલાસ જરૂર મળવી જોઇયે. ને તેના હાથથી કંઇક કલ્યાણકારી કાર્ય થવુ જોઇયે. સમરસિંહ! સકળસૃષ્ટિ ભલે સુખમાં હો યા દુઃખમાં હો. તેની ચિંતા કરવાથી કંઇ

પણ ફળ પ્રાપ્ત થનાર નથી. સંસારમાં અનેક ઉપાધીયો ભરેલી છે, હું તે સર્વ ઉપાધીયોથી મુકત થઇ અત્રે નિવાસ કરૂં છું છતાં તે માયામયી ઉપાધી મારો ત્યાગ કરતી નથી. સૃષ્ટિના નિયંતાએ હજી પોતાની કઇ લીલા દેખાડવા ધારી છે એની મને સમજ પડતી નથી. ક્યાંથી પડે ! માયાની મોહજાળ ત્યાગ કર્યા વિના સઘળું વૃથા છે. પ્રભુ ! અમે સંસારી જનો તમારાં ગુન્હેગાર છીયે. અહા ! માતાના ઉદરથી અમે જન્મતાં આપની સાથે કેવા કેવા કોલકરારોથી બંધાઇએ છીએ. જન્મ ધારણ કરી મોટા થયે તે સર્વ કોલકરારોની સ્મૃતિ થાય છે પણ આ નિષ્ઠુર સંસારના માયારૂપી વમળમાં ખેચાઇ અમે સર્વે ભુલીયે છીએ ને તેથી અથાગ સંકષ્ટો સહન કરીએ છીએ. તેમ છતાં પણ એ કષ્ટકારી માયાને ત્યાગી શકતાં નથી. સમરસિંહ ! આ સંસારમાં

શાર્દુલ વિક્રીડિત.

આશાની નદીમા મનોરથ જળે, તૃષ્ણા તરંગો બની;
વિતર્કો ખગ રાગ છે મગર જ્યા, વ્હે ધૈર્ય દ્રુને હણી
ચિંતાના તટ ઉંચ મોહ ભમરા, તર્વા બહુ દુસ્તર;
પામી પાર લહે વિશુદ્ધ મનના, આનંદ યોગીશ્વર

એવી ઉપાધીયોને ત્યાગનાર મહાન્ યોગીશ્વરો સિવાય કોઇ નથી. જ્યાં સુધી આપણે આપણી સર્વ આશાઓને ત્યાગી નથી ત્યાં સુધી આ દેહનું કલ્યાણ કરી શકનાર નથી. જેમ મોટી સરિતા નોકા વિના તરી શકાતી નથી તેમ આ સંસારની વચમાં પડેલી આશારૂપી સરિતા વૈરાગ્યની નૌકા મેળવ્યા વિના તરી

શકનાર નથી, સમરસિંહ એવી પ્રભુની માયા અગમ્ય છે. આટલું બોલી તપસ્વિની શાન્ત રહ્યાં.

સમરસિંહ તપસ્વિની દેવીના બોધક વચનામૃતનું પાન કરતો હતો. એવામાં બહાર કંઇક ખડખડાટ થયો. પર્વતની ખીણોમા શિયાળવાં ભયંકર અવાજે રોવા લાગ્યાં. સમરસિંહ ચમક્યો ને તપસ્વિની દેવીની આજ્ઞા લઇ તપાસને અર્થે પર્ણકુટીની બહાર નીકળ્યો. સમરસિંહ બહાર નિકળી જોવા લાગ્યો તો તેના આશ્ચર્યની અંદર પાચેક માણસોનું ટોળું હાથમાં સળગતી મશાલો સાથે પર્ણકુટી તરફ આવતું નજરે પડયું. તે પાંચે માણસોએ કાળા ઝભ્ભા ધારણ કરેલા હતા. તેઓને આવા ભયકારક સમયે પર્ણકુટી તરફ આવતા જોઇ તેઓ શત્રુ છે કે મિત્ર! એ જાણવાના ઇરાદાથી સમરસિંહે "તપસ્વિની માતકી જય" એમ મોટેથી ગર્જના કરી. તેની ગર્જનાના જવાબમાં આવતાં માણસોએ પણ તપસ્વિનીદેવીની જય ગર્જના પોકારી [illegible] આવનારા શત્રુ નથી પણ મિત્રો છે ધારી સમરસિં[illegible] પામ્યો બહાર થતી જયગર્જના શ્રવણ [illegible] પણ બહાર આવ્યાં અને આવતાં માણસોને ધ્યાન પૂર્વક જોવા લાગ્યા. ઝડપથી પગ ઉપાડતા, આવનાર માણસો અલ્પ સમયમાં પર્ણકુટી આગળ આવી પહોંચ્યા. સળગતી મશાલોના પ્રકાશથી તપસ્વિનીદેવી આવનારમાંના એક જણને ઓળખી ગયાં અને હર્ષાવેશથી તેને ગાઢ આલિંગન દઇ બોલી ઉઠયાં. મારી કૈલાસ.

માતા. કહી કૈલાસ તપસ્વિનીદેવીના બાહુમાંથી મુક્ત થઇ તેમના ચરણમા પડી, તેને સ્વહસ્તે ઉભી કરી મધુરૂં ચુંબન લઇ

તપસ્વિનીદેવી પૂછવા લાગ્યાં. કૈલાસ! મ’ને કહ્યા વિના પ્રાત કાળમાં તુ કયાં પ્રયાણુ કરી ગઇ હતી, અને અત્યારે તું કયાથી આવી?

માતા! ગુફામાં એકઠા થયેલા ચંડાળ મંડળની વાતો શ્રવણુ કરી આપણે આપણી પર્ણકુટીમાં ગયાં ને આપ ભગવદ્ ભજન કરી નિદ્રાધિન થયાં. હુ આપના પહેલાંજ નિદ્રાવશ થઇ ગઇ હતી પણુ ગુફામા થયેલી વાતોનું સ્વપ્નમાં દિગદર્શન થવાથી હું પાછલે પ્હોરે ઝબકી જાગી ઉઠી. સ્વપ્નમા જોયેલા દેખાવથી મા'રા મનમાં એમજ લાગવા માંડયું કે નક્કી આ બે દિવસમા કંઇક ભયંકર બનાવ બનશે. માતાજી! ત્યાર પછી હુ પુર્ણ વિચાર કરી આપને જણાવ્યા સિવાય મા'રા મંડળ તરફ પ્રાત:કાળ પહેલા ચાલી ગઇ અને એક દિવસ ત્યા રહી તેઓની હિલચાલ તપાસવા લાગી; પણુ ત્યાં કંઈ જાણવા જેવુ મા'રા સાભળવામા આવ્યું નહિ. આથી મા'રો વિચાર અજીતની હિલચાલ તપાસવાનો થયો, તેથી હુ સાજના સમયે ગુપ્ત પોશાક ધારણુ કરી આ સાથે આવેલા મા'રા વફાદાર સરદારોને સમજાવી અજીતના મકાને ગઇ ને કોઇ જાણે નહિ એવી રીતે તેના દિવાનખાનાની પાસેના એક બંધ ખંડને યુકિતથી ઉઘાડી આ માણુસો સાથે હુ છુપાઇ રહી. માતા! મ્હેં છુપાઈ રહી તે દુષ્ટના સર્વ વિચાર સાંભળ્યા, તેના દુષ્ટ વિચારથી હુ કંપવા લાગી અને આખરે તે દુષ્ટના ક્રોધની ભોગ થઇ પડેલી આ પવિત્ર બાળાને લઇ હું આ સરદારો સાથે આ સમયે અહિં આવી પહોંચી. કૈલાસે સર્વ વાત જણાવી.

પુત્રી ! આ બાળા કોણુ છે ? તપસ્વિનીએ બેશુદ્ધ નિર્મળા સામે જોઇ પૂછયું.

માતા ! અમરાવતી નગરના સેનાપતિ અજીતસિંહની આ ધર્મપત્નિ નામે નિર્મળા છે. પોતાના પતિને સદ્ ઉપદેશ દેતા તે પતિના ક્રોધની ભોગ થઇ પિસ્તોલના પ્રહારથી ઘવાઇ છે. માતા ! તેના ખભાપર સખ્ત જખમ થયો છે અને તેથી હાલ આ નિર્મળા બેશુદ્ધ છે. કૈલાસે નિર્મળાનો પરિચય કરાવી તેની સ્થિતિ જણાવી.

કૈલાસ ! શું સતિ નિર્મળા આ પોતેજ છે ? કહી તપસ્વિની નીચા નમી તેના મુખને અવલોકવા લાગ્યાં.

પર્ણકુટીના ચોગાનમા બેશુદ્ધ નિર્મળાને મૃગચર્મ પાથરી સુવારી હતી. તેના ખભા પર થયેલા જખમ ઉપર કૈલાસે પ્રથમથી પાટો બાંધ્યો હતો ને તેથી લોહી વહેતુ બંધ થઇ ગયું હતુ. નિર્મળાના કપડા રૂધીરથી ભીંજાઇ ગયા હતાં. તેને ખુલ્લા ચોગાનમા વધારે સમય રાખવાનુ યોગ્ય નહિ ધારી, તેને પર્ણ કુટીમા ઉપાડી લાવવાની સમરસિંહને આજ્ઞા કરી તપસ્વિનીદેવી કૈલાસને લઇ પર્ણકુટીમા પ્રવેશ્યા.

સમરસિંહ કૈલાસ સાથે આવેલા સરદારોની મદદથી નિર્મળાને ઉપાડી અંદર લાવ્યો ને એક મૃગચર્મ બીછાવી ઉપર નિર્મળાને સુવાડી તેને સાવધ કરવાના ઉપચાર કરવા લાગ્યો. તપસ્વિની તથા કૈલાસ નિર્મળાની નજીક બેસી તેના મુખપર કમંડળમાંથી પાણીની અંજલીયો છાટવા લાગ્યા. તેઓની સરભરાથી નિર્મળા શુદ્ધિમા આવવા લાગી. તેને હાલતી જોઇ કૈલાસ આનંદ પામી

ને બોલી ઉઠી. દેવી! દેવી! જુઓ! નિર્મળા શુદ્ધિમાં આવે છે. એમ બોલી કૈલાસ નિર્મળાના સામે જોઇ રહી. થોડીવારમાં તો નિર્મળા આંખ્યો ઉઘાડી આસપાસ જોવા લાગી અને પોતાની આસપાસ બેઠેલાં માણુસોને જોઇ પુનઃ ગભરાઇ બૂમ પાડી ઉઠી. ઓહ! ઓહ! આ શું! પ્રાણ જાય છે. આટલુ બોલતાજ ફરીથી તે બેશુદ્ધ થઇ ગઇ. કૈલાસ કમંડળમાંથી ખોબે ખોબે પાણી છાંટવા લાગી. શિતળ જળના સ્પર્શથી બ્રહ્માડે ચઢેલો પ્રાણ નીચે ઉતર્યો, પુનઃ નિર્મળા આખ્યો ઉઘાડી પાસે બેઠેલાં તપસ્વિનીના મુખ સામે જોવા લાગી. તેને પોતાની સામે જોઇ રહેલી જોઈ તપસ્વિની તેના શિરે સ્નેહથી હાથ ફેરવી કહેવા લાગ્યા. નિર્મળા! પવિત્ર નિર્મળા! સાવધ થા. હવે ભય નથી પણ અત્ર શાન્તિ છે.

હુ કયા છું? નિર્મળાએ પ્રશ્ન કર્યો.

શાન્તિના સ્થળમાં, આનંદના આવાસમાં, કૈલાસે પ્રત્યુતર વાળ્યો.

હે! શુ પ્રભુના ધામમાં! અહા! ઘણોજ આનદ થયો, પ્રભુએ જ જાળમાથો મુકત કરી. કહી નિર્મળા બેઠી થઇ આસપાસ જોવા લાગી,

બ્હેન! તમે ગભરાશો નહિ હા, તમે અત્રે પ્રભુનાજ શાન્તિ સ્થળમા છો, અહિ તમને ભય છેજ નહિ. વૃદ્ધ સમરસિહે શાન્તિ સુચક શબ્દો સભળાવ્યા.

હુ ધારૂંછુ કે મ’ને આ સ્થાનમા લાવનાર આ દેવીજ હોવાં જોઇયે. જો એમ હોય તો મ’ને મરણના મુખથી બચાવનાર

મહાદેવીને મા'રે પ્રણામ કરવા જોઇયે. કહી નિર્મળા તપસ્વિનીના ચરણમાં નમી.

નિર્મળા ! તને મરણના મુખથી બચાવી અહિ લાવનાર હું નથી પણ આ તા'રી સામે જે બાળા બેઠી છે તેજ તને અત્રે લાવનાર છે. તપસ્વિનીએ કૈલાસને બતાવી કહ્યું.

નિર્મળા સજળનયને કૈલાસના મુખ સામે જોઈ કહેવા લાગી ભાગ્યવતિ ભગિની ! તા'રો મા'રીપર મહાન્ ઉપકાર થયો છે. હુ ક્ષુદ્ર જીવ તા'રા ઉપકારનો બદલો વાળવા હાલ અશક્ત છું. બ્હેન ! મા'રો બચાવ કરી મ'ને અત્રે ઉપાડી લાવવામા તમે કેવી રીતે ફાવ્યા હતાં ?

નિર્મળાનો પ્રશ્ન સાભળી કૈલાસે તેને સર્વ વાત જણાવી. અજીત નાશી ગયો સાભળી નિર્મળા બોલી ઉઠી હે ! શું મા'રો બેવફા સ્વામિ નાશી ગયો ? અરે તે નાશીને બહાર જતા જીવથી કેમ ન મરી ગયો ?

નિર્મળા એમ ન બોલો ! તે અમને ભયકર માણસો ધારી પાપ પ્રગટ થવાની બીકે પલાયન કરી ગયો. કૈલાસે તેના બોલવાનો મર્મ નહિ સમજતા કહ્યુ.

હાય ગજબ થયો ! તે નિમકહરામને મરવુંજ જોઇતું હતુ. બ્હેન ! તે પાપીનો ઇરાદો શૈલેશકુમારનું ખૂન કરી રાજ્યઘાતી થવાનો છે. ચાલો, કૈલાસ બ્હેન ચાલો ! તે ઘોર ઘાતકીને પાપકર્મ કરતો અટકાવીયે ને નિર્દોષ રાજકુમારનુ રક્ષણ કરીયે. કહી નિર્મળા એક દિવાના માણસની માફક ઉભી થઇ કૈલાસનો હાથ પકડી ખેચવા લાગી.

નિર્મળા ના મનની હાલત જોઈ તપસ્વિનીદેવી ઉભાં થયાં ને નિર્મળાને શાન્ત પાડી નીચે બેસાડી કહેવા લાગ્યાં. નિર્મળા! શાન્ત થા. શૈલેશકુમારના પ્રાણનો વિનાશ કરવા અજીત શક્તિ વાન થશે નહિ. આખરે પવિત્ર જનો સુખી થશે ને પાપીયો તેમનાં કાળાં કર્મોથી પસ્તાશે.

વારૂ નિર્મળા બ્હેન! હવે તમારો શું વિચાર છે? જો તમારી ઇચ્છા પાછાં નગરમાં જવાની હોય તો અમે તમને નગરમા સુખરૂપે પહોંચતા કરીગે. કૈલાસે નિર્મળાની શું મરજી છે તે જાણવા પૂછ્યું.

કૈલાસ! વ્હાલી બ્હેન કૈલાસ! હવે હુ તે દુખ સિધુમા પડવા જનાર નથી, જો તમે સર્વ આ અભાગી નિર્મળાને અત્રે સ્થાન આપશો તો તે તમારી સાથે રહી શાન્તિથી દિવસો નિર્ગમન કરશે. પણ હવે આ નિર્મળા કદાપિ અમરાવતીમા જશે નહિ. નિર્મળાએ નિશ્ચય જણાવ્યો.

નિર્મળા! તમે અત્રે રહી શું કરશો? સમરસિંહે પૂછ્યું

આ મહાદેવી સાથે અત્રે નિવાસ કરી ભગવી કથા ધારણ કરીશ ને યુક્તિ પ્રયુક્તિથી મા'રા પાપી પતિના કાર્યોની બારીકીથી તપાસ કરીશ, તેના દુષ્ટ કર્મની ખબર પડતા હુ તેને પ્રાણ જતાં પણ દુષ્ટ કાર્ય કરતો અટકાવીશ તેમ છતાં જો તે બેવફા મા રૂ નહિ માને તો નિર્દોષ જનોના કલ્યાણને અર્થે હુ અત્રે આપ સર્વની સમક્ષ "ભિષ્મ પ્રતિજ્ઞા" કરીને જણાવું છુ કે તે દુષ્ટના કલુષિત હૃદયમા આ સામે જણાતુ તીક્ષ્ણ ખંજર ભોકી દઇશ. બાદ હુ પણ મરીશ પણ તેને તો હુ કદાપિ દુષ્ટ

કર્મ નહિ કરવા દઉં, નિર્મળાએ પ્રતિજ્ઞા કરી.

ધન્ય છે! આર્ય રમણી તને ધન્ય છે! પણ નિર્મળા! અમારી સાથે રહેવાથી તા'રે ઘણુંજ કષ્ટ સહન કરવું પડશે. અહિં રાજ્ય સુખ નથી, પહેરવા પાથરવા વસ્ત્ર નથી તેમ જમવાનું અન્ન પણ ભરેલું નથી, તપસ્વિનીએ તેની પરિક્ષા કરવા કહ્યું.

માતા! આ તમારી બાળકીને હવે યત્કિંચીત પણ સુખની ઇચ્છા નથી, મો'ટા દુઃખરૂપી મહાલયમાં રહેવાની મરજી નથી માતાજી! આ તમારી બાળકીને ફક્ત આ દેહને ઢાંકવા જે કાંઇ ફાટુ તુટું વસ્ત્ર મળશે તે હોશથી ધારણ કરશે ને જમવાને માટે આ જંગલમા ઉત્પન્ન થતાં ફળ પ્રાસન્ન કરી જીવન ગુજારશે. દેવી! આ નિર્મળા હવે આજથી આપનીજ છે અને તે આપના સંકટોમા ભાગ લઇ દુઃખી જનોને દુષ્ટોના ત્રાસમાથી મુક્ત કરવા અનહદ અભિલાષ રાખે છે; માતા! દુખીના કલ્યાણને અર્થે આજથી આ મા'રી જીંદગી આપનેજ સ્વાધિન છે. આટલું બોલી નિર્મળા તપસ્વિનીના ચરણમા પડી.

ચરણમા પડેલી નિર્મળાને ઉભી કરી હૃદય સાથે ચાંપી તપસ્વિનીદેવી કહેવા લાગ્યાં. નિર્મળા! નિર્મળા! આજથી તુ મારી પુત્રી સમાન છે, તુ શાન્તિથી અત્રે નિવાસ કર આપણા દરેક કાર્યમાં પ્રભુ મદદગાર છે. અને તેની ઇચ્છા પ્રમાણેજ સર્વ કાર્ય થશે. નિર્મળા! અમે પણ અમારૂ જીવન પરોપકારનેજ અર્થે સમર્પ્યું છે. અમે પરોપકારને અર્થે લાખો અને કરોડો સંકટો સહન કરવાને તૈયાર છીએ અને દુ:ખી જનોનાં સંકટો

દૂર કરવા અત્યંત આતુર છીએ.

આ નિર્મળા પણ આપની આજ્ઞાનુસાર વર્તવા તૈયાર છે. નિર્મળાએ નમીને તેની ઇચ્છા જણાવી.

ત્યારબાદ પર્ણકુટીમાં શાન્તિ પથરાઇ ગઇ; તપસ્વિની પ્રભુના ધ્યાનમાં નિમગ્ન થઈ ધ્યાન ધરવા લાગ્યાં અને પછી થોડા સમયે ધ્યાનમાંથી મુક્ત થઇ કૈલાસને કહેવા લાગ્યાં. કૈલાસ! પ્રભુની ઇચ્છા હાલમા નિર્મળાને યોગિની બનાવવાની છે. માટે પેલી ભગવી કથા લાવ, કે તે કથા નિર્મળા ધારણ કરે.

તપસ્વિની દેવીની આજ્ઞાનુસાર કૈલાસે ભગવી કથા લાવી નિર્મળાને આપી, અને ઘણાજ આનંદથી નિર્મળાએ તે ભગવી કથા ધારણ કરી તપસ્વિની દેવીને નમન કર્યું. તપસ્વિનીએ ભગવી કથા ધારી નિર્મળાને આશિર્વાદ દઇ તેના કાનમાં પ્રભુનો મહામંત્ર મુકયો. બાદ સર્વ પ્રભુ ભજન કરવા લાગ્યાં.

પૂર્વ દિશામા ગુલાબી રંગ જણાવા લાગ્યો ને પ્રાત:કાળની તૈયારી થવાથી શુક્રનો તારો સૂર્યની બીકથી ધીમે ધીમે આકાશમાં અદૃશ્ય થતો જણાવા લાગ્યો. દૂર વૃક્ષોના કુંજમા કોયલો મધુરા ટહુકાર કરવા લાગી. એટલામા ત્યાથી દૂર વહેતા સરિતાના પ્રવાહમાં કોઇક સ્નાન કરવા આવેલા ભાવિક ભક્તના ગાનના સ્વર સંભળાયા.

પ્રેમી પ્રેમને પરહરો, ધરો પ્રભુનુ ધ્યાન,
સૂર્ય ઉદય પહેલા કરો, આ ગંગામા સ્નાન,

પ્રાત:કાળ થવાની સુચના સુચક ગાન સાંભળી કૈલાસ તપસ્વિનીના સામે જોઇ કહેવા લાગી. માતાજી! પ્રાત:કાળ થયો,

ને હવે હું આજ્ઞા માગું છું.

પુત્રી! ક્યાં જવાની આજ્ઞા માગે છે? તપસ્વિનીએ પૂછયું.

દુષ્ટોના આવાસમાં, કારણ કે આજકાલમાં તેઓ કંઇક ભયંકર કાવત્રું રચનાર છે. કૈલાસે જવાનુ કારણ જણાવ્યું.

કૈલાસ જા! પરોપકારના કાર્યમાં જતાં હુ તને રોકી શકતી નથી, પુત્રી જા! શ્રીકૃષ્ણચંદ્ર તા'રૂં રક્ષણ કરશે. બેટા કૈલાસ! દુષ્ટોથી સાવધ રહેજે, ને તેમના ભોગ થતા નિર્દોષ જનોને ચાલાકીથી બચાવજે. ત્યારબાદ સમાચાર જણાવવા અત્રે જલ્દી પાછી આવજે, તપસ્વિનીએ જવાની આજ્ઞા આપી.

માતાજી! મા'રી ચિન્તાનો ત્યાગ કરો હું તે દુષ્ટોથી ઘણીજ સાવધ છું તેમજ પ્રભુ કૃપાથી તેમના ગુપ્ત ભેદોથી પણ પૂર્ણ માહિતગાર છુ અને તેથીજ હવે થોડા સમયમા તેમનુ નિકંદન કાઢવા ઇચ્છુ છું. લ્યો માતાજી હવે હુ જાઉ છું. આ બાળકીના આપને પ્રણામ છે. કહી કૈલાસ નમન કરી ત્યાંથી રવાના થઇ ગઇ.

કેવી મધુરીને હિંમતવાન છોકરી! એટલુ મનમા બોલી તપસ્વિની દેવી ચાલી જતી કૈલાસને દૃષ્ટિ મર્યાદાની બહાર ગઈ ત્યા સુધી જોઇ રહ્યા. ત્યારબાદ પ્રાત કર્મ કરવા તેઓ સર્વ મંડળને લઇ સરિતા કિનારે જવા લાગ્યાં.

પ્રકરણ ૧૨ મું.

ભવાટવીમાં ભટકતો પ્રવાસી.

ગઝલ.

કોઇ દિન ટાઢને તડકો, કોઈ દિન ભુખનો ભડકો.
કોઇ દિન લક્ષ્મીની લહેરો, કોઇ દિન રંકનો ચહેરો
અમીરી કોઇ દિન આવે, ફકીરી કોઇ દિન આવે
કોઇ દિન હરત જન જોડે કોઇ દિન માન જન મોડે
કોઇ દિન ગામમા ફેરા. કોઇ દિન જંગલે ડેરા
કોઇ દિન પુન્યની યારી, કોઇ દિન દુખની કયારી
અવસ્થા સર્વ નહિ સરખી, હરખજે ધર્મને પરખી.
બુધ્ધ્યબ્ધિ ધર્મની સેવા, હમારે શુદ્ધ એ મેવા

મુનિશ્રી બુદ્ધિ સાગરજી

સૂર્યનારાયણ સખ્ત ગરમીથી પ્રકાશતા હતા, પરસેવાના ઝેબેઝેબ વળતા હતા, મધ્યાન્હ કાળના સખત ઉકળાટથી પક્ષિયો પણ તેમના માળામા સુખે આરામ લેતા હતા થોડા થોડા સમયે વા'તા વાયુથી વૃક્ષોનાં પાદડાં ખડખડી ઉઠતા હતાં આવા બરા બપોરના સમયે અમરાવતીના પર્વત પ્રદેશના જંગલમાં થઇને એક સુમાર યુવાન પ્રવાસી પ્રવાસના

શ્રમથી શ્રમિત થયેલો, વિશ્રાન્તિને માટે શિતળ છાંયા શોધતો ચાલ્યો જતો હતો. માર્ગમાં અનેક વૃક્ષો ઉગેલાં હતાં છતાં ચાલનાર પ્રવાસીને એકે વૃક્ષ અનુકુળ લાગતું નહિ. એવી રીતે ચાલતાં પ્રવાસી યુવાન આખરે એક ઘટાદાર વૃક્ષ નીચે આવી અટક્યો, અને એ વૃક્ષની ઘાડી ઘટા જોઇ આનંદ પામ્યો.

પ્રવાસી શિતળ વૃક્ષની નીચે બેસી, પાસે રાખેલા એક કપડાના કટકાથી મુખ પર બાઝેલાં પરસેવાનાં બિંદુઓ લ્હોવા લાગ્યો, વૃક્ષની શિતળ છાયા અને મંદમંદ વ્હાતા વાયુથી શ્રમિત થયેલા યુવાન પ્રવાસીની આંખો નિદ્રાથી ઘેરાવા લાગી, ને તેથી તે પ્રવાસી હાથનું ઉશીકું કરી જમીન પર સુતો અને અલ્પ સમયમાં નિદ્રાને વશ થઇ ગયો.

પ્રવાસી યુવાનનું વય વિસ વર્ષનું હતું. મુખ પર મુછનો દોરો ફુટેલો હતો, મુખ ગૌર હતું પણ અત્યારે સખ્ત તડકામાં કરેલા પ્રવાસથી ગુલાબી રંગનું જણાતું હતું. શરીર પર સફેદ મલમલનું પહેરણ અને ધોતીયું પહેરેલું હતું, તેનું માથું ખુલ્લું હોવાથી તેના વાંકડીયા લાંબા બાલ પવનથી વિખરાઈ ગયા હતા, તેના કપાળ પર ભસ્મની ત્રણ રેખાઓ માલુમ પડતી હતી. શ્વેત પહેરણ પર મરીના દાણાથી પણ ઝીણા મણકાની રૂદ્રાક્ષ માળા કંઠમાં શોભી રહી હતી, નિદ્રાધિન પ્રવાસીના પડખામાં એક નાની પોટકી હતી. વાચકે ! ચાલો આપણે તપાસીએ કે તે નાની પોટકીમાં શું છે ? તેની પોટકીમાં એક પંચીયું હતું ને તે પંચીયાની બેવડમાં શ્રી ભગવદ્ ગીતાનું પરમ પવિત્ર પુસ્તક મુકેલું હતું, તેમજ એક પાણી પિવાનું નાનું પવાલું પણ અંદર હતું. એ સર્વ સાહિત્યોની સાથે એક

પાચ બ્હારની નાનકડી પિસ્તોલ પણ અંદર બાંધેલી હતી, આવા સુકુમાર યુવાનને શામાટે આ ભયંકર પ્રદેશમાં આવવું પડયુ હશે ?

સૂર્યની ઉષ્ણુતા ધીમે ધીમે ઓછી થવા લાગી ને સાથે નમતો પહોર પણ થવા આવ્યો. પક્ષિયો કિલકિલાટ કરતાં માળામાથી નીકળી આમતેમ ઉડવા લાગ્યા, એવે સમયે નિદ્રીત પ્રવાસી યુવાન શાન્ત નિંદ્રા લઇ જાગ્રત થયો, અને આંખ્યો ચોળતો ઉભો થઇ કપડાં ખખેરવા લાગ્યો. બાદ મુખ ધોવા પાસે વહેતા ઝરા નજીક ગયો. ઝરાના સ્વચ્છ જળથી હાથ મુખ વગેરે ધોઇ નિર્મળ જળ પી પુન: તે યુવાન વૃક્ષ નીચે પાછો આવ્યો.

વૃક્ષ નીચે થોડીવાર શાન્ત બેસી રહી આસપાસ જોઈ મન સાથે બોલવા લાગ્યો હા, આ ચરણો ચાલી ચાલીને આખરે થાકી ગયા. હા, અમરાવતી નગર હજી કેટલે દૂર હશે ? ઓ વિશ્વનિયતા ! આ હતભાગ્યની ઉપર આટલું બધુ દુખનું વાદળ છવરાવવામા આપની શું ઇચ્છા છે ? દયાળુ ! હુ તો તમારા ચરણકમળનો દિન સેવક છું છતા આ શું ? પ્રભુ ! મને કાંઈ સમજ પડતી નથી નારાયણ ! દયા કરો, હવે હદ થઇ; કષ્ટ સહન કરવામા ખામી રહી નથી. આટલું મન સાથે બોલી તે પ્રવાસી દુ:ખી હિર્દે બોલવા લાગ્યો.

તુલસીકૃત રામાયણનો રાગ.

દુખ દર્ગામા ડુબકી મા રી,
બીડભજન હવે લેશો ઉગા...રી,
ઉપર આભ નીચે ધરણી દેખા ય,

દશા દેવી કર રંકને સ્હા . ય.
સરજનહાર તણોજ આધા...ર,
ત્યાંય ત્યાંય જગથી ફિરતા . ર.
કર્મે લખ્યુ મિથ્યા કેમ થા . ય,
અંતરયામીને સઘળું દેખા...ય.

અતે પ્રભુને પ્રણામ કરી વનલીલા અવલોકવા લાગ્યો. પર્વતોની લાંબી હારો અને ઉગેલાં વૃક્ષો નીહાળતો યુવાન આનંદ પામવાને બદલે એક ઉંડો નિશ્વાસ નાંખી ઉભો થઇ આત્મગત બોલવા લાગ્યો. બસ હવે એમજ થવાનું; સુખ ભોગવવાની મૃગજળ સમાન આશામા ખેંચાતા આ શરીરે આજપર્યંત ઘણાજ કષ્ટો સહન કર્યા, છતાં સુખની આશા હવે વ્યર્થ છે. અવશ્ય હવે આ નામધારી વિશ્વેશનો દેહ પડવાનો. પ્રિય વાચકો ! તમે આ પ્રવાસીને ઓળખ્યો હશે ? તે પ્રવાસી વિશ્વેશકુમાર હતો.

મહાત્માની આજ્ઞાનુસાર વિશ્વેશ અમરાવતી જવા નિકળ્યો હતો. દુ:ખી વિશ્વેશે યોગેન્દ્રના ગયા પછી ઘણુજ કલ્પાંત કર્યું હતું ત્યારબાદ બાધેલી પર્ણકુટીનું વિસર્જન કરી અમરાવતી તરફ આવવા પ્રયાણ કર્યુ હતુ.

મનમાં અપાર કષ્ટનો વિચાર કરતા વિશ્વેશ આખરે આત્મહત્યા કરી મરવા તૈયાર થયો. પર્વતપર ચઢી નીચે કુદી પડવાનો નિશ્ચય કરી વિશ્વેશ પર્વત ઉપર ચઢવા લાગ્યો. એવામા તેના હૃદયમાં એકાએક વિચાર સ્ફુરી આવ્યો. અરે ! શું આ દેહનો આવી રીતે અંત આવશે ? ઓ ! હાય ! પછી જો

મા'રી વિશ્વપ્રભા જીવતી હશે તો તેનું શું થશે?! વિશ્વેશ વિચારમા કંપ્યો, મન પાછું પડયું, જીદગીનુ સાર્થક સમજાયું. કરેલા મલિન વિચારનુ હાષ્ય કરી વિશ્વેશ બોલી ઉઠયો. ઓ ! સત્ય ધર્મને અનુસરી ચાલનાર વિશ્વેશ! આજે તા'રા હૃદયમા કેવો દુષ્ટ વિચાર ઉત્પન્ન થયો ? હાય! જો મા'રા પુજ્ય ગુરૂશ્રીના જાણુવામા આવો વિચાર આવે તો તેમને કેટલું બધું કષ્ટ ઉત્પન્ન થાય? ક્ષમા! ગુરૂદેવ ક્ષમા! હુ અજ્ઞાન! ભ્રમણામાં ભુલી આપના અમુલ્ય વચનામૃતનું મનન ન કરી શકયો, અને તેથીજ આ દુષ્ટ હૃદયમાં આત્મ ત્યાગનો મલિન વિચાર ઉત્પન્ન થયો આવી રીતે મનમાં શોચ કરી વિશ્વેશ આકાશ સામે જોઇ બોલવા લાગ્યો. ઓ! સર્વ વ્યાપી પ્રભુ! હવે! આ અનાથનો હાથ ઝાલી આ સસાર સમુદ્રમાથી પાર ઉતારવાની કૃપા કરશો. હુ આ સસારને નથી ઇચ્છતો, તેના ક્ષણીક સુખને નથી ચાહતો હુ સર્વ ત્યાગુ છુ, પણ ...પણ ફકત એક વિશ્વપ્રભાના નિષ્કામ પવિત્ર પ્રેમને દિલમાથી દૂર કરતા કપુ છું. ધ્રુજુ છુ ને તેના દૈવી પ્રેમને પુજુ છું. એવી રીતે બોલતો વિશ્વેશ વિશ્વપ્રભા યાદ આવતા હૃદયમા જાણે અત્યત દુઃખી ન થતો હોય એમ એની આખોમા ઝળઝળીયા જણાયાથી અનુમાન થવા લાગ્યુ, અને ખરા હૃદયથી તેના દૈવી પ્રેમને ધન્યવાદ દઇ બોલવા લાગ્યો. ઓ વિશ્વપ્રભા! ઓ આ હિનભાગ્યના માટે સંકટ સહન કરતી પવિત્ર બાળા વિશ્વપ્રભા! તારા દૈવી પ્રેમને ધન્ય છે વિશ્વપ્રભા! મા રા પ્રેમમા બળીદાન થઇ દુઃખ સહન કરતી બાળા! તુ તારા દુષ્ટ પિતાના નાશી ગયા પછી એકલી કયા જંગલનો આશ્રય કરતી હઇશ! પુનઃ થોડીવાર શાન્ત રહી જ્ઞાન|

વિશ્વેશ દિવાનાની માફક બોલી ઉઠયો. વિશ્વપ્રભા ! સુંદરતાની દેવી સમાન પવિત્ર રમણી ! આ તા'રો વિશ્વેશ ! તા'રા દેવી પ્રેમમા મસ્ત બની તારાજ નામથી પ્રભુને પોકારતો અને તા'રીજ આશાએ જીવતો તારી શોધમા જંગલે જંગલ ફરે છે. રાત્રિ દિવસ તા'રા વિચારથી હૃદયમાં ઝુરે છે; અને આવી દિન દુ:ખી હાલતે આ ભવાટવીમા ભમે છે. તા'રા વિના સવ સસાર સ્મશાન સમાન ભાસે છે. વિશ્વપ્રભા ! તા'રી શોધને માટે મે ઘણાજ પ્રયત્ન કર્યા છે, વિધાતાના વાકથી આ વિશ્વેશ તારા દેદારનાં દર્શન કરવાને ચાર ચાર વર્ષથી એક દિવાનાની માફક ભટકે છે છતા તને મળવાને ભાગ્યશાળી થતો નથી. હાય!

ખોળ કરી અવની મહિ, જોયા જગલ ધામ;
રામા રતન દીઠું નહિ, હાય ગઈ મૂજ હામ.

મનોહારી વલ્લભા ! આ તા'રા વિશ્વેશની દયાજનક સ્થિતિ તો જો ! અને તેના હૃદયમા તો તપાસ કર કે તા'રાજ નામની લગ્નિ લાગી રહી છે.

શાર્દુલ.

દેખી પદ્મ પડે યાદ મુજને, પ્રિયા તણા નેત્રની
આકાશે શશિ સામુ જોઉં, ઝળકે કાન્તી પ્રિયા મૂખની.
આવે કોકિલ યાદ સાદ સુણતા કાન્તા તણા કંઠનો
દેખુ રાજ સુહંસ અત્ર કરતા, ચતુરા તણી ચાલના.
દાખું દાડમની નવીન કળિઓ, પંકિત પ્રિયા દતની.
વાડીમા કદળી કળેલ મળતી, જોડી ખરી જઘની.
આ ગુલાબ બરાબરી કરી શકે, ગોરી તણા ગાલની;
કાળોનાગ સમાન માન ઉપમા, વામા તણી વેણીની × ×

હા વિશ્વપ્રભા! આવીજ રીતે તને યાદ કરી મા'રૂ હૃદય શાન્ત કરૂં છું, હૃદયેશ્વરી! ફક્ત તા'રીજ આશાથી હુ જીવું છું.

પ્રાણ સમાન પ્રિયતમા ! ત ને શોધવા અપાર શ્રમ કર્યો ને તેમાં નિરાશ થઇ પાછો ગુરૂશ્રીને આશ્રમે ગયો, હાય ત્યાં પણ વિઘ્ન સતોષી વિધાતાના પ્રાબલ્યે થોડા દિવસ થતામાં તો પવિત્ર યોગેન્દ્રના વિયોગનો સમય આવ્યો. ગુરૂજી ગમન કરી ગયા ને આ દુ:ખી વિશ્વેશને સાથે ન લેતા ગયા. હાય એક પછી એક દુ:ખનાં વાદળો છવાય છે અને હજી શુ ખબર કે આ પ્રારબ્ધમા શુ લખાયું હશે! બોલતાં બોલતા તેના હૃદયમા દુ ખનો ઉભરો ભરાઈ આવ્યો, આખ્યોમા દિનતા સાથે અશ્રુઓ જણાવા લાગ્યા. વિશ્વેશ! દુ ખનો ઉભરો ચઢી આવવાથી હૃદયને હલકુ કરવા, આંખ્યોમાથી અશ્રુ શ્રાવતો ઉચે નિહાળી ગદગદ ક ઠે ગાવા લાગ્યો.

ગઝલ.

ગયા ગુરૂ તજી મા'રા, ગઇ વ્હાલી પ્રિયેદારા.
ફરૂ દુ;ખી થઇ હુતો, ન જોઉ વ્હાલીને ક્યાતો.
થઇ દુ ખી પ્રિયા મા રી, પિતાના ક્રોધથી ભારી;
પ્રિયાના પ્રેમને ત્યાગી, હવે આવ્યો હુતો આહિ
રહ્યા સંકષ્ટ મન માન્યા, તજ્યા સૌ સ્નેહિયો ત્યાના·
ભમુ વનમા પ્રિયા માટે, કહો છો ક્યા? કઇ વાટે?
પ્રિયાના પ્રેમને જાણી, હૃદય જાયે બળી ભાઇ;
પ્રિયાનો પ્રેમ વિસારો, નથી દુ ખ સિંધુનો આરો.

દુ:ખની સમાપ્તિ થાય એમ હું હવે ધારતો નથી, તેમજ વ્હાલી વિશ્વપ્રભાને મળવાની કાંઇ આશા નથી તો હવે શામાટે પ્રિયાને મળવાની આશા રાખવી! આટલું બોલી પુન: પાછો આગળ ગાવા લાગ્યો.

ભુલી જાજો પ્રિયા મુજને, ન ભુલે પ્રેમી આ તુજને;
પિતા ક્રોધે બચાતો ના, ગણીને સ્વાર્થ સગાઈ.
કૃતઘ્નિને ભુલી જાજો, પ્રિયા હો ત્યા સુખી થાજો;
વિનંતી નાથ ઉર ધારો, પ્રિયા મા'રી સુખી રાખો.

આટલું ગાતાં આંખ્યોમાંથી અસ્ખલિત અશ્રુધારા વહેવા લાગી.

નથી પિતા નથી માતા, ગયા વ્હાલા ગુરૂ ત્રાતા,
હવે હું એકલો આહિં, કરૂં શુ રે જવુ કયાંઇ?
ઑ વિશ્વપ્રભા વ્હાલીરે, પીડાઈ પ્યારી તુ ના રે,
કરૂં શું! પ્રાણુ પ્યારી કે', મળીને વાત તારી કે'?

પછી પોતાના હૃદય સામે જોઇ કહેવા લાગ્યો.

અભાગી જીવ મારારે, તજી શુ વ્હાલી દારારે!
હશે કયા દિલદારાએ, થયો સ્વાર્થિ હુ તોરે

ખરેખર! આ પ્રાણને બચાવવાના સ્વાર્થથી તને તજીને હુ ચાલ્યો ગયો. આ સ્વાર્થિ જીવ! તારા પ્રેમનો પોષક બનવાને બદલે પ્રેમમાં તરફડતી પખિણીને શિકારી ભીજાળમાં એકલી રહેવા દઇ ચાલ્યો ગયો. આટલું મન સાથે બોલી બાહ્ય શરીર સામે જોઇ પ્રેમઘેલો વિશ્વેશ બોલવા લાગ્યો. સુખને ચાહનારા સ્વાર્થિ શરીર! તુ પ્રિયાને

તુજી આ જંગલમાં ફરે છે. આ સ્વાર્થિ ચરણો વિશ્વપ્રભાને શોધતાં થાકે છે પણ મરણને શરણ થવાના સમયે નાશી છુટવાને ઉત્સુક થતા હતા. અરે! આ તનમાં રહેલું મન પણ ખૂનીયોની તરવાર સહન કરવાને ગભરાતું હતું અને શી રીતે બચવું? એમ ઇચ્છતુ હતું. ખરેખર! આ પંચમહાભુતનું ખોળીયું સ્વાર્થથીજ ભરેલું છે. ઓ શરીરપર રહેલી સ્વાર્થિ ભુજાઓ! તમે તુટી પડો, કારણ કે પ્રિયતમાને માટે તમે કંઇ કર્યું નથી. સ્વાર્થિ ચક્ષુઓ? તમે પ્યારીના પ્રેમને બરાબર પારખ્યો છે, છતાં તમે પણ મરણના સમયે દિલગીરીની છાયા દર્શાવતાં હતાં તો તમને હવે કદાપિ સુખ મળશે નહિ. તમારા સર્વ કરતા મા'રી પ્રેમ પ્રતિમા વિશ્વપ્રભા ઘણેજ દરજ્જે ઉત્તમ છે. કે જે મારા વિયોગ સમાચારના શ્રવણ માત્રથીજ સંસારનો ત્યાગ કરી ચાલી નીકળી છે. હા! તેના વિયોગમાં વર્ષોનાં વર્ષ વહિ જવા આવ્યા, છતાં પણ વ્હાલીના મુખને જોવાની આશા સફળ ન થઇ. વિશ્વપ્રભા! પવિત્ર વિશ્વપ્રભા! આવિશ્વેસને હવે તારા વિના સર્વ સંસાર વેરાન જંગલ સમાન ભાસે છે.

આટલુ બોલી વળી કાંઈ યાદ આવતાં ગાવા લાગ્યો.

મધુરા પંખીયોના સુર, સુણી આસુ વહે મુજ ઉર,
મધુર તુજ વાક્યની ધારા, કહે ક્યા છે તું દિલદારા!

બસ! આ વિશ્વેશનું તન, મનને સર્વ, વિશ્વપ્રભાજ છે. તેને મળવાની આશા છે ત્યા સુધી તુટી પડતા દુઃખના ડુંગરોને સહન કરવા આ વિશ્વેશ તૈયાર છે.

રસીલી મારી એ શ્યામા, પ્રેમી એ છે ખરી વ મા,
દુ:ખી પ્રેમી હું તેનો છુ, વિના વ્હાલી હૂં ઘેલો છુ.
કહો વ્હાલી નહિ મળશું ? સદાયે કષ્ટ શું સહિશું ?
ના, ના, પ્રિય શોધીશ હું, મળીશ ફરી તને તો હું.

ગાન પુરૂ થયું, વિશ્વપ્રભાની શોધમાં નિરાશ થયેલા વિશ્વેશના હૃદયમાં પુન: તેની શોધની હિંમત ઉત્પન્ન થઇ. જંગલમાથી ભાગ્ય દોરી જાય ત્યા જવાને મન ઉત્સુક થયુ, ને તેની સાથેજ દિવાનાની સ્થિતિ અનુભવતો વિશ્વેસ શાન્ત થઇ આગળ જવાને તૈયાર થયો.

સમય ઘણો વ્યતિત થઇ ગયો હતો, ભાનુદેવ પશ્ચિમ દિશા તરફ ગમન કરતા હતા, આકાશમા ધીમે ધીમે લાલરંગ ફેલાતો હતો. તાપથી તપેલી જમીનપરની રેતી થંડી થવા આવી હતી. જવાને તૈયાર થયેલા વિશ્વેશે પુન: આસપાસ જોઇ અહિં સૌદર્ય અવલોકયુ ને તે સૌદર્યતાના સ્રષ્ટાને પ્રણામ કરી વિશ્વેશે આગળ જવાને પગલું ભર્યું. પણ એવામાં એકાએક તેના કાને કોઇના આવવાના પગલાનો અવાજ સભળાયો. આગળ વધતો વિશ્વેશ ત્યાંજ અટકયો ને આંખો ખેચીને સભળાતા અવાજ તરફ લક્ષ રાખીને જોવા લાગ્યો. તો તેની અત્યત અજાયબીની અદર બે શ્યામ વસ્ત્ર ધારી વિક્રાળ દેખાવના પુરૂષો ત્યા આવતા નજરે પડયા. તેમને નિહાળી વિશ્વેશ આશ્ચર્ય પામ્યો ને મનમા વિચારવા લાગ્યો કે, અરે! આ ભયાનક પ્રદેશમા આવનાર, આ સામે જણાતા કાળા વસ્ત્ર ધારી કોણ હશે! તેમના વિક્રાળ દેખાવપરથી અનુમાન થાય છે કે તેઓ અત્રે કઇક ભયકર

કાર્યને માટે આવતા હોવા જોઇએ? નક્કી એમજ! કારણ કે તેમના ચ્હેરા ભયાનક ને આંખ્યો ખૂની જણાય છે. હા, શુ ખબર કે તેઓ કોણ હશે, ને શા માટે અત્રે આવ્યા હશે. લાવ! આ પહાડની પોલાણમાં છુપાઇ જોઉ કે તેઓ અહિં શુ કાર્યને માટે આવ્યા છે. વિચાર કરી વિશ્વેશે પોટકી છોડીને તેમાંથી તેની નાનકડી પિસ્તોલ બ્હાર કાઢી અંદર કારતુસો ગોઠવી, પોટકી લઇ પહાડની પોલાણમાં ચુપકીથી બેસી આવનાર કાળાં વસ્ત્રધારીયોને ધ્યાનપૂર્વક જોવા લાગ્યો.

પ્રકરણ ૧૩ મું.

વિલક્ષણ યોગ.

સષ્ટા તણા સંસારમા, ભકતજન પીડાય છે,
પણ ધૈર્ય ધરના પ્રભુ રટતા, આખર જન પુજાય છે

વિશ્વેશને છુપાઇ રહે થોડીવાર થઇ એ અરસામાં તો આવનાર બે શ્યામ વસ્ત્ર ધારી, વિશ્વેશ પ્રથમ જે વૃક્ષ નીચે સુતો હતો ત્યાં આવી પહોચ્યા. તેઓએ કાળા ઝબ્બા ધારણ કર્યા હતા, તેમનાં માથા ખુલ્લા હતા. તેથી તેમના લાંબા બાલ ગરદન પર લટકી ભયંકરતામા વધારો કરતા હતા તેમની મુખાકૃતિનો રંગ ઘઉંવર્ણો જણાતો હતો. એવા ખૂની આંખોના દેખાવવાળા એ પુરૂષોએ કાળા ઝબ્બા પર કમ્મરે લાંબી સમશેરો લટકાવી હતી. માનો યા ન માનો પણ આ શ્યામ શાક્ષા ધારી કંઇક ભયંકર કાર્યને અર્થેજ ત્યા આવેલા હોવા જોઇયે.

તે બને માણસો વૃક્ષ નીચે આમ તેમ ફરતા કોઇકની આતુરતાથી જાણે આવવાની રાહ ન જોતા હોય એમ વારે વારે માર્ગપ્રતિ દ્રષ્ટિ કરતા હતા. એવી રીતે થોડીવાર શાન્તિથી ફર્યો પછી તેમાંનો એક બીજાને ઉદ્દેશી કહેવા લાગ્યો. ભાનુમલ! હજી એ આ તરફ આવ્યો હોય એમ જણાતુ નથી.

ના નામદાર! પણ તે નગરમાંથી તો નિકળ્યો છે, એ તો જાણ્યું ચોક્કસ અને તે આ જંગલમાંજ આવનાર છે એવી ખરી બાતમી પણ મળી છે. ભાનુમલે જણાવ્યું.

પ્રિય પાઠકો! આ કાળા ઝબ્બાધારી માણસો તે બીજા કોઇ નહિ પણ સેનાપતિ અજીતસિંહ તથા તેનો વિશ્વાસુ સરદાર ભાનુમલ છે. તેઓ શૈલેશકુમારનો સંહાર કરવાને આ જંગલમાં આવ્યા છે.

અજીત નિર્મળાને ઘાયલ કરી તેની પાસે જતાં, અકસ્માત કાળી આકૃતિને જોઇ ગભરાયેલી હાલતે નાશી ગયો હતો. અને જેમ તેમ રાત્રિ ગુજારી પ્રાત:કાળમા ભાનુમલને ત્યાં જાઇ તેને સર્વ વાતથી માહિતગાર કરી શૈલેશની બાતમી લેવા મોકલ્યો હતો. ત્યારબાદ ભાનુમલ ખબર લઈ આવ્યો કે શૈલેશકુમાર આજ સાજના શિકારે જનાર છે. બરાબર હકીકત મેળવી અજીત ભાનુમલ અને એક વ્હેમીમલ નામના માણુસને સાથે લઈ, છુપો પોશાક ધારણ કરી શૈલેશ જ્યા શિકારે જનાર હતો ત્યાં જવાને સાંજના સમયે નિકળ્યો હતો. વ્હેમીમલને શૈલેશના આવવાના માર્ગપર બેસાડી, તે આવે તો જલ્દી સમાચાર જણાવાનું કહી બન્ને જણા એક વૃક્ષ નીચે ફરતા હતા ને ક્યારે વ્હેમીમલ શૈલેશના આવવાના સમાચાર લાવે એવી આતુરતા ધરાવી રહ્યા હતા.

સમીસાજ થવા આવી એ અરસામા વ્હેમીમલ ત્યાં શ્વાસભર દોડી આવ્યો ને અજીતને નમન કરી જણાવ્યુ કે, નામદાર! કુમાર શૈલેશ આ તરફ આવે છે.

આપે કોઇ છે ? અજીતે પ્રશ્ન કર્યો.

કોઇ નથી નામદાર ! મ્હેરમીમલે નમનતાઇથી જવાબ આપ્યો.

બહુ સારૂં, હવે આપણે ચાલો આ પાસેની ખીણમાં છુપાઇએ અને શિકારને જાળમાં સપડાવીએ. કહી અજીત તે બન્નેને લઇ ખીણમાં છુપાઇ ગયો. પેલી તરફ પર્વતની પોલાણમાં છુપાગેલો વિશ્વેશ પણ તેઓની વચ્ચે થયેલી વાત સાંભળી આશ્ચર્ય પામ્યો અને આવો વિલક્ષણ પ્રકાર જોઇ સ્તબ્ધ બન્યો ને હવે શું થાય છે એ જોવાના ઇરાદાથી આતુર નજરે જોઇ રહ્યો.

અલ્પ સમયમાં તો અજીત જેની ઉત્કંઠાથી રાહ જોઇ રહ્યો હતો તેજ અમરાવતીનો પાટવી રાજકુમાર શૈલેશ ત્યાં આવી પહોચ્યો. શૈલેશે શિકારી પોશાક પહેર્યો હતો, કમ્મરે સુવર્ણ મુઠની લાંબી સમશેર લટકતી હતી. ખભે ધનુષ્ય ધારણ કર્યું હતું, વામકરમાં પાંચેક ચળકતાં તીર પકડેલાં હતાં. શિકારનો શોખીન શૈલેશ થોડીવાર આમતેમ નિહાળી આત્મગત બોલવા લાગ્યો. અહા ! સિંહના શિકારમાં હું ભુલ્યો, સિંહ ચોટ ચુકાવી અદ્રશ્ય થઇ ગયો. હું પણ કેવા વિચાર વિનાનો કે ત્યા અશ્વને છુટો મુકી ફરતાં ફરતાં અહિં સુધી આવી ચડયો. હમણાં રાત્રિ પડશે, અમરાવતી પહોંચતાં અંધકાર થઇ જશે; કારણ કે છુટો મુકેલો અશ્વ મને ઘણીવાર સુધી નહિ જોતાં નગર તરફ રવાના થઇ ગયો હશે. માટે ચાલ આજે પગે ચાલતાંજ આ ટુંકા રસ્તે થઇને જલ્દી અમરાવતી પહોંચી જાઉં. કહી શૈલેશ ચાલવા લાગ્યો.

હજી તો તે પુરો પાંચેક કદમ આગળ ચાલ્યો નહિ હોય

એટલામાં તો છુપાઈ રહેલો અજીત બે માણુસો સાથે શૈલેશની સમક્ષ ધસી આવ્યો. પોતાની સામે ત્રણ જણાને ધસી આવેલા જોઈ તથા તેમનો ખૂની દેખાવ જોઈ શૈલેશ ક્ષણભર સ્તબ્ધ બની ગયો, પણ આખરે કંઈક વિચાર ગોઠવી તેમને પૂછવા લાગ્યો. અરે! તમે કોણ છો! અને આવી રીતે માં'રી સામે ઉભા રહેવાનુ શુ કારણ છે?

અમે ગમે તે છીએ તે જાણુવાનું તા'રે શું કામ છે? ભાનુમલ બોલી ઉઠયો

તેમજ જો ખાસ જાણુવુ હોય તો જાણી લે કે અમારે તારૂજ કામ છે. વ્હેમીમલે જણાવી દીધુ.

એમ! તમારે મારૂં કામ છે તો પ્રથમ જણાવો કે તમે કોણ છો! શૈલેશે પ્રશ્ન કર્યો.

અમે યમદૂતો છીએ, અને તા'રૂં ખૂન કરવા ઇચ્છીએ છીએ. ભાનુમલે જવાબ આપ્યો.

શુ મા'રૂં ખૂન? શૈલેશ ચમકી બોલી ઉઠયો.

હા, અમરાવતીના પાટવીનુ ખૂન. પ્રશ્નનો જવાબ મળ્યો

અરે! એ અભિમાનીગો! આ શૈલેશનુ ખૂન કરતા ક્યાંક તમે ખૂનમા તરબોળ થઈ ન પડતા એ ખુબ યાદ રાખજો. આ શૈલેશ એક સમયે પ્રભુ કૃપાથી યમદૂતોને પણ શિક્ષા કરવા સમર્થ છે. અધમો! હવે તમે મા'રા હાથથી કદાપિ બચનાર નથી. પણ તે પહેલા મા'રે જાણુવું જરૂરનુ છે કે રાજ-દ્રોહિયો તમે કોણ છો? ને મારૂં ખૂન કરવાનું કારણ શું છે? શૈલેશે નિર્ભયતાથી પ્રશ્ન પૂછયો.

કારણુ હું જાણતો નથી પણ એટલુંજ જાણું છું કે કારણમાં આ તરવાર છે ભાનુમલે મર્મથી તરવાર ખેંચી જવાબ આપ્યો.

ચુપ થા શેતાન! તા'રા કારણમાં તરવાર છે તો આ શૈલેશ તેનો બદલો વાળવા તૈયાર છે, શૈલેશે ભાનુમલને આવેશથી ધક્કો મારી કહ્યું. શૈલેશના ધક્કાથી ભાનુમલ દૂર હઠયો. એટલામાં તો શૈલેશે ખભા પરથી ધનુષ્ય ઉતારી તેની પર તીરનું અનુસંધાન કરી ભાનુમલ પર તાકીને ફેંકયુ. દૂર ઉભેલા ભાનુમલના હૃદયમા શૈલેશનું તીર પેઠુ. ભાનુમલ કારમી ચીશ નાંખી જમીન પર પડી તરફડવા લાગ્યો; ને થોડીવારમાં વેદનાથી પીડાતો ભાનુમલ અજીતના સામે છેલ્લીવારની નજર કરી મરણને શરણ થઈ ગયો.

ભાનુમલને મ્રત્યુ પામેલો જોઇ દૂર ઉભેલો અજીત ઉશ્કેરાયો ને ભયંકર ગુસ્સાના આવેશથી રક્તનેત્રે શૈલેશની સમક્ષ ધસી આવી પૂછવા લાગ્યો. શૈલેશ! મા'રા માણસનુ ખૂન? તુ મ'ને ઓળખે છે?

નહિ, પણ અત્યારે તને જોતા જણાય છે કે તુ આ અધમોનો સરદાર હોવો જોઇયે, શૈલેશે ગુસ્સાથી જવાબ આપ્યો.

શૈલેશ! હુ સરદાર નથી પણ તારા રક્તનો તરસ્યો સેનાપતિ અજીત છુ.

"ઓહ! કોણ અજીતસિંહ?"

"હા અજીતસિંહ! કેમ હવે ઓળખાણ પડી?"

"હા, ઓળખ્યો! અજીત હવે મ્હેં તને બરાબર ઓળખ્યો. સેનાપતિ અજીત! બોલ જવાબ દે કે તારો વિચાર

મ'ને મારવાનો છે? તેમજ તું એક વફાદાર સ્વામિભક્ત હતો છતાં આજે આ શું?"

"સ્વાર્થ આગળ વફાદારી કંઈ વિસાતમાં નથી, એ તું જાણે છે?"

"અજીત! તા'રો સ્વાર્થ શું છે?"

"તા'રો તેમજ રાજાનો નાશ કરી મહારાજા થવાનો સ્વાર્થ છે."

તે તારો સ્વાર્થ મૃગજળ સમાન છે. ઓ! સ્વાર્થાંધ અજીત! મે આજે બરાબર જાણ્યું કે તું બેવફા બની રાજદ્રોહી થયો છે. તેમજ નીચ તુખમના દિવાન વૈરિસિંહના મળતીયાઓની સાથે મળી રાજ્યમાં ઉપદ્રવ મચાવનાર પણ તુજ છે. અજીત! પાપમાં પ્રવર્ત થયેલા અજીત! હજી કહુ છું કે સમજ અને—

ઓ સ્વાર્થાંધ તજ વિચાર રાજદ્રોહનો,
અંતે થઇશ ખ્વાર, ત્યાગ વિચાર રાજદ્રોહનો
આજ સમજ્યો છુ હુ, કે છતી આંખે અંધ થયો તું,
તોડું અભિમાન તારૂં પાપી સમજ ક્ષત્રી બાળ હુ
બન્યો છે રાજદ્રોહી તુ, આ તા'રો સર્વ પ્રપંચ છે.
ઉભો છુ તુજ સામે હું સમજ શૈલેશ રાજબીજ છે

"સમજ અભાગી અજીત સમજ ને ખોટા વિચારે ચડી પાપ કાર્યોમા પ્રવર્ત થતાં અટક."

"ચુપ થા નાહાન છોકરા! હુ તારૂં ભાષણુ સાંભળવા નથી ઇચ્છતો."

તું શું ઇચ્છે છે? શૈલેશે રોષથી પૂછયું

મ્હોત! બસ મ્હોત! તા'રૂં અને રાજા વિરભદ્રનું મ્હોત, અજીત ગર્જી ઉઠયો.

કાળના ચક્કરમાં ફસેલા બ્હોત! ચાલ તૈયાર થા, અને મા'રી સાથે યુદ્ધ કરવા તૈયાર થા. બેવફા અજીત!

મારીશ તુજને પલકમાં, સમજજે તું મન વિષે,
પ્રાણ લેતા શૈલેશનો, યમદ્વાર તુ પ્હેલો જશે
પ્રભુનો બાળ છે તૈયાર, તા'રા પ્રાણને માટે;
દગાનુ વૈર લેવાનો, હવે હું શિરને સાટે.

આટલું કહેતાં શૈલેશકુમારે કાળની જીભ સમાન સમશેર મ્યાનમાંથી બહાર ખેંચી કાઢી, બેવફા અજીત પણ તૈયાર થયો ને બ્હેમીમલને આંખની કંઇક સંજ્ઞા કરી તરવાર ખેંચી શૈલેશની પર કુદી પડયો. બંનેનું યુદ્ધ થવા લાગ્યુ, એક બીજાની તરવારો પરસ્પર અથડાઇ અવાજ કરવા લાગી. કોપાયમાન થયેલા વનરાજની માફક શૈલેશકુમાર બળવાન અજીતને હઠાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. બન્ને વીરો મારવુ કે મરવુ ધારીને જીવ પર આવી લઢતા હુતા. એવામાં સંજ્ઞા કરેલા બ્હેમીમલે પાછળથી ધસી આવી શૈલેશના હાથ પર તરવારનો પ્રહાર કર્યો. સારા ભાગ્યે તે દુષ્ટની તરવારનો પ્રહાર કાંડા પર થયો. શૈલેશની સમશેર હાથમાથી છુટી જમીન પર પડી, કાંડામાંથી રક્તનો પ્રવાહ વહેવા લાગ્યો. એટલામાં તો બાજ પક્ષી જેમ તેના શિકાર પર તલપે એમ અજીતે છલંગ મારી નિશસ્ત્ર થયેલા શૈલેશને પકડી લીધો; કે તુરતજ બ્હેમીમલે તેને પાછ-

ળથી ખેંચી જમીન પર ઢોળી પાડયો. શૈલેશને નીચે પડતાંજ પાપી અજીત તે નિર્દોષના પ્રાણનું વિસર્જન કરવા કમ્મરમાંથી કટાર ખેચી શૈલેશની છાતી પર ચડી બેઠો. બસ એકજ પળ, શૈલેશનું મૃત્યુ થઇ ચુકયુ. પાપીનો પાપી હાથ શૈલેશના હૃદયમા કટાર ભોકવા ઉચો થયો, પાષાણ હૃદયનો વ્હેમીમલ હસ્તે મુખે ઉભો ઉભો જોવા લાગ્યો. પણ એટલામાં બાજી પલટાઇ. રામ રાખનાર તેને કોણ મારનાર? અજીતનો ઉચો થયેલો હાથ નીચે ઉતરવા ન પામ્યો કારણ કે પાસેના પર્વતની પોલાણમાંથી વિજળીના ચમકાટની માફક સણુણુ અવાજ કરતી પિસ્તોલની ગોળી છુટીને સ્વાર્થાંધ અજીતના ઉચા થયેલા હાથના કાંડામાં આબાદ વાગી. તેના હાથમાથી કટાર નીચે પડી ગઇ અને પાપી અજીત બેબાકળો બની આસપાસ જોવા લાગ્યો. એટલામા તો બીજો પિસ્તોલનો બહાર થયો ને તેમાથી સણુણુ કરતી લાલચોળ ગોળીથી પાપી વ્હેમીમલ વિંધાયો. ઓહ, ઓહનો ઉચ્ચાર કરતો વ્હેમીમલ પૃથ્વી પર પટકાઇ પડયો, ને જોતજોતામા તેના પાપી શરીરમાથી પ્રાણ નીકળી કિરતારની હજુરમા જવાબ દેવા ચાલ્યો ગયો. અજીત! આ અકસ્માતથી ગભરાઇ ગયો ને વ્હેમીમલના મૃત શરીરને જોવા લાગ્યો. એટલામા તો તેને ગભરાવનાર વીર વિશ્વેસ પહાડની પોલાણમાંથી નીકળી આવી હાથમાં પિસ્તોલ સાથે અજીતના સમક્ષ ઉભો રહ્યો, અને ભયકરથી અવાજથી શૈલેશની છાતી પર બેઠેલા અજીતને છાતીમા લાત મારી તેને નીચે ગબડાવી પાડી વીર વિશ્વેશ કહેવા લાગ્યો. નામર્દ ખૂની! આજ તારૂં શુરાતન કે?

ઓ પાપના પુતળા! શું તું આ જખમી થયેલા કુમારના પ્રાણ લેવા ઈચ્છે છે? પણ યાદ રાખજે કે આ સમયે તારી સામે તારો એક મહાન શત્રુ ઉભો છે.

વિશ્વેશની લાતના પ્રહારથી જમીન પર પડેલો અજીત ગભરાટથી ઉભો થઇ વિશ્વેશના સામે જોવા લાગ્યો. વિશ્વેશનો ગુસ્સાથી કંપતો ચ્હેરો નિહાળી અજીત ભય પામ્યો ને નાસી છુટવાનો માર્ગ ખોળવા લાગ્યો. તેના મનની સ્થિતિ કલ્પી વીર વિશ્વેશ તેના સામે રક્ત નેત્રે જોઈ કહેવા લાગ્યો. ઓ દુષ્કર્મના કર્તા કર્મે ચંડાળ! જોકે હું તને ઓળખતો નથી પણ મ્હેં આજે તારૂં નીચ કાર્ય પ્રત્યક્ષ નિહાળ્યું છે. ઘોર ઘાતકી! તું આ અવનીપર પેદા થયેલો એક નર પિશાચ છે, તારા જીવનથી દુનિયાના પવિત્ર જનોને દુઃખ સહન કરવું પડે એમ જણાય છે, માટે ચાલ તૈયાર થા ને નર્ક સ્થાનમાં જવા મા'રી પિસ્તોલને સ્વાધિન થા. આમ કહેતાજ વિશ્વેશે પિસ્તોલનો ઘોડો દાબ્યો, ભયંકર અવાજ સાથેજ ગલમાં તેનો પ્રત્યાઘાત સંભળાયો. ચાલાક અજીત પિસ્તોલના બ્હારથી સાથેજ જમીનપર બેસી ગયો, વિશ્વેશનો બ્હાર ખાલી ગયો કે તુરતજ વિશ્વેશે પાસે જમીનપર પડેલી શૈલેશની સમશેર ઉઠાવી. એટલા સમયનો લાભ લઇ પાપી અજીત ભયથી વિહ્વળ થઇ મુઠીઓ વાળી વિશ્વેશની નજર ચુકાવી નાશી ગયો.

પાપના પુતળાને પસાર થઇ ગયેલું જોઇ વિશ્વેશ તેની પાછળ નહિ જતાં શૈલેશની પાસે ગયો.

આ સમયે રાજકુમાર શૈલેશ જખમના દર્દથી બેશુદ્ધ

અવસ્થામાં હતો. તેના કાંડામાંથી હજી પણ રૂધિર વહેતું હતુ. વિશ્વેશ વિશેષ સમય ત્યાં નહિ રોકાતા મુર્છિત શૈલેશને પોતાના હાથમાં ઉઠાવી પાસે વહેતા ઝરા સમિપ ચાલ્યો. ઝરાની પાસે આવી કિનારે શૈલેશને સુવાડી વિશ્વેશ ઝરાના નિર્મળ જળથી શૈલેશના કાંડાનો જખમ ધોવા લાગ્યો. વાગેલા જખમ પરથી લોહી ધોઇ નાંખી પોટકીમાંથી પંચીયુ કાઢી તેને ફાડયું અને તે ફાડેલા વસ્ત્રને પાણીમા ભીંજાવી શૈલેશના કાંડે જખમપર પાટો બાધ્યો. વિશ્વેશની સુશ્રવાથી થોડીવારમાં શૈલેશ ભાનમાં આવ્યો ને તુરત બેઠો થઈ આસપાસ જોવા લાગ્યો તો તેણે વિશ્વેશને પોતાની સરભરા કરતો જોયો.

મને બચાવનાર આજ વીરયુવાન હોવો જોઇયે. એમ વિચારી શૈલેશ વિશ્વેશનો ઉપકાર માનવા લાગ્યો.

ઉપકારની આવશ્યક્તા નથી કહી વિશ્વેશ કુમારના સામે ટગર ટગર જોવા લાગ્યો, અને આ રાજવંસી કુમાર કોણ હશે એમ મનમા વિચારવા લાગ્યો. એવામાંજ શૈલેશે તેને પ્રશ્ન કર્યો. આ પ્રાણુને બચાવનાર મારા પ્રિય મિત્ર, અરે મિત્ર નહિ પણ હવે મા રા ભાઈ સમાનજ છો. તો હુ એક ભાઈની ફરજ તરીકે તમને પૂછુછુ કે તમે કોણ છો ?

તમે કોણ છો ! એ પ્રશ્નથી વિશ્વેશ ગભરાયો અને વિચારમાં પડયો એટલામાં ફરીથી શૈલેશ પૂછવા લાગ્યો. ભાઇ ! તમારો પરિચય કરાવશો કે ? ફરીથી કુમારનો પ્રશ્ન સાભળી વિચાર વશ વિશ્વેશ સાવધ થયો ને શૈલેશના સામે નિહાળી કહેવા લાગ્યો. હું કોણ છું તેની મ'ને ખબર નથી.

વિશ્વેશનો જવાબ સાંભળી શૈલેશ આશ્ચર્ય પામ્યો ને મનમાં વિચારવા લાગ્યો કે અવશ્ય આ કોઈ દુ:ખી માણુસ હોવો જોઇયે. અહા ! આવા સુકુમાર યુવાનને દુખદ સ્થિતિમાં રહેવાનુ શું કારણુ હશે ? લાવ ફરીથી તેને પૂછું. કહી શૈલેશ હસ્તે મુખે પૂછવા લાગ્યો. ભાઈ તમારૂં નામ જણાવશો ?

આ હિનભાગ્યનું નામ વિશ્વેશ છે. વિશ્વેશે નામ જણાવ્યું,

વારૂં તમારાં માતા પિતા કોણુ છે તેમજ તમારૂં રહેવાનુ સ્થાન કયાં છે ? શૈલેશે સર્વ જાણુવાના હેતુથી ફરી પ્રશ્ન કર્યો.

ભાઈ ! મા'રા પિતા પરમાત્મા, માતા ભગવતી અને નિવાસ સ્થાન સર્વ સ્થળે. હાલ અત્રે છું કાલે બીજે સ્થળે હોઇશ. વિશ્વેશે દુખી દિલે જવાબ આપ્યો.

વિશ્વેશ ! આમ શા માટે બોલોછો ? હૃદયની દિલગીરી દૂર કરો હવેથી તમે દુખી નથી પણુ આ શૈલેશના આજથી પ્રિયભ્રાત છો. હુ તમને મા'રાથી અળગા કરનાર નથી, જ્યા હું ત્યાં તમે. વિશ્વેશ ! બોલો ! તમે મારી સાથે આવશો કે નહિ ? શૈલેશે ઉભા થઇ પ્રશ્ન કર્યો.

કુમાર ! મા'રા હત્ ભાગ્યના તમારી સાથે આવવાથી તમે પણુ દુ:ખ રૂપી રાહુથી ઘેરાશો, કારણુ કે મા'રૂં ભાવી વિપરીત છે. વિશ્વેશે કપાળ પર કરનો સ્પર્શ કરી જવાબ આપ્યો.

વિશ્વેશ ! આમ ના હિંમત કેમ થઇ જાઓછો, હું તમારા માટે પ્રાણુની પણુ પરવા કરીશ નહિ. તેમજ અત્યારે તમને સાથે લીધા સિવાય નગર તરફ ગમન કરીશ નહિ. ચાલો વીરા ઉઠો. કહી શૈલેશ વિશ્વેશને ખેંચવા લાગ્યો.

"તમે મ'ને ક્યાં લઇ જશો ? '

"મા'રા નગરમાં."

"ક્યા નગરમાં ?"

"અમરાવતી નગરમા."

"શું તે તમારૂં નગર છે"

"હા, હું ત્યાના મહારાજા વિરભદ્રનો પાટવી કુમાર છુ."

"તમારૂં નામ ?"

"શૈલેશકુમાર."

કુમારશ્રી ! મ'ને તમારી સાથે રાખવાથી કઇ પણ ફાયદો થનાર નથી. કારણ કે દુ:ખીના કર્મમા હમેશા દુ ખજ લખાયેલું હોયછે. શૈલેશકુમાર ! તમે મો'ટા મહારાજાના પાટવીકુમાર અને હું એક દુખરૂપી રાહુથી ઘેરાયેલો રંક માણસ. કુમાર ! આપણા બેનો સમાગમ રહેવો ઘણોજ મુશ્કેલ છે. વિશ્વેશે હૃદયની વાત જાહેર કરી.

વિશ્વેશ ! હૃદયમાં શા માટે ઓછુ લાવી આમ વદો છો ? તમે ગમે તે હો તેની મ'ને પરવા નથી, પણ આજથી નક્કી સમજજો કે તમે શૈલેશના ભાઇ છો. પ્રિય વિશ્વેશ ! આજે હું આ મા'રી વ્હાલી સમશેરના સોગન ખાઇને કહુ છુ કે જીવ જતાં સુધી પણ હુ તમારાથી જુદાઈ ગણનાર નથી. શૈલેશે સોગન ખાધા.

કુમાર હઠ છોડી દો, દુ ખીને સાથે લઇ જવાથી તેના દુ.ખમાં ભાગીદાર થવું પડશે ? ફરીથી વિશ્વેશે સમજાવવા માંડ્યું.

પશ્વા નહિ. વ્હાલા વિશ્વેશ! તા'રા માટે આ શૈલેશ જેટલું સહન કરશે તેટલું ઓછુંજ છે. ચાલ વ્હાલા વીરા ચાલ. શૈલેશનો શુદ્ધ સ્નેહ વિશ્વેશ પ્રત્યે ઉભરાઇ આવવાથી તા'રા માટે એમ શબ્દનુ સબોધન કરી તેને ચાલવાની ખેચતાણ કરવા લાગ્યો. વિશ્વેશનુ તેની આગળ કઈ ચાલી શકયું નહિ ને આખરે તે શૈલેશની સાથે જવા તૈયાર થયો. બન્ને મિત્રો એક બીજાનો હાથ પકડી ચાલવા લાગ્યા. એવી રીતે થોડો સમય મૌનતાથી ચાલ્યા પછી પુનઃ શૈલેશે પ્રશ્ન કર્યો.

"વીરા વિશ્વેશ! તા'રા માતા પિતા કોણ છે એ હવે જણાવીશ?"

"શૈલેશકુમાર! મ્હે તમને પ્રથમજ જણાવ્યું છે કે મા'રા માતા પિતા ઇશ્વર સિવાય કોઇ છેજ નહિ. તેમજ આ સસારના માતા પિતા કોણ હતા તે પણ હુ જાણતો નથી. હુ તો ફક્ત એટલુજ જાણુ છું કે મ'ને ઉછેરીને મો'ટો કરનાર એક દિવ્ય મહાત્મા હતા."

"તે મહાત્મા હાલ કયા છે?" પુનઃ શૈલેશે પૂછયું.

"શૈલેશ! તે મહાનુભાવ મહાત્મા થોડા સમય પર આ પ્રદેશમાંજ હતા. હુ તેમની કૃપાથી સુખી હતો પણ આખરે તે મ'ને તજીને ચાલ્યા ગયા. અને....બોલતા વિશ્વેશ અચકાયો. તેને વાત કહેતા અચકાયેલો જોઇ શૈલેશ પૂછવા લાગ્યો. ભાઇ! વાત કહેતાં કેમ અચકી ગયા?'

કાઇ નહિ, એતો ગયેલી વાત યાદ આવતાં દિલ ગભરાઇ ગયુ અને વાત કહેતાં અચકાઇ ગયુ. વિશ્વેશે ખુલાસો કર્યો.

વિશ્વેશ! તું શા માટે તા'રી વાત મા'રાથી છૂપાવે છે? વ્હાલા ભાઈ! તને મા'રા સોગન છે કે તું તારી વાત મ'ને ખુલ્લા હૃદયથી જણાવ. પ્રાણાંત સુધી હું તા'રૂ કષ્ટ દૂર કરવા પ્રયત્ન કરીશ. વિશ્વેશની વાત સાંભળવા શૈલેશ તેને કહેવા લાગ્યો.

કુમાર! અત્યારે મ'ને માફ કરો, હુ જરૂર નગરમાં આવી મા'રી કર્મકથાથી તમને માહિતગાર કરીશ. વિશ્વેશે જણાવ્યુ.

જેવી ભાઇની ઇચ્છા. કહી શૈલેશ વિશ્વેશ સાથે ઝડપથી પગલા ઉપાડતો ચાલવા લાગ્યો. રાત્રિ ઘણી વ્યતિત થઇ હતી, કાળો અંધકાર સઘળે સ્થળે છવાયો હતો ને તેથી કંઈ પણ વસ્તુ નજરે જોઇ શકાતી નહોતી. ભયકર રાત્રિના ઘાડા અધકારમાં પહાડી પ્રદેશમા થઇને જતા શૈલેશ અને વિશ્વેશ આગળ જતા માર્ગ ભુલ્યા, અને તેથી આગળ જવાનુ બંધ રાખી રાત્રિ ગુજારવાને બન્ને વીરો એક વૃક્ષપર ચડયા ને એક બીજાની વાતો કરતા રાત્રિ વ્યતિત કરવા લાગ્યા.

વાચકો! ચાલો હવે આપણે અમરાવતી નગરનુ પૂર્વ વૃતાત જાણીએ. કારણ કે તે જાણ્યા વિના આપણી કથાનુ રહસ્ય જાણવુ મુસ્કેલ થઇ પડશે.

પ્રકરણ ૧૪ મું.

અમરાવતીનું રાજ્ય તંત્ર.

તેજ કમાયો, તેજ રળ્યો, જેણે મેળવી રંક આશિષ
ધીક્ક હજો, રળ્યુ તેહનુ, જેણે સ્વાર્થેથી નામ્યું શિશ
સ્વલ્પ સ્વહિતને કારણે જે, દ્રોહી બની રહે આપ.
ઉઠગો દી, ને ભગવત રૂઠયો, પ્રકટ્યાં તેના પાપ.

દાસરવાળા

જેના રાજ્યમાં સર્વ પ્રજા આનદથી નિવાસ કરે છે એવા પુણ્યશાળી અમરાવતી નગરમાં ધર્મ મૂર્તિ મહારાજા વિરભદ્ર રાજ્ય કરતા હતા. પોતાની પ્રજા શી રીતે આબાદને સુખી થાય એવી મહારાજા નિરંતર કાળજી રાખતા હતા. પ્રજાજનોને યોગ્ય ન્યાય મળે છે કે નહિ તેની પણ પુરેપુરી તપાસ રાખતા મહારાજા વિરભદ્ર કોઇ કોઇ સમયે ગુપ્ત વેષ ધારણ કરી નગરચર્ચા અવલોકવા નિકળી પડતા અને તેથી લુચ્ચા લફંગા વગેરે લોકો તેમના નીચ કાર્યોમાં ફાવી શકતા નહિ "જેવો રાજા તેવી પ્રજા,' અર્થાત્ મહારાજા વિરભદ્રની પ્રજા ધર્મિષ્ટ ને સદાચરણી હતી આખા રાજ્ય સ્થાનમાં અમરાવતીનુ રાજ્ય શ્રેષ્ટ ગણાતું હતુ. મહારાજાનો દિવાન નરેન્દ્રનાથ પણ વફાદારીથી વર્તી દિવાન પદને શોભાવતો હતો. નરેન્દ્રનાથના હાથમાં ઘણુંજ કાર્ય

હોવાથી મહારાજાએ તેના કામમા મદદ કરવા એક વૈરિસિંહ નામના પોતાના દૂરના સગાને અમાત્યની પદવી આપી દિવાનના હાથ નીચે તેની નિમણુક કરી હતી. અને સેનાપતિ પદ પોતાના પિત્રાઇ ભાઇ ભુપતસિહને સોપ્યુ હતું. મહારાજા વિરભદ્રને સર્વ પ્રકારનુ સુખ હતું છતા એક પુત્ર રત્નની ખોટ હતી. પુત્ર પ્રાપ્તિને અર્થે દિવાન અને સેનાપતિ મહારાજાને બીજી વાર લગ્ન કરવાનુ કહેતા પણ મહારાજા તેમને સવિનય ના પાડતા. મહારાજા એક વચન અંન એક પત્નિવૃત પાળતા હતા. ઇશ્વરને પુત્ર આપવો હશે તો આજ રાણીને આપશે એમ ધારી સતોષ માનતા. રાણી કમળાદેવી સર્વગુણ સપન્ન સાથે પતિવૃતા હતી, અને તે મહારાજાની મન, વચનને કર્મથી સેવા કરતી. રાજા અને રાણી પુત્ર નહિ હોવાથી કદી પણ અસતોષી થતાં નહિ ને નિરતર પ્રભુ પર શ્રદ્ધા રાખી પોત પોતાની ફરજો બજાવતાં હતા મહારાજાના પિત્રાઇ ભાઇ ભુપતસિહને એક પુત્ર હતો તેનુ નામ અજીતસિહ હતુ. પોતાને દૈવઇચ્છાથી કદાપિ પુત્ર ન થાય તો ભવિષ્યમા અમરાવતી ગાદીનો માલીક અજીતસિહ થવાનો એમ ધારીને મહારાજાએ તેને પોતાના પુત્ર સમાન ગણી સારી કેળવણીથી વિભુષિત કર્યો હતો. શસ્ત્ર અસ્ત્રની વિદ્યા સપાદન કરવાથી અજીત ધીમે ધીમે બળવાન થતો ગયો, થોડા સમયમા તો તેણે ના'ના મોટા રાજાઓને હરાવી મહારાજા વિરભદ્રના ખડિયા રાજાઓ બનાવી દીધા. ચારે તરફ વીર અજીતની હાક વાગતી અને તેના નામથી શત્રુઓ કાપતા હતા. જે સમયે

અજીત તેનો યશ વર્તાવતો હતો એ સમયનો લાભ લેઇ ભદ્રપુર નગરના રાજા હિંમતસિંહે તેની કન્યા નિર્મળાનુ લગ્ન કરવાનુ કહેણુ મહારાજા વિરભદ્ર પર મોકલ્યુ. નિર્મળા ભણેલી અને ગુણવાન હોવાથી વિરભદ્રે રાજા હિમતસિંહનુ કહેણુ સ્વિકાર્યુ અને થોડા દિવસ બાદ ઘાણીજ ધામધુમથી અજીતનું લગ્ન નિર્મળા સાથે થયુ. અજીત નિર્મળાને અત્યત પ્રેમથી ચાહવા લાગ્યો આવી રીતે જ્યારે અમરાવતીમાં સર્વ પોતપોતાની વફાદારીથી ફરજ બજાવતા હતા ત્યારે દિવાન નરેન્દ્રનાથના હાથ નીચેનો અમાત્ય વૈરિસિહ, દગાબાજ, લોભી અને રાજ્યાભિલાષી હતો યુક્તિ પ્રયુક્તિથી રાજા થવાય છે એ મહામત્રને યાદ કરી તે ભવિષ્યમા મહારાજા થવાની મહાન્ ઉમેદો રાખતો. તેનુ લગ્ન અમરાવતીના એક વૃદ્ધ સરદારની પુત્રી વિમળાદેવી સાથે થયેલુ હતુ. વિમળાદેવી સદ્‌ગુણી અને સર્વ શાસ્ત્ર સપન્ન હતી. તે વૈરિસિહના કુટીલ આકાશ કુસુમ–વત્ વિચારોથી હમેશા તેને દાખલા દૃષ્ટાતો આપી સદુપદેશ કરતી. પણ તે મિથ્યાભિમાનીને તેના હિત વાકયોની લેશ માત્ર પણ અસર થતી નહોતી. હુ જે કાઇ કરૂ છુ અગર વિચારૂં છુ તે યોગ્યજ કરૂ છું એમ તે સમજતો હતો. વૈરિસિહ ધીમે ધીમે રાજ્યના ના'ના અમલદારોને કઈ કઇ લાલચો બતાવી પોતાના વશ કરવા લાગ્યો એક સમયના પ્રસગે તેણે દિવાન નરેન્દ્રનાથ આગળ તેના વિચારો જાહેર કર્યા અને તેમને મહાન્ લાલચોમાં લપટાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. રાજ્યનિષ્ઠ દિવાન નરેન્દ્રનાથે પ્રથમ તો ધ્યાનપૂર્વક તેની સઘળી વાત શાન્તિથી શ્રવણ કરી બાદ તેણે

દેખાડેલી લાલચોથી તેનુ હાસ્ય કરી મુખપર ક્રોધ દર્શાવી તેનો ધિક્કાર કરી કહેવા લાગ્યા. મહારાજાના અન્નોદકથી જીંદગી ધારણ કરી અમાત્યની પદવી સુધી ચઢનાર પાપાત્મા વૈરિસિંહ! આ તા'રા કેવા નીચ વિચાર ? અહા ! તુ આવો નિમકહરામ થઇશ એવો મ'ને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. વિશ્વાસઘાતી ! ફરીથી તું તા'રા આવા નીચ શબ્દો મ'ને સભળાવીશ નહિ અને તા'રૂં કૃષ્ણમુખ લઇ મા'રી પાસે આવીશ નહિ. બસ હવે યાદ રાખજે કે કાલ પ્રાતઃકાળે મહારાજા સમક્ષ તારા સર્વ દુષ્ટ વિચારો જાહેર કરીશ ને નિમકહરામ થવાનુ તને યોગ્ય ફળ અપાવીશ. ક્રોધથી કપતા દિવાન એટલુ કહી ત્યાંથી જવાને ઉભા થયા. પણ તત્કાળ કપટકળા નિપુણ વૈરિસિંહે તેમના ચરણમા પડી તેમને જતા રોક્યા ને ઢોગ કરી હાથ જોડી કાલાવાલા કરી કહેવા લાગ્યો. ધર્મમૂર્તિ ! મા'રો અપરાધ ક્ષમા કરો, હુ તો આપને સ્હેજ કહેતો હતો, હુ મા'રા વિચારોથી અત્યત પસ્તાઉ છુ અને હવે તે સર્વ દુષ્ટ વિચારોને ત્યાગી વફાદારીથી વર્તવા હુ પ્રભુના સોગન ખાઇ બધાઉ છુ. જેમ માતાપિતા તેના દુષ્ટ પુત્રના અપરાધ ક્ષમા કરે છે તેમ આપ મા'રા સર્વ અપરાધ ક્ષમા કરશો. કહી પ્રપચી વૈરિસિહ નરેન્દ્રનાથના સામે સજળ નયને જોઇ રહ્યો. દયાળુ દિલના દિવાનને તેની દયા આવી અને મહારાજાને નહિ કહેવાનુ વચન આપી નરેન્દ્રનાથ તેને કેટલીક શીખામણ આપી ત્યાથી ચાલ્યા ગયા.

મા'રા કાર્યની વચ્ચે નડતર કરનાર ફક્ત દિવાનજ છે એમ સમજીને વૈરિસિંહે નરેન્દ્રનાથને દૂર કરવાનું વિચાર્યું.

તેથી તેણે ધીમે ધીમે દિવાનપુત્ર ભદ્રેશ સાથે મૈત્રિ બાંધી. બન્ને મધુમુખીને ત્યાં મળવા લાગ્યા. જેમ જેમ તેમની મૈત્રિ ધાડી થતી ગઇ તેમ તેમ વૈરિસિંહ ભદ્રેશને મોટી મોટી લાલચોમાં લલચાવી તેનુ કાર્ય સાધવા લાગ્યો. બાદ એક દિવસે સમય સાધી વૈરિસિંહે ભોળા ભદ્રેશને મધુમુખીના મકાનમા નિશાથી ચકચુર કરી તેના પિતા વિષેની હકીકત તેને જાણવી હતી તેટલી પૂછી લીધી. વૈરિસિંહ તે દિવસે ભદ્રેશને મધુમુખીને ત્યા રાખી ફૂટેલા માણસોને લઇ મધ્ય નિશાએ ભદ્રેશ પાસેથી જાણેલા રસ્તે થઇને દિવાનના મહાલયમાં પેઠો. મહાલયનું રક્ષણ કરનારા સેવકોને પણ વૈરિસિંહે પ્રથમથી પોતાને વશ કરી લીધેલા હોવાથી તેઓ તેને મહાલયમાં જતાં અટકાવી શકયા નહિ. મહાલયમા પ્રવેશેલો વૈરિસિંહ નરેન્દ્રનાથના શયનભુવનમા દાખલ થયો અને એકદમ તેમના શરીરપર ધસી જઇ તેમના મુખમા ડુચો મારી, હાથ પગ બાંધી સાથે આવેલા માણસોની મદદથી બધીવાન દિવાનને લઇ આવ્યો હતો તે રસ્તે થઇ બહાર નીકળી પોતાના મકાને આવ્યો. નરેન્દ્રનાથ કયારનાએ જાગૃત થઇ ગયા હતા પણ પોતે બધીવાન દશામાં બોલી શકાય નહિ એવી સ્થિતિમા દૈવેચ્છાને માન આપી હવે શુ થાય છે તે જોવા લાગ્યા. નરેન્દ્રનાથને પોતાના મકાને લાવી તેમના મુખમાથી ડુચો કાઢી વૈરિસિંહ તેમને તેના પક્ષમા મળવાને શામ, દામ, ભેદ છેવટે દંડ દેખાડીને સમજાવવાનો અત્યંત પ્રયત્ન કરવા લાગ્યો, પણ વફાદાર દિવાને તેને ધિક્કારી કાઢયો આથી પાપી વૈરિસિંહે તેમનો વધ કરવાનો હુકમ આપી પોતાના માણસો સાથે તેજ સમયે તેમને જંગલ તરફ વિદાય કરી દીધા.

દુષ્ટ વૈરિસિંહે પવિત્ર વૃદ્ધ દિવાનનું ખૂન કરાવ્યું ને સઘળાની જાણને માટે તે પ્રપંચીએ તેમનાં કપડાં મંગાવી લોહીમા ભીંજાવી મહારાજા સમક્ષ હાજર કરી જણાવ્યું કે દિવાન નરેન્દ્રનાથનું જંગલમા ખૂન થયું છે. તેમના શબનો પત્તો નથી પણ આ તેમનાં રકતથી ભીંજાયેલા વસ્ત્રો વનમાંથી મળી આવ્યાં છે. વફાદાર દિવાનના મરણ સમાચાર શ્રવણ કરતાજ મહારાજાને ઘણું લાગી આવ્યું. સર્વ સભાજનો અત્યંત શોક કરવા લાગ્યા. પાપી વૈરિસિંહે પણ ઢોંગ કરવામાં બાકી રાખી નહિ. અને આખરે તે ભલા દિવાનનું જંગલી પ્રાણીનાથી મ્રત્યુ થયું એમ સર્વને સિદ્ધ થયું. મહારાજાએ તેમની પછી દિવાનપદ ભદ્રેશને આપવાનું ધાર્યું પણ તેના નીચ આચરણોની ખબર પડતા તેને દિવાનપદ પર નહિ નીમતા નરેન્દ્રનાથના પદ પર અમાત્ય વૈરિસિંહની નિમણુંક કરી. એ સમયે વૈરિસિંહની ઉમ્મર લગભગ પાતરીસેક વર્ષની હતી. તે દરરોજ મધુમુખી નામની ગુણિકાને ત્યા જતો ને ભદ્રેશના પૈસાથી મોજ ઉડાવતા હતો. ભદ્રેશના બે દિલોજાન દોસ્તો વરૂણસિંહ તથા કપટસેનને તેણે દરબારમા પોતાના હાથ નીચે રાખ્યા હતા અને તેમની મદદથી તે કરવા ધારેલા કાર્યની પ્રપંચ જાળ ફેલાવતો હતો. તેના કામમા આડે આવનાર હજી એક જણ બાકી હતો, ને તે સેનાપતિ ભુપતસિંહ હતો. તેણે બીજા સરદારોની મારફતે ભુપતસિંહને મેળવવા અનેક પ્રયત્નો કર્યા પણ તે તેના પ્રયત્નમા નિષ્ફળ ગયો. અને ઉલટો સેનાપતિનો તિરસ્કાર પાત્ર ઠર્યો. વફાદાર સેનાપતિએ સમય સાધી મહારાજાને વૈરિસિંહની સર્વ

વાત જણાવી દીધી. તેની વાત શ્રવણ કરતાજ મહારાજાએ તેને તાબડતોબ એજ સમયે પોતાના એકાંત ભુવનમા પકડીમંગાવ્યો. અને સખ્ત ધમકી આપી સર્વ વાત જાહેર કરવાનો પ્રશ્ન કર્યો. વૈરિસિંહ મહારાજાની ધમકીથી ગરીબ ગાય જેવો બની ગયો ને હુ નિર્દોષ છું છતા જાણે અજાણે થયેલા અપરાધની ક્ષમા માગુ છુ કહી તે મહારાજાના અત્યંત કાલાવાલા કરવા લાગ્યો મહારાજાને તેની દયા આવી ને તેને સારી રીતે ચાલવાની શીખામણ આપી જવાની આજ્ઞા આપી મહારાજાને નમન કરી વૈરિસિંહ નીચુ વદન કરી ત્યાંથી ચાલી નીકળ્યો ને ચાલતા ચાલતા સેનાપતિનુ કાસળ કાઢવાનો વિચાર તેણે મન સાથે કરી દીધો.

વૈરિસિંહ તે દિવસથી સેનાપતિપર ઇર્ષાની નજરથી જોવા લાગ્યો ને સમય આવ્યે તેનો પણ કાંટો દૂર કરવાનો વિચાર કરવા લાગ્યો. અજીતની મદદ સિવાય આ કાર્ય બનશે નહિ ધારી તે અજીતને ભોળવવાના ઠરાવપર આવ્યો. “એક અંગારો સોમણ જાર બાળે” એ અનુસાર પાપી વૈરિસિંહ વર્તવા લાગ્યો, છેવટે અજીતની સાથે સ્નેહ સાધી વૈરિસિંહે તેને રાજ્યલોભનો પાઠ શીખવવો શરૂ કર્યો. તેમજ તેને મધુમુખીને ત્યા આવતો જતો કર્યો મધુમુખીના હાવભાવ સાથે નેત્રકટાક્ષથી અજીત વિંધાઈ ગયો ને તેથી સતી નિર્મળાના પ્રેમને તિલાંજલી આપી મધુમુખીના કૃત્રિમ પ્યારમા મસ્ત થઇ રહેવા લાગ્યો. એક દિવસ અજીતને યથેચ્છ મદિરાપાન કરાવી વૈરિસિંહે તેની આગળ ભુપતસિંહનુ કાસળ કાઢવાની વાત ઉપાડી અને તેમના

મૃત્યુથી ભવિષ્યમાં થનાર લાભ પણ દર્શાવ્યા. વ્યસનને વશ થયેલો અજીત તેની વાતોથી લલચાઈ પોતાના પુજ્ય પિતાનુ ખૂન કરવા તૈયાર થયો, અને એજ દિવસની રાત્રે વૈરિસિંહ સાથે ઠરાવ કરી તેને લઇ પોતાના મહેલમા આવ્યો, વૈરિસિંહ અજીતની સુચનાનુસાર મહેલમાં છૂપાઈ રહ્યો અને અજીત પિતાની સાથે ભોજન કાર્યમાં ગુંથાયો. બાદ પિતા પુત્ર ભોજન-કાર્યથી પરવારી પ્રફુલ્લિત વદને દિવાનખાનામાં બેસી વાર્તાવિનોદ કરવા લાગ્યા. સતી નિર્મળા કેટલાક દિવસથી પીયેર સિધાવી હતી, અને અજીતની માતા પાચેક વર્ષ પર સ્વર્ગે સિધારી હતી. તેથી આ સમયે પિતા પુત્ર સિવાય દિવાનખાનામા કોઇ હતુ નહિ. વાર્તાવિનોદમા ઘણી રાત્રિ વ્યતિત થવાથી ભુપતસિંહ વાર્તામાને વાર્તામાં નિદ્રાથી ઝોકા ખાવા લાગ્યો, એ તકનો લાભ લેઇ છૂપાઈ રહેલા વૈરિસિંહે પાછળથી નીકળી આવી ભુપત-સિંહના ગળા પર તરવારનો સખ્ત ઘા કર્યો. કારમી ચીસ પાડી ભુપતસિંહ ધરણી પર ઢળી પડી તરફડવા લાગ્યા, મુખથી બોલવાની શક્તિ હરાઇ ગઈ ને જોતજોતામા તેમનો દિવ્ય આત્મા દેહ પિંજર છોડીને ચાલ્યો ગયો દૈવવશાત્ એવામા નગરચર્ચા જોવા નિકળેલા મહારાજા, સેનાપતિના મકાનમાથી સંભળાયેલી ભયંકર ચીસ સાંભળી નીચેના નિદ્રાવશ નોકરોને જાગ્રત કરી તેમને લેઇ મહેલના દિવાનખાનામા આવ્યા. અને જુવે છે તો દિવાનખાનાની વચમા રક્તથી રંગાઇ ગયેલું સેનાપતિનું શબ પડેલું હતું. પાપી વૈરિસિંહ લોહીથી ખરડાયેલી ખુલ્લો તરવાર સાથે ત્યાં ઉભો હતો. મહારાજા આવુ ભયંકર

દૃશ્ય જોતાજ કંપી ગયા ને ભયંકર ગર્જના કરી પાપી વૈરિસિંહને બનેલા બનાવ વિષે પૂછવા લાગ્યા. બન્ને દુષ્ટો મહારાજાને જોતાંજ થરથર ધ્રુજવા લાગ્યા; તેમના મુખમાંથી એક પણ શબ્દ બહાર નીકળી શકયો નહિ. તેઓને શાન્ત ઉભા રહેલા જોઇ મહારાજાએ ફરીથી રકત નેત્રે બનેલા બનાવ વિષે અજીતને પૂછયું. ગભરાઇ ગયેલા અજીતે પોતાને નિર્દોષ ઠરાવી જણાવ્યું કે પિતાશ્રી! મને કોઇ પણ પ્રકારની ખબર નથી, હું તો મારા શયનભુવનમાં સુખેથી સુતો હતો, અને પછી થોડીવારે મા'રા પિતાની કારમી ચીસ સાભળતાં અહિં દોડી આવી જોવા લાગ્યો તો આ દિવાનજીને ખુલ્લી તરવાર સાથે મા'રા મૃત પિતાના શબની આગળ ઉભેલા જોયા. હાય મારા વ્હાલા પિતા તમે આ તમારા રંક પુત્રને એકલો મુકી કયાં ચાલ્યા ગયા. કહી અજીત ગુન્હો છૂપાવવા બેફાટ રૂદન કરવા લાગ્યો. મહારાજાએ વૈરિસિંહનુંજ આ કાર્ય છે એમ જાણી લીધું ને અજીતને આશ્વાસન આપી પાસે ઉભેલા સેવકોને વૈરિસિંહને બંધીવાન કરવાની આજ્ઞા આપી વૈરિસિંહને બંધીવાન બનાવવામાં આવ્યો બાદ તેને તે સમયે એક કોટડીમાં પુરી પ્રાતઃકાળમાં ન્યાયસદન આગળ હાજર કરવાની સેવકોને આજ્ઞા કરી મહારાજા ભુપતસિંહના શબની વ્યવસ્થા કરવા લાગ્યા. સેવકો વૈરિસિંહને ચતુર્ભુજ બનાવી ચાલવા લાગ્યા. ને તેને એક કોટડીમાં કેદ કરી પહેરો ભરવા લાગ્યા. મહારાજાએ તેજ સમયે સરદારો તથા ભાયતોને બોલાવી ભુપતસિંહના મૃત દેહને દાહાજલી દીધી. બાદ અજીતને આશ્વસન આપી મહારાજા સર્વ સાથે વિદાય થઇ ગયા. મહારાજાને ગયેલા જોઈ પાપી

અજીત તેજ સમયે છુપો પોશાક પહેરી કેદ કરેલા વૈરિસિંહની કોટડી તરફ ગયો, અને રક્ષક સેવકોને ઘણુજ ઇનામ આપી વૈરિસિંહને મુક્ત કરાવી દીધો. વૈરિસિંહ અજીતનો ઉપકાર માની કહેવા લાગ્યો. ભાઇ અજીત! હવે મા'રાથી આ નગરમા રહેવાશે નહિ તેથી હું અત્યારેજ મારા કુટુંબ સાથે અત્રેથી નીકળી મણીપુર જઇશ. આ રક્ષક સિપાઇયોને પણ સાથે લઇ જાઉ છુ, કારણ કે મા'રા નાશી જવાની ખબર પડતાજ તે નિર્દોષો માર્યા જશે. ભાઇ, હુ ત્યા નામ વેષ બદલી રહીશ ને તુ કહીશ ત્યારે તા'રા કાર્યમા મદદ કરવા હાજર થઇશ તુ પણ અહિંના સમાચાર ઘણાજ ગુપ્ત રીતે મ'ને જણાવજે અને હુ તને જે ગુપ્ત સુચનાઓ મોકલુ તે પ્રમાણે વર્તજે. આવી રીતની સલાહ મસલત કરી વૈરિસિંહ રક્ષક સિપાઇયોને લઇ રાત્રિના પાછલા પહોરે મકાને ગયો સતી વિમળા ઘાડ નિદ્રાને આધીન થયેલી હતી, તેને તેજ સમયે જાગૃત કરી આડુઅવળુ સમજાવી, વૈરિસિંહ મકાનમાથી લેવાય એટલુ જવાહીર લઇ, વિમળા તથા રક્ષક સિપાઇયોની સાથે મો'રે પરોઢીયે મણીપુર નગર તરફ વિદાય થઇ ગયો.

પ્રકરણ ૧૫ મું.

અમરાવતીમાં ઉપદ્રવ.

मातरं पितरं पुत्रं, भ्रातरंच गुरुस्तथा ।
लोभाविष्ठो नरोहंति, स्वामिनंवा सहोदरं ॥

भोज. सु. २

જે લોભથી અધ બનેલો હોય છે તે સારૂ યા નરસુ કઇ પણ સમજી શકતો નથી અને તેથી નિરતર પાપકર્મમાજ મચ્યો રહે છે. લોભીષ્ઠ જન, મા, બાપ, છોકરાં, ગુરૂ, ભાઈ અને આશ્રય દાતાનું પણ અનિષ્ટ કરતા ડરતો નથી. રાજલોભની આકાશ કુશુમવત્ આશાઓને અ ત કરણમા સ્થાન આપી પવિત્ર જનોના ખૂન કરી પાપી વૈરિસિહ મણીપુર નગરમા નામ વેષ બદલી મો'ટા દબદબાથી રહેવા લાગ્યો.

મહારાજા વિરભદ્રને તેના નાશી જવાના સમાચાર પ્રાતકાળમા મળ્યા. મહારાજા ઘણાજ ક્રોધાયમાન થઇ ગયા. પહેરેગીરોની તપાસ કરાવતાં તેમનો પણ પત્તો લાગ્યો નહિ. આથી મહારાજાને સંશય પડયો ને ત્યારથીજ ધારી લીધુ કે અવશ્ય મા'રા સરદારો અગર ભાયતોમા કોઇ બેવફા થયો છે. મહારા-

જાએ વૈરિસિંહને પકડવા ઘણા સૈનિકોને દોડાવ્યા તેમજ ખંડીઆ રાજાઓને પણ તેમની હદમાં જો વૈરિસિંહ હોય તો તત્કાળ તેને અહિં મોકલી આપવો એવી સખ્ત આજ્ઞા ફરમાવી દીધી હતી. છતા ઘણા દિવસો થવા અવ્યા પણ વૈરિસિંહનો કયાંઇએ પત્તો લાગ્યો નહિ. સેનાપતિ ભુપતસિંહના મરણ પછી સેનાપતિ પદપર અજીત આવ્યો હતો. વૈરિસિંહ શાન્તિથી મણીપુરમાં રહી ગુપ્ત રીતે અમરાવતીના સમાચાર મેળવતો હતો. કવચિત કવચિત અજીત ગુપ્ત સ્વાંગ ધારણ કરી તેને મળી આવતો. તેમજ તેના હાથ નીચેના ભદ્રેશના દોસ્તો વરૂણ અને કપટસેન ત્યાંની સર્વ હકીકત હમેશા મણીપુર જઇ જણાવી આવતા. એવી રીતે શાન્તિથી બે વરસ વિતી ગયાં. વૈરિસિંહની જગાએ દિવાનપદ પર આવેલો એક વૃદ્ધ દિવાન વફાદારીથી રાજ્યની સેવા બજાવવા લાગ્યો. અને અજીત પણ પોતાનો દ્રઢ વિશ્વાસ બેસાડવા ઉપરથી વફાદારી જણાવવા લાગ્યો. એવામાં એક નવોજ બનાવ બન્યો. મહારાણી કમળાદેવીએ એક પુત્ર રત્નને જન્મ આપ્યો. અમરાવતીમા પુત્ર જન્મની વધાઇથી આનંદ આનંદ થઇ રહ્યો, નગરમા સાકરો વ્હેચાવા લાગી, ભાટ બદીવાન અને અન્ય ગરિબજનો સંતોષ પામ્યાં. પુત્રને સવા મહિનો થતા રાજ્યના નિયમ પ્રમાણે સુવર્ણનું માદળીયુ મહારાજાએ બાંધી તેનુ મુખ જોયુ. જ્યારે સર્વ પ્રજાજનોમા આનંદ વર્તાઈ રહ્યા હતો ત્યારે અજીત શોકાગ્નિથી બળતો હતો. તુર્તજ પુત્ર જન્મના સમાચાર અજીતે વૈરિસિંહને જણાવી દીધા. વૈરિસિંહ પણ મહાન વિચારમાં પડયો બાદ

થોડા માસ થતામાં તો તે કંઇક ઠરાવ કરી તૈયાર થઇ ગયો અને તે તેના બે વફાદાર સરદારોને લઇ વેષ બદલી સમીસાંજના સમયે અમરાવતીમા પ્રવેશ્યો, અને ખાનગી રીતે અજીતને મળ્યો. મધ્યરાત્રિના સમયે પાપી વૈરિસિંહ અજીતની મદદથી રાજ્યભુવનમાં દાખલ થયો અને રાણીના શયનભુવનમાં પ્રવેસી નિંદ્રાધિન રાણીની સોડમાં સુતેલા બાળકુમારને ઉપાડી લીધો. બાળકુમારનુ હરણુ કરી વૈરિસિંહ આવ્યો હતો તે રસ્તે થઇને ચુપકીથી રાજ્યમહેલની બહાર નીકળી આવ્યો. કાળી ભમ્મર જેવી જણાતી મધ્યરાત્રે વૈરિસિંહ બાળકુમારને શાલમાં લપેટી રાજ્યભુવનમાથી બહાર નીકળી રાહ જોઇ ઉભેલા અજીતને મળ્યો. તેને નિર્વિઘ્ને કાર્ય કરી આવેલો જોઇ અજીત આનંદ પામ્યો. બાદ વૈરિસિંહ તેને કેટલીક સુચના આપી સાથેના સરદારો સાથે બાળકુમારને લઇ મણીપુર વિદાય થઇ ગયો. બરાબર મોટે પરોઢીયે તે મણીપુરમા આવી પહોચ્યો. આ સમયે ..ને ત્યાં સતી વિમળાએ એક કન્યાને જન્મ આપ્યો હતો. વિમળા સુતિકા ગૃહમાં હોવાથી પોતાનો પતિ બાળરાજાનું હરણુ કરી લાવ્યો છે, તેની તેને ખબર પડી નહિ. દુષ્ટબુદ્ધિ વૈરિસિંહે ગ્રહમા આવી બાળરાજાને એક સિપાઇને સ્વાધિન કરી દીધો અને આજ્ઞા આપી કે આ બાળકને હાલ ને હાલ જંગલમાં લઇ જઇ દાટી દે. ઘોર કાર્યનો કરનાર સિપાઇ બાળરાજાને લઈ ચાલ્યો ગયો અને પ્રાત.કાળમાં પાછા આવી વૈરિસિંહને જણાવ્યું કે આજ્ઞા મુજબ એ બાળકને એક ખાડામાં દાટી દીધુ છે. વૈરિસિંહ આનંદ પામ્યો ને વિમળાની સારવાર કરવા નોકરોને

સખ્ત આજ્ઞા આપી પોતે પણ દેખરેખ રાખવા લાગ્યો. અમરાવતીમાં પુત્ર હરણથી હાહાકાર થઇ રહ્યો, રાણી કમળાદેવી અત્યંત કલ્પાંત કરવા લાગી. રાજ્ય મહાલય રૂદન ધ્વનિથી ગાજી રહ્યો. મહારાજાને પણ અત્યંત ઉદ્વેગ વ્યાપી ગયો. પુત્રની શોધને અર્થે ઘણા માણસો દોડાવ્યા પણ તેઓ સર્વ આખરે નિરાશ વદને પાછા આવ્યા. પુત્રના ગુમ થવાનુ કારણ સર્વ જણા નાસી ગયેલા વૈરિસિંહના કાવત્રાનુંજ કામ ધારવા લાગ્યા. સર્વના શોકમા ભાગ લેવાની અજીતે કંઇ પણ બાકી રાખી નહોતી. દૈવેચ્છાને આધિન થઇ મહારાજા ધીમે ધીમે શોકને સમાવવા લાગ્યા. દિન પર દિન વિતવા લાગ્યા. દુઃખનુ ઓસડ દહાડા એમ દિવસે દિવસે શોક ઓછો થવા લાગ્યો.

પેલી તરફ મણીપુરમાં રહેલો વૈરિસિંહ પાછો બેએક વરસ શાન્તિથી બેસી રહી પુત્રીને રમાડી આનંદ કરવા લાગ્યો. વૈરિસિંહ નિરંતર નવનવા માણસોને પોતાને વશ કરવા લાગ્યો ને તેથી તેને ઘણાજ દ્રવ્યનો ખરચ થવા લાગ્યો. અમરાવતીમા રહેલી તેની વ્હાલી મધુમુખી ને પણ ખર્ચ મોકલાવતો હતો ને ત્રીજે ચોથે દિવસે ગુપ્ત પોશાક પહેરી તેને મળી આવતો હતો. એવી રીતે રહેતા વૈરિસિંહને દ્રવ્યની ખોટ પડવા લાગી તેણે દ્રવ્ય સંબંધી સમાચાર અજીતને જણાવ્યા. અજીત તેને બનતી મદદ કરવા લાગ્યો છતા પણ વૈરિસિંહને દ્રવ્યની તંગીજ પડવા લાગી.

વૈરિસિંહ હમેશા સમી સાંજે પર્વત પ્રદેશમા ફરવા જતો એવી રીતે કેટલાક દિવસ ફરવા જતા તેને એક દિવસે અકસ્માત

પહાડી પ્રદેશમાં એક ભોંયરૂં જડી આવ્યું કે જેની અ દર જુદે જુદે સ્થળે જવાના રસ્તા હતા. પોતાના માણસો પાસે તે ભોયરાને અ દરથી સાફ કરાવી માણસો સાથે વરિસિ હ કોઇ કોઇ વખત ત્યા જવા આવવા લાગ્યો એક સમયે વરિસિ હ ચારેક સેવકો સાથે મણીપુરથી એક માઇલ દૂર આવેલા શિવાલયમા બેઠો હતો, એ સમયે મણીપુરના રાજ્ય રાણી ત્રણ વરસના નાના કુમારને આંગળીએ વળગાડી શ કરના દર્શનાર્થે આવ્યા. સમય સાયંકાળનો હતો. રાણી કુમારને લઇ શિવાલયમા પ્રવેશ્યા. સાથે આવેલા નોકરો કોઇ આમ તો કોઇ તેમ ફરવા લાગ્યા શિવાલયમાં પ્રવેશેલાં રાજ્યરાણી અને કુમારના બદન પર અમુલ્ય દાગીનાઓ નીહાળી ત્યા બેઠેલા વૈરિસિ હની દુષ્ટ દાનત થઈ. તુરતજ તે ત્યાથી ઉભો થયો ને પાસે ઉભેલા તેના ચાર સેવકોને રાણી તથા કુમારને ઉપાડી જવાની ગુપ્ત સુચના કરી શ કરના ધ્યાનમા ધ્યાનસ્થ રાણીને દુષ્ટોએ પાછળથી પકડી લીધી. તેના મુખમા ડુચો મારવામાં આવ્યો; અને એક જણે ના'ના કુમારને ઉચકી લીધો. ના'નો કુમાર રડવા લાગ્યો. તેના રડવાની દરકાર નહિ કરતા, તેને રડતો અટકાવવા તેના મ્હો પર હાથ રાખી તે દુષ્ટ હૃદયનો માણુસ ચાલવા લાગ્યો તેની પાછળ રાજ્ય રાણીને ઉચકી બીજો માણુસ પણ ચાલવા લાગ્યો. વૈરિસિ હ દુષ્ટ કાર્ય કરી સર્વ સાથે ભોંયરામાં ગયો. બાદ રાણી અને કુમારના શરીર પરથી દાગીના ઉતારી તેમને તેજ સ્થળે એક ઓરડામાં રાખી વૈરિસિ હ જવા તૈયાર થયો. રાણીએ ત્યાંથી મુકત થવાને તેના અત્ય ત કાલાવાલા કર્યા, પણ પાષાણ હૃદયના વૈરિસિ હને તેમની

બીલકુલ દયા આવી નહિ. પાપી વૈરિસિંહ, રાણી અને કુમારને ભોંયરાના એક ઓરડામાં રાખી, તેમની સેવામાં બે નોકરો સોંપી, દાગીના લઇ મણીપુર ચાલ્યો ગયો અને દાગીના ગાળી વેચીને નાણું કરી આનંદ ભોગવવા લાગ્યો.

પેલી તરફ આમ તેમ ફરતા રાણીના રક્ષણાર્થે આવેલા સેવકો ઘણીવાર થઇ છતા રાણી પાછાં કેમ આવ્યા નહિ ધારી શિવાલયમાં પ્રવેસી જોવા લાગ્યા. પણ ત્યાં રાણી અને કુમાર ક્યાંથી હોય, રક્ષકો ગભરાઈ ગયા ને આખરે નિરાશ વદને નગરમાં આવ્યા. નગરમાં વાને વેગે રાણી અને કુમારના ગુમ થયાની વાત ઉડી. મહારાજા વિરબાહુએ ઘણીજ શોધ કરાવરાવી પણ તેઓનો પત્તો મળ્યો નહિ રાણી અને કુમારના અચાનક ગુમ થવાથી રાજા વિરબાહુ ગાંડા જેવા બની ગયા. પછી પ્રધાન વગેરે મંડળે આશ્વાસન સુચક શબ્દોથી શાન્ત કર્યો. આખરે ત્રણ વરસ વિતવા આવ્યાં છતા પણ કંઈ સમાચાર મળ્યા નહિ. વિરબાહુ અપાર શોક કરવા લાગ્યા અને તેથી રાજ્યકારભારમા પણ ઓછુ લક્ષ આપવા લાગ્યા. અમરાવતીમાં પણ આ અકસ્માતની ખબર પડતા સર્વ શોકાતુર બની ગયા. મહારાજા વિરભદ્ર મણીપુર જઇ વિરબાહુને આશ્વાસન આપી પાછા નગરમાં પધાર્યા. ધીમે ધીમે અમરાવતીમા પણ ચોરીયો લુટફાટ થવા લાગી. આ સઘળાં કારસ્થાનોનો કરનાર પાપી વૈરિસિંહ હોવો જોઇએ એમ સર્વ સાથે મહારાજા ધારવા લાગ્યા, અને તેથી તે દુષ્ટ દિવાનને ગમે ત્યાથી પકડી હાજર કરવાની સેનાપતિ અજીતને મહારાજાએ સખ્ત આજ્ઞા ફરમાવી. અજીત તેને

પકડવાને જાણે ઘણોજ પ્રયત્ન ન કરતો હોય એમ ઉપરથી જણાવવા લાગ્યો. અજીતનો વિશ્વાસ બેસાડવાને પાછો વૈરિસિંહ શાન્ત થઇ બેઠો, થતી ચોરીયો અને લુટફાટ બંધ થઇ ગઇ, ને તેથી સર્વ પ્રજા અજીતને આશિશ દેવા લાગી. એવી રીતે વળી પાછા શાન્તિના બે વર્ષ વિતી ગયા. બે વર્ષથી વૈરિસિંહના સમાચાર અજીતને મળ્યા નથી, તેમજ મણીપુર તપાસ કરાવતાં ત્યાં પણ તેનો પત્તો નથી, આથી અજીતને અત્યંત ઉદ્વેગ થવા લાગ્યો.

પોતાના પ્રિય સલાહકાર વૈરિસિંહના ઘણા સમયના વિયોગથી અજીત હમેશાં શોકાતુર રહેવા લાગ્યો. એક દિવસે અજીત મહેલના ચોગાનમા ગમગીન ચહેરે ફરતો હતો એવામાં તેના નોકરે ત્યા પ્રવેશ કરી તેના હસ્તમાં એક પત્ર મુકયો. અજીત નોકરને વિદાય કરી ચોગાનમા પડેલા બાકડાપર બેસી પત્ર વાંચવા લાગ્યો. પત્ર વૈરિસિંહનો લખેલો હતો. પત્રમાં વૈરિસિંહે લખ્યું હતુ કે, ભાઇ અજીત! મા'રા તને છેલ્લા પ્રણામ છે. ભાગ્યદશાએ મા'રી સ્થિતિ ઘણીજ કફોડી થઇ ગઇ છે. મા'રી સ્ત્રી મરણને શરણ થઈ ગઇ છે. તેમજ મા'રી વ્હાલી પુત્રી આજ કેટલાક દિવસથી ગુમ થઇ ગઇ છે. મા'રૂં રહેવાનુ સ્થાન બળીને ભષ્મ થઇ ગયુ છે, ભાઇ ઇશ્વરે મા'રી પર સખ્ત કોપ કર્યો છે અને તેથી હું આ દુનિયામાં વધારે સમય જીવવાની ઇચ્છા નહિ રાખતાં આત્મ હત્યા કરી મરણને શરણ થાઉ છું. ભાઇ અજીત! આ સંસારમાંની કોઈ પણ વસ્તુની હું ઇચ્છા રાખતો નથી પણ ફકત મા'રો જીવ તા'રામાં રહી જાય છે. અજીત!

મા'રા મૃત્યુ સમાચારથી દુ:ખી થઇશ નહિ, ત'ને સલાહ આપવાને મ્હેં મા'રા એક વ્હાલા ગુરૂજીને ભલામણ કરી છે. તે એક સાધુ છે અને રાજ્ય પ્રપ ચમાં ઘણાજ કુશળ છે. તે મા'રા મ્રત્યુ પછી તને થોડા સમયમા મળશે. અજીત ! વ્હાલાભાઇ અજીત ! તુ તેમને ગુરૂ માની સેવા કરજે ને તેમની સલાહ પ્રમાણે વર્તજે કે જેથી ભવિષ્યમાં તા'રૂં ધારેલુ કાર્ય સિદ્ધ થશે. અજીત ! મરણ પથારીયે લખેલો મા'રો પત્ર પુરો થાય છે. હુ દુનિયાને ત્યાગીને જાઉ છુ. વ્હાલાભાઇ ! મ'ને ભુલીશ નહિ. આ પત્ર તને મળ્યા પહેલા મા રો આત્મા ચાલ્યો ગયો હશે એમ સમજજે. બસ એજ ! તને મા'રા છેવટના પ્રણામ છે. એજ. લી. વૈરિસિ હ.

વૈરિસિ હના મરણ સમાચાર વાચી અજીત એક ના'ના બાળકની માફક રડી પડયો. પણ પછી શાન્ત થઇ ફરી વૈરિસિ-હનો પત્ર વાચવા લાગ્યો, બાદ આખરે ઉદાસ થઈ મહેલમાં ગયો. બીજે દિવસે અજીતે વૈરિસિ હના મરણ સમાચાર દરબારમા જણાવ્યા. દુષ્ટના મરણ સમાચારથી સર્વને આન દ થયો. આન દમા વિશેષ આન દ ઉમેરાયો. પ્રભુ કૃપાથી મહારાજા વિરભદ્રને બીજા પુત્રનો લાભ થયો. પુન અમરાવતીમા મ ગળગીત ગવાવા લાગ્યા, ઘેર ઘેર આસોપાલવના તોરણો બ ધાવા લાગ્યાં. સવા માસ થતા પુત્રને સુવર્ણનુ માદળીયુ બાધી તેનુ નામ શૈલેશકુમાર પાડવામા આવ્યું. ચ દ્રમા જેમ શુકલપક્ષમા દિવસે દિવસે મોટો થતો જાય છે તેમ શૈલેશકુમાર દિન પ્રતિદિન મો'ટો થવા લાગ્યો. શૈલેશકુમારને સખ્ત બ દોબસ્તથી ઉછેરવામાં આવતો હતો. સેનાપતિ અજીત ઇર્ષાથી બળવા લાગ્યો, તેને વૈરસિં-

હની ખોટ જણાવા લાગી. એવામાં અજીતને વૈરિસિંહે જણાવેલા સાધુરામની મુલાકાત થઈ. અજીતે સાધુરામને સર્વ બીનાથી જાણીતા કરી દીધા, સાધુરામે તેને આશ્વાસન આપ્યું દરરોજના મેળાપથી અજીતનો ને સાધુનો સ્નેહ દ્રઢ થવા લાગ્યો, ધીમે ધીમે તે સાધુરામ, અજીત, ભદ્રેશ, વરૂણ, કપટ, અને મધુમુખી વગેરે દુષ્ટ મંડળનો નાયક થયો, સર્વ તેને પ્રભુ સમાન ગણવા લાગ્યા. તે સાધુરામ તેના સાથીતો સાથે વૈરિસિંહના ગુપ્ત ગ્રહમાં નિવાસ કરવા લાગ્યો, તેમજ કવચિત મધુમુખીને ત્યા પણ રહેતો હતો

રાજપુત્ર શૈલેશ ઉમ્મરે વધતા સકળ શાસ્ત્ર સંપન્ન ને યુદ્ધ-કળામા નિપુણ થયો. બાદ તેની સોળ વર્ષની ઉમ્મરે મહારાજા વિરભદ્રે મણીપુરની રાજકન્યા દિવ્યપ્રભાની સાથે તેનો વિવાહ કર્યો મહારાજા વિરબાહુના રાણી તથા પુત્રનો ઘણા વરસો થયા પત્તો નહિ મળવાથી પ્રધાન વગેરે મંડળના અત્યંત આગ્ર-હથી વિરબાહુએ બીજીવારનુ લગ્ન કર્યું હતુ. અને તે નવી રાણીથી દિવ્યપ્રભાનો જન્મ થયો હતો. દિવ્યપ્રભા બાલ્યાવસ્થા-થીજ ચંચળ ને ચાલાક જણાવા લાગી, વિદ્યાભ્યાસમા પણ આગળ પડતો ભાગ લેતી તેની પંદર વર્ષની ઉમ્મર થતામા તો માતૃભાષા ઉપરાત સંસ્કૃતનુ જ્ઞાન મેળવી સદગુણી થઇ હતી. રૂપ સદગુણ સાથે તેનામા અપૂર્વ સંગીત વિદ્યાએ વાસ કર્યો હતો. મહારાજા વિરબાહુનો વિચાર તેનો વિવાહ અજીત-સિંહ સાથે કરવાનો હતો. એ વાત અજીત પણ સારી રીતે જાણતો હતા. તેણે દિવ્યપ્રભાને જોઇ હતી અને તેના રૂપ

ગુણુથી મોહિત થઇ અજીત તેને અત્યંત પ્રેમથી પરણુવાને ઇચ્છતો હતો. નિર્મળાને જો કે તે પ્રથમ પુર્ણ પ્યારથી ચહાતો હતો, પણુ મધુમુખીના પ્યારમાં પડવાથી નિર્મળાનો નિર્મળ પ્રેમ તેણે ત્યાગ્યો હતો, એવી રીતે મધુમુખીની સાથે ઘણા દિવસ આનંદમાં ગુજારી હવે અજીત દિવ્યપ્રભાના પ્રેમ ને મેળવવાનો યત્ન કરવા લાગ્યો. એવામાં અચાનક મહારાજા વિરબાહુનો વિચાર બદલાયો અને તેથી અજીત સાથેના વિચારને રદ કરી શૈલેશની સાથે પુત્રીને લગ્ન સંબંધથી જોડવાનો વિચાર દ્રઢ થયો. સમય સાધી વિરબાહુએ અમરાવતી માગુ મોકલ્યું, તેમના માગાને અત્યંત માનથી મહારાજા વિરભદ્રે સ્વીકાર્યું. તેથી તુર્તજ મહારાજા વિરબાહુએ દિવ્યપ્રભાનો વિવાહ શૈલેશકુમાર સાથે કરી દીધો.

શૈલેશ દિવ્યપ્રભાને હવે પરણશે એમ ધારીને અજીત અકળાવા લાગ્યો અને હવે શુ રસ્તો કરી દિવ્યપ્રભાને પરણવુ તથા અમરાવતીના મહારાજા શો રીતે થવુ. એવા વિચારમા નહિ ફાવવાથી અજીત સલાહ લેવા સાધુરામને મળ્યો.

વ્હાલા વાચકો ! તે સાધુએ દુષ્ટ મંડળ સાથે ગુફામાં સભા ભરીને ભદ્રેશને, દ્રવ્ય માટે તેની પત્નિ ભારતીનુ ખૂન કરવાનું સુચવ્યુ અને અજીતને શિકારમા સમય સાધી શૈલેશનુ ખૂન કરી બાદ મહારાજાને મારવાનુ જણાવ્યુ. તે આપણે ગત પ્રકરણમાં વાચી ગયા છીએ. શૈલેશકુમાર શિકારમા ભુલો પડવાથી દિવ્યપ્રભાને મળ્યો અને સિંહના ભયમાથી કુમારીને સાવધ કરી પ્રેમમાં વધારો કર્યો, ને ત્યારબાદ તેના નગરમાં મળવાનું

વચન આપી છુટો પડયો, તે પણ આપણે જોઇ ગયા. તેમજ બેવફા અજીત સાધુની સલાહ માની શૈલેશનુ ખૂન કરવા જવા તૈયાર થયો. સતી નિર્મળાએ તેને બોધ વચન કહી અટકાવ્યો ને તેથી તે દુષ્ટ પવિત્ર નિર્મળાને ઘાયલ કરી પસાર થઇ ગયો. ઘાયલ નિર્મળાને કૈલાસ ઉપાડી ગઇ, શૈલેશની વિશ્વેશથી રક્ષા થઇ. અજીત આશાભંગ થઇ, અમરાવતી પાછા જવાની પ્રતિજ્ઞા કરી સાધુરામના નિવાસ સ્થાન તરફ નાશી ગયો. વિશ્વેશ અને શૈલેશ સ્નેહથી સંધાઇ અમરાવતી જતાં રાત્રિ પડવાથી વૃક્ષપર ચઢી રાત્રિ ગુજારવા લાગ્યા, વગેરે આપણે જાણી ગયા છીએ. હવે આગળ ઉપર શું થાય છે એ જાણવાનું બાકી રહ્યું છે. અસ્તુ.

પ્રકરણ ૧૬ મું.

ભેદ ભાગ્યો.

ખેલ ખલકના અજબ છે, ઘડી ઘડી પલટાય,
ચડતી પડતીના છાયડા, આવે ને વિખરાય.

ભાસ્કર ભગવાન ઉદય સમયે પૂર્વ દિશામાં ગુલાબી રંગના દેખાતા હતા. પ્રાત પવનની શિતળ સુખદાયક લ્હેરો વા'તી હતી. ભાવિક ભક્તો ગંગામા સ્નાન કરી મુખથી પ્રભુ નામનુ રટણ કરતા ગૃહે પાછા આવતા હતા. એ સમયે બે માણસો સેનાપતિ અજીતસિંહના મહાલયમાથી નીકળી ધસ-મસ્યા નગર તરફ પ્રયાણ કરતા હતા. અલ્પ સમયમા તો તેઓ નગરના દરવાજામા થઇ રાજમહેલ તરફ શ્વાસભેર દોડવા લાગ્યા. મહારાજા વિરભદ્ર આ સમયે રાજમહેલના પુષ્પોદ્યાનમા આમ તેમ ફરતા હતા. એવામાજ આવનાર માણસો પુષ્પોદ્યાનમા તેમની પાસે આવી નીચા વળી નમન કરી ગળગળે સાદે કહેવા લાગ્યા. ધર્મમૂર્તિ ! ઘણોજ જુલમ થઇ ગયો છે, કાળોકેર વરતાઈ ગયો છે

"હે ! શું થયુ છે? મહારાજાએ ચમકીને પૂછ્યુ."

"પ્રભુ! નિર્મળાઆનું ખૂન થયું છે, અને તેમના શબનો પત્તો નથી. મહેલનુ દિવાનખાનું લોહીથી રંગાઇ ગયુ છે. આવનારે નિર્મળાના ખૂનના સમાચાર જણાવ્યા

હે ! શું સતી નિર્મળાનુ ખૂન ? ઓ ! અફસોસ ! એવો કોણ ઘોર ઘાતકિ ઉત્પન્ન થયો કે તેના પાપી હાથે પવિત્ર નિર્મળાનો પ્રાણ ગયો ? વારૂં ! અજીત કયાં છે ? મહારાજાએ ગદ્ગદિત્ કંઠે પૂછ્યુ.

"દયાળુ! તેમનો પણ પત્તો નથી, મહેલના કેટલાક નોકરો કહે છે કે તેમણે સ્વહસ્તેજ નિર્મળાનુ ખૂન કર્યું છે.

"શુ અજીતે પોતેજ નિર્મળાનું ખૂન કયુ છે ? ના, ના, હુ માની શકતો નથી અજીત ! મા'રો વ્હાલો વફાદાર અજીત! આ'વુ ભયંકર કાળુ કૃત્ય કદાપિ ન કરે."

"સ્વાર્થ સાધવાને મનુષ્ય ધારે તે કરે" ગયબી અવાજથી કોઈ બોલી ઉઠયુ.

હે ! આ કોણ બોલ્યુ ? વફાદારો જુવો, તપાસ કરો. આમા મને કાંઇ સમજાતુ નથી, કહી વ્યાકુળ હૃદયે મહારાજા આસપાસ જોવા લાગ્યા. તો તેમની અત્યંત અજાયબીની અંદર પુષ્પોદ્યાનના વૃક્ષ કુંજમા છૂપાઇ ઉભી રહેલી એક વિરૂપ આકૃતિ દૃષ્ટિગોચર થઇ. મહારાજાની નજર તેની ઉપર પડતાજ તે ત્યાંથી નીકળી ઝડપથી તેમની નજીક આવી, અને ઓઢેલા કાળા ઝભ્ભામાથી એક કાગળની ના'ની ચિઠ્ઠી કાઢી મહારાજાના હાથમા મુકી, એ આકૃતિ ઝપાટાબંધ ત્યાંથી પસાર થઇ ગઇ. આ'વુ દૃષ્ય જોતાં મહારાજા તો કેવળ આશ્ચર્ય ચકિત્ થઇ ગયા

બાદ આખરે કંઇક વિચાર કરી ઉભેલા માણસોમાંથી એકને પ્રધાનને બોલાવી લાવવાની આજ્ઞા કરી ચિઠ્ઠી વાંચવા લાગ્યા. તેમાં લખ્યુ હતું કે—મહારાજા વિરભદ્ર ! સેનાપતિ અજીતથી હવે સાવધ રહેજો. નિર્મળાનુ ખૂન કરનારજ અજીત છે. તે રાજ્યલોભમા અંધ થયો છે અને તેથી તે તમારૂં પણ ખૂન કરવા ઇચ્છે છે. વિશેષમાં તે શૈલેશનુ ખૂન કરવા ગઇ કાલેજ નિર્મળાને ગોળીબ્હારથી વિંધી નીકળી પડયો છે. એજ લી. આપનું શ્રેય ઇચ્છનાર.

ચિઠ્ઠી વાચી મહારાજા એકદમ બૂમ પાડી ઉઠયા. ઓહ ! જુલ્મ, ગજબ ! અજીત ! એ દૂધ પાઇ ઉછેરેલા ઝેરીનાગ ! આખરે તુજ અમને દગા દેવા તૈયાર થયો ? હા, હવેજ મ'ને સઘળુ સત્ય ભાસે છે. મા'રા વફાદાર સેનાપતિ ભુપતસિંહનુ પણ ખૂન કરનાર તેજ કર્મચંડાળ હોવો જોઇએ. મા'રા હૃદયમા ઉત્પન્ન થતી શંકા આજે સત્ય ઠરી અને ઘણા દિવસના બ્રમનો ભેદ આજેજ ભાગ્યો. હા ! સતી નિર્મળા ! પવિત્ર ભાગિરથી તુલ્ય નિર્મળા ! તુ તે દુષ્ટને સદુપદેશ આપતા તેના ક્રોધમા બળીદાન થઇ ગેમાઈ. મહારાજા અત્યંત શોક કરવા લાગ્યા. પુન: શૈલેશ યાદ આવતા ગભરાઇ બોલી ઉઠયા. ઓહ ! પાપી પતિત નિર્મળાને મારી શૈલેશનુ ખૂન કરવા ગયો, શુ તે કર્મચંડાળ મા'રા શૈલેશનુ ખૂન કરશે ? હા, અફસોસ ! શૈલેશ કાલનો શિકારે ગયો છે, પણ આજ બીજો દિવસ થયો છતાં પાછો ફર્યો નથી. પ્રભુ તેનુ રક્ષણ કરો. આવી રીતે બોલતાં બોલતા મહારાજા શોકમાં ગરકાવ થઇ ગયા. એ અરસામાં ગયેલો

માણુસ પ્રધાનને બોલાવી ત્યાં આવી પહોંચ્યો. પ્રધાનને જોતાંજ મહારજા બૂમ પાડી ઉઠયા. પ્રધાનજી! આપણા સરદારોને સૈન્ય સાથે મણીપુર નગરની આસપાસના જંગલોમાં દોડાવો, પાપી અજીત! બેવફા થયો છે ને સતી નિર્મળાનું ખૂન કરી રાજકુમારનો પ્રાણ લેવા ગયો છે. જાઓ સત્વરે સરદારોને સૈન્ય સાથે રવાના કરો અને તેમને જણાવો કે તે કમેચડાળને પૃથ્વીના પડમાથી ખોળી કાઢી પકડાય તો પકડી લાવો નહિ તો ત્યાંને ત્યાં ઠાર કરો. પ્રધાનજી! જલ્દી જાઓ અને તેમને વિદાય કરી તમે દરબાર ભરો હુ જલ્દીથી દરબારમાં આવુ છુ.

મહારાજાની આજ્ઞા શ્રવણ કરી પ્રધાનજી ગભરાઇ ગયા, અને શાન્તિ સુચક શબ્દો કહી બંદોબસ્ત કરવા ચાલ્યા ગયા.

વાને વેગે નગરમા વાત ઉડી, નિર્મળાના મરણ સમાચાર સાભળી પ્રજામાં હાહાકાર વરતાઇ રહ્યો નગરજનો કકળતા આત્માએ અજીતને ધિક્કરવા લાગ્યાં. અમરાવતીમાં ઘોડેસ્વારોની દોડાદોડી થવા લાગી મહારાજા પણ શોકથી મ્લાનમુખે દરબારમાં જવાની તૈયારી કરવા લાગ્યા. અલ્પ સમયમા તો શોકાતુર ચંદ્રે મહારાજા દરબારમા પધાર્યા, સર્વ સરદારો તથા ભાયાત મંડળે ઉભા થઈ નમન કર્યું. મહારાજા સિંહાસનારૂઢ થયા ને બનેલા બનાવથી સવને માહિતગાર કર્યા. દરબારી મંડળ અજીતનુ ક્રૂર કાર્ય જોઇ તેને ફિટકાર આપવા લાગ્યુ. હજી શૈલેશ કેમ નહિ આવ્યો હોય? શુ પાપી અજીત તેનું ખૂન કરવામાં ફાવ્યો હશે? વિચાર કરતા મહારાજા હૃદયમાં વારંવાર નિશ્વાસ નાંખવા લાગ્યા. એવામાંજ શૈલેશે, વિશ્વેશ સાથે

દરબારમાં પ્રવેશ કર્યો. બને વીરોએ આખી રાત્રિ વૃક્ષપર ગુજારેલી હોવાથી આ સમયે તેમનાં નેત્રો ઉજાગરાને લીધે રક્ત જણાતાં હતા શૈલેશકુમારને નિર્વિઘ્ને આવેલો જોઇ મહારાજાને અત્યાનંદ થયો ને તે આનંદના આવેશથી ઉભા થઇ સિંહાસન પરથી નીચે ઉતરી શૈલેશને હૃદય સાથે દાબી તેનું કુશળ પૂછી પુનઃ તેને લઇ સિંહાસનારૂઢ થયા. રાજકુમારની સાથે આવેલો વિશ્વેશ, રાજ્યસભાના એક ખુણામા માથુ નીચું નમાવી ઉભો રહ્યા. વિશ્વેશને એવી રીતે ઉભો રહેલો જોઇ શૈલેશ ન કહેવા લાગ્યો. વિશ્વેશ, વીરા આહ આવો અને મા'રી સાથે જગા લ્યો.

ના, અત્રેજ ઠીક છે. ટુંકો ઉત્તર આપી વિશ્વેશ ત્યાંજ ઉભો રહ્યા સવ સભાસદો વિશ્વેશને નિહાળવા લાગ્યા મહારાજા શેલશનુ બોલવુ અને વિશ્વેશનો જવાબ સાભળી આશ્ચર્ય પામ્યા, અને પછી વિશ્વેશની સામે જોઇ શૈલેશને પૂછવા લાગ્યા. કુમાર! એ યુવક કોણ છે?

પિતાશ્રી! તે મા'રો ભાઇ છે. મા'રો બચાવનાર છે. શૈલેશે જવાબ આપ્યો.

શૈલેશ! સત્ય હકીકત જાહેર કર! તા'રા ભેદયુક્ત શબ્દોથી હુ કાઇ સમજતો નથી માટે સ્પષ્ટ જણાવ કે શુ બનાવ બન્યો હતો? મહારાજાએ પૂછ્યુ.

પિતાજી! જે સર્પને આપે આજ પર્યંત પાળીપોષી મો'ટો કર્યો હતો, તેજ સર્પ, સેનાપતિ અર્જુન વિશ્વાસઘાતી થઇ રાજ્યલોભી થયો અને તેથી મા'રો નાશ કરવા તૈયાર થયો. શૈલેશે જણાવ્યુ.

શૈલેશ! શું નિર્મળાના ખૂનીનો તા રે મેળાપ થયો હતો? મહારાજાએ ચમકીને પૂછયું.

હા પિતાજી! પણ આપ આ શું વદો છો? શુ પવિત્ર નિર્મળાનુ પણ તે અધમે ખૂન કર્યુ છે? શૈલેશે પૂછયુ.

હા, શૈલેશ! તે દુષ્ટે ઘણુ જ ઘોર ઘાતકિ કાર્ય કર્યુ છે. મહારાજાએ કપાળે કર દઇ કહ્યું.

ઓ પિતાજી! શું તે પતિતપાવની નિર્મળા સ્વર્ગે સ ચરી? ઓ આકાશ! તું આ અવનિ પર એકદમ તુટી પડ, ઓ સખ્ત તાપથી તપતા પ્રભાકર! તમે સર્વ કર્મ નિહાળો છો તો શામાટે એવા પાતકીને તમારી સખ્ત ગરમીથી બાળી ભસ્મ કરી નાખતા નથી? ઓ નભ મ ડળમાં ઝબકતી વિજળી! તુ તા'રા તીક્ષ્ણ તેજથી સતી નિર્મળાને સ હારનાર પાપી અજીતનો પ્રલય કર. હા, અફસોસ! ગરિબડી નિર્મળા અકાળે મરણને શરણ થઇ. હરી, હરી ....શૈલેશે શોકોદ્ગાર કાઢી નિશ્વાસ નાખ્યો.

કુમાર! થઈ તે થઇ. ગત વસ્તુનો શોક કરવો વૃથા છે. વિશ્વેશે શાન્તિસુચક શબ્દો ઉચ્ચાર્યા.

સર્વ સભામાં નિસ્તબ્ધતા છવાઇ ગઇ. બાદ થોડીવારે મહારાજા શૈલેશને પૂછવા લાગ્યા. શૈલેશ! તા રો અને તે દુષ્ટનો સમાગમ કેવી રીતે થયો હતો? તેમજ આ વીરકુમાર કોણ છે, વગેરે હકીકત જણાવ. હુ તે દુષ્ટાત્માનો અપરાધ સહન કરી શકતો નથી. હું તે પાપના પુતળાને ગમે ત્યાંથી પકડી મ ગાવી નિર્મળાના ખૂનનો જવાબ લઇશ. મહારાજા ઉશ્કેરાઇ બોલી ઉઠયા.

બાપુ શાન્ત થાઓ! તે અધમ તેના કર્મના સંસ્કારેજ બચી જવા પામ્યો છે. આ સામે ઉભેલા વીર યુવક વિશ્વેશની ગોળીથી બચવા જીવ લઈ પલાયન કરી ગયો છે. શૈલેશે જણાવ્યું.

તે કેવી રીતે બન્યું અને આ વિશ્વેશ કોણ છે? મહારાજાએ પૂછયુ.

પિતાશ્રી! હું ગઇ કાલે મા'રા નિયમાનુસાર પર્વતપ્રદેશમા શિકારે ગયો હતો. સાજ પડવા આવી હતી. હુ શિકારના શ્રમથી શ્રમિત થઇ નગર તરફ આવવાનો વિચાર કરતો હતો, એવામાજ દુષ્ટ અજીત સમય સાધી તેના નીચ માણુસો સાથે મા'રી પર ધસી આવ્યો. હું પણ હિંમતથી તેઓના સામે થયો, પણ પાછળથી તે દુષ્ટના માણુસે આવી અચાનક મા'રી ઉપર તરવારનો ઘા કર્યો. હુ ઘાયલ થઇ જમીન પર પડયો, એ તકનો લાભ લેઇ પાપી અજીત માંરા પ્રાણુનુ વિસર્જન કરવા તૈયાર થયો. એટલામાજ આ સામે ઉભેલા વીર યુવકે ત્યાં દોડી આવી મા રો બચાવ કર્યો. વીર વિશ્વેશના ગોળીબ્હારથી તે પાપીનો એક માણુસ મરણુને શરણુ થયો, તેથી અજીત ગભરાયો, એટલામાં તો બીજો માણુસ ગોળીનો પણુ ભોગ થઇ પડયો. ઉશ્કેરાયેલો આ વીર પાપી અજીતનો નાશ કરવા તૈયાર થયો, નેમ તાકી પિસ્તોલનો ઘોડો દાબ્યો. પણુ અજીતના સુભાગ્યે વિશ્વેશનો બ્હાર નિષ્ફળ ગયો, કે તુરત તે પાપી પ્રાણુ બચાવવા પલાયન થઇ ગયો. ત્યારબાદ આ વિશ્વેશે મા'રા જખમ પર પાટો બાધી મ'ને સાવધ કર્યો. પછી અમે બને જણા મિત્રતાથી બધાઇ નગર તરફ આવવા લાગ્યા પણુ રાત્રિના અધકારથી બીજે રસ્તે

ચઢી ભુલા પડયા. તેથી રાત્રિ ત્યાજ ગુજારવાનો નિશ્ચય કરી એક વૃક્ષ પર ચઢયા; અને પ્રાતઃકાળ થતાં ત્યાંથી પ્રયાણુ કરી અત્રે આ સમયે આવવાને ભાગ્યશાળી થયા છીએ. પિતાશ્રી! આજથી આ વિશ્વેશ મા'રો વ્હાલામા વ્હાલો ભાઇ છે. શૈલેશે સઘળી વાત કહી સભળાવી.

મા'રા શૈલેશને બચાવનાર વીર વિશ્વેશ! આવ, આમ મા'રી પાસે આવ. આજથી તુ મા'રા શૈલેશ સમાનજ છે. કહી મહારાજા સિંહાસન પરથી નીચે ઉતરી વિશ્વેશની પાસે ગયા ને તેને સ્નેહ પૂર્વક હૃદય સાથે દાબવા લાગ્યા. સર્વ સભાજનો મહારાજાની કૃપા તેનો ઉપર ઉતરેલી જોઇ તેના ભાગ્યને વખાણવા લાગ્યા.

પ્રકરણ ૧૭ મું.

વિશ્વેશની કર્મ કથા

" સુખી નર દુખી નર બને, રંક રાય થઇ જાય. "
" ઈશ્વર લીલા અપાર છે, પાર ન કાઇ પમાય '

વિશ્વેશ મહારાજાનો પ્રેમ જોઇ આંખ્યોમાંથી અશ્રુ વરસાવવા લાગ્યો, અને આખરે મહારાજાના બાહુમાંથી છુટી ગળગળે સાદે બોલ્યો કેઃ-મહારાજ ! હુ આટલા બધા માનને લાયક નથી. હુ તો એક રંક માણસ છુ.

વીર યુવક ! દુખી ન થા, અને જણાવ કે તુ કોણ છે, તેમજ તા'રા માતા પિતા કોણ છે ? મહારાજાએ પૂછ્યું.

મહારાજ ! આ સંસારમાં જન્મેલો હુ એક દિન દુ:ખી માણસ છુ મા'રા માતા પિતા કોણ છે તે પણ હુ જાણતો નથી. આટલુ કહેતા વિશ્વેશનુ ગળુ રૂંધાઈ ગયુ ને મુખ અવાચકદિન બની ગયુ.

તેની એવી સ્થિતિ અવલોકી શૈલેશ આસન પરથી નીચે ઉતરી વિશ્વેશની પાસે આવી રૂમાલથી સ્વહસ્તે તેના અશ્રુ લુછતો કહેવા લાગ્યો. વીરા ! શા માટે હૃદયમા ઓછું આણી

દુ:ખી થાય છે ? બંધુ ! તા'રી આંખ્યોનાં ઉષ્ણ અશ્રુ બિંદુઓ જોઇ મા'રૂં મન દુ:ખી થાય છે. વિશ્વેશ ! તું પિતાશ્રીને તા'રૂં કથન કહી સંભળાવ કે જેથી તે કષ્ટને દૂર કરવાના ઉપાય યોજાય. શૈલેશે શાન્તિ આપી.

કુમાર ! મા'રા કષ્ટની અવધી નથી તો હું શુ જણાવું ! તેમજ મા'રૂં દુ:ખ જણાવી બીજાને શા માટે દુ:ખી કરૂં? કહી વિશ્વેશે નીચું જોયુ.

વિશ્વેશ ! આજથી તું મા'રો બીજો પુત્ર છે. હુ તારૂં દુ.ખ વિદારવા સત્વર ઉપાય યોજીશ. માટે મા'રી આજ્ઞાને માન આપી તુ તા'રા હૃદયની સઘળી સત્ય હકીકત જાહેર કર. મહારાજાએ જણાવ્યું.

હા, વીરકુમાર! તા'રી વાર્તા વગર સંકોચે જણાવ. પ્રતાપી મહારાજા વિરભદ્રની શિતળ છાયામાં દુ:ખી જનો સુખી થાય છે, અમો સર્વ તા'રૂં કષ્ટ કાપવા તૈયાર છીએ. દરબારી મંડળમાંથી એક વૃદ્ધ સરદારે ઉભા થઇ કહ્યું.

મહારાજ ! આપ સર્વેની આજ્ઞાને માન આપી હું મા'રી સઘળી કર્મકથા કહી સંભળાવું છું, કહી વિશ્વેશ મહારાજા સામું જોઇ પુન: સભાસદો સમક્ષ નિહાળી તેની કર્મકથા કહેવા લાગ્યો.

કષ્ટ કથા.

તુલસીકૃત રામાયણનો રાગ.

સાંભળશો આ કર્મની કા'.. ણી,
થાશે કહેતાં દુ:ખની ના...ણી;

છ માસની વયમા સપડા...ણો,
દુષ્ટ હાથ જંગલ ઘેરા . ણો.
પાપી પાસથી યોગીએ બચા...વ્યો,
નીતિ શાસ્ત્ર ભણતરમા ફા વ્યો:
કોણ માત કોણ તાત નવ જા . ણું,
ગુરૂ આશિશ ધરી આનંદ મા...ણું
પાળે પ્રેમે પુત્ર પ્રમા...ણે,
ધરણી સૂર્ય સકળ ગતિ જા...ણે.

હરિગીત,

વય સોળ ઉમ્મરના થતા, વિદ્યા ભણી નિપુણ થયો
લઇ ગુરૂ કેરી શીખ સાચી, મણીપુર નગરે ગયો

"ધન્ય છે એવા પરદુખભજન મહાત્માને. હાં, કુમાર પછી ? મહારાજા વચ્ચે બોલી ઉઠયા."

ચોપાઇ.

સુખદ સુંદર મણીપુર ગામ,
વસે શ્રીમંત વિ સેન નામ.
તેનો પુર્વનો હુતો રણીયો,
સેવા કાજે હુ નોકર બન્યો

"વિશ્વેશ ! શું તુ વિરસેન ગૃહે સેવક થઇ રહ્યા ?" પુન: મહારાજાએ પ્રશ્ન કર્યો.

"હા મહારાજ ! સમયને અનુસરવું પડયુ."

"વારૂ પછી ?"

હરિગીત.

કન્યા વરસ વય તેરની, વિરસેનની પુત્રી હતી,
સહુ ગુણ સંપન્ન કન્યકા, સંભાળ મમ લેતી હતી,
દિલની દયાળુ સુંદરી, મૃગલોચની મનહર અતી,
નામ વિશ્વપ્રભા સુરમણી, મુજપર દયા દર્શાવતી
નિષ્કામ પ્રેમ અમ વાધતો, દેખી પિતા તેનો બળે,
અંતર અદેખુ તેહનું, દિલે દયા કંઇ ના મળે,
હરરોજ બાળાના પિતા અતિ ક્રોધથી ધમકાવતા,
કન્યા કઠણ હૈયુ કરી સંહતી શબ્દો નિજ પિતા.
જોઇ હૃદય મારૂ બળે, પણ હૂં પરાધિન શુ કરૂ,
મુજને રખે ધમકાવશે, એ બીક અંતરમાં ધરૂ·
જોઇ પ્રેમ ક્રોધે ભરાઇ, વિચાર વમળે તે ચડયો,
વિનાશ કરવા માહરો, નિશ્ચય દ્રઢ હૃદયે કર્યો

' ધિક્કાર છે એવા અવિચારી માણસને, કે તેને પુર્ણ તપાસ કર્યા વિના એવો દુષ્ટ વિચાર નહોતો કરવો.'' હા પછી ?

હરિગીત.

કરતો અધિક હૂ કાર્ય તેનું, પણ નહિ દિસાબમા,
વક્ર દ્રષ્ટિ નિરખતા હુ રંક કોણ હિસાબમા;
ધર્મી પુરૂષ સાથે સદા, આ જગત અવળુ થાય છે,
લુચ્ચા લફંગા પાપીઓ, આ જગતમા પુજાય છે
સાચું કહેતા શઠ જનો, નહિ સત્ય ઉરમા માનશે,
વિનતી કરી કહીશુ જતા, વ્યર્થ સૌ નકી જશે;

પાપી જનોનાં સાથમાં, સત્યેથી રે'વાયે નહિ,
સમજાવતા સત્ય વાત તો બનાવે તે ખોટી કહી
આંધા કને ધરો આરસી, બ્હેરા કને વાજીંત્ર કો,
સાકર ધરો ગર્ધવ સમિપે, અર્થ કો થાનાર શો !

"સત્ય છે. કુમાર પછી ?"

પ્રાણ જવા માહરો, પાપી વિચારે મન વિશે,
ખબર થઇ મુજને સહિ, પણ મનમા કંઇ ના દિસે;
સુલક્ષણી સતી સાધ્વિ, નાશી જવા ઉચ્ચારતી,
પણ અબલા તણી તેહને, જાવા હિંમત નહિ ચાલતી

"ધન્ય છે તે દયાની દેવીને, આટલું વચમાં બોલી મહારાજા કહેવા લાગ્યા. વીરકુમાર! જ્યારે ત્હેં તે બાળાને નાશી જવાની ના કહી હશે. ત્યારે તે ઘણીજ દુઃખી થઇ હશે ?"

"હા મહારાજ! તે પવિત્ર પ્રેમદા ઘણીજ દુઃખી થઇ અને:–

શાર્દુલ વિક્રીડીત.

બાળા એમ નિરાશ, શોક કરતી થૈ મંદ ભગી રહી.
ગોરે ગાલ ગુલાબી રંગ હરતાં, છે અશ્રુ આવ્યા વહી;
આછા બિંદુ વિશાળ ભાલ ઠરીને, પ્રસ્વેદના દીસતા,
છુટી વેણ વછુટીને લટકતી, સ્કંધેથી નીચે જતા
ના તો અંગ ઉમંગ તોય ચિત્તમા, ચાલાકી દીસે ઘણી,
બીકે નેત્ર સલીલથી બહુ ભર્યા, જોતી દિશાઓ ભણી;
કાયા કાંપતી કામિની મન વિશે, આવ્યા હતા ઉભરા,
તોએ દુઃખ દબાવવા મન વિશે, યત્ને કરે રે જરા xxx

"હર, હર! નિષ્કામ પ્રેમની પવિત્ર બાળાના હૃદયની કેવી દુખદ સ્થિતિ? વચમાં મહારાજા નિશ્વાસ નાખી પૂછવા લાગ્યા: વિશ્વેશ પછી?

હરિગીત.

વિપરીત વાત વિચારીને, બાળા ઉભી એકાંતમા,
રોયાં અમે બન્ને બહુ, ચોધાર અશ્રુ આવતાં.
છાની રહે બાળા કહીને, હું દિલાસો આપતો.
પણ રહ્યા મમ જીવ, દીલમા મુક્તિ હું ચ્છિતો
પ્રેમિ પવિત્ર એ સુંદરી, ભુલાય ના સ્વપ્ને કદી,
કાન્તા કનકની પુતળી, મૃગનયની મનહરનારી,
બેઠા હતા અમે એકદા, આનંદથી આવાસમા,
વાતો કરતા જ્ઞાનની, નિદ્રીત થયો હું સેજમાં.

આટલુ કહેતામાં તો વિશ્વેશનુ હૃદય ભરાઇ આવવાથી શાન્ત રહી નિશ્વાસ નાંખવા લાગ્યો, કે તુર્તજ મહારાજા બોલી ઉઠયા. વિશ્વેશ! દુ:ખી ન થા, પ્રભુ અવશ્ય તને સુખી કરશે અને હવે જણાવ કે પછી શું થયું?

"મહારાજ! પછી મને નિદ્રાએ ઘેરેલો જોઇ વેશ્યા ત્યાંથી ચાલી ગઇ. તેને ત્યાથી ગએ થોડીકવાર થઇ એટલામાં તો

વિરસેન આવો પ્રપંચી, દર્શાવતો ખુની મને,
લઇ જાઓ આને નાખો મારી, આપું બક્ષિસ હું તને,
ક્રૂર કાર્યનો કર્તા ખૂની. દીલે દયા કંઇ ના ધરે,
કેદી બનાવી મુજને, સ્કંધે ધરી તે પરવરે.

"ઓહ! શું તે પાપી વિરસેને તને ખૂનીને સ્વાધિન કર્યો.'

"હા, મહારાજ."

"વારૂ પછી?"

તજી નગ્ર આવ્યો વન વિશે, અધકાર સઘળે ત્યાં દિસે
નાખી ભુમીપર મુજને, તરવાર કાઢ તે રીસે,
અધન દશામા હુ હતો, થર થર ધ્રુજે મમ કાયરે,
મમ મ્રત્યુ નક્કીરે થશે, મન મારૂ તો ગભરાયરે
ખૂની પછી પોકારીને, કથતો કહેણો મુજને,
વિશ્વેશ ભજી લે ઈશને, હુ મોકલુ સ્વર્ગે તુને,
સુણી વાત તેની હૃદય મમ, પોકારવા લાગ્યુ પ્રભુ,
પાપી તણી આજ્ઞા થકી, માથુ નમાવ્યુ મ્હેં નીચુ

સાખી.

ત્યારે કળા કિરતારની, વનમા કૌતક થાય
દિવ્ય તેજના યોગીજી, પ્રગટ તુર્ત ત્યા થાય

હરિગીત.

સુણી કારમી અતિ ગર્જના, પાપી પલાયન તો થયો
વળી યોગજીને ઓળખી, જઈ ચર્ણમા હુ તો પડયો

સાખી.

ઓળખીયો નિજ બાળને, પ્રિતથી ઝાલ્યો હાથ
વિશ્વેશ માગ બાળકા, સ્હાય ત્રિભુવન નાથ

"વિશ્વેશ! શું તે બચાવનાર તારા પાલન કર્તાજ યોગેન્દ્ર હતા?"

"હા, રાજન! તે ત્યાંજ પર્ણકુટિમા નિવાસ કરતા હતા."

"વારૂ, હવે આગળ જણાવો."

દોહરો.

અમે સંગ બન્ને ગયા, પર્ણકુટિની માંહ્ય,
વંદન કરીને વાત મ્હેં, વિસ્તારી કહી ત્યાંય

હરિગીત.

પ્રેમાળ વિશ્વપ્રભા મને, રે યાદ આવે ત્યાં બહુ
રોતા જતી રજની બધી, મમ કષ્ટ હું કોને કહું ?
દિલના દયાળુ યોગિજી, મમ પર દયા બહુ લાવતા,
મમજી હૃદય માંડે અને, પોતે અતિ દુખીયા થતા
વનમા રહેતા એ રીતે, ત્રણ વર્ષ તો વિતી ગયા,
પણ વ્હાલી કરા પ્રેમ શબ્દો, હૃદયમા ખુંચી રહ્યા;
ભુલાયના દૂર થાયના, પિય સ્મરણ વીસરાતું નથી.
કાન્તા તણી મનહર છબી, લગારેય દૂર થાતી નથી.
ફરવા જતા, સ્વપ્ના વિશે, રમણી રહે દ્રષ્ટિ ખડી.
ખાતા પીતા તે નજર આગળ, છાયા સગી રહે તે અડી.

"વિશ્વેશ! ખરેખર વિશ્વપ્રભા પ્રત્યેનો તારો પ્રેમ દૈવી છે, શૈલેશ વચમાં બોલી ઉઠયો."

ત્યા સ્વપ્ન આવ્યુ એકદિ, ભનભિન હુ તેથી થયો.
વિશ્વપ્રભા વ્હાલી તણો, ત્યા કાળ તો નક્કિ થયો,
પોકારતી પ્રિયા મુને, વિશ્વેશ સુખાગે થજે.
તમ પ્રેમ પોસક જાય છે, કો દિ મને સંભારજો.

"હે ? શું વિશ્વપ્રભા મરણને શરણ થઇ ? પુનઃ શૈલેશ પોકારી ઉઠયો."

"ના, તે તો સ્વપ્ન થયું."

"એમ ! વારૂં પછી ?"

સ્વપ્નું ભયંકર ભાળતા, મમ આંખતો ઉઘડી ગઇ,
ના સ્વપ્ન, ના વ્હાલી પ્રિયા, આ વાતરે કેવી થઇ,
વિશ્વપ્રભા છે ભય વિશે, મમ આત્મ તો સાક્ષિ પુરે,
યોગેન્દ્રની લઈ આજ્ઞા, હું ચાલ્યો મણીપુર નગરે
મણીપુરમા હુ તો જતા, વિરસેન ગૃહને નિરખતા;
થયુ સર્વ ભષ્મિ ભુત, કંપ્યો સ્થિતિ દુખની પેખતા.

"ખરેખર ! પાપીને યોગ્યજ ફળ મળ્યુ. વિશ્વેશ પછી શુ થયુ ?"

આવી સખી એક વ્હાલીની, પૂછે મને તુ છે સુખી,
જે દિવસ તુ સપડઈ ગયો, તે દિવસની બાળા દુ:ખી
તુજને સદા સભારતી, તા'રી ખબર એ પૂછતી;
રોતી અહીં આવે બહુ, ને હુ દિલાસો આપતી,
દૈવી દશાના પાસમા, નિજ તાત સપડાઇ ગયા
વળી લાય લાગી મકાનમા, વિરસેન તવ નાશી ગયા,
દિન એક દુ:ખી બાળકી, બોલી સખી હું શુ કરૂં ?
ત્યાગી પિતાએ મુજને, દુખી થઇ હું તો મરૂં
વ્હાલો મળે વિશ્વેશ તો, મા'રી ખબર સુણાવજે,
દ્રષ્ટિ દયા સખી દાખવી, તુ યાદ મારી આપજે;
જાવાની ના ઘણીએ કહી, પણ શાણીએ માન્યું નહિ,
નિશા વિશે ચાલી ગઇ, ફરી ખબર તો લાગી નહિ.

"હા, કેવા પવિત્ર હ્રદયની બાળા ! અહા ! વિશ્વેશ ! તે તનેજ યાદ કરતી ચાલી ગઇ. વારૂ પછી તે શુ કર્યું ?" શૈલેશે પૂછયું.

" સુણી વાત વ્હાલીની ખરે, ઉરમાં અતિ દુખીયો થયો,
વંદન કરી એ નમને, દુખી દિલે પાછો ફર્યો;
રે, રે હૃદય તું ભષ્મ થા, મનમા ઘણો મુઝાઉં છુ,
બળિદાન આપી શરીરનુ, છૂટો થવા હુ ચાહું છુ.
જંગલ ફર્યો પ્હાડે ચડયો, નહિ ભાળ બાળાની મળી,
દુખી થયો થાકી ગયો, નવ આશ મા'રી તો ફળી

મહારાજ! વિશ્વપ્રભાની શોધમાં મ્હેં ઘણુજ કષ્ટ સહન કર્યું, પણ તે પવિત્ર બાળાના મુખનું દર્શન ન થયું તેનજ થઈ હુ રખડી રવડી નિરાશ વદને છેવટે ગુરૂ આશ્રમે પાછો ફર્યો ગુરૂશ્રીને સઘળી વિતક વાર્તા કહી તેમને દુઃખી કર્યા. મહારાજા! તે પવિત્ર મહાત્માએ મા'રૂં આશ્વાસન કરી શ્રી ભગવત્ ગીતાનો ઉપદેશ કરી મા'રા હૃદયના અજ્ઞાન તિમીરને ટાળી જ્ઞાન દિપક પ્રગટ કર્યો. હું એ'વી રીતે ગુરૂના વચનામૃતનું પાન કરતા દિવસ વ્યતિત કરવા લાગ્યો, પણ પવિત્ર વિશ્વપ્રભાને ભુલી ન શકયો. એવામા તે મહાત્માની ઈચ્છા દેશાટન કરવાની થઈ. તેમણે મ'ને ઘણો ઉપદેશ કર્યો, હિંમત ધરવા ની સુચના આપીને અમરાવતી જવાની આજ્ઞા દીધી. ગુરૂશ્રીના વિયોગથી મ'ને ઘણુ લાગી આવ્યું. બાદ તેમના ગમન પછી હુ અમરાવતી આવવા નિકળ્યો. રસ્તે ચાલતા ભયંકર અરણ્યમા ભુલો પડી ભટકવા લાગ્યો. આખરે થાકી કંટાળી હુ વિશ્રામ લેવા એક વૃક્ષ નીચે સુતો. બાદ જ્યારે હું જાગૃત થયો ત્યારે સાજ પડવા આવી હતી, તે સમયે શૈલેશ કુમારના પ્રાણ લેવાનો વિચાર કરનાર અજીત તેના બે સરદારો સાથે ત્યા આવતો મને જણાયો. હુ

તેઓને નિહાળી મા'રી જગાએથી ઉઠી પર્વતની પોલાણમાં છૂપાયો. એ અરસામાંજ કુમારશ્રીએ જણાવ્યા પ્રમાણે સર્વ બનાવ બન્યો. પિતા તુલ્ય મહારાજા! મારી કષ્ટ કથા પુરી થઈ. દૃ કાણુમા હું ઘણોજ દુ ખી છું. કહી વિશ્વેશે દિધે નિશ્વાસ નાંખ્યો.

વિશ્વેશ! તા'રૂં કરૂણાજનક કથન સુણી મા'રૂં હૃદય દ્રવે છે. વીરકુમાર! હવે તને કોઇ પણ પ્રકારનુ કષ્ટ છે નહિ, તુ શૈલેશની સાથે રહી સુખેથી દિવસ નિર્ગમન કર. પ્રભુના પ્રતાપે અને તા'રા દૈવી પ્રેમના પરિબળે અવશ્ય વિશ્વપ્રભાનો તા'રે પુન મેળાપ થશે. મહારાજાએ કહ્યું.

હા, વિશ્વપ્રભા વિશ્વેશને નક્કી મળશે, ને પછી વિશ્વપ્રભા ભાભીને સર્વ વાત કહી મ'ને હસવાની પણ ઘણીજ ગમ્મત પડશે. મ્હી શૈલેશે વિશ્વેશનો હાથ પકડી પોતાની જોડે બેસાડયો, વિશ્વેશ દુ ખને દૂર કરી આન દી મુખે દરબારની રચના જોવા લાગ્યો. એટલા સમયમા મહારાજાએ પ્રધાનની સાથે ક ઇક ખાનગી વાત કરી લીધી અને પછી વિશ્વેશની સામુ નિહાળી કહેવા લાગ્યા કુમાર! તારા દૈવી પ્રેમ સાથે તારી વિરતા અને ધૈર્યતા જોઇ હુ ઘણોજ પ્રસન્ન થયો છુ. અને તેથી નિમકહરામ થયેલા અજીતના આ ખાલી પડેલા સેનાપતિ પદ પર હુ તા'રી નિમણુ ક કરૂં છું. વિશ્વેશ! તે પદ તુ વફાદારીથી શોભાવીશ એમ હુ ઇચ્છું છુ. કહી મહારાજાએ વિશ્વેશને સેનાપતિનો પોશાક આપવાની પ્રધાનને આજ્ઞા કરી.

"મહારાજ! આ બાળકની ઉપર આપનો ઘણોજ ઉપકાર થયો. વિશ્વેશે નમ્રતા દર્શાવી.

વિશ્વેશ ! ગુણવાન નીકદર કેમ કરવી એ હું સારી રીતે સમજુ છું. કુમાર ! તારે આજથી સેનાપતિના મહેલમા નિવાસ કરવો. મહારાજાએ આજ્ઞા જણાવી.

દુઃખથી રીબાયેલો વિશ્વેશ પ્રભુની કૃપાથી સેનાપતિ થયો પ્રધાને આપેલો સુંદર પોશાક ધારણ કરવાથી તે ઘણોજ સુંદર દેખાવા લાગ્યો બાદ મહારાજાએ તેની કમ્મરે સમશેર લટકાવતા કહ્યુ કેઃ—કુમાર! વફાદારીથી વર્તજે, પાપ કર્મથી દૂર રહેજે અને સર્વદા સત્યને સભાળજે

મહારાજા ! આપ પ્રત્યે વફાદારીથી વર્તવુ એજ આજથી મા'રો પરમ ધર્મ છે, આ રાજ્ય, આ સિહાસન તેમજ રાજ્ય કુટુબ મા'રા પ્રાણ સાટે છે. રાજ્યનું રક્ષણ કરવા આ પ્રાણ મન વચન, ને કર્મથી અર્પણ કરવા હું આજથી તૈયાર છું. વિશ્વેશે જણાવ્યું.

તા'રા જેવા વીર બાળકના મુખમાજ આ'વા શબ્દો શોભી શકે છે કહી મહારાજાએ સ્વહસ્તે તેને તેના આસનપર બેસાડયો. શૈલેશ કુમાર ઘણોજ પ્રસન્ન થયો તેણે પણ મિત્રતાની યાદમાં એક રત્ન જડીત્ર સુવર્ણ અગુઠી વિશ્વેશની આગળાએ પહેરાવી. ત્યાર બાદ થોડીવારે દરબાર વિસર્જન થયો. મહારાજા વિરભદ્ર શૈલેશ તથા વિશ્વેશને લેઇ રાજ્યભુવનમા ચાલ્યા ગયા.

અહા ! કુદરત તા'રી કળા ન્યારી છે. જે વિશ્વેશ કાલે દુઃખથી રડતો જગલમા રખડતો હતો, તે દુખી વિશ્વેશ આજે સેનાપતિ થઈ રાજ્ય મહેલમા નિવાસ કરવા ભાગ્યશાળી થયો. વાહ પ્રભુ વાહ ! તમારી અગમ્ય માયા નિરાળીજ છે. રાયનો રંક અને રકનો રાય કરવાની શક્તિ ફક્ત તમારીજ છે. અસ્તુઃ

પ્રકરણ ૫૮ મું.

સરિતાના પ્રવાહમાં પેટી.

" અયોધ્યા પતિ, હરિશ્ચંદ્ર નૃપતિ,
જુઓ સત્યનાથી, પડીતી વિપત્તિ
ડગ્યો નહિ તે દુઃખથી, રાય ટેકી,
તવ પ્રભુએ આવને, સ્હાય કીધી. '

કૃષ્ણપક્ષની કાળી રાત્રિના સમયે આકાશ પણ મેઘથી આચ્છાદિત થઇ કૃષ્ણ રંગનું દેખાતું હતું. રાત્રિનો એક પ્રહર વિત્યો હતો. તમારાં દેડકા વગેરે પ્રાણીઓના તીણા અવાજ સંભળાતા હતા. નભ મંડળમાં પ્રતિપળે વિદ્યુતના ચમકારા થતા હતા. આવા સમયે અમરાવતી નગરનું સ્મશાન ક્ષેત્ર ઘણુંજ ભયંકર ભાસતું હતું. તેમાં વળી નજીક વહેતી પુષ્પભદ્રાના કિનારે ઉગેલાં વૃક્ષો શ્યામ અંધકારમાં ભુતના ઓળા સમાન દેખાઇ ભયંકરતામાં વિશેષ વધારો કરતા હતા. સ્મશાનમાં પડેલાં સડેલાં હાડકામાંથી ઝેરી હવા નીકળી પવનનો સ્પર્શ થતાં ભડકા સમાન જ્વાળાઓ નિકળતી હતી. આ'વા ભયસ્પૃદ સમયે પુષ્પભદ્રાને કિનારે પડેલી પથ્થરની શિલાપર કાળા

વસ્ત્રથી ઢંકાયેલી બે વ્યક્તિયો વિદ્યુતનો ચળકાટ થવાથી બેઠેલી માલુમ પડતી હતી.

પ્રિયપાઠકો! એ બે વ્યક્તિયો બીજી કોઇ નહિ પણ એક તો સેનાપતિ વિશ્વેશ હતો અને બીજો તેના હાથ નીચેનો સરદાર કિશોરસિંહ હતો. વિશ્વેશને અમરાવતીમાં રહ્યે થોડા દિવસ થયા હતા. એટલા વખતમાં તો તે સર્વને પ્રીતિ પાત્ર થઈ પડયો હતો. આજે તેને મહેલમા નહિ ગમવાથી સરદાર કિશોરસિંહ સાથે ફરવા નિકળ્યો હતો, ને ફરતાં ફરતા સ્મશાન ક્ષેત્રમા પુષ્પભદ્રાને કિનારે આવી બેઠો હતો. સરદાર કિશોરસિંહ સરિતાના ગભીર જળપ્રવાહને બેઠો બેઠો અવલોકતો હતો. વીર વિશ્વેશ કંઇક અવર્ણીય વિચાર વમળમાં આ સમયે ઝુમતો હતો.

વિચારવશ વિશ્વેશ થોડીવારે આસપાસ નજર કરી મન સાથે બોલવા લાગ્યો. અહા! કેવી ભયકારક કાળી રાત્રિ! જ્યારે આ વખતે સર્વ સૃષ્ટિ શાન્ત થઇ નિદ્રાદેવીને શરણે પડેલી હશે ત્યારે હુ વિચારવશ થઈ આ સરિતાના કિનારે બેઠો છું. સૃષ્ટિ શાન્ત છે, ત્યારે આ હૃદય અશાન્ત થઈ વિચાર વમળે ચઢયું છે. અહા! વિચાર પણ કેટલા? વ્હાલી વિશ્વપ્રભાના વિચાર તેમજ વળી શૈલેશકુમારની મિત્રતાના વિચાર આ સર્વમા વિશેષ વિચાર પાપી અજીતને પકડી શાસન આપવાના છે. આટલા બધા વિચારોમાં વ્હાલી વિશ્વપ્રભાના વિચારો મા'રા મગજને હુચમચાવી મુકે છે. હા, વ્હાલી વિશ્વપ્રભા! તું જાણે કે તા'રો રંક વિશ્વેશ એક મહાન્ ભુપતિનો સેનાપતિ થયો છે. અહા! તો તને કેટલો આનંદ થાય? હા, અફસોસ! હું ક્યાં અને તે ક્યાં?

મનમા બોલતાં તેનુ મગજ ઉશ્કેરાયુ ને જાણે કંઇ નિશ્ચય ન કર્યો હોય એમ મનમાં કઇક ગોઠવી પુનઃ બોલવા લાગ્યો. પ્રિયે! વ્હાલી પ્રેમ પ્રતિમા! હુ અવશ્ય તારો પત્તો મેળવીશ. તું ગમે તેવા ભયકર સ્થળમાં હોઇશ, તદપિ હુ તને મેળવવાનો પ્રયત્ન કરીશ. પ્રિયતમે! આપણા પ્રેમને છિન્ન ભિન્ન કરાવી સકટમાં સપડાવનાર પાપી વિરસેનને હુ ભુગર્ભમાંથી પણ ખોળીને તેના બદકામની શિક્ષા કરીશ. આ વિશ્વેશ હવે ઇશ્વર કૃપાથી થોડા દિવસોમા શત્રુઓને સપડાવી સત્વરે નાશ કરશે. ઓ અનહદ દુષ્ટ કાર્યોમા પ્રવૃત થયેલા વિરસેન અને અજીત! હવે આ વિશ્વેશથી સાવધ રહેજો, ઓ ભયકર ભુજંગો! ઓ નિર્દોષોના રક્ત પિપાશુ પિશાચો! થાઓ હવે તૈયાર ને આ વીરની સમશેરના બની જાઓ શિકાર. આમ બોલતા વિશ્વેશ ઉભો થયો ને આવેશ યુકત થઇ કમ્મરે લટકતી સમશેરને મ્યાનમાથી બહાર ખેચી કાઢી, તેને હવામા વીંઝી બોલી ઉઠયો.

રકત પ્યાસી સમશેર આ, શત્રુ હ્રદયમા માલસે,
મમ ક્રોધની જ્વાળા વળી, નીચ ખૂનીઓને બાળશે
અભિમાનીઓને મારવા, વળી સહાય પ્રભુજી તો થશે,
આ તેજીલી તરવારથી, શિર પાપીના છેદઇ જશે.
જવ વિરસેન અજીત શિશ, આ વિરના ભાલા પરે
સાફલ્ય તવ મમ જીંદગી, આનદ થશે તે અવસરે.

આટલુ બોલી તરવારને મ્યાન કરી, અને પાસે પડેલા ભાલાને ઉચકી ચુબન કરી પુનઃ નીચે મુકયો. તેનુ હ્રદય શાન્ત થયું, અને નદીના વહેતા પ્રવાહ તરફ તેનુ લક્ષ દોરાયું.

ખળખળ અવાજ કરતુ પુષ્પભદ્રાનુ જળ વહન કરતુ હતુ, આકાશમાં મેઘ ગર્જના થઇને તેની સાથેજ આંખોને આંજી નાખે એવો વિજળીનો ચમકારો થયો. વિદ્યુતના પ્રકાશથી સરિતાના પ્રવાહમાં તણાતી જતી કોઇક ચીજની પર દ્રષ્ટિ પડવાથી વિશ્વેશ ચમકીને કિશોરસિંહને કહેવા લાગ્યો. કિશોર! જોતો! નદીના પ્રવાહમા કઇક ચીજ તણાતી જાય છે. માટે ઉઠ ઉભો થા અને જલ્દીથી ત્યા પહોચી તપાસ કર કે તે શુ ચીજ છે?

કયાં? કિશોરસિંહે સરિતાના પ્રવાહ તરફ જોઇ પૂછ્યુ

એટલામાં વળી વિજળીનો બીજો ચમકારો થયો. એ ચમકારામાં તણાતી ચીજને હાથ લાબો કરી દેખાડતો વિશ્વેશ કિશોરને કહેવા લાગ્યો. કિશોર! જો, જો, એ જાય! જા, ઝપાટા બધ તેની પાસે પહોચી જા, નહિ તો તે તણાતી ચીજ ઘણે દૂર નિકળી જશે.

બહુ સારૂં, હુ જાઉ છું. પણ આપ મા'રા પાછા આવ્યા સિવાય અત્રેથી કયાંઇ જશો નહિ. હુ તુર્તજ પાછો આવું છું. કહી કિશોર કપડાં ઉતારી જતી ચીજની દિશા બાંધી નદીમા પડયો. તેના સારા ભાગ્યે વારવાર વિજળીયો થતી હતી, તેથી તણાઇ જતી ચીજ પર દ્રષ્ટિ રાખી કિશોર લાંબા લાબા વામ ભરતો થોડીવારમાં તે જતી ચીજની લગોલગ આવી પહોંચ્યો કિશોર તેની નજીક પહોંચી જુએ છે તો એક સમ ચોરસ લાકડાની પેટી જોઇ. તુરતજ તેણે એ પેટીને પકડી લીધી. તણાતી પેટીની ગતી બધ થઇ પણ એવામાંજ નદીની અદર કિશોરના પગને કઇક ચીજ અથડાઈ. કિશોર ચમકયો ને પછી એક હાથે

પેટીને મજબુત પકડી રાખી બીજા હાથે નીચો નમી પાણીમાં તપાસ કરવા લાગ્યો. તો તેના હાથને કોઇકિ માણુસના માથાનો સ્પર્શ થયો. આથી કિશોર વિશેષ ચોંકયો. તે જે જગાએ ઉભો હતો, તે સ્થળે પાણી છાતી સમાન હતુ. તેથી તેને ત્યાં ઉભાં રહેતાં કાંઇ અડચણુ નડતી નહિ, કિશોર પોતાને સ્પર્શ થનારને ખોળવા પાણીમાં આમતેમ હાથ ફેરવવા લાગ્યો. અલ્પ સમયમાં તો તેણે એક માણુસને હાથ પકડી બહાર ખેંચી કાઢયો. અંદ-રથી નીકળેલો માણુસ બીલકુલ ગભરાયા વિના કિશોરની સામે ઉભો રહ્યો તે માણુસને આ'વી કાળી રાતે નદીમાંથી નીકળેલો જોઇ કિશોર આશ્ચર્ય પામ્યો, ને નક્કી આમાં કઇક ઉંડો ભેદ હોવો જોઇએ ધારીને, કિશાર તે માણુસને દમામથી પૂછવા લાગ્યો. તુ કોણુ છે ? જલ્દી જવાબ દે નહિતર મા'રા હાથથી મરણુને શરણુ થઇશ.

મ'ને મરણુને શરણુ કરવાનુ તા'રૂં ગજુ નથી, તે માણુસે ઘોઘારી અવાજે જવાબ આપ્યો.

એમ! વારૂ તુ મ'ને જવાબ નહિ આપે કે! પુન કિશોરે પૂછયું.

તે પહેલા તુ જણુાવ કે તારે કોનું કામ છે ? તે માણુસે વિચિત્ર પ્રશ્ન કર્યો.

મા'રે કામ છે આ પેટીનુ ! સમજયો ? કિશોરે ક્રોધથી કહ્યુ.

"પણુ આ પેટી તા'રાથી લઇ જવાશે નહિ."

"કારણુ ?"

કારણુ જણુાવવાની મા'રી મરજી નથી.

ચાલરે મરજીવાળા, કહી કિશોરસિંહે ઉશ્કેરાઈ તેને જોરથી એક તમાચો ખેંચી કાઢયો. તમાચાના પ્રહારથી તે માણસનો મિજાજ ગયો, અને એક ઝાટક મારી કિશોરના હાથમાંથી તેનો હાથ ખેંચી લેઇ કિશોરને વળગી પડયો. પુષ્પભદ્રાના પ્રવાહમાં બન્નેનુ દ્વંદ યુદ્ધ થવા લાગ્યુ. હજી સુધી કિશોર તેના એક હાથથી પેટીને મજબુત પકડી રહ્યો હતો, અને બીજા હાથથી વળગેલા પ્રતિસ્પર્ધિને દૂર કરવાનો પ્રયત્ન કરતો હતો. હવે વધારેવાર હુ ફાવી શકીશ નહી ધારી કિશોરે કિનારે બેઠેલા વિશ્વશને મદદે દોડી આવવા સૂચના સૂચક બૂમો મારવા માડી.

કિશોરની બૂમો સાંભળી કિનારે બેઠેલો વિશ્વગ ચમકયો અને અવશ્ય મા'રો મિત્ર સંકટમાં છે, ધારી તુર્તજ શરીર પરથી વસ્ત્ર ઉતારી વિશ્વેશ સરિતામા કુદી પડયો, અને ત્વરિત ગતીથી તરતો તરતો તે અલ્પ સમયમા કિશોરની પાસે આવી પહોંચ્યો વિશ્વેશે કિશોરના હરિફને વિદ્યુતના પ્રકાશમાં નિહાળી લીધો. બાદ તુર્તજ તે જાણે નહિ એવી રીતે તેની પાછળ નીકળી તે દુષ્ટના વાસામા એક સખત મુકકો લગાવ્યો. હજી તો તે માણુસ પોતાને મુકકો મારનારને પાછો ફરી જોવા જાય છે તે પહેલા તો વિશ્વેશે તેના હાથનુ કાડુ જોરથી પકડી પૂછ્યું. હરામખોર! આ મધ્ય નિશાએ નદીના પ્રવાહમા ઇ તરફ જાય છે, અને તારૂં નામ શું છે?

“મા'રૂં નામ વરૂણસિંહ છે.”

“આ પેટીમા શું છે?”

“તે જણાવવા હુ લાચાર છું.”

એમ ! તો ચાલ ત્યારે હું તને સ્વર્ગે સદનમાં રવાના કરી દઉં. કહી વિશ્વેશે અગાઉથી લઈ લીધેલો તમંચો તેની સામે ધર્યો.

આ માણસ નક્કી મ'ને મારી નાંખશે એમ વિચારી વરૂણસિંહ પૂછવા લાગ્યો. મ'ને મારી નાંખવાનુ કારણ ?

' કારણ એજ કે તુ મ'ને જવાબ આપવાની ના પાડે છે તેથી.''

"પણ તમે કોણ છો તે જાણ્યા પહેલાં હુ તમને મા'રો ભેદ કેવી રીતે કહી શકુ ?"

"શું તું મ'ને નથી ઓળખતો ?"

"બીલકુલ નહિ."

"હરામખોર ! જેને આખું નગર ઓળખે છે, તે સેનાપતિ વિશ્વેશથી તું અણજાણ્યો હોઇશ કેમ વારૂ ?" કિશોરે ગર્જના કરી પૂછ્યુ.

ઓફ્ ! કોણ સેનાપતિ વિશ્વેશ ?! વરૂણસિંહે ચમકી બૂમ મારી અને એકદમ જોરથી વિશ્વેશના હાથમાથી પોતાનો હાથ છોડાવી નદીમાં પડતુ નાંખ્યુ. અને નિમિષ માત્રમા ક્યાં જતો રહ્યો તેની કાંઇ ખબર પડી નહિ. વિશ્વેશ અને કિશોર તેની ચાલાકીથી આશ્ચર્ય પામી સરિતામાં આમ તેમ તપાસ કરવા લાગ્યા ઘણીવાર સુધી તપાસ કરી છતા વરૂણસિંહ કઇ તરફથી તથા ક્યા ગયો તેની લેશ માત્ર પણ ખબર પડી નહિ. ત્યારબાદ તે કાષ્ટની પેટીને લઇ બન્ને જણા કિનારે આવ્યા. કિનારે આવી ભીંજાએલાં વસ્ત્રને નીચોવી મુકેલાં કોરાં વસ્ત્રો શરીરપર પહેરી પેટીને ખોલવાનો વિચાર કરવા લાગ્યા.

પ્રકરણ ૧૯ મું.

અરે ! આ શું ?

દુઃખને વિદારનારા, આ અવનિમા રામ;
સત્ય કદી તજવુ નહિ, આખર સાહ્ય શ્યામ

વર્ષાદ ધીમે ધીમે પડવો શરૂ થયો હતો, માહ મહિનાના માવઠાથી ઠંડીમા વિશેષ વધારો થયો હતો. રાત્રિ સમસમાકાર વ્યતિત થતી હતી. અંધકાર તો એટલો બધો વ્યાપ્યો હતા કે એક બીજાનુ મુખ ભાગ્યેજ જોઇ શકાય. વિશ્વેશે અગાઉથી સાદે રાખેલુ ગુપ્ત ફાનસ કાળા ઝભ્ભાના ખીસ્સામાથી બહાર કાઢયુ. તેમા બત્તી સળગાવી વાંકો વળી વિશ્વેશ એ લાકડાની પેટીને ચારે તરફથી તપાસવા લાગ્યો કિશોરે પેટીને વાસેલુ તાળુ ભાગી નાખી તેને ખુલ્લી કરી. વિશ્વેશ ફાનસના પ્રકાશમા પેટીની અંદર જોવા લાગ્યો. પેટીની અંદર એક સફેત કપડુ ઢાકેલુ હતું, તુર્તજ તે કપડાને દૂર કર્યું કપડુ દૂર થતાં પેટીમા કંઇક જણાયુ. અંદરની ચીજને નિહાળતાજ વિશ્વેશ ચોકયો ને સ્તબ્ધ બની બે ડગલાં પાછળ હઠી બોલી ઉઠયો કેઃ—" અરે! આ શું ?

તે પેટીની અંદર એક સ્વરૂપવાન છોકરાનું તાજું શબ

હતું. હૃદયને સ્વસ્થ કરી વિશ્વેશ અને કિશોરે તે શબને બહાર કાઢયુ અને તેને લઇ કિનારાથી થોડેક દૂર આવેલા એક વૃક્ષ નીચે આવ્યા. શબને વૃક્ષ નીચે સુવારી બન્ને જણા તેને તપાસવા લાગ્યા. વિશ્વેશ ફાનસના પ્રકાશથી તેના ગૌર મુખનુ અવલોકન કરતો મનમા શોચ કરવા લાગ્યો. તે શબ તાજુ લાગતું હતુ, તેના બદનપર ઝીણી મલમલનુ પહેરણ અને સફેત પચીયુ પહેરાવેલું હતુ. તેના માથાના લાંબા વાળ અવ્યવસ્થિત થઈ વિખરાયેલા હતા. વિશ્વેશે એક દિર્ઘ નિશ્વાસ નાખી તેના લલાટે કર મુકયો, તો તેને સ્હેજ ઉષ્ણતા માલુમ પડી. વિશ્વેશને કઇક આશાનાં ચિન્હો જણાયા, અને જો આ છોકરાને જલ્દીથી ઉપચાર કરવામાં આવે તો બચવા સભવિત છે. આમ વિચારી તેણે લાગલુજ તેના બદનનુ પહેરણ કાઢી નાખ્યુ. પહેરણ અળગુ થતાં વિશ્વેશને તેના કઠમાં સોનાની સાકળીએ લટકતુ એક માદળીયુ જણાયુ. વિશ્વેશ વિશેષ ચોકયો ને તે માદળીયાને તેના કઠમાંથી કાઢી ફાનસના અજવાળામા ધ્યાન પૂર્વક જોવા લાગ્યો. એટલામા વળી તેને કઇક યાદ આવતાં કિશોરસિહને કહેવા લાગ્યો. કિશોર! કિનારે પડેલી ખાલી પેટીને અહિ લઇ આવો. બહુ સારૂં. કહી કિશોર પેટી લેવા ત્યાથી ચાલ્યો ગયો. તેના ગયા પછી વિશ્વેશ પુન. માદળીયાને આમ તેમ ઉલટાવી જોવા લાગ્યો. ઘણીવાર સુધી તેને જ્યારે જોયા કર્યું ત્યારે આખરે વિશ્વેશને માલુમ પડયુ કે:—માદળીના ખુણાપર એક સ્ક્રુ ગોઠવેલો છે. વિશ્વેશ તે સ્ક્રુને ધીમે ધીમે ફેરવવા લાગ્યો, જ્યાં તે

સ્ક્રુ પુરેપુરો બહાર નિકળી ગયો, કે એકદમ માદળીયાની ઉપરનું ઢાકણું ખુલ્લું થઇ ગયું. વિશ્વેશને તે માદળીયામાં એક નાનો બાળક અને એક સ્ત્રી તેમજ એક રાજવંશી પુરૂષની સુંદર નાની તસ્વિર ગોઠવેલી માલુમ પડી. તે છબીયોને જોઇ વિશ્વેશ ઘણોજ આશ્ચર્ય પામ્યો, અને ફાનસના પ્રકાશને વધારી એ છબીયોને ધારી ધારી જોવા લાગ્યો. આખરે ઘણીવાર સુધી એ તસ્વિરને નિહાળી જાણે પોતે તેમાંના એકાદને જોયું ન હોય એમ ધારીને તે મન સાથે બોલવા લાગ્યો. અરે! આ તસ્વિરમાંની જે રાજવંશી પુરૂષની છબી છે, તે તો મહારાજા વિરભદ્રના દિવાનખાનામા લટકાવેલી મણીપુરના મહારાજા વિરબાહુની છબીને આબેહુબ મળતી આવે છે ત્યારે આ છબી શું તેમનીજ હશે ?! જો એમ હોય તો આ તેમની સાથેના સ્ત્રી તથા બાળક કોણ ? એવી રીતે મનમા બોલતો વિશ્વેશ શબ તુલ્ય પડેલા છોકરાના મુખપર વારવાર દ્રષ્ટિ કરવા લાગ્યો. જ્યારે તેણે ઘણા સમય સુધી તેના મુખનું અવલોકન કર્યું ત્યારે તેને તે છોકરાની તથા છબીમાના ના'ના બાળકની મુખાકૃતિ સ્હેજ મળતી આવતી માલુમ પડી. આવુ જોઇ વિશ્વેશ વિચારવા લાગ્યો કે, શૈલેશ કુમારના મુખથી સાભળેલી વાત કે જે ઘણા વર્ષ પર મણીપુરના મહારાજાના મહારાણી અને તેમનો ત્રણ વર્ષનો ના'નો કુમાર શિવાલયેથી ગુમ થઇ ગયેલા, તે શું આ કુમાર તો નહિ હોય ? પુન. વિશ્વેશ વિચારવશ થયો. ના, ના, કદાપિ આ કુમાર મા'રા મહારાજા વિરભદ્રનો ગુમ થયેલો કુમાર હશે તો ? ના, ના, એમ પણ ન બને. કારણ કે મારા

મહારાજાના કુમારનુ ગુમ થવું, મણીપુરના બનાવની પહેલાં પાચ વર્ષ અગાઉ થયુ હતું. તેથી મા'રા મહારાજાનો કુમાર આ ન હોય. ત્યારે આ કોણ?........મ'ને તો નક્કી આ મણીપુરના મહારાજાનોજ કુમાર હોય એમ લાગે છે. ખરેખર! જો આ તેમનોજ કુમાર હોય તો કેટલો બધો આનંદ થાય? આમ બોલતો વિશ્વેશ પુન આકાશ સામે નિહાળી બોલવા લાગ્યો. વાહ પ્રભુ વાહ! તમારી અકળકળા ન્યારીજ છે કે જેને માટે ભલભલા બુધ્ધિશાળી અમલદારો અને સરદારો અપાર પ્રયત્નો કરતા હતા. તેજ જો આ રાજકુમાર હોય તો તે'નો પત્તો આજે અનાયાસે મ'ને મળી ગયો સમજવો. મા'રા પ્રભુ! ખરેખર આપ સત્ય સાહાકજ છો, તમારીજ કૃપા વડે આ વિશ્વેશ હજી જીવન ધારણ કરી સેનાપતિ પદ મેળવવાને ભાગ્યશાળી થયો છે. મા'રા પ્રભુ!

ગહનગતિ તા'રી, વારે મોરારી.
વા'રે મોરારી વિભુ, વા'રે મોરારી—ગહન૦
રંક પળે રાય બને, રાય રંક થઇ ફરે.
દુખો નરે સુખી કરે, તેહ કળા તા'રી—ગહન૦

એવા સકળ સૃષ્ટિમાં રમણ કરી રહેલા દયાળુ પ્રભુ! આપને આ બાળકના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ છે વિશ્વેશે પ્રભુને પ્રણામ કર્યા. બાદ થોડીવાર શાન્ત રહી પુનઃ મનસાથે વિચારવા લાગ્યો. મા'રે હજી આ માદળીયાની છબી મણીપુર જઇ મહારાજા વિરબાહુને બતાવી ખાત્રી કરવી જોઇયે, કારણ કે હુ તેમનાં પત્નિ પુત્રથી અજાણ છું. માટે ચાલ હાલ તો આ છોકરાને સાવધ

કદવાનો પ્રયત્ન કરૂં. વિચાર કરી વિશ્વેશે કાળા ઝભ્ભાના ગજ-
વામાંથી કંઈક સફેત પદાર્થની ભુકી કાઢી તે મૃત કુમારના
કપાળપર ચોપડી. તે સફેત ભુકી કપાળપર ચોપડતાં ધીમે ધીમે
વરાળ રૂપે હવામાં ભળી જવા લાગી. ત્યારબાદ થોડીવારમાં તો
તે સફેત પદાર્થની અસરથી શબ તુલ્ય પડેલા છોકરાના શરીરમાં
ચૈતન્ય સ્ફુરાવા લાગ્યુ. હૃદયમાં શ્વાસોશ્વાસ ચાલવો શરૂ થયો.
બ્રહ્માંડમાં રહેલો આત્મા સ્વસ્થાને ઉતર્યો; ને તેથી અલ્પ સમ-
યમાં તો તેણે તેનાં કોમળ નેત્રો ખુલ્લાં કર્યા, તેને જીવન યુક્ત
નિહાળી વિશ્વેશને અપાર આનંદ થયો, ને ઘડીભર તેના
કોમળ મુખ સામુ જોઈ રહી મનમાં ગણુગણુવા લાગ્યો.
અહા! કેવો સુંદર કુમાર! આ'વા સુકુમાર કોમળ પુષ્પને
અંતિમ દશામાં લાવી પેટીને સ્વાધિન કરી સરિતામા વહેતો
મુકનાર દુષ્ટાત્મા કોણુ હશે? શુ તેને આ'વુ ઘોર પિશાચી કાર્ય
કરતાં લગીર પણુ ક્ષોભ નહિ ઉપજ્યો હોય? તેમજ તે પાષાણુ
હૃદયનાને આ નિર્દોષ મુખડાવાળા છોકરાની લગીર પણુ દયા
નહિ આવી હોય? શિવ, શિવ, શિવ. કેવા વજ્ર હૃદયનાં માણુસો
આ જગતમાં નિવાસ કરે છે. આમ શોચ કરતો વિશ્વેશ પાછો
થોડીવાર શાન્ત રહી પછી જાણે કંઈક એકાએક યાદ ન આવ્યુ
હોય એવી રીતે બોલી ઉઠયો, બસ હવેજ સત્ય સમજાયુ. આ
બધાં થયેલાં કારસ્થાનોના કરનાર, દેશપાર થયેલો દુષ્ટ દિવાન
વૈરિસિંહ કે જે થોડા સમયપર મરણુ પામ્યો છે તે તથા અજી-
તજ હોવા જોઇએ. કારણુ કે જો એમ ન હોય તો તેઓની
મંડળીનો વરૂણુસિંહ પેટી સાથે નદીમાં કયાંથી નિકળે? એ

ઉપરથી સફેત જણાતા લુચ્ચાઓ! તમે અંદરથી કેવા ક્રૂર છો તેની મ'ને આજેજ ખબર પડી. પ્રભુ કૃપાથી જો આ છોકરો મણીપુરનોજ રાજકુમાર નીકળે તો રાજ્યરાણીના જીવનની પણ આશા બાધી શકાય. બસ હવે આ વિશ્વેશ પ્રાણ જાતા પણ સઘળા ભેદનો પત્તો મેળવશે, વિશ્વેશ વિચારે ચઢયો. એ અરસામા તો પેલો છોકરો પુર્ણ સ્વસ્થ થઈ ઉભો થયો અને આસપાસ જોવા લાગ્યો. ભયકર કાળો અધકાર નિહળી તે ભયથી કારમી ચીસ પાડી મુખથી રૂદન કરતો બોલવા લાગ્યો. માતા, માતા, મા'રી વ્હાલી માતા! તુ કયા ગઇ ને મારી આ શી દશા થઇ? અરે! મને અહિ કોણ લાવ્યુ હશે? ઓ મારી ગરીબડી માતા! તારી શુ દશા થશે? આમ બોલતો તે છોકરો બેફાટ રૂદન કરવા લાગ્યો.

વિચારે ચઢેલો વિશ્વેશ તેનુ કરૂણાજનક કલ્પાત શ્રવણ કરતા કપ્યા. તેનુ હ્રદય ચિરાવા લાગ્યુ, તેથી તે ઉભો થઇ આક્રદ કરતા છોકરાની પાસે જઇ સ્નેહથી તેના માથે હાથ મુકી કહેવા લાગ્યો.. ભાઇ બ્હીશ નહિ હો?

"હે! તમે કોણ છો? તેણે ભયથી ધ્રુજતા પૂછ્યુ.

"હુ તા'રો ભાઇ છું."

"શું તમે મા'રા ભાઇ છો? જો એમ હોય તો બતાવો કે મા'રી માતા કયા છે?'

"તા'રી માતા?! વિશ્વેશ વિચારમા પડયો, નક્કી આની માતા પણ હજી હયાત છે."

"ભાઇ કેમ બોલતા નથી? ફરીથી તે છોકરાએ રડતાં પ્રશ્ન કર્યો.

"ભાઇ તુ છાનો રહે, રડીશ નહિ. હુ તને જલ્દીથી તા'રી માતા પાસે લઈ જઈશ. વિશ્વેશે તેને હૃદય સાથે દાબી આશ્વાસન આપ્યુ.

"મા'રી માતા કયા છે?"

"તેની મ'ને ખબર નથી."

"ત્યારે મ'ને અહિ લાવ્યુ કોણ?"

"તા'રૂ ભાવિ."

અરે હા! ત્યારે શું મા'રી માતા હવે મ'ને નહિ મળે? ઓ ભાઇ! મા'રી માતાને જરૂર તે દુષ્ટો મારી નાખશે. ભાઇ! ઓ ભાઇ! જો તમે મ'ને ખરેખરા ભાઈ સમાન ગણતા હો તો મને અત્યારે ને અત્યારે મારી મા'તા પાસે લઈ ચાલો. મા'રી અરીબડી મ'તાને એ દુષ્ટો ઘણોજ ત્રાસ આપતા હશે આમ બોલતો તે છોકરો પુન. અશ્રુપાત કરવા લાગ્યો.

તેને મહાપરાણે છાનો રાખી વિશ્વેશ પૂછવા લાગ્યો ભાઇ! તુ મને કહીશ કે તા'રી માતા કયે સ્થળે છે?

"તે એક મો'ટા ભોયરામા છે. ભાઇ! દુષ્ટોએ તેને ત્યા એક ઓરડામા પુરી મુકી છે."

'તે ભોયરૂ કયા આવ્યુ છે?"

"તેની મ'ને ખબર નથી. થોડા વખતપર હુ ત્યાજ હતો, અમે માતા પુત્ર ઘણા દિવસથી તેમા રહેતા હતા. તેમાથી મ'ને

જુદો પાડી અહિં કોણ લાવ્યુ હશે? હા! મા'રી માતા મા'રા વિના ત્યાં મુંઝાઇ મરશે; અરેરે તેનુ શું થશે?"

સૌ સારૂં થશે, શાન્ત થા, રડીશ નહિ. હું અને તુ બન્ને મળી તા'રી માતાને ત્યાંથી તેડી લાવીશુ હા! કહી વિશ્વેશ રૂમાલથી તેના અશ્રુ લ્હોવા લાગ્યો.

વરસતો વર્ષાદ ક્યારનોયે બંધ થઇ ગયો હતો, અને તેથી આ સમયે આકાશમા એક પણ વાદળુ જણાતું નહોતુ. તારાઓ જાણે હિરા ન ચળકતા હોય એમ પ્રકાશી રહ્યા હતા. એવામા ડાબે હાથે જમણા હાથનુ કાંડુ પકડી શ્વાસભેર દોડતો કિશોર ત્યા આવ્યો અને એકદમ ગભરાટથી બોલી ઉઠયો. ભાઇ! કિનારે પેટી નથી.

"હે શું પેટી ત્યા નથી?"

"ના."

"આશ્ચર્ય! પણ ભાઇ તુ આમ ગભરાયેલા જેવો કેમ જણાય છે?"

"ભાઇ! મા'રા હાથે સખ્ત જખમ થયો છે."

"હે! શું તુ જખમી થયો છે?"

"હા."

"શાથી?"

"ભાઇ! આપના કહ્યા પ્રમાણે હું પેટીને લેવા કિનારે ગયો, પણ ત્યાં જઇ જોતાં પેટી જણાઇ નહિ. આથી પેટીની શોધમાં હું કિનારે ફરવા લાગ્યો. એવામાંજ અચાનક એક તીર

આવ્યુ. મેં તે તીર ચુકાવ્યુ કે તુરત બીજું આવ્યુ ને તે મારા આ કાંડામાં વાગ્યુ. મે તે તીરને તુરતજ કાંડામાથી ખેંચી કાઢયું. બાદ ત્યાં વધારે સમય રોકાવું યોગ્ય નહિ ધારી હું અહિં આપની પાસે દોડી આવ્યો છું. આટલી હકીકત કહી કિશોરે માથે બાંધેલા ફેંટામાંથી વસ્ત્ર ફાડી વાગેલા જખમ પર પાટો બાધી દીધો.

હવે વધારે સમય અત્રે રહેવાથી હાની થવા સંભવ છે ધારી વિશ્વેશ પેલા છોકરાને લઇ કિશોરસિંહ સાથે નગર તરફ ગમન કરવા લાગ્યો. અલ્પ સમયમાં તો ત્રણે જણ નગરમા દાખલ થઇ સેનાપતિ મહાલયમાં આવી પહોચ્યા. બાદ સ્વસ્થ થઇ કિશોરને સુવા જવાની આજ્ઞા આપી. વિશ્વેશ પેલા બાળકને પોતાની પાસે સુવાડી પ્રભુનુ રટણ કરતો નિદ્રાદેવીને શરણે થઇ ગયો.

પ્રકરણ ૨૦ મું.

ભારતીની પતિભક્તિ.

નારી રત્નની ખાણ સંસારનુ કલ્પવૃક્ષ છે
દેતા તેને દુઃખ, સુખ સૌ જાનાર એ સિદ્ધ છે.
સંતોષે પ્રિને પ્રમદા, એવા શ્રેષ્ટ નરને ધન્ય છે,
જે ઘરમા નારીને સુખ નથી, તે ઘરે દુઃખથી ભરપુર છે

પરોઢ થવા આવ્યુ. અરેરે! હજુ સુધી મા'રા પ્રાણનાથ કેમ પધાર્યા નહિ હોય? શું તેમને કાઇ વિઘ્ન તો નહિ નડ્યુ હોય? હે પ્રભુ! સદા સર્વદા મા'રા શિરતાજનુ રક્ષણ કરજો. હા.. મા'રા સ્વામિ વ્યસનાધિન અને હૃદયના ભોળા છે. તેમના મિત્રો મનના મેલા સ્વાર્થાંધ છે. તેથી નિશદિન હૃદયમા ચિંતા થયા કરે છે. તેમને જમવા માટે રાત્રિએ બનાવેલી મિષ્ટ રસોઇ પણ ઠંડી થઇ બેસ્વાદ બની ગઇ હશે. સ્વામિ આવશે ને સાથે બેસી આનંદથી ભોજન કરીશુ એમ ધારીને હુ ક્ષુધાનું કષ્ટ સહન કરતી બેઠી રહી છતા નાથ પધાર્યો નહિ. વિચારમા ને વિચારમા હુ નિદ્રાધિન થઇ ગઇ. નિદ્રામા પણ આખરે મા'રા પ્રાણનાથની ધાબનાને લીધે જાગૃત થઇ જોઉ છુ તો હજી પણ પ્રાણનાથ આવ્યા નથી. પ્રભો! પ્રભો! કયા જન્મના પાપકર્મોના

યોગે મા'રા શુદ્ધ સ્નેહાળ સ્વામિની બુદ્ધિ વિપરીત થઇ છે. વ્હાલા પતિ! નીતિને હૃદયમા ધરો અને આ તમારી ર ક કિ કરીના તુચ્છ શબ્દો ન માન્ય કરી દુષ્ટોની મિત્રતાનો ત્યાગ કરો.

પુનરપી ઉત્તમ કુળમાં જન્મ લઈ મદિરાપાનાદી ન કરવાનાં કુકર્મો કરો છો તે શુ સારૂં કહેવાય? મ'રા પ્રભુ! હું આપને કઇપણ કહેવાને યોગ્ય નથી છતાં કહુ છુ વ્હાલા! આ સ સારમા અમ અબળાઓને તો પોતાનો સ્વામિ તેજ પરમ પ્રભુ, તેજ તારનાર, અને મારનાર પણ એજ. હુ કાણુમા આ મા'રા શિરછત્ર! આપજ મા'રૂં સર્વસ્વ છો. હુ આપના સુખે સુખી અને દુ ખે દુ ખી છું આવી રીતનાં વિચાર તરગોથી મનમાં બોલતી ભ્રમણામા ભુલતી, ભદ્રેશ નથી છતાં, તે છે, એમ ધારી, તેને હિતોપદેશ કરતી, સતી ભારતી, પાછલી રાત્રે નિદ્રામાથી જાગ્રત થઇ, ઉપર પ્રમાણે બોલતી હતી ભદ્રેશ હજી સુધી આવ્યો નથી; ધારી મનમા અમુઝાતી, પ્રભુને વિનવતી, ભદ્રેશનું ધ્યાન ધરતી, તે ગુણીયલ બાળા ઉદાશ ચ્હેરે બેઠી હતી.

ભદ્રેશ સમી સાંજનો મિત્રમ ડળના મેળાવડામા ગયો હતો, તે પરોઢ થવા આવ્યુ છતા મકાને આવ્યો નહોતો. સ્વામિના સુખમાજ પોતાનું સુખ માનનારી સતી ભારતી સ્વામિના વિયોગનું કષ્ટ સહન કરતી બેસી રહી હતી ભદ્રેશ મદિરાપાનમા વિશયાધ બની અઢળક દ્રવ્યનો વ્યય કરે છે એ ભારતી સારી રીતે જાણતી હતી.

દુષ્ટ મિત્રોના સહવાસથી ઉત્તમ કુળના યુવાનો પણ મદિરાપાન કરે છે, ને તેના પ્રતાપથી આખરે છેક પાયમાલ થઇ જાય છે. હા, એજ મદિરારૂપી વિષને આન દથી પીનારા યુવાનો

આખરે વિષયાંધ થઇ ન કરવાનાં કાર્યો કરે છે. તે ચળકતો પ્રવાહિ તેના ભક્તને પ્રથમ તો અમૃત સમાન લાગે છે પરંતુ ધીમે ધીમે તે તેના ભક્તને પાયમાલ કરી જીવતાંજ ભિખારી હાલતે ભટકાવે છે. હા, મદિરા! ઓ ચળકતા ઝેરી પ્રવાહિ! તેં આ ભારતવર્ષના અનેક ઉત્તમ પુરૂષોને તારા મોહમાં ફસાવી પાયમાલ કરી નાંખ્યા છે, અરે જે બળશાળી વીરપુરૂષો કે જેના બળથી પૃથ્વી પણ કંપાયમાન થતી હતી, હા તેજ બળવાનોને તે તા'રા સ્વાધિનમા લઇ નિર્માલ્ય બનાવી દીધા છે. હા, આજ-કાલના કુકર્મી કુલાંગારો તારે વશ થઈ પિતાની પુંજીની પાય-માલી કરે છે. જે દ્રવ્ય મહાન્ મહેનતે સંપાદન થયું છે, ને તેને પરોપકારમાં વાપરવું જોઇયે હાય, તેજ દ્રવ્ય મદિરાદેવીની વિષ જ્વાળમા હોમાઇ જાય છે. ઓ આર્યભ્રાતાઓ! વિચાર કરો, હજી સમય છે, પાછળથી પશ્ચાતાપ રૂપી અગ્નિમા બળવું પડશે. માટે એ દુષ્ટ વ્યસનનો ત્યાગ કરી ગુણજ્ઞ મિત્રોનો સહ-વાસ કરો. મદિરાથી આપણું સર્વસ્વ નાશ પામ્યું છે તે તમે સારી રીતે જાણો છો, છતા શા માટે અંધ થઇ તે જ્વાળામુખી દેવીને વળગો છો. અહા! કેટલાક શક્તિના ઉપાશકો માતાજીના પ્રસાદ તરીકે નામ આપી તેનો ઉપયોગ કરે છે. આ તેમની કેટલી મુર્ખાઈ છે તે એ ઉપરથી પ્રત્યક્ષ જણાઇ આવે છે. માતાજીનુ નામ અને તે દુષ્ટોનુ કામ. માતા પોતાના બાળકોને કદાપિ કાળે પણ એવુ દુષ્ટ કર્મ કરવાનુ કહે નહિ ભ્રાતાઓ! આ સ્વર્ગ સમાન ભારતભુમિનો જો ઉત્કર્ષ કરવા ઇચ્છતા હો તો એ દુષ્ટ વ્યસનનો ત્યાગ કરો, અને તેમાં વ્યય થતા દ્રવ્યને બચાવી આપણા દેશના અપંગો, દિન્ દુઃખીને સહાય કરો. જે કુલા-

આશે, મદિરારૂપી પિશાચીનીનો ત્યાગ નહિ કરશે, તેઓ ખરેખર આ જગતમાંજ દિન દુખી થઈ રીબાઇ રીબાઇ મરશે ને પશ્ચાત્ રૌરવ નર્કના અધિકારી થઇ યમરાજની ભયંકર શિક્ષાઓ સહન્ કરશે. અસ્તુ.

પવિત્ર બાળા ભારતી ભદ્રેશની માળા જપતી ચિંતાતુર વદને તેની રાહ જોઇ બેસી રહી હતી, એવામાંજ નીચે દ્વાર ખખડવાનો અવાજ થયો. પતિ પધાર્યા હશે, ધારીને પવિત્ર રમણી આનંદથી ઉભી થઇ પતિને લેવા નીચે જવા સીડીનાં પગથીયા ઉતરવા લાગી. એટલામાં બહારથી ભદ્રેશનો અવાજ સંભળાયો. રામા!

" ઉત્તર ન મળ્યો."

" રામા! ફરીથી મો'ટા અવાજે ભદ્રેશે બૂમ મારી.

" જી. રામજી નામના નોકરે જાગીને જવાબ આપ્યો.

" દ્વાર ઉઘાડ."

" ઉઘાડું શેઠજી. કહી વૃદ્ધ નોકર રામજીએ દ્વાર ઉઘાડયા.

" દ્વાર ઉઘડયાં. ભદ્રેશે અંદર પ્રવેશ કરી નિશાના તોરમા રામજીને ધમકાવવા માંડયો કેવો આળસુ ગદ્ધા જેવો છે કે અત્યારથીજ ઉંઘમા મરી પડે છે?"

" શેઠજી! શું અત્યારમાં?! આપ આમ કેમ બોલોછો?"

" તો શું કહું? હજી તો રાત હમણાંજ શરૂ થઇ છે. દારૂના તાનમા ભદ્રેશે રામજીને રાત્રિ કેટલી વ્યતિત થઇ છે તેનું સૂચન કર્યું.

ભદ્રેશના બોલવાથી રામજીને હસવું આવ્યું, પણ તે

હાષ્ય મનમાંજ છૂપાવી તે ભદ્રેશને કહેવા લાગ્યો. શેઠજી! હવે તો મોટુ પરોઢ થવા આવ્યુ છે.

શું પરોઢ થવા આવ્યુ ? હુ ...એમજ લાગે છે. કહી ભદ્રેશ નિશામા ડોલતો સીડી પર ચઢવા લાગ્યો. સીડીને પાંચમે પગથીએ ચઢતાજ તેને ગુણીયલ ભારતીનો ભેટો થયો. ભદ્રેશના મુખથી મદિરાની નીકળતી દુર્ગંધથી ભારતી જાણી ગઈ કે હજી સ્વામિ નિશામા છે. ભદ્રેશ ભારતીથી છુપુ રાખવાને દારૂનો નિશો ઉતરેજ ઘેર આવનો, પણ આજે તેને ખબર નહિ રહેવાથી કેફમા ચકચુર બનો મકાને આવ્યો હતો ભારતીને દારરમાજ નિહાળી કેફની ઝુમમા ભદ્રેશ બોલી ઉઠયો કોણ પ્રિયે ?

"હા ! નાથ."

"અત્યાર સુધી જાગવાનુ કારણ ?"

'કારણ એજ કે, આજે મા'રે પતિ ભગવાનનુ વૃત હતુ, તેથીજ તેમનુ ધ્યાન ધરતી જાગરણ કરતી હતી.."

"એમ! તો હું ધારૂછુ કે જો કદાપિ તા'રી તબીયત જાગરણ કરવાથી બગડશે તો તે તા'રો ભગવાન તા'રા વૃતથી પ્રસન્ન થઇ સારી કરશે ખરો કે ?"

"હાજી! તે મા'રી સારવાર કરે ખરા, પણ હાલમા કહી શકાય નહિ"

"કારણ ?"

"હાલ તે પરતત્ર છે."

"ત્યારે તુ એવા મૂર્ખ ભગવાનનુ પૂજન શાને કરેછે ?"

"ક્ષમા! વ્હાલા એમ ન બોલો, એ દેવનુ ઇશ્વર કલ્યાણ કરો."

"અરે! એનો પણ ઇશ્વર છે ખરો કે?"

"હાજી."

"ઓય મારો બેટો! એ તા'રા ભગવાનનો પણ ભગવાન વળી કોણ મુઓ છે? ભારતી! મ'ને તો તા'રા શબ્દો સાંભળી હસવુ આવે છે. વારૂ પણ તું તા'રા ભગવાનને નજરે જોઇ શકે છે?"

"ઘણી સારી રીતે હુ હાલ તેમને જોઇ શકું છુ."

"એમ! તો કહે કે તે કયાં છે?"

'અત્રેજ છે.'

"કયાં?"

"મા'રા પ્રભુ! શુ તમે હજી પણ ન સમજ્યા? મા'રા ભગવાન આપ સિવાય શું કોઇ બીજો હોઇ શકે કે?"

"હે? શું હુ જ તા'રો ભગવાન? અને તેથીજ તુ મારૂ ધ્યાન ધરતી અત્યાર સુધી જાગરણ કરતી હતી?"

"હા નાથ."

ભારતી! તુ હજી ગાંડી ને ગાડીજ રહી; ચાલ હવે ઉપર. કહી ભદ્રેશ ભારતીનો હાથ પકડી ઉપર લઇ ગયો, અને દિવાનખાનામાં આવી કપડાં કાઢી એક વિરામાસનપર પડયો. ભારતી તેને માટે દાતણ તથા જળનું પાત્ર લઇ આવી તેને દાતણ કરવાનું સુચવ્યુ. દાતણ અને લોટાને જોતા ભદ્રેશ ખડખડાટ હસીને કહેવા લાગ્યો. ભારતી! હુ જાણુ છું કે તા'રામાં બીલકુલ અક્કલ નથી. આ દાતણ તો કે જે આખી રાત ઉંઘ્યો હોય તેને માટે હોય. હુ તો બિલકુલ ઉંઘ્યો નથી તો મા'રે શા માટે તેનો ઉપ-

યોગ કરવો જોઇયે. માટે આ દિવાનખાનાની સુદરતામાં ખામી નાંખતુ, આ તારૂ દાતણુ અને લોટુ અહિંથી જલ્દી ઉપાડી જા. અને મારે માટે દુધ ગરમ કરી લાવ.

"બહુ સારૂં." કહી ભારતી દાતણુ અને લોટો લઈ નીચે ગઇ અને ભદ્રેશને માટે દૂધ ગરમ કરવા લાગી.

"વિશામાસન પર આડો પડેલો ભદ્રેશ, ભારતીના ગયા બાદ વિચાર કરવા લાગ્યો—અહા! આ ભારતી! જે વખતે મા'રી સાથે લગ્નથી જોડાઇ તે સમયે તે મ'ને ઘણીજ પ્રિય ને સુદર લાગતી હતી. પણુ હવે કોણુ જાણે કે તે'નુ સુંદર સ્વરૂપ મ'ને સારૂં લાગતુ નથી. હુ તે'ને મા'રી મધુમુખી સાથે સરખાવુ છું તો તેનામા અને મધુમુખીમાં આસમાન જમીનનો ફેર લાગે છે. અહા! શુ મધુમુખીના હાવભાવ! બોલવાની છટા સાથે નાચ મુજરા! વળી વિશેષમાં તેના નેત્ર કટાક્ષની ખુબી તો કઈક ઓરજ રહે છે. વાહ, વાહ! શુ સુદરતાની પુતળી! મ'ને લાગે છે કે ઇશ્વરે તે'ને ફુરસદના સમયેજ ઘણો શ્રમ લઇને બનાવેલી હોવી જોઇએ. મા'રી ભારતી જો કે સર્વાંગે સુદર રમણી છે, તેની ના નહિ. પણુ તેનામાં ખોડ એટલીજ છે કે તેનામા મધુમુખીના સમાન વાક્ ચાતુર્યતા નથી તેમજ તે મધુમુખીના સમાન હાવભાવ, નાચ, ગાયન, વગેરે કંઈજ જાણુતી નથી. આવી રીતના વિચાર કરતો દારૂડિયો ભદ્રેશ વિશામાસન પરથી ઉઠી એક કોચ પર બેસી વળી પાછો કઇક બરબડવા લાગ્યો—મા'રા પિતાએ તે'ને જે આપ્યુ છે, તે આજ હું તેની પાસે માગુ, અને જોઉં કે તે શું જવાબ આપે છે.

પણુ શુ ખબર કે તેની પાસે માગતાં મા'રી જીભજ જકડાઇ જાય છે. તેને જોતાં મા'રા વિચાર શાન્ત થઇ જાય છે. જ્યારે આવી રીતે થાય છે. ત્યારે મા'રાથી મિત્રોની સલાહનુસાર તેનું ખૂન શી રીતે કરાશે? ગરીબડી ગાય જેવી ભારતી એક સાધારણુ નોકરની માફક મા'રી સેવા ઉઠાવનારી આજ્ઞાધારક સહચારિણી ઉપર ઘા કરતાં આ હાથ કેમ ઉપડશે? પુન ભદ્રેશ વિચારમાં પડયો. જો હુ તેનું ખૂન નથી કરતો તો દ્રવ્ય હાથમા આવતું નથી, અને તેથી ભવિષ્યનો લાભ મળવો મુશ્કેલ છે. ત્યારે હવે મા રે કરવુ શું? વિચારોની દોડાદોડી થવા લાગી. એટલામા દુધ ગરમ કરી તેને સુદર ચાદીના પ્યાલામા કાઢી પોતાના નાજુક કર કમળમાં લઈ ભારતી ઉપર આવી, અને સ્વામિના સમિપ તે મિષ્ટ પયથી ભરેલા ચાદિના પ્યાલાને મૂકી પોતે બાજુપર જઇ બેઠી.

ભારતીને જોઇ ભદ્રેશ વિચારમાથી જાગ્યો, ને પાસે પડેલા દુધના પ્યાલાને જોઇ કહેવા લાગ્યો. પ્રિયે! તા'રો પ્યાલો કયાં છે.?

"નાથ! મા'રે દુધ પીવાની ઇચ્છા નથી."

કેવી મૂર્ખ જેવી! લે હું ત'ને મા'રા પ્યાલામાંથી આપુ કહી ભદ્રેશે ઉભા થઇ પાસેના કબાટમાથી એક ખાલી પ્યાલો કાઢી તેમા પોતાના પાત્રમાથી અડધુ નાંખી ભારતીને આપ્યો. આનાકાની કરતી ભારતી અ તે પ્યાલો લઇ કહેવા લાગી. નાથ! આપ પીઓ, ને હું પણ પીઉ છુ મા'રા પ્રભુ! આપને ધરાવ્યા સિવાય આ દાસીથી દૂધ કેવી રીતે પી શકાય. વ્હાલા! મ'ને કાંઈ

દુધ પીવાની નવાઇ નથી, હુ તો આપના શુદ્ધ ચરણામૃતે કરીને પાવન થાઉંછું. આમ બોલતા બોલતાં ભારતી ગળગળી થઇ ગઇ; તેની આખ્યોમાં ઝળઝળીયા ભરાઇ આવ્યાં. એવુ જોઇ ભદ્રેશ ઉભો થયો ને સુગ ધ યુકત રૂમાલથી તેનાં અશ્રુ લ્હોતો કહેવા લાગ્યો. પ્રિયતમે! શા માટે આમ ઓશ્રુ લાવે છે? શું મા'રા બોલવાથી ત'ને કઇ ખોટુ લાગે છે? જો એમ હોય તો હું તને આજથી કાઇ પણુ નહિ કહુ, માટે શાન્ત થા. ને આ દુધ પી મ'ને પાન બનાવી આપ. કહી ભદ્રેશે તેને એક મીઠુ ચુ બન કર્યુ. ભારતી સર્વ ભુલી ગઇ ને આન દથી દુધ પીવા લાગી.

ખરેખર! પત્નિ ગમે તેટલી રીસાયલી હોય તો તે'ને મનાવવાનુ, તેમજ તે'ને આન દ યુકત કરનારૂં ઔષધ, ફકત તે'ના અધરોષ્ટનું પાનજ બસ છે

ભારતી દુધ પી, ભદ્રેશને માટે પાન બનાવવા લાગી. ભદ્રેશ પણુ દુધ પી ગયો. બાદ પત્નિએ તૈયાર કરેલા પાનની પટ્ટી પતિને આપી, અને પ્રેમાભિલાસી બાળા મૃદુ હાસ્યથી પતિને પૂછવા લાગી. વ્હાલા! આજે આટલી રાત્રિ સુધી કયા રોકાયા હતા?

ભારતી! આજે અમારી મીજલસ હતી. ને ત્યા થતા આન દથી રાત્રિ ઘણી વિતી ગઈ હતી. વારૂ આજે આમ પૂછ વાનુ શુ કારણુ?

હુ તો સ્હેજ પૂછુછુ. વ્હાલા! મોડી રાત સુધી બહાર રહેવાથી કોઇક દિવસ વિપરીત પરિણામ આવે છે.

ગમે તેમ થાય, તેમા તા'રે શું! મિત્ર મ ડળમા બેસીયે

તો વાર પણ થાય, અને આનંદમાં ને આનંદમાં કદાપિ રાત પણ વિતી જાય તોય શું ?

નાથ! આપનું કહેવું સત્ય છે, તથાપિ આપ સજ્જન પુરૂષ! નીચ મિત્રોના સહવાસમા મોડી રાત સુધી બેસી રહો તે આપણા શ્રેષ્ટ કુળને કલંક સમાન છે. વ્હાલા! કહ્યું છે કેઃ—

કરે નીચનો સંગ, નીચની બુદ્ધિ આવે;
કરે નીચનો સંગ, સકળ સદ્ગુણો ગુમાવે.
કરે નીચનો સંગ, નીચની ભાષા ભાખે;
કરે નીચનો સંગ નીચની રંજન રાખે

વળી નીચ કામ નીચા કરે, નીચ કહેવાય ન ઉંચ જન.
શામળ કહે સંગત નીચની, થાય ન કરશો કોય દન.

પ્રાણેશ! એવા નીચ મિત્રોના સહુવાસેજ પુજ્ય પિતાશ્રીના મર્ણ બાદ રોકડ લક્ષ્મિ ચાલી ગઇ, સાથે આબરૂ પણ જવાની તૈયારી થઈ, છતાં આપ જ્ઞાની થઈ એવા દુષ્ટોનો ત્યાગ કેમ કરતા નથી? વ્હાલા! તે સ્વાર્થાંધો! મધમાખ્યોની માફક આપને ચુસી ખાય છે ને હજી બાકી રહેલુ સત્વ પણ ચુસી ખાવાની ઇચ્છા રાખે છે મારા પ્રભુ! જેમ મધપુડાની માંખ્યો ખાલી ખોખાનો ત્યાગ કરે છે. તેમ તેઓ પણ આપનો આખરે અવશ્ય ત્યાગ કરશે. પ્રિયતમ! વિચારો! હજી સમય છે; પાછળથી પસ્તાવુ પડશે. શાસ્ત્રમા લખેલાં ધર્મના સિદ્ધાંતોને યાદ કરો વ્હાલા! સાભળો. કહી સતી ભારતી તેના સ્વામિને સદુપદેશ કરવા લાગી.

પ્રકરણ ૨૧ મું.

સતીનો પતિને ઉપદેશ.

નરજાત સુખી હશે અહિં કદી,
મહાજ્ઞતા સ્વચ્છ હથી.
પણ નારીને સેવા વિના
નહિ કર્મમા બીજું કઈ સ્નેહમુદ્રા

જો ધર્મનો નાશ થયો તો સમજવુ કે સર્વનો નાશ થયો, અને જો તેનુ યથાર્થ રક્ષણ થયુ તો તે સર્વની રક્ષા કરે છે. તેથી સર્વ સજ્જનોએ કદાપિ પણ ધર્મથી વિમુખ થવુ નહિ કારણ કે ધર્મનો ત્યાગ કરવાથી આપણા સર્વસ્વનો વિનાશ થાય છે. જેમ પૃથ્વીમા બીજ વાવવાથી તેનુ તત્કાળ વૃક્ષ ઉત્પન્ન થઈ ફળ મળતુ નથી, પરતુ તેનો સમય થાય છે ત્યારેજ તેમાથી વૃક્ષ ઉગે છે અને તેને ફળ આવે છે. તેમ આ જગતમાં કરેલા કુકર્મના ફળ પણ તુર્તજ મળતાં નથી, પરતુ ધીમે ધીમે પાપની વૃદ્ધિ થતા તે કુકર્મ આચરનારાઓનો પાપનો ઘડો પુર્ણ ભરાઇ તત્કાળ ફુટી જાય છે, અર્થાત તેને તેના કર્મનુ ફળ આ જગતમાંજ મળે છે. માટે મારા પ્રિય પ્રાણનાથ આ સિદ્ધાતથી સમજજો કે “ જ્યાં ધર્મ છે, ત્યાંજ સદા સર્વદા વિજય છે.”

સમજ્યા, સમજ્યા, ઘણુ સમજ્યા. હવે હું તા'રૂં ભાષણ વધારેવાર સાંભળવા નથી ઇચ્છતો. તા'રા બકવાટથી મા'રી શાન્તિનો ભંગ થયો છે, ને તેથી મારૂં માથું દુખે છે; માટે હવે તારૂ ભાષણ બંધ રાખ. ભદ્રેશે કંટાળી કહ્યું.

"વ્હાલા! શું આપનુ માથુ દુ:ખે છે? આવો હુ માથા પર ગુલાબજળ છાંટી દબાવુ."

"અરે! મૂર્ખની શિરોમણી! મા'રૂ માથુ કઇ રોગથી નથી દુખતુ."

"ત્યારે શાથી દુ:ખે છે?"

"તા'રાં કંટાળા ભરેલા લાંબા લાંબા ટાયલાથી."

નાથ! એ ટાયલું નથી પણ હિત શિક્ષા છે, આપ હ્રદયમા વિચારી જુવો. પ્રાણનાથ! વળી મારા સાભળવામાં એમ પણ આવ્યું છે કે આપ કોઇ મધુમુખી નામક વેશ્યાને ત્યા ગમન કરોછો. વ્હાલા! ઘણુ જ અઘટિત કાર્ય થાય છે. ધર્મનુ સત્યાનાશ વળી જાય છે ને તેથી સર્વેશ્વર કોપાયમાન થાય છે. પ્રભુ! વિચારો, રદ થઇ. શુદ્ધ બ્રાહ્મણના કુળને કાળુ કલંક લાગે છે. ભારતીએ બીજી વાત જણાવી.

ચુપ થા, મારા કુળને છો કલંક લાગે, અને ભલે તા'રો ભગવાન પણ કોપે તેનો મને બીલકુલ દરકાર નથી. અરે દિવાની! તને ખબર છે? કે તે મા'રા પ્રાણપ્રિય મિત્રોની મુલાકાતથી અને ત દિલદારને ત્યા જવાથી મનને મોજ મળવા ઉપરાંત અપાર આનંદ થાય છે. ભદ્રેશે શરમ તજી જવાબ આપ્યો.

"પ્રાણેશ! વેશ્યાના યાર સદા ખુવાર." સાંભળો.

વેશ્યા વાઘ દારૂડીયો, પ્રથ્વીપતિ ભુપાળ;
મિત્ર નથી એ કોઇના, કોપે આણે કાળ.
વિષ ભલું વેશ્યા થકી, ભલો રાયથી રંક,
મિત્ર હોય દારૂડીયા. કર્મનો આડો અંક

માટે સમજો ને એવા દુષ્ટ નાદાનોનો ત્યાગ કરો.

અરે કર્યો વિચાર અને કર્યો ત્યાગ. મહેબાની કરી હવે તુ તા'રો લવારો બંધ કર. તુ વેષ્યાના સુખનો સ્વાદ કયાંથી જાણે? વેષ્યા તો આ સૃષ્ટિની મંગળમયી દેવી છે, દેવી. સમજી?

વેષ્યા દેવી નહિ પણ વિષની વેલી છે. તેનામાં એવુ તો હળાહળ ભરેલુ હોય છે કે ધીમે ધીમે તેના સહવાસીને રીબાવી રીબાવીને મારે છે તેના કરતા તો ઝેરી નાગ સારો કે એકદમ દંશ માત્રથીજ પ્રાણનો નાશ કરે છે.

ચુપ થા શેતાન. ભદ્રેશે ગુસ્સે થઇ ભારતીને ધક્કો મારતાં કહ્યું.

વ્હાલા! શાને માટે મા'રી પર વૃથા ક્રોધ કરો છો? નાથ! આ ગરીબ અબળાનું કહેવું ધ્યાન પર ધરો ને તે દુષ્ટાનો ત્યાગ કરો.

શું હુ તે સ્વર્ગની દેવીનો તારા કહેવાથી ત્યાગ કરૂ? નહિ, નહિ, કદાપિ નહિ.

શુ આપ તેને સ્વર્ગની દેવી માનો છો?

હા હા, તારૂ ભાગ્ય એવું ક્યાંથી કે તુ તે દેવીને જોવા પામે. તેના સહવાસથી સર્વ દુઃખ કલેશ દૂર થાય છે, ને ત્યા મળતા મદિરા રૂપ અમૃતપાનથી અનહદ આનંદ છવાય છે.

ભારતી ! તને ખબર છે કે 'દારૂની પ્યાલી અને વેશ્યાની યારી' આ સંસારમાં એજ છે ફક્ત સુખાકારી. દારૂ અને વેશ્યા હમેશા પવિત્રજ રહે છે. જેમ દારૂના પીઠામાં એકજ પ્યાલાથી બ્રાહ્મણ, વાણીયા, વાઘરી, ચમાર, ઢેડ, ભંગી વગેરે મદિરા પીએ છે, તેઓનામા શું તારા જેટલી અક્કલ નહિ હોય ? જ્યારે તેઓએ જ્ઞાનદ્રષ્ટિથી વિચારીને દારૂને શુદ્ધ પવિત્ર જાણ્યો હશે, ત્યારેજ તેઓ એકજ પ્યાલાથી પીતા હશે. વિશેષમા તે મદિરાથી દેહના દુઃખ દૂર થાય છે એ તું સમજે છે ?

સત્ય છે એમાં હુ શું સમજુ. પ્રાણનાથ ! મા'રી અલ્પ બુદ્ધિની શિખામણ પર ધ્યાન ધરો અને એવા મૃગજળ સમાન દુષ્ટ કાર્યો કરતા ઇશ્વરથી ડરો.

બહુ સારૂં. હવે તારી જીભને વધુ વધતી બંધ કર એટલે પત્યું.

શા માટે જીભને તેની ફરજ બજાવતા બોલતી બંધ કરૂ ? સ્વામિ ! આ હૃદય બળીને ભષ્મ થઇ જાય છે, હા મદિરાપાનથી અને વેશ્યાના વિલાસથી આ સ્વર્ગસમ સુખશાયી મકાનમાથી અન્ન જળનો નાશ થશે, ઇજ્જત આબરૂ કોડીની થઇ જશે માનો, માનો, અનીતિના પંથે પાપકાર્યોમા પ્રવૃત્ત થયેલા સ્વામિ માનો ! નાથ—

વેશ્યા વિષ વિનાસમા', નવ ધરો વિશ્વાસ.
મિથ્યા મદ અળગો કરો, આખર થાશે નાશ
પરનારીની ધાખના મદિરાના થઇ દાસ
વિચારી જુવો સાહ્યબા, અંતે પામ્યા નાશ.

શ્રેષ્ઠ કુળમાં જન્મીને, પીઓ દારૂને ખાસ,
સત્ય કહું ઓ કંથજી, આખર થાશે નાશ:

અરે દુષ્ટા! તું શા માટે વારવાર આવું કહી મને કંટાળો આપે છે? અમે કરીયે છીએ એ તો કરવાનાજ. શું ભોગી ભ્રમર એકજ પુષ્પની સુવાસ લઇ બેસી રહેશે? નહિ તેને તો નિશદિન નવનવાં પુષ્પોની સુગંધ લેવીજ જોઇયે.

પણ તે નવનવાં કુસુમોની સુવાસના યોગે તે ભમરની કમળમાં કેવી દુઃખદાયક સ્થિતિ થાય છે, એ જાણો છો?

જાણીએ છીએ અને તમારૂં ડાં'પણ પણ સમજીયે છીએ. તમારા કરતાં હું ઘણોજ જ્ઞાની છું. મોટા મોટા રૂષિ મુનિયો પણ અપ્સરાના તાનમાં મસ્તાન થઇ પાછળ ભમતા હતા, તો હું કેમ વ્હાલી વેશ્યાનો સંગ ન કરૂં?

તે રૂષિ મુનિયો અને અપ્સરાઓ કોણ હતા? એ તો વિચારો. નાથ! આપ બ્રાહ્મણ કુળમાં જન્મ ધારણ કરી મહાન પવિત્ર કહેવાયા, અને એ રાંડ વેશ્યા, કોણ જાણે કે શું યે જાતની હશે? હા...વિશુદ્ધ બ્રાહ્મણના દેહથી એવું નિચ કાર્ય થશે તો સમજજો કે આ વસુધરાનો થોડા સમયમાં પ્રલયકાળ થશે

અરે અજ્ઞાની નારી! તું શું બકે જાય છે? તું સમજે છે? શાસ્ત્ર શીખી છે? જો સાંભળ! બ્રાહ્મણ કેવા સત્તાવાન છે એ હું તને જણાવું બ્રાહ્મણ તે તો ઇશ્વરના પણ ઇશ્વર કહેવાય. કારણ કે તે ઇશ્વરને ઘણાજ પ્યારા છે, જ્યારે પવિત્ર ઇશ્વર બ્રાહ્મણને વ્હાલા ગણે ત્યારે બ્રાહ્મણ તેનાથી પણ વધારે પવિત્ર ગણાય. એવા ઇશ્વરથી પણ વિશેષ પવિત્ર બ્રહ્મદેવથી શું તેનાથી

નિચી વસ્તુને પવિત્ર કરી ઉચ્ચ સ્થિતિએ ન લાવી શકાય? વિચારી જો, ગમે એવી અપવિત્ર વસ્તુ હોય અને તેને જો બ્રાહ્મણ દેવતાનો કિંચીત સ્પર્શ થયો તો તત્કાળ તે શુદ્ધ બની જાય. લોહને પારસમણીનો સ્પર્શ થતા જેમ તે સુવર્ણ બની જાય છે, તેમ બ્રાહ્મણના સ્પર્શ માત્રથીજ અપવિત્ર પવિત્ર થઇ જાય છે. બ્રાહ્મણથી સર્વ કાર્ય થાય, અને બીજાથી કંઈ ન થાય. એવીજ રીતે આ બ્રાહ્મણ કુળ ભુષણ ભદ્રેશનું મધુમુખી વેષ્યા સાથે મિલન થાતાં એ મધુમુખી ગમે તો હલકામા હલકી જાતની હશે તો પણ મારા સ્પર્શેથી તે શુદ્ધ પવિત્રતાની મૂર્તિ બ્રહ્મદેવી બની જશે સમજી?

હદ થઇ. આ ગુણીયલ કંથ શાસ્ત્રના સિદ્ધાંતોનો અવળો અર્થ કરી અંધ થઈ કેમ ભુલો છો? ગધેવ ગાય થાય એ શુ સંભવે છે? નાથ! કયો જ્ઞાનીજન સુંદર સ્વરૂપવતિ છતા દુષ્ટ વેષ્યાના અધરોષ્ટનુ પાન કરશે? કોઇજ નહિ કારણ કે નીચ, વ્યસની અને રોગીજ વેષ્યાના અધરોષ્ટનુ પાન કરે છે. આપ જેવા સમજુ ને જ્ઞાની ગૃહસ્થને એવુ દુષ્ટ કાર્ય કરવુ યોગ્ય નથી. વ્હાલા! તે દુષ્ટાના વિલાસમા અને સ્વાર્થાંધ મિત્રોના સહવાસમા સર્વ રોકડ નાણુ ખર્ચાઇ ગયુ. છતા આપ કેમ ભૂલો છો? જેમ કડવા ઔષધથી શરીરના વ્યાધિ નાશ પામે છે તેમ આપને અત્યારે કંટાળો આપતા મારા ભાષણથી આપ નહિ સમજો તો અવશ્ય આખરે દુખી થઇ પસ્તાશો. વ્હાલા પ્રાણનાથ! તમે ચારે તરફ એક ક્ષણ દ્રષ્ટિ કરીને જુઓ કે નીચ આચરણોથી પિતાના મર્ણ બાદ આ ઘરની કેવી અવ્યવસ્થા થઇ ગઇ છે.

તેમજ જ્યાં સુધી આપની પાસે લક્ષ્મિ હશે ત્યાં સુધી સર્વ મીઠાં વચનોથી બોલાવશે અને તે લક્ષ્મિનો નાશ થતાં જેમ પક્ષી ફળ વિનાના વૃક્ષનો, હરણ બળી ગયેલા વનનો, ભ્રમરો પુષ્પમાથી સત્વનો નાશ થવાથી, સારસ નિર્જળ સરોવરનો, પદભ્રષ્ટ થએલા રાજાનો પ્રધાન ત્યાગ કરે છે તેમ દ્રવ્ય વિહિન થયેલા પુરૂષનો આખરે ગુણિકા અવશ્ય ત્યાગ કરે છે. કારણ કે તેનો પ્રેમ પુરૂષમા નથી પણ દ્રવ્યમાજ રહેલો છે.

ધીક ધીક છે તે નર, કુકર્મ કાળા આચરે,
ધીક ધીક છે તે નર, બ્રહ્મચર્યને સંહારે.
ધીક ધીક છે તે નર, પરનારોના ભોગી,
ધીક ધીક છે તે નર, વેષ્યા વિષ્ટા આંગી

વળી વેષ્યા દ્વારે વિગરે, યમ શિક્ષા પામે અતિ ઘણી
પડશે નર્કની માંહ્ય, સહેશે વેદના અંગે ત્રણી ×××

"અરે હઠીલી અબળા ! મ'ને લાગે છે કે આજે તા'રૂ મગજ ખસી ગયુ છે, વેષ્યાના અવગુણ ગાનાર નારી સાંભળ."

"વેષ્યા પુરે કામના મદન પીડીત મનુષ્યની.
વેષ્યા પુરે આશ, સકળ સુખની તે ભામિની.
વેષ્યા સ્વર્ગ સદન, નયનથી સૌને નચાવે,
વેષ્યા અમૃત વેલ, પ્રેમથી સૌ જન આવે" +××

એવી ગુણીયલ ગુણિકાને હલકી ઉપમા આપના તારી જીભને ખેંચી પકડ.

વ્હાલા નહિ કહુ, એક શબ્દ પણ હવે નહિ કહું. પણ નક્કી યાદ રાખજો કે આખરે તે રંડાના તાનમાંને મદિરાના બેભાનમાં

માન ખોઇ ભિખારી હાલતે આત્મ ત્યાગ કરી મરવાને તૈયાર થશો.

અરે જારે જા, મધુમુખીનું ગાન ને સાથે શરાગનું જામ પછી જોઇ લે કે ત્યાં કેવુ પડે છે મા'રૂં માન ?

હર હર વાત વંઠી ગઇ, સ્વામિની બુદ્ધિ પણ ફરી ગઇ ને સાથે લક્ષ્મિનો પણ લય થવા સમય આવ્યો. આમ બોલતી ભારતી નિશ્વાસ નાંખવા લાગી, અને મનમા પ્રભુની પ્રાર્થના કરવા લાગી, એ! સત્ય સાહ્યક પ્રભુ ! અમારી ઉપર જરીક તો દયાની દ્રષ્ટિએ જુઓ; અને મા'રા પ્રાણનાથને પાપ કુંડમા પડતાં બચાવો. દયાળુ! આપના સિવાય આ ભયાનક ધર્મ સંકટમાથી કોણ બચાવશે ! આ'વી પ્રભુની પ્રાર્થના કરતી ભારતી પછી સજળ નયને ભદ્રેશના સામે જોઇ કહેવા લાગી. પ્રભુ !

શુ છે ? હુ તા'રો એક પણ શબ્દ સાંભળવા નથી માગતો

ભલે ન સાભળો પણ હુ તો મા'રો ધર્મ સંપુર્ણ બજાવીશ.

તુ તા'રો ધર્મ બજાવીશ, તો હું મા'રી દિલદારને સંભા-ળીશ. સમજી ! જો આ ચાલ્યો. કહી નિર્લજ ભદ્રેશ જવાને ઉભો થયો. અને પાસે પડેલાં કપડા પહેરવા લાગ્યો.

"તેને જતો અટકાવવાના હેતુથ ભારતી ઉભી થઇ ને ભદ્રેશનો હાથ પકડી નમ્ર વદને કહેવા લાગી. નાથ ! માનો, આખરે પસ્તાશો સ્વામિ ! આપના શ્રેયમાજ મા'રૂ શ્રેય સમાયેલું છે તે વિચારો.

દૂર જા નાદાન ! બોલતાં બહુ શીખી શેતાન ! કહી પત્નિને ધક્કો મારી ભદ્રેશ ત્યાંથી ચાલતો થયો; નરિબના ચકડોળમાં ચઢી હેરાન થવા ગયો અને તેની સાથેજ તેના સુખી દિવસના

સૂર્યનો અસ્ત થયો. ભદ્રેશ, ભોળો ભદ્રેશ! આ સંસારમાં સર્વ સ્ત્રીનો અને ઇશ્વરનો ગુન્હેગાર ઠરી ચુકયો. ને તેથી તે અનિતીના કુંડમાં પડી નાશ પામવાને ગયો તે ગયોજ.

ભદ્રેશના પ્રહારથી સતી ભારતી જમીનપર પટકાઇ પડી હતી. તે તેના ગયા પછી ઉઠીને બેઠી થઈ ચોધાર અશ્રુએ રડવા લાગી. હરી, હરી! આ કેવી દુ:ખદ અવસ્થા. સંસારના સમયની કેવી સ્થિતિ હતી અને આજે કેવી છે. ખરેખર! જ્યા સુધી શુભ કર્મ પહોચતા હોય ત્યાં સુધી મોટા મ્હેલ, સુંદર રમણીયો અને શ્વેત છત્રથી ઉજ્વળ લક્ષ્મિનું સુખ ભોગવાય છે. પણ તે કર્મની સમાપ્તિ થતાં તે સર્વ કામ ક્રિડાના કલહમા તુટી ગયેલા મોતીના હારનાં મોતીની માફક એકદમ દશે દિશાયે વેરાઇ જાય છે. અર્થાત્ સર્વ સુખ નષ્ટ થાય છે. હરી....હરી...મા’રે પણ એમ થવા સમય આવ્યો આવી રીતે બોલતી ભારતી શોકોદ્‌ગાર કઢવા લાગી. અરેરે! ભોળા દિલનાને અનીતિના પંથે ચઢાવી, તેની સ્ત્રીનાથી તેનો વિયોગ કરાવનાર અને પતિવ્રતા બાળાના શ્રાપ લેનાર કુલાંગાર મિત્રો તમને પારાવાર ધિક્કાર છે. હાય! દારૂની પ્યાલી, વેશ્યાથી યારી અને મિત્રો ખીસ્સાના ખાલી, એવાના સમાગમમા જે સ્ત્રીનો સ્વામિ હશે; તે નારીનો જન્મ વૃથા જશે. હા, જે પતિ પત્નિમા સદા સંતોષ આનંદને પ્રેમ હોય છે, ત્યાજ સ્વર્ગસમ સુખ વસે છે. અફસોસ! મા’રે તેમાનુ કશુ નથી. હર, હર, આ લલાટમા લખાયેલા દુ:ખી લેખને કોણ મિથ્યા કરે! અરેરે! પ્રાણેશની થનાર દુર્દશાના વિચાર આવતા, આ હૃદય વિંધાઇ જાય છે

ઓ પ્રભુ ! મા'રા શિરતાજનુ રક્ષણ કરજો. તેમને શુભ બુદ્ધિ પ્રેરી દુષ્ટોના સહવાસથી છોડાવજો. પ્રભુ ! તે ગમે તેવા પણ મા'રા નેત્રમણી શિરછત્ર છે. પ્રાણથી પણ અધિક પ્રિય છે. તે અપવિત્ર વ્યભિચારી છે છતા પણ તે મા'રા ઉદ્ધાર કર્તા પરમ પવિત્ર પ્રભુ છે. હા ! મારા નાથનુ કલ્યાણ થજો. આવી રીતના ઉદ્‌ગાર કાઢતી પવિત્ર ભારતી આખરે શાન્ત થઇ. બાદ પ્રાત કાળ થવાથી સ્નાન કાર્ય કરી ગૃહ કાર્યમા ગુંથાઇ નિત્ય કાર્ય કરવા લાગી.

પ્રકરણ ૨૨ મું.

પ્રેમની પ્રાબલ્યતા.

"પતંગો દીપને ચાહે, ભમર ભોગી કમળનો છે,
ચકોરી ચંદ્રની પુઠે, મરે છે પ્રેમને માટે;
અમે પણ પ્રેમ નૌકામાં, અમારૂં નાંવ હાંક્યું છે,
રઝળીએ કે રતી રળીએ, બધું એ પ્રેમને માટે"

કાસરવાળા

આજે રાજકુમારી દિવ્યપ્રભાને મળવા જવાનો દિવસ થયો છે, તેથી શૈલેશકુમાર મણીપુર જવાને વસ્ત્રાભુષણ ધારણ કરી શસ્ત્ર અસ્ત્ર સજી તૈયાર થયો છે. એટલામા તેનો પ્રિય મિત્ર વિશ્વેશ પણ મનહર સ્વાંગ ધારણ કરી કિશોરસિંહ સાથે પેટીમાંથી નીકળેલો છોકરો કે જેનુ નામ રણધીર હતુ તેને લઇ મણીપુર જવા ત્યાં આવ્યો. બને મિત્રો અશ્વપર સ્વાર થયા અને ત્રીજા અશ્વપર રણધીર સ્વાર થયો. અલ્પ સમયમા તો આ ત્રિપુટીએ મણીપુરના માર્ગપ્રતિ અશ્વોને દોડાવી મૂકયા. પવનવેગી અશ્વો મધ્યાન્હ થતા પહેલા મણીપુરના પાદરે આવી પહોંચ્યા. શૈલેશને બગીચા તરફ જવાનુ હતુ અને વિશ્વેશને કિશોરસિંહ અને રણધીરને લેઇ રાજમહેલ તરફ જવાનુ હતુ. તેથી વિશ્વેશ બગીચામાજ પોતાની રાહ

જોવાનું શૈલેશને સૂચવી કિશોર સાથે રણધીરને લઇ રાજ-મહેલ તરફના માર્ગે ગમન કરવા લાગ્યો. શૈલેશ પણ દિવ્યપ્રભાને મળવાની અત્યંત ઉત્કંઠાથી અશ્વને ઝડપથી બગીચા તરફ ચલાવવા લાગ્યો.

રાજકુમારી જે બગીચામા આવવાની હતી તે બગીચો મહારાજાના નામથી વીરબાગને નામે ઓળખાતો હતો. તે બગીચો મણીપુર નગરથી લગભગ અર્ધા માઇલના અંતર પર આવેલો હતો. મહારાજા વૃક્ષોના ઘણા શોખીન હોવાથી પોતાના બગીચામાં તેમણે દેશ વિદેશથી અનેક પ્રકારનાં વૃક્ષો મંગાવી રોપાવ્યા હતાં. એવા ઘનઘોર ઘટાદાર બગીચાની મધ્યમા થઇને પુષ્પભદ્રા નદી વહન કરતી હતી, તેથી તે બગીચાની શોભામા કંઇક અવર્ણિય વધારો થતો હતો. બગીચાની બીજી બાજુ જવાને વચમા વહેતી પુષ્પભદ્રાની પર કાષ્ટનો પુલ બાંધવામા આવેલો હતો. અનેક પ્રકારના વૃક્ષોથી શોભીત વીરબાગમા નદીનો પુલ પસાર કરી જતા એક રમણિય સરોવર આવેલુ હતુ. સરોવરની ચારે તરફ સફેત આરસ પથ્થરની છાટ્રો કાઢેલી હતી. સરોવરના નિર્મળ જળમા કમળો સહસ્ત્ર પાંખડીઓથી ખીલી રહ્યાં હતા. સરસ સુવાસ સાથે મીઠા પરિમળથી અશાંત હૃદય પળમાં શાન્ત થઇ જતુ હતુ. આવા રમણિય આનંદ કારક વીરબાગમાં શૈલેશે પ્રવેશ કર્યો બગીચામા આ સમયે બે રક્ષકો નજરે પડતા હતા મધ્યાન્હનો સમય હોવાથી તેઓ પણ તેમની ઝુપડીમાં બેસી નિશ્ચિંતતાથી ગપ્પા મારતા હતા. નિયમ પ્રમાણે અશ્વને બગીચાની બહાર છૂટો ચરવા મૂકી

શૈલેશકુમાર બગીચાની શોભા અવલોકવા લાગ્યો. સુગંધ સુક્ત કુસુમોની સુવાસથી આનંદ પામતો શાજકુમાર દિવ્યપ્રભાને મળવાની પ્રબળ ઇચ્છાથી પુષ્પભદ્રાના પુલ પર થઇને સરોવર પાસે આવ્યો, અને રાજકુમારી આવી છે કે નહિ તે જોવાને તેની ચક્ષુઓ ચારે તરફ ફેરવવા લાગ્યો. એટલામાં તેની નજરે ગજગામિની દિવ્યપ્રભા સખીયોની વચમા ડોલતી, મંદમંદ પગલા ભરતી સામેથી આવતી જણાઇ. શૈલેશના હૃદયમા અપૂર્વ આનંદ થવા લાગ્યો; હૃદય ધબકવા લાગ્યુ. નેત્રો અધીરાં થવા લાગ્યા, ને સામેથી ચાલી આવતી મધુર બાળાને હૃદયદાન દેવા મન લલચાયુ, પણ આખરે શરમાયુ. સખીયો સાથે છે તેથી શાજકુમારી મને જોઇ શરમાશે માટે લાવ એ સખીયો જ્યાંસુધી તેનાથી વિખુટી ન પડે ત્યા સુધી હું અત્રેજ છૂપાઇને જોઉ કે તેઓ શું કરે છે. આમ ધારી હૃદયન દ્રઢ કરી શૈલેશ એક અશોક વૃક્ષના ઓથે છૂપાયો.

દિવ્યપ્રભા મધુરૂં મધુરૂં હસતી, પોતાની ચપળ ચક્ષુઓ રાજકુમાર આવ્યા છે કે નહિ તે જોવાને આસપાસ ફેરવતી સખીયો સાથે સરોવર પાસે આવી પહોચી. સરોવરની બેઠક પાસે આવી સર્વ સખીયો આસપાસ ફરવા લાગી; ને ફક્ત દિવ્યપ્રભાની વ્હાલી સખી કુસુમકુમારી તેની પાસે ઉભી રહી, અને રાજકન્યાના મનમાં થતા વિચારો જાણી પોતાના મનમાં હસતી હતી દિવ્યપ્રભા શૈલેશને મળવાની ઉત્કર્ષ ઇચ્છાથી બગી-ચામાં આવી હતી, પણ ત્યાં શલેશને નહિ જોતાં તેના સુકોમળ મુખપર ઉદાશીની છાયા છવાવા લાગી. અને શું રાજકુમાર નહિ

આવે, અરે શું તે વચન ભંગ થશે? આમ મનમાં બોલતી બાળા દિલગીર થવા લાગી. તેનું મગજ ભમવા લાગ્યું, હૃદય શૈલેશનું ધ્યાન ધરવા લાગ્યુ, તની પાછળ ઉભેલી સખી કુસુમકુમારીનું ભાન ન રહ્યું. કુમારના પ્રેમમાં મસ્ત બનેલી મસ્તાની મનમા બોલવા લાગી.

હા, વ્હાલા શૈલેશના દર્શનની અભિલાષાથી હૃદય અકળાય છે, એક પળ જાય છે તે એક કલ્પ સમાન લાગે છે હવે તો પિતાશ્રી સત્વરે લગ્ન લઇ તે રઢીયાળા રાજવીની સાથે મેળવે તો સારૂં. અહા! કેવો આનંદ કારક તે દિવસ! વ્હાલા પ્રિયતમને તમને પ્રથમ મળ્યા પછી આ હૃદયમાં કઇ કઇક થઇ જાય છે, આ નેત્રો તેને નિહાળવાને અધીરાં બની ગયા છે. મારૂં મન કોઇ પણ કાર્યમા પ્રવર્તતુ નથી, ખાતા, પીતાં, હીડતાં, બેસતાં પણ તે વ્હાલાનાજ વિચાર આવે છે. વ્હાલા શૈલેશ! હવે તો દયા કરી આવ, અને આ તા'રા દર્શનની આતુર ચાતકિને તા'રા દેદારનાં દર્શન દે. પ્રિય!

રમિયા રઢીયાળા રાજવી, તુજ વિણ પુરે કોણ આશ;
કુસુમ—આવે શૈલેશ રાજવી, પુરે તા'રી આશ.

આમ બોલતી કુસુમ સામે આવી ઉભી રહી.

કુસુમે પોતાના મનોહરગાર સાભળ્યા હશે, ધારીને દિવ્યપ્રભા તેને જોતાજ શરમાઇ નીચુ જોવા લાગી. આખરે શરમને હૃદયમાં દબાવી દિવ્યપ્રભા કૃતિમ ક્રોધ દર્શાવી કુસુમને કહેવા લાગી. અલી કુસુમ! બોલતા શરમાતી નથી?

તમને જો બોલતા શરમ આવે તો હુ પણ શરમાઉં.

હુ શું બોલી હતી ?

તમે બોલ્યાં હતાં કે-રસિયા રઢોયાળા રાજવી, તુજ વિણ પુરે કોણ આશ.

ત્યારે મે કહ્યું કે-આવે શૈલેશ રાજવી, પુરે તા'રી આશ. કહો બ્હેન બા! એમાં તે મે શુ ખોટુ કહ્યુ ?

હુ તો એમાંનુ કાંઇયે બોલી નથી, તેમજ તે રાજકુમારનું નામ પણ મુખ બહાર કાઢયુ નથી. છતા તુ આમ બોલે છે તેથી હુ ધારૂ છુ કે તને કદાચ શૈલેશકુમારની ભ્રમણા લાગી હશે ભ્રમણા.

નારે બ્હેન ના! ભ્રમણા તો તમને થઈ છે કે શૈલેશકુમાર વિના આમ બ્હાવરા જેવાં થઇ ગયાં છો. બ્હેન! આ સખીથી જો છૂપાવશો તો ઇશ્વરના ગુન્હેગાર ગણાશો. સમજ્યા ?

જારે જા! એમાનુ તો હુ કાઈ પણ જાણતી નથી.

એમ કે! વારૂ ત્યારે હમણા ઉભાં થઈ લાગા હાથ કરી શુ બોલતા હતા ?

બોલતી તો નહોતી, પણ એક ભમરો ગુલાબને સતાવતો હતો તેથી હુ મારા હાથથી ઝીણી કાકરીયો વિણી તેને તે ગુલાબ પરથી દૂર કરવાનો પ્રયત્ન કરતી હતી.

તમરૂ મન તેની તરફ ખેચાવાનુ કારણ ?

ખરેખર! આ કુસુમ મા'રી સર્વ વાત સાભળી ગયેલી લાગે છે, પણ ફિકર નહિ. હુ એ ખરી કે તેને મારા મનનો લગીર પણ ભેદ પામવા ના દઉં. આમ મનમાં ગણગણી દિવ્યપ્રભા કુસુમને કહેવા લાગી કુસુમ સાંભળ.

સાભળ સૈયર શાણી મા'રી, વાત કહું વિસ્તારી,
ફરતી હતી હું અત્રે જ્યારે, વાત બની એક ન્યારી;
કોમળ કળી કમળની આ, વિકસેલી સત્વર માલ.
અવાજ સુણી ભમતા ભમરનો, ભય ભર થઇ તે ત્યાય ×++

કુસુમ:--જુઠું.

જુઠું જુઠું બોલી બ'ની, વાત ન માનુ તા'રી,
કમળ કળી ભોગી ભમરની, વાત જુદી છે તા'રી,
દિવ્યપ્રભા-સમજે નહિં તુ સૈયર મા'રી, સંશય ભેદુ તા'રો,
ભમતા ભમરમા ભેદ ઘણા છે, સૈયર મા'ની વિચારો.
ભટકેલ હતો તે ભોગી ભમરો, કમળને નવ પ્રિછે;
વાસ જોઇ ગુલાબના ત્યા, કમળ [illegible] શુ [illegible]
કુસુમ-વાતા એની તું તો શાણી, સંશય મા'રો ભાગ્યો,
કમળ પુષ્પનો ભોગી ભમર, ગુલાબપર કયમ આવ્યો!
દિવ્યપ્રભા-શું જાણું કે ક્યાંથી આવ્યો, ભમતા તે વિચારો
ગયો નાસી મુજને જોતા તજી નિજ વિચારો

એમ કે! હાં ...પણ પછી તે જતો રહેલો ભ્રમર ફરીથી તમારા જોવામા નહિ આવ્યો હોય?

નારે ના! પછી તો તે શુ કરવા આવે?

તમારી ક્ષમા યાચવા, તમારો પ્રેમ મેળવવા.

અલી કુસુમ! તુ તો સદાય આ'વી બોલકણીજ રહી. હવે જવાદે એ વાતને તપાસ કર કે આપણી બીજી સખીયો ફરતી ફરતી બગીચામા કયે સ્થળે ગઇ. તેમને તુ ખોળી કાઢી પુષ્પો

વિણી જલ્દી પાછી આવ, કે જેથી આપણે શંકરની પુજા કરી નગર તરફ ગમન કરીયે.

જેવી ઇચ્છા. કહી મૃદુ મૃદુ હસતી કુસુમ ત્યાંથી ચાલી ગઇ.

પેલી તરફ અશોકને ઓથે છૂપાઇ રહેલો શૈલેશ બન્ને સખીયોનો સંવાદ સાંભળી આનંદ સાગરમાં ન્હાવા લાગ્યો. દિવ્યપ્રભાને મળવા મન અધીરૂં થઈ ગયું, ને તેની સાથેજ હૃદયમાં ગણગણાટ કરી રહેલા પ્રેમના શબ્દો મુખદ્વારે બહાર નીકળવા લાગ્યા.

લલિત લલના મુજ પ્રાણપ્રિયા, રસ રંગ ભરો નિરખું નયને
શી અલક છટા તુજ શોભે સુંદર શરદ શશી ભામે વદને:
કેશ કલાપન ભ્રકુટિ કમાનન, શ્વેત સ્વરૂપી અંગ ત્રિયા
યૌવન મદન મદમાતી સુંદર, શ માર ગયો છે ઉર પ્રિયા xxx

અહા! કેવી મનોહર મધુરી મુગ્ધા! આટલા શબ્દો મુખમાંથી મોટે નીકળી ગયા.

તે શબ્દનો અવાજ કાનપર પડતા દિવ્યપ્રભા ચમકી ને એકદમ બોલી ઉઠી હે! આ શું! મા'રા બગીચામાં આ કોનો અવાજ!

પ્રેમદેવીના પ્રેમી પૂજકનોજ આ પ્રેમી અવાજ. આમ કહેતાંજ શૈલેશ તેની સમક્ષ નીકળી આવ્યો.

હે! આતો મ્હારા પ્રિય...આગળ બોલવા જતા રાજકુમારી શરમાઈ ગઇ.

તેને શરમાતી જોઈ શૈલેશ તેનો કોમળ હસ્ત પોતાના કરમાં પકડી કહેવા લાગ્યો.

મધુરી મુગ્ધા મનોહારી. શરમને અળગી કરો,
મોહક મધુરા વચનથી, પ્રેમી પુજક પાવન કરો,
આ નેત્ર મમ આતુર છે, જોવા રસિલી તુજને,
તજી શરમને બોલો પ્રિયા, આનંદ આપે મુજને.

બોલો, મારી મધુરી મેનાં બોલો, પણ કોણ બોલે. રાજકુમારી તો વિશેષ શરમાઇ નીચું જોવા લાગી. આથી શૈલેશ બોલવા લાગ્યો અરે! શરદ રૂતુમા ઝબકતી વિજળી વાદળમાં કદી અદ્રશ્ય થઇ જોઇ નથી, છતા આ મા'રી પ્રેમદેવી! કોણ જાણે કે આજે મા'રાથી કેમ શરમાઇને શાન્ત ઉભી રહી છે! દિવ્યપ્રભા! બોલો! આ પ્રેમિને તમારા પ્રેમના બોલોથી પાવન કરો.

શૈલેશના આવા વચન સાંભળી કુમારી હસવા લાગી અને પછી ધીમે પણ મૃદુ કોમળ અવાજે દિવ્યપ્રભા કહેવા લાગી. કુમારશ્રી! આપને જોઇ શરમાઉ છુ પણ મનમાં અધિક આનંદ અનુભવુ છું. પ્રિય! બોલો, કુશળ તો છોના? કેમ હવે ખુશી થયા?

હા! વિજળીનો ચમકારો થયો અને આ મેઘ શાન્ત થયો. રાજદુલારી! આનંદમાં તો છોના?

પવિત્ર પ્રેમિને જોતાજ હુ આનંદમય બની ગઇ છું. પણ આપ આ બગિચામા કેવી રીતે પ્રવેશી શકયા? કારણ કે આ બાગમા કોઇને પણ આવવાનો હુકમ નથી.

સુંદરી! હું પ્રેમની પાંખો ધારણ કરી અને પ્રેમપાસના મંત્રથી રક્ષકોને અંધ કરી અંદર પ્રવેશ્યો છું.

અરે વાહરે! આવું મોહક બોલતાં કયાંથી શીખ્યા? કહી

દિવ્યપ્રભાએ તેની નાજુક આંગળીનો સ્પર્શ શૈલેશના ગાલપર કરી પૂછયું.

કુમારિકા ! પ્રેમ એવો તો દયાળુ છે કે તેના શિષ્યને કંઇ પણ શીખવું પડતુંજ નથી.

એમ કે ! પણ આપને મા'રા માટે ઘણોજ શ્રમ વેઠીને અહિં આવવુ પડયું હશે નહિ વારૂ ?

" દિવ્યપ્રભા ! તને મળવાની ઇચ્છા થતાં આ શૈલેશ શ્રમ શુ ચીજ છે તે જાણતોજ નથી સુંદરી ! તુ કદાપિ પૃથ્વીને છેડે હોય અને મા'રે તને મળવુ હોય તો હુ અવશ્ય ત્યાં આવી તને મળુ.

એ તો જાણે ઠીક, પણ આ દિવ્યપ્રભાને હવે કયારે સ્વિકારશો ?

અરે સ્વિકારવાની વાતજ છે કયા ? પ્રિયે ! મ્હતો તને કયારનીએ આ હૃદયમા સમાવી દીધી છે. પણ હવે ફકત તા'રા પિતાના લૌકિક આચારનીજ જરૂર છે.

તે પણ સાભળવામા આવ્યુ છે કે હવે થોડા દિવસમા મા'રા પિતાશ્રી લગ્ન લેનાર છે.

જો તેમ હોય તો ઘણુજ સારૂં, કારણ કે તા'રા સિવાય એક પળ પણ મ'ને એક કલ્પ સમાન જણાય છે.

પ્રિયતમ ! લગ્ન બાદ આ દાસીને વિસારશો તો નહિને ?

અરે ! આજે મા'રી દિવ્યપ્રભા આ શુ વદે છે ? મૃગ-લોચની ! તને વિસારતાં હુ મૃત્યુને શ્રેષ્ટ સમજુ છુ. સુંદરી !

તું મા'રા પ્રાણુથી પણુ મ'ને અધિક પ્રિય છે. દિવ્યપ્રભા! હવે મને રજા આપો કારણુ કે પુષ્પ વિણુવા ગયેલી તમારી સખીયો હમણા આવી ચઢશે.

પ્રિયતમ! ત્યારે શુ તમે જશોજ ?

હા જઇશ અને હમેશા મા'રા તરફના સમાચાર તને જણાવતો રહીશ.

વ્હાલા! આ દિવ્યપ્રભાના સૌભાગ્યચદ્ર! આપના ગયા પછી આ તમારી દિવ્યપ્રભાને પિતાના આવાસમાં મુદ્દલે ચેન પડનાર નથી.

મનમોહિની! હવે થોડો સમય ધિરજ ધરો. હું પણુ તારા દેદારના દર્શન વિના દિવાના સમાન ફરીશ. પ્રિયે! મારૂ જીવન હવે તા'રા હૃદયમા છે, તા'રો પ્રેમ એજ હવે મારૂ સ્વર્ગ છે. તા'રો શુદ્ધ સ્નેહ મા'રા બાહુનુ પ્રચડ બળ છે. તેમજ તા'રા મુખમાથી નિકળતા મધુરા શબ્દોની વાક્યધારા મા'રૂ અમૃત છે ટુકાણુમા વ્હાલી દિવ્યપ્રભા આ સષ્ટિમ શૈલેશનુ સર્વસ્વ તુજ છે આમ બોલતો શૈલેશ કુમારીનો હાથ પકડી પ્રેમના પ્રભાવે તેને હૃદયદાન દેવા પોતાની તરફ ખેચવા લાગ્યો શાણી દિવ્યપભા પણુ પ્રેમના પરિબળથી પ્રેમાધ બની લોહ ચુબક જેમ લોહને આકર્ષે તેમ તે શૈલેશના બાહુ પિજરમા દબાવા ખેચાતી ગઇ. પણ એવામાજ કુસુમ પાછળથી ત્યા દોડી આવી ને એ મગળ નાટક જોઇ આશ્ચર્ય પામી મુખથી એકાએક બોલી ઉઠી. અરે વાહરે સમજુ શાણાં મારા દિવ્યપ્રભા બ્હેન ?!

વિદ્યુતના ચમકાટની માફક ચમકી બન્ને જણા સ્તબ્ધ

બન્યાં, દિવ્યપ્રભા નિચું જોઇ પૃથ્વી ખણુવા લાગી. બાદ કુસુમ શૈલેશના સામે જોઇ હસ્તે વદને કહેવા લાગી. શૈલેશકુમાર! આતે શું રીત કહેવાય?! કે જે થાપણ આપને આપવાનો વિચાર કર્યો હોય તેજ થાપણ સોપ્યા પહેલાં તમે તેનો ઉપયોગ કરો તે શુ યોગ્ય કહેવાય?

કુસુમના વાકયોથી શૈલેશ શરમાયો, અને મૌનપણે ત્યાંથી જતા રહવાનો વિચાર કર્યો. તેના મનનો ભાવાર્થ સમજી કુસુમ તેના પ્રયાણના માર્ગ વચ્ચે ઉભી રહી કહેવા લાગી. રાજકુમાર! ચોર વિધા તા સારી શીખ્યા છો હાં! બોલોને કેમ બોલતા નથી?

કુમારિકા! હુ શું બોલું? કટાળી શૈલેશે જવાબ આપ્યો.

કાં! એટલામાજ બોલવાનુ ભુલી ગયા કે? હા સમજી. અરે દિવ્યપ્રભા બ્હેન! આમ તો જુઓ! આ આપના....બોલવાનુ ભૂલી ગયા છે તેમને પાસે આવી બોલતાં શીખવાડો. આમ કહેતી કુસુમ દિવ્યપ્રભાની પાસે જઇ તેનો હાથ પકડી ખેચવા લાગી

છાનીમગ! મ'ને મુકી દે, આખો વખત એ શુ? દિવ્ય પ્રભાએ હાથ છોડાવતા કૃત્રિમ ક્રોધ કરી કહ્યુ.

એટલામા બહાર નોબત વાગવાનો અવાજ સભળાયો અવાજ સાંભળી કુસુમ કહેવા લાગી. બ્હેન ચાલો! પ્રભુ પુજનનો સમય થયો, બાપુ આપણી રાહ જોશે.

હા, ચા....લો. કહી મહાત્કારે ત્યાંથી જવાને ઇચ્છતી રાજકુમારી શૈલેશ સામુ જોવા લાગી. તેને કુમારની સામે જોતી

જોઇ કુસુમ સ્હેજ હશીને કહેવા લાગી. કુમારશ્રી ! મા'રી સખી હવે અહિ થી જવાને ઇચ્છે છે ને તેથી તે તમારી આજ્ઞાની રાહ જુએ છે.

સુખેથી પધારો. શૈલેશે છેવટે શરમ ત્યાગી જવાની આજ્ઞા આપી. માથું નીચુ નમાવી નવોઢા કુમારી વિદ્યુત વેગથી ચાલી ગઇ. તેની પાછળ કુસુમ પણ બીજી સખીયોની સાથે શૈલેશની સામે એક કાતિલ કટાક્ષ ફેંકી ચાલતી થઇ.

વિજળી વાદળમા છૂપાઇ ગઇ, મેઘ એકલો રહ્યો. ચાલ સરોવર પાસેના વૃક્ષ નીચે બેસી વિશ્વેશની રાહ જોઉ. આમ મનમાં ગણગણતો શૈલેશ સરોવર પાસેના વૃક્ષ નીચે બેસી વિશ્વેશની રાહ જોવા લાગ્યો. વ્હાલા વાચકો ! ચાલો હવે આપણે વિશ્વેશ તરફ વળીયે કે તેણે રાજમહેલમાં જઇ શુ કર્યુ ?

પ્રકરણ ૨૦ મું.

અજબ બનાવ.

મન ધારે કે હું કરૂં, હું થી સૌ થાનાર;
પણ ધાર્યું ધુળ તેનું મળે, જો ધારે કિરતાર.

અશ્વને પૂરપાટ દોડાવતા વિશ્વેશ, કિશોર, અને રણધીર અલ્પ સમયમાં રાજમહેલ સમિપ આવી પહોંચ્યા. રાજભુવન નગરના છેડાપર આવેલુ હતુ. મહેલની ચારે તરફ પથ્થરનો મજબુત કોટ બાંધેલો હતો, કોટનો દરવાજો વટાવી અંદર જતા વિશાળ મેદાનમા રંગબેરંગી પુષ્પોના વૃક્ષો ઉપરાંત બીજા અનેક પ્રકારનાં વૃક્ષોના વૃંદ ફાલી, એક નાનકડા નંદન વન સમાન શોભા નજરે પડતી હતી. વિશ્વેશ કિશોરની સાથે એ દરવાજામા થઇ અંદર પ્રવેશ્યો. દરવાજાની નજીક દરવાનને માટે એક કોટડી બાંધેલી હતી, તેમા આ સમયે દરવાન નહોતો. તેથી તે કોટડીમા કિશોરસિંહને રણધીર સાથે બેસવાનુ કહી વિશ્વેશ મહારાજાની પાસે જવા તૈયાર થયો રણધીર થોડા દિવસમા તો વિશ્વેશની સાથે ઘણો હળી ગયો હતો. તેથી તે વિશ્વેશને જતો જોઇ તે પણ તેની સાથે જવાને ઉભો થયો. વિશ્વેશે તેને સમ

જાવી ત્યાંજ બેસવાની સૂચના કરી. અને તેને ત્યાંથી લગીર પણ દૂર નહિ જવા દેવાની કિલ્લેદારને ભલામણ કરી વિશ્વેશ રાજભુવન તરફ ચાલ્યો. મહેલની નજીક આવી વિશ્વેશે નીચે પહેરો ભરતા સિપાઇને પોતે મહારાજાને મળવા માંગે છે એવી વરધી પહોંચાડવાની સૂચના કરી. સિપાઇ વરધી પહોચાડવાને ત્યાથી ચાલતો થયો ને થોડીવારમા અંદર જવાની આજ્ઞા મેળવી પાછો આવ્યો. વિશ્વેશ રાજમહાલયમા દાખલ થયો. ત્યારબાદ કેટલાક દરબારી ઓરડા ઓળંગી મહારાજાના દરબારી દિવાનખાનામા દાખલ થયો. મહારાજાને જોતાજ વિશ્વેશે દરબારી રીવાજને અનુસરી નમન કર્યું અને પછી એક બાજુ ઉભો રહ્યો વિશ્વેશની ભવ્યાકૃતિ અને સુંદર પોશાક નિહાળી મહારાજા વિરબાહુ પૂછવા લાગ્યા, તમે કોણ છો ?

"હું અમરાવતી નગરીનો સેનાપતિ છું."

"તમારૂં નામ વિશ્વેશ કે ?"

"હાજી."

"આ આસનપર બેસો." પાસે પડેલા એક આસનપર બેસવાની વિશ્વેશને આજ્ઞા થઈ. વિશ્વેશે આસનપર જગા લીધી. બાદ મહારાજાએ તેને આવવાનું પ્રયોજન પૂછ્યું કારણમા વિશ્વેશ મહારાજાને પૂછવા લાગ્યો. નામદાર ! અત્રે કોઇ છે ?

"કેમ વારૂ ? મહારાજાએ આશ્ચર્યતાથી પ્રશ્ન કર્યો.

"મારે આપશ્રીની સાથે એક અગત્યની વાત કરવી છે."

"બેલાશક કહેો, કાઇ પણ હરકત નથી."

આમ વાત ચાલે છે એવામાં રાજકન્યા દિવ્યપ્રભા શિવા-

લયે જવાની આજ્ઞા લેવા આવી. ઉર્વશી અને મેનકાથી પણ સ્વરૂપવાન રાજ્યમાળાને નિહાળી વિશ્વેશ એક ચિત્રના પુતળાની માફક સ્તબ્ધ બની તે'ને એકાગ્ર દ્રષ્ટિએ જોઈ રહ્યો. રાજકુમારીને જોઇ તેને વિશ્વપ્રભા યાદ આવી. તેના મુખપર શોકની છાયા પ્રત્યક્ષ જણાવા લાગી. પ્રેમદેવી વિશ્વપ્રભાને યાદ કરી મુખથી તેણે એક ઉષ્ણ નિશ્વાસ નાખ્યો. એવામાં સહસા તેની નજર રાજકન્યાના કંઠમા લટકતા સુંદર સુવર્ણના માદળીયા તરફ ગઇ. અહા! કેવી મનોહર બાળા! તેના કંઠમાં લટકતા સુશોભિત માદળીયાથી તે કેવી સુંદર જણાય છે! આમ મનમા ગડભાગ કરતો વિશ્વેશ આખરે સ્મિતહાષ્યથી રાજકુમારીને કહેવા લાગ્યો. બ્હેન! આ આપના કંઠમાં શોભતુ માદળીયુ મ'ને લગીર જોવા આપશો?

"પિતાશ્રીની આજ્ઞા હશે તો મ'ને તમને દેખાડવામા કાંઇ હરકત નથી."

વિશ્વેશે મહારાજાની સામે જોયુ. મહારાજા પણ વિશ્વેશની એવી ઇચ્છાથી આશ્ચર્ય પામ્યા, બાદ કુમારીને કહેવા લાગ્યા. બ્હેન! તારૂં માદળીયુ જોવાની સેનાપતિની ઇચ્છા છે, તો ભલે તેમને જોવા આપ. અને તુ શિવદશોને બગીચા તરફ સખીયો સાથે જા, હું સદ્ય ત્યાં આવુ છું.

"જેવી પિતાશ્રીની આજ્ઞા." કહી શુશિલબાળા કંઠનુ માદળીયું પિતાના હાથમા મૂંકી ત્યાથી ચાલતી થઇ. ત્યારબાદ તે સખીયોની સાથે બગીચા તરફ ગઈ અને ત્યાં શી બીના બની તે આપણે ગત પ્રકરણમાં વાચી ગયા છીએ.

રાજકુમારીના ગયા પછી મહારાજા વિચારવા લાગ્યા કે અરે! આ સેનાપતિ વિશ્વેશની કીર્તી મે ઘણી સાંભળી હતી પણ આજની તેની વર્તણુક જોતાં તેમજ તેના સંભ્રમ વિભ્રમ યુક્ત શબ્દો સાંભળતાં મ'ને તેના વિષે શકા ઉદ્દભવે છે હજી મહારાજાના વિચાર પુરા થયા નથી એટલામા તો વિશ્વેશ ફરીથી કહેવા લાગ્યો. ધર્મમૂર્તિ ! મ'ને તે માદળીયુ બતાવશો ?

" ના. "

" કેમ વારૂ ? "

" તમારે તે જોવાનું શુ કારણ છે ?"

" નામદાર ! ઘણુજ મહત્વનું કારણ છે. "

" તોપણ તમને દેખાડી શકાશે નહિ. "

" કારણ ? "

" મા'રી મરજી. "

" મહારાજાશ્રી ! જો આપ મ'ને તે માદળીયુ બતાવશો તો આપને તેથી કરીને કઇક અલભ્ય લાભ થવાનો સંભવ છે."

" તે હુ કેવી રીતે માની શકું ? "

" રાજન્! આપના હાથમા જે માદળીયુ છે તેના જેવુ જ બીજું એક માદળીયું મા'રી પાસે છે, તેને મા'રે સરખાવી જોવું છે."

" તે માદળીયુ પ્રથમ મ'ને જોવા દ્યો "

" આ રહ્યુ, લ્યો, આપશ્રી જુઓ. " કહી વિશ્વેશે રૂમાલમા લપેટેલું માદળીયું બહાર કાઢી મહારાજાના હાથમાં મૂકયું."

" તે માદળીયાને જોતાજ મહારાજા સ્તબ્ધ બની ગયા ને ધીમે ધીમે તે માદળીયાનો છૂપો સ્કુ ખોલવા લાગ્યા. માદળીયું

ખુલ્લું થઇ ગયું અને તેની સાથેજ મહારાજાને અંદર ગોઠવેલું રહસ્ય જણાયૂ. '

"માદળીયાના અંદરના રહસ્યથી મહારાજાની પર કેવી અસર થાય છે, તે જોવાને વિશ્વેશ તેમના મુખ સામે એકી નજરે જોઈ રહ્યા હતો"

મહારાજા! જેમ જેમ વધારે સમય તે માદળીયાનું અવલોકન કરતા ગયા, તેમ તેમ તેઓ કંઇક સંશય શાયી થતા ગયા. તેમના શાન્ત મુખપર એકાએક ક્રોધના ચિન્હો પ્રગટવા લાગ્યા. છેવટે ગુસ્સાના આવેશથી મહારાજા ઉભા થયા અને ટેબલપર પડેલી તરવાર મ્યાનમાથી બહાર ખેંચી વિશ્વેશને બૂમ મારી કહેવા લાગ્યા. ઓ દુષ્ટ ખૂની! હુ તને આજ પર્યંત એક ધર્મિષ્ટ માણસ ધારતો હતો પણ હવે હુ જાણી ગયો છું કે તુ એક અધમમા અધમ, નિર્દોષોના ખૂન કરનાર પાપનુ પુતળુ છે. બોલ અધર્મિ! જવાબ આપ! કે તે આ છબીમાના નિર્દોષ જનના ખૂન શા સબબથી કર્યા હતા?

તેમનુ આવું ક્રોધયુક્ત ભાષણ શ્રવણ કરી વિશ્વેશ કંઇ પણ ભય પામ્યા સિવાય શાન્ત બેસી રહ્યો. તેંને એવી રીતે બેસી રહેલો જોઇ મહારાજાનો ક્રોધ વૃદ્ધિ પામ્યો અને તેથી ભયાનક ગર્જના કરી ફરીથી તેને પૂછવા લાગ્યા. ઓ હરામી! બોલ હવે તું શુ જવાબ આપે છે?

"રાજન! શાન્ત થાઓ" વિશ્વેશે નમ્રવદને જવાબ આપ્યો.

શાન્ત! અફસોસ! મા'રી શાન્તિ મરી ગઇ છે દુષ્ટાત્મા! હું તા'રૂ ખૂન કરીશ. માટે સત્ય હકીકત જાહેર કરી દે. મહા-

રાજા ફરીથી ગાજી ઉઠયા.

રાજન! શાન્ત થાઓ અને મા'રી પૂર્ણ વાત શ્રવણ કરો. આપ જ્યારે સઘળી વાત શ્રવણ કરશો ત્યારે આપને ખબર પડશે, ને અત્યારે આપ મા'રૂ ખૂન કરવા ઉશ્કેરાયા છો તેને બદલે પૂર્ણ રીતે પસ્તાશો.

વિશ્વેશના વચનથી મહારાજા સ્હેજ શાન્ત થયા અને પછી કંઈક વિચાર કરી બોલ્યા. બોલ તુ શું કહેવા માગે છે?

વિશ્વેશે પોતાની પાસેના માદળીયા સંબધી સર્વ વાત મહારાજાને વિદિત કરી. તેની સર્વ વાત ધ્યાનપૂર્વક સાંભળી મહારાજાના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેમનો ક્રોધ તદ્દન શાન્ત થઈ ગયો અને પોતે કરવા ધારેલા સાહસને માટે પશ્ચાતાપ કરવા લાગ્યા. પછી પોતાના દરજ્જાને છાજે એવી રીતે વિશ્વેશની ક્ષમા યાચી પૂછવા લાગ્યા. વિશ્વેશ! પછી તે કુમારનુ શું થયું?

" કુમાર હાલ હયાત છે."

" શું મા'રો રણધીર હજી હયાત છે?" મહારાજાએ હર્ષાવેશથી પૂછ્યું

" હાજી."

" ક્યા છે?"

" મા'રી પાસે છે."

" હે! શું તમે સત્ય વદો છો?"

" હાજી! હું સત્ય કહું છું?"

વીર શ્રેષ્ટ! ક્રોધાવેશમાં થયેલા અવિનયની ક્ષમા આપ અને સત્વર તે મા'રા જીવન પુષ્પને મા'રી સાથે મેળવ. મહારાજાએ નમ્ર બની કહ્યુ.

" આપ થોડાક સમય શાન્તિ ધરો, હુ લગીર બહાર જઇ આવું."

" ક્યાં ?"

" આટલામાજ."

" કારણ ?'

" ખાસ કામ છે."

" કેટલો વખત લાગશે ?"

" થોડીકવાર "

" બહુ સારૂં જાઓ જલ્દી જઈ આવો."

મહારાજ જાઉ છુ, અને રણધીરને પણ સાથે લેતા આવુ છુ. કહી વિશ્વેશ રણધીરને લેવા દરવાજાની કોટડી પાસે ગયો. આ વખતે તેના આનદનો પાર નહોતો, અલ્પ સમયમા તો તેણે દરવાજાની કોટડીમા પ્રવેશ કર્યો.

પણ અરે! આ શુ ?! વિશ્વેશને અત્યત અજાયબાની અદર માલુમ પડયુ કે તે કોટડીમા કિશોર તથા રણધીર બેમાનું કોઇ નહોતુ. તેમને ત્યા નહિ જોવાથી વિશ્વેશ ગભરાયો ને આસપાસ જોવા લાગ્યો. એટલામા સહસા તેની નજર જમીન પર પડી તો નીચેની જમીન લોહીથી રગાઈ ગયેલી જણાઇ; તેમજ તે ખડબચડી જમીનપર પડેલા નાના ખાડા પણ લોહીથી ભરાયેલા જણાયા. આવો રક્તપ્રવાહ નિહાળતાંજ વિશ્વેશને

કંપારી છૂટી ને સાથે મુખથી એક ભયની ઝીણી ચીશ પણ નીકળી ગઇ. આંખે અંધારાં આવવા લાગ્યાં ને તેથી તે માથે હાથ દઇ નીચે બેસી ગયો, અને મનમાં પોકારી ઉઠયો કે અરે આ શુ થઇ ગયું ? શું મા'રા સરદાર કિશોરસિંહ અને નિર્દોષ રણધીરકુમારનુ ખૂન થઇ ગયું ? અરે ! પણ તેમના મુડદાં પણ અહિ નજરે પડતાં નથી. અફ્સોસ ! મા રૂ કિનારે આણેલુ વહાણુ કિનારેજ ડુબી ગયુ. મા'રી ધારણા નિષ્ફળ ગઇ ને દુષ્મનોની ધારણા સફળ થઇ, આમ કલ્પાત કરતો વિશ્વેશ શોક સાગરમા ડુબી ગયો, એટલામા તે'ને તે'ના કાને કોઇના ખડખડ હસવાનો અવાજ સભળાયો. વિશ્વેશ ચોકયો ને ત્યાંથી ઉભો થઇ બહાર નીકળી આસપાસ જોવા લાગ્યો. પણ તે'ને કાંઇ માલુમ પડયુ નહિ.

અરે ! મહારાજાની આગળ હુ હવે અસત્યવાદી ગણાઇશ એમ વિચાર આવતા તેનુ માથુ ભમવા લાગ્યુ, ગમગીન ચહેરે તેણે પુન. કોટડીમા પ્રવેશ કર્યો. કોટડીમા તપાસ કરતા વિશ્વેશને તે કોટડીના ખુણામાંથી એક કાગળનો કટકો મળી આવ્યો તે કાગળના કટકાને ઉપાડી ભગ્ન હૃદયે વિશ્વેશ તેમા લખેલુ વાચવા લાગ્યો. તે કાગળના કટકામા નીચે પ્રમાણે લખેલુ હતુ.

નવા નિમાયેલા સેનાપતિ વિશ્વેશ !

આ પત્ર વાચી તુ ખુબ સાવધ રહેજે, અમારી તપાસ કરીશ તો જાણુજે કે જરૂર તુ અમારો શિકાર થઇ મરીશ અમારી આગળ તા'રી કઇ પણ યુક્તિ પ્રયુક્તિ ચાલી શકનાર નથી. તને પેટીમાથી મળેલા છોકરાને પુન. અમે લઇ જવામા

ફતેહમંદ થયા છીએ તેમજ તા'રા સરદારને પણ અમે ફસાવી.... ચાલ્યા ગયા છીએ. વિશ્વેશ! અમે તને તેમજ મણીપુરના રાજા તથા અમરાવતીના રાજા વિરભદ્રને તેના કુમાર સાથે થોડા દિવસમા ફસાવીશુ. એ તું ખુબ યાદ રાખજે ને અમને પકડવાની હિંમત હોય તો અમારી તપાસ કરવાના પ્રયત્ન કરજે.

લી૦

તારા લોહીના તરસ્યા તા'રા શત્રુઓ.

આ પ્રમાણેનો પત્ર વાંચતા વિશ્વેશ વિચારમાં પડયો, અને આ સઘળુ કરનાર પાપી અજીત છે એમ માનવા લાગ્યો. અરે આ કેવુ ધર્મ સંકટ! પાપી અજીતને સૈન્યની મદદથી પકડુ તો ખરો પણ મુદ્દા માલ વિના તેના પુરાવો શો! બસ હવે ગમે એમ થાઓ પણ અજીતને પકડવો ને તેના મળતીયાઓનો નાશ કરવો. આ સર્વ કાર્ય કરતા પહેલાં મા'રે પ્રથમ તો તેમના ભોગ થઇ પડેલા નિર્દોષ જનોને બચાવવાની ઘણી જરૂર છે, કારણ કે જ્યારે તે પાપી જાણશે કે વિશ્વેશ સૈન્યની મદદથી મ'ને પકડશે ત્યારે તુરત તે દુષ્ટ તેના પંજામા સપડાયેલા નિર્દોષના ખુન કરી નાખશે. મા'રા ધારવા પ્રમાણે આ લોહીના ખાબોચીયા જોતા જણાય છે કે નક્કિ મા'રા સરદાર કિદારસિંહનુ તો મૃત્યુ થયુ હોવુંજ જોઇયે. કારણ કે તે શુદ્ધ ક્ષત્રિય વીર તેના જીવતાં તો રણધીરને કદાપિ લઇ જવા દે નહિ. પુનઃ વિશ્વેશ વિચારમાં પડયો અને પછી કંઇક નિર્ણય ઉપર આવી બોલી ઉઠયો. ચાલ જીવ "સત્યને કદાપિ આંચ આવનાર નથી," ધરણીધરનું ધાર્યુ સિદ્ધ થશે ને મારૂં ધાર્યુ વૃથા

થશે. માટે ચાલ થનાર હશે તે થશે. આમ બોલતો વિશ્વેશ પાછો મહેલ તરફ ચાલ્યો. ઝડપથી પગલાં ઉપાડતો વિશ્વેશ મહેલમાં આવી પુનઃ મહારાજાને મળ્યો. તેને જોઇ મહારાજાએ પૂછ્યુ. કાં સેનાપતિ! રાજકુમારને લાવ્યા કે?

" મહારાજ! હું જરૂર રાજકુમારને થોડા દિવસમાં આપની સમિપ લઈ આવીશ. રાજન! આપ હવે ખાત્રીથી માનજો કે ઘણાં વર્ષોપર ખૂનીયોનાં ભોગ થઇ પડેલા આપનાં રાજ્યરાણી તથા રાજકુમાર હાલ પ્રભુ કૃપાથી જીવતાં છે.

શું મા'રી ધર્મપત્નિ પણ હજી જીવે છે? કહે કહે! ઓ વીર પુરૂષ! હું તા'રો જેટલો ઉપકાર માનુ એટલો ઓછો છે.

વિશ્વેશને હવે શાન્તિ વળી કારણ કે મહારાજાના ક્રોધની તેણે ધાસ્તી રાખી હતી તે ધાસ્તીની નાસ્તી થઇ. તેથી વિશ્વશ મહારાજાને નમ્ર સ્હેરે કહેવા લાગ્યો. નામદાર! મા'રી વાત નિમશ્ચય સત્ય માનજો.

ત્યારે તેમનો અને મા'રો મેળાપ કયારે થશે?

પ્રભુ કૃપા હશે તો આપ થોડા દિવસમાજ આપના આપ્ત જનોને મળવા ભાગ્યવાન થશો. મહારાજ! રાજકુમારને હુ હાલ આપની સાથે ન મેળવી શક્યો તેનુ કારણ આ પત્ર વાચવાથી જણાશે. કહી મળી આવેલો પત્ર વિશ્વેશે મહારાજાના કરમાં મૂકયો.

મહારાજા પત્રને પુરો વાચતાં ઉશ્કેરાઇ બોલી ઉઠયા. વિશ્વેશ! હાથમાં આવેલો રાજકુમાર ફરી તે દુષ્ટોનો ભોગ થયો હવે તે કુમારને કેવી રીતે મળી શકાશે?

શાન્ત થાઓ. ઇશ્વરકૃપાથી રાજકુમાર અને રાજ્યરાણીના એક વાળને પણ ઇજા આવશે નહિ. આ વિશ્વેશ પ્રાણુની પરવા નહિ કરતાં થોડા સમયમાં દુષ્ટોને મારશે યા તો જીવતા કેદ કરશે અને તેઓના ભોગ થયેલાં જનોને ઇષ્ટ સહાયથી બચાવશે. વિશ્વેશે ઉશ્કેરાઇ જવાબ આપ્યો.

વિશ્વેશના મુખપર વીરતા છવાયેલી જોઇ મહારાજા શાન્ત થયા અને ધીમે અવાજે કહેવા લાગ્યા. સેનાપતિ! તેઓ તમારૂં અને મારૂ ખૂન કરવા સાથે અમરાવતીનું પણ અનિષ્ટ ઇચ્છે છે.

' હાજી! અને તેથીજ હું આપને હવે સાવધ રહેવાની સૂચના કરૂં છુ."

"વિશ્વેશ! તમે સેનાપતિ છો તો સૈન્યની મદદથી તે દુષ્ટોને શા માટે પકડી ઠાર કરતા નથી?"

"મહારાજ! દુષ્ટો ઘણાજ કારસ્થાનિ છે, તેમજ અમરાવતીના કેટલાક બેવફા સરદારો તેમના મળતીયા છે તથી તેઓને પકડવા યા મારવામા બળ કરતા યુકિતનુ ઘણુ કામ છે.'

"ત્યારે હવે તમે શુ કરવા ધારોછો?"

"બુદ્ધિનુસાર વર્તીશ.' હાલતો અમરાવતી જાઉ છુ ને તુરત દુષ્ટોની તપાસમા રોકાઉ છુ. આપ અત્રે સાવચેતીથી રહેજો ઇશ્વર કૃપાથી હુ ટુક મુદતમા શુભ સમાચાર લઇ આપને મળીશ

"સેનાપતિ! રાજકન્યા દિવ્યપ્રભાના લગ્ન આવતા મહિનામા હું લેનાર છુ. જો તે અવસર પહેલાં આ શુભ મેળાપ થઇ જાય તો ઘણોજ આનદ થાય."

"ઇશ્વર ઇચ્છાનુસાર થશે," હ્યો રાજન ! હવે હુ રજા લઉ છું." કહી વિશ્વેશ જવાને ઉભો થયો.

જાઓ ! પ્રભુ તમને તમારા કાર્યમાં સહાય કરો. મહારાજાએ મ ગળ આશિષ દઇ જવાની આજ્ઞા આપી.

વિશ્વેશ રાજમહેલની બહાર નીકળી અશ્વને ખોળવા લાગ્યો, પણ તેનો અશ્વ શત્રુઓ લઇ ગયા હતા તેથી તે કિશોરના અશ્વપર સ્વાર થઇ બગીચા તરફ ચાલ્યો અને ત્યા જઇ રાહ જોતા શૈલેશકુમારને મળ્યો. બન્ને મિત્રો મળ્યા. વિશ્વેશે બનેલી સર્વ હકીકત તેને કહી સ ભળાવી અને તમારૂ લગ્ન આવતા માસમા થનાર છે તે પણ જણાવ્યુ. કિશોર સાથે રણધીરના હરણ થવાના સમાચાર સાંભળી ગ્લાનિ યુક્ત થયેલો શૈલેશ લગ્નના સમાચાર સાભળતા આન દ પામ્યો. તેનો શોક આન દમા બદલાઇ ગયો, બાદ બન્ને મિત્રો એક બીજાનો હાથ પકડી બગીચા બહાર નીકળ્યા. છુટા મૂકેલા અશ્વને સ જ્ઞાસૂચક સિસોટી વગાડી શૈલેશે બોલાવ્યો. બન્ને મિત્રો અશ્વપર સ્વાર થયા ને અશ્વોને અમરાવતી તરફ પૂરપાટ દોડાવી મૂકયા.

પ્રકરણ ૨૪ મું.

ચંડાળ મંડળ જંગલમાં.

વૃથા દુષ્ટ વિચારથી, સરે ન એકે અર્થ:
થાય વિમાસણ પછી, ઉપજે અધિક અનર્થ.

મધ્યાન્હના પ્રખર તડકાથી જમીન ઉષ્ણ થઇ હતી, પશુ પખીયો માળામાંથી બહાર નીકળી શકવાની હિંમત કરી શકતાં નહોતા. પવનની સ્હેજ લ્હેરીનુ પણ સ્પર્શ થવું અસંભવિત હતું. ભાસ્કર ભગવાન તેમના સખ્ત સહસ્ર કિરણોથી જાણે જગતને ભષ્મ કરશે કે શું ! એમ ભાસતુ હતું. આવા સમયે વિંધાચળના એક નિબિડય અરણ્યમાં એક પ્રચંડ પુરૂષ તેના મુખપર મુખવટો ધારણ કરી લાંબી તરવારને ટેકવી એક વિશાળ વૃક્ષની શિતળ છાયે વિચારગ્રસ્ત થઈ ઉભો હતો તેનુ વય પચીસેક વર્ષનુ અનુમાની શકાતુ હતુ. બાંધો મજબુત, શરીરનો રંગ ઘઉં વર્ણો જણાતો હતો તેની આંખ્યો ખૂનીને ભયંકર દિસતી હતી. તેનો વિક્રાળ ચ્હેરો આ સમયે એવો તો ભયંકર દેખાતો હતો કે ભલભલા બહાદુર પુરૂષો પણ તેને નિહાળતાજ ભય પામ્યા સિવાય રહે નહિ. આવા ભયંકર

દેખાવનો માણસ મહાન્ વિચારમાં ગોથાં ખાતો પ્રતિપળે આસ-પાસ દ્રષ્ટિ નાંખતો મનમાં કંઇક બબડતો હતો. તેના આ'વા વર્તનથી તથા મનમાં થતા વિચારથી તેના મુખપર વારે વારે નુતન પ્રકારના ફેરફારો થતા હતા. અને તેથી ધારી શકાતુ હતું કે તે ઉભેલો પુરૂષ અત્યંત ઉત્કંઠાથી કોઇના આવવાની રાહ જુએ છે. ખરેખર એમજ હતુ. આખરે તે પ્રચંડ પુરૂષ કંટાળી આસ પાસ દ્રષ્ટિ કરી મન સાથે બોલવા લાગ્યો. નક્કિ! એમજ! ગુરૂમહારાજ આજે કંઇક અગત્યના કામમા રોકાઇ પડેલા હોવા જોઇએ. પણ પેલી રાંડ હજુ કેમ નહિ આવી હોય? શું તે અહિં આવતા ભય તો નહિ પામી હોય? નારે ના! એ રાંડ તો બડી મુસ્તંડી, હિંમતવાનને કાવાદાવામાં કુશળ છે તે કદી પણ કોઇનાથી ભય પામેજ નહિ, છતા શુ ખબર કે આજે તેને આવતા વાર લાગી હશે? કોણ જાણે એ રાંડ..... બોલનાર ચમકી ચુપ થઇ ગયો. કારણ કે તેની પાછળના વૃક્ષોના ઝુંડમા કંઇક ખડખડાટ થયો. તે થયેલા ખડખડાટ તરફ આતુરતાથી જોવા લાગ્યો, તો તેની નજરે એક સ્વરૂપવાન યુવતી ત્યા આવતી માલુમ પડી. આવનાર યુવતી સખ્ત તડકાથી પરસેવામાં ગરબાવ થઇ ગઇ હતી; તેનુ કોમળ મુખ તડકાથી લાલચોળ બની ગયું હતું. તે સુંદરીને જોતાં ઉભેલો પુરૂષ આનંદ પામ્યો અને તેની સામે દોડી તેને હૃદય સાથે દાબી કહેવા લાગ્યો દિલદાર! તુ આવી તો ખરી હા! હુ તો એમ ધારતો હતો કે તને અહી આવતાં બીક લાગી હશે કાં ખરૂ ને પ્યારી?

'અરે જાઓ, જાઓ. એમ શું બોલો છો? તમારા જેવા

શુરમર્દની દિલદાર તે ભયથી ડરતી હશે કે ? અરે ભલભલા શુરવીરોને મા'રા મૃગજળ જેવા પ્રેમની આહુતીમાં હોમી દીધા છે તો મને ભય કોનો ? વ્હાલા ! આ નેત્રના કાતિલ કટાક્ષ આગળ ભય પણ પલાયન કરી જાય, સમજ્યા મા'રા મહેરબાન ?" આમ ક્હી તે આવનાર સુંદરી તે પુરૂષના ગાલપર ધીમી થાપટ મારી તેના બાહુમાથી છૂટી દૂર ઉભી.

"શાબાશ છે મારી દિલદારને ! પણ પ્યારી પેલો બા'મણો તારા પંજામાં હવે બરાબર ફસાયો છે કે નહિ ?"

"કયો બા'મણો ? '

"ઓલ્યો ભદ્રેશ."

"અરે તેના તે શું ભાર ! આ "મધુમુખી" ના તિક્ષ્ણ કટાક્ષથી તમારા જેવા મર્દ પણ મારે આધિન થઇ ગયા છે, તો તે એક નિર્માલ્ય બા'મણાના તે શુ ભાર ! વ્હાલા ! તેતો કયાર નોએ મા'રા પંજામા ફસાઇ એક ગુલામ જેવો બની ગયો છે."

"એમ ! ત્યારે તો તુ ખરેખરી ઉસ્તાદ ! પણ પ્યારી ! તણે તેની બાયડીને મારી નાખી કે નહિ ?"

"તે કામ પણ પુરૂ કરશે ખરો. ગમે તેવો પણ આખરે બા'મણભાઇ છે. જાતે બીકણ, તેમજ આજે જ્યારે તે આવશે ત્યારે હુ તેને ચડાવી જેમ બને તેમ જલ્દીથી તેની બૈરીનુ ખૂન કરી નાખવાને ઉશ્કેરીશ. '

એતો જાણે ઠીક, પણ આજે ગુરૂ મહારાજ પધાર્યા નથી તેમજ પેલા લુચ્ચા લુખાલાલ કપટ અને વરૂણ પણ આવ્યા નહિ. પ્યારી ! મા'રા બેટા તેઓ પણ રાજ્ય પ્રપંચમાં ઘણાજ

કુશળ છે. સાળાઓ! બેઠા ગોળા એવા તો ગબડાવે છે કે તેમનો ગોળો તોપના ગોળા કરતાં પણ ભારે કામ કરેછે. તેમજ તેમનાં ઠંડા પહોરનાં ગપ્પાં પણ એક સમયે આ શાન્ત દુનિયને ચકડોળે ચઢાવે એવાં છે.

અભ્રક અગ્નિમા બળે, કાઇ ડુંબે જળ માય.
પથ્થર ઉડે પવનમા, તોપ મારને ત્યાય
સુકાય ગ્રિષ્મ ઋતુ વિષે અતર વેલી છોડ;
મહાસાગર ઉભરાય જ્યા, ગપ્પી હાકે હોડ કાસરવાળા.

વ્હાલી! એવા એ નર રત્નો છે, તેઓનો પણ આજે અહી મળવાનો વાયદો છે. છતા તેઓ હજી સુધી નથી આવ્યા તેનુ શુ કારણ હશે? શુ તેઓ પણ અત્રે આવતા ભયથી ગભરાતા હશે?

"મહાન્ શૌર્યશાથી વીરનર, કે જેના નામ માત્રથીજ આખો પ્રદેશ ધ્રુજી ઉઠે છે તેવા નર રત્ન શિરોમણી "અજીત સિહ"ની શિતળ છાયામા તેમના મદદગારોને કોઇ પણ જાતનો ભય છેજ નહિ. વ્હાલા! હવે તો તમે થાઓ રાજા અને હુ થાઉ રાણી બસ પછી એટલીજ વાર છે, પણ હાય! તે વખત ક્યારે આવશે?! કહી મધુમુખી શોકાતુર બની ગઇ

તેને શોકાતુર થયેલા જોઇ અજીતની રક્તવર્ણી આખ્યો ચળકવા લાગી, આખુ બદન શૌર્યથી કપવા લાગ્યુ. અને તેની સાથેજ મુખથી વિકટ હાષ્ય કરી અજીત બોલી ઉઠયો. વ્હાલી! એ સમય પણ હવે જલ્દીથીજ આવશે. આ તીખી તરવારથી હુ હવે થોડા સમયમાં વિરભદ્ર તેમજ મા'રા હાથમાંથી બચી જનાર

શૈલેશકુમાર તથા નવા સેનાપતિ વિશ્વેશનો; રક્ત પ્રવાહ વહે-વરાવી અમરાવતીનું રાજ્ય હસ્તગ્રસ્ત કરીશ.

સોગન આ તરવારના, સોગન તુ દિલદારના;
છે અજીત હવે તૈયાર, પ્રાણ લેવા શત્રુના.
આભ અવનિ કરૂ એકઠા પૃથ્વી ચડાવુ ચાકડે
કાપી કટકા કરૂ શત્રુના, કે કદી ફરી તે નવ નડે

"વ્હાલા! પણ જ્યાં સુધી શૈલેશ અને વિશ્વેશનો સંહાર નથી થયો ત્યા સુધી આપણી ધારેલી ધારણાઓ સર્વ મૃગજળ સમાન સમજવી."

"દિલદાર! ગભરા નહિ, તેનો પણ ખુલાસો ટુંકમાજ થઇ જશે."

"શું ખુલાસો થઇ જશે?"

"તે વાત હાલ જાહેર કરવા જેવી નથી."

"શુ તમને મારો પણ વિશ્વાસ નથી?"

"છે."

"ત્યારે તે છાની વાત મને જણાવો."

"એમ! તો આમ પાસે આવ."

"કારણ?"

"ભીંતને પણ કાન હોય છે."

"લ્યો આ પાસે આવી, કહો હવે કહી મધુમુખી અજીતની છેક નજીક ગઇ. અજીતે તેના કાનમા ધીરેથી કંઇક વાત કહી. વાત સાભળી મધુમુખી આનંદ પામી ને સાનંદાશ્ચર્યથી તેના સામુ જોઇ રહી

પ્રિય પાઠકો ! એ વાતો કરનાર બન્ને જણાં અજીત અને મધુમુખી હતાં. અજીત શૈલેશનું ખૂન કરવા જતાં પોતેજ ત્રિશ્વેશની પિસ્તોલથી મરણને શરણ થતાં છટકી ગયો. અને હવે કદાપિ અમરાવતી નહિ જાઉં એમ મનમાં નિશ્ચય કરી તે બારોબાર તેના ગુરૂમહારાજ પાસે ગયો. ગુરૂને સર્વ વાત જણાવી અજીત ત્યાંજ રહેવા લાગ્યો. ભગવા વેશમાં રહેતો સાધુરામ ઉપરથી પવિત્રને મહાન મહાત્મા સમાન જણાતો હતો. પણ અંદરથી તે મહા ક્રૂર અને નિર્દોષ જનોના લોહિનો તરસ્યો એક ભયંકર શેતાન હતો. તેણે કેટલાક ભીલ લોકોને અને અજ્ઞાન લોકોને સમજાવી ફોસલાવી પોતાની પાસે રાખી એક નાનકડું લશ્કર એકઠું કર્યું હતુ; અને તે લોકોની મદદથી તે કાળા હૃદયનો કરપિણ સાધુરામ ચોરીયો, ખૂન, લુંટફાટ વગેરે કરતો હતો. કપટસેન અને વરૂણ પણ અમરાવતીમાંથી સજ્જડ થાપ મારી ગુરૂને શરણે રહેતા હતા. લુંટફાટ વગેરેમાંથી મળી આવતા દ્રવ્ય વડે તેઓ માણસોને વધારતા. ગુરૂ સાથે સર્વ મંડળ વૈરિસિંહને જડી આવેલા ગુપ્ત ગૃહમાં નિવાસ કરતું હતું. તે ગુપ્ત ગૃહ કુદરતી રીતે ઘણુંજ અજાયબ હતું. તેની અંદર ઘણે દૂર જવાને લાંબી સુરંગો આવેલી હતી. તેમાની એક સુરંગ તો એટલી લાંબી હતી કે તેનું મુખ ઠેઠ અમરાવતીના પાદરના એક મકાનમાં નીકળતું હતું. તે મકાન સાધુરામે તેના માલીકને મનમાનતું દ્રવ્ય આપી ખરીદી લીધું હતું; અને તેમાં પોતાની તરફથી મધુમુખીને રાખવામાં આવી હતી. મધુમુખી તે સાધુરામને પ્રાણથી પણ વધારે પ્યારી હતી.

તેઓ લુટફાટ કરી આવી ગુપ્તગૃહમાં ભરાઇ રહેતા. કપટ અને વરૂણ વેશ બદલી સારાં વસ્ત્રાભુષણ સજી નગરમાં ફરતા અને શ્રીમતોના શોખીન છોકરાઓને પોતાના હમામમાં આંજી તેમના મિત્ર બનતા. બાદ ધીમે ધીમે તેમના પૈસાની પાયમાલી કરી તેમને ભીખ માગતા બનાવી કાઢી મૂકતા. એવા એવા અનેક નીચ ધધાથી તેઓ સારૂં દ્રવ્ય એકઠુ કરવા લાગ્યા હતા. દ્રવ્યની મદદથી તેઓએ રાજ્યના સરદારો અને અમલદારોને પોતાને વશ કરી લીધા હતા. ધોળે દિવસે નગરમા ચોરીયો અને ખૂન થવા લાગ્યા. તેની ખબર અમલદારોને હોવા છતા તેઓ ફૂટેલા હોવાથી તે લોકોને કઇ પણ કરી શકતા નહિ.

દિવાનપુત્ર ભોળો ભદ્રેશ પણ એજ દુષ્ટોની સોબતમા ફસાયો હતો. તેઓ તેના દ્રવ્યનું પાણી કરી ગયા હતા અને હજુ તેની પાસે રહેલુ દ્રવ્ય પણ લઇ લેવાને ઇચ્છતા હતા. તેઓએ તેને કેવી કેવો લાલચો તથા શોખ લગાડી તેની પત્નિનૂ ખૂન કરવા ઉશ્કેર્યો તે સધળુ આપણે જાણી ગયા છીએ.

મધુમુખી દક્ષિણની નાયકા હતી. સાધુગિરિનદની તે ઘણા વર્ષોથી રખાત હતી. નાચ ગાનમા તે ઘણીજ કુશળ તેમજ લુચ્ચાઇમાં પણ ઘણીજ નિપુણ હતી. સાધુરામના મંડળની તે ખરેખરી મદદગાર હતી કારણ કે જે લોકો એ ચંડાળ ચોકડીના પંજામાથી છટકી જતા તેઓને મધુમુખી તેના કાતિલ નેત્ર કટાક્ષથી વશ કરી તેના પંજામાં ફસાવતી અને છેવટે તેના મોહમા અંધ થયેલા વિષયી જનને દ્રવ્યથી પાયમાલ કરી હાલ હવાલ બનાવી તજી દેતી, યાતો સાધુરામને સ્વાધિન કરી દેતી.

સાધુના રૂપનો તે શેતાન, તેને સ્વાધિન કરેલા મનુષ્યોને ઘણીજ ઘાતકી રીતે મારી નાખતો. તેની શિક્ષા ઘણીજ ઘાતકી અને ભયંકર હતી કે જે આગળ ઉપર વાંચતા જણાશે. એ ચંડાળ મંડળ મો'ટા શ્રીમંતનો સ્વાંગ ધારણ કરી નગરના ધનાઢયોની મુલાકાત લેતા, અને પછી તેમને સમજાવી ફરવાને બહાને નગર બહાર વિકટ અરણ્યમા તેમના સંકેત સ્થાને લઈ જઈ ફસાવતા. તેમના પંજામા સપડાએલો ધનાઢય પુરૂષ જ્યા સુધી તેઓને સારી રકમ આપવાનુ કબુલ ન કરે, ત્યાં સુધી તેને અત્યંત ત્રાસ આપતા, આખરે તે માણસ દુ:ખથી રીબાઇ કંટાળી ત્રાસમાથી છુટવાને સારીરકમ આપવાનુ કબુલ કરતો, અને તેઓના ત્રાસથી મુક્ત થતો. પછી તેઓ તેને તેની આખ્યે પાટા બાધી નગરના એક અમુક સ્થળે મૂકી આવતા. બાદ તે છુટી આવનાર માણસ કબુલ કર્યા પ્રમાણે તેઓને તુરતજ દ્રવ્ય પહોચાડી દેતો હતો. તેમણે આપવા આવનારની પાસેથી દ્રવ્ય લેવાની એવી ગોઠવણ કરી હતી કે તે દ્રવ્ય આપવા આવનાર માણસે અમુક જગાએ એક જણેજ આવી આપી જવુ. તે આપવા આવનાર માણસની પાસેથી દ્રવ્ય લેવા તેઓ પોતાના એક માણસને બતાવેલી જગાએ છૂપાવી રાખતા. જ્યારે તે છૂપાઇ રહેનારને ખાત્રી થતી કે દ્રવ્ય આપવા આવનાર એકજ માણસ છે ત્યારેજ તે જાહેર થઇ તેની પાસેથી દ્રવ્ય લઇ લેતો. કદાપિ તેમના પંજામાંથી કબુલ કરી છુટી જનાર કોઇક માણસ કહ્યા પ્રમાણે તેમને દ્રવ્ય નહિ પહોચાડતાં દરબારમા ફરિયાદ કરતો, ત્યારે ફરિયાદ સાંભળનારા ફૂટેલ અમલદારો બંદોબસ્ત કરીશુ

કહી તે ફરિયાદીને વિદાય કરતા, ને તુરત તે માણુસની ફરિયાદ સાધુરામને જાહેર કરતા. આથી તે સાધુરામ ગમે તે યુક્તિ પ્રયુક્તિ કરી તે ફરિયાદ કરનારને ફરીથી પોતાના પંજામાં સપડાવતો અને ઘણીજ ઘાતકી રીતે તેનો અંત આણુતો. સાધુ-રામ તેના મંડળ સાથે હમેશાં નવનવા વેશ ધારણુ કરી મો'ટા મો'ટા નગરોમા ફરતો, કોઇને કોઇનુ ખૂન કરવુ હોય, કોઇને ચોરી કરવી યાતો કરાવવી હોય, ખોટાનુ ખરૂં કરવું હોય અને ચાર ઘણા લખીઆપી રૂપિયા જોઇતા હોય. ટુંકાણુમાં જેને જે પ્રકારની મદદ લેવી હોય તેઓ તે ચંડાળ મંડળના પ્રમુખ ગિરિનંદસાધુરામની મુલાકાત લેતા. સાધુરામ અમુક રકમ ઠરાવી મદદ માગવા આવનારને તેનુ કામ સત્વરે કરી આપતો હતો—અસ્તુ.

આજે તે મધળુ મંડળ જંગલમાં એકઠુ થવાનું હોવાથી અજીત અને મધુમુખી આતુરતાથી તેમની રાહ જોઇ રહ્યા હતાં. એ અરસામાજ સાધુ મહારાજ તેમના સાગ્રીતો સાથે ત્યા આવતા જણાય. અજીત અને મધુમુખી તેમના સામે જઇ તેમને નમન કરી માનપૂર્વક પોતે ઉભા હતા તે વૃક્ષ નીચે લઇ આવ્યાં. સર્વ મંડળ એક બીજાને મળી ભેટી, તે શિતળ વૃક્ષ નીચે બેસી વાતો કરવા લાગ્યુ. થોડીવાર આડીઅવળી વાતો કરી કપટસેન અજીતને પૂછવા લાગ્યો. કા ઠાકોર! હવે શુ વિચાર કર્યો?

"વિચાર! આ સમશેર ખેંચી કે તુરત વિચાર ખલાસ" અજીતે તરવારની મુઠ પર હાથ નાંખી જવાબ આપ્યો.

"પણુ તે ક્યારે?" વરૂણુસિંહે પૂછ્યું.

"થોડા દિવસમાંજ." અજીતે જવાબ આપ્યો.

"એતો જાણે ઠીક, પણુ પેલી પેટી અને તમાંનો છોકરો શું આપણા પંજામાથી ગયો ? સાધુરામે પેટી વિષે પૂછ્યું.

"હા મહારાજ! પ્રથમ તો અમે પેટી સાથે તે છોકરાને ગુમાવી બેઠા હતા. પણ કાલેજ આપણા બહાદુર વિશ્વાસુઓ તે છોકરાને અને તેની સાથે એક બીજા શિકારને પણ પકડી લાવ્યા છે. કપટે કહ્યું."

"હેં! શું ત્યારે તે છોકરો પુનઃ આપણે સ્વાધિન થયો?"

"હા ગુરૂશ્રી"

"સર્વ કાર્ય કયા સ્થળેથી સિદ્ધ થયું?"

"મણીપુરના રાજમહાલય પાસેના કિલ્લાની કોટડીમાથી"

"એમ! પણ તેમને તેઓ કેવી યુક્તિથી ફસાવી લાવવા ફતેહમદ થયા હતા?'

ગુરૂનો પ્રશ્ન આભળી કપટસેન તેમની નજીક ગયો અને ને સાધુના કાનમાં કઇંક ધીરેથી વાત કરી વાત સાભળી સાધુરામે આનંદનો ઉદ્દગાર કાઢી પૂછ્યુ. વરૂણ! તે છોકરો તથા પકડી આણેલો શિકાર પુરતા બંદોબસ્તમા છેને?

"હાજી! તેઓ ઘણાજ સખત બંદોબસ્તમાં છે તેમની ફીકર કરવા જેવુ નથી, પણ હવે આપણે સેનાપતિ વિશ્વેશથી ઘણાજ સાવધ રહેવાની જરૂર છે." વરૂણે જણાવ્યુ.

"એ વિશ્વેશ વળી કોણ મુઓ છે?" યોગીએ ચમકી પૂછ્યુ.

"તે અમરાવતીનો નવો સેનાપતિ છે અને એજ અજીત-સિંહને નસાડી શૈલેશના પ્રાણનો બચાવનાર છે."

"ઠીક છે! તેને પણ થોડા દિવસમાં પકડી આપણો ભોગ બનાવીશું. યોગીએ જણાવ્યુ.

"ત્યારે હવે આપણે આપણા કામની શરૂઆત ક્યારે કરવી? વ્હેમીમલ્લ નામના એક સરદારે પ્રશ્ન કર્યો.

"આવતા મહિનામાજ." યોગીએ ખુલાસો કર્યો.

"તે સમયે અમારી મદદની જરૂર પડશે?"

"ના, હુ મા'રા માણસો સાથે તે કાર્ય કરવા જઇશ અને...અજીત અધવચ બોલતો બંધ પડયો, કારણ કે તે'ના કાને કંઇક અવાજ સંભળાયો. સઘળાનુ ધ્યાન થયેલા અવાજ તરફ ખેંચાયુ. સાધુરામે નાકપર આંગળી મૂકી સર્વને શાન્ત રહેવાની સંજ્ઞા કરી, ને પોતે ત્યાંથી ઉઠી આસપાસ તપાસ કરી પાછા આવ્યા."

"ગુરૂજી! શુ હતુ? અજીતે પૂછ્યુ."

"કાંઇ નહિ, એતો જરીક વ્હેમ પડયો તેથી તપાસ કરી આવ્યો"

"કાંઇ માલુમ પડ્યુ?"

"ના."

"ઠીક ત્યારે, પણ ગુરૂજી પેલા ભદ્રેશનું હવે શું ધારવું?"

"તેનુ તમે ધારો તે ખરૂ, આમ કહી સાધુરામ કંઇક યાદ આવતા ત્યાથી ઉઠી દૂર જઈ આમ તેમ આંટા મારતો

કંઇક વિચાર ગોઠવવા લાગ્યો. સાધુના ગયા પછી અજીતે ભદ્રેશના માટે વરૂણને પ્રશ્ન કર્યો. પ્રશ્નના જવાબમાં વરૂણસિંહ જણાવવા લાગ્યો કે તેનું પણ ઠીક થશે કારણ કે તે ભોળુ માંછલું આપણી જાળમા બરાબર જકડાયુ છે. તે હવે તેની બૈરીનુ ખૂન કરે એટલીજ વાર છે. જ્યા તેની બૈરીનુ મ્રત્યુ થયું કે તેનુ સર્વ નાણુ આપણુ થયું સમજવું. પણ તેની બૈરીનુ ખૂન જલ્દીથી કરાવવામાં આપણા કરતા મધુમુખી પ્યારી વધારે કરી શકે એમ છે. વરૂણે મધુમુખી સામે જોઇ કહ્યું.

અરે તે અક્કલનો ઇઅકોતરો તો મ'ને જોતાજ ગાડો ઘેલો બની જાય છે, અને હું તે'ને એક મર્કટની માફક નચાવુ એમ નાચે છે. આજે તે આવવાનો છે. હુ તે'ને આજે રંગમાં ગુલતાન બનાવી તેની સ્રીનુ ખૂન કરવાનુ કહીશ, ને હુ પણ તેની સાથે તેણીના ખૂનમાં મદદ કરવા જઇશ પછી કાંઈ ? મધુ મુખીએ મલકાતા કહ્યુ

"તો તો રંગ છે મા'રી રમીલી તને, કહી કપટે તેને ચુંબન કર્યું"

કપટનુ જોઇ સઘળા દુષ્ટોએ પણ ઉભા થઈ મધુમુખીના અધરોષ્ટના પાનનો લાભ લીધો. મધુમુખી મળેલા માનથી આનંદ પામી હસતાં હસતા નેત્રના કટાક્ષ ફેંકતી કહેવા લાગી હુ ધારૂ છુ કે હવે એકાદ બે મહિનામાં આપણા ધારેલાં સર્વ કામ પુરા થઇ જશે.

હા દિલદાર ! બે માસમાં તો ગમે એમ કરી ધારેલા કામનો ફેસલો લાવવો છે. માટે હુ કહુ એ પ્રમાણે આપણે આપણા

કામની વ્હેંચણી કરી લ્યો. જાણે કે મધુમુખી મ્હારીએ ભદ્રેશની સાથે તેની મદદમાં જવુ, અને મા'રે મા'રા માણસો સાથે મણીપુરના રાજાનું કામ પુરૂં કરવું. અજીતે કામની વ્હેંચણી કરી.

"પણ પેલા અમરાવતીના રાજા સાથે શૈલેશ અને વિશ્વેશનું શું ધાર્યુ ?"

"તેઓનુ ગુરૂમહારાજના કહેવા પ્રમાણે કરીશુ."

"ત્યારે હવે કાંઇ બાકી રહ્યુ ? મધુમુખીએ પૂછ્યુ."

"હા."

"શુ ?"

"રંગપાણી ઉડાવવાનુ.'

"કયાં અહિં ?"

"ના, મુકામે."

"ત્યારે હવે આપણે ચાલશું ?"

"હા ચાલો, પણ પ્રભુર, હજી એક વાત બાકી રહી છે."

"શું વાત હજી બાકી બળી છે?" અજીતે કંટાળી પૂછ્યુ.

"આજ રાત્રે આપણો મેળાપ થશે કે નહિ ?"

"તે ગુરૂ મહારાજ જાણે"

એટલામા વિચારનો છેડો લાવી ગુરૂદેવ પુન. ત્યાં પધાર્યા, કે અજીતે પૂછ્યુ. મહારાજ! રાત્રે મળવાને માટે કયુ સ્થળ નિમોણ કર્યા મૂક્યુ છે?

તે અત્યારે કહી શકાય નહિ, તેમ છતા જો આવી શકાય તો પ્રહરરાત્રિ વિત્યે પેલા રસ્તે...થઇને મધુમુખીને ત્યાં આવજો.

"બહુ સારૂ, બીજી કાંઇ આજ્ઞા ' વરૂણે પૂછ્યું."

હા, તમારે ત્યાં આવતા પહેલાં પેલા મુખેના શિરોમણી ભદ્રેશને સાથે તેડતા આવવું."

જેવી આજ્ઞા. કહી કપટ અને વરૂણ સાધુરામની આજ્ઞા લઇ ત્યાંથી ચાલતા થયા. મધુમુખી પણ બે વિશ્વાસુ માણસોને લઈ અમરાવતી તરફ ગમન કરવા લાગી. સાધુરામ અને અજીત તેમનાં પ્રચંડ શરીરથી ચાલતા ધરા ધ્રુજાવતા આઠ સરદારો સાથે તેમના સ્થાન તરફ ચાલવા લાગ્યા. એવા રાતે ચાલતા તેઓ એક જગાએ આવી અટકયા અને ત્યાં આગળ જેમ પિશાચો ભુગર્ભમાં સમાઈ જાય તેમ તેઓ તેમના સરદારો સાથે એકાએક પૃથ્વીના પડમા કયાંક અદ્રશ્ય થઈ ગયા. તેઓ બેઠા હતા તે વૃક્ષ તેમના ગયા બાદ જનશુન્ય થઇ ગયુ, જંગલમાં શાન્તિ પ્રસરી ગઇ. એવે સમયે તે ઘનઘોર ઘાડી ઘટાવાળા વિશાળ વૃક્ષ ઉપરથી એક મજબુત બાંધાનો યુવાન નીચે કુદી પડયો.

પ્રકરણ ૨૫ મું.

વ્હેમ ખરો પડયો.

વીરનર હિંમત ધારીને, કરે અજાયબ કામ
એવા હિંમતવાનનો, માલીક છે શ્રીરામ

વૃક્ષ પરથી નીચે કુદી પડનાર યુવાન ચારે તરફ દ્રષ્ટિ ફેરવતો ઝડપથી આગળ ચાલવા લાગ્યો. બપોર નમવા આવ્યા હતા, છતા તાપ ઓછો થયો નહોતો. પરસેવાને લુછતો તે યુવાન આગળ ચાલતાં એક ન્હાના ઝાડ નીચે આવી ઉભો રહ્યો. અને આસપાસ નજર ફેરવી મન સાથે બોલવા લાગ્યો. ખરે એમજ! જેઓની પર મારો વ્હેમ હતો, તેઓનેજ આજે મ્હેં પ્રત્યક્ષ વાતો કરતા સાંભળ્યા. પણ અજબ જેવુ એ છે કે પેલો સાધુ તેના સાગ્રીતો સાથે એકાએક કયા જતો રહ્યો તેની મને ખબર પડી નહિ. તે કર્મચંડાળો એકાદ બે માસમાં અવશ્ય ભયંકર કાર્યો કરશે. અરે હા! ગરીબ બિચારા નિરપરાધી માર્યા જશે. સમય પણ બારિક થઈ પડયો છે. તે દુષ્ટોમા સર્વ જણા સ્વાર્થાંધ છે, અજીત રાજ્યલોભથી આંધળો થયો છે, અને બાકીનાઓને લક્ષાધિપતિ બનવુ છે. પણ પેલો સાધુરામ, શુ

મતલબથી આટલા બધા ખેલ રમતો હશે ? તે મા'રાથી સમજી શકાતું નથી.

અહા ! લક્ષ્મિની મૃગજળ સમાન ક્ષણિક આશાઓને વશ થઈ સ્વાર્થાંધ માણસો કેવાં નીચ કાર્યો કરવાને તૈયાર થાય છે ? ક્ષણિક સુખના દ્રવ્યની લાલચે લપટાઇ તે અધમો ભવિષ્યનો લગીર પણ વિચાર કરતા નથી કે આ લોભના લોભથી અંધ થતાં અમારી શુ દશા થશે ? અજીત ! ઓ રાજ્ય લાલસામાં અંધ બનેલા અજીત ! સમજજે કે તા'રી સર્વ આશાઓ ક્ષણમાં નષ્ટ થશે. અને આખરે તા'રે એજ પ્રતાપિ મહારાજા વિરભદ્રના ચરણમા માથું ઝુકાવવુ પડશે દુષ્ટ વિચારોથી નર પિશાચ થયેલા અજીત ! સમજી લેજે કે—જ્યા સુધી હું જીવું છુ ત્યાં સુધી તુ તા'રા એક પણ નીચ કાર્યમાં ફતેહ પામનાર નથી તે નથીજ. દુષ્ટો ! આજથી હુ પૂર્ણ જાણી ગયો છું કે થઇ ગયેલાં અને થતાં સધળાં ખૂનામરકીના કારસ્થાનો તમારાંજ છે. નરાધમો ! મ્હે આજે તમારી સઘળી વાતો શ્રવણ કરી છે.

ઓ પામરો ! શુ તમે રાજ્યકુટુંબનો વિનાશ કરવામાં ફતેહમંદ થશો ? નહિ, નહિ. તેમ બનવુ ઘણુજ મુશ્કેલ છે.

સાવધ રહેજો પાપીઓ આ વીરથી હમેશ નો,
વિનાશ કરીશ તમ તણો, એકે મૂકું નહિ જીવનો
આજથી આ સત્ય નર, સોગન પ્રભુના ખાય છે:
પ્રાણ હરવા સર્વના પ્રયાસ મુજથી થાય છે.
કુમાર, રાજ, તાજને, મહારાજ માટે શિર છે,
બચાવ કરતા સર્વનો, નહિ પ્રાણની દરકાર છે.

હું મરણ પર્યંત રાજ્ય કુટુંબનું રક્ષણ કરીશ, આમ બોલતો તે વીર યુવાન શૌર્યાવેશથી કંપવા લાગ્યો; ને પુન: કંઇક યાદ આવતાં બોલવા લાગ્યો. ભદ્રેશ! પૈસાદારના કુટીલ પુત્ર! તા'રી બુદ્ધિ પણ કેમ ખરેખર મારી ગઇ છે? શુ તું તે દુષ્ટોના કહેવાથી તા'રી નિર્દોષ પતિવૃતા પત્નિનું ખૂન કરીશ! હા,....મ'ને તો એમજ સમજાય છે કે તે દારૂડીયો ભદ્રેશ, પાપાત્માઓની ઉશ્કેરણીથી તેનુ ખૂન કરશે. સેનાપતિ વિશ્વેશ! તા'રે પણ ઘણુંજ સંભાળવાનું છે. તેમજ આ બે માસમાં થનારા ભયંકર કાર્યોથી તા'રે સાવધ રહેવાનુ છે, અને તા'રે એકલાએજ નિર્દોષ જનોનાં રક્ષણમા તત્પર રહેવાનું છે. પણ તે તા'રા એકલા હાથે કેવી રીતે બની શકશે? પુન: તે યુવાન વિચારમા પડયો. ને આખરે વળી પાછો બોલી ઉઠયો. "ત્યારે હવે મા'રે કરવું શું? શું મ'રે એ દુષ્ટોથી ડરી નિર્દોષ જનોના પ્રાણનો વિનાશ થવા દેવો? કદાપિ નહિ. મા'રી નાડીઓમાં શુદ્ધ ક્ષત્રિય શાર્યનુ રક્ત વહન કરે છે હુ અવશ્ય મા'રા ધર્મનુ પ્રતિપાલન કરી મા'રી ફરજ બજાવીશ અને તે ચંડાળોને... તે યુવાન એકાએક બોલતો બંધ થઈ ગયો. કોઇના આવવાનો પગરવ સંભળાયો તે ચોંકયો ને તેની ચપળ ચક્ષુઓ ચારે તરફ ફેરવવા લાગ્યો પણ તેને કોઇ જણાયુ નહિ, ત્યારે શું એ થયેલો ભાસ નકામો હશે? ના, ના, નક્કી, કોઇક દુષ્ટાત્મા મા'રી ચિકિત્સા જોવાને આટલામાં છૂપાઇ રહ્યો હશે. લાવ હુ તેને શોધી કાઢી તે'ના આવા અઘટિત કાર્યની શિક્ષા કરૂં. કહી તે યુવાન કમ્મરે લટકતી સમશેરની મુઠપર હાથ નાખી ત્યાંથી

થોડેક દૂર જઇ તપાસ કરવા લાગ્યો. તો તેની નજરે, પોતે પ્રથમ જે વિશાળ વૃક્ષ ઉપરથી નીચે કુદી પડયો હતો, તે વૃક્ષની નીચે થઇને કોઇક વ્યક્તિ પોતાની તરફ આવતી માલમ પડી. આવનાર વ્યક્તિના વેશ પરથી તે કોઇ દુષ્ટ માણસના જેવી જણાતી નહોતી. તેણે મુખપર મુખવટો ધારણ કરેલો હતો, તેથી તેના મુખનું અવલોકન કરવું અશક્ય હતું. તેની કમ્મરે લાંબી તરવાર તેના ચાલવાથી આમતેમ ઝુલતી હતી. જમણા હાથમાં ભાલો પકડી તે વ્યક્તિ ત્વરિત ગતિથી આસપાસ જોતી ચાલતી હતી તે વ્યક્તિ કોઇક પુરૂષની હતી

તે પુરૂષ જાણે કોઇને શોધતો ન હોય, એમ આસપાસ જોતો ચાલતો હતો એવી રીતે ચાલતા તે આપણા યુવાનની છેક નજીક આવી પહોંચ્યો જો કે તે આવનાર માણસ કોઇ નાથી ઓળખી શકાય નહિ એવા પોશાકથી વિભૂષિત થયેલો હતો, તથાપિ તે આપણા યુવાનથી અજાણ્યો રહ્યો નહિ. તે વીર યુવાને તુર્તજ તેને ઓળખી ધીમે સાદે કહ્યું. “જયમલ્લ.”

તે આવનાર ચોકયો, ને અજાણ્યાના મુખથી પોતાનું નામ સાંભળી ક્ષણભર સ્તબ્ધ બન્યો. પુનઃ અવાજ થયો, જયમલ્લ?

ફરીથી તે યુવાનના મુખથી તેનુ નામ શ્રવણ કરી આવ નાર બોલી ઉઠયો. હા, હું જયમલ્લ! પણ વારૂ તમે કોણ છો? હુ તમને ઓળખી શકતો નથી

સત્ય છે, જયમલ્લ! મેં મા’રો વેષ એટલો તો ફેરવી નાંખ્યો છે કે હમેશા મા’રી નિકટમા રહેનારા મા’રા મિત્રો પણ આ સમયે મ’ને ઓળખી શકે નહિ પણ તમે આજે આવા

વિચિત્ર વેષથી આવા કવખતે આ જંગલમા કોને શોધવા નિકળ્યા છો ? યુવાને પૂછયું.

"તેનો જવાબ હુ તમને ઓળખ્યા સિવાય આપનાર નથી."

"જયમલ ! તમે ખાત્રીથી સમજજો કે હુ શત્રુ નથી પણ તમારો મિત્ર છું."

"તેમ સમજવું હાલ અશક્ય છે."

' કારણ ?"

"પરિચય પામ્યા સિવાય '

"જયમલ ! તો સમજો કે હુ એક સ્વામિ ભક્ત વફાદાર માણસ છુ '

"તે પણ હુ માનનાર નથી, અને તમને ઓળખ્યા સિવાય એક પણ અક્ષરનો જવાબ આપનાર નથી."

"જયમલ ! હુ મહારાજા વિરભદ્રનો એક વિશ્વાસુ સરદાર છુ."

"એમ ! તો વારૂ તમે હમેશા દરબારમા જતા હશો ?"

"અરે જવાની વાતજ છે કયા ? હુ હમેશા મહારાજાની પાસેજ રહુ છુ."

"ત્યારે તો હુ ધારૂ છુ કે તમે મહારાજાના અંગરક્ષક હશો. હાં....પણ તમે ત્યાના સેનાપતિને ઓળખો છો ?"

"શુ સેનાપતિ વિશ્વેશને ?"

"હા."

"તેને હું ઘણી સારી રીતે ઓળખુ છુ, તે અને હું બન્ને દિલોજાન દોસ્તો છીએ સમજ્યા જયમલ્લ?'

"તે મા'રાથી કેવી રીતે માની શકાય?" પુનઃ જયમલ્લે સંશયથી પૂછયું.

જયમલ્લ! સેનાપતિ વિશ્વેશ તેના પ્રાણ ગએ પણ અસત્ય ઉચ્ચાર કરતોજ નથી. કહી તે યુવાને પહેરેલા પોશાકમાં સહજ ફેરફાર કર્યો કે તુરત તેને ઓળખી જયમલ બોલી ઉઠયો. અરે! સેનાપતિ વિશ્વેશ! આ શુ?

દુષ્ટોની તપાસને અર્થે આવો સ્વાંગ ધારણ કરવો પડયો હતો, પણ હવે તમે જણાવો કે આજના શુ સમાચાર છે?

આજે હુ આખા નગરમા દુષ્ટોની તપાસને અર્થ ભટકયો પણ તેમાના કોઇનો પત્તો ન મળ્યો. વારૂ તમને કઇ બાતમી મળી?"

હા, આજે મને ઘણીજ અગત્યની બાતમી મળી છે. પાપાત્માઓને મ્હેં પત્યક્ષ વાતો કરતા સાભળ્યા છે. કહી વિશ્વેશે બનેલી તમામ હકીકત તેને કહી સભળાવી. જયમલ યુવાન સેનાપતિની હિંમત જોઇ આશ્ચર્ય પામ્યો. અને હવે આપણે શુ કાર્ય કરવુ એમ પૂછવા લાગ્યો તેના જવાબમા વિશ્વેશે કહ્યુ. જયમલ્લ! આપણે હવે ઘણુ જ સભાળવાનુ છે પ્રાણની પરવા નહિ કરતા નિર્દોષોને બચાવવા પ્રયત્ન કરવાના છે. તેમજ દુષ્ટોએ ગુમ કરેલા કિશોરસિંહનો પણ પત્તો મેળવવાનો છે. તેથી હું દુષ્ટોનો પીછો પકડવા ધારૂં છું. જયમલ! હું ગમે તે યુક્તિ પ્રયુકિતથી તેમને મળી જઈ મા'રી યુકિત અજમાવીશ.

તમે પણ તમારાથી બને એમ કિશોરની શોધ ચલાવો અને જે કોઇ વેષધારી નવિન માણસ જણાય તેની પુરેપુરી તપાસ કરજો. મા'રા ધારવા પ્રમાણે તે અધમોએ કિશોરને મણીપુરના પર્વત પ્રદેશમા આવેલા અજાયબ ખડેરોમાં ક્યાંક કેદ કરેલો હોવો જોઇએ.

"ઠીક ત્યારે હવે હુ રજા લઉ છું ને સત્વરે મા'રા કાર્યમા મચુ છુ કહી જયમલ પથે પળ્યો.

' જયમલના ગયા બાદ વિશ્વેશ થોડીવાર સુધી તે વૃક્ષની નીચે ઉભો રહ્યો. સાજ પડી હતી, શિતળ સમિરની લહરો આવતી હતી. એવે સમયે વિશ્વેશ અમરાવતી તરફ ગમન કરવા લાગ્યો. વિશ્વેશના ત્યાથી ચાલ્યા ગયા પછી તરત જ પાસેની ઝાડીમાથી કોઇના ખડખડ હસવાનો સ્પષ્ટ અવાજ સભળાયો, તે ભયપ્રદ ઘનઘોર ઘાડી ઝાડીમા ઝીણી નજરે નિહાળતા એક શ્યામ રગની વિરૂપ પ્રચડ આકૃતિ અટ્ટાહાસ્ય કરતી જોતજોતામ ગુમ થઇ ગઇ.

પ્રકરણ ૨૬ મું.

અજબ યુક્તિ.

છે રામા રત્ન રૂપાળું, હેમર્થી દેખી હરખું,
ઝબકી જાણે વિજ, પ્રિયા સમ નયને પરખું.

વિલાસી જનોને પ્રિય લાગતી નિશાદેવીનો અમલ થઇ ગયો હતો. મદમદ દિપકની જ્યોતિયો સઘળે સળગતી દેખાતી હતી. પતિપ્રેમી વહુભાઓ સ્વામિ સમાગમનુ સ્વર્ગિય સુખ અનુભવવાને આતુર બનેલી જણાતી હતી વૃદ્ધજનો પથારીમાં સુતાં સુતાં હરિકિર્તન કરતા હતાં કોઈક સ્થળે ફુટ્‌કેલ ફુવડો તેમના ધણીને ધમકાવતી તો કોઇ તેમના જેવી બીજી ફુવડોની સાથે બેસી પારકાઓની નિંદાઓ કરી ખુશી થતી પોતાની વડાઇઓ હાકતી હતી

અમરાવતીના મ્હોટા રસ્તાઓ પણ રાત્રિને સમયે જનશુન્ય જણાતા હતા. ચોર, લુચ્ચા, લફંગાઓને તેમનાં કાળા કૃત્યો સાધવાનો સમય થયો હતો. શ્યામ રાત્રિ સમસમ અવાજ કરતી વ્યતિત થતી હતી. આવા સમયે કાળાં વસ્ત્રથી ઢંકાયેલી એક પુરૂષાકૃતિ રાજ્યમાર્ગ ઉપર આસપાસ નજર ફેરવતી ચાલી

જતી હતી. એવી રીતે ચાલતી તે આકૃતિ તેના ડાબા હાથ તરફ આવેલી એક ગલીમાં વળી. તે ગલી ઘણી લાંબી હતી, અંધારાના સબબે તે ગલીમાં રાજ્યના જાખાં જાખાં ફાનસો બળી રહ્યા હતાં. ઝડપથી પગ ઉપાડતી તે આકૃતિ એ ગલીમા તેના નિર્ણીત મકાન આગળ આવી અટકી, ને તે આવેલા મકાનને બારીકીથી જોવા લાગી. તેની દ્રષ્ટિએ એટલામા કોઇ આવતુ જતુ નહિ જણાયાથી તેણે ધીમે રહીને પોતાના કાળા ઝભ્ભામાં છૂપાવેલું એક ગુપ્ત ફાનસ કાઢયુ ફાનસના પ્રકાશથી એ મકાનને તે ધારી ધારીને જોવા લાગી. એ મકાન અમરાવતીની પાદરે આવેલી ગલીના છેડાપર નિર્જન સ્થાનમા આવેલુ હતુ, તે મકાનની આસપાસ ફક્ત વાંસની વળીયોથી બાંધેલા ના'ના નાનાં બે ચારેક ઝુપડા સિવાય બીજું કાંઇ આવેલું નહોતુ. તે મકાનને સારી રીતે જોયા પછી તે આકૃતિ પાસેના ના'ના ઝુપડા તપાસવા લાગી. તપાસમા ઝુપડા તે'ને તદ્દન ખાલી જણાયાં. પુનઃ તે આકૃતિ પ્રથમના મકાન પાસે આવી, એવામા તેને કોઇના આવવાનો ઓળો જણાયો. તેણે ચમકી ફાનસની ખોળ ફેરવી અંધારૂં કરી દીધું. આવનાર વ્યક્તિ પ્રથમની આકૃતિની લગોલગ થઇને ચાલવા લાગી. આટલી રાત્રે આ ચાલી જનાર કોણ હશે? લાવ પૂછુ. એમ વિચારી તે આકૃતિએ હિંમતથી ચાલી જનાર વ્યક્તિની નજીક જઇ પૂછયુ. આટલી રાત્રે અહિં થઇને જનાર તમે કોણ છો?

"હું ગમે તે હું તે જાણવાને તમારે શું કામ છે?"

"મા'રા સવાલનો જવાબ આપ્યા સિવાય તમારાથી એક

પણ પગલું આગળ વધી શકાશે નહિ."

"કા ણ ?"

"મા'રી એવીજ મરજી છે. તમે મને ઓળખો છો ?"

"હાજી, ઘણી સારી રીતે, હું સેનાપતિ વિશ્વેશથી બીલકુલ અજાણ નથી."

"વિશ્વેશ ચોંકયો, અજાણ્યાના મુખથી પોતાનું નામ સાભળી તે સ્તબ્ધ બન્યો પછી ફાનસની ખોળ ફેરવી વિશ્વેશ પ્રકાશમા તેનુ મુખ જોવા લાગ્યો. તેણે શું જોયુ ? એક સુદૃઢ ગૌરાગના રમણી બદનપર સ્યામ સાહ્યા ઓઢેલી નિહાળી. તે રમણીને જોતાજ વિશ્વેશ કેવળ દિઢ મૂઢ જેવો બની ગયો, અને પ્રકાશને વધારી તે, તે રમણીને ધારી ધારીને જોવા લાગ્યો. તેને એવી રીતે જોઇ રહલો જોઇ તે રમણી કોમળ અવાજે વિશ્વેશને પૂછવા લાગી સેનાપતિ ગભરાશો નહિ હા ! હું ! શત્રુ નથી પણ મિત્ર છુ.

વિશ્વેશને તેનો મધુર મોહક સ્વર પરિચીત લાગ્યો, અને વિશેષ જોતામા તો તે ચમકયો, તેની આખે અ ધારા આવવા લાગ્યા. અને આખરે મુખથી ચીસ પાડી ઉઠયો. ઓહ ! ઓહ ! આ શું ? આ ...આ....ત....ને...જ, તેજ પ્રતિમા, તેજ....મોહક મુર્તિ ! બોલતા બોલતા તેનો સ્વર તુટવા લાગ્યો અને આખરે અમરાવતીનો સેનાપતિ વિશ્વેશ કઇક થઇ આવવાથી બેભાન થઇ જમીનપર ઢળી પડયો. તેની એવી દશા જોતા તે રમણી તુર્તજ નીચે બેઠી અને તેનુ માથું પોતાના ખોળામા લઇ, પહેરેલી સાડીના છેડાથી પવન નાખી વિશ્વેશને શુદ્ધિમાં લાવવા

પ્રયત્ન કરવા લાગી. તેની સારવારથી અલ્પ સમયમાં વિશ્વેશે શુદ્ધિમાં આવી આખ્યો ઉઘાડી. તેને સાવધ થયેલો જોઇ તે રમણી આનંદ પામી અને કોમળ સ્વર કહેવા લાગી. સેનાપતિ! તમને શું થાય છે?

"મને શું થાય છે" તેની મને કાંઇપણ ખબર પડતી નથી...પ....પણ તમે કોણ છો? લથડતે શબ્દે વિશ્વેશ બેઠો થઇ પૂછવા લાગ્યો.

"મ્હેં આપને પ્રથમજ જણાવ્યુ કે હું શત્રુ નથી પણ મિત્ર છું. માટે સાવધ થાઓ, આવી રીતે ભાન ખોશો તો શત્રુના ભોગ થઇ પડશો."

"દયાળુ રમણી! આજે તમારો મારી ઉપર અનહદ ઉપકાર થયો છે. હુ શત્રુથી ડરતો નથી, પણ મારા હૃદયમાં રહેલું દુ:ખ તાજુ થવાથી મારી આ સ્થિતિ થઇ છે. સુંદરી! તમને જોતાજ મારી મોહક મૂર્તિ દ્રષ્ટિ સમિપ તરી આવે છે, અને તે જાણે તમે પોતેજ ન હો એમ મને ભાસે છે."

"સેનાપતિ! હું તમારી વાત બરાબર સમજી શકતી નથી, માટે સ્પષ્ટ જણાવો કે તે તમારી મોહક મૂર્તિ શુ કોઇ અબળા છે, યાતો દેવી છે કે જેના પ્રતાપથી તમને આટલુ બધું દુ:ખ સહન કરવુ પડે છે?"

"હા, તે દેવી છે, અરે દેવીથી પણ વિશેષ છે. સુંદર-બાળા! તે પ્રેમમૂર્તિ આ જીવનનું ધન, તન અને મન સર્વ એજ છે. હું તેના વિના છતી આંખે અંધ છું અને નિશદિન તેનેજ યાદ કરૂં છું."

"તે ભાગ્યવાન રમણીનું શું નામ છે ? '

"વિશ્વપ્રભા દિલ્લારામ છે." હા...વિશ્વપ્રભા કહી. વિશ્વેશે ઉષ્ણ નિશ્વાસ • ાંખ્યો.

"વિશ્વેશ ! તમારે આવી રીતે કંટાળી કલ્પાંત કરવુ યોગ્ય નથી. તમારે હજી તો મહાન્ કાર્યો કરવાના છે, માટે હાલ તો પ્રભુપર શ્રદ્ધા રાખી કરવા ધારેલાં કાર્યને પરિપૂર્ણ કરો. વિશ્વપ્રભા ! કે જેને માટે તમે આટલા બધા દુઃખી થાઓ છો, તેજ વિશ્વપ્રભા તમને પ્રભુ કૃપાથી મળશે, માટે ધૈર્ય ધરો."

"સત્ય છે, આ હૃદય પણ કહે છે કે તે પ્રેમમુર્તિનો અવશ્ય ફરીથી મેળાપ થશે બાળા ! હવે આ વિશ્વેશને તમારો પરિચય કરાવી આભારી કરશો ? "

"હા, વિશેષ તમને કહી શકતી નથી પણ હાલ તો એટલુંજ જણાવુ છું કે, હુ એક અબળા છું અને નિર્દોષોના પ્રાણ બચાવવા ઇચ્છું છું તેમજ તમારા શત્રુઓની પણ મદદગાર છું."

"આશ્ચર્ય ! શું તમે દુષ્ટોનાં મદદગાર ?! નહિ નહિ, આ'વી અનુપમ દેવી તુલ્ય રમણી દુષ્ટોની મદદગાર કદાપિ ન હોઈ શકે. "

"સેનાપતિ ! તેમ પણ હાલ થઇ શકે, હું સત્ય વદુ છું."

"તમારૂં નામ ? "

' કૈલાસ કુમારી. '

"કૈલાસ" ખરેખર તમે નામ પ્રમાણેજ ગુણશાળી છો. મા'રી પ્રિયતમા વિશ્વપ્રભા ! આપને જોતાંજ યાદ આવે છે, અને તે નિર્દોષ બાળા તમારા સર્વ રૂપ ગુણને મળતી આવે છે. "

"હા કદાપિ એમ બની શકે. આડુ જોઇ કૈલાસે જવાબ આપ્યો. એટલામાં તેમે કંઇક વ્હેમ પડયો. કૈલાસ દૂર દ્રષ્ટિ કરતાજ ચમકી ને એકાએક બોલી ઉઠી. સેનાપતિ! સાવધ! દુષ્ટો આવતા હોય એમ જણાય છે. હું રજા લઉં છું. કહી કૈલાસ એકદમ ત્યાંથી ચાલતી થઇ, તે કઈ તરફ ગઇ અને કયાં ગઇ તેની વિશ્વેશને કઇ પણ ખબર પડી નહિ. હજુ તો વિશ્વેશ તેને જોવાને માટે રસ્તા તરફ જુએ છે એટલામાં તો તેણે પાંચ શ્યામ શાલ્લા ધારી માણસોને આવતા જોયા. તેમને જોઇ વિશ્વેશ તરત ફાનસની ખોળ ફેરવી અધારૂં કરી એક બાજુ ઉભો રહ્યો તે ચાલી આવતા પાચ માણસો ચાલતા ચાલતાં ગલીમા આવેલા સરકારી ફાનસો બુઝાવી નાખતા હતા. એવી રીતે તેઓ ચાલતા છેડાપર આવેલા મકાન પાસે આવી અટકયા મકાનના પગથીયા ચઢી તેમાંના એક જણે કમ્મરેથી ના'ની લોખડની આંકડી કાઢી, તે મકાનના એક છીદ્રમાં લાગી. કે તુર્તજ મકાનના દ્વાર ખુલ્લા થઇ ગયા, અને પાચે જણાએએ અદર પ્રવેશ કર્યો તેની સાથેજ પાછા તે દ્વાર બધ થઇ ગયાં. આ બધું થોડીવારમા બન્યું તે માણસોના ગયા પછી વિશ્વેશ વિચારવા લાગ્યો કે અરે! એ માણસો કોણ હશે! અને આ વી રીતે તેઓ ગુપ ચુપ કોના મકાનમા પ્રવેશ્યા હશે? મા'રા ધારવા પ્રમાણે તો આ ...એજ મકાન હોવું જોઇએ વિશ્વેશ વિચાર કરે છે એટલામા તો વળી પાછા કોઇકના પગલા સભળાયા, અરે આ વળી કોણ આવતુ હશે?! વિશ્વેશ આશ્ચર્ય યુક્ત થઇ એકાગ્ર દ્રષ્ટિએ જોવા લાગ્યો. તેના મનમાં ગુચવારો થવા લાગ્યો મનમાં વિચાર

માળા ચાલવા લાગી. શું આ આવનારા ગયેલી ટોળીના માણસો હશે? હા એમજ. જો તેમ ન હોય તો તેઓ આ ગલીમાં શા માટે આવે? ફીકર નહિ. મા'રે હવે ગમે તે યુક્તિ કરી તેમને મળી આ મકાનના અંદરની હિલચાલ તપાસવી. આમ વિચાર ગોઠવી વિશ્વેશે કાળો ઝભ્ભો દુર કરી પેહેરેલા પોશાકને એવો તો સફાઇથી ફેરવી નાંખ્યો કે તે એક ગરીબ રાંક માણુસ જેવો જણાવા લાગ્યો, કાળો ઝભ્ભો અને ફાનસ એક રૂમાલમા બાંધી પાસેના ઝું પડાના એક ખુણામાં છૂપાવી દીધું. બાદ તે આવનાર લોકોની પોતાના પરદ્રષ્ટિ પડે એવી રીતે વિશ્વેશ રસ્તાની વચ્ચોવચ લાબો થઇને સુનો. આટલીવારમા તો તે આવનારા તેની નજદીક આવી પહોંચ્યા; અને વિશ્વેશથી ફક્ત બે હાથ દુર અટકીને ઉભા રહ્યા. અંધારાના સબબે તેઓએ સુનેલા વિશ્વેશને જોયો નહિ. તેઓ ત્રણ જણા હતા, ત્યાં ઉભા રહી તેઓ એક બીજાની સાથે ધીરેથી વાતો કરવા લાગ્યા. એવી રીતે થોડીવાર તેઓએ કઇક ધીમેથી વાતો કરી લીધી અને પછી તેમાનો એક બીજાને ઉદ્દેશી કહેવા લાગ્યો. ભદ્રેશ! દિલદારનું મકાન આવી પહોચ્યુ.

"હા યાર, અને તેની સાથે મા'રૂં ભાગ્ય પણ ફરી ગયું.

"સુતલો વિશ્વેશ સ્પષ્ટ રીતે તેઓને ઓળખી ગયો અને ધ્યાનપૂર્વક તેમની વાત સાંભળવા લાગ્યો."

ભદ્રેશ! મા'રે તને હવે વધારે કહેવું તે ઠીક નહિ. પણ ન છૂટકે કહું છુ કે તુ તા'રી વૈરીનો હવે જેમ બને તેમ જલ્દીથી છૂટકો કરી નાંખ."

"વરૂણ! હુ નક્કી હવે તેને થોડા દિવસમાં વૈકુંઠ દ્વારમા પહોંચતી કરી દઇશ, પછી કાંઇ ?

"તો સમજજે કે તા'રો સંસાર સુધરી ગયો, પણ તે વખતે ખુબ સાવધ રહેજે હા. એવો તો ચાલાકીથી ઘા કરજે કે તેને બૂમ પાડવાનો વખતજ ના મળે."

' ખરૂં છે, જો કદાચ બૂમ પાડે તો વાત બગડે, માટે જોઇ વિચારીને ઘા કરજે "

"અરે કપટ અને વરૂણ! તમે શા માટે ફીકર રાખો છો! તેને તો ફક્ત એકજ ઘાની જરૂર છે."

"ત્યારે હવે આપણે ચાલીશુ ?"

"હાસ્તો! તમને ખબર નથી? કે હુ તમારી સાથે વાત કરૂ છુ પણ મા'ગ જીવતો પ્યારીની પાસે છે. કહી ભદ્રેશ તેઓ સાથે આગળ ચાલવા લાગ્યો. તેઓને આગળ વધતા જોઇ, અ ધારામા તેઓ મ'ને જોઇ શકશે નહિ ધારી વિશ્વેશે કૃતિમ બગાસુ ખાધુ સઘળા ચ્હેમાયા, ને ત્યા અટકી તપાસવા લાગ્યા. એટલામાજ તમના પગ વિશ્વેશના શરીરનો સ્પર્શ થયો. તરત વરૂણ ગજવામાથી ફાનસ કાઢી જોવા લાગ્યો. વિશ્વેશને સુતેલો જોતા તઓના ગુસ્સાનો પાર રહ્યો નહિ. લાગલોજ કપટ કમ્મરમાથી છરો કાઢી વિશ્વશના સામે ઉગામી પૂછવા લાગ્યો કેમરે હરામખોર! તુ કોણ છે, અને આ રસ્તા વચ્ચે કેમ સુતો છે?

"અરે કપટ! તુ શાને તેની સાથે નકામુ માથુ ફોડે છે. ઝટ ખોસી દેને છરો કે જેથી થઈ જાય પુરો. સાળાએ આપણી સઘળી વાત જાણી હશે!" વરૂણે કહ્યું.

"કેમરે અલ્યા! તેં અમારી વાત સાભળી છે ને? જો જુઠું બોલ્યો તો મુઓજ સમજજે?" કપટે દમ દઇ પૂછ્યું.

"નારે ભાઇ! મ્હેં તો તમારી કંઇપણ વાત સાભળી નથી. હુ તો મા'રા દુખથી અહીં ઉંઘી ગયો હતો, એવામા મને કોઇનો પગ અડવાથી જાગી ઉઠયો. આ મે તમને ખરૂં કહી દીધુ છતા જો તમે મ'ને મારી નાખવા ધારતા હો તો હુ ઘણીજ ખુશીથી મરવાને તૈયાર છુ. કારણુ કે હુ દુઃખથી ઘણાજ કટાગી ગયેલો છુ અને તેથી એક પળ પણ જીવવા નહિ ઇચ્છતાં મરવાને ઘણોજ આતુર છું. માટે મા'રા દયાળુ મહેરબાનો! તમે જેમ બને એમ જલ્દીથી આ તમારા હાથમાંનો ચળકતો છરો મા'રા પેટમાં ખોસી દઈ મને દુખથી મુક્ત કરો વિશ્વેશે . યુક્તિ અજમાવવા માડી.

"તેનુ એવું કરૂણાજનક બોલવું સાંભળી ત્રણે જણા આશ્ચર્ય પામી એક બીજાની સામે જોવા લાગ્યા બાદ થોડીવારે કઇક વિચાર કરી વરૂણસિહ પૂછવા લાગ્યો. અલ્યા તુ કોણ છે અને શામાટે મરવાને ઇચ્છે છે?

"ભાઇ! મા'રા કષ્ટની કર્મ કથા ઘણીજ લાંબી છે. અરે હાય! તે દુઃખદાયક વાર્તા યાદ કરતા આંખે અધારા આવે છે. મ'ને ઘણુજ દુઃખ ઉત્પન્ન થાય છે. ઓ મહેરબાનો! મને કઇ પણ નહિ પૂછતાં, મ'ને જલ્દીથી મા'રી નાખો."

"પણ તું તારૂં દુઃખ અમને જણાવતો ખરો?" કપટે કટાળી પૂછ્યું.

"મા'રૂં દુખ! હા મા'રૂ દુઃખ! જરૂર હુ તમનેજ કહીશ

પણ...પણ અત્યારે નહિ. મને મારી નાંખો યાતો તમારી સાથે લઇ જાઓ."

"તેનું આવું ભેદયુક્ત બોલવું સાંભળી તેઓ તેને દુ ખથી દિવાનો થએલો સમજવા લાગ્યા. અને પછી તેઓ એક બીજાની સાથે કંઇક વાતો કરી વરૂણ વિશ્વેશને કહેવા લાગ્યો. અલ્યા તુ અમારા સાથે આવીશ ?"

"હેં ! શું તમારી સાથે ? આવીશ, જરૂર આવીશ. વિશ્વેશે ઉભા થઇ જવાબ આપ્યો."

"અમે તને સુખી કરીશુ. ભદ્રેશે દયા બતાવી."

"ભલે, ભલે, હુ તમારો ઉપકાર કદી ભુલનાર નથી." બોલો મહેરબાનો ! હવે આપણે કયાં જવાનુ છે ?

"તેની તને હમણાં ખબર પડશે. પણ તુ આટલું ખાસ કરીને યાદ રાખજે કે, તુ અમારી સાથે આવી, જે જે તારી આંખ્યોથી જુએ, અને કાનથી સાભળે, તેમાંનુ કાંઇ પણ બહાર જવા પામે નહિ. ને જો તે લગીર પણ બહાર જવા પામ્યુ તો એમ સમજજે કે તારૂ આવી બન્યું.'

"મહેરબાનો ! તમે મારી તરફની લગીર પણ ફીકર રાખશો નહિ. મને પણ તમે જયારે અજમાવી જોશો ત્યારે ખબર પડશે કે માણસ કેવો લાયક છે."

'તારૂ નામ ?"

"રણછોડ.'

એમ !! ચાલ હવે. એમ કહી તેઓ તેને લઇ ત્યાંથી ચાલવા લાગ્યા અને ધારેલા મકાને આવી અટકયા. વરૂણે કમ્મ-

રેથી આંકડી કાઢી દ્વારને ખુલ્લું કર્યું. સઘળા અંદર દાખલ થયા, બાદ પુનઃ કપટે દ્વાર બંધ કરી દીધું. મકાનમાં સઘળે અંધારૂં ઘોર હતું, તેથી કોઇ કોઇનું મુખ જોઇ શકાતું નહોતું. ઘાડા અંધકારમાં તેઓ આમતેમ હાથ ફેરવતા આગળ ચાલવા લાગ્યા. એવી રીતે ચાલતા તેઓ એક છોગબંધ ચોકમાં આવ્યા, ત્યાં આગળ તેઓને સ્હેજ દીવાનો પ્રકાશ દેખાયો. એ પ્રકાશના અંધારે ચાલી તેઓ એક નાના ઓરડામાં આવ્યા. તે ઓરડામાં પ્રવેશ કરતાજ દીવાનો પ્રકાશ બંધ થઇ ગયો. પુનઃ ત્યાં અંધકાર ફેલાઇ રહ્યો. પવનનુ તો ત્યાં નામજ નહોતુ. સર્વના શરીરમાથી પરસેવાના રેલા વહેવા લાગ્યા. તેમની સાથે ચાલનાર વિશ્વેશ મોનતાથી સઘળુ નિરીક્ષણ કરતો હતો, તે હવે વિચારવા લાગ્યો કે, અરે! આ માણસો ખરેખર ખૂનીઓ અને હિમતબાજ છે. હુ તેમની સાથે હજી કાંઇપણ બોલ્યો નથી તેથી તેઓ વ્હેમાશે, માટે લાવ હુ તેમની સાથે કંઇક વાત કરૂં. આમ વિચારી વિશ્વેશ બોલ્યો મહેરબાનો! શુ આપણે આ ઓરડામાજ રહેવાનુ છે?

" ચુપ થા, કપટે તેનો હાથ દબાવી કહ્યુ."

વિશ્વેશ ચુપ થઇ ગયો, મૌન પથરાઈ ગયુ. તેઓ આ હવા ઉજાશ વિનાના ઓરડામાં કેમ ઉભા રહ્યા હશે, તેનો ભેદ વિશ્વેશ સમજી શકયો નહિ. એ અરસામા તો વરૂણસિંહે કંઇક છૂપા શસ્ત્રથી ઓરડાની આગળ જવાનુ ગુપ્ત દ્વાર ખુલ્લું કર્યું. ઘાડા અંધકારમાં તે ઓરડાની સામી ભીંતનો એક પથ્થર સરસર અવાજ કરતો જમીનમાં ઉતરી પડયો. અને તેની

સાથેજ આશ્ચર્યને આજી નાંખે એવો ઝગઝગતો પ્રકાશ જણાયો વિશ્વેશ આવું જોતાંજ કેવળ આશ્ચર્ય ચકિત્ બની ગયો. તેઓ હવે એ ખુલ્લા થયેલા દ્વારમાં થઇને ઝગઝગતા પ્રકાશવાળા એક દિવાનખાનામાં આવ્યા. ત્યાં આગળ ઉપર જવાને એક સુંદર દાદર આવેલો હતો, તે દાદરની પાસે બે સુદર બાળાઓ ઉભી રહેલી હતી. તેમને જોઇ કપટ આગળ વધી પૂછવા લાગ્યો. મોહિની! તારા બાઇ આ સમયે ક્યાં છે?

"ઉપરના શૃગારેલા દિવાનખાનામા. કોમળ સ્વરથી તે સુંદર બાળાએ જવાબ આપ્યો."

"ત્યા બીજુ કોઇ છે?" પુન: વરૂણે પૃછ્યુ.

"હા, કહી તે ચતુર પરિવ્રાજીકા નવિન વિશ્વેશને નિહાળી નિહાળી જોવા લાગી તેના જોવાનો ભાવાર્થ સમજી વરૂણ આગળ વધી તેને હૃદય સાથે દાબી કહેવા લાગ્યો. મોહિની! તે આપણોજ માણસ છે."

'જો એમ હોય તો ઘણુજ સારૂં." કહી એક કાતિલકટાક્ષ ફેંકી મોહિની દૂર જઇ ઉભી. બાદ કપટે ફરીથી બીજી ઉભેલી બાળાને પૂછ્યું રંભા! બાઇની સાથે ઉપર બીજું કોણ છે?

"સરદાર બહાદુર પધાર્યા છે" રંભાએ જણાવ્યુ."

"એમ! તો આમ પાસે આવ, કહી વરૂણે તેને પાસે ખેંચી તેના કાનમા કંઇક કહ્યુ."

"સરદાર બહાદુરના નામથી વિશ્વેશ તુરત સમજી ગયો કે તે સરદાર બહાદુર બીજો કોઇ નહિ પણ અજીત હોવો જોઇયે. હવેજ મને ખબર પડી કે આ મકાનમા પ્રથમ પ્રવેશ કરનાર

અજીત અને તેના માણુસોજ હોવા જોઇએ. ઠીક છે, જે હશે તે હમણાં જણાઇ આવશે. આમ વિચારતો વિશ્વેશ આજુબાજુનો દેખાવ જોવા લાગ્યો."

કપટની છાની વાત સાભળી રભા તેની પાસેથી ખસી ભદ્રેશનો હાથ પકડી દાદરના પગથીયા ચઢવા લાગી. તેની પાછળ કપટ, વરૂણ અને વિશ્વેશ ચાલવા લાગ્યા. જયારે તેઓ દાદરના છેક છેલ્લે પગથીએ આવી પહોંચ્યા કે તુરત તેમને કાને એક ઝીણી ઘટડી વાગવાનો અવાજ સભળાયો. ઘટડીનો અવાજ સાભળી સઘળા ત્યા અટકીને ઉભા રહ્યા. આખરે ઘટડી વાગતી બધ થઇ અને ઉપરથી અવાજ આવ્યો. કોણ આવે છે?

' સમસ્યા."

"ખુશીથી પધારો."

આજ્ઞા મળતા સઘળા ત્યાથી ચાલવા લાગ્યા અને થોડી વારમા તો તેઓ એક સુદર દિવાનખાનામા આવી પહોંચ્યા

પ્રકરણ ૨૭ મું.

આશ્ચર્યકારક ઘટના.

કૃતિ વિલક્ષણ સૃષ્ટિની, પાપીનો વિશ્વમાં વ્યાપાર છે,
અધમો સુખમાંહિ ફરે, ધર્મિજનો દુઃખમાં દટાય છે

આહા ! શું સુંદરતા ! એ શણગારેલા દિવાનખાનામાં આંખોને આંજી નાખે એવા દિવાઓનો પ્રકાશ ઝગઝગી રહ્યો હતો. દિવાનખાનાની એક તરફ એક નાનકડો સુંદર છત્રપલંગ બીછાવેલો હતો, તેમાં આ સમયે એક સુંદર કોમળાંગી રમણી તેના નાજુક હાથથી સુશોભીત પંખો ધીમે ધીમે આમ તેમ હલાવતી સુતી હતી તેના પલંગની પાસે એક વિરામાસનપર અજીતસિંહ બેઠેલો હતો, અને નીચે પાથરેલી શેતરંજી પર તેના વફાદાર સરદારો બેઠેલા હતા. ભદ્રેશ વગેરેને જોઇ સુતેલી રમણી એકદમ પલંગમાંથી નીચે ઉતરી ને મંદગતિથી ચાલતી તેમના સામે ગઇ. ચપળ ચક્ષુઓના ચાળા કરતી તે રમણી ભદ્રેશની પાસે ગઇ અને રંભાના હાથમાંથી તેનો હાથ પોતે પકડી હસતી હસતી પલંગ પાસે લઇ આવી. ઘણાજ માનથી ભદ્રેશને પર્યંકપર સ્થાન આપી, તેના કંઠમાં પોતાનો

હાથ નાખી તે રમણી તેની પાસે બેઠી. વરૂણ કપ્ટ અને વિશ્વેશ પણ પાસે પડેલી ખુરશીયોમાં ગોઠવાઇ ગયા. વિરામાસનપર પડેલો અજીત નવિન આવેલા વિશ્વેશને ધારી ધારી જોતો હતો. એવી રીતે ઘણીવાર સુધી તેને જોઇ અજીતે તેના વિષે પાસે બેઠેલા કપટને ધીમેથી પૂછયું. કપટે તમામ હકીકત અજીતને કહી સંભળાવી. એટલામાં આસપાસ નજર ફેરવી વરૂણસિંહે પ્રશ્ન કર્યો. આજે ગુરૂશ્રી કેમ જણાતા નથી ?

"તે આજે અગત્યના કામ માટે મણીપુર ગયા છે."

"એવા કયા અગત્યના કામ માટે ?"

"આપણા પેલા...કામની ખાનગી તપાસ માટે.'

"સાંભળ્યું છે કે આવતા માસમાં શૈલેશના લગ્ન થનાર છે !' કપટે નવી વાત સંભળાવી.

"હે શું સત્ય વદો છો ? અજીતે ઉછકેરાઇ પૂછયું."

"હા, આવતા માસની આઠમના દિવસે પૂર્ણ ઠાઠથી રાજકુમારની સ્વારી મણીપુર જવાની છે, ને તેથી આજકાલ નગરમાં ઘણીજ ધામધુમ ચાલી રહી છે."

ઓહ! આ હું શું સાંભળું છું! શું દિવ્યપ્રભા શૈલેશની થશે ? અજીત વિચારમાં પડયો. ના, ના, પ્રાણાંતે તેમ થવા દેનાર નથી. હું લગ્ન થતાં પહેલાંજ શૈલેશને મા'રી ભયંકર ક્રોધની જ્વાળામાં બાળી ભષ્મ કરી દઇશ. હા....શૈલેશ! ઓ નિર્માલ્ય શૈલેશ! આ અજીતની તરવારના ભોગ થનાર શૈલેશ! હું તને હવે કદાપિ આ સંસારમાં જીવતો રહેવા દેનાર નથી. તારૂં કે મારૂં અવશ્ય મૃત્યુ થવું જ જોઇયે. તારા લગ્નની વાત

સાભળતાંજ મા'રા શરીરમા આગના ભભુકા ઉડે છે. હા મારો શિકાર શુ તુ મેળવીશ? શું તુ દિવ્યપ્રભાને તા'રી કરીશ? ના, ના, ઓ મુખેના સરદાર! તેમ થતા પહેલા તો હું તને જમીન દોસ્ત કરી નાખીશ. વિચારમા ક્રોધાવેશથી અજીત કપવા લાગ્યો તેની એવી સ્થિતિનું અનુમાન કરી કપટ અને વરૂણ તેને ત્યાથી દૂર લઈ જઇ એક વિરામાસનપર બેસાડી શાન્તિદાયક શબ્દોથી શાન્ત કરવા લાગ્યા. પ્રપ ચી વિશ્વેશ તેની ચાલાક નજર ચારે તરફ ફેરવતો સઘળી ચર્ચા નિહાળતો હતો

પેલી તરફ ભદ્રેશને પલ ગપર લઇ બેઠેલી સુદરી મ દમ દ હસની હસાવતી ભદ્રેશને પૂછવા લાગી વ્હાલા! આજે અહિં આવતા આટલી બધી વાર કેમ લાગી? હુ તો તમારૂ નામ જપતી થાકી ક ટાળી ગઇ.

પ્રિયા! વાર તો સ્હેજ લાગી, તારૂ મન મા'રી પાસે અને મા'રૂ જીગર તા'રી પાસે. એટલે એક બીજાની માળા જપાય એમા શુ નવાઇ! દિલદાર! તેમ આજે ઘરમા પણ સ્હેજ તક-રાર થઇ, જોઇતુ હતુ ને થયુ. એ પ્રમાણે ઘરમાંની બબુચકને ધમકાવી ચાલ્યો આવ્યો, તેમા આટલી લાગી વાર, સમજી મારી દિલદાર! મનમોહિની! તારા સમાન અપૂર્વ લાવણ્યવાળી રમણી મ્હે હજી કયાય પણ નિહાળી નથી. તારા કામણ કરનારા કારમા કટાક્ષથી હુ આકુળ વ્યાકુળ બની ગયો છુ.

પ્રાણ નાથ! હુ પણ તમારૂ મોહક મધુરૂ રૂપ જોઇ દિવાની બની ગઇ છુ, શું કરૂં કે ઇશ્વરે મને ગણિકાનો અવતાર આપ્યો છે ને તેથી મનમાં રોજ ઝુરૂં છું રસિલા! હુ તમારા સમાન

આ પૃથ્વી પર કોઇને જોતી નથી. આ દાસી હુવે સદાની તમારી છે મારૂં તન મન અને ધન આપજ છો. મ.રા શિરતાજ ! પણ જોજો આ દાસીને દગો દઇ તરછોડતા નહિ.

વ્હાલી મધુમુખી ! તું આ'વા વિચારો શાને કરે છે ? શું હુ તારો ત્યાગ કરીશ એમ તું ધારે છે ? શું હાથમા આવેલુ અમૃત ઢોળી દઇશ ! અને આમ્રવૃક્ષ તજી શું બાવળનો આશ્રય કરીશ ? નહિ, કદાપિ નહિ. પ્રિયતમા ! આ પ્રાણ છે ત્યા સુધી તો હુ તને છોડનાર નથી. મારા જીગર ! તુ તો મારૂં સર્વસ્વ છો.

"પ્રાણનાથ ! અમે ભોળી અબળાઓ, વિશ્વાસ મૂકતાં જરીક પણ વાર ન કરીયે. તમારા પુરૂષોના જીવ ભટકતા, એટલે વિશ્વાસ આવતા નથી. વળી તમારે સ્વરૂપવાન સ્ત્રી છે, એટલે મ'ને ચિન્તા થાય છે."

"પ્રિયે ! લે આ મા'રૂં વચન છે કે, જીંદગી પર્યંત હુ તને તજનાર નથી મારે સ્ત્રી છે પણ તે તા'રા સમાન નથી ક્યાં હંસણીને ક્યા કાગડી ! વ્હાલા ! ઇશ્વરને ત્યા અન્યાય છે તે તો જો ! કે ! મા'રા જેવા શ્રીમંત, રંગીલા, લાલ, જુવાનને માટે એક ઓથડ જેવી નારી બનાવી, પણ તે પરમેશ્વરની મો'ટી ભુલ હવે મ્હે સુધારી છે. અને તે ઓથડ બાળાનો ત્યાગ કરી તા'રી સાથે સ્નેહ ગાઢ બાધી છે. તેથી હવે મા'રો આ સંસાર સ્વર્ગ સમાન શોભી રહેશે.

"વ્હાલા ! તમે હમેશા અહિં આવશો, ને તે ત્યા નિસાસા નાંખશે તો ?" મધુમુખીએ મુદ્દાની વાત ઉપાડી.

"તેની પણ ગોઠવણ મ્હેં ધારી મૂકી છે."

" શું ગોઠવણુ કરવા ધારી છે!

" તેને યમનગર તરફ રવાને કરવાનુ ધાર્યું છે ? "

" શુ તમે પોતેજ તેનું ખૂન કરશો ? "

" હા, એમાં શું નવાઇ ? '

" હાશ ! હવે મ'ને શાન્તિ થઇ. વ્હાલા ! હુ પણ તમને એ કામમા મદદ કરવા તમારી સાથે આવીશ. કારણ કે હવે હું તમારાથી જરાપણ દૂર રહેનાર નથી. પ્રાણનાથ ! તે કામ કયારે કરવું છે ?

" તું કહીશ ત્યારે "

" બહુ સારૂં. વ્હાલા ! આપણે તમારી સ્રીનુ કામ પુરૂ કરીશું અને પછી આ તમારા મિત્રો આપણા પેલા ધારેલા....કામ પુરા કરશે. કહો વ્હાલા ! તે સર્વ કામ થઇ ગયા પછી આપણા આનદનો કઇ પાર રહેશે કે ? "

" પ્રાણેશ્વરી ! આપણા આનદની તો અવધિજ નથી. દિલદાર ! મા'રા પ્રેમના બદલામા હુ તને આ સમયે આ માણી-મય હાર આપુ છું તેનો સ્વિકાર કર. કહી ભદ્રેશે તેના કઠમાનો કિંમતી હાર મધુમુખીના કઠમા પહેરાવ્યો. બાદ દૂર બેસી વાતો કરતા કપટ અને વરૂણને પાસે બોલાવી કહેવા લાગ્યો. મારા હિતેચ્છુ મિત્રો ! તમે પણ મારા માટે મહેનત કરવામાં કાંઇ પણ બાકી રાખતા નથી, તમેજ મને આ સ્વર્ગની રભાનો મેળાપ કરાવી આપી ભાગ્યવાન બનાવ્યો છે. તમેજ મને કંટક-માંથી કાઢી ગુલાબ કળીનો ભોક્તા બનાવ્યો છે. તેને માટે હુ તમારો ઉપકાર કદી ભુલનાર નથી

આપ ગુણવાન છો, આપના વિના અમારા ગુણની કદર કરનાર આ સૃષ્ટિમાં કોઇ છેજ નહિ વરૂણે કહ્યું.

મિત્રો! આ સ્વર્ગની અપ્સરાના મેળાપના બદલામાં હુ તમારી પર ખુશ થઇ મારો એક મહેલ કે જે અમરાવતીના મધ્ય બજારમાં આવેલો છે તે હુ તમને બક્ષિસ લખી આપુ છું. તેનો ઉપયોગ તમારે બન્ને જણાએ કરવો. ભદ્રેશે કુલાઇ કહ્યું.

"ધન્ય છે, ધન્ય છે, આપના જેવા કદરદાન શેઠને." કપટ બોલી ઉઠયો.

આખી પૃથ્વીમા કદર કરનાર અને મિત્ર ધર્મ બરાબર જાણનાર ભદ્રેશશેઠ સિવાય કોઇ છે જ નહિ. વરૂણે વિશેષ ચડાવ્યો.

મિત્રો! મા'રી રોકડ મિલ્કતનો તો નાશ થયો એ તો આપ સર્વ સારી રીતે જાણો છો, પણ તેથી તમારે બિલકુલ ગભરાવુ નહિ. હજી આપણી પાસે વાડી વજીફા વગેરે થઇને સારી કિંમતની સ્થાવર મિલ્કતો છે, તેમજ પેલી બુડથલની પાસે ઘરમાં પણ સારો માલ છે તે શુ કામનો છે? મિત્રો! હુ તમને ગરિબી હાલતમાં નિહાળી ઘણોજ દિલગીર થાઉ છુ. ભદ્રેશે દયા દર્શાવી.

સાંભળ્યું! મારા વ્હાલા તમારી કેવી કદર સમજે છે! બરે! એ જેવા રૂપવાન છે એવા દયાળુ પણ છે. મધુમુખીએ વચમાં ઉમેર્યું.

દિલારામ! એ સઘળો પ્રતાપ આ તારા ચદ્રવદનનોજ છે. તારા રૂપમાં અંજાઇ હુ દિવાનો થયો છુ. પ્રિયતમા! તને પણ હું જે આપું તે ગોછુંજ છે કહી ભદ્રેશે તેના કંઠમા

હાથ નાખ્યો.

રસીલા ! હું તો ફક્ત તમારા પ્યારનીજ ભુખી છુ. મ'ને તો તમે મળ્યા એટલે સોનાના પર્વતો ફળ્યા, અને તમ.શે પ્રેમ એજ બસ મારા મનનો નેમ. મધુમુખીએ પ્રેમ બતાવ્યો.

વ્હાલી ! હવે લગીર પેલુ લાવો તો ઠીક પડે. ભદ્રેશે કહ્યું.

હા, એતો હું ભુલી ગઇ, રંભા ! શરાબ લાવ. મધુમુખીએ રંભાને દારૂ લાવવા સૂચવ્યુ.

" સબુર ! ગુરૂમહારાજ તો અંત્ર નથીને ? "

" ના વ્હાલા. તેઓ આજે આવનાર નથી. "

" સારૂ, તો લાવો હવે. ભદ્રેશે આજ્ઞા આપી."

ઉશ્કેરાયેલો અજીત પણ આખરે શાન્ત થઇ મંડળમા આવી બેઠો હતો તે ભદ્રેશની ભોળાઇથી મનમા તેની મશ્કરી કરતો હસતો હતો. વિશ્વેશ પણ એક જગાએ શાન્તિથી બેસી ત્યાંની લિલા અવલોકતો હતો. એટલામા રંભા દારૂની બાટલી લાવી ત્યા મુકી ભદ્રેશને પંખાથી પવન નાખવા લાગી વચ્ચે પડેલી બાટલીમાથી ઝેર સમાન ચળકતો રક્ત પ્રવાહિ એક પ્યાલામા કાઢી, પોતાના નાજુક હાથથી ભદ્રેશને આપતાં મધુમુખી કહેવા લાગી. લ્યો વ્હાલા ! આ અમૃતનુ પાન કરો.

" લાવ દિલદાર ! તારો પ્યાલો દેવને પણ દુર્લભ છે. કહી ભદ્રેશ પી ગયો.

" લ્યો આ બીજો. "

" બસ ! હવે નહિ. "

"શું મારો હાથ પાછો ઠેલશો ?"

અરે એમ તે હોય! લાવ. કહી ભદ્રેશ પરાણે બીજો પ્યાલો ગટગટાવી ગયો. બાદ સર્વ મંડળમાં તેનો યથેચ્છ, ઉપયોગ થવા લાગ્યો. આમા અજીતે તેનો બીલકુલ લાભ લીધો નહિ આવી રીતનુ ત્યાં થતુ કાર્ય નિહાળી વિશ્વેશ મનમાં વિચારવા લાગ્યો કે–ખરેખર! આ ભદ્રેશ ભોળો છે, દુષ્ટ મિત્રોની સંગતથી તેને પુરેપુરી રંગત લાગેલી જણાય છે. ગુરૂજીની આજ્ઞા છે કે ગમે તેમ કરીને દુષ્ટોના પંજામાંથી તેને બચાવવો. પણ તેની તરફ નજર કરતાં તેને હાલ બચાવી શકાય એમ નથી. અહા! કેવા કુકર્મી મિત્રો આ સૃષ્ટિમા ઉત્પન્ન થાય છે ? ધિક્કાર છે આ સવ નાદાનોને કે જેનુ તેઓ ખાય છે, હા, તેનુંજ તેઓ સર્વ નાશ કરવા ઇચ્છે છે. ઓ! મિત્રને પોતાની જાળમાં જકડી તેનુ નાશ કરવા ઈચ્છનાર કુલાંગાર દોસ્તો! કે જેનાથી તમો સુખ પામી મોજમઝા ઉડાવો છો તેનોજ વિનાશ કરવા ઈચ્છો છો ? જે શિતળ છાંયાથી તમે સુખી થાઓ છો, તેજ શિતળ વૃક્ષનો સદંતર નાશ કરવા ઇચ્છો છો ? ઓ સ્વાર્થાંધો! તમારાથી તો તરવારનો ઝટકો મારી પ્રાણ હરનારો ખૂની હજાર દરજ્જે ઉત્તમ કહેવાય હા ...ખરેખર! આ કુકર્મી કુટિલ મિત્રો! આ ભદ્રેશને આખરે પાયમાલ કરશે. કારણ કે આ ભોળોયારાજાને સમજ નથી કે આ તેના મિત્રો ફુંકી ફુંકીને કરડી ખાનારા સ્વાર્થાંધ ઊંદરો છે. ઓ અંધ થયેલા ભદ્રેશ! મને તારૂં ભાવી વિપરીત ભાસે છે. કારણ કે આ દુનિયામાં ખરાબીનું મુળ મદિરાનું પાન. ગુણિકાનું ગાન અને કુટિલ મિત્રોના

સહવાસનું માન," એજ સર્વ નાશનુ કારણ છે. જે મનુષ્યને એ ત્રણે ચીજનો સંસર્ગ હોય, તે જીવતાંજ મુઆ સમાનજ છે. આ મૂર્ખ ભદ્રેશનુ ભવિષ્યમા સર્વસ્વ પાયમાલ થઇ જશે. હર, હર, હર, કેવું વિપરીત કાર્ય ! તે મૂર્ખનો શિરોમણી ! વળી પાછો તેની પત્નિનો નાશ કરવા કબુલ થયો છે હા....પ્રાણસમાન પ્રિય અમૃત સિંચનારી પતિવૃતા પત્નિનો ઘાત કરતાં, ઓ ભદ્રેશ ! શું તને લગીર પણ દયા ઉત્પન્ન નહિ થાય ? ગરિબ બિચારી રંકબાળા પાપી ભદ્રેશના પ્રતાપે અકાળે મરણને શરણ થશે ઓ ઇશ્વર ! શું થનાર છે અને શુ થશે. એની મને કાઇ સમજ પડતી નથી. પ્રભો ! આ કેવા ધર્મ સંકટો ? વિશ્વેશ વિચારમા ગરકાવ થઇ ગયો. એટલામાં વરૂણસિંહ એક પ્યાલામાં મદિરા લઇ વિશ્વેશની પાસે આવ્યો. અને તેને તેનું પાન કરવાનું કહેવા લાગ્યો. વિશ્વેશ વિચાર માંથી જાગ્યો, મદિરાને જોઇ ચમકયો ને પુન. ઢોંગ શરૂ કર્યો. આ પ્યાલામા છે શુ ?

"અમૃતપાન" વરૂણે કહ્યુ.

"અમરત એટલે ? વિશ્વેશે પૂછ્યુ."

"હવે પીને પીતો હોયતો છાનો માનો, આનુ નામ શરાબ."

"એમ કે ! હા....હવેજ મને યાદ આવ્યુ. મારા બાપા મરી જતે જતે મને કહેતા ગયા હતા કે "જે પીએ શરાબ તે થાય ખરાબ" તેજ આ શરાબ મારા મહેરબાન. માટે હુ તો આ નહિ પીઉ.

"અલ્યા ગાંડીયા આ તો મદિરા."

હું ! મદિરા ? તેનુ પણ કહ્યું હતું કે જે પીએ મદિરા ! તેનું માંસ પણ ન ખાય ગીધડાં. માટે તે પણ મને ના ખપે.

ભોગ તારા. કહી વરૂણ તે પ્યાલો ગટગટાવી ગયો.

અલ્પ સમયમાં તો સઘળા ચકચુર બની ગયા માદ દૂર બેઠેલા અજીતે બોલવાની શરૂઆત કરી. કપટસેન ! બોલ્યા કાગળમા ભદ્રેશની સહી કરાવો લે.

સત્યાનાશ ! એ કાગળ વળી શાનો હશે ? વિશ્વેશ મનમા બોલી ઉઠયો.

કપટે બક્ષિશનામાનો અગાઉથી લખી રાખેલો કાગળ ભદ્રેશના હાથમા મૂકયો. મધુમુખીના કૃતિમ પ્યારમાં લુબ્ધ થયેલો ભદ્રેશ કાગળ જોઇ કપટન કેવા લાગ્યો. કપટ ! તું જેવો ચતુર છે તેવો મૂર્ખ પણ છે. આ અત્યારે સ્વર્ગસુખમાં શુ કાગળને બાળવો છે ? લે આ સહી બાપી ! બોલ હવે કાઇ ? ભદ્રેશે સહી કરી કાગળ પાછો આપતાં પૂછયું.

તારૂ આખુ જીવતર સળગી ગયું નાદાન ! વિશ્વેશ મનમ બોલી ઉઠયો. કપટે કાગળ અજીતને સોંપ્યો, અજીતે ને કાગળ સંભાળી ખીસ્સામા મૂકી દીધો.

' કાં ઠાકોર ! હવે શુ નિશ્ચય કર્યો ? કપટે નિશાના તાનમાં પૂછ્યુ

નિર્ણયમા લગ્ન પ્રસંગે મણીપુર જવાનુ ને ત્યા સમય મળે જોર અજમાવવાનુ. વારૂ તમે તો તૈયાર છોના ?

" હા, નામદાર. "

"ત્યારે હવે એજ કામમાં ધ્યાન આપીએ."

"બ્હેનને બોલાવીશુ ?"

"હા, તેના આશિર્વાદની ખાસ જરૂર છે."

અજીતની આજ્ઞાનુસાર કપટ ઉભો થયો, અને ત્યાંથી થોડેક દૂર જઈ એક છૂપી ચાપ દબાવી, ચાંપ દબાવતાંજ એક ઝીણી ઘટડી વાગવાના અવાજ શરૂ થયો અને તે અવાજની સાથે એક લાકડાનુ પાટીયુ જમીનમા સરીજતુ માલમ પડયું. અલ્પ સમયમા તો એ થયેલી જગામાં એક બીજું પાટીયુ ઉપર ખેચાઈ આવ્યુ. તેની ઉપરથી એક રમણીય રમણી હંસ ગતિથી ત્યા ચાલી આવી.

ભવાનિ સમાન તે સુદર બાળાને જોઇ ત્યા બેઠેલું મંડળ ઉભુ થઇ નમન કરવા લાગ્યુ. આવનાર બાલિકાને માટે ત્યાં એક સુવર્ણ સિંહાસન તૈયાર હતુ, એ ત્યા ખેચી લાવવામાં આવ્યુ. ઉભા રહેલા મડળને નીચે બેસવાનુ કહી તે બાલિકા સિહાસન પર વિરાજમાન થઇ.

તે રમણીને જોતાં વિશ્વેશ તો કેવળ દિઙમુઢ જેવો બની ગયો અને તેને ઓળખી મનમાજ બુમ પાડી ઉઠયો. અરે! આ શો બનાવ? આ શુ વિશ્વપ્રભા! ના, ના, મારી ભુલ થાય છે, હુ ભાનભુલુંછું. આ તો પ્રથમ મળેલી બાળા કૈલાસકુમારી! આશ્ચર્ય! આ શેતાનોના આવાસમાં આ રમણી રત્ન કૈલાસ ક્યાંથી?! આમ મનમા બોલતો વિશ્વેશ કૈલાસને ધ્યાન પૂર્વક જોઇ રહ્યો.

કૈલાસના સિહાસનની આગળ સર્વજણા કુંડાળુ વળી

બેસી ગયા. શાન્તિ ફેલાઇ રહી. ગાદ આખરે તે શાન્તિનો ભંગ કરી રૂપાની નાનકડી ઘંટડીમાથી નીકળતા કોમળ સુરની માફક કૈલાસ ધીમે સાદે અજીતને પૂછવા લાગી. મને કેમ બોલાવવામાં આવી છે ?

બ્હેન ! કાલથી અમારે એક મહાન કાર્યનો આરંભ કરવાનો છે, ને તેમાં આપનાં આશિષ વચનની જરૂર છે. અજીતે માથુ નમાવી જવાબ આપ્યો.

વીર અજીત ! મારો આશિર્વાદ છે કે તમને સર્વેને સદા શુભ કાર્ય કરવામાં વિજય પ્રાપ્ત થાઓ, પણ વારૂ આજે પિતાશ્રી કેમ જણાતા નથી ?

તેઓ આજે અગત્યના કામ માટે મણીપુર ગયા છે.

મારા સાંભળવામા આવ્યુ છે કે હવે થોડા દિવસમા શૈલેશકુમારના લગ્ન થનાર છે. કૈલાસે વિશ્વેશના સામે દ્રષ્ટિ કરી અજીતને પૂછ્યુ.

કૈલાસને પોતાની તરફ જોતી જોઇ વિશ્વેશ ગભરાયો, અને કૈલાસ હમણાંજ મને ઓળખી મારો ભેદ ભાગી નાંખશે ધારીને તે આડુ જોવા લાગ્યો. પેલી તરફ કૈલાસના પ્રશ્નમાં અજીતે "હા મે પણ સાભળ્યું છે" એમ જવાબ આપ્યો. પુનઃ કૈલાસે પ્રશ્ન કર્યો અજીત ! નવો નિમાયેલો સેનાપતિ વિશ્વેશ હાલમા કયા છે ?

પ્રશ્ન શ્રવણ કરતાજ વિશ્વેશને ધ્રુજારી વછુટી, કૈલાસ નક્કી મને ઓળખી ગઇ અને હવે ભેદ ખુલ્યો થતાજ મારૂં આવી બન્યું. આમ શોચતો વિશ્વેશ દયાર્દ્ર નેત્રે કૈલાસની સામુ

જોવા લાગ્યો. તેના જોવાનો ભાવાર્થ કેલાસ સમજી ગઇ અને તેથી તેને શાન્તિ રાખવા સંજ્ઞા કરી. વિશ્વેશનો ગભરાટ દૂર થયો.

કાં અજીત ! મારા પ્રશ્નનો જવાબ ન આપ્યો કે ? ફરીથી કૈલાસે પૂછયુ.

ભગિની ! તે સેનાપતિ હાલમાં જણાતો નથી, પણ હુ તેને આખરે તો છોડનાર નથીજ. બોલો બ્હેન ! હવે આપની બીજી કાંઇ આજ્ઞા છે ? અજીતે પૂછ્યુ

હા ! પેલા ભયંકર ભોયરાની કોટડીમા કેદ કરેલા રાજકુમાર અને રાણી સુલોચનાને તુ બંધનમુકત કરીને રાખે તો બહુ સારૂ કારણ કે તેમનુ હૃદયભેદક કલ્પાંત મારાથી સાંભળી શકાતુ નથી.

બહુ સારૂ, હુ તેઓને તમારી આજ્ઞા મુજબ બંધનમુક્ત કરીને ત્યાં રાખીશ.

વોરા ! ત્યારે હવે હુ રજા લઉંછુ, કહી કૈલાસ જવાબનો રાહ જોયા સિવાય આસનપરથી ઉભી થઇ અને વિશ્વેશની સામે તિક્ષણ કટાક્ષ ફેંકો, મૃદુ મૃદુ હસતી ત્યાંથી ચાલતી થઇ. સર્વ જણા ઉભા થઇ તેને માનપૂર્વક જવાના દ્વાર સુધી વળાવી આવ્યા. કૈલાસ આવી હતી એ રસ્તે થઇને અદ્રશ્ય થઇ ગઈ. જમીનમાં ઉતરી ગયેલું પાટિયું પુન તેની અસલ જગાએ આવીને ગોઠવાઇ ગયું. કૈલાસના ગયા બાદ અજીત વિશ્વેશને કહેવા લાગ્યો. રણછોડ ! હુ તને પણ એક કામ સોપવા ધારૂંછુ અને જોઉ છું કે તુ તે કેવી વફાદારીથી બજાવે છે ?

નામદાર ! વિશેષ શું કહુ ? આપ મને અજમાવી જોશો

એટલે તરત ખાત્રી થશે.

ઠીક, જો સાંભળ! તારે હવે આ મધ્રમુખી બાઈ પાસે રહેવું ને તે બતાવે તે કામ કરવુ, બોલ, તું અહિં ક્યારથી રહેવા માગે છે?

એક મહિનામા થોડા દિવસ રહેશે કે તુરતજ હુ અહિ રહેવા લાગીશ.

સારૂં, જ્યારે તને અહિ રહેવાની મરજી થાય ત્યારે રાતના સમયે તુ આ મકાને આવજે, અને દ્વાર સમિપે ફરતા સિપાઇને "સમશ્યા" શબ્દ સભળાવજે, કે જેથી તુરત તે માણુસ તને આ બાઇ પાસે હાજર કરશે સમજ્યો?

"હા નામદાર!"

"તારે કઇ પૈસા બૈસા જોઇએ છે?"

"સરકાર! મારે થોડાક પેસાની જરૂર તો છે!"

"કેટલા રૂપિયાની જરૂર છે?"

"આઠ દશ આનાની."

તેની મૂર્ખાઈથી અજીત હસ્યો ને ખીસ્સામાંથી એક સુવર્ણ મહોર તેને આપી. વિશ્વેશ ખુશી થવા જેવો ડોળ કરવા લાગ્યો.

તે પછી અજીતે કરવા ધારેલા કામની સૂચના સર્વેમ ડળને કરી, ત્યાથી જવાને ઉભો થયો. સર્વ મ ડળ પણ તેની પાછળ જવાને ઉભું થયુ, ભદ્રેશે તો ત્યાજ રહેવાનુ પસદ કર્યું રાત્રિના પાછલા પ્રહરનો સમય ચાલતો હતો, એવા વખતે આ કાળાં કૃત્યોના કરનાર નિશાચરો મકાનની બ્હાર નિકળ્યા અને કોઇની દ્રષ્ટિ પડે નહિ એમ ગલીકુચીઓમાં ભરાતા છૂપાતા ચાલવા લાગ્યા.

તેમની પાછળ વિચાર વમળમાં ઘસડાતો વિશ્વેશ પણ ચાલતો હતો, અ દરના રહસ્યનુ તે મનમા ધ્યાન પૂર્વક મનન કરતો હતો. ખરેખર! અજબ ચમત્કાર! મારે આ ભેદ ખોળ વાને મહાન આફતમાં ઉતરવું પડશે, તેમજ કદાચ એક ભયંકર લડાઇ પણ લઢવી પડશે, આમ વિચાર કરતો વિશ્વેશ સર્વની સાથે દરવાજાની બહાર નિકળ્યો, બાદ તેને નગરમા પાછા જવાની સૂચના કરી અજીત સર્વ મ ડળ સાથે તેઓના સ્થળ પ્રત્યે જવા એક ઘીચ ઝાડીમા થઇને ગમન કરવા લાગ્યો.

તેઓનાથી છૂટો પડી વિશ્વેશ પુન: પ્રથમની ગલીમા આવ્યો ને મકાનની નજીકની ઝુ પડીમા છૂપાવેલી વસ્ત્રની પોટકી લઇ તેમાંથી કાળો ઝબ્બો કાઢી બદનપર ઓઢી પોતાના મહેલ તરફ ચાલ્યો.

વિશ્વેશ મહેલમા આવી, વસ્ત્ર બદલી પ્રભુનુ સ્મરણ કરી આખરે નિદ્રાધિન થઇ ગયો.

પ્રકરણ ૨૮ મું.

લગ્ન અને પાપીઓનો પ્રપંચ.

ઢંકાયો ઢાંક્યો નવ રહે, જેમ વાદળમાં સૂર્ય
છૂપો છાનો નવ રહે પ્રતાપિ સદ્ગુર

અમરાવતી નગરમાં આજે આનંદ પ્રસરી રહ્યો છે પ્રજાજનો ભભકાદાર પોશાક પહેરી પૂર્ણ આનંદથી આમ તેમ મ્હાલતા હતા. રાજ્યમાર્ગ વિધવિધ રંગોની ધ્વજા પતાકાઓથી દેદિપ્યમાન જણાતા હતા. આ બધી ધામધુમનું કારણ એ હતું કે આજે મંગળકારી અષ્ટમીનો દિવસ છે ને તેથી અમરાવતીના પાટવી શૈલેશકુમારના લગ્ન મણીપુરના મહારાજા વિરબાહુની કન્યા દિવ્યપ્રભાની સાથે થનાર હોવાથી; સર્વત્ર આનંદ થઇ રહ્યો હતો. અમરાવતીના વિશાળ મેદાનોમાં લગ્નમાં ભાગ લેવાને આવેલા રાજા મહારાજાઓના રંગ બેરંગી તંબુઓ શોભી રહ્યા હતા. રાજ્યમાર્ગને પણ નુતન પ્રકારની ધ્વજા પતાકાઓ સાથે આસોપાલવના તોરણોથી શણગાર્યો હતો. સાંજના પાછલા પહોરે સ્વારી ચઢીને મણીપુર જવાની હતી ધીમે ધીમે સ્વારીનો સમય થવા આવ્યો, રાજા, મહારાજા, સરદારો, ભાયાતો અને નગરના પ્રતિષ્ઠિત જનો તૈયાર થઇ રાજમહેલ તરફ ગમન કરવા

લાગ્યા. સેનાપતિ વિશ્વેશ તો આજે અનહદ ઉમંગમા જણાતો હતો. પોતાનો પ્રિય મિત્ર અને તે વળી રાજકુમાર આજે પરણનાર હોવાથી તેની ખુશાલીનો પાર નહોતો, મહારાજા વિરભદ્ર લગ્ન સમારંભ વિશ્વેશની સલાહનુસાર કરતા હતા. વિશ્વેશને મનમાં શંકા થતી હતી કે રખેને દુષ્ટ દુશ્મનો આ શુભ પ્રસંગનો લાભ લઇ છૂપા વેશથી અંદર મળી જઇ કઇક વિઘ્ન કરે, આથી તે પોતે ઘણોજ સાવધ રહી સૈનિકોને પણ સાવધ રહેવાની વારંવાર સૂચના આપતો હતો; તેમજ સૈનિકોને સખ્ત આજ્ઞા કરી હતી કે કોઇ પણ વ્હેમ પડતો માણસ માલમ પડે કે તુરતજ તેને પકડી મારી પાસે હાજર કરવો. ધીમે ધીમે રાજ્યમહેલના ચોગાનમાં માણસોની અને વાહનોની ઠઠ જામવા લાગી અનેક પ્રકારના વાજીંત્રો મોહક સ્વરથી વાગવા લાગ્યાં; સલામતીની તોપોના બ્હાર થવા લાગ્યા, નગરની સ્રીઓ પણ શણગાર સજી પોતપોતાના આવાસની બારીઓમાં તો કોઇ ખુલ્લા જરૂખાઓમા રાજકુમારને પુષ્પ અક્ષતથી વધાવવા હાથમાં સુંદર પાત્રો લઇ ઉભેલી હતી સાંજનો શુભ સમય થતા રાજ્યગુરૂએ શૈલેશને મંગળ આશિષ દેઇ સ્વારીને ચાલવાની આજ્ઞા કરી ગુરૂની આજ્ઞા થતા પુર્ણ ભભકાથી રાજકુમારની સ્વારી મણીપુર જવાને નિકળી. વાજા પડઘમ ઇત્યાદિ અનેક પ્રકારના વાજીંત્રોના નાદ થતા હતા, સ્વારીનો વિસ્તાર લગભગ બે માઇલ સુધી લાંબો થયો હતો સ્વારીની પાછળ ગજરાજપર ગોઠવેલી સુવર્ણ અંબાડીમા શૈલેશકુમાર વિરાજમાન થયો હતો, કુમારની પાછળ બેસી એક સરદાર તેને ચમ્મર ઉરાડતો હતો. સેનાપતિ

વિશ્વેશ આ સમયે ઘણુજ મોહક દેખાવથી મિત્રની આગળ અંબાડીમાં બેસી મ્હાવતનું કામ કરતો હતો. શૈવેશે ના કહ્યા છતાં પણ આજે અનહદ ઉમંગથી વિશ્વેશ ગજરાજને ચલાવવા બેઠો હતો. વિશ્વેશે શિરપર મણીમય શિરપેચ બાંધ્યો હતો, હાથે સોનાનાં કડાં, કંઠમાં મુલ્યવાન મણીમાળાઓ વગેરે આભુષણો શરીરપર ધારણ કર્યા હતાં. ને ઉપરાત તેણે તેનાં તમામ હથિયાર સજી દીધાં હતાં વિશ્વેશ હાથીને હાકવાની સુવર્ણ મઢેલી અંકુશ હાથમા પકડી ચારે તરફ નજર ફેરવતો, મુખથી મધુર મધુર હાસ્યથી વાતો કરતો ગજરાજને મંદગતિથી ગમન કરાવતો હતો. અગાસી, જરૂખાઓમા ઉભેલી સ્ત્રીયોએ રાજકુમારના હાથીને દેખતાંજ ઉપરથી કુમકુમ પુષ્પને અક્ષતનો વર્ષાદ વરસાવવો શરૂ કર્યો. સ્વારીની શોભા જોવા એકઠા મળેલા લોકો જયજયકાર કરવા લાગ્યા પુષ્પવૃષ્ટિ તો એટલી બધી થવા લાગી કે કિલ્લાની બહાર નીકળતાં તો કુમારની અંબાડી લગભગ પુષ્પોથી ઢંકાઈ જવા આવી. નગરનો કિલ્લો આવતા હાથીને આગળ વધતો અટકાવવામાં આવ્યો, ને ત્યાં આગળ કુમારને નીચે ઉતારી રાજ્યગુરૂએ કુળદેવીનું પૂજન કરાવ્યું. અધિષ્ઠાત્રિદેવીને પ્રણામ કરી રાજકુમાર પુન: હાથીપર વિરાજમાન થયો. બાદ નગરની બહાર નીકળી સ્વારી મણીપુરના માર્ગે પ્રયાણ કરવા લાગી મણીપુર અમરાવતીથી ઘણુ દૂર નહિ હોવાથી રાત્રિ પડતા પહેલા તો સ્વારી ત્યાં આવી પહોચી. મણીપુરને પણ આ પ્રસંગે પુર્ણ ભપકાથી શણગારવામાં આવ્યુ હતુ. આંખોને આંજી નાખે એવી રોશની ઝગઝગી રહી હતી. મણીપુરમાં

સ્વારી આવતાજ રંગ બેરંગી આતસબાજી છુટવા લાગી. મહા-
રાજા વિરબાહુ, અન્ય રાજાઓ અને સરદારો સાથે સામા જઇ
ઘણાજ સત્કારથી સર્વેને નગરમા તેડી લાવ્યા, ને સર્વ મંડળને
એક ભવ્ય મહાલયમાં ઉતારો આપ્યો. બાદ લગ્નનું શુભ ચોઘ
ડીયુ બેસતાં લગ્ન વિધિ શરૂ થઇ. શાસ્ત્ર સંપન્ન બન્ને દંપતિને
લગ્ન કરાર સાથે સાંતપદીના શ્લોક યથાર્થ સમજાવી રાજ્યગોરે
યથાવિધિ કુમાર અને કુમારીને લગ્નની પવિત્ર ગાઠથી જોડી
દીધા. જયનાદ થવા લાગ્યા, બ્રાહ્મણો મંત્રોચ્ચાર ભણવા લાગ્યા.
ભાટ ચારણો કવિતો લલકારી રાજકુમારનો વિજય ઇચ્છવા લાગ્યા.
રાજા મહારાજાઓ, સરદારો વગેરે પોતપોતાની શક્તિ પ્રમાણે
કુમારને ભેટ મૂકવા લાગ્યા. સેનાપતિ વિશ્વેશે વરકન્યાની આગ-
ળીયે પોતાની છબી વાળી મુલ્યવાન વિંટીઓ પહેરાવી, બાદ
સર્વ ક્રિયા પુરી થઇ. વર–વધુ વૃદ્ધજનોને પગે લાગી છુટા
પડયા. શૈલેશ સર્વ મંડળ સાથે તેના મુકામે ગયો, દિવ્યપ્રભા
રાજમહેલમાં આવી સમાન વયની સખીયો સાથે આનંદાલાપ
કરવા લાગી.

શૈલેશ અને વિશ્વેશ ઉતારો આપેલા મહેલના એક ભવ્ય
દિવાનખાનામા બેસી વાર્તાલાપ કરતા હતા, વાતોમાંને વાતોમા
રાત ઘણી વિતવા આવી હતી, આખા દિવસના પરિશ્રમથી
આખરે બન્ને મિત્રો નિદ્રાથી ઘેરાવા લાગ્યા. આથી શૈલેશને
નિદ્રા લેવાનુ સૂચવી વિશ્વેશ નીચેના ભાગમા પોતાને મુકામે
આવ્યો, અને અલ્પ સમયમા એ વીર સેનાપતિ પ્રભુનું રટણ
કરતો નિદ્રાવશ થઇ ગયો.

મધ્ય નિશા થવા આવી હતી, આકાશ પટપર નક્ષત્રો મોર્તીનાં જુમખાંની માફક ઝગઝગી રહ્યાં હતાં, સઘળે સમસમાકાર સમાન ભાસતું હતું, દૂર શ્વાનના રૂદન ધ્વનિ સંભળાતા હતા, કવચિત પહેરગીરોના પણ શાતિ સૂચક શબ્દો સંભળાતા હતા સર્વ મનુષ્યો આ સમયે નિદ્રાને શરણે પડેલા હતાં, આવા શાન્તિના સમયે ચાર માણસો ગલીકુંચીઓમા ભરાતા છૂપાતા ઉતારો આપેલા મહલ તરફ જતા હતા વારે ઘડીયે પાછળ દ્રષ્ટિ કરતા એ ચાર નિશાચરો થોડીવારમા ઉતારો આપેલા મહેલ આગળ આવી ત્યાથી થોડેક દૂર આવેલા એક વિશાળ સઘન વૃક્ષને ઓઠે છૂપાઇ ઉભા રહ્યા. મહેલના ચોગાનમા આ સમયે બે પહેરેદારો બેઠા બેઠા ઝોકા ખાતા હતા. થોડીવાર શાતિથી ઉભા રહ્યા પછી તે ચાર માણસોમાથી એક જણ બીજાને ઉદ્દેશી કહેવા લાગ્યો. ગુરૂમહારાજ ! હવે શુ વાર છે ?

પ્રિય પાઠકો ! આ ચાર જણા બીજા કોઇ નહિ પણ એક તો પેલો શેતાન સાધુરામ, ને બીજો અજીત તેના બે સરદારો સાથે ત્યાં છૂપાઇ ઉભો હતો. તેઓ આ લગ્નમાં વિઘ્ન નાખી લગ્ન બધ કરાવવાના હેતુથી મણીપુરમા આવ્યા હતા. પણ વીર વિશ્વેશની કાર્ય દક્ષતાથી તેઓ તેમની ધારણામા નિષ્ફળ નિવડ્યા હતા. વરકન્યાને લગ્નની ગાઠથી જોડાઇ ગયેલાં જોઇ પાપી અજીતનું હૃદય બળી જવા લાગ્યું. ને તેજ વખતે વિશ્વેશને મારી નાંખવા યા હોમ કરવા તૈયાર થયો. પ્રપંચી સાધુએ તેને શાન્ત કરી તેમ કરવા જતાં અટકાવ્યો, ને પોતે કરવા ધારેલી એક નવિન યુક્તિ તેને કહી સભળાવી. બાદ તેઓ મધ્ય રાત્રિ થતાં

સુધી છૂપા વેશથી નગરમા ફરતા ફર્યા, અને આખરે જ્યારે તેમનો ધારેલો સમય થયો ત્યારે તેઓ કરવા ધારેલું કાર્ય કરવા નિકળ્યા ને મહેલના વૃક્ષ ઓથે છૂપાઇ રહ્યા. પછી અજીતે કરવા ધારેલા કામની શરૂઆત કરવાને કેટલીવાર છે એમ ગુરૂને પૂછયું.

"બાપુ અજીત! આમ આધરો શાને થાય છે! ધિરજ ધર. હુ નક્કી એ રાજકુમારને સ્વર્ગે મોકલી આપીશ! પછી કાઇ?

"બસ એજ! પણ હવે આપે શું કરવા ધાર્યું છે?"

"જો સાભળ! આ મહેલમાં ઉપરના દિવાનખાનામા શૈલેશ સુતો છે, તે અત્યારે ધાઢ નિદ્રાને શરણ થયો હશે તેમજ આસપાસ તપાસ કરતા કોઇ જાગતુ જણાતુ નથી. આ તકનો લાભ લઇ હુ આ રાજમહેલને ચારે તરફથી સળગાવી ભષ્મિભુત કરવા ધારૂં છુ. 'મારી સળગાવેલી આગને ઓલવવા કોઈપણ સમર્થ થશે નહિ. તેમજ એ લાગેલી ભયકર આગમા અદર સુનેલા કેટલાક સરદારો અને રાજકુમાર બળીને ખાખ થઈ જશે." અજીત! પછી નક્કી માનજે કે અમરાવતીનુ રાજ્ય સિહાસન અને રમણી રત્ન દિવ્યપ્રભા તા'રીજ છે."

"જો એમ થશે તો આપશ્રીનો મા'રી ઉપર અનહદ ઉપકાર થશે પણ આ મહેલને આપણાથી કેવી રીતે આગ લગાડી શકાશે?"

"અજીત! ગભરા ના! જો હુ આ મા'રી સાથે એક જાતનો પદાર્થ લેતો આવ્યો છુ, તે પદાર્થને મહેલપર લગાડી આગનો સ્હેજ સ્પર્શ કરતાંજ મો'ટો ભડકો થશે."

"એ પદાર્થને આપશ્રી મહેલપર કેવી રીતે છાટી શકશો?"

"તે હુ તને હમણાંજ બતાવું છું. કહી એ શેતાન સાધુએ ભગવા અચળામાં છૂપાવી રાખેલી એક ના'ની પોટકી કાઢી. તે નાનકડી પોટકીની ઉપર વળી તેણે બીજો કઇક સફેત પદાર્થનો ભુકો ભભરાવ્યો. કે તુરત તે ના'ની પોટકીમાથી પ્રવાહિ પદાર્થની માફક એક ઝીણી ધાર થવા લાગી. પછી એ સાધુરામે અજીતની કાંધે ભરાવેલું ધનુષ્ય હાથમાં લીધું, અને તેની કાંધે ભરાવેલા ભાથામાંથી બે તીર ખેંચી કાઢયા તેમાંના એક તીરની સાથે પેલી પોટકીને બાંધી, તેને ધનુષ્યપર ચડાવી, કાન સુ'ધી જોરથી ખેચી, સાધુરામે એ તીરને મહેલપર ફેંકયું. ધનુષ્યમાથી છૂટેલું તીર સણુસણાટ કરતુ મહેલપર જઇ પડયુ, અને તેની સાથે બાંધેલી પોટકીનો પ્રવાહિ પદાર્થ મહેલપર પથરાવા લાગ્યો. તે પછી થોડો સમય વ્યતિત કરી સાધુરામે બીજા તીરનુ અનુસધાન કર્યું તીરના આગલા ભાગને કપડુ વિટી સળગાવ્યું. ને તેને મહેલપર ફેકયું. સળગતુ તીર સડસડાટ કરતુ મહેલ પર પડયું, પ્રવાહિ પદાર્થની અસરથી લાગલોજ મોટો ભડકો થયો. તેમજ પવન પણ જોશભેર ફુકાતો હતો, જોત જોતામા તે ભવ્ય મહેલ ચોગરદમથી સળગવા લાગ્યો. ચોગાનમા ઝોકા મારતા પહેરેદારો આ અકસ્માત જોઇ ગભરાઇ ઉઠી બુમાબુમ પાડવા લાગ્યા તેમની બુમોથી નીચેના ભાગમાં સુતેલા સૈનિકો, સરદારો વગેરે જાગી ઉઠયા. મહારાજા વિરભદ્ર, પ્રધાન, તેમજ જાનમાં આવેલા રાજા મહારાજાઓ બહાર ધસી આવ્યા; અને અદરના મજલાપર સુતેલા શૈલેશની ચિન્તા કરવા લાગ્યા. ભર નિદ્રામાં પડેલો વિશ્વેશ પણ થતા બુમરાણથી

ચમકી જાગી ઉઠયોને બહાર નીકળી જુએ છે તો મહેલને આ-
ગમાં હોમાએલો જોયો. માણસોની મેદની પુષ્કળ જામી હતી,
સર્વના મુખથી રાજકુમારને કોઇ બચાવો એમ બુમો નીકળતી
હતી. શૈલેશ હજી અંદર છે એમ શ્રવણ કરતાંજ વિશ્વેશના
હૃદયમા સખ્ત આઘાત થયો, અને કંપતા શરીરે બોલી ઉઠયો.
અરે! શું મારો મિત્ર હજી અંદર છે? ઓહ! શું તે આ આગનો
ભોગ થશે? અફસોસ! જો એમ થશે તો અવશ્ય આ વિશ્વેશ
પણ આગમાં પડી પ્રાણનું વિસર્જન કરશે મિત્રના વિના આ
જીંદગી વૃથા છે. આમ બોલતો વીર વિશ્વેશ પ્રાણની પરવા
નહિ કરતાં સળગતા મહેલ તરફ ધસ્યો. અને ભડભડાટ અવાજ
કરતી ભયંકર અગ્નિની જ્વાળાઓમાં મિત્રને બચાવવા કુદી
પડયો. ભયંકર જ્વાળામાં વિશ્વેશ એક પ્રેતના સમાન જણાવા
લાગ્યો. તે તેના શરીરની દરકાર નહિ રાખતા ગાડા ગજગજની
માફક આમથી તેમ મહેલમા છલંગો મારતો ધસતો હતો.

"મહેલની ઉપરના દિવાનખાનામા શૈલેશ ઘાઢ નિદ્રાને
આધિન થઇ પડેલો હતો. એવામા તેનો ઉપરનો માળ તુટી
પડવાનો ભયંકર અવાજ થયો શૈલેશ ઝબકી જાગી ઉઠયો ને
એબાકળો બની આમ તેમ જવાને માટે ફાફાં મારવા લાગ્યો.
ધુમાડાના તો ગોટેગોટ થયા હતા. અંદર આંખ્યો ઉઘાડી જોઇ
શકાય એમ નહોતું. શૈલેશ જે દિવાનખાનાના ઓરડામા હતો,
તે ઓરડો ધુમાડાથી પુર્ણ ભરાઇ ગયો, બહાર નીકળવાને ઉઘાડી
શકાય એટલી આંખ્યો ઉઘાડી માર્ગ ખોળવા લાગ્યો. તે જે તરફ
જતો તે તરફ ભયંકર આગ તેની નજરે પડતી હતી. આમ

તેમ દોડતો રાજકુમાર આખરે થાકી ગયો અને મરણ પાસે આવ્યું એમ માનવા લાગ્યો. એવામાં વળી પાછો બીજો ધડાકો થયો, દિવાનખાનામાં જડેલી છત જમીન પર તુટી પડી. દાઝવાના દર્દથી એક કારમી ચીસ નાંખી રાજકુમાર બેશુદ્ધ થઇ ત્યાં પડયો. તેને ત્યાં પડે થોડીવાર નહિ થઈ હોય એટલામાં તો વીર વિશ્વેશ તે સ્થળે ધસી આવ્યો. તેના હાલ હવાલ થઇ ગયા હતા, તેણે પહેરેલા કપડાં જે જે સળગતાં હતાં, તે, તે, સત્વરે બદનથી કાઢી દૂર ફેંકી દેતો હતો, આખરે એકજ વસ્ત્ર ભેર વિશ્વેશ મહા મુશ્કેલીએ કુમારના ઓરડામાં આવી પહોંચ્યો. ધુમાડાના આચ્છાદનથી કંઇ પણ જોઇ શકાતુ નહોતું, વિશ્વેશ આંખ્યો ખેંચી ખેંચીને શૈલેશની તલાસ કરવા લાગ્યો. આખરે અપાર પરિશ્રમ કરતાં તેને શૈલેશ બેશુદ્ધ સ્થિતિમાં મળી આવ્યો. હા....આજ મારો પ્રિયભાઈ, કહેતાંજ વીર વિશ્વેશે એક પળનો વિલંબ નહિ કરતાં બેશુદ્ધ શૈલેશને જમીનપરથી ઉઠાવી લીધો. દિવાનો માણસ જેમ ઘુમે એમ વિશ્વેશ બહાર નીકળવાને ચારે તરફ ઘુમવા લાગ્યો. આખરે વિશ્વેશ પણ થાકવા આવ્યો, તેના શરીરપર ફોલ્લા ઉઠયા હતા, આંખે અંધારાં આવતાં હતાં છતાં પણ હિંમત ધરતો વિશ્વેશ મુખથી ઇશ્વરનુ નામ જપતો આખરે એક સળગતી બારી સમિપ આવી પહોંચ્યો, બહાર લોકોની બુમાબુમ થતી હતી, વિશ્વેશે બહાર જોયું ,નીચે કુદી પડવા મન ઉત્સુક થયું પણ અહિંથી કુદી પડતાં બન્નેમાંથી એકે બચી શકીશુ નહિ, એમ મનમાં થયું. સળગતી આગમાં શ્યામ સ્વરૂપ દેખાતા વિશ્વેશને જોતાંજ બહાર ઉભેલા

લોકો જોસથી ગર્જનાઓ કરવા લાગ્યા, છેવટે વિશ્વેશે નીચે કુદી પડવા ઠરાવ કર્યો, પુનઃ બીજી બારી તરફ વળ્યો, પણ એટલામાંજ તે માળ કડડડ અવાજ કરતો નીચે બેઠો. વિશ્વેશ પણ તેની સાથે બીજા માળપર પડયો, શૈલેશને તેણે મજબુત હાથથી પકડયો હતો, કુમારના શરીરની આસપાસ તેના હાથની મજબુત મડાગાંઠ પડી ગઇ હતી, પુનઃ વિશ્વેશ બળાત્કારે ત્યાંથી ઉઠી તે મજલાની બારી તરફ દોડયો, હવે વધારે વાર અહિં થશે તો અવશ્ય બંનેના પ્રાણ જશે ધારી વિશ્વેશે બીજા માળની બારીએથી બહાર પડતું નાંખ્યુ, લોકો હર્ષગર્જનાઓ કરવા લાગ્યા; જમીનપર પડતાંજ વિશ્વેશ બેભાન થઇ ગયો, બેભાન અવસ્થામાં પણ શૈલેશની આસપાસ વિંટાએલા તેના હાથ છૂટા થયા નહિ. વિશ્વેશ નીચે અને તેના હૃદયપર શૈલેશ એમ બેભાનાવસ્થામાં બન્ને જમીનપર પડયા હતા મહારાજા વિશ્વભદ્ર પોતાના વ્હાલા પુત્રોની સ્થિતિ નિહાળતાંજ દિવાના જેવા બની ગયા, અને ઓ મારા પુત્રો કહી અત્યંત કલ્પાંત કરતા તે બન્નેની પાસે બેસી તેમના શરીરપર હાથ ફેરવવા લાગ્યા. આખરે બન્નેને જીવતા બહાર આવેલા જોઇ પુનઃ હિંમતવાન થયા; તેમણે બેશુદ્ધ કુમારોને તેજ સમયે બીજા મહેલમાં લઇ જવાની સરદારોને આજ્ઞા કરી. તે બન્ને કુમારોને પાલખીમાં સુવારી સરદારો બીજા મહેલમાં લઇ ગયા, બન્ને મહારાજાઓ પણ તેમની પાછળ તે મહેલમાં ગયા.

મહેલ બળીને ભષ્મ થઈ ગયો. આ કરપિણ કામના કર્તાઓ પણ લોકોની ભીડમાં ભળી તમાસો જોયા કરતા હતા. જ્યારે

લોકો શોકથી વ્યાકુલ થતા હતા ત્યારે એ હરામીયો મનમાં ખુશી થતા હતા. દૈવેચ્છાથી જ્યારે તેમણે બન્ને કુમારોને જીવતા બહાર પડેલા જોયા, ત્યારે તો તેમની દિલગીરીનો પાર રહ્યો નહોતો. સઘળી મ્હેનત વૃથા ગયેલી જોઇ તેઓ મનથી વિશ્વેશને હજારો કટુવચન સંભળાવતા પંથે પળી ગયા. સાધુએ ફરીથી જોઇ લેવાશે કહી અજીતને આશ્વાસન આપ્યું.

સરદારોએ બેશુદ્ધ કુમારોને મહેલમાં લઇ જઇ એક નરમ બિછાના પર સુવાડયા. હજી વિશ્વેશના હાથ શૈલેશની આસપાસથી છૂટા થયા નહોતા. તેઓના બિછાના આગળ મહારાજા વિરભદ્ર, વિરબાહુ, પ્રધાન, રાણી અને દિવ્યપ્રભા વગેરે બેઠાં હતાં. દિવ્યપ્રભા પોતાના પ્રિયની દુર્દશા નિરખી અશ્રુ સારતી હતી. પાસે બેઠેલી તેની સખી તેને દિલાસો દેતી શાન્ત કરતી હતી, એવામાં રાજવૈદ્ય ત્યાં આવી પહોંચ્યા અને બેશુદ્ધ કુમારોને સાવધ કરવાના ઉપચાર કરવા લાગ્યા. તેમના ઉપચારથી થોડી વારમાં તેઓના શરીરમાં ચૈતન્ય આવવા લાગ્યું. વિશ્વેશના હાથ છુટા થઈ ગયા અને તેની સાથે તેના મુખમાંથી અસ્ફુટ શબ્દો નિકળવા લાગ્યા. હુ...મરીશ, પણ વ્હાલા શૈલેશ....ને બચાવીશ. આવા શબ્દો શ્રવણ કરી રાજવૈદ્યે તેના માથા પર ગુલાબજળ છાંટવાનુ સૂચવ્યું, તુર્તજ દિવ્યપ્રભા ઉભી થઇ વિશ્વેશની પાસે બેસી સ્વહસ્તે ગુલાબજળ છાંટવા લાગી. અલ્પ સમયમાં તો શૈલેશ પણ સાવધ થવા આવ્યો, અને ગંભીર અવાજે બોલવા લાગ્યો. હુ ક્યાં છું, વિશ્વેશ ક્યાં છે? હા....શુ ભયંકર તોફાન? કહી પુનઃ આંખ્યો બંધ કરી ચુપ થઇ ગયો.

છેવટે ઘણીજ સરભરા કરવાથી બે ત્રણ કલાકે તેઓ પુર્ણ શુદ્ધિમાં આવ્યા. સર્વને આનંદ થયો. શૈલેશ વિશ્વેશને ભેટી પડયો, બન્નેની આંખોમાંથી સ્નેહાશ્રુ વહેવા માંડયાં, વિશ્વેશને દાઝ- વાથી ઘણુંજ દર્દ થતુ હતું.

રાજવૈદ્યની કાળજીથી વિશ્વેશને થોડા દિવસમા આરામ થવા આવ્યો. બન્ને જણાને પુર્ણ આરામ થયા બાદ કેટલાક દિવસ પછી એક દિવસે શુભ મુહુર્ત સાધી મહારાજા વિરબાહુએ ઘણીજ પહેરામણી આપી. સુશીલ દિવ્યપ્રભાને શિખામણ દઇ સાસરે વળાવી, પિતા તેમજ વૃદ્ધ જનોને પ્રણામ કરી રાજકન્યા દિવ્યપ્રભા, બે વ્હાલી સખીયોને સાથે લઇ અમરાવતી તરફ વિદાય થઇ

પ્રકરણ ૨૯ મું.

પ્રેમિ દંપતિનો પ્રેમ વિનોદ.

ગાલોની ગુલાબી લાલી, મતવાલી વહાલી,
મદન યુક્ત માનુનિ, દેખાય ખિલેલી
કાજળ વિના મન હરે, આ આંખ કાળી,
અંગે સુવાસ મધુર, છે રસિલી રૂપાળી

અમરાવતીના રાજમહેલના એક ભવ્ય વિલાસ સદનમા રાજકુમારી દિવ્યપ્રભા અપૂર્વ સ્વાંગ ધારણ કરી એક સુવર્ણે મઢેલા હિંચકાપર હિંચતી પ્રિયતમની રાહ જોતી હતી. સાથે આવેલી તેની બે વ્હાલી સખીયો ત્યાં ઉભી રહી વાર્તા વિનોદ કરતી હતી. રાત્રિનો સમય હતો, આકાશમાં શશાંકની શિત જ્યોત્સનાઓ . પ્રકાશી રહી હતી. વિલાસ સદનમાં પણ દિપકોનો પ્રકાશ ઝગઝગી રહ્યો હતો. શ્યામ અંબર પહેરી હિંચકાપર હિંચતી દિવ્યપ્રભા દિપકોના પ્રકાશમાં આકાશમાં ઝગમકતી વિજળીની માફક તેના અપૂર્વ રૂપથી શોભતી હતી. તેના કરકમળમા શોભી રહેલા હિરાજડિત્ર કંકણો ચળકાટ મારી રહ્યાં હતાં, કર્ણમાં પહેરેલા એરીંગના ચળકાટથી તેનુ મોહક વદન જોઇ મેનકા ઉર્વશીને

પણ ઘડીભર ક્ષોભ ઉપજાવ્યા વિના રહે નહિ, એવો આ સમયે એ મધુરી લલનાનો સર્વાંગ શોભી રહ્યો હતો. હૃદયમાં પ્રિયતમની રાહ જોતી સખીયો સાથે વિવિધ વાર્તાલાપ કરતી દિવ્યપ્રભા સમય વ્યતિત કરતી હતી.

સ્વામિ હજી કેમ પધાર્યા નહિ હોય! એમ મનમાં પ્રશ્ન કરતી એ નવોઢા કનકલત્તા શૈલેશ વિના અકળાવા લાગી, છેવટે રાહ જોતાં કંટાળી અને ત્યાથી ઉભી થઈ પાસે પડેલા સિતારને હાથમાં લઇ પુન: હિંચકાપર બેસી કર કમળની નાજુક આંગળીયો સિતારના તાર ઉપર ફેરવતી સુર મેળવવા લાગી. તેની આંગળીએ પહેરેલી કિમતી હિરાની વિંટીઓ, તાર ઉપર ફરતી આંગળીઓની સાથે દિપકના પ્રકાશમાં ચળકાટ મારતી હતી. દિવ્યપ્રભા એક પગથી મંદમંદ હિંચકો હલાવતી, બીજા પગને ઉપર રાખી સિતાર સાથે સુર મળતાં મધુર મોહક સ્વરે ગાવા લાગી.

શુદ્ધ પ્રણય તણો પ્રતિબંધ, ડગાવ્યો નહિ ડગેરે;
જેમ વ્યાપ્યું હળાહળ ઝેર, હૃદયમા રગે રગેરે.
મધુરી નદીયો ખળખળ કરતી,
સાગર સ્વામીને જઇ મળતી;
તરછોડે ના પાછી ફરતી,
ખારી થઇ સાગરમા ભળતી.
પુજાણા જો શુભ પ્રેમિ જોડાં જગેજગેરે ...શુદ્ધ

કાસરવાળા.

દિવ્યપ્રભા, ગાનને ઉલટાવી ઉલટાવી આલાપથી ગાવા લાગી, પાસે ઉભેલી સખીયો અને નીચેના સેવકો તેના મધુર

કંઠમાંથી નીકળતું ગાન સાંભળી સ્તબ્ધ બની ગયા. છેવટે ગાન પુરૂં થયું, સિતાર સખીને સ્વાધિન કરી સ્વામિ વિના અકળાયેલી દિવ્યપ્રભા સખીને પૂછવા લાગી. શારદા ! કુમારશ્રી હજુ કેમ પધાર્યા નહિ હોય ?

અહો ! એટલામાં તેમના વિના શુ અકળાઈ ગયાં કે ? ધિરજ ધરો બ્હેન, હમણાંજ કુમારશ્રી પધારી તમને અનુપમ લ્હાવો લેવરાવશે. શારદાએ કહ્યું.

હા, અને તે આવે એટલે તમે તેમને હૃદય મંદીરમાં એકદમ કેદજ કરી દેજો કે ફરીથી આવતાં આટલું અસુરૂ ના કરે. ચંદ્રભાગા બોલી ઉઠી.

અલી ચંદ્રભાગા ! પણ કુમારશ્રી કેદ શી રીતે થશે ? શારદાએ હસ્તે વદને પ્રશ્ન કર્યો.

બ્હેનબાનું રૂપ જોઇ, ને સાથે તેમનો પ્રેમ જોઈ.

અરે ના, ના, બ્હેન તો એવાં પક્કાં છે કે કુમારશ્રીને પધારતાંજ તે તેમની કાળી ભમર કમાનનું ધીરે રહી કટાક્ષરૂપ તીર ફેંકશે. અને તેથી વગર બોલે ચાલે શૈલેશ રાજવી આપો-આપ કેદ થઇ જશે, ને પછી બ્હેનને રસરંગમાં રમાડી આનંદ કરાવશે. નાનકડી શારદાએ સરળતાથી જણાવ્યું.

અલી શારદા ! તું તો કંઇક દિવાની જણાય છે. તુ જે બોલે છે એમાંનું હુ કાંઇ પણ સમજી શકતી નથી, દિવ્યપ્રભાએ કહ્યું.

શાનાં સમજો મારાં શાણાં બ્હેન ! હમણાંજ તમારો ચિત્ત-ચોર આવશે ને તમને મીઠી નજરે જોઇ આનંદથી પાસે બોલા-વશે, પછી તમને તેના ભુજપિંજરમાં દબાવી રસ સરિતામાં

નવસાવશે. સમજ્યાં મારાં બ્હેન ? પુનઃ શારદા બોલી ઉઠી.

છાનીમર ! હજી છે તો નાનકડી•ને બોલતાં શરમાતી નથી ? દિવ્યપ્રભાએ છણુકો કરી કહ્યું.

શાને શરમાઉ ! હું જાતેજ કુમારશ્રીને કહીશ કે, મારાં વ્હાલાં બ્હેનને સારી રીતે રમાડી જમાડી ખીલાની આનંદ કરાવજો. આમ સખીયોનો સંવાદ ચાલી રહ્યો છે, એવામાં એક દાશીએ ત્યાં પ્રવેશ કર્યો ને હસ્તે વદને કેવા લાગી. બ્હેન કુમારશ્રી પધારે છે.

ક્યાં ? આનંદ પામી દિવ્યપ્રભાએ પૂછયુ.

હાં, હવે અમે રજા લઇશું. સખીયો બોલી ઉઠી.

કેમ ! દિવ્યપ્રભાએ પૂછયું.

“ તમારા પ્રિયતમ પધારે છે. માટે હોસે બોલાવો નાથ ને સામાં જઇ સ્નેહે ઝાલો હાથ. ચંદ્રભાગાએ હસી જવાબ આપ્યો.

શરમા, સખી, શરમા, આવ્યા તે શું કરવુ છે ?

તે તમારા મનને પૂછો, મનમા ભાવે ને ઉપરથી મ્હોં હલાવો લ્યો બ્હેનબા, અમે હવે રજા લઇશું. કહી બન્ને સખીયો ત્યાંથી રવાના થઇ ગઇ.

“ શૈલેશ કુમારે ત્યાં પ્રવેશ કર્યો, દિવ્યપ્રભા શરમાઇ નીચુ જોઇ રહી. તેને શરમાતી જોઇ રાજકુમાર પાસે ગયો. અને સ્નેહ યુક્ત વચને બોલ્યો –પ્રિયતમે !

“ શું કહું ! બોલાતુંજ નથી. જીભ જકડાઇ ગઇ. દિવ્યપ્રભા નીચુ જોઇ મનમાં ગણુગણુવા લાગી.

સુંદરી ! સુહાસિની ! બોલોને ? કેમ શરમાવ છો ? ! પહેલાં તો કંઈએ શરમાતાં નહોતાં અને હવે આમ નીચું નિહાળી ઉભાં છો ! બોલો, કાન્તે બોલો ? ને આમ ઉંચે નિહાળો. કહી કુમારે છેક તેની પાસે જઈ સ્વહસ્તે તેનું મ્હોં ઉંચું કર્યું.

" આ શું ? મ'ને આમ શાને સતાવો છો ? દિવ્યપ્રભા મંદહાસ્ય કરી બોલી.

" અહા ! કેવો મધુરો થયો મા'રી કોયલનો ટહુકાર ? !

" વ્હાલા, આ સ્નેહ હૃદયમાં થયો મધુરો પ્રેમનો ટહુકાર. દિવ્યપ્રભા તેને કંઠે વળગી બોલી.

" એમ ! તો લ્યો, તે મધુરૂં બોલનારી પ્રેમઘેલી કોયલડીને ઇનામ આપુ. કહિ શૈલેશે તેને હૃદયદાન દીધું. દિવ્યપ્રભા તુર્તજ તેના હૃદયથી દૂર ખસી કૃતિમ ક્રોધથી કહેવા લાગી. વાહરે ઠગારા આ શુ કર્યું !

" પ્રાણ પ્રિય કોયલડીને સ્નેહાજલીનુ દાન દિધુ." કહી શૈલેશે તેનો હાથ પકડયો.

બેત.

દૂર જાઓ ઠગારા, છો ધુતારા, ભોળી બાળા ભરમાણી,
નવ રીસાઓ શાણી મા'રી, મુર્તિ તા'રી છે રસાળી,
મનડું મોહ્યુ દિલજ ચોટ્યું, કયારે નિહાળું નાથ,
હાજર છું હુ એ રસવેલી, સ્નેહે ઝાલો હાથ

કહી રાજકુમાર પુઃન તેને પાસે ખેંચી તેના અધરોષ્ટનુ પાન કરી કહેવા લાગ્યો.

પારસમણી તુજ સ્પર્શથી, મુજ દેહ આ કુંદન થશે,
મદન પીડીત વ્યાધિ હૃદયની, સર્વ તે તો ટળી જશે;
રસિલી રતી સમ કાંતિ તા'રી, મધુરી દેખું પ્રતિ પળે,
તુજ ઓષ્ટ અમૃત મધુર ચુંબન, વિણ જીવ આ ટળવળે

"હાંજી! હવે સમજી ગઇ. વ્હાલા!

રસિયા રસિલા પ્રેમઘેલા, થયા મુજ વિણ આકળા,
મનહર મોહન ચિત્તચોર, થાઓ શુ આમ ઉતાવળા.
નયને નિહાળો શાન્ત થાઓ, આતુર ઉભી હું આશમાં;
આ દાસી છે તમ ચરણમા, રાખો સદા તમ શરણમા

આમ કહેતાં દિવ્યપ્રભા શૈલેશના ચરણમાં પડી. તેને સ્વહસ્તે ઉભી કરી શૈલેશ કહેવા લાગ્યો.

મૃગલોચની! આ શૈલેશ હવે સદાનો તારોજ છે. મધુરી! હું તને મારાથી એક ક્ષણ પણ દૂર રાખતાં મુંઝાઉં છું. હૃદય વલ્લભા! તારો પ્રેમ મારા શરીરમાં રગે રગે પ્રસરી રહ્યો છે.

પ્રેમ વ્યાપ્યો મમ અતરે, દ્રઢ હૃદયે તું જાણ;
મરતા ચાહું તુજને, તુજ માટે આ પ્રાણ.

આવો, આવો, મનહરણી! આમ પાસે આવો. કહી પુન કુમાર તેને પાસે ખેંચવા લાગ્યો.

વ્હાલા! આટલા બધા મને શાને બનાવો છો? મારા પ્રેમના પોષક આપ પોતેજ છો છતાં મને શા માટે બનાવો છો?

ગમે એમ કહો, પણ બગીચામાં મળ્યા પછી મને મુદ્દલે તમારા વિના ચેન પડતું નહોતું.

હાં, અને તેથીજ આપ પછી પાછા મારી ખબર કાઢવ આવ્યા હશો! આપને જો આ દાશીની કંઇક દયા હોત તે અવશ્ય તમે મારી ખબર કાઢવા આવ્યા હોત, પણ આતે જ્યારે પરણવાની ગરજ આવી ત્યારેજ લગ્ની લગાવી. જો બીજ કોઇ હોત તો તમારી સાથે બોલત પણ નહિ. પણ શું કરૂં. ઘણુંએ ન બોલવાનુ કરૂંછું પણ તમને જોતાંજ સર્વ ભુલું છું હિંડતાં ચાલતાં પણ આ જીવ્હા તમનેજ જંખે છે, મારા ધારવ પ્રમાણે નક્કી તમારી પાસે કંઇક કામણવિધા હોવી જોઇએ.

મનમોહિની! પ્રેમનો પ્રભાવ એવોજ હોય છે, જેમ મારો પ્રેમ તને આકર્ષે છે, તેમ તારો પ્રેમ શું મને નહિ સતાવતે હોય? સુંદરી! પ્રેમ વિયોગમાં સપડાએલ પ્રેમિયો સંયોગ સમયે આનંદ સાગરમાં ન્હાય છે, અને વિયોગ વખતે ચિંતાની જ્વાળામાં બળે છે.

સત્ય છે, વ્હાલા! નિર્મળ જળથી ભરેલા સરોવરમ સહસ્ત્ર પાંખડીથી સજ્જ થઇ સૂર્યની અભિલાષ રાખતું કમળ સૂર્યનારાયણને નહિ દેખતાં બીડાઇ જાય છે. ચકોરી ચંદ્રની આશાએ ટળવળે છે, જળની બહાર મચ્છ મરણને શરણ થાય છે. એ સર્વ શું પ્રેમ વિના?

પ્રિયતમે! એ સઘળું પ્રેમના પ્રતાપેજ થાય છે. પ્રેમિનુ મન પ્રેમિજ પારખે છે.

નાથ! હું ધારૂં છું કે પુરૂષ કરતાં અમારૂં હૃદય પ્રેમથી છલાછલ ભરેલુ હોય છે, પુરૂષમાં પ્રેમ ખરો પણ હૃદય પથ્થરનું

"અરે વાહરે શાણી રાણી! શું ત્હેં મને પણ એવો ધાર્યો!

" હાજી ! હજાર વાર એવા."

" શૈલેશ વિચારમાં પડયો, દિવ્યપ્રભાએ પણ તેને બનાવવા સંકેત રચ્યો, અને આત્મગત વિચાર કરતા શૈલેશની સામે નિહાળી કે'વા લાગી. કાં વ્હાલા ! શુ વિચાર કરોછો ?"

" તમે કહ્યુ તેનો વિચાર કરૂંછું."

" વિચારમાં શું વળવાનું છે ?"

વળવાનું એજ કે હવે તમારી સાથે બોલવાનું બંધ કરવુ છે."

" શુ મારી સાથે નહિ બોલો ?"

" ના."

અને બોલાવું તો ?"

" તે પછીથી જોઇ લેવાશે." કહી શૈલેશ મૌન ધારી દૂર જઇ ઉભો.

બસ, એટલુ જ કે ? કહી દિવ્યપ્રભા તેની પાસે ગઇ અને અનેક પ્રકારે તેને બોલાવવાનો પ્રયત્ન કરવા લાગી. શૈલેશ મનમા બોલુ બોલુ થઇ ગયો, પણ પરાણે મનને વશ રાખી શાન્ત થઇ ઉભો રહ્યો. દિવ્યપ્રભા તેનો હાથ પકડી કહેવા લાગી. શુ નહિ બોલો ? એમ તો જાઓ હુ પણ તમારી સાથે નહિ બોલું. કહી દિવ્યપ્રભા પણ ત્યાથી દૂર ખસી એક ભીંતને માથુ ટેકવી ઉભી રહી.

પ્રકરણ ૩૦ મું.

પ્રણય પ્રભાવ.

પ્રાગ રાગ મન લે હરી, શિતળ જેની છાય;
માનુનિ આ મલયા ગિરિ, યૌવન મદ છલકાય

આવા પ્રકારનું મૌન નાટક વિલાસ સદનમાં ભજવાવા લાગ્યું. શૈલેશકુમાર ભીંતને માથું ટેકવી ઉભી રહેલી દિવ્યપ્રભાને આડી નજરે જોવા લાગ્યો. એવી રીતે દિવ્યપ્રભા તેને પણ જોતી હતી. આમ એક બીજાની નજર ચુકાવતાં બન્ને દંપતિ થોડીવાર અરસ પરસ જોવા લાગ્યાં. આવી રીતનું મૌન નાટક ઘણીવાર સુધી ભજવાયું. બાદ આખરે દિવ્યપ્રભાએ સ્ત્રી ચરિત્ર નાટક ભજવવુ શરૂ કર્યું તરતજ તેણે શૈલેશને બોલાવવાના હેતુથી મોટે બૂમ પાડી. “ અરરર! મને વિંછી કરડયો, નાથ દોડો, દોડો, આ ભીંત પરથી આગળીએ વિંછી કરડયોરે.

“ શું વિંછી કરડયો? ક્યાં કરડયો! શૈલેશ મૌન તજી દિવ્યપ્રભાની પાસે જઇ ગભરાટથી પૂછવા લાગ્યો.

“ ઓ નાથ! મને ઘણી વેદના થાય છે. હાયરે! આ ભીંતપર હાથ મૂકતાંજ તેણે આ આંગળીએ ડંસ દીધો; બાપરે, અસહ્ય વેદના થાય છે. કહી દિવ્યપ્રભા કૃતિમ રડવા લાગી.

" પ્રિયે ! શાન્ત થા, તા'રી આંગળી લાવ, હું તેમાંથી ઝેર ચુસી નાંખુ, બોલ ! કઈ આંગળીએ ડંશ દીધો છે ? શૈલેશે તેનો હાથ પકડી પૂછયું.

" અરેરે ! આ છેલ્લી આંગળીએ. "

" વ્હાલી ગભરાઇશ નહિ, હું જોત જોતામાં તેનું ઝેર કાઢી નાંખી તને શાન્ત કરૂં છું. કહી શૈલેશ તેની આંગળી ચુસી થુંકી નાંખવા લાગ્યો.

" હા....શ. હવે સ્હેજ શાન્તિ વળી, વિંછી ઉતરી ગયો અને ભેગા ભેગો મા'રા વ્હાલાનો ટેક પણ જતો રહ્યો. હા...હા ....હા....વ્હાલા ! તમે હાર્યા. કહી દિવ્યપ્રભા હસી પડી.

" અરે વાહરે ! ત્હેં તો મ'ને પુરેપુરો બનાવ્યો ! હૃદયવલ્લભા ! કહે કે ના કહે પણ તા'રામાં એક અજબ પ્રકારની મોહિની ભરેલી છે. "

" નાથ ! તે સઘળો આપના ચર્ણનોજ પ્રતાપ. "

" ના, ના, એમ ના બોલ, તા'રામાં કંઇક ગુપ્ત શક્તિ હોવીજ જોઇએ. "

જો એમ ધારતા હો, તો તે શક્તિના દેવ આપ પોતેજ છો.

" અરે વાહરે તા'રી બોલવાની સરળતા ! ? "

વિણા વાગે પ્રેમની, એવાં તા'રાં વેણ;
મુખ પુનમનો ચંદ્ર છે, થાયે શાન્તિ નેણ.

પ્રાણેશ ! હું તો આપના ચરણ કમળની સેવાને અર્થેજ સરજાયેલી છુ, ને તેથી મને અહોભાગ્ય માનું છું.

ધન્ય છે, આર્યમહિલા તને ધન્ય છે. આ સંસારમાં જેને તારા સમાન સુલક્ષણી પ્રેમદા મળી હશે, તેને સ્વર્ગનું સુખ શું વિસાતમાં હશે? પ્રિયે! તું મારૂં સ્વર્ગ છે. મધ્યાન્હ કાળમાં તું મારૂં શિતળ વિશ્રામ વૃક્ષ છે, ટુંકાણમાં મારી મધુરી! તુંજ મારૂં સર્વસ્વ છે.

હૃદયેશ! પત્નિને પતિનો પ્રેમ એજ સોભાગ્ય છે, જેમ સૂર્યના તેજથી શશી પ્રકાશે છે તેમ ગુણશાળી સ્ત્રી પતિના પ્રેમથીજ પ્રભાવશાળી ગણાય છે. મન, વચન ને કર્મથી પવિત્ર રહી સ્વામિની આજ્ઞાને અનુસરી તેમના કલ્યાણમાંજ પોતાનુ કલ્યાણ સમાયેલું છે, એમ સમજી જે સ્ત્રીયો પતિધર્મ બરાબર સંભાળે છે તેને ધન્ય છે. નાથ! આવો, હું આપના કોમળ ચર્ણ તળાંશું, આ કોચપર વિરાજો.

પ્રિયે! તું મારી દાશી નહિ પણ આ હૃદયની દેવી છે, હું તારા કોમળ કરને શ્રમ આપવા નથી ઇચ્છતો. કહી શૈલેશ દિવ્યપ્રભાને કંઠે કર નાંખી કોચ ભણી લઇ ચાલ્યો, અને ત્યાં બન્ને જણાં બેસી વાર્તાવિનોદ કરવા લાગ્યાં.

આ નવિન યુગલ વાર્તાવિનોદ કરી રહ્યું છે, એવામાં એક દાસીએ ત્યાં પ્રવેશ કરી નમીને કહ્યું. બ્હેન! દ્વાર સમિપે સેનાપતિ શ્રી પધાર્યા છે ને તે અંદર આવવાની આજ્ઞા ઇચ્છે છે.

પ્રાણ સમાન મિત્રને આજ્ઞાની જરૂર નથી, જા તેમને સત્વર અંતઃપુરમાં લઇ આવ, શૈલેશે આજ્ઞા આપી.

વ્હાલા! હું અંદર જાઉં છું, દિવ્યપ્રભા જવાને ઉભી થઇ.

પ્રિયે! અંદર જવાની જરૂર નથી, વિશ્વેશ મારો વીર

છે, ગુણે ગંભીર છે ને સાધુ સમાન જીવન છે, માટે અત્રે સુખેથી બેસો ને અમારી વાર્તામાં આનંદથી ભાગ લ્યો.

જેવી આપની ઇચ્છા. કહી દિવ્યપ્રભા શૈલેશથી દૂર કોચના છેડાપર બેઠી.

વિશ્વેશે અંતઃપુરમાં પ્રવેશ કર્યો, શૈલેશ હર્ષથી તેને લેવા સામો દોડયો, અને મિત્રનો હાથ પકડી ઘણાજ આદરસત્કારથી પોતાની સામે એક વિરામાસનપર બેસાડયો. દિવ્યપ્રભાએ તેનું કુશળ પૂછયું. બાદ આડી અવળી વાતો કરી શૈલેશે તેને પૂછયુ ભાઇ ! મણીપુરમાં બનેલો આગનો ભયંકર બનાવ હજી મારી નજર સમક્ષ તરી આવે છે, વીરા ! તે ભયંકર કામના કરનારા દુષ્ટોનો કંઇ પત્તો લાગ્યો કે નહિ ?

" ભાઇશ્રી ! આટલા દિવસ સુધી તો તેઓનો પત્તો મળ્યો નહોતો પણ આજે અહિં આવતાં અનાયાશે એક અપરિચીત્ માણસથી આ ચિઠ્ઠી મળી છે તેમાં તે ભયંકર કાર્ય કરનારાઓનો ભેદ લખેલો છે. લ્યો, આ વાંચો. કહી વિશ્વેશે તેના હાથમાં એક ચિઠ્ઠી મૂકી.

" શૈલેશ વાંચવા લાગ્યો, ચિઠ્ઠીમાં લખેલું હતુ કે:–પ્રિય ! વિશ્વેશ ! " મણીપૂરના મહેલને આગ લગાડનાર, અજીત અને એક દુષ્ટ સાધુ હતો. તેમની ઇચ્છા શૈલેશને બાળી ભષ્મ કરવાની હતી. પણ પ્રભુ કૃપાએ શૈલેશ કુમાર બચી ગયા છે અને તેથી તે દુષ્ટો ઘણા દિલગીર થયા છે. તેઓ હવે કંઇક ભયંકર કાર્યની ગોઠવણ કરે છે, માટે તમારે અને શૈલેશ કુમારે ખુબ સાવધ રહેવું.

શું હજી પણ તે અધમોનો ઇરાદો આપણો નાશ કરવાનો છે ? વચમાં શૈલેશે ઉશ્કેરાઇ પ્રશ્ન કર્યો.

હા, તેઓ ગમે તે પ્રકારે પણ આપણો નાશ કરવા ઇચ્છે છે.

" કારણ ? "

" દુષ્ટ અજીતને રાજ્ય સાથે સતી દિવ્યપ્રભાનો મોહ લાગ્યો છે. "

ઓહ્ ! તે તેની દુષ્ટ ઇચ્છા તેના પ્રાણનો નાશ કરાવશે, આ શૈલેશ તેઓને ભુગભેમાથી ખોળી કાઢી પગ તળે કચડી નાખશે.

" ઇશ્વર ઇચ્છાનુસાર થશે. ભાઇ ! શાન્ત થઇ આગળ વાચો '

સેનાપતિ વિશ્વેશ ! તમારે શૈલેશ અને દિવ્યપ્રભાની ઘણીજ સભાળ રાખવી. તેમને કદાપિ એકલાં બહાર જવા દેશો નહિ. વિશેષમા તેઓ આજ રાત્રે ભયકર કાર્યની શરૂઆત કરનાર છે અત્રેના દિવાનપુત્ર ભદ્રેશની પતિવૃતા બાળા નામે ભારતીનું ચોકસ ખૂન થવાનુ છે અને મણીપુરમાં પણ કઇક ઉથલપાથલ થનાર છે. બન્ને સ્થળે આજ રાત્રેજ ભયકર બનાવ બનનાર છે. માટે સત્વરે યોગ્ય લાગે એમ કરશો. પ્રભુ તમને તમારા કાર્યમાં યશ આપો. એજ લી. આપનુ ભલું ઇચ્છનાર

વિશ્વેશ ! આ ચિઠ્ઠી લખી આપણને સાવધ રહેવાનું સૂચન કરનાર કોણ છે ? શૈલેશે પૂછ્યું.

" તેની મને ખબર નથી, પણ પ્રભુ તેનું શુભ કરો. "

" ભાઇ ! શું સતી ભારતીનું ખૂન થઈ જશે ? "

નહિ ! હું અત્યારથીજ તેના બચાવના પ્રયત્નમાં જાઉં છું ને ઇષ્ટ કૃપાથી તે કર્મચ ડાળોના કાર્યને ધુળમાં મેળવું છું.

વિશ્વેશ ! તમે ઘણું સાહસ કરવાનું વિચાર્યું છે. દગાખોર દુષ્ટો સબળ છે, તમે તેઓના પ્રપંચથી અજાણ છો, તેથી તમારા અમ ગળને માટે મને શંકા થાય છે. દિવ્યપ્રભાએ કહ્યું.

રાજકુમારી ! વનરાજ અણજાણ હોય છે છતાં જંગલમાં નિર્ભય થઇ ફરે છે. વીરપુરૂષો હિંમતથી મરણના મુખમાં ધસે છે, એવીજ રીતે આ વિશ્વેશ દુષ્મનોનો પીછો પકડશે ને તેઓને ખોળી ઠાર કરશે. વિશ્વેશે આવેશથી જવાબ આપ્યો.

વીર શ્રેષ્ટ ! સત્ય સાહ્યક ભગવાન તમારો વિજય કરશે. જાઓ અને દુષ્ટોના ત્રાસથી નિર્દોષનું રક્ષણ કરી સત્વર પાછા આવી મળો. દિવ્યપ્રભાએ આશિષ દેઇ જણાવ્યું.

" ભાઇ ! હું તારી મદદમાં આવું તો ? શૈત્રેશે પૂછયું.

" વીરા ! ત્યાં તમારૂં કામ નથી, સેંકડો શિયાળવાંને રોળવા એકજ વનરાજ બસ છે ! લ્યો, હવે હું રજા લઉં છું. "

" હા, વીરા પધારો ! અને મ ગળ કાર્ય કરી વ્હેલા પાછા આવો. દિવ્યપ્રભાએ કહ્યું.

તેઓની રજા લઇ વીર વિશ્વેશ વિલાસ સદનની બહાર નીકળ્યો, અને રાત્રિના સમયે શાન્ત જણાતા એક વિશાળ રસ્તાપર થઇને પ્રયાણ કરવા લાગ્યો.

વિલાસ સદનમા આન દ કરતુ પ્રેમિ યુગલ વિશ્વેશના મંગળને માટે પ્રભુ પ્રાર્થના કરી મોડી રાતે નિંદ્રા દેવીને શરણ થઇ ગયું.

પ્રકરણ ૭૧ મું.

કાળી રાતે કાળું કામ.

મન મલિન વિચારમાં, કરવા દુષ્ટજ કાજ;
સત્ય આત્મા હૃદયનો, રોકે મનને ત્યાંજ.
મન આત્માનું દ્વંદ્વ યુદ્ધ, અપાર હૃદયમાં થાય;
આત્માને અળગો કરી, મન મલિન તો થાય.

કાળી ભમર જેવી જણાતી રાત્રિ સમ સમાકાર વ્યતિત થતી હતી, એ સમયે રાજ્ય માર્ગ પર થઇને ગમન કરતો વિશ્વેશ પ્રથમની સાંકડી ગલીમાં પ્રવેશ્યો, અને પહેરેલા પોશાકનો ત્યાગ કરી પહેલાંની માફક ગરીબી વસ્ત્ર ધારણ કર્યાં. તેની અંદર પિસ્તોલ, કટાર વગેરે ઉપયોગી શસ્ત્રો છૂપાવી દીધાં. એવી રીતે વેશ બદલી સેનાપતિ વિશ્વેશ મધુમુખીના મકાન આગળ આવી પહોંચ્યો પણ એટલામાંજ તેને મકાનમાંથી મધુમુખી અને એક બીજો માણસ છૂપા પોશાકથી સજ્જ થઇ બહાર નીકળતાં સામા મળ્યાં. મધુમુખીને જોઇ વિશ્વેશે નીચા નમી નમન કર્યું. મધુમુખીએ સ્મિત્ હાસ્ય કરી તેને સાથે ચાલવાની ઇશારત કરી. તુર્તજ વિશ્વેશ તેમની પાછળ ચાલવા લાગ્યો. એવી

રીતે ચાલતાં તેઓ વસ્તીવાળા મહોલ્લામાં એક ભવ્ય હવેલી આગળ આવી પહોંચ્યાં.

એ ભવ્ય હવેલી ભદ્રેશરાયની હતી. તે હવેલી આગળ આવી તેઓએ ઝાંપો ઉઘાડી અંદર પ્રવેશ કર્યો. સઘળે શાન્તિ જણાતી હતી. હવેલીના ચોગાનમાં પડેલી પાટલીપર બે નોકરો સુતા હતા હવેલીના દાદર આગળજ ભદ્રેશરાય તેઓની આતુરતાથી રાહ જોતા ઉભા હતા. મધુમુખી વગેરેને નિહાળી ભદ્રેશ આનંદ પામ્યો, ને સર્વ સાથે દાદરપર ચઢવા લાગ્યો.

વાચકો! આજે ભારતીનુ ખૂન થવાનું છે, ને તે ખૂન કરનાર ભારતીનો પ્રિયપતિ ભદ્રેશ છે. તે'ને મદદ કરવાને મધુમુખી એક ચાલાક માણસ તથા અણજાણ્યુ વિશ્વેશને લેઇ ત્યાં આવી છે. અસ્તુ.

ભદ્રેશ ત્રણે જણાને લઇ ભારતીના શયનગૃહ સમિપ આવી અટક્યો. ને મધુમુખી વગેરેને શયનગૃહના દ્વારની બહાર ઉભા રાખી સૂચના કરી કે—હુ ધારેલા કાર્યને પુર્ણ કરવા અંદર જાઉ છુ, ને હુ બોલાવુ કે તુરત તમારે અંદર આવવું. આમ કહી ભદ્રેશ શયનગૃહમાં પ્રવેશ્યો. મધુમુખીની સાથે બહાર ઉભેલો વિશ્વેશ બારણાની જાળીમાથી અંદરનુ રહસ્ય નિહાળવા લાગ્યો.

શયનગૃહમાં આ સમયે ગોળ ટેબલપર એક ઝાંખી બત્તી બળી રહી હતી; ને જમીનપર એક સાદડી બીછાવી સતી ભારતી ભર નિદ્રામાં પડેલી હતી. ઝાંખા બળતા દિવાનો પ્રકાશ તે'ના નિર્દોષ ઔર મુખપર પડી તે પવિત્ર બાળાના પવિત્ર પ્રભાવની

સાક્ષી આપતો હતો. તેના શિરે કેશ અવ્યવસ્થિત થઇ છૂટા છવાયા પથરાઇ ગયા હતા. રાત્રિ શુન્યકારમય ભાસતી હતી. કોઇ પણ મનુષ્ય જાગૃત હોય એમ જણાતું નહોતું, ફક્ત આ સમયે ભદ્રેશ-રાયની હવેલીપર ઘુ, ઘુ, અવાજ કરતુ એક ઘુવડ બોલતુ હતું.

ભયંકર કાર્ય કરવાને તૈયાર થયેલો ભદ્રેશ, હાથમાં ચળકતી કટાર પકડી સુતેલી ભારતીની નજીક આવ્યો. ભદ્રેશને કટાર સાથે ભારતીની સાહડી નજીક જોઇ વિશ્વેશ કંપ્યો, અને આત્મગત બોલી ઉઠયો. અહા, આ ભદ્રેશ! કે જે રાતના સમયે બહાર નીકળતા ડરનારો. તે અત્યારે દુષ્ટોના સંસર્ગથી કેવુ ક્રૂર કર્મ કરવાને તૈયાર થયો છે! ખરેખર! “સોબતની અસર થયા વિના રહેજ નહિ.” બસ હવે ગમે એમ થાઓ પણ મારે એ નિર્દોષ બાળાનું અવશ્ય રક્ષણ કરવુ જ જોઇએ. આમ બોલતો વિશ્વેશ, હવે શું યુક્તિ આદરવી, એ વિચારમાં પડયો. છેવટે કંઇક નિર્ણય કરી પાસે ઉભેલી મધુમુખી પ્રત્યે કહેવા લાગ્યો. બાઇસાહેબ! આપ લગીર નીચે આવશો?

“કેમ?”

“કંઇક ગુપ્ત રહસ્ય છે.”

“એમ! તો ચાલ હું આવુ, કહી મધુમુખી વિશ્વેશ સાથે હવેલી નીચે આવી. વિશ્વેશ આગળ અને પાછળ મધુમુખી એવી રીતે તેઓ હવેલીના ઝાંપા બહાર નીકળી એક વૃક્ષ નીચે ઉભાં રહ્યાં. વૃક્ષ નીચે ઉભી રહી મધુમુખી વિશ્વેશને શુ રહસ્ય છે, એમ પૂછવા લાગી. બાઇસાહેબ જુઓ, આ રહસ્ય! કહી વિશ્વેશે એકદમ તેની પર છલંગ મારી તેને પકડી લીધી. દગો

થયો સમજી મધુમુખી બૂમ પાડવાનો પ્રયત્ન કરવા લાગી, તે પહેલાં તો વિશ્વેશે તેને કંઇક સુંઘાડી બેભાન કરી દીધી. તુર્તજ વિશ્વેશે માથાપરથી ફાળીયું ઉતારી બેશુદ્ધ મધુમુખીને તેમાં જકડીને બાંધી દીધી, અને તેજ વૃક્ષની ડાળમાં કોઇ જુએ નહિ એવી રીતે તેણે મધુમુખીની ગાંસડી લટકાવી દીધી. ત્વરાથી આટલું કાર્ય કરી વિશ્વેશ ગભરાયેલી હાલતનો ઢોંગ કરતો હવેલીપર ઉભેલા માણસ પાસે શ્વાસભર દોડતો આવ્યો, અને ગદ્ગદ્ કંઠે તેને કહેવા લાગ્યો. ભાઇ ! જુલમ, જુલમ, ઘણુંજ ખોટું થયું.

"શું થયું ? તે માણસે ચમકી પૂછ્યું.

"કંઇ કેવાની વાતજ નહિ."

"પણ છે શું એ તો કહે ?"

"હરણ, ભાઇ, હરણ."

"અરે મૂર્ખ ! શાનું હરણ ?"

"અરે! મધુમુખી બાઇનુ હરણ."

"શું ! ચોખ્ખું કહી દેને ?"

"અરે શુ કહું ? મારૂં કપાળ ! હુ જે વખતે બાઇની સાથે નીચે ગયો તે વખતે, ઓ બાપરે ...એ....

"શું થયું ઝટ ભસી મરને ?"

"એક મોટો કાળો મેશ જેવો માણસ આવ્યો, ને તે બાઇને ઉપાડી નાશી ગયો."

"હેં ! શું બાઇને ઉપાડી નાશી ગયો ?"

"હા ભાઇ હા! બાઇ બૂમ પાડતાં રહ્યાં, ને તરફડીયાં મારતાં તેની સાથે ગયાં."

"અલ્યા! તે કઇ તરફ ગયાં?"

"આ.... આ. પશ્ચમ દિશા ભણી." વિશ્વેશે એક દિશા તરફ હાથ લાંબો કરી કહ્યું.

રણછોડ! તું અહિં ઉભો રહે, હું બાઇને છોડાવા જાઉં છું. ભદ્રેશરાય બૂમ મારે એટલે તરત તું અંદર જજે, અને તે બતાવે એ કામ કરજે. કહી તે માણુસ હવેલી નીચે ઉતરી વિશ્વેશે બતાવેલી દિશા તરફ નજર રાખી ઝપાટાબંધ દોડવા લાગ્યો.

આટલા સમય સુધી અંદરના ભાગમાં ભદ્રેશ હાથમાં કટાર સાથે મહાન વિચાર વમળમાં તણાતો, ભારતીની સાહડી પાસે ઉભો રહી તેના નિર્દોષ મુખનું ધ્યાન પૂર્વક અવલોકન કરતો હતો. મંદમંદ બળતા દિપકના પ્રકાશમાં નિર્દોષ ભારતીનું મુખ શ્યામણું જણાતુ હતું. પાપી ભદ્રેશ જેમ જેમ વધારે સમય તેનુ મુખ જોતો ગયો, તેમ તેના હૃદયમાંથી મલિન વિચારો દૂર થઇ પુન પવિત્ર વિચાર આવવા લાગ્યા. તેથી તે પોતાનો હાથ હૃદયપર મૂકી મનમાં બોલવા લાગ્યો. અહા! કેવી પવિત્રતાની પરમ રૂપવંતી રમણી! અરે હા! હું આ સમયે કેવું ભયંકર કૃત્ય કરવા તત્પર બન્યો છું! આ.... આ.... મારી પ્રાણ પ્રિયા! કે જે મને અત્યંત પ્રિય હતી. હા...હા...આ... તેજ....તેજ....પ્રિયતમાનું ખૂન કરવા હું તૈયાર થયો છું. અફસોસ! આ કોમળ બાળા ફક્ત મારા એકજ ઘાથી અલ્પ સમયમાં હતી ન હતી થઇ જાત. અરે! આ મારા મનમાં આ

આમાંયે શું થાય છે, તેની મને લેશમાત્ર પણ સમજ પડતી નથી. ઓ મન! સ્વાર્થિ મલિન વિચારના મન! તું અત્યારે મને કેવું ભયંકર કૃત્ય કરવાને ઉશ્કેરે છે? હા....મારી બુદ્ધિ ફરેર મારી ગઇ છે, મારાં જ્ઞાન તંતુઓ ગુમ થઈ ગયા છે. હા, તેથી આ હૃદયમાં કંઇક અનિર્ણિય વેદના થઇ રહી છે. અરે! ત્યારે શું મારે એક લક્ષ્મિની લાલચે આ પવિત્ર લક્ષ્મિ તુલ્ય પવિત્ર રમણીનું ખૂન કરવું? પુન. ભદ્રેશ વિચારમા પડયો અને થોડીવારે વિચારનો ત્યાગ કરતાં બોલી ઉઠયો નહિં, નહિં, એક તુચ્છ લક્ષ્મિની લાલસાથી હું આ નિર્દોષનો પ્રાણહુતા નહિ થાઉં. ભલે હું ભીખારી હાલતે રખડી ભીખ માંગીશ પણ કદાપિ આ મારી પ્રિયતમાનું ખૂન કરી ઇશ્વરનો ગુનેગાર નહિ થાઉં. અરે! આ પવિત્ર બાળાનું ખૂન કરવાનો વિચાર કરતાંજ મારા હાથ પગ ધ્રુજે છે આંખો ભયંકર અંધકાર નિહાળે છે, યમરાજના વિકરાળ દૂતો મારી સામુ ભયંકર દ્રષ્ટિએ જોતા જણાય છે. ક્ષમા, પ્રભુ ક્ષમા, ઓ યમના દૂતો! તમે હવે પધારી જાઓ, હું હવે કદાપિ આવું દુષ્કર્મ કરનાર નથી. આમ બોલતો ભદ્રેશ હાથમાં પકડેલી કટારને ઉંચી કરી કહેવા લાગ્યો. ઓ ચળકતી કટાર! નિર્દોષના પ્રાણનું વિસર્જન કરવામાં મદદગાર થનારી કટાર! શું તું અત્યારે આ મારી પ્રાણ સમાન પ્રિયાના હૃદયમા પેસવાને મારા હાથમાં તૈયાર થઈ છે? નહિ, હવે એમ થશે નહિ, મારે તારી મદદની જરૂર નથી, હું મારી પ્રિયાને મારવા નથી ઇચ્છતો. માટે તું મારાથી દૂર થા. કહી આવેશથી તેણે કટારને દૂર ફેંકી દીધી અને પોતે એક ખુરશીપર મહાન વિચારમાં ગરકાવ થઇ પડયો. ભદ્રેશ ઘણીવાર

સુધી વિચારમાં ને વિચારમાં આસન પર પડી રહ્યો. તેને કંઇ ચેન પડવા માંડ્યું નહિ. તેથી તે ઉભો થયો ને પાસેનું કબાટ ઉઘાડી તેમાંથી એક દારૂની બાટલી કાઢી. બાટલી લઇ પુનઃ ભદ્રેશ ખુરશીપર બેઠો અને મગજને શાન્ત કરવાના ઇરાદે મદિરાનું સેવન કરવા લાગ્યો. બાદ ઇચ્છાનુસાર દારૂપી બાટલીને તેના સ્થાને મૂકી ભદ્રેશ ખુરશીમા પડે પડે મનમાં બબડવા લાગ્યો.

"પવિત્ર વિચારવાળો થયેલો ભદ્રેશ મદિરાના પ્રતાપથી નિશામાં ડોલવા લાગ્યો. અને અલ્પ સમયપર થયેલા પવિત્ર વિચારો નીકળી ગયા ને તેને સ્થાને પુન અધમ વિચારો ઉત્પન્ન થવા લાગ્યા. આખરે દારૂના તાનમાં મસ્તાન બનેલો ભદ્રેશ ઉભો થયો ને મન સાથે ખડખડાટ હસી બોલી ઉઠયો અહા ! આ એક ત્રણ બદામની રાડ અને તેની પાસે રોકડ રૂપિયાને દાગીનાનો માલ ? ! એ તે કેમ સહન થાય ! ખરેખર આ મદિરજ મા'રી પ્રિય સહચરી છે. કારણ કે હુ ગમે એવો નિર્બળ ગનું છુ પણ તેના પ્રતાપે આખરે સબળ અને ડિમનવાન થાઉં છું, અને તેથીજ હવે આ સુનેલી ભામનોને યમ દ્વાર તરફ ચલ્દી રવાના કરી દઉ છું હવે વધારે વાર કરવામ સાર નથી. દુર બહાર મા'રી હિરોજાન મધુમુખી નાહુક ખોટી થાય છે. આમ કહેતાજ તેણે દૂર ફેંકી દીધેલી કટાર પુનઃ હાથમા પકડી. નિશાના જોરથી જેની આખો લા ચોળ થઇ ગઇ છે, એવો ભદ્રેશ આસપાસ જોતો ધીમે પગલે ભારતીની નજીક આવ્યો. ભારતીના મુખપર નજર કરતાજ વળી પાછો તે નાહિમ્મ

થવા લાગ્યો. બે ડગલાં પાછળ હઠયો, કારણ કે દુષ્ટ કૃત્ય કરવાને હૃદયમાં રહેલો શુદ્ધ આત્મા મના કરવા લાગ્યો. ત્યારે પાપી મન બળાત્કારે પણ તેને એ ભયંકર કૃત્ય કરવાને ઉશ્કેરવા લાગ્યું. પવિત્ર આત્મા અને મલિન મનનું હૃદયમાં તુમુલ યુદ્ધ થવા લાગ્યું. પણ આખરે થોડા સમયને માટે મલિન મને આત્માની પર વિજય મેળવ્યો. તેના વિજયથી મદિરામાં મદોન્મત બનેલો ભદ્રેશ લથડીયા ખાતો, હૃદયમા ક્ષણે ક્ષણે ક્ષોભ પામતો અને ફાટી આંખે ચારે તરફ નજર કરતો ભારતીની છેક નજીક આવી તેણે કટારવાળો હાથ ઉંચો કર્યો. બસ, થઇ ચૂક્યું. હવે એકજ પળ. હમણાંજ આપવિત્ર સુંદરીનો ગુલાબ પુષ્પ સમાનં કોમળ દેહ ચુર્ણ વિચૂર્ણ થઇ જશે. પાપીએ ઉંચો કરેલો હાથ ધીમે ધીમે ભારતીના હૃદયપર ઉતરવા લાગ્યો. ભદ્રેશ કંપતો હતો, હૃદયમાં ખૂન, ખૂન, થઇ રહ્યું હતું. તેણે આંખ્યો બંધ કરી દીધી. નીચે ઉતરતો હાથ કંપવા લાગ્યો ને આખરે ભારતીના હૃદયથી ફક્ત એક વ્હેંત જ દૂર રહ્યો. બસ, હવે ઘડીયો ગણાવા લાગી, કોમળ પુષ્પ કચરાઈ જવાની અણીપર આવી પહોંચ્યું.

“પણ અરે આ શું?! વિકાળ વરૂની માફક બહાર ઉભેલો વિશ્વેશ બારણાની જાળીને દૂર કરી અંદર દોડી આવ્યો, અને કટાર વાળો ભદ્રેશનો હાથ પકડી ભયંકર બૂમ મારી, અને પાપી શેતાન! કહી તેણે તેના હાથમાંની કટાર છીનાવી લીધી. બાદ પોતાના હાથથી તેનું કાંડુ મજબુત પકડી વિશ્વેશ તેના સામે વિકાળ નેત્રે જોઇ રહ્યો. ભદ્રેશ ફાટી આંખે થરથર ધ્રુજતો તેના સામે જોવા લાગ્યો. અને આ અકસ્માત આવનાર

કોણ હશે એમ મનમાં ગડભાંગ કરવા લાગ્યો. અંતે તેણે બૂમ મારી નોકરોને જગાડવાનો વિચાર કર્યો. તેના વિચારને જાણી વિશ્વેશ હાથમાં પકડેલી કટાર તેના સામે ઉગામી કહેવા લાગ્યો. નાદાન ખૂની ! તા'રો બૂમ મારવાનો યત્ન વૃથા સમજજે જો આ સમયે તા'રા મુખમાંથી એક પણ અક્ષરનો અવાજ નિકળ્યો તો યાદ રાખજે કે આ ચળકતી કટાર તા'રી છાતીમાં આર પાર પેસી જશે. ઘોર ઘાતકિ ! શું તુ આ અબળાનું અત્યારે ખૂન કરવા તૈયાર થયો હતો ! દુષ્ટાત્મા ! પણ તું એટલું ન સમજી શકયો કે નિરાધારનો આધાર પરમાત્મા સઘળે વ્યાપી રહ્યો છે ? ઓ અધમ ! બોલ ! આ તા'રા દુષ્ટ કર્મનો તું શું જવાબ આપે છે ?

" હું....હુ....શું જવાબ આપું ? આ...આ....આપ, ક....કે...કોણ છો ? ભદ્રેશે ભયભિત થઇ પૂછયું.

" ઓ કાળા કર્મના કરનાર ખૂની ! શું તુ મ'ને ઓળખતો નથી ? શું તુ સેનાપતિ વિશ્વેશથી અજાણ્યો છે કેમ વારૂં ? વિશ્વેશે તેની ગરદન પકડી પૂછયું.

" ઓહ ! શુ સેનાપતિ વિશ્વેશ ? હા....સર્વ નાશ. કહી ભદ્રેશને નિશાથી આંખે અંધારાં આવી ગયાં ને ભયભિત થઈ બેશુદ્ધ બની જમીનપર પછડાઇ પડયો. તે'ના પડવાના અવાજથી સતી ભારતીની નિંદ્રા ઉડી ગઇ. તે એકદમ બેઠી થઇ બેબાકળી બની આસપાસ જોવા લાગી, તો તેની નજરે આ'વો વિલક્ષણ પ્રકાર દેખાયો.

પ્રકરણ ૩૨ મું.

"પત્નિનો પતિપ્રેમ."

પતિ પત્નિનો પરમેશ છે, સાચી શાસ્ત્રે શાખ,
પતિ તારક મારક નારીનો, સત્ય કહૂં સાક્ષાત.
કાણો કુટિલ કુબડો, અપગ ને નિર્ધન,
પરમેશ ગણીને પૂજશે, તે બાળાને ધન્ય.

સતી ભારતી ચમકીને બેશુદ્ધ દશામા પડેલા પતિને અવલોકવા લાગી. ભદ્રેશની એવી સ્થિતિ નિહાળી સતીના હૃદયમા સ્નેહનો સખ્ત આઘાત્ થયો. ભારતી તત્કાળ તેનુ માથુ ખોળામાં લઇ આશ્વાસન કરવા લાગી. ને તેને સાવધ કરવાના ઇરાદે પહેરેલી સાડીના પાલવથી પવન નાંખવા લાગી. ભારતીની પતિ ભક્તિથી વિશ્વેશ આશ્ચર્ય પામ્યો ને મનમા તેની અત્યંત પ્રસંસા કરવા લાગ્યો. ભારતીએ ઘણી મહેનત કરી છતા ભદ્રેશ સાવધ થયો નહિ, આથી તે સતી બાળા પાસે ઉભેલા વિશ્વેશ પ્રતિ દૃષ્ટિ કરી પૂછવા લાગી. વીર શ્રેષ્ઠ! આપને હુ ઓળખી ગઇ છું ને તેથી પૂછું છું કે આપ ધર્મ મુર્તિનુ એકાએક આવા કસમયે આ સ્થળે આગમન શા કારણથી થયું છે? અને મારા પ્રાણનાથના આ શુ દશા થઇ છે તે હું સમજી શકતી નથી?

"બ્હેન! આ ભદ્રેશ! દુષ્ટ માણસોની શિખવણીથી અત્યારે તમારૂં ખૂન કરવા તૈયાર થયો હતો. તેઓના સંકેતની મ'ને અગાઉથીજ ખબર હોવાથી હું અહિં આવ્યો હતો, ને તેથીજ તમને બચાવવાને આ સમયે ભાગ્યશાળી થયો છું.

"સેનાપતિ શ્રી! મા'રા સ્વામિ કદાપિ કાળે મારૂં ખૂન કરવાની હિંમત કરી શકેજ નહિ. તેમ આપ પણ અસત્ય ઉચ્ચાર કરી શકોજ નહિ ત્યારે મા'રે આમાં સમજવુ શુ? ભારતીએ શંકાશિલ થઇ પૂછયું.

"ભગિની! તમારૂં માનવું સત્ય છે. તમારો સ્વામિ ખરેખર એકલો એવુ કર્મ કરવાને હિંમતવાન થાય નહિ. પણ એ સમયે તેની સાથે ક્રૂર હૃદયના બે માણસો મદદગાર હતાં. તેઓને યુક્તિથી દૂર કરી હુ ભદ્રેશનું કાળું કામ છૂપાઇને જોતો હતો, આખરે તે પાષાણ હૃદયનો પાપી તમારો ઘાત કરવા તૈયાર થયો કે તુરતજ મ્હે તે'ને અટકાવ્યો.

"મારા નાથને મારૂં ખૂન કરવાનું કારણ?"

"તમારી પાસે રોકડ મિલ્કત ઉપરાંત ઘણા દાગીના છે, તે લેવાની ઇચ્છાથીજ તે તમારૂં ખૂન કરવા તૈયાર થયો હતો.

જો મારા પ્રાણેશને મારા દાગીના જોઇતા હોય તો તે હુ તેમને આપવાને ઘણીજ ખુશી છુ. તેમની ઇચ્છિત વસ્તુ મારે નકામી છે.

"સત્ય છે, પતિવૃતા બાળાના મુખમાં આવાજ શબ્દો શોભે છે."

"સેનાપતિ! તેમને આમ બેશુદ્ધ થઇ પડવાનું શું કારણ છે?"

" મદિરાપાનથી ચકચુર બનેલો ભદ્રેશ મને ઓળખતાંજ ભયભિત થઇ ઢળી પડયો છે, બીજું કાંઈ નથી."

"તો હવે આપણે તેમને સાવધ કરવાનો પ્રયત્ન કરીશું?"

" બ્હેન! તે અત્યારે સાવધ થઈ શકે એવી સ્થિતિમાં નથી. તેને સાવધ કરવાને ઘણા સમયની જરૂર છે. બ્હેન! તે સાવધ થાય તે પહેલાં મારે તમને કોઈ નિર્ભય સ્થળે લઈ જવાની ખાસ જરૂર છે."

" હેં શું મને ?!" ભારતીએ ગભરાઇ પૂછયું.

" હા, બ્હેન તમને."

" સેનાપતિ શ્રી! તમે એક પવિત્ર પુરૂષ અને જ્ઞાનિ છો, છતાં મને શા માટે મારા નાથથી વિખુટી પાડવા ઇચ્છો છો ?"

" સતી! સમય જોતાં એમ કરવાની ઘણી જરૂર છે, કારણ કે અત્રે રહેવાથી તમારા પ્રાણને હાની થવાનો સભવ છે."

' ભાઇ! મારા પ્રાણની મને પરવા નથી. તેમજ હુ મારા પ્રાણેશને મારી પાસેની તમામ મિલ્કત સોંપી દઇશ પછી તે શા માટે મારા પ્રાણનો નાશ કરશે ?"

"તમે તમારૂં સર્વસ્વ તેને સ્વાધિન કરશો, તદપિ તે તમારૂં ખૂન કર્યા વિના રહેશે નહિ."

" કારણ ?"

કારણમાં એજ કે તે એક દિવાનાની સમાન મધુમુખી નામક વેશ્યાના પ્યારમાં આંધળો થયેલો છે, અને તે વેશ્યાના કહેવાથીજ તે તમારૂં ખૂન કરવા ઇચ્છે છે.

સેનાપતિ! તોપણ શું થયું? હું તે બન્ને જણાની સેવા કરીશ. મારા નાથના ચરણ કમળની સેવા એજ મારા મનની શ્રેષ્ઠ ઇચ્છા,

" ધન્ય છે આર્ય મહિલા, તમને હજારો ધન્યવાદ છે. ભારતી બ્હેન! હું કદી અસત્ય ભાષણ કરતોજ નથી, મા'રો અંતરાત્મા આજે તમને અત્રે રહેવા દેવાને ના કહે છે, માટે તમે મા'રી સાથે ચાલો. મા'રી સાથે આવવાથી તમે તમારા સ્વામિની ઉપર એક મો'ટો ઉપકાર કરી શકશો."

" કેવી રીતે?"

" તે તમે થોડાક સમયમાં જાણશો. બ્હેન! હું અવશ્ય આવાં કુકર્મ કરનારા મંડળને પકડીશ યાતો મારીશ. તેમાં આ ભદ્રેશ પણ આખરે પકડાશે. માટે જો તમે મા'રી પાસે હશો તો તે'ને બચાવવા ભાગ્યવાન થશો. તમારા પતિ પ્રેમથી હું ઘણોજ પ્રસન્ન થયો છું અને તેથીજ આ ભદ્રેશને અત્યારે કેદ કર્યા સિવાય અત્રે રહેવા દઉં છું"

" ભાઇ! તમારી ઇચ્છાને માન્ય રાખી હું સાથે આવું છું. ભક્ત વત્સલ ભગવાન મા'રા નાથનું રક્ષણ કરજો. એમ પ્રાર્થના કરતી સતી ભારતી સજળ નયને ભદ્રેશનો સામે એક સ્નેહ ભરી દ્રષ્ટિ નાંખી વિશ્વેશની સાથે જવા ઉભી થઇ અને હવેલીના ઓરડામાં જઇ બે અમુલ્ય વિંટીયો આંગળીયે પહેરી, મકાનને પ્રણામ કરી વિશ્વેશની સાથે નીચે ઉતરી. પણ ચોગાનમાં આવતાંજ વિશ્વેશને કા'ને કંઇક ખડખડાટ થવાનો અવાજ સંભળાયો. વિશ્વેશ ચમકીને ચારે તરફ જોવા લાગ્યો. એટલામાં

સૌ તેની અજબ અજાયબીની અંદર એક વિરૂપ આકૃતિ તેની સામે આવી આવી. વિશ્વેશ કંઇ બોલે તે પહેલાં સૌ સૌ બોલ્યા વિના એક કાગળની ચિઠ્ઠી વિશ્વેશના હાથમાં મૂકી ઝપાટાબંધ પસાર થઇ ગઇ. વિશ્વેશ અજાબ થયો ને ચોગાનમા સળગતા ફાનસને પ્રકાશે મળેલી ચિઠ્ઠી વાચવા લાગ્યો. ચિઠ્ઠીમાં ફક્ત સાત શબ્દોજ લખેલા હતા. "કંઇપણ વિલંબ કર્યા વિના મણીપુર જાઓ." આમ વાચતાં વિશ્વેશ વિચારમાં પડયો. અવશ્ય મણીપુરમા કંઇક ભયંકર કાવત્રુ રચાયેલુ હોવુ જોઇએ વિચારનુ સમાધાન કરી વિશ્વેશ ભારતી ને પૂછવા લાગ્યો. બ્હેન! આપણને અત્યારે બે ઘોડા મળી શકશે!

"હા, આપણા તબેલામાં બે અશ્વો તૈયાર છે"

"તમે ઘોડા પર સ્વારી કરી શકશો?'

"હા, ઘણી સારી રીતે."

"એમ તો ચાલો! આપણે અત્યારે એકદમ મણીપુર જવાનુ છે."

"કેમ વારૂ?"

"મારા ધારવા પ્રમાણે ત્યા મહારાજા વિરબાહુનો પ્રાણ લેવાનુ ભયંકર કાવતરૂ રચાયેલુ હોવુ જોઇએ

અહા! શુ દુષ્ટોની દુષ્ટતા! એમ બોલી ભારતી વિશ્વેશને લઇ તબેલા આગળ આવી. તબેલામાથી અશ્વોને બહાર કાઢી બન્ને જણા ઝાપા બહાર નીકળી જે વૃક્ષના ડાળપર મધુમુખીની ગાંસડી હતી તે વૃક્ષ નીચે આવ્યાં. વૃક્ષ પરથી ગાસડી ઉતારી ઘોડાપર ગોઠવીને વિશ્વેશ અશ્વપર સ્વાર થયો. બીજા

અશ્વપર ભારતી સ્વાર થઈ. બાદ બન્ને જણે મણીપુરના માર્ગે અશ્વોને પૂરપાટ દોડાવી મૂક્યા

રસ્તામાં ચાલતાં ભારતી વિશ્વેશને ગાંસડીમાં શું છે? એમ પૂછવા લાગી, તેના જવાબમાં વિશ્વેશ કહેવા લાગ્યો. બ્હેન! આમાં તો અજબ માલ બાંધ્યો છે.

"શું અજબ માલ? આશ્ચર્ય! વીરા! તે તમને ક્યાંથી મળ્યો ?"

"તમારી હવેલીમાંથી."

"હેં! મારી હવેલીમાં ક્યાંથી ?"

"તમારા સ્વામિ લાવ્યા હતા."

"ભાઇ! મ'ને સ્પષ્ટ સમજાવો કે એમાં શુ છે ?"

'બ્હેન! આમાંના માલને જોતાં આપણે અપવિત્ર થઇએ એવો આખા ગામનો ઉતાર આમાં બાંધ્યો છે."

"આખા ગામનો ઉતાર એટલે ?"

"બ્હેન! ખરેખર તમે બહુ ભોળાં છો. આ ગાંસડીમાં બાંધેલી તમારા નાથને મદદ કરવા આવેલી મધુમુખી વેષ્યા છે."

"આશ્ચર્ય! તમે તેને કેવી રીતે સપડાવી ?"

ભારતીનો પ્રશ્ન શ્રવણ કરી વિશ્વેશે તે'ને અથ ઇતિ વાત કહી સંભળાવી. સઘળી વાતો શ્રવણ કરી ભારતી આશ્ચર્ય પામી ને મનમાં વિશ્વેશનાં વખાણ કરતી અશ્વને ચલાવવા લાગી. જોત જોતામાં તો તેઓ મણીપુરના પાદરે આવી પહોંચ્યાં. આ સમયે મધ્ય રાત્રિ વિતી ગઇ હતી.

પ્રકરણ ૩૩ મું.

" ફસાયો. "

ટેકી નર આ અવનીમાં, હિંમત ન હારી જાય,
કાળ નડે ભુખે મરે, તૃણ કદી સિંહ ન ખાય;

ભારતી અને વિશ્વેશ પાછલી રાતના સમયે અશ્વોને મંદ ગતિથી ચલાવતાં નગર તરફ ગમન કરવા લાગ્યા. કાળા અંધકાર સાથે સઘળે શુન્યકાર જણાતુ હતુ. આ સમયે માર્ગમાં આવેલા સઘન વૃક્ષ નીચે એક મનુષ્યાકૃતિ લપાઇને ઉભી હતી. તારાના પ્રકાશમાં સહસા વિશ્વેશની નજર તેની પર પડી. વિશ્વેશ ચોકયો. અશ્વની લગામ ખેંચી ત્યાં અટકાવ્યો ને ભારતીને પણુ અશ્વને અટકાવવાની સંજ્ઞા કરી. બન્ને જણા અશ્વ પરથી નીચે ઉતરી પડયાં અને કેળવેલા અશ્વોને છૂટા મૂકી દીધા. છૂટા થયેલા અશ્વો પોતાને સ્થાને જવા અમરાવતી તરફ દોડવા લાગ્યા.

વિશ્વેશને આવી રીતે કરતો જોઈ ભારતી પૂછવા લાગી. "ભાઇ ! ઘોડાને કેમ જવા દીધા ?"

"હવે આપણુને અશ્વોની જરૂર નથી, આપણે અહિંજ થોભવાનુ છે."

"તેનું કારણ ?"

"કંઇક રહસ્ય છે." આમ કહી વિશ્વેશ મધુમુખીની ગાંસડી નીચે મૂકી ભારતીને નીચે બેસવાનું કહી પોતે પણ બેઠો. તેઓને ત્યાં બેઠે થોડીવાર નહિ થઇ હોય, એટલામાંતો વૃક્ષ નીચે છૂપાઇ ઉભેલી આકૃતિએ કોઇને સંકેત સૂચક ઝીણી સિસોટી વગાડી. વિશ્વેશ ચોંકીને થયેલી સિટીના અવાજ તરફ ધ્યાનપૂર્વક જોઈ રહ્યો. અલ્પ સમયમાં તો તેણે ઘાડા આ ધકારમાં પોતાની પાસેજ થઇને પસાર થતી એક બીજી વ્યક્તિ નિહાળી. અને અલ્પ સમયમાં તો તે વૃક્ષ નીચે ઉભેલી આકૃતિની સાથે કંઇક વાત કરી તરત પાછી ફરીને આવી હતી તે રસ્તે ઝપાટાબંધ ચાલી ગઈ.

"તેના ગયા પછી વૃક્ષ નીચે ઉભેલી આકૃતિ પણ ત્યાંથી ચાલવા લાગી, તેને પ્રયાણ કરતી જોઇ વિશ્વેશ ઉભો થયો ને ભારતી પ્રત્યે ધીમે સાદે કહેવા લાગ્યો. બ્હેન ! આ ગાસડી સાથે તમે અહિં એકલાં થોડીવાર બેસી રહેશો ?

"તમે કયાં જવા ધારો છો ?"

"અહિંથી થોડેક દૂર. થોડીવારમાંજ પાછો ફરીશ."

"બહુ સારૂં, હું તમારા આવતા સુધી અહિંજ બેસી રહીશ"

"લ્યો બ્હેન હવે હુ જાઉ છું, અને તમે આ ગાંસડીનુ ઉશીકુ કરી આ ઘાસમા બિલકુલ શબ્દોચ્ચાર કર્યા વિના ચતાપાટ સૂઇ રહેજો આમ સૂચના કરી વિશ્વેશ ત્વરિત ગતિથી આગળ ચાલી જતી આકૃતિની પાછળ તે જાણે નહિ એમ ચાલવા લાગ્યો. ઝડપથી પગ ઉપાડતી આકૃતિ નગર તરફ

ગમન કરતી હતી. એવી રીતે આગળ તે અને પાછળ વિશ્વેશ ગુપચુપ ચાલતાં હતાં. પણ એટલામાં તો પાછળથી એક શ્યામ વસ્ત્ર ધારી માણસે દોડી આવી એકદમ વિશ્વેશને બાથમા પકડી લીધો. વિશ્વેશ છૂટવાને માટે ઘણી ખેચતાણ કરવા લાગ્યો. એટલા વખતમા તો આગળ ચાલી જનાર આકૃતિ દૂર નિકળી ગઇ વિશ્વેશ હજી તો તે કોણ છે એમ પૂછવાનો વિચાર કરે છે, એવામાજ તેને બાથમાં પકડનાર માણસે એક હાથે કમ્મરેથી કટાર ખેંચી કાઢીને વિશ્વેશની સામે ધરી. તેણે ઘોઘારી અવાજે પૂછ્યું. હરામખોર ! તું કોણ છે ? અને આમ અમારી ચર્ચા જોવાનુ શું કારણ છે ?

તે ભયંકર ચ્હેરાવાળા માણમના પ્રશ્નથી વિશ્વેશ પ્રથમ તો સ્હેજ ગભરાયો અને પુન. હિંમત ધારી યુક્તિથી તેની બાથમાંથી નીકળી જવાબ આપ્યા વિના ત્યાથી દોડવા લાગ્યો. તેને નાશી જતો જોઇ તે ભયંકર માણુસ પણ ત્વરિત ગતિએ તેની પાછળ દોડવા લાગ્યો.

તેને પાછળ દોડી આવતો જોઇ વિશ્વેશ આમથી તેમ દોડી તેને ફેરવવા લાગ્યો. વિશ્વેશને પકડવાનો પ્રયત્ન કરનાર આખરે થાકી કંટાળ્યો. એવામા તો સમય સૂચકતા વાપરી વિશ્વેશ પાસે આવેલા એક ઉંડા ખાડામાં કુદી પડયો, ને તેની અંદર શ્વાસ રૂંધી લાંબો થઇ સૂઇ રહ્યો. તેને પકડવાને ઇચ્છતો પેલો માણુસ પણ મુખથી હાંફતો ખાડા ભણી દોડી આવ્યો, ને તેય પણ ઘાડા અંધકારમા તે ખાડામાં ઉછળી પડયો. તે ઉંડા ખાડામાં તે માણસ ઉંધે માથે લાંબો થઇ સુતેલા વિશ્વેશની

ઉપર પડ્યો. તેનો સ્પર્શ થતાંજ વિશ્વેશ વિશેષ ગભરાયો, અને આ માણસે હજી મારો કેડો મૂક્યો નથી માટે હવે તો તેને મારવો યા તો મરવું. એમ ધારીને વિશ્વેશ એક ગુલાંટ મારીને તેની નીચેથી નીકળી ગયો અને એકદમ તેની પર ધસી જઇ તેને નીચે નાંખી દીધો. હવે મારો વારો, એમ મનમાં બોલી વિશ્વેશ તેની છાતી પર ચઢી બેઠો અને તેના લમણામાં એવા તો જોરથી એક મુક્કો લગાવ્યો કે તે તુરતજ બેભાન થઇ ગયો. તે બેશુદ્ધ થયેલા માણસના હાથ પગ પાસે નાખેલા લુગડાથી મજબુત બાધી તેને ત્યાંજ રહેવા દેઇ વિશ્વેશ ઝડપથી નગર તરફ જવા લાગ્યો. ઝડપથી પગ ઉપાડતો વિશ્વેશ થોડીવારમા તો નગરમા પ્રવેશી રાજ્યમહેલની અંદરના ચોગાનમા આવી પહોંચ્યો. વિશ્વેશ ત્યાં જુવે છે તો ત્રણ ચાર માણસો ત્યાં આમ તેમ આટા મારે છે. વિશ્વેશ તેઓને આંખો ખેંચી જોવા લાગ્યો, પણ તે ફરનાર માણસો તેને ઘાડા અંધકારમાં કાળા ઓળાની માફક જણાવા લાગ્યા. બાદ ધીમે ધીમે તે જણાતા ઓળાઓ ક્યાંક ગેબ ન થઇ જતા હોય એમ એકાએક અદ્રશ્ય થઇ ગયા. તેઓ ક્યાં જતા રહ્યા તે વિશ્વેશ જાણી ન શક્યો વિશ્વેશ આશ્ચર્ય યુક્ત થઇ વિચારવા લાગ્યો કે અરે! તે લોકો કોણ હશે? શું તેઓ પેલા ચંડાળ સ્વામિ અને અજીતના માણસો તો નહિ હોય? શું ખબર પડે? આખરે તેણે મન સાથે વિચાર કર્યો કે, લાવ નગરની પાદરે ઝાડમાં બાંધી મૂકેલા માણસની પાસે જઈ તે સાવધ થયો હોય તો તેની પાસેથી આ ભેદ જાણી લઉં. આમ વિચાર નક્કિ કરી વિશ્વેશ મોટાં મોટાં

પગલાં ભરતો પુનઃ ખાડાની નજીક આવી પહોંચ્યો. વિશ્વેશ તે ઉંડા ખાડામાં ઉતરી જુએ છે તો તે બંધીવાન માણસ ત્યાં નહોતો. વિશ્વેશ સ્તબ્ધ થઇ આત્મગત બોલી ઉઠયો. નક્કી એ બાંધેલા બેશુદ્ધ માણસને તેના મળતીયાઓ છૂટો કરી ઉપાડી ગયા હશે. હવે મારે કરવું શું ? આમ મન સાથે તે પ્રશ્ન કરે છે એટલામાં તો તેના કાને કોઇકનો કરૂણાજનક રૂદન ધ્વનિ સંભળાયો. વિશ્વેશ વિચારનો ત્યાગ કરી રૂદનધ્વનિ તરફ આકર્ષાયો, ને ત્યાં જઈ જોતાં તેને એક હૃદય ભેદક દેખાવ દેખાયો. કે જે જોતાજ તે વીરનર પણ ઘડીભર આકુળ વ્યાકુળ બની કંપવા લાગ્યો..

ચાર વિકરાળ દેખાવના કદ્દાવર માણસો ભારતીની આસપાસ ખુલ્લી તરવારે ફરી વળ્યા છે. અને તેમાનો એક તો ભારતીને મારી નાંખવાની તૈયારી કરી રહ્યો છે. ભારતી છૂટવાને માટે ઘણાજ કલ્પાંત સાથે તેઓને કરગરતી હતી, પણ તે પાષાણ હૃદયનાઓને લગીર પણ અસર થતી નથી. અરે ! હવે ભારતીને દુષ્ટોના પંજામાથી શી રીતે બચાવવી, સમય પણ થોડો છે. હમણાજ આ નરાધમો એ સતી બાળાનો વધ કરી નાખશે. આમ વિચાર કરતો વિશ્વેશ પુન. કંઇક યુકિત યાદ આવતાં તુરત ત્યાથી ખસી દૂર આવેલા એક વિશાળ વૃક્ષના ઓથે છૂપાયો અને લાગલીજ તેણે છ બહારની પીસ્તોલ કમ્મર પટામાથી ખેંચી કાઢી. બાદ તેની અંદર ગોળીયો ગોઠવી વિશ્વેશ નક્ષત્રોના પ્રકાશમા ભારતીની પર ઘા કરનાર માણસની સામે નેમ ટાકી. એટલામાં તો એક રક્ત પિપાસુ દુષ્ટે ભારતીનો વધ

કરવા તરવાર ઉંચી કરી કે તુરતજ પેલી બાજુથી વિશ્વેશની ગોળી છૂટી, પિસ્તોલમાંથી નીકળેલી ગોળી દુષ્ટના ઉંચા થયેલા હાથના કાંડામાં આબાદ વાગી. તેના હાથમાંથી તરવાર નીચે પડી ગઇ; કાંડામાંથી લોહીની ધાર વહેવા માંડી, ને અલ્પ સમયમાં તો એ દુષ્ટ ઝેરી ગોળીની અસરથી બેશુદ્ધ થઇ જમીનપર પડયો.

આ અકસ્માતથી બાકીના નિશાચરો ભયભિત થઇ આસપાસ જોવા લાગ્યા, પણ શ્યામ અંધકારમાં તેઓ વિશ્વેશને જોઈ શક્યા નહિ. જ્યારે તેઓને કંઇ પણ જણાયું નહિ ત્યારે તેમાંના બે જણા ભારતી પાસે પડેલી મધુમુખીની ગાંસડીની ખેંચતાણ કરવા લાગ્યા. પણ એવામાજ તેમાંના એકની નજર છૂપાયેલા વિશ્વેશપર પડી, કારણ કે જે સમયે ગોળી છૂટવાના અવાજનો ચમકારો થયો હતો તે વખતે એ માણસની નજર એ તરફ હતી.

તેણે ગાંસડીની ખેંચતાણ કરતા પોતાના સાથીઓના કાનમાં વાત કરી. તરતજ તેઓ ભારતીને તથા ગાંસડીને મૂકી વૃક્ષ તરફ દોડવા લાગ્યા. તેઓને દોડી આવતા જોઇ વિશ્વેશ પણ સમયને અનુસરી ત્યાંથી નીકળી આગળ અવળો દોડવા લાગ્યો. આથી તે ત્રણ માણસો તેની પાછળ દોડવા લાગ્યા. એવી રીતે તેઓને થોડીવાર ખુબ દોડાવી વિશ્વેશ ચાલાકી વાપરી એકદમ જમીનપર ઉગેલા ઘાસમાં ચતાપાટ સૂઇ રહ્યો. પાછળ પડેલા માણસો તેની પાસેજ થઇને આગળ દોડી ગયા પણ ઘાડા અંધકારમા તેઓ વિશ્વેશને જોઈ શક્યા નહિ. તેઓને ઘણે દૂર નીકળી

જવા દઈ વિશ્વેશ ત્યાંથી ઉભો થઇ ભારતીની પાસે આવ્યો. ભારતી તેને જોઇ આનંદ પામીને પોતાની ઉપર ગુજરેલી વિતક વાતો તેને કહી સંભળાવી. ભારતીની પાસે મૂકેલી ગાસડીમાં માલ ધારી તે દુષ્ટોએ તેને મારી નાંખવાની તૈયારી કરી હતી. એવુ ભારતીનુ કહેવુ સાભળીને તે ત્યાં એકલી રાખવાનું યોગ્ય નહિ ધાર્યા વિશ્વેશ મધુમુખીની ગાસડી માથે મુકી ભારતીને લઇ નગરમાં જવા ત્યાંથી ચાલવા લાગ્યો. બાદ પુન રાજ્યમહેલના ચોગાનમા આવી ત્યા આવેલા એક વિશાળ વૃક્ષપર ભારતીને ચડાવી, અને મધુમુખાની ગાસડીને એક ડાળ સાથે બાધી ભારતીને તેની સભાળ રાખવાનુ સૂચવી વિશ્વશ રાજદ્વાર આગળના ચોગાનમા ફરવા લાગ્યો.

આ સમયે રાજ્યમહેલના સઘળાં દ્વાર બધ હતા પણ એટલામાજ વિશ્વશે રાજ્યમહેલની ઉપરના માળની એક નાની બારી ઉઘડતી જોઇ. વિશ્વે ઉચુ જોયું તો તેની નજરે જણાયું કે કોઇ એક વ્યક્તિ તે ઉઘડેલી બારીમા ડોકું કાઢી ઉભી છે. વિશ્વશ એવે સ્થળે ઉભો હતો કે તે પોતે બીજાને જોઇ શકે પણ બીજુ કોઇ તેને ન જોઇ શકે. એવામા વળી તેને કાને સકેતના મીશની ચપટી વાગતી સભળાઇ. તે ચપટી વગાડનાર બારીમાં ઉભેલી વ્યક્તિ હતી. હવેજ વિશ્વશને ખરી ખબર પડી કે અત્રે કંઇક ભયકર બનાવ બનવાનો પ્રસગ છે. ચપટી વાગવાના સકેતથી એક માણસ રાજ્યમહેલની પાછળથી નીકળી વિશ્વશની નજીકમા થઇને ચાલ્યો ગયો. વિશ્વશની ચપળ ચક્ષુઓએ તુરત તેને ઓળખી લીધો. એ તેજ માણસ હતો કે જેને પોતે બધિ-

વાન કરી ખાડામાં રાખ્યો હતો. વિશ્વેશ તેની પાછળ જવાને વિચારે છે એટલામાં તો તે ક્યાંક ગેબ થઇ ગયો.

વિશ્વેશ આશ્ચર્ય પામી વિચારવા લાગ્યો કે હવે મારે ગમે એ યુક્તિથી રાજ્યમહેલમાં પ્રવેશી અ દરનું રહસ્ય નિહાળવું. મારી ધારણા મુજબ આ દેખાતાને ક્ષણમાં ગુમ થતા દુષ્ટો તે ચંડાળ સ્વામિનાજ માણસો હોવા જોઇએ. અને તેઓનો વિચાર મહારાજાના પ્રાણ હરવાનો દાવો જોઇયે. આમ વિચારતો વિશ્વેશ અ દર પ્રવેશવાને માર્ગ ખોળવા લાગ્યો. એવામા વળી પાછા તેને બીજા ચાર શ્યામ વસ્ત્રધારી માણસો આવતા જણાયા. તે ચારે માણસો ખુલ્લી બારી નીચે આવી, ડોકુ કાઢી ઉભેલી વ્યક્તિને ઉપર શી રીતે આવવું એમ ઇશારતથી પૂછવા લાગ્યા. તુરત બારીમાથી એક લાબુ દોરડું નીચે ફેકવામા આવ્યું. તે ચારે માણસો એ દોરડાની મદદથી એક પછી એક એમ ઝપાટાબ ધ ઉપર ચઢી ગયા અ દર જવાની ધ નમા તેઓ બહાર લટકતુ દોરડુ અ દર ખેચી લેવાનુ ભુલી ગયા, એ તકનો લાભ લેઇ માર્ગ ખોળતો વિશ્વેશ એ દોરડાની મદદ મળતાજ તેઓની પાછળ ઝપાટાબ ધ ઉપર ચઢી ગયો અને બહાર લટકતુ દોરડુ અ દર ખેચી લઇ પોતાની પાસે રાખ્યુ.

મહેલની ઉપરના ભાગમા ઘોર અ ધકાર ફેલાએલો હતો વિશ્વેશ હાથ પહોળા કરી આમ તેમ ફરવા લાગ્યો. આખરે એ ઘાડા અ ધકારમાં વિશ્વેશ એક ઓરડામાં પ્રવેશ્યો. ત્યા પ્રવેશતાં તેને માલમ પડયુ કે આ ઓરડામા પણ કેટલાક માણસો ફરે છે. વિશ્વેશ આ સમયે ઘણાજ કટાકટીના પ્રસ ગમાં આવી ગયો

હતો. જો દુષ્ટ લોકોના જાણવામાં આવે કે તેઓની ચર્ચા જોતો કોઇ માણસ પાછળ ફરે છે તો વિશ્વેશના પ્રાણ બચવા મુશ્કેલ છે વિશ્વેશ બિકણ નથી, તે એક બહાદુર વીર છે, તે બહાદુરીથી મરણને મળવા માંગે છે, અને પારકાના કલ્યાણમા તેનો પ્રાણ આપવાંન ઘણોજ ખુશી છે

બહાદુર વિશ્વેશ, ત્યા ફરતા માણસોની બારિકીથી હિલચાલ તપાસતો એક ખુણામા બેઠો, પણ એટલામાજ તે ત્યાથી એકદમ છલગ મારી કુદયો અને પોતાના મજબુત હાથની બાથમા એક માણસને પકડયો. તે પકડાએલ માણસ કઈ પણ અવાજ કરે. એ પહેલા વિશ્વેશે તેનુ મ્હો એવી તો સખત રીતે દાબ્યું કે તેને પુરો શ્વાસ લેવાનુ પણ મુશ્કેલ પડવા લાગ્યું. બાદ વિશ્વેશે તેના મુખમ પાસે રાખેલા રૂમાલથી ડુચા મારી, પેલા સાથે રાખેલા દોરડાથી તેને સખત જકડીને બાંધી ત્યાજ ખુણામા નાખ્યો.

તે માણસને ખુણામા રહેવા દઇ વિશ્વેશ ત્યા ફરવા લાગ્યો એટલામા તે જયા ફરતો હતો ત્યા બીજા કોઇ માણસો ધીમેથી વાતો કરતા તેણે સાભળ્યા. વિશ્વેશ કાન માડી તેઓની વાત સાભળવા લાગ્યો. વાતો કરનાર બે માણસો હતા. તે બેમાંથી એક માણસ બીજાને મો'ટેથી પૂછવા લાગ્યો. કપટસેન તુ કયા છે ?

" અહિ પાસેજ છું, આ તરફ આવ. "

હવે વિશ્વેશની ચોક્કસ ખાત્રી થઇ કે આટલામાં ફક્ત બે માણસોજ છે. પછી વિશ્વેશ તે ખૂનીયોના અવાજ તરફ ધ્યાન રાખી તેમની તરફ ધીમે પગલે જવા લાગ્યો. પણ એટલામાં

તેને જમીનપર પડેલા કોઇક માણસના શરીરનો સ્પર્શ થયો. વિશ્વેશ તુરત નીચે બેશી સ્પર્શ થયેલા માણસના શરીરપર હાથ ફેરવવા લાગ્યો. તે માણસે પહેરેલાં કપડાં તેંને ભીંજાએલાં લાગ્યાં. નક્કિ આ કોઇક નિર્દોષનુ ખૂન થયુ છે એમ વિશ્વેશ અનુમાન કરવા લાગ્યો. ખરેખર! આ ખૂનોંયો ઘણાજ ભયંકર છે. અને તેઓ આ રાજ્યમહેલમા આજે ઉપદ્રવજ મચાવા આવ્યા છે. અરે! શું ખબર કે મહારાજાનું શું થયું હશે?! પ્રભુ તેમનું રક્ષણ કરો. બસ હવે મરવુ કે આ દુષ્ટોને મારવા યા એકાદને પકડી સઘળુ રહસ્ય જાણવું. આમ નિર્ણય કરી વિશ્વેશ ઉભો થયોને ભરેલી પિસ્તોલનો ઘોડો દબાવ્યો. ભયંકર અવાજ થયો, ગોળી સામેની દિવાલને વાગી અવાજ સાથે થયેલા લગીર પ્રકાશમાં વિશ્વેશે જોઇ લીધુ કે અહિં પાસેજ એક ખુણામા ત્રણ ખૂનીયો ભરાયા છે. લાગલીજ તેણે એ ખુણા તરફ પિસ્તોલ ટાકી. પુનઃ ઘોડો પડયો ને ગોળી છૂટવાનો અવાજ થયો. તે ગોળી પણ ખૂનીયોએ ચુકાવી ને તે સાથેજ એક જણ બોલી ઉઠયો કે, અલ્યા ભુપત! મા'રો બેટો આ પણ કોઇક ચાલાક પુતળુ હોય એમ જણાય છે વિશ્વેશે તેના શબ્દો સ્પષ્ટ સાંભળ્યા અને તુરત એ તરફ બીજો પિસ્તોલનો પ્રહાર કર્યો. તે થયેલા પ્રહારની અસર બરાબર થઇ, ખૂનીયોમાંથી એક જણને નીચે પડવાનો ધ્વનિ સંભળાયો, ને સાથે એક ઝીણી ચીસ પણ સંભળાઇ. એક મરાયો. આથી બીજા ગભરાશે એમ ધારી વિશ્વેશ ધીમે પગલે તેઓની તરફ જવા લાગ્યો.

"વિશ્વેશ હજી તો તેઓની નજીક પહોંચ્યો નથી એટલામાં

તો તેને અચાનક પાછળથી કોઇએ પકડી લીધો. વિશ્વેશ ગભરાયો, ને તેની બાથમાંથી છૂટવાને ખેંચતાણ કરવા લાગ્યો, પણ એવામાં તો વળી બીજા કોઇએ આવી તેને પકડી મુખમાં ડુચો માર્યો અને ત્રીજાએ તેને રસીથી જકડી બાંધી લીધો. વિશ્વેશને મજબુત બાંધી એ બાંધનાર માણસ બીજાને કહેવા લાગ્યો. બહાદુરો! આજે આપણું અર્ધું કામ પુરૂં થયું છે અને જેને માટે આપણે અહિં આવ્યા હતા, તે આ નગરનો રાજા આપણા પંજામાંથી છટકી ગયો છે. આખા મહેલમાં તપાસ કરતાં માલમ પડયું કે તે આજે બીજા મહેલમાં સુવાને ગયેલો છે વીરાઓ! ચાલો હવે! તે રાજાની પછીથી ખબર જોઇ લેવાશે માટે હવે આપણે આ પકડાએલા શત્રુને લઇ સત્વરે મુકામે જઇએ, અને આપણી પુઠ પકડનાર આ દુષ્ટના હાલ હવાલ કરીએ.

વિશ્વેશ અચાનક બંધિવાન થવાથી પ્રથમ ગભરાયો તો ખરો, પણ જ્યારે તેણે સાંભળ્યું કે મહારાજા જીવતા છે, ત્યારે તેને આનંદ થયો અને મનમાં હિંમત રાખી વિચારવા લાગ્યો કે.--ફિકર નહિ જીવતા તો છીએ ને, જીવતા હોઇશું તો ગમે તે યુક્તિ પ્રયુક્તિથી છટકી જઇશું. આમ વિચાર કરતા વિશ્વેશને બહાર કાઢી આંખે પાટા બાંધ્યા.

પરોઢનો સમય થયો હતો, નગરમાંથી ઘંટીના ઘોર સંભળાતા હતા વૃદ્ધજનો પ્રભાતીયાં લલકારતા હતા એ સમયે આ ચંડાળ મંડળ વિશ્વેશને લઇ અરણ્ય તરફ રવાના થવા લાગ્યું.

પ્રકરણ ૩૪ મું.

ભારતીને શાન્તવન.

શાન્તિ તણું મન રાજ્ય છે તો સર્વ સુખ જોવાય છે;
ભ્રાંતિ રતી ધારણ કર્યે, અતી દુ:ખમા ડુબાય છે.
જે જગત સુખને ઇચ્છતુ, તેથી અધિક છે શાન્તિમા;
માટે મુઝાવું શીદ ચિંતા, ડોળો મનને ભ્રાન્તિમા.

વાર્તાવારિધી.

જે વૃક્ષપર ભારતી બેડી હતી, તે વૃક્ષની નીચે થઇ-નેજ સર્વ દુષ્ટ મંડળ ચાલવા લાગ્યુ. પ્રભાતના ઝાખા અજવાળામાં ભારતીએ તે મંડળમાં વિશ્વેશને બંધન યુકત જોયો. સતી બાળા ભય-ભિત થઇ ગભરાવા લાગી દુષ્ટ મંડળ દૂર ચાલ્યું જતુ જણાયુ. ભારતી વિશ્વેશની દશા જોઇ રડવા લાગી. તેનું હૃદય દુ:ખથી આકુળ વ્યાકુળ થવા લાગ્યું, અને હવે મારી શું સ્થિતિ થશે એવા વિચારોની દોડાદોડી થવા લાગી. વિચારમાં આંખે અંધારાં આવી ગયાં. તેને પૃથ્વી ફરતી હોય એમ દેખાવા લાગ્યું અને તેથી દુ:ખની એક કારમી ચીસ નાંખો સતી ભારતી વૃક્ષ ઉપરથી નીચે પટકાઇ પડી મુર્છિત થઇ ગઇ.

પ્રાત:કાળ થવાને હજી થોડીવાર હતી, જાંખો જાંખો પ્રકાશ સૃષ્ટિ પર ફેલાયો હતો, પૂર્વ દિશામાં સવિતા દેવના આવાગમનને માટે કુસુંબી રંગ છવાયો હતો. આકાશમાં ઉગેલાં નક્ષત્રો એક પછી એક નભ મંડળમાં વિલુપ્ત થતાં હતાં. એવા સમયે જે વૃક્ષ નીચે ભારતી બેશુદ્ધ સ્થિતિમાં પડી હતી, તે સ્થળે થઇને ચાર માણુસો ગમન કરવા લાગ્યા. તે ચારે જણાની કમ્મરે લાંબી તરવારો લટકતી હતી, હાથમાં લાંબા ભાલા પકડેલા હતા. એ ચાર માણુસોની પાછળ બે ભગવાં ધારીણી યોગિનીયો ચાલતી હતી. તે યોગિનીયો કંઇક મહાન વિચારમાં ગમગીન હોય એમ તેમનાં મુખ સામે જોવાથી માલુમ પડતુ હતુ. એવામાં આગળ ચાલતા ચાર માણુસોમાંથી એક જણુની નજર બેશુદ્ધ ભારતીની ઉપર પડી. ચારે માણુસો આગળ નહિ વધતાં ત્યાં થોભ્યા અને પાછળ આવતી યોગિનીયોને એક જણુ કહેવા લાગ્યો. મહાદેવી! આ રસ્તામાં કોઇ એક કોમળ બાળા હાલ હવાલ સ્થિતિમાં પડેલી છે ને તેના માથામાંથી રક્ત ધારા વહે છે.

હે શું કોમળ બાળા! કયાં છે? કહી એક તરૂણુ યોગિની આગળ ધસી આવી ભારતીને વાંકી વળી જોવા લાગી. ભારતી ની દયાજનક સ્થિતિ નિહાળી, તે દયાળુ યોગિનીનુ હૃદય દયાથી દ્રવવા લાગ્યું. તેની આંખોમા ઝળઝળીયાં ભરાઇ આવ્યાં, અને આકાશ પ્રતિ, દ્રષ્ટિ કરી એક ઉષ્ણુ નિશ્વાસ નાખી અશ્રુ લ્હોવા લાગી, સાથેની બીજી યુવાન યોગિની જમીનપર પડેલી ભારતીનુ માથું ખોળામાં લઇ આશ્વાસન કરવા લાગી એટલા સમયમા એક માણુસ જળ લઇ આવ્યો, તે જળથી ભરતીના માથા-

માંથી નીકળતું રૂધીર ધોઇ યોગિનીએ ત્યાં પાટો બાંધી દીધો. આવી રીતે એ યોગિનીયોનુ આખું મંડળ ભારતીની સુશ્રુવા કરવામાં ત્યાં રોકાયું. એવામાં પશ્ચિમ દિશા તરફથી ત્રણ શસ્ત્ર ધારી માણુસોની સાથે શ્યામ સાહ્યામાં શસ્ત્રથી મજ્જ થયેલી એક રૂપવાન બાળા ત્યાં આવતી જણાઇ. તેઓને જોતાં યોગિનીયોના માણુસો ચમકયા અને રખેને સામા માણુસો દુશ્મન હોય એમ વિચારી તેમની ભેટ લેવાને તૈયાર થઈ ઉભા. પણ એટલામાંજ સામેના માણુસો તેમની નજીક આવી પહોંચ્યા. આગળ ચાલતી બાળાએ યોગિની દેવીના માણુસોને ઓળખી જય ગર્જના કરી કે—" તપસ્વિની દેવીનો વિજય" આમ બોલતી તે કોમળ બાળા તેના માણુસો સાથે ભારતીની સુશ્રુવા કરતી યોગિનીના ચરણુમાં પડી

તેઓને શુભાશિર્વાદ દેઇ તપસ્વિની દેવી પૂછવા લાગ્યા. બેટા કૈલાસ ! શુ સમાચાર છે ?

" મા ાજી ! સમાચાર સારા છે. મહારાજા વિરબાહુ હાલ નિર્ભય સ્થાને છે. દુષ્ટો મહારાજાનુ ખૂન કરવામાં ફાવ્યા નથી, પણુ એક નિર્દોષ નોકરનુ ખૂન કરી થોડુંક જવાહિર લઈ જવામા ફતેહમંદ થયા છે.

કૈલાસ ! ઇશ્વરનો ઉપકાર માન કે મહારાજા બચી ગયા છે. પણુ વારૂ પેલા સેનાપતિ વિશ્વેશની તું જે વાત કરતી હતી, તે સેનાપતિ ત્યા આવ્યા હતા કે. ?

" હા, માતાજી ! તેનાજ પ્રતાપથી તે દુષ્ટો ત્યાં વિશેષ નહિ રોકાતાં ત્યાથી ચાલ્યા ગયા છે. પણુ....

" શું છે ? "

" તે વીર સેનાપતિ તેની ફરજ બજાવતાં આખરે દુષ્ટોના દગાનો ભોગ થઈ કેદ પકડાયો છે. તેને બધીવાન કરી તે દુષ્ટો તેઓના સ્થાને લઇ ગયા છે. " ઈશ્વર તે પરોપકારી સેનાપતિ " નું રક્ષણ કરો. આમ કહેતાં કૈલાસની આખ્યોમાં ઝળઝળીયાં ભરાઇ આવ્યાં. કૈલાસને શાન્તિનુ સૂચન કરતી તપસ્વિની કહેવા લાગી. કૈલાસ ! હૃદયને દ્રઢ કર. હું સમજુ છું કે વિશ્વેશના પરોપકારી કાર્યથી તેના વિષે તારા હૃદયમાં ઉત્તમ ગુણ છે. ખરેખર ! તે સઘળા ઉચ ગુણોને લાયક તે વિશ્વેશરાજ છે. કૈલાસ ! તે પરોપકારી વીર સેનાપતિનુ ઇશ્વર રક્ષણ કરો.

માતા ! સેનાપતિ વિશ્વેશ સમાન વીર પુરૂષ મ્હેં હજી સુધી કયાઈ જોયો નથી. તે નીતિ, રીતિ તેમજ દયાના ગુણોથી ભરપુર છે. માતા ! એવો એ સત્યવાદી દયાળુ વિશ્વેશ પણ કર્મના સયોગે તેની પ્રેમ પોસીતાથી વિયોગી છે ને માત્ર તેએનાજ વિના દુ:ખી છે. આટલુ કહેતાં કૈલાસને કઇક યાદ આવતા તે તપસ્વિનીના ખોળામા માથુ ઢાંકી રડવા લાગી.

કૈલાસ ! વ્હાલી કૈલાસ ! શા માટે તારા હૃદયમા આંસુ આણી રડે છે ? શાન્ત થા, નિશદિન દુખ હેતુ નથી. હું જાણુ છુ કે તારૂ હૃદય દયાથી ભરપૂર ભરેલુ છે. કૈલાસ ! નક્કી સમજજે કે આખરે " સત્યનોજ વિજય છે "

કૈલાસ ! અશાન્તિને દૂર કરી આમ નિહાળ ને જો આ કોઈ દુ:ખી નિર્દોષ કોમળ બાળા રકતપ્રવાહની વચ્ચે રસ્તામાં પડી છે, માટે તેની સભાળ લે.

કૈલાસ ભારતીની નજીક ગઇ અને તેના મુખ સામું જોઇ કહેવા લાગી. માતા ! આતો પેલા દારૂડીયા ભદ્રેશની પત્નિ

સતી. ભારતી. અરેરે શું તેની આવી વિપરીત દશા ? કહી કૈલાસ ભારતીના મુખપર શિતળ જળ છાંટવા લાગી.

કૈલાસ અને ભારતીનું માથુ ખોળામાં લઇ બેસનાર યુવાન યોગિની કે જે "નિર્મળા" હતી. તેની સરભરાથી ભારતી સાવધ થઇ, ને છેવટે બેઠી થઈ ચારે તરફ જોવા લાગી. પોતાની આસપાસ બેઠેલાં માણસોને જોઇ ભારતી સ્તબ્ધ બની ગઇ. પણ આખરે તપસ્વિની દેવીનાં શાન્તિ જનક આશ્વાસનથી તે શાન્ત થઇ તપસ્વિનીના ચરણમાં પડી બાદ ભારતીએ તે'ની તમામ હકીકત દેવીને કહી સંભળાવી, અને પોતે ભદ્રેશ તથા વિશ્વેશની ચિંતા કરવા લાગી. "ઇશ્વર સર્વનું સારૂ કરશે" કહી તપસ્વિની દેવી મંડળ સાથે ઉભાં થયાં. પણ એટલામાં ભારતીને મધુમુખીની ગાંસડી યાદ આવતા બોલી ઉઠી. દેવી ! સબુર કરો, મા'રી પાસે એક ગાસડી છે.

"ક્યા છે ગાસડી ?"

"આ વૃક્ષ ઉપર"

"વિરસેન ! તે ગાંસડીને નીચે ઉતારો." દેવીએ એક માણસને કહ્યુ.

' જેવી આજ્ઞા. કહી વિરસેન વૃક્ષપર ચઢી મધુમુખીની ગાંસડી નીચે લઈ આવ્યો. બાદ સર્વની સમક્ષ તે ગાંસડીને છોડવામાં આવી, તો સર્વની નજર મધુમુખીની ઉપર પડી, ગાંસડીની અંદર સ્રીને જોતાંજ તપસ્વિની દેવી ચમક્યા અને આ વળી કોણ હશે, એમ તર્ક વિતર્ક કરવા લાગ્યાં. પણ એટલામાં તો કૈલાસ તેને ઓળખી કહેવા લાગી. માતાજી ! આતો

નીચાં કર્મ કરનારી એક ચાંડાળણી છે, માટે આપણે તેને સ્પર્શ કર્યા વિના અહિંથી ચાલો.

" કૈલાસ ! મ'ને કહેતો ખરી કે આ સ્ત્રી છે કોણ ?"

" દુષ્ટ મંડળની રાક્ષસી, ખુનીયોના હથિયાર તરીકે વપરાતી ઝેરી નાગણી ! એનું નામ છે મધુમુખી વેશ્યા પાપિણી.

" પ્રભો ! તે'ને સદ્બુદ્ધિ આપો અને તેનાં પાપની ક્ષમા કરો. " કહી દયાળુ દેવી તેને નિર્ભય સ્થાને વૃક્ષ નીચે સુવારી સર્વને લઇ ત્યાંથી ચાલતાં થયાં.

વૃક્ષ નીચે પડેલી મધુમુખી જે ચીજથી બેશુદ્ધ થઇ હતી તે ચીજની અસર તેનો સમય થતાં પુરી થવા આવી. પ્રાત:કાળના શિતળ પવનથી તે ધીમે ધીમે જાગૃત થવા લાગી. અને થોડીવારે પુર્ણ શુદ્ધિમાં આવી આંખયો ચોળતી બેઠી થઇ ચો તરફ દ્રષ્ટિ ફેરવવા લાગી પોતાને અઘોર જ ગલમાં જોઇ તે વિચારમા પડી. પણ આખરે તે ચતુર નાયકા મનમાં સમજી ગઇ કે મા'રા આવા હાલ હવાલ કરનાર પેલો "રણછોડીયો!" અરે રણછોડીયો નહિ પણ એ કોઇ ચાલાક ચતુર નર હોવો જોઇયે. ઠીક છે, વખત આવ્યે આ'નો બદલો લેવાનુ હુ ભુલીશ નહિ. માટે હવે તો અહિ થી જલ્દી મકાને પહોચી મા'રા મિત્રોને સાવધ રહેવાની સૂચના કરૂં. અરે ! શુ ખબર કે ભદ્રેશનુ તેમજ મા'રી સાથે આવેલા માણસનુ શુ થયુ હશે ? શુ તેઓને તો મા'રી માફક એ લુચ્ચાએ નહિ સપડાવ્યા હોય ? માટે ચાલ હવે જલ્દી મકાને જઇ તેમની પણ તપાસ કરૂં આમ વિચારતી મધુમુખી કપડાં ખંખેરી મકાન તરફ ચાલવા લાગી.

પ્રકરણ ૩૫ મું.

ગિરિનંદની આજ્ઞા

જોયા સૌ સંસારમાં, સ્વાર્થી મિત્ર અનેક,
દિલાસો દે દુખ સમે, એવા લાખે એક.

આ ત.કાળ થતા હવેલીમા બેશુદ્ધ પડેલો ભદ્રેશ સાવધ થયો ને બેઠો થઇ ભયભિત વદને આસ-પાસ જોવા લાગ્યો. તેની નજરે કોઇપણ જણાયું નહિ. ભદ્રેશ બનેલા બનાવનો વિચાર કરવા લાગ્યો. ને વિચારમાં વિશ્વેશ વિષે ભ્રમ સમજવા લાગ્યો. પુન ભારતીનો વિચાર થયો. વિચારને અંતે કલ્પના કરી કે મા'રી એ શુદ્ધિમા વ્હાલી મધુમુખીએ તેની સાથેના માણુસની મદદથી ભારતીનું ખૂન કરી તેના શબને ઠેકાણે પાડયું હશે. ચાલો એ પણ ઠીક થઇ ગયું. આમ વિચાર કરતા ભદ્રેશે નીચેના નોકરોને ઉપર બોલાવવા બૂમ મારી. શેઠની બૂમ સાંભળી નોકરો ઉપર દોડી આવ્યા ને શેઠને સલામ કરી તેમની આજ્ઞા સાંભળવાને ઉભા રહ્યા. ભદ્રેશે તેજ સમયે તિજોરી ઉઘાડી સઘળા નોકરોને તેમનો પગાર ચુકવી આપી સદાને માટે રજા આપી. ગરીબ નિમકહ-લાલ નોકરો તર્ક વિતર્ક કરતા, તેમજ શેઠની બુદ્ધિ ફરેલી જોઇ

દિલગીર થતા ભદ્રેશને સલામ કરી ચાલતા થયા. તેઓના ગયા પછી તિજોરીમાંથી સઘળા દાગીના કાઢી એક ના'ની પેટીમાં ભરી ભદ્રેશ મધુમુખીને ત્યાં જવા તૈયાર થયો. અહા ! જે સ્થળે આનંદ વર્તાતો હતો, અને નોકરો આમથી તેમ ફરી આનંદ કરતા હતા, હા....તેજ સ્થળમાં હવે કોઈ પણ રહ્યું નથી. તે શુન્યકાર જણાતી હવેલીને ચારે તરફ તાળા લગાવી ભદ્રેશ તેની વ્હાલીને ત્યા જવા નીકળ્યો.

વ્હાલા વાંચકો ! ચાલો હવે આપણે મધુમુખીને તપાસીએ.

" સહસ્ત્ર રશ્મિ પ્રભુનો ઉદય થયો હતો તેમનાં સોનેરી કિરણો જગત્ પર ઝગઝગી રહ્યા હતાં. એ સમયે મધુમુખી તેના મકાને આવી પહોચી મકાનમાં પ્રવેશતા તેને સમાચાર મળ્યા કે—સઘળું મંડળ મકાનમાં ભેગુ થઇ તેની આતુરતાથી રાહ જોઇ રહ્યું છે. મધુમુખી તરતજ ઉપર દિવાનખાનામા બેઠેલા મંડળની સમક્ષ આવી ઉભી. તેને જોઇ શંકાશિલ થયેલુ મંડળ આનંદ પામી તેની ખબર પૂછવા લાગ્યુ મધુમુખીએ તેઓને પોતાની સર્વ વિતક વાર્તા કહી સંભળાવી. મધુમુખીની વાત સાંભળી તેની સાથે ગયેલો માણસ, જે, તે સમયે ત્યા હાજર હતો તે એકાએક બોલી ઉઠયો. શુ ત્યારે તમને પણ તે લુચ્ચા એજ બેશુદ્ધ કરી ગાસડીમા બાધી ફસાવ્યાં હતાં કે ? મા'રો બેટો ! ઘણોજ ચાલાક. સાળાએ મ'ને પણ એવુ સમજાવ્યુ કે તમને કોઇક ઉપાડી જાય છે. તેથી હુ તમને છોડાવવા ત્યાંથી દોડયો પણ તમારો પત્તો ન મળ્યો. આખરે થાકી હું પાછો હવેલીએ આવ્યો. પણ ત્યાં સઘળુ શાન્ત અને ઘોર અંધકાર.

"વારૂ પછી ત્હેં શું કર્યું ?"

ત્યાર બાદ હું મણીપુર તરફ જવા નીકળ્યો, ત્યાંય પણ રસ્તામાં મને એજ હરામખોરનો પાછો મેળાપ થયો. તેને જોઇ હું ગુસ્સે થઇ પકડવા દોડયો પણ આખરે હું તેનાથી ઠગાઇ બંધીવાન બની બેશુદ્ધ થઇ ખાડામાં પડયો. મને એ ખાડામાં રહેવા દઇ તે હરામખોર ત્યાથી ચાલતો થયો. બાદ થોડીવારે હુ શુદ્ધિમાં આવી છૂટવાને ફાંફાં મારવા લાગ્યો. એટલામાં અચાનક ત્યાં થઇનેજ ગુરૂ મહારાજ માણસો સાથે વાતો કરતા ચાલ્યા જતા હતા. મ્હે તરતજ તેમનો અવાજ ઓળખી મદદની બૂમ મારી. બાદ તેમણે કૃપા કરી મને બંધન મુક્ત કરી સાથે લીધો. મ્હે સઘળી વાત ગુરૂશ્રીને નિવેદન કરી. તે સાભળીને પોતે ઘણાજ ગુસ્સે થઇ ગયા ને તે હરામખોરને મારી નાંખવાનો દ્રઢ નિશ્ચય કરતા જણાયા.

"હાલ ગુરૂ મહારાજ કયાં છે ?" મધુમુખીએ પૂછ્યુ.

"તેઓ હજી પેલા...કામમા છે."

"ઠીક ..પણ તેઓશ્રી આજે અહિં પધારશે કે નહિ ?"

"હા, તે આજે જરૂર અહિં પધારશે ને કંઇક મહાન કાર્યની આજ્ઞા કરશે. વરૂણે જણાવ્યુ.

ઠીક છે, ગુરૂશ્રીના પધાર્યા પછી જે કરવાનું હશે તે કરીશું પણ મને જેણે ફસાવી હતી તે ઘણોજ કાવત્રાબાજ ને જબરો તો ખરો. એક ભિખારી જેવામાં આટલી બધી ચાતુર્યતા હશે, તેનો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. મધુમુખીએ કહ્યું.

અરે ! તે જેટલો ચાલાક ને યુક્તિબાજ છે, તેનાથી ગલદે

વધારે યુદ્ધશાળી છે. તેની પણ મને આજેજ ખબર પડી કપટ બોલી ઉઠયો.

" પણ તે કોણ છે, એ તમે જાણો છો ?" અજીતે પૂછયું.

" હા. " મધુમુખીએ જવાબ આપ્યો.

" કહો ત્યારે કે તે કોણ હતો ?" પુનઃ અજીતે પૂછયું.

" ભિખારી. " મધુમુખીએ કહ્યું.

" મોટી ભુલ થાય છે, આમ નજીક આવો હુ તમને તેની ઓળખાણ કરાવું. અજીતે સર્વેને પાસે આવવા સૂચવ્યુ.

સઘળાં શકાશિલ બની તેની નજીક આવ્યા, બાદ અજીતે તે કોણ હતો, એ સર્વેને ધીરે સાદે જણાવ્યુ. વિશ્વેશને ઓળખતાજ સઘળાં ચમક્યાં ને ઘણાંજ ગભરાવા લાગ્યા. તેમને ગભરાતા જોઇ અજીત કહેવા લાગ્યો, ન ડરો, મારા મિત્રો! તે ગમે તેવો બળવાન છે પણ હવે તે ફકત ચાર દિવસનોજ મ્હેમાન છે.

" હા, એમજ થવું જોઇએ." સઘળાએ બુમ પાડી જણાવ્યું.

" પણ હજુ સુધી પેલો અક્કલનો ઇસ્કોતરો કેમ જણાયો નહિ ?" વરૂણે પૂછયું.

" કયો ?"

" ભદ્રેશ. "

આવતો હશે, તે આપણી જાળમા બરાબર જકડાયો છે. તેમ મધુમુખી પ્યારીએ પણ તેના મોહમાં ખુબ આંધ્યો છે, એટલે એ આવશે તો કંઇક લઇનેજ આવશે. કપટે ખુલાસો કર્યો.

અરે! હજી તો હું તેને એવો તો નીચોવી નાંખીશ કે તે પણ મને •જીંદગીભર યાદ કરશે. મધુમુખીએ ફુલાઇ કહ્યું.

તારૂં કહેવું ખરૂં છે, દિલદાર! તારામાં અજબ મોહિની ભરેલી છે, તારાં ચંચળ ચક્ષુઓનાં કટાક્ષો એક ઝેરી તીરની ગરજ સારે છે. એટલે તું જે ધારે તે કરવાને સમર્થ છે. અજીતે જણાવ્યુ.

આવી રીતે સર્વ મંડળ વાર્તા વિનોદ કરી રહ્યું છે, એવામા ભદ્રેશરાય દાગીનાની નાનકડી પેટી હાથમાં પકડી ત્યાં દાખલ થયા. તેને જોતાંજ વરૂણસિંહ ઉભો થયો ને ભદ્રેશના હાથને તસ્દી આપતી દાગીનાની પેટી તેના હાથમાંથી લઇ મધુમુખીને સ્વાધિન કરી દીધી. ચતુર ચતુરા તે પેટીને પોતાની તિજોરીમાં મૂકી ભદ્રેશનું કુશળ પૂછી ભારતી વિષે પ્રશ્ન કરવા લાગી.

ભદ્રેશ તો અત્યાર સુધી એમ સમજતો હતો કે, મધુ મુખીએ ભારતીનું કામ પુરૂં કર્યું છે, પણ જ્યારે મધુમુખીએજ ભારતી વિષે તેને પૂછ્યુ ત્યારે પ્રથમ તો તે વિચારમાં પડયો; ને મન સાથે તર્ક કરવા લાગ્યો કે અરે! આ મધુમુખી પણ ભારતી વિષે કંઈ નથી જાણતી, ત્યારે તેનું થયું હશે શું? ભદ્રેશ વિચારમાં પડયો, ને અંતે આત્મગત બોલી ઉઠયો. નક્કિ એમજ! દ્રવ્ય દેખી મોટા મુનીવર ચળે તો વિશ્વેશનું તે શું ગજું! મારા ધારવા પ્રમાણે તેણેજ દાગીનાની લાલચે તેણીનું ખૂન કરી તેનું શબ ઠેકાણે પાડયું હશે. આ લોકો તો કંઇ પણ જાણતાં નથી, તો ચાલ હું પણ જુઠી તોપ લગાની બહાદુરી મારૂં. આમ નિર્ણય કરી ભદ્રેશ સર્વ મંડળની સામે

જોઇ કહેવા લાગ્યો. મિત્રો! ભારતી યમસદનમાં ગમન કરી ગઇ. ને તેની તમામ મિલકત મારે સ્વાધિન થઇ. ઘણીજ હિંમતથી અને બાહોશીથી મ્હેં તેણીનું ખૂન કરી નાંખ્યું છે ને તેના મુડદાને પણ કોઇ જાણે નહિ એવી જગાએ છૂપાવી દીધું છે. આવી રીતની ગપ ઠોકી મિથ્યાભિમાની ભદ્રેશ મુછો પર હાથ ફેરવવા લાગ્યો. સર્વ મંડળ તેને ધન્યવાદ દેવા લાગ્યું; અને મધુમુખીએતો અત્યંત ખુશી થઇ તેને સ્વહસ્તે બેચાર ગ્લાસ મદિરાનું પાન પણ કરાવી દીધું.

મિત્રોના ધન્યવાદથી અને મદિરાના પાનથી ભદ્રેશ ખુબ ખીલ્યો અને અત્યંત હસવા લાગ્યો. તેને ગુલતાન બનેલો જોઇ મધુમુખી તેના ગળામાં હાથ નાખી કહેવા લાગી. રસીલા સરદાર! આજે તમે ઘણીજ બહાદુરીનુ કામ કર્યુ છે અને તેથી તમને આખી રાતના ઉજાગરા સાથે ઘણીજ તસ્દી વેઠવી પડી હશે માટે લગીર આ સામેના કોચમા આડા પડી વિશ્રાન્તી લ્યો.

રસિલી! હવે મને સદાને માટે વિશ્રાન્તીજ છે, હવે આ ભદ્રેશને કોઇ પણ જાતની ઉપાધી રહી નથી. માટે હવે તુંજ મારી દિલદારને તુંજ મારી સરકાર. આમ બેશુદ્ધિમાં બકતો ભદ્રેશ મધુમુખીના કંઠમા હાથ નાખી પલંગ તરફ ચાલ્યો. અને નિશાના પ્રતાપે પલંગમા પડતુ નાંખી સુતો. મધુમુખી તેના નાજુક કરથી પંખો હલાવી પવન નાંખવા લાગી. ગણિકાના મૃગજળ સમાન પ્યારથી અંધ થયેલો ભદ્રેશ એ સમયે સ્વર્ગિય સુખની તુલના કરવા લાગ્યો. બાદ થોડીવારે તે આખી રાતના પરિશ્રમથી ગાઢ નિદ્રાને આધિન થઇ ગયો. પછી તેને

ત્યાંજ ઉઘતો રહેવા દઇ મધુમુખી મિત્રમંડળમાં સામેલ થઇને ભદ્રેશની મુર્ખાઇ પર ચર્ચા કરતી સર્વ સાથે હસવા લાગી. એટલામાં સામેના દ્વાર ખુલ્લા થયાં અને તેની અંદર થઇ ગુરૂ મહારાજ ચાર સેવકો સાથે ત્યાં પધાર્યા.

ગુરૂમહારાજ આ સમયે ઘણાજ ક્રોધાયમાન દિસતા હતા. તેનો આંખોમાથી જાણે અગ્નિ કણો ન ઝરતા હોય એમ જણાતુ હતુ. ત્યા બેઠેલુ મંડળ તેમને ગુસ્સામા જોઇ કંઇ પણ પૂછી શકવાની હિંમત કરી શકયું નહિ. આખરે ગુરૂશ્રી પોતેજ ગુસ્સાના આવેશથી અજીત સામે જોઇ બોલી ઉઠયા. અજીત! માન યા ન માન, પણ આપણા મંડળમા કોઈ બેવફા થયુ હોય એમ જણાય છે. કારણ કે આટઆટલી યુકિત પ્રયુકિતયો કરતા હાથમા આવેલા શિકાર છટકી જાય છે.

હે ! શુ કોઇ હાથમા સપડાયેલો શિકાર છટકી ગયો મહારાજ? અજીતે આશ્ચર્ય પામી પૂછયુ.

હા, મણીપુરનો રાજા ચેની ગયો. તેને ચેતાવનાર આપણા મંડળનુજ કોઈ હોવુ જોઇએ. આપણે જે મહેલમા તેનુ ખૂન કરવા ધારતા હતા, એજ મહેલમા આપણે આપણી મનમાનતી શરતો તેની પાસે લખાવી તેનુ ખૂન કરી શકત. પણ કોણ જાણે કે કોણે તેને આપણી વાતથી જાણીતો કરી દીધો, કે જેથી તે તુરતજ તે મહેલનો ત્યાગ કરી આજ રાત્રે બીજા મહેલમાં સુવા ગયો, ને તેથી આપણો ફેરો અફળ ગયો.

હા, અમે પણ તેની ઘણી ખોળ કરી પણ કઇ પત્તો મળ્યો નહિ. ગુરૂશ્રી! એવો કયો બેવફા અભાગી આપણા

મ ડળમાં ઉત્પન્ન થયો હશે ? અજીતે પૂછ્યુ.

ગમે તે હશે, હું તે બેવફાને આખરે પકડયા સિવાય રહેનાર નથી અને મણીપુરના રાજાને પણ ઘણા સમય સુધી જીવતો રહેવા દેનાર નથી. સાધુએ ગર્જના કરી જણાવ્યુ.

ત્યારે હવે આ સેવકને શું આજ્ઞા છે ? અજીતે પૂછ્યુ.

આજ્ઞામાં એજ કે ઘણા વર્ષોથી કેદ કરેલી મણીપુરના રાજાની રાણીને ખજાના વિષે પૂછો, અને જો તે ખુશીથી તે ખજાનાની બાતમી આપે તો તેને બચાવો નહિ તો તેને અને તેના વ્હાલા છોકરાને આજને આજ ઠાર કરો. ગુરૂએ ભયંકર આજ્ઞા આપી.

' અને પેલા વિશ્વેશનું ? " પુન અજીતે પૂછ્યુ

' તેનો ખુલાસો આજથી ચોથા દિવસે થશે. તેનુ મ્હોત ઘણીજ ઘાતકી રીતે કરવામાં આવશે."

" બહુ સારૂ ત્યારે હવે હુ રજા લઉ છુ."

" હા, જાઓ ને જલ્દી સોંપેલા કામને પુરૂ કરો. '

ગુરૂમહારાજને પ્રણામ કરી અજીત ત્યાંથી ચાલતો થયો, ત્યાર પછી બેઠેલા માણસોને પણ જુદાં જુદાં કામ સોપી ગુરૂજીએ વિદાય કરી દીધા. ત્યા આગળ હવે ગુરૂને મધુમુખી બેજ રહ્યાં અત્યાર સુધી મધુમુખી સા રામનો ગુસ્સો નિહાળી દૂર ઉભી ઉભી કાંપતી હતી. તેને દૂર ઉભી રહેલી જોઇ ગુરૂજીએ કહ્યું. દિલદાર ! આમ પાસે આવ. ને આ મારા ભુજ પિંજરમા દાખલ થા.

આવી વ્હાલા !. કહી મધુમુખી. સાધુરામના હૃદય સાથે દબાઇ ગઇ, તેને હૃદય સાથે દાબી ગુરૂજી પૂછવા લાગ્યા. કા વ્હાલી ! પેલો ગધેડા ભદ્રેશ ઉંઘી ગયો છે કે ?

"હા વ્હાલા ! આ દાસીને હવે શું આજ્ઞા છે ?"

"આજ્ઞામાં મદિરા અને આનંદમાં તું દિલદારા."

તૈયાર છુ મારા સરદાર. કહી મધુમુખીએ ગુરૂજીને યથેચ્છ મદિરાની પ્રસાદી પીવરાવી. બાદ અરસ પરસ ખુબ મદિરાપાન કરી બન્ને નિશાથી ડોલવા લાગ્યાં અને છેવટે એક બીજાના કંઠમાં હસ્ત આરોપણુ કરી અંદરના ભાગમાં ચાલ્યા ગયાં

પ્રકરણ ૩૬ મું.

“ પાપીનું પાપ કર્મ. ”

શુ થાય છે ને શુ થશે, એ માનવી નહિ જાણશે;
કિરતારની ન્યારી કળા, ખુબ નવા રંગ જણાવશે.

મણીપુરના મહારાજાની રાણી સુલોચના આજે ઘણા વર્ષોથી કર્મના સંસ્કારે, તેના પુત્ર રણધીર સાથે દુષ્ટોના પાસમા સપડાઇ એક ભયંકર ભોયરામા કેદ થઈ હતી તેમને જે ભોયરામાં પુરેલા હતાં તેમા હવા પ્રકાશનુ સારૂં સુખ હતુ ખાવા પીવાને માટે દરરોજ એક માણસ તેમને સમયસર ખાવાનુ આપી જતો હતો. દુષ્ટ સાધુરામ અન અજીત રાણી સુલોચનાને વારે ઘડીયે મણીપુરના ગુપ્ત ખજાના વિષે પૂછતા, પણ ખજાનાથી અજ્ઞાન રાણી કંઇ પણ જાણતી નહિ હોવાથી તેઓને કંઇ જવાબ આપી શકતી નહોતી. તેને દુઃખ દીધા વિના તે માનશે નહિ ધારીને તે દુષ્ટોએ તે રંક રાણીને દુ.ખ દેવામા કંઇ બાકી રાખી નહોતી. તેના દેખતા તેના પુત્રને બંધિવાન બનાવી તેની પીઠપર ચાબુકોના ફટકા લગાવતા. ચાબુકોના ફટકા એટલે સુધી તેઓ લગાવતા કે જેથી તે નિર્દોષ કુમાર દર્દથી બેભાન થઇ જમીનપર પટકાઇ પડતો. રાણી અને કુમારના કાલાવાલાથી તે નર

પિશાચોને બીલકુલ દયા આવતી નહોતી. જ્યારે રાણી કંઈ પણ કહેતી નહિ ત્યારે તે દુષ્ટો આખરે થાકીને પાછા જતા. તેઓના ગયા પછી રાણી રણધીરને છાતી સરસો દાબી ઘણુજ કલ્પાંત કરતી. તેના આવા અસહ્ય સંકટોમાં દિલાસો દેનાર ફક્ત એક જણ હતુ. તેનુ નામ "કૈલાસ કુમારી" હતુ. કૈલાસ દુષ્ટોનાં સઘળા કારસ્થાનોથી માહિતગાર હતી. તે ધારે તો રાણી અને કુમારને એ ભોંયરામાથી નસાડી મૂકે પણ કૈલાસ સારી રીતે જાણુતી હતી કે જો હું હાલ આ બન્ને નિર્દોષને બહાર કાઢી નસાડી મૂકીશ, તો પણ દુષ્ટો તેઓને ગમે તે પ્રકારે ફરીથી પકડશે. માટે એકદમ એમ નહિ કરતા સમય આવે તેમને છૂટાં કરી દઇશ. આવા વિચારથી કૈલાસ દુષ્ટોના પાછા ગયા પછી રાણીની પાસે આવી આશ્વાસન આપી તેને ધિરજ ધરવાનુ કહેતી. રાણી સુલોચના કૈલાસના પ્રેમથી તેને એક પુત્રી સમાન ગણુતી, ને તે કૈલાસના આશ્વાસનથીજ અત્યાર સુધી દેહ ટકાવી રહી હતી.

આજે બપોરનો સમય થયો છે, ભોયરામાં આછો આછો પ્રકાશ પડી રહ્યો છે રાણી સુલોચનાના ખોળામાં રણધીર માથુ મૂકી નિદ્રામાં પડયો હતો. રાણી દુ:ખી દીલે આખ્યોમાંથી અશ્રુ વહેવરાવતી, નિદ્રીત પુત્રને ચુંબન કરે છે. રાણીની નજીકમાં તે ભોયરાનો પહેરેગીર કે જેનુ નામ સત્યવીર છે તે બેઠો છે. રાણી અને કુમારની ઉપર પડેલાં સંકટો જોઈ તેનુ દિલ દયાથી પીગળે છે. તેણે આજે પ્રાણુ જાતાં પણ રાણી અને કુમારને નસાડી મૂકવાની ગોઠવણુ કરી છે. બાદ થોડી વારે પુત્રને રમા-

ડતી રાણી સજળ નયને સત્યવીરને પૂછવા લાગી. ભાઇ ! મહારાજાના કંઈ સમાચાર મળ્યા ?

દેવી ! મહારાજા હાલ આનંદમાં છે, ને દુષ્ટો તેમના કાવત્રામાં નિષ્ફળ નિવડયા છે.

સુલોચના પ્રભુનો ઉપકાર માનવા લાગ્યાં, તેમની આંખ્યોમાં ઝળઝળીયાં આવ્યાં, રાણીનું દયાદ્ર મુખ જોઇ સત્યવીર કંઇક વિચાર કરી કહેવા લાગ્યો માતા ! દુખી માતા ! શાન્ત થાઓ તમારાં અશ્રુબિંદુ જોઇ મારૂં હૃદય ચીરાઇ જાય છે. દેવી, ઉઠો ઉભાં થાઓ ને મારી પાછળ આવો. હું જીવના જોખમે પણ તમને નિર્વિઘ્ને બહાર કાઢી શકીશ.

ના, બાપુ ના, અમારે લીધે તને સંકટમા સપડાવવા હું નથી ઇચ્છતી.

માતા ! મારી દરકાર ન કરો, ચાલો, સમય ન ગુમાવો. આજનો દિવસ ઘણો ભયંકર છે, પાપી અજીત આજે અહિં તમારો નાશ કરનાર છે

ભાઇ ! અમે દુ:ખી જીવો મરણને મળવા તૈયાર છીએ. દયાળુ દિલના સત્યવીર ! તને સંકટમાં નાખવા કરતાં તે ખૂનીની તરવાર તળે મારૂં માથુ ઝુકાવવા હું તૈયાર છુ. ભાઇ ! આ જીંદગીમાં દુ:ખ સિવાય કશુ પણ જોયું નથી તેમ હવે સુખ પ્રાપ્ત થવાનો સંભવ પણ નથી. સત્યવીર ! ઇશ્વર તારૂં કલ્યાણ કરો. ભાઇ જાઓ, પાપી આવતો હશે, માટે તમે તમારી જગાએ જઇ પહેરો ભરવો શરૂ કરો.

દયાળુ હૃદયનો સત્યવીર રાણીને ત્યાંથી લઇ જવાને ઘણુ

સમજાવવા લાગ્યો, પણ રાણી ના કહેવા લાગી. કારણ કે તે સારી રીતે જાણતી હતી કે અમારા નાશી ગયા પછી સત્યવીર કદાપિ કાળે પણ જીવતો રહી શકશે નહિ. તેથી તે દયાળુ રાણી તેના જીવનું જોખમ કરવા કરતાં પોતેજ મરવાનું પસંદ કરી તેને જવાની ના કહેતી હતી. એવામાં થોડી વારે ભોંયરાના દ્વારની ભોગળ ખોલવાનો અવાજ સંભળાયો અવાજ સાંભળી સત્યવીર કંપતાં બોલી ઉઠયો. હા, અફસોસ! પાપી આવી પહોંચ્યો. હજી તો સત્યવીર પુરૂ બોલી રહ્યો નથી એટલામાં તો અજીતસિંહ ત્યાં આવી ઉભો રહ્યો. રણધીર પણ જાગ્રત થઇ ગયો. સત્યવીર તેને જોતાંજ પોતાની જગાએ જઈ ઉભો રહ્યો. સુલોચના તેને જોઇ થરથર કાંપવા લાગી. રણધીર નીચુ વદન કરી એક બાજુ ઉભો રહ્યો. એટલામાં પાપી અજીત ગુસ્સાથી તેને કહેવા લાગ્યો. કા રાણી! હવે હું ધારૂં છુ કે તમે સમજી ગયા હશો? માટે જો તમારો અને આ રણધીરનો જીવ બચાવવા ચાહતા હો તો જલ્દી જણાવી દો કે રાજા વિરબાહુ તેનો અમુલ્ય ખજાનો કયા છૂપાવી રાખે છે? યાદ રાખજો કે હવે તમારાં જુઠાં ટાયલાં ચાલી શકનાર નથી.

અજીત! ભાઈ અજીત! જે વાત હુ નથી જાણતી તે વાત હુ તમને કેવી રીતે જણાવુ? તેમજ જો કદાપિ જાણતી હોત તો કયારનીએ તે ખજાનાની વાત તમને જણાવી આટલુ બધું સંકટ ન વેઠત. વીરા! અમારી પર દયા કર. ગળગળે સાદે બોલતી રાણીએ હાથ જોડી કહ્યું.

“હું તમારી પર કદી પણ દયા કરનાર નથી.”

ભલે ભાઇ જેવી તારી ઇચ્છા ! પણ મારા આ ગરીબડા રાંક બાળકને બચાવ. તેને બદલે હું મૃત્યુના મુખમાં પ્રવેશ કરવા તૈયાર છું. અજીત ! હુ તારા પગે પડીને કહું છું કે તું મારા રણધીરને બચાવ. આ નિર્દોષ કુમાર હજી સંસારના કાવા દાવાથી અજાણ છે, અને તેણે તમારૂં કાંઇ પણ બગાડયું નથી. માટે તેનીપર દયા કર, પ્રભુ તારૂં કલ્યાણ કરશે

ચુપ થા, હુ તેને તો કોટી ઉપાયે બચાવનાર નથી. શું હુ તેને જીવાડી મારા ગુરૂની આજ્ઞાનો ભંગ કરૂં ? નહિ, કદાપિ નહિ. ઓ હઠીલી અબળા ! જ્યારે તે ખજાનાની ખબર તને નહિ હોય ત્યારે કોને હશે ? તું અમને ઠગવાનો પ્રયત્ન કરે છે, માટે થાઓ હવે તૈયાર, ને બની જાઓ આ તરવારનાં શિકાર. ચાલ છોકરા તુ પહેલો આવ. કહી અજીતે દૂર ઉભેલા રણધીરને પકડી પાસે ખેચ્યો.

" સુલોચના રણધીરને વળગી ખેચતાણ કરતી ચોધાર અશ્રુએ રડવા લાગી પાષાણ હૃદયનો પાપી ખડખડ હસવા લાગ્યો. પણ દૂર ઉભેલા સત્યવીરનુ હૃદય ચીરાવા લાગ્યુ તત્કાળ તે ત્યા દોડી આવ્યો, અને હાથ લાંબો કરી અજીતને થોભવાનુ સમજાવી કહેવા લાગ્યો. સબુર, સરદાર, સબુર, ભયંકર કાર્ય કરતી તરવારને આગળ વધતી અટકાવો

સત્યવીરનું અચાનક આ'વું કહેવુ સાભળી અજીત ચમકયો ને મનમા કંઇક વિચાર કરી કહેવા લાગ્યો સત્યવીર ! આજે તુ આમ કેમ બોલે છે ? તા'રા બોલવાપરથી મ'ને સમજાય છે કે તુ બેવફા થઈ આપણા શત્રુઓનો મદદગાર થઇ ચૂકયો છે.

" જો તમે એમ સમજતા હો તો ભલે; પણ સમજજો કે આજથી આ સત્યવીર એક નીતિને રસ્તે ચઢ્યો છે, અને તમારીજ સમક્ષ આજે નિર્દોષનું રક્ષણ કરવા ઉભો છે."

" સત્યવીર! તું ભુલે છે, અજ્ઞાનતામાં ડુબે છે, ને નીતિને રસ્તે ચઢતાં નાહક મૃત્યુને માગી લે છે "

" એમ! તો હું પૂછું છું કે આપ નીતિવાન હશો કેમ?"

" હા."

" ચુપ, નાહક જુઠું બોલી ઇશ્વરનો ગુન્હેગાર થામા. સતી નિર્મળાનુ ખૂન કરનાર પાપી પલિત અજીત, તે તું કે કોઈ બીજો?

" હા, હુ તેજ અજીત, તેજ કાળો નાગ. નાદાન સત્યવીર! હજી કહું છું કે માન, હુ તને એક પ્રમાણિક માણસ સમજી બચાવવા ચાહુ છું માટે તુ અહિ થી દૂર થા ને આ અપરાધીયોને મરણ પામવા દે.

" નહિ "

સત્ય શાટે શિર છે, નાદાન નક્રિ માનજે,
હુ પદમા રગડી મરીશ, દ્રઢ હ્રદયે તું જાણજે,
નિર્દોષ કમાર રાણી આ, નિર્ભય છે મમ પાસમા,
સ હાયક સદા મમ શ્યામ છે, સપડાઇશ તુ યમ પાશમા

' ઓ મુર્ખ! હુ નથી બોલતો તેમ શુ તું વધારે બોલી મને ડરાવે છે? જાણુતો નથી કે આ અજીત એક વીર છે, તેના આગળ તુ એક ક્ષુદ્ર સેવક છે?

બળના ગર્વમાં છકેલા મુખાઓ પોતાની બડાઇ પોતેજ હાંકે છે, એ તું જાણે છે?

"અરે દુષ્ટ! આવી રીતે બોલી તું શું કરવા માંગે છે?"

આ નિર્દોષના પ્રાણને બચાવવા ઇચ્છુછું, તેમનો વાંકો વાળ કરવા ઇચ્છનારનું હું રકતપાન કરવા ઇચ્છુછું.

એમ કરવા જતાં તું પ્રથમજ મારા ક્રોધનો ભોગ થઇ પડીશ.

તે હમણાં જોવાનું નથી, તુ હથિયાર ઉપાડી અનુભવ જો કે પ્રથમ કોનો ભોગ લેવાય છે.

"ઓ બેવકૂફ! તુ હજી આ સરદાર બહાદુર અજીતસિંહને બરાબર નહિ ઓળખતો હોય?

"ઓળખું છું, અજીત નામના સ્વાર્થ સાધુ ઝેરી નાગને હું સારી રીતે ઓળખું છું. ઓ! કાકાના અન્નથી પોષાઇ મો'ટો થઇ તેમનોજ વિનાશ વિચારનાર કુટીલ રાજદ્રોહી હું તને બરાબર ઓળખુ છું."

"સત્યવીર! મને લાગે છે કે તુ આજે કોઇના ભમાવ્યાથી ખોટા વિચારે દોરવાઇ દિવાનો બન્યો છે. ગુરૂજીને આપેલા વચનને યાદ કર. ને આ હઠીલી અબળા, અને આ સર્પના સંતાનને મા'રી નાંખવામાં મ'ને મદદ કર.

"બસ, બોલતો બંધ થા, આ સર્પનું સંતાન નથી, પણ વીર કેશરી મહારાજા વિરબાહુનો કુમાર છે. તેઓના બચાવમા આ સત્યવીર તૈયાર છે. અભિમાની! આકાશ અવનિ એક થશે, તોપણ મા'રા દેખતાં અને જીવતાં તું આ રાજ્યરાણી તથા આ રણધીરને કાંઇપણ કરવા શક્તિમાન નહિ થાય. અજીત! યાદ રાખજે કે આ નિર્દોષના પ્રાણ હરવામાં તારો નાશ થશે યાતો મા'રો પ્રાણ જશે."

" હજી સમય છે. વિચાર કર, તા'રે નક્કી મરણને શરણ થવુંજ પડશે."

" તે પહેલાં તા'રે આ મા'રી ચળકતી સમશેરને સ્વાધિન થવુંજ પડશે. કહી અત્યંત આવેશમાં આવી જઇ સત્યવીર સમશેર ખેંચી રણધીરને સોડમાં લઇ ઉભો. તેનાં વચનથી અજીત ઉશ્કેરાયો. બનેની તકરાર જોઇ રાણી ધ્રુજવા લાગી. રણધીર દયાદ્ર નેત્રે બંનેનાં મુખ સામે જોવા લાગ્યો. એટલામાં સમય સાધી સત્યવીરની નજર ચૂકાવી ક્રૂર અજીતે પિસ્તોલનો બ્હાર કર્યો. ઓફ્! થઈ ચૂક્યું. ગોળી વાગતાંજ જેમ વનરાજ કુદે એમ કારમી કીકીયારી કરી ઘવાયેલો સત્યવીર અજીતની પર ધસ્યો ને તેની પર સમશેરનો ઘા કર્યો. ચાલાક અજીતે નીચા નમી તેનો ઘા ચૂકાવ્યો."

દયાળુ સત્યવીર અજીતની ગોળીનો ભોગ થઇ આખરે જમીન પર તુટી પડયો. અજીતની ઝેરી ગોળી તેના પેટમા વાગી, તેમાંથી માસના લોચા બહાર નીકળી આવ્યા. તેની આખ્યો થરડાવા લાગી. મરણ કાંઠે તરફડતો સત્યવીર રાણી અને કુમારની સામે દયાની નજરે જોતો ભાગેતુટે સ્વરે બોલવા લાગ્યો.

પ્રકરણ ૩૭ મું.

"પરોપકારી બાળા"

અનાથનો બાલક સદા, સચરાચર છે નામ.
જેનો બાલક શ્યામ છે, તેનુ હે કોણ નામ

પાપી અજીતની ગોળીનો ભોગ થઇ પડેલો દયાળુ સત્યવીર ફાટી આંખે આર્જવતાથી સુલોચના સામે જોઇ ધીમે અવાજે કે'વા લાગ્યો. માતા સુલોચના ! હુ આપને .. તથા કુમારને ઈશ્વરના આધારે મૂકી મા'રા ખરા પથે પળુ છું. હા.. દુશ્મનના દગાનો ભોગ થઇ હુ મરૂં છું, ને તેને મા'રીજ અસાવધતાનુ કારણ સમજુ છું. માતા સુલોચના ! આ સમયમા દુષ્ટોનો નાશ કરવા જતાં ધર્મીઓનોજ વિનાશ થાય છે. ઓહ ! મ'ને અપર વેદના થાય છે, મા'રો જીવ ગભરાય છે આમ બોલી સત્યવીરે પાસું ફેરવ્યું. શરીરમાથી રક્તનો પ્રવાહ વહેતો હતો. છતાં પણ બળાત્કારે બોલવા લાગ્યો દેવી ! આ સેવક તમને દુઃખદ સ્થિતિમા મૂકી પ્રભુના પુન્ય ધામમાં જવાની તૈયારી કરે છે. આહ ! માતા ! હિંમત હારશો નહિ, ને ધિરજ ત્યાગશો નહિ. "ઇશ્વર અવશ્ય તમારૂં રક્ષણ કરશે." મા આ . ન .

આ....શ્રી....૨...અ....આંમ...સ્રમ. થઇ ચૂકયું. તેની જીભ ટુંકી થઇ ગઇ. દયાથી ભરેલી આંખ્યો ખુલ્લી રહી ગઇ. સત્યવીરનો પુન્યાત્મા નાશવંત દેહ છોડીને અનંત ધામમાં દિવ્ય દેહ ધારણ કરવા ગમન કરી ગયો. તેના મરણ પછી પાપી અજીત કે જે અત્યાર સુધી સ્તબ્ધ બની ઉભો થઇ રહ્યો હતો, તે હવે સાવધ થયો, ને તેના પગથી સત્યવીરના શબને દૂર ખસેડી પુનઃ રણુ-ધીરને ખેંચવા લાગ્યો. રાણી હૃદય ફાટ કલ્પાંત કરવા લાગી. માથાના વાળ પીંખતી રાણી રણધીરને બચાવવા વારવાર અજીતના પગે પડી વિનવવા લાગી દુષ્ટ અજીત પગે પડતી રાણીને પગના પ્રહારથી દૂર હડસેલી કાઢતો. પોતાની વ્હાલી જનેતાનુ હૃદયભેદક કલ્પાંત નિહાળી રણધીર કુમાર અજીતના હાથમાંથી છૂટી રાણીને બાઝી ગદ્ગદ કંઠે કહેવા લાગ્યો. માતા! વ્હાલી જન્મદાતા! શા માટે આક્રંદ કરો છો? તમેજ મને કહેતા હતાં કે:–મોડુ વ્હેલુ સર્વને જવાનુ છે. તો વિચાર કરો, ને આ ક્ષણભંગુર દેહનો ખેદ ન કરો. માતા! વિચાર કરો કે આપણે ઘણા વર્ષોથી આ ભયંકર ભોયરામા પુરાયેલા છીએ. શું આપણે અહિ સુખમા છીએ? ના, ત્યારે શા માટે મરણને શરણ થઇ પ્રભુના દરબારમા સુખી થવા ન જવુ જોઇએ? દયાળુ માતા! તમેજ વળી કહેતાં હતા કે.–અહીંના કરતાં પ્રભુના ધામમા ઉત્તમ સુખ છે. માટે ચાલો, આપણે તેવા ચિરકાળના સુખને સંપાદન કરવાની તૈયારી કરીએ. મા! હુ તમારા પહેલાં તે રમણિય સ્થળ તરફ વિદાય થાઉં છું ને ત્યાંના દ્વારમાજ તમારી રાહ જોતો ઉભો છું. મા'રી માવડી! હૃદયે હિંમત ધરજો, મા'રા મૃત્યુથી રૂદન કરશો નહિ. હવે હુ જવાની તૈયારી કરૂં છુ.

"ઓ મા'રા બાલુડા ! તું મ'ને છોડી ક્યાં જાય છે ? ઉભો રહે, ઉભો રહે, તા'રે મરવાની તો હજી ઘણીવાર છે. કહી રૂદન કરતી રાણી રણધીરના હાથ પકડી પથ્થર હૃદયને પણ પીગળાવે એવું કરૂણાજનક કલ્પાંત કરવા લાગી.. વજ્ર હૃદયનો અજીત રણધીરને ઉતાવળ કરવાનુ કહેવા લાગ્યો. માતૃ પ્રેમથી વિહ્વળ થયેલો રણધીર સજળ નયને માતાને શાન્ત કરવાના પ્રયત્ન કરવા લાગ્યો. પણ રાણી સુલોચના શાન્ત નહિ થતાં ચોધાર અશ્રુ વહેવરાવતી તેના નિર્દોષ મુખડા સામે ટગર ટગર જોઇ રહી. આખરે તે દુ:ખી બાળક માતાને પગે પડી કહેવા લાગ્યો. માતા ! હવે હુ જાઉ છું. સસારના મોહને ત્યાગજો ને પ્રભુનું રટણ કરજો તમને આ બાળકના છેલ્લા પ્રણામ છે. માતા ! અપાર સકટો શરીરપર સહન કરી તમે મ'ને મો'ટો કર્યો છે. હા, તે સર્વ સકષ્ટોનો બદલો વાળવાનો સમય આવતાંજ આ અભાગી તમારી સેવા કરવાના બદલે તમને નિરાધાર મૂકી ચાલ્યો જાય છે. હા...તેને માટે ઓ મા'રી ગરીબ માવડી ! મને ક્ષમા કરજે. મા ! તા'રો પ્રેમ અપાર છે. હુ શુ કરૂ. ? આવી રીતે બોલતો બાળકુમાર માતાને ખભે માથુ નાખી રડતાં, રડતા પુન: બોલવા લાગ્યો. હા .

ઉપકાર બદલો બાળથી, માતા પિતા ના માગતા,
બુદ્ધિ અને બળહીન્ બાળક, માગતા શું આપતા;
બદલો નથી આ વિશ્વમા, અદ્વૈત માતૃ પ્રેમનો,
માળા જપી માતા તણી, મુળ.મંત્ર હ્રદ આવે ભણો.

દાસરવાળા.

આમ કહી પછી રણધીર અજીત સામે જોઇ કહેવા લાગ્યો. ચાલ, ઓ પાપાત્મા ! ત્વરાકર અને ઉઠાવ તરવાર. હું જલ્દીથી મરવાને તૈયાર છું. કહી રણધીર માથુ નમાવી ગુંટણીએ બેઠો. સ્રરરર અવાજ કરતી તરવાર અજીતે મ્યાનમાંથી બહાર ખેંચી. આવો પ્રકાર નિહાળતાંજ રાણી સુલોચના બેબાકળી બની ગઇ. તેની આંખ્યો રક્તવર્ણી થઈ ગઇ. દિવાનાની હાલત અનુભવતી રાણી એકદમ ગુંટણીએ પડેલા રણધીરની પાસે દોડી આવી અને અજીતની સામે કોપ યુક્ત નયને નિહાળી ગંભિર અવાજે કહેવા લાગી. સબુર, સબુર, ઓ ઘાતકી ઘોર ઘોઝારા સબુર કર. અને પ્રથમ આ ગળાપર તા'રી તરવાર ફેરવી દે. ઓ...ઓહ ! કોઈ આવો અને આ અભાગિણીની દૂષ્ટ આંખ્યોને ફોડી નાંખો કે તે નેં'ના વ્હાલા બાળકને રક્ત પ્રવાહમા ખરડાએલો ન જુવે.

"ચાલ, ઓ કમભાગ્ય અબળા ! અહિંથી દૂર થા, ને આ તા'રા વ્હાલા છોકરના જીગરમાં મા'રી આ ઝબકતી તરવાર કેવી રીતે પેસે છે, તે જોવાને સાવધ થા. અજીતે રાણીને ધકકો મારી દૂર કરતાં કહ્યું.

"પોતાની વ્હાલી માતાનું અપમાન રણધીર જોઇ શકયો/ નહિ. અને તેથી તે એકદમ ઉભો થઇ બૂમ પાડી ઉઠયો. ઓ નરાધમ ! ઓ ઘોર ખૂની ! માંરી માતાને અપમાન યુક્ત શબ્દો સંભળાવનાર હું તને શું કરૂં ? ! હાય....આ ક્ષત્રીયબાળ હાલ નિ:શસ્ત્ર છે. ઓ અધમ ! યાદ રાખજે કે આ નિર્દોષ રણધીરના મૃત્યુ બાદ પાછા હજારો રણધીર ઉત્પન્ન થશે ને મા'રૂ વૈર લેશે. ઓ નાદાન ! અમારાં મરણ પછી લોકોમાં અમારાં

યશોગાન ગવાશે ને તમારાં નીચાં કાર્યોથી તમારા મરણ પ્રસંગે લોક તમારાં શબપર થુંકશે.

સમજજો પાપી તમ જુલમ, ચાર દિનતો ચાલશે,
પાપી પાપ તવ ડુબશે ને, સત્ય અંતે ફાવશે;
મૃગજળ સમ સુખ સહિત્યું, જેમ ચાર દિનનો ચાહલો,
મૃત્યુ સમે અવલોકશો, અંગાર તપતો થાભલો

સમજ્યા ! સમજ્યા ! ચાલ હવે તૈયાર થા. કહી પુન: અજીતે તરવાર ઉંચી કરી. સુલોચના કારમી ચીશ પાડી બોલી ઉઠી. ઓ ...ઓહ, ઓ સૂર્ય ! તુ આકાશમાં અદ્રશ્ય થઇ જા, ઓ વસુંધરા તુ બે ભાગમાં ફાટી જા. જુલ્મ અનહદ જુલ્મ, આમ બોલતી રાણી આંખે તમ્મર ચઢવાથી શુદ્ધ વિહિન થઇ ધરણીપર ઢળી પડી. તેના જમીનપર પડવાના અવાજ સાથેજ તે ભયંકર ભોંયરાની સુરંગમાંથી એક લાવણ્ય યુક્ત મનોહર બાળા ત્યાં દોડી આવી અને કોમળ પણ ક્રોધ યુક્ત વદને અજીતને પૂછવા લાગી અજીત! આ જુલ્મની કારમી ચીશ કોણે નાંખી ?

" ભગિની ! શાન્ત થાઓ ! આ વિષધારીયો આજે સ્વર્ગે જાય છે અને તેથી તેઓ વારે વારે ચીશો પાડયા કરે છે. "

" બસ ભાઈ બસ ! તુ તા'રા વચનને યાદ કર, ત્હેં મ'ને કહ્યું હતુ કે તમારી સમક્ષ હુ કોઇનો પણ વધ નહિ કરૂં. અજીત ! આજે અચાનક કારમી કરૂણાજનક ચીશ સાંભળી હું અહિં દોડી આવી છું. હું તને આ બંનેની પર દયા કરવાની આજ્ઞા કરૂં છું બોલ જવાબ દે કે તુ તા'રી વ્હાલી બ્હેનની આજ્ઞાનું ઉલ્લંઘન કરશે કે ? "

" નહિ, દેવી તુલ્ય કૈલાસ બ્હેનની આજ્ઞાનો ભંગ કરનાર ઇશ્વરનો ગુન્હેગાર ગણાય છે, ને તેથીજ આજે આ લોકો બચી જાય છે."

" અજીત! મા'રા ધારવા પ્રમાણે આ બન્ને તદ્દન નિર્દોષ છે."

" હા, પણ ગુરૂજી તેમને પોતાનાં શત્રુ ગણે છે. કારણ કે આ રાણી અઢળક ભંડારનો ખજાનો જાણે છે છતાં આપણને ઠગવાનો પ્રયત્ન કરે છે."

" નહિ બ્હેન! આ દુષ્ટ કેવળ અસત્ય વદે છે, મા'રી માતા કદી પણ અસત્ય ઉચ્ચાર કરતાજ નથી. દેવી! અમે તદ્દન નિર્દોષ છીએ.'

" કુમારનુ તથા અજીતનુ બોલવુ ધ્યાનપૂર્વક શ્રવણ કરી કૈલાસ કંઇક વિચારી રણધીરને માથે હાથ મૂકી અજીતને કહેવા લાગી." અજીત! આ બનેને હુ આઠ દીવસ સુધી મારી પાસે રાખવા ઇચ્છુ છુ, ને માને છે તો ખજાના વિષે મનાવું છુ.

" જેવી બ્હેનની ઇચ્છા! પણ હુ ગુરૂજીને શુ જવાબ આપું?"

" ગુરૂજી તને પૂછશેજ નહિ, અને કદાચ પૂછે તો કહે જે કે તેઓને કૈલાસને સ્વાધિન કર્યા છે."

" ત્યારે હવે મને જવાની આજ્ઞા છે?'

" હા જાઓ."

અજીત માથું નમાવી ત્યાંથી ચાલતો થયો, અને વિશ્વેશને જે સ્થળે રાખવામાં આવ્યો હતો તે તરફ ગયો.

વાંચકો ! કૈલાસમાં એવું તે શું હશે, કે આવા ભયંકર ખૂનીયો પણ તેની આજ્ઞા માને છે ?

અજીતના ગયા પછી કૈલાસ રણધીર કુમારને શાન્તિ આપવા લાગી. તે પછી કૈલાસ અને રણધીર મુર્છિત રાણીની પાસે જઇ સાવધ કરવા લાગ્યાં. રાણી સાવધ થઇ અને કૈલાસને જોઇ એક દિવાના માણસની માફક બેઠી થઇ પૂછવા લાગી, પુત્રી ! કૈલાસ ! મા'રા રણધીરને બચાવ, જો, જો, તેના ગળા પર પાપી અજીત તરવાર ફેરવે છે ઓહ ! આમ નિશ્વાસ નાંખી સુલોચના ફાટી આંખે ચોગરદમ જોવા લાગી.

" માતા ! શાન્ત થાઓ, રણધીરને મારનાર કોઇ નથી જુઓ, આ ઉભો તમારો રણધીર કુમાર. "

" કયા છે ! કયા છે ! તે મા'રી આંખોનો તારલો ! '

' આ રહ્યો, માતા ! કહી રણધીર, માતાને આશ્વાસન આપવા લાગ્યો. રાણી તેને માથે હાથ ફેરવવા લાગી. પુત્ર વાત્સલ્યતા જોઈ કૈલાસની આંખોમાથી અશ્રુબીદુઓ ટપકવા લાગ્યાં, બાદ ઘણીવાર સુધી રણધીરને નિહાળી રાણી કૈલાસને પૂછવા લાગી, પુત્રી ! રણધીરને હવે કોઈ પ્રકારનો ભય છે ? "

" ના, રણધીરને હવે કોઇ પણ જાતનો ભય છેજ નહિ "

" ઓ ઇશ્વરા ! તમારો કેટલો ઉપકાર ! " રાણી આનંદ પામી ઉંચે નિહાળી પુનઃ કૈલાસ સામુ જોઇ બોલી કૈલાસ ! હવે આ દુઃખદ સ્થળેથી અમારો ઉદ્ધાર કયારે થશે ! "

" માતા ! ક્રૂર ખૂનીઓનો નાશ કરી પ્રભુ હવે જલ્દીથી તમારો છૂટકારો કરશે. સતી દેવી ! જો જ્ઞાન દેવાથી પાપીયો સમજશે તો ઠીક છે, નહિ તો આ કટારથી તેઓનાં ક્રૂર હૃદય ચિરાશે ને તેથી એક પછી એક પાપીયો મરીને નર્કમા જશે."

" પુત્રી ! તેમ કયારે થશે ' કે જેથી આ અભાગી જીવો આ ભયંકર સ્થળેથી નીકળી મહારાજાને મળવા ભાગ્ય-શાળી થશે. ? "

" માતા ! જ્ઞાની થઇ કાં ભુલો છો ? સાંભળો.

કુંભ ભરાતા પાપનો, ઝટ લઇને ફુટશે,
એક પછી એક પાપીયો નર્ક માહિં ડુબશે.
ત્યાગી પછી આ સ્થાનને, બહાર નીકળી આપણે
જઇશુ મણીપુર નગ્રમા આનંદ કરીશુ આપણે

માટે ધિરજ ધરી મા'રી સાથે ચાલો. આમ કરી દયાળુ કૈલાસ ત્યાથી જવાને ઉભી થઈ, અને રણધીરનો હાથ પકડી આગળ ચાલવા લાગી. સુલોચના અને રણધીરનેલઇ કૈલાસ તે સુરંગમાં થોડે દૂર ચાલી એક ભોંયરાના આકારની ગુફા આગળ આવી. એ ગુફામાં કૈલાસ રહેતી હતી, અને તેથી દુષ્ટ લોકોએ એ ગુફાનું નામ પણ કૈલાસ ગુફા રાખ્યું હતુ. કૈલાસને જોઇતા તમામ સાહિત્યો તેની અંદર રાખવામા આવ્યાં હતાં. કૈલાસ તેનો ઘણોખરો સમય એજ ગુફામાં ગાળતી. તે ગુફાની આગળ ઉભેલો પહેરેગીર કૈલાસને જોતાં તેની આજ્ઞા સાંભળવાને હાથ જોડી દોડી આવ્યો. કૈલાસે તે'ને રાણી તથા કુમારને બતાવી ઇશારતથી સમજાવ્યું કે, આ બન્નેને અંદર

લઇ જા. એવી રીતે તે'ને સૂચના આપી કૈલાસ સુલોચના પ્રત્યે ક્હેવા લાગી. દેવી ! આ સેવકની સાથે અંદર પધારો, મા'રી ગેરહાજરીમાં અજીત તેમજ યોગી, કોઇ પણ અત્રે આવશે નહિ. આ મા'રી શાન્ત ગુફામાં તમે હવે નિર્ભય છો. માટે સુખે અંદર પધારો હું થોડીવારમા પાછી આવું છું.

" બહુ સારૂં બ્હેન તુ વ્હેલી આવજે, તા'રા સિવાય અ-મારૂં કોઇ નથી. આમ કહેતાં રાણી રણધીરને લઇ અંદર પ્રવેસી. કૈલાસ પણ તુરત ત્યાંથી ગમન કરી ગઇ.

વાચકો ! કૈલાસ ક્યા ગઇ ? તે હાલ જાણી શકાય એમ નથી. તે પહેલા તો તમારે હજી ઘણા રંગ જોવાના છે, તેથી કરી તમારી ચપળ ચક્ષુઓ આગળના પ્રકરણ પર ફેરવવા તસ્દી લ્યો. કારણ કે આપણે વિશ્વેશને ભુલી ગયા છીએ. માટે ચાલો, આપણે જોઇએ કે તેને દુષ્ટ લોકો ક્યાં લઇ ગયા, અને શું કર્યું ?

પ્રકરણ ૩૯ મું.

"આશ્ચર્યકારક મેળાપ."

ફસાઇ જાતા વીર નર, હૃદયે હિંમત રાખતો.
પંજે પાપીથી છૂટવા, યુક્તિ પ્રયુક્તિ ધારતો

આ જે ચંડાળ મંડળ વિશ્વેશને મજબુત બાંધી કોઇક સ્થળે લઇ જતુ હતુ. ઘણો સમય ચાલ્યા છતા વિશ્વેશને પકડી ચાલતા દુષ્ટો ધારેલા સ્થાને પહોંચ્યા નહોતા. તેમની સાથે ચાલતા વિશ્વેશ વિચારવા લાગ્યો ખરેખર! આ લોકો રસ્તો લાંબો જણાવવાની ખાતરજ મને આડોઅવળો ચલાવે છે. આથી થાકી કંટાળી વિશ્વેશ, સાથે ચાલનારને પૂછવા લાગ્યો. ભાઇ! શુ તમારો વિચાર મને ચલાવી ચલાવી મારી નાખવાનો છે કે?

તેનુ બોલવું સાભળી સાથે ચાલનાર માણસ ગુસ્સાથી કહેવા લાગ્યો. છાનો મર, મકાન હવે પાસે છે. જો હવે મુખથી એક પણ શબ્દ બોલ્યો તો મુડદુ થઇનેજ પડયો સમજજે. લુચ્ચા! બળવાન માણસોનો પીછો લેનારની શું દશા થાય છે, તે ત્હેં જોયુંને? તારી પાથરેલી જાળમા આખરે તુંજ ફસાયો, ને હવે તારે તેનાં ફળ ભોગવ્યા વિના છૂટકોજ નથી.

" હે ભાઇ ! ત્યારે શું તમે મને મારી નાંખશો ? "

" હાજી ! હવે તમે થોડા દિવસમાંજ સ્વધામ સિધારશો, ને ગુરૂજીની આજ્ઞાથી ઘણાજ રીબાશો. "

વિશ્વેશ મનમાં શોક કરી બોલવા લાગ્યો કે—અરે ! આ ખૂનીયોનો ગુરૂ વળી કોણ મુઓ હશે ? મા'રા ધારવા મુજબ તો તે પેલોજ શેતાન સાધુ હોવો જોઇએ કે જે'ને મ્હેં તેના મંડળ સાથે પહેલાં વૃક્ષ નીચે વાતો કરતો સાંભળ્યો હતો. ફિકર નહિ, હજી જ્યાં સુધી જીવતા છીએ ત્યાંસુધી કંઇપણ યુક્તિ પ્રયુક્તિ અજમાવીશું. " જીવતો નર, ભદ્રા પામશે. ' માટે આગળ ઉપર જોઇ લેવાશે. આવી રીતે મન દૃઢ કરી વિશ્વેશે મૌન્યપણે ચાલવા માંડયું. શાન્તપણે ચાલતુ મંડળ આખરે એક વૃક્ષ આગળ આવેલી અજાણી સુરંગમા ઉતર્યું. વિશ્વેશની આંખ્યોએ મજબુત કપડુ બાંધ્યું હતું છતાં તેણે તેઓના ચાલવાના પગલાંના અવાજથી જાણી લીધું કે, દુષ્ટો કોઇક ભોંયરામાં ઉતરી એક સાંકડી નેળમા ચાલે છે. આમ અનુમાન કરી વિશ્વેશ પુન. બોલી ઉઠયો. શુ! આપણે આ કોઇ ભોંયરામા ચાલીએ છીએ કે ? "

તેનો પ્રશ્ન સાંભળી સઘળા સ્તબ્ધ બન્યા, ને આણે શી રીતે જાણ્યું, એમ તર્કવિતર્ક કરવા લાગ્યા. અને તેથી તેની આંખ્યો પર બીજું મજબુત કપડું લપેટવામાં આવ્યું. પોતાને કોઇએ જવાબ કેમ આપ્યો નહિ ધારી વિશ્વેશ ફરીથી પૂછવા લાગ્યો. મહેરબાનો ! કહોને ? કે આપણે કોઇ ભોયરામાં ચાલીએ છીએ ?

"જો હરામખોર! અજીત મનમાં બરબડી ગુસ્સાથી તે'ને કહેવા લાગ્યો. છાનો મરી રહે, નહિ તો સારી રીતે મેથી-પાક જમવો પડશે.

વિશ્વેશ શાન્ત રહ્યો અને તેમની સાથે ચાલતો આખરે તે ભોયરાના એક બંધ બારણા પાસે આવી પહોંચ્યો. બંધ દ્વારને બહારથી ટકોર મારી અવાજ કરવામાં આવ્યો, કે તુરત અંદરથી દ્વાર ખુલ્લાં કરવામા આવ્યાં. તે દ્વારમાં થઇને દુષ્ટો વિશ્વેશ સાથે કેટલાક દરવાજા વટાવી છેવટે ભોંયરાના એક ઉંડાણ ભાગમા ઉતરવા લાગ્યા. વિશ્વેશને દોરી એક માણસ આગળ ચાલતો હતો. એવી રીતે ઘણા પગથીયાં ઉતર્યા બાદ વિશ્વેશે અંદર ભોગળ ઉઘડવાનો અવાજ સાંભળ્યો, ને તેની સાથેજ કોઇ બારણુ ઉઘડતુ તે'ને માલમ પડયુ બારણું ખુલ્લુ થતાં જાણે અંદરથી કોઈ બોલતુ ન હોય એમ વળી પાછું વિશ્વેશને કા'ને કંઇક સંભળાયુ. ધીમે ધીમે ઉંડાણમાં બોલતા માણસનો અવાજ હવે સ્પષ્ટ સંભળાવા લાગ્યો. તે બોલનાર જાણે ઘણોજ દુ:ખી ન હોય એમ બોલતો હતો કે—ઓ પાપા-ત્માઓ! હવે તમે મ'ને શું કરવા ધારો છો? મ'ને અહીંથી છૂટો કરવાનો તમારો વિચાર છે કે નહિ? તેનું બોલવું સાંભળી પાપી અજીત કે જે વિશ્વેશને પકડી ત્યાં ઉભો હતો, તે ઘોઘારી અવાજે કહેવા લાગ્યો. બચ્ચાલાલ! તા'રે હવે છૂટવાની આશા રાખવીજ નહિ. તા'રે તા'રી આખી જીંદગી આજ ભોયરામાં ગુજારવી પડશે. જો, આજે વળી અમે તા'રે માટે એક નવો સોબતી પકડી લાવ્યા છીએ, તે તા'રી સાથે થોડા દિવસ સુધી

રહેશે. તેટલા દિવસ સુધી તું તે'ની સાથે વાતો કરી આનંદ કરજે. હા. હા. હા. અંદર કેવી મઝા પડે છે? આમ કહી અજીત હસવા લાગ્યો.

"દુષ્ટ શેતાન! કહી અંદર રહેલો માણુસ નિશ્વાસ નાંખી શાન્ત થઈ ગયો. આ સમયે વિશ્વેશ પણ સ્તબ્ધ બની એક પુતળાની માફક ઉભો હતો. એવામાં તે'ને પણ બંધન મૂક્ત કરી પાસે ઉભેલા અજીતે અંદર હડસેલી દીધો. તેને અંદર ધકકેલી બારણું બંધ કરી સઘળા ત્યાંથી ચાલ્યા ગયા. અંદર પુરાયેલો વિશ્વેશ ગભરાવા લાગ્યો તેણે એકદમ આંખ્યોએ બાંધેલું કપડું કાઢી નાખ્યું, અને ત્યાં ભયંકર અંધકાર નિહાળતાજ તે ભયભિત થઈ ચીશ પાડી ઉઠયો. વિશ્વેશ જોકે બળવાન અને હિંમતવાન હતો પણ આ સમયે અંદરનું દ્રશ્ય જોતા તે છેક કાયર જેવો બની ગયો. આખરે તેણે કંટાળી જમીનપર પડતું નાખ્યું. તે ભોયરાની જમીન ભેજ વાળી હતી, તેનો પર પડેલો વિશ્વેશ દુ:ખથી નિશ્વાસ નાખવા લાગ્યો. તેનો નિશ્વાસ નાખવાનો અવાજ સાંભળી અંદર પુરાયેલો માણુસ ધીમે સાદે તે'ને દૂરથી પૂછવા લાગ્યો. કમનશિબ માણુસ મા'રી સાથે આ ભયંકર ભોયરામા દુ:ખ ભોગવી રીબાવા આવનાર તુ કોણ છે?

"ભાઇ! ખરેખર હુ કમનશિબજ છુ દુખી દીલે વિશ્વેશે જવાબ આપ્યો

"ભાઇ! મા'રા કરતા તું વિશેષ દુ:ખી નથી. તુ તો આજેજ અહિં આવ્યો છે પણ મા'રા સંકટની તો કંઈ સીમાજ નથી અંદરના ઉંડાણ ભાગમાંથી ફરીથી તે માણુસે કહ્યું.

" દુઃખી માણસ ! તમારૂં કહેવું ખ
અત્યંત દુઃખી એવા આપણને ભાગ્યદેવીએ
સ્થાને લાવી મૂક.. છે. ભાઇ ! અહિં મા'રી પાસે
એક બીજાના દુઃખની વાતો કરી હૃદય હલકાં કરાં

વિશ્વેશનું કહેવું સાંભળી, કાળા શાહી સમ
અંદરનો માણસ અવાજના આધારે વિશ્વેશની પા
ને દયાદ્ર હૃદયે પૂછવા લાગ્યો. ભાઇ ! તમારૂં નામ
કેવી રીતે આ દુષ્ટોના હાથમાં સપડાઇ અહિં આ

" નિર્દોષ જનોના પ્રાણ બચાવી પુન્યકાર્ય
ભાવિના યોગથી હું તેઓના હાથે કેદ પકડા'
યું. આ હિનભાગ્યનું નામ વિશ્વેશ છે.

" હે ! કહી તે માણસ ચોકી
વળગી બાકોને ખેચાય એટલી ખે
યત્ન કરવા લાગ્યો. પણ ઘાડા અં
જોઇ શકયો નહિ. આથી કંટાળી તે
કરૂણસ્વરે કહેવા લાગ્યો. દુઃખી જનોના કષ્ટ
લેનાર, અને પારકાના કલ્યાણને અર્થે જીવનું જોખમ
ધર્મમુર્તિ વિશ્વેશ ! આપ આ હિનભાગ્યને ઓળખો છો

" આ ઘાડા અંધકારમાં તમારા મુખનું અવલોકન કર્યા
સિવાય હું તમને કેવી રીતે ઓળખી શકું. ? "

" ધર્મ વીર ! હું પાપીયોની પ્રપંચ જાળમાં ફસાયેલો
ને ઘણા દિવસથી આ ભયંકર ભોંયરાનો ભોગ થયેલો, ર
દીન દુઃખી તમારો રંક સેવક નામે " કિશોરસિંહ " છે. "

. કિશોરસિંહ! આ સ્થળે ? ! વિશ્વેશ
, અને એકદમ કિશોરસિંહને ભેટી પડી પૂછવા
ર! તું એ કર્મચંડાળોનો જોગ શી રીતે
યો ?

શાન્ત થાઓ, અને નીચે બેસો. હું મા'રી સઘળી
સંભળાવું છું. વિશ્વેશ શાન્ત થઇ તેની પાસે બેઠો.

રસિંહને વિશ્વેશનો મેળાપ થવાથી તેનું કષ્ટ
ગ્યુ. ગયેલી હિંમત આવવા લાગી, ને પછી
તેની દુ:ખદ વાર્તા કહેવી શરૂ કરી.

આપની આજ્ઞા પ્રમાણે હું રણધીર સાથે
હતો. તમારા ગયા પછી થોડીવારે એક
સે બેસી હૃદયફાટ રૂદન કરવા લાગ્યો.
પૂછ્યુ. પણ મને જવાબ આપવાને
ો. જ્યારે મ્હે તેને ઘણુ જ પૂછ્યુ
. ક ઠે મારી સામે જોઇ કહેવા લાગ્યો.
ા આધાર મને મદદ કરો હુ લુટાઇ ગયો છુ.
ારૂં સર્વસ્વ નાશ પામ્યુ, હાયરે મારી શી દશા થશે. કહી
ળા પાછો તે સાધુ રડવા લાગ્યો. તેના રડવાથી મને દયા આવી
ને તેથી હુ તેને શાન્તિ આપી શુ થયુ, એમ પૂછવા લાગ્યો.
ભાઇ! પછી તે સાધુ મને હાથ જોડી કહેવા લાગ્યો કે...એ
ધર્માતમા! અહિંથી થોડેક દૂર બે લુટારા બેઠા છે તેમણે મને
રસ્તામાં અટકાવી, અને માર મારી મારી પાસેથી જીવનના
આધાર માટે મહા પ્રયાસે એકઠું કરેલું દ્રવ્ય લુંટી લીધું. હે

વીરપુરૂષ ! આપ મારી મદદ કરો ને તે અધમ લુંટારાઓને
શિક્ષા કરી મારૂં દ્રવ્ય પાછું અપાવો. તેઓ હજી ત્યાંથી ગયા
નહિ હોય માટે સત્વરે તેમને પકડી મુજ ગરીબનું ગયેલું ધન
પાછુ અપાવો. ભાઇ ! આ સમયે રણધીર નિંદ્રામાં હતો, તેથી
હુ તે સાધુનું કહેવું ધ્યાનપૂર્વક સાંભળી લુંટારાઓને પકડ
રણધીરને ત્યાં ઉઘતો મૂકી હું સાધુ સાથે કિલ્લાની બહ
નિકળ્યો. ભાઈ ! સાધુના કહેવા પ્રમાણે કિલ્લાની બહાર બે લુંટા
એક વૃક્ષ નીચે બેઠેલા હતા. અમને જોતાં તેઓ ભય પામી એક
નાનો ડબ્બો ત્યાં મૂકી નાશી ગયા. તેઓની પાછળ નહિ જતા
હું તે સાધુરામને લઇ વૃક્ષ નીચે આવ્યો, ને ત્યાં [illegible]
ઉઘાડી જોવા લાગ્યો તો તેમા તે સાધુરામનું [illegible]
ભરેલુ હતું. મ્હે તે ડબ્બો સાધુને સો[illegible]
ઘણોજ પ્રસન્ન થયો, ને મને ઉપરાઉપ
ળાવવા લાગ્યો. ત્યારબાદ તેણે તેની [illegible]
કટકો કાઢયો, અને પ્રસાદ તરીકે
પ્રભુના પ્રસાદ તરીકે ગણી આનંદથી ખાઇ . .
પ્રસાદ ખાધા પછી થોડીવારમાં મને આંખે અંધારાં
લાગ્યા, મારૂં માથું મને ફરતું જણાવા લાગ્યુ, ને અલ્પ સ..
તો હું ભાન ભુલી ધરણીપર ઢળી પડયો. ભાઈ ! ત્યાર પછી
જ્યારે હુ શુદ્ધિમા આવ્યો ત્યારે મને માલમ પડયુ, કે હું એક
ભયંકર ભોંયરામા પુરાયો છું. તુરત મને તે લુચ્ચા સાધુની
લુચ્ચાઇની ખબર પડી ગઇ. હુ ઘણોજ પશ્ચાતાપ કરવા લાગ્યો,
ભોંયરામાં શ્યામ અંધકાર નીહાળી હું પોકે પોકે રોવા લાગ્યો.

ભાઇ! આ ભોંયરામાં હુ ભુખ્યો ને તરસ્યો બે દિવસ સુધી પડી રહ્યો. છેવટે ત્રીજા દિવસે એક માણસ ખાવાનું લેઇ મારી પાસે આવ્યો. તેને જોઇ મને પકડવાનું કારણ મ્હેં તેને પૂછ્યું, તે આવનાર દુષ્ટ મંડળનો એક મહાન ગુરૂ હતો. તે મને જવાબ આપવાને બ' દલે મારો ધિક્કાર કરી કહેવા લાગ્યો કે, ઓ મૂર્ખ! પુષ્પભદ્રાના ..ાહમા પેટી લઇને જતા મારા માણસના હાથમાંથી તે પેટીને ..ડાવનાર તુજ કે કોઇ બીજો? બળમાં છકેલા, ત્હે તે સમયે મારા માણસને ઘણું કષ્ટ આપ્યુ હતુ, અને તેજ કારણથી તું આજે આ ભોંયરામા પુરાયો છે તારી સાથેના છોકરાને પણ અમે ..મ્ અમારે સ્વાધિન કરી લીધો છે. નાદાન! તારે હવે ..આશા રાખવીજ નહિ. આમ કહી તે ક્રૂર ..પહિથી ચાલ્યો ગયો. તે હરામખોરના ..ા ચઢયો હતો, પણ એ સમયે મારો ..દુષ્ટ સાધુ તેમજ ક્રૂર અજીત વારે ..પે છે. એવી રીતે દુ:ખમા રીબાઇ ..ન ન કરૂ છું. ભાઇશ્રી હવે આપ જણાવો ..ડાળોની જાળમા તમે શી રીતે સપડાયા?

".. ેનો તમામ હકીકત સાંભળી વિશ્વેશે પોતાની સઘળી વાત તે'ન કહી સંભળ વી.

".. િ શેરસિંહ અને વિશ્વેશને જે ભોંયરામાં પુર્યા હતા, તે એક ગોળાકાર આકારનું ઘાડા અ ધકારવાળુ ભોંયરૂં હતું. તેની જમીન. છોએલી હતી. બન્ને કેદીયોને સુવા માટે ત્યાં સુકું ઘાસ પાથરવામાં આવ્યું હતુ. કિશોર અને વિશ્વેશ

હૃદય હલકાં કરી ત્યાં પડેલા પરાળ પર આડા થયા. અતિશ શ્રમથી વિશ્વેશ થોડીવારમાં નિંદ્રાને વશ થયો. બાદ આશ ચારેક કલાકની સારી ઉંઘ મેળવી પુન: તે જાગ્રત થયો.

એવી રીતે ત્યાં રહેતાં બે દિવસ પુરા થવા આવ્ય વિશ્વેશને હજી સુધી કંઇ ખાવાનુ આપવામા આવ્યું નહોત પણ કિશોરે અગાઉથી બચાવી રાખેલું ખાવાનું તેને હતું. આખરે જ્યારે ત્રીજો દિવસ થયો ત્યારે એક મા આવ્યો. અને બન્નેની આગળ ખાવાનું મૂકી મુંગે મ્હે ચાલતો થયો. ત્યાર પછી બન્ને મિત્રો ખોરાક ખા કરવુ, એના વિષે વાતો કરવા લગ્યા. બહાર સમય થયો હતો છતાં આ ભોંયરામાં તે પડતો ન હતો, એવામા તે બન્નેને કં વાનો અવાજ સંભળાયો અને થોડી મા બ માણુસ અંદર દાખલ થયો. આવનાર માણુસ ખુલ્લું મૂકીને અંદર આવ્યો હતો છતાં પણ ત્યા અજવાળું આવતુ નહિ, તેથી તે આવનાર કોણ છે તે જો શકાતુ નહોતુ.

પ્રકરણ ૩૯ મું.

"પ્રસ્થાન."

:ખ ડુંગર તુટે બહુ, ધિરજ ન તજશો કોય,
ધ્ધા સાહસ ખંતને, હિંમતથી સૌ હોય.

આ કિશોરસિંહ! તા'રી સાથે રાખેલા સોબતીથી
ને આનંદ મળે છે ને? આવનાર માણસે પૂછ્યું.
ે કંઇપણ જવાબ નહિ આપતાં કિશોર
. . આથી તે માણસ વિશ્વેશને પૂછવા
ાગ્યો. કાં ગહેરબાન! હુ ધારૂં છું કે તમને તો
ાંજ મઝા પડતી હશે? આવુ તેનુ હાષ્યયુક્ત બોલવું
ળા વિશ્વેશ કંઇક વિચાર કરી કહેવા લાગ્યો. હાજી! મ'ને
ડે રહેવું ઘણુજ ગમે છે. સારૂ થયું કે તમે મા'રી ઉપર
કરી મ'ને આ ઠેકાણે લાવી મૂકયો. ભાઇ! હુ
શો ઉપકાર માનું તેટલો ઓછો છે કારણ કે તમોએ
હાન ભયકર આફતમાથી છોડાવી જીવતદાન દીધુ
હી મરવા કરતા આ એકાંત સ્થાને રહેવાથી મ'ને
ગે છે.

ને આવી રીતે કહેતો સાંભળી કિશોરને ઘણી
મજ પ્રશ્ન પૂછનાર માણસ પણ આશ્ચર્ય પામી

મનમાં ગણુગણુવા લાગ્યો કે:–અરે! આ ભયંકર દુઃખદાયક ભોંયરાને આ મુર્ખ માણસ સુખનું ઠેકાણું માને છે. મારા ધારવા પ્રમાણે તો અહિં રહેવાથી તેનું ભેજું ખસી ગયેલું હોવું જોઇએ. આમ મનમાં બોલતા તે માણસે ફરીથી વિશ્વેશને પૂછયું. અસ્યા! કહે જોઇએ કે તા'રી ઉપર પહેલાં શું આફત હતી?

"અરે મા'રા મહેરબાન! તે આફતની તો કંઇ વાતજ મ'ને પૂછશો નહિ." આથી તે માણસની જીજ્ઞાસા વધી, ને તેથી તે વિશ્વેશને તેની વાત કહેવાનો આગ્રહ કરવા લાગ્યો. તેનો અત્યંત આગ્રહ જોઇ વિશ્વેશ તે'ને કહેવા લાગ્યો. ભાઇ! તમે મા'રી આફતની જે વાત જાણુવા માગો છો, તે વાત મા-રાથી અહિં આગળ કહી શકાશે નહિ. કારણુ કે આ, મા'રી સાથે રહેનાર માણુસની આગળ તે વાત કહેવાથી કંઇક જુદું પરિણામ આવે એમ હું સમજું છું. માટે જો આપ મહેરબાનને મા'રી વાત સાંભળવાની ઘણી ઇચ્છા હોય તો મ'ને આ ભોંય-રાની બહાર ખુલ્લી હવામાં લઇ જાઓ. ત્યાં હું તમને મા'રી તમામ હકીકત કહી સંભળાવીશ. પછી તો આપ મહાશયની જેવી ઇચ્છા!"

તેનું આ'વું સ્પષ્ટ કહેવું સાંભળી તે માણસની આતુરતા વધી ને મનમાં વિચારવા લાગ્યો કે. નક્કી આ માણસની વાતમાં કંઇક ભેદ હોવો જોઇએ તેમજ એને બહાર લઇ જવાથી કંઈ પણુ થનાર નથી, કારણુ કે ભોંયરાની ચારે તરફ મજબુત ભીંતો આવેલી છે. તેથી તે જો કદાચ નાશી જવાનો પ્રયત્ન કરશે, તોપણુ આખરે પકડાશે. આમ વિચાર કરી તે માણસ વિશ્વેશને

કહેવા લાગ્યો. અલ્યા ! જો કે હું તને બહાર લઈ જાઉં છું, પણ યાદ રાખજે કે જો બહાર નીકળી કંઇ પણ તોફાન કરી નાશી જવાનો યત્ન કરીશ, તો આ મારી ભરેલી પિસ્તોલ તારા કપાળમાં ચાંપી તને જમીન દોસ્ત કરી નાંખીશ.

" અરે મા'શા મહેરબાન ! આપ એ શું બોલ્યા ? શું હું આ સુખદાયક સ્થળેથી નાશીને મરવા જઇશ ? નારે ના, મા'રે તો અહિં થી લગારે ખસવાની મરજી નથી. મા'શા મહેરબાન ! એતો જ્યારે મા'રી વાત સાંભળવાની તમને અત્યંત ઇચ્છા છે ત્યારેજ હું તમારી સાથે બહાર આવવા કબુલ કરૂં છુ.

" એમ તો ચાલ તૈયાર થા. કહી તે માણસ આગળ ચાલવા લાગ્યો વિશ્વેશ પણ તેની પાછળ જવા ઉભો થયો અને જતા જતાં કિશોરનો હાથ દબાવી જણાવી દીધું કે હુ હમણાંજ પાછો આવુ છુ.

વિશ્વેશને બહાર આવવા દેઇ તે માણસે ત્યાંના દ્વારને પાછુ બંધ કરી દીધુ. ભોયરાના બારણાની બહાર નીકળી વિશ્વેશ ચારે તરફ નજર ફેરવતો ચાલતો હતો. ભોયરાની ચારે તરફ મજબુત ભીંતો ચણેલી હતી, તે સિવાય તેની નજરે બીજુ કાંઇ પડતુ નહિ. આથી ચાલતાં ચાલતાં તેણે એક નિશ્વાસ નાખી ઉચું જોયું ને તરતજ પાછું નીચે નિહાળ્યુ. તેની સાથે ચાલતો માણસ ઝીણી નજરે તેની હિલચાલ તપાસતો હતો તે વિશ્વેશને ચારે તરફ નજર ફેરવતો જોઇ વ્હેમાયો ને વક્રદૃષ્ટિથી તે'ને કહેવા લાગ્યો. હરામખોર ! તુ ગમે તેટલી આડી અવળી નજર ફેરવ પણ તે સઘળી નકામી છે, કારણ કે તું અત્યારે ક્યાં

છે તે જાણે છે ? વિશ્વેશ મૌન રહ્યા. છેવટે બન્ને જણા પથ્થરની બનાવેલી એક બેઠક આગળ આવી પહોંચ્યા. વિશ્વેશને બરાબર સામે ઉભો રાખી તે માણસ બેઠકપર બેસી તેને વાત કેંવાની આજ્ઞા કરી.

"મા'શ મહેરબાન ! મા'રી વાત થોડી છે, સાભળો. ભાઇ ! જો તમારો સગ્હાર મ'ને અહિં પકડી લાવ્યો ન હોત, તો જરૂર હુ ફાસીને લાકડે લટકી મરત.

"કારણ ?"

"મ્હે ઘણાંજ ખૂન કર્યાં છે"

"શુ ત્હે પોતે ખૂન કર્યા છે ?"

"હાજી. અને તે વળી ઘણુ જ."

"વારૂ ! ત્હે કોનાં ખૂન કર્યા હતા ?"

"મો'ટા મો'ટા માણુસોનાં."

છેવટે એક ખૂનમા હુ પકડાઇ ગયો દરબારમા મા'રી જબાની લીધી અને મને ફાસીએ ચઢવાનો હુકમ થયો. ભાઇ ! મ'ને ત્રીજા દા'ડે ફાસીના પાટીએ ચડાવવાનો હતો તેથી તે દાડે મ'ને એક ઓરડીમાં પુરી રાખ્યો ફાસીના દુઃખથી હુ ઘણો ગભરાવા લાગ્યો પણ આખરે હુ ફાવ્યો. બીજા દા'ડાની રાતે મ્હારા પહેરેગીરને મ્હે સમજાવી થોડીવારને માટે હાથેથી હાથ કડી કાઢી ન ખાવી. ભાઇ ! હાથ છૂટા થતા, હુ લાગ જોઇ તે સિપાઇની પર તુટી પડયો, ને તેનું ગળુ દબાવી મા'રી નાંખી ત્યાંથી નાશી છૂટયો. પેલા મરતા સિપાઈની બૂમો સાંભળી બીજા

સિપાઇ જાગી ઉઠયા ન મ’ને પકડવા મા’રી પાછળ દોડયા. પકડાઇ જવાની બીકે હુ મુઠીયોવાળીને નાશતો .હતો. એવી રીતે દોડતો હું તમારો સરદાર જે હવેલીમાં પેઠો હતો, તેજ હવેલીમા મધ્ય રાતે બા’રીએ લટકતા દોરડાથી અદર પેસી ગયો. પછી તમારા સરદારે મ’ને પકડયો ને છેવટે અહિ નિર્ભય ઠેકાણે રાખ્યો. કહો મહેરબાન ! હુ અહિ સુખી કે દુ:ખી ? કહી ઢોંગી વિશ્વેશ આનદથી હસવાને કુદવા લાગ્યો.

વાત સાંભળનાર માણુસને તેની વાતમાં કઇ રહસ્ય માલમ પડયું નહિ, ને ખરેખર આ એક ગાડા જેવોજ છે, માટે તેને હવે વધારે વખત બહાર રાખવો એ જોખમ ભરેલું છે, એમ વિચારી તે માણુસ પુન વિશ્વેશને તેના સ્થાને મૂકવા લઇ ચાલ્યો ભોયરાની અદર કોટડીમા જતા વિશ્વેશની ચપળ નજર એક ખુણામા પડેલી કટાયેલી એક નાની કોશપર પડી. તે કટાયેલી નાનકડી કોશને જોઈ વિશ્વેશ વિચારવા લાગ્યો કે, આ કોશ કરતા પણુ નાનાં હથિયારવડે જબરજસ્ત જેલખાના તોડીને પ્રાણુ બચાવવા કેદીયો નાશી છૂટે છે. આમ વિચારતા વિશ્વેશે આગળ ચાલતા માણુસ તરફ જોયું તો તે દમામમા ને દમામમા પાછળ જોયા સિવાય આગળ ચાલ્યો જતો હતો. વિશ્વેશને એ તક મળતાજ તેણે ઘણીજ ઝડપ અને ચાલાકીથી તે નાની કોશ ઉપાડી, પહેરેલા બદનની બાહ્યમાં છૂપાવી લીધી. ત્યારબાદ બન્ને જણુ પુન: તે અધાર કોટડીના દ્વાર સમિપ આવી પહોંચ્યા. તુરત તે માણુસે બારણુ ઉઘાડી વિશ્વેશને અદર ધકકેલી દીધો, એટલામાં એક બીજો માણુસ અદર પુરેલા

કેદીઓને ખાવા સારૂ બે રોટલા અને શાક લાવી ત્યાં મૂકી ચાલ્યો ગયો, તે પછી પ્રથમનો માણસ પણ બારણું બંધ કરી તાળું મારી ત્યાથી ચાલતો થયો. વિશ્વેશને ભુખ કકડીને લાગી હતી, બન્ને મિત્રો વાર્તાલાપ કરતા ખાવાં લાગ્યા. થોડીવારે ખાઇ પાણી પી હવે શું કરવુ એ વિચાર કરવા લાગ્યા. વિચારમા થોડો સમય વ્યતિત કરી વિશ્વેશ કિશોરને કહેવા લાગ્યો. કિશોર! આપણે અહિંથી નાશી જઇએ તો કેવુ સારૂં ?

નાશી જવાનુ નામ સાંભળતાંજ કિશોરની નાડીયોમાં લોહી ધમધમાટ વહેવા માંડયું, કિશોર નાશી છૂટવાને ઘણોજ આતુર હતો, આથી તે એકાએક બોલી ઉઠયો. ભાઇ! અહિંથી કેવી રીતે નાશી શકાય ?

વિશ્વેશે તેનો હાથ દબાવી શાન્ત રહેવાનુ સૂચવી કહ્યુ. કિશોર! ધીમેથી બોલ, શું તુ નથી જાણતો કે ભીંતને પણ કાન હોય છે ? માટે હું જે કહુ તે ધ્યાનથી સાભળ.

ભાઇ! હુ શું સાંભળું ? અહિંથી નાશી છૂટવુ ઘણું અશકય છે, આપણી ચારે તરફ ઘણો સખ્ત બંદોબસ્ત છે, અને આ ભોયરાની આસપાસ મજબુત છોયેલી દિવાલો છે, તેમજ આપણે હાલ નિઃશસ્ત્ર છીએ.

કિશોર! હિંમત રાખ! આમ નાહિંમત ન થઈ જા. જો! આ સરસમા સરસ હથીયાર મને મળી આવ્યુ છે, કહી વિશ્વેશે બાંહ્યમાં છૂપાવેલી કોશ બહાર કાઢી તેને બતાવી.

એ કોશને જોઈ કિશોર ધીમે અવાજે વિશ્વેશને પૂછવા લાગ્યો. ભાઈ! આ કોશથી આ ભોંયરાનાં બારણાં તોડી નાંખીશું ?

કિશોર! ધિરજ ધર! આપણે બારણાં તોડવાની ખટપટમાં નથી ઉતરવુ, કારણ કે બારણાં તોડી આપણાથી સુખે બહાર નીકળી શકાશે નહિ.

" ત્યારે હવે આપણે કરવું શુ ?"

કિશોર! મારો વિચાર તો આ સામેની ભીંત તોડવાનો છે કારણ કે મારા ધારવા મુજબ આ ભોયરૂં ઘણું મોટુ હોવુ જોઇએ; અને તેથી આ સામેની દિવાલનો કરો છેક જ ગલમાં આવેલો હોવો જોઇએ, અને કદાપિ ત્યા આ સુરગનું મુખ પણ હોઇ શકવાનો સભવ હોય. માટે જો આપણે સખત મહેનત ઉઠાવીયે તો થોડા સમયમા આપણે ભીંત તોડી સુખ રૂપે બહાર નીકળી શકીએ. માટે જો તારો વિચાર હોય તો આ સામેની દિવાલમા આપણાથી બહાર નીકળી શકાય એવડુ બાકોરૂં પાડવાનો પ્રયત્ન કરીએ?

ભાઇશ્રી! ઘણીજ સરસ યુકિત. લાવો! પ્રથમ હુ જ આપણા કામનો આરભ કરૂ. કહી કિશોર કોશ લઇ ઉભો થયો

સબુર, કાર્યનો આરભ કરતા પહેલા મને જોવા દે કે કોઇ હરામખોર અહિં આવતો તો નથીને.

નારે ના, ભાઇ! આબા દિવસમા ફકત ખાવાનું આપવા એક માણસ અહિં આવે છે, બીજુ કોઇ આવતું નથી.

એમ હોય તો ઘણુ સારૂં, ચાલો ત્યારે આપણા કામની શરૂઆત કરીએ. કહી વિશ્વેશ અને કિશોર ઘાડા અધકારમા હાથ પહોળા કરતા ભોંયરાની સામી દિવાલ તરફ જવા લાગ્યા.

તે પછી ત્યાં પહોંચી કિશોરે તે દિવાલપર કોશનો પ્રહાર કરવો શરૂ કર્યો.

કિશોરં જો કે ઘણા દિવસથી આ ભોંયરામાં પુરાઇ દુ ખથી દુબળો થઇ ગયો હતો, છતાં આ સમયે નાશી છૂટવાના વિચારથી તેનો ગયેલો જુસ્સો તાજો થયો, અને તેથી ઘણા બળથી કાર્ય કરવા મ ડયો. ઘણા જોરથી કિશોરે લગભગ ત્રણ કલાક સુધી એક સરખી મહેનત કર્યા કીધી, પણ દિવાલમાથી એક પણ ઈંટ બહાર નીકળી નહિ કિશોર પુર ઝડપે કામ કરતો હતો. આખરે તેણે અથાગ શ્રમથી ધારેલી જગામાં દોઢ હાથ ફરતો ચાર ચાર આંગળ ઉ ડો ચુનો ખેરવી કાઢયો. આટલુ ખોદતાં કિશોરને ઘણી મહેનત પડી; તેથી વિશ્વેશે તેને થોડીવાર વિશ્રામ લેવાનુ કહી તેના હાથમાંથા કોશ લઈ લીધી. અને પોતે તે ખોદેલા ખાડામા ખોદવાનુ શરૂ કર્યું. એવી રીતે વગી બીજા બે ત્રણ કલાક એક સરખી મહેનત કરતાં વિશ્વેશે તે ખાડમાથી એક મોટો પથ્થર બહાર ખોદી કાઢયો. ત્યારબાદ વિશ્વેશે વિરામ લેવા થોડીવારને માટે કામ બ ધ કર્યું ખોદ કામ કરતાં કેટલો વખત થયો તેની અટકળ વિશ્વેશે કરી, તો તેની અટકળમાં રાત પડેલી હોવી જોઇએ એમ તેને લાગ્યું. બન્ને મિત્રો થોડીવાર વિશ્રાન્તિ લઇ પાછા કામે વળગ્યા. દિવાલનો પથ્થર નિકળી પડવાથી તેમને હવે વિશેષ જોર કરવું પડતુ નહોતું. એવી રીતે ખોદકામ કરતાં મધ્ય રાત્રિના સુમારે વિશ્વેશના હાથે છેક છેલ્લો પથ્થર ખોદી કઢાયો. દિવાલનો છેલ્લો પથ્થર દૂર થતાંજ એક માણસ સહેલાઇથી બહાર નીકળી શકે એવડું મોટું તે દિવાલમાં

ભગદાળુ પડયું. ખોદકામ કરતાં બન્ને જણાના હાથ લોહીથી તરબોળ થઈ ગયા હતા, તોપણ તેઓએ હિંમત અને ખંતથી આખરે ધારેલું કામ પુરૂં કર્યું.

કિશોરને સ્વપ્ને પણ આશા નહોતી કે આ ભયંકર ભોંયરામાંથી નીકળી શકાશે. જેમ મધ્ય સમુદ્રે ડુબતો માણસ તદ્દન નિરાશ થઇ બચવાને માટે ફાફાં મારી આમતેમ બાથોડીયા ભરે, તેમ કિશોરસિંહ નાશી છૂટવાને મહેનત કરતો હતો. બાદ બાથોડીયાં મારતા માણસને અચાનક એકાદ હોડીયુ આવી મળે ને તે ડુબતો માણસ એ હોડીને બાઝીપડી એકદમ અંદર ચઢી જાય, એ પ્રમાણે કિશોરે જ્યારે દિવાલમાં ભગદાળુ પડેલુ જોયું ત્યારે તુરત એકદમ છલંગ મારી તે બહાર કુદી પડયો. તુરત વિશ્વેશ પણ તેની પાછળ બહાર નીકળી આવ્યો. બહાર નીકળી બન્ને જણા સીધાને સીધા સુરંગમાં ચાલવા લાગ્યા. તે સુરંગમાં આગળ ચાલતા તેઓને ઉંચે ચઢવાના પગથીયાં માલમ પડયા. ઘણીજ ત્વરાથી તેઓ તે પગથીયા ચઢવા લાગ્યા, અને આખરે તેઓ સઘળાં પગથીયાં ચઢી એક ગુફા જેવા દ્વારમાં થઇને બહાર ખુલ્લા મેદાનમા નીકળી ઉભા.

વિશ્વેશ બહાર નીકળી આસપાસ જોવા લાગ્યો તો તેને જણાયું કે મધ્યરાત્રિ થઇ છે, ને વિંધ્યાચળના એક શિખર પર આપણે નીકળ્યા છીએ. ત્યારબાદ વિશ્વેશ અને કિશોર શિખર પરથી નીચે ઉતરવા લાગ્યા, અને થોડીવારે જાણીતો રસ્તો માલમ પડતા બન્ને મિત્રો અમરાવતીના માર્ગે ગમન કરવા લાગ્યા.

પ્રકરણ ૪૦ મું.

આફતનું વાદળ.

ભોગી ભમરો નવ તજે, મરતા કમળ સુવાસ,
પશુ વૃત્તિના પાપીયો, વ્હાલો ગણે વિલાસ.
દિપક સુવર્ણ સમ ધારીને, મરે પતંગો જેમ;
વણ મ્હોતે મૃત્યુ કરે, પરનારીનો પ્રેમ.

વિશ્વેશના અચાનક ગુમ થઇ જવાથી અમરાવતીમા સર્વ સ્થળે શોક ફેલાઇ રહ્યો હતો. મિત્રના વિયોગથી દુ:ખી થતા શૈલેશને તેના વિના સર્વત્ર શુન્યકાર ભાસતુ હતુ. મહારાજા વિરભદ્રે ઘણીજ તપાસ કરાવી છતા તેના સમાચાર અગર પત્તો મળ્યો નહિ. વિશ્વેશના થોડા દિવસના પરિચયથી અને સહવાસથી પ્રજા તેમજ રાજા, સરદારો વગેરે તેને અધિક પ્રેમથી ચ્હાતા શીખ્યા હતા. તેથી તેના વિયોગે સઘળાને ઘણુ જ લાગી આવતુ હતું. દિવ્યપ્રભા તો તેને એક વ્હાલા ભાઇની માફક યાદ કરતી નિરંતર અશ્રુ વિસરજન કરતી હતી. મહારાજાએ તેનો પત્તો અગર કંઇ પણ સમાચાર મેળવી આપનારને મોટુ ઇનામ આપવાનું જાહેર કર્યું હતુ.

આ સમયે પ્રાત:કાળમાં શૈલેશકુમાર શોકાતુર વદને તેના દિવાનખાનામાં બેસી દિવ્યપ્રભા સાથે વિશ્વેશના ગુણ યાદ કરી હૃદય હલકું કરતો હતો. દિવ્યપ્રભા તેને ધિરજ આપતી શાન્તિ સૂચક શબ્દો સંભળાવતી હતી, તોપણ શૈલેશ વાર વાર વિશ્વેશને યાદ કરી ઉષ્ણ નિશ્વાસ મૂકતો હતો.

આજે પુર્ણિમાનો દિવસ હતો, તેથી દિવ્યપ્રભાએ સ્વામિને શાન્તિદાયક વચનો સંભળાવી ગંગાએ સ્નાનાર્થે જવાની આજ્ઞા માગી મિત્રના વિચારની ધુનમા શૈલેશે માથું હલાવી તેને જવાની આજ્ઞા આપી દિવ્યપ્રભા સખીયો સાથે સ્વામિની આજ્ઞા લઇ પુષ્પભદ્રામા સ્નાન કરવા સરિતા તરફ જવા લાગી. પ્રાત: કાળના શિત સમીરથી જેનાં રંગીન વસ્ત્રો હવામા ઉડી તેની શોભાને વધારતા હતાં, એવી મનોહર કાન્તિની દિવ્યપ્રભા કુમકુમવર્ણા પગલા ધીમે ધીમે ઉપાડતી સખીયો સાથે રાજ્યબાગ તરફ ગમન કરતી હતી કારણ કે રાજ્યકુટુંબના વર્ગને સ્નાન કાર્ય કરવા જવાને નગરના વાવ્ય કોણમાં આવેલા રાજ્યબાગની પાછળ વહેતી સરિતામા નિર્માણ કર્યું હતું તે રાજ્યબાગ ખાસ રાજ્યકુટુંબને માટેજ હોવા ત્યાં માણસોનો અવરજવર ઘણો ઓછો હતો. તેમા બગીચામા તો કોઇને પણ આવવાની સખ્ત મનાઈ હતી. આવા આ એકાંત બગીચામા દિવ્યપ્રભા સખીયો સાથે દાખલ થઈ; અને અનેક પ્રકારનાં સુંદર વૃક્ષોનુ અવલોકન કરતા તેઓ છેક નદીના કિલ્લાની આગળ આવી પહોચ્યા. બગીચાની ચારે તરફ મજબુત કિલ્લે બંધી કરેલી હતી. કોટના દરવાજા બહાર પુષ્પભદ્રાનો સાગર સંગમ થતો હતો, તે બગીચામાં આવી દિવ્યપ્રભા સ્નાનાર્થે જવાની તૈયારી કરવા લાગી.

આ નિર્જન સ્થાનમા આવેલા બગીચામાં આ સમયે આ સુંદરીયો અને એકાદ માળી સિવાય બીજું કોઇ જણાતું નહોતું. પણ ઝીણી નજરે જોતાં બગીચાનાં વૃક્ષવૃંદોમાં બે માણસો ગુપચુપ વાતો કરતા આમ તેમ ફરતા હતા. તે વાતો કરનાર બન્ને માણસો સ્નાન કરવા જવાની તૈયારી કરતી સુંદરીયો તરફ વારવાર દ્રષ્ટિપાત કરતા હતા. એવી રીતે થોડીવાર સુધી વાતો કરી તેઓ ત્યાં પડેલા એક બાકડાપર બેઠા. પછી તેમાંનો એક બીજાને પૂછવા લાગ્યો. કિલ્લાની પેલી બાજુ કોઇને ઉભા રહેવાની આજ્ઞા કરી છે કે નહિ ?

હા. તે બાબતથી તુ નિશ્ચિંત રહે. આ "અજીતસિંહ" પોતાના કામમાં કેમ વર્તવુ એ સારી રીતે સમજે છે.

સરદાર ! આપશ્રીએ ત્યાં ઉભા રહેવાની કોને આજ્ઞા કરી છે ?

અભયસિંહ ! કિલ્લાની પેલી તરફ કે જ્યાંથી આપણો જવાનો માર્ગ છે, ત્યાં આગળજ વરૂણસિંહને બે સરદારો સાથે છૂપા પોશાકમાં છૂપાવી ઉભો રાખ્યો છે. અને તેનાથી દૂર આ નદીના દરવાજાની નજીક કે જ્યાં નહાવાનું સ્થળ છે ત્યાં સ્વાર્થે ચક્ષુને ચાર સરદારો સાથે કોઇ જુએ નહિ એમ ઉભો રાખ્યો છે.

સરદાર ! જ્યારે આવી રીતની સર્વ ગોઠવણ થઇ ગઇ છે, ત્યારે હવે વિલંબ શાને કરો છો ?

અભય ! હું તૈયાર છું ને ફક્ત સમયનીજ રાહ જોઉં છું.

પ્રિય પાઠકો ! આ બન્ને જણામાં એક અજીત અને બીજો તેનો સરદાર અભયસિંહ હતો. આપણે વાંચી ગયા છીએ કે

અજીતને રાજ્યલોભ સાથે દિવ્યપ્રભાનો પણ મોહ લાગ્યો હતો. અને તેથી તે દિવ્યપ્રભાને મેળવવા ઘણોજ આતુર બની રહ્યો હતો, દિવ્યપ્રભાને શી રીતે ઉપાડવી તેના વિચાર અજીત નિરંતર કર્યા કરતો, અને ખાનગી જાસુસો નજરમાં રાખી દિવ્યપ્રભા તેમજ રાજ્યકુટુંબની દરેક હિલચાલની તે ખાનગી તપાસ રખાવતો. આજે તેને ખબર મળી હતી કે દિવ્યપ્રભા સાગરસંગમમા સ્નાનાર્થે જનાર છે, આવો અમુલ્ય સમય ફરીથી મળશે નહિ ધારી અજીત તૈયાર થયો, અને પોતાના સરદારો, વરૂણ, કપટ, સ્વાર્થચક્ષુ વગેરેને ઉપર જણાવ્યા પ્રમાણે છૂપાવી રાખી પોતે અભયસિંહ સાથે બગીચામા વાતો કરતો હતો. જે સમયે દિવ્ય પ્રભા સ્નાન કરવા જળમાં પડે તે સમયે તેને ઉપાડી ચાલ્યા જવાનો અજીત વિચાર ધારતો હતો.

અભયસિંહ અજીતનુ સઘળુ કહેવુ ધ્યાન પૂર્વક શ્રવણ કરી પૂછવા લાગ્યો. ઠાકોર ! કદાચ આ બાબતની કોઇને ખબર પડી તો ?

અરે તોય શું ! ગમે તેમ થાય પણ આજે હુ મારા શિકારને ઉઠાવી ગયા સિવાય રહનાર નથી. તેમજ જો કદાચ તોફાન થશે તો આ કમ્મરે લટકતી સમશેર ઘણીજ ઉપયોગી થઇ પડશે.

શાબાશ છે મારા બહાદુર રાજાને ! જ્યારે તમારા જેવો રાજા અમરાવતીની ગાદી સભાળશે ત્યારે એ ગાદીની શોભામા કંઇક ઓર વધારો થઇ રહશે.

એટલામા તો વાતો કરતા અજીતની દ્રષ્ટિ દિવ્યપ્રભા તરફ ગઇ, તેણે દિવ્યપ્રભાને સખીયો સાથે સ્નાન કરવા જતાં દરવા-

જાના પગથીયાં ઉતરતી જોઇ તુરત પાપી અજીત અભયને આંખની ઇશારત કરી ચાલતો થયો, અને બગીચાનો ચક્રાવો ખાઇ બીજી બાજુથી સરિતાના જળમાં પડયો. સરિતાના જળમાં આવેલા એક ભાગેલા ખડકમાં . અજીતસિંહ શરીર પાણીમાં રાખીને ફક્ત માથુ બ્હાર રાખી છૂપાઇ રહ્યો. પાપીનું હૃદય આ પાપકર્મ કરવાને કંપતું હતું, અંતરાત્મા તેને રોકતો હતો, પણ મલિન મન પ્રબળ થતું હતુ. તેના મુખપર સ્હેજ શંકા તો સ્હેજ શાન્તિ એમ જણાતું હતું. પાપી અજીત શંકાશીલ દ્રષ્ટે ચારે તરફ નજર ફેરવતો હતો.

પેલી તરફ મંદમંદ પગલાં ભરતી દિવ્યપ્રભા સખીયો સાથે પગથીયા ઉતરતી હતી, કોણ જાણે કે કેમ આજે તેનુ હૃદય પણ ધડકતુ હતુ. જળમાં પગ મૂકતાં તેના પગ પાછા પડતા હોય એમ જણાયું. વૃક્ષોપર બેઠેલા કાગડા આ સુંદરીયોને જોઇ કળકળાટ કરી અપશુકન જણાવવા લાગ્યા, પવન સુસવાટા બંધ વાતો હતો, આવુ અમાંગલિક સૂચન થતુ જોઇ દિવ્યપ્રભા ઇશ્વરનુ રટણ કરતી અને જલ્દી સ્નાન કરી બહાર નીકળવાની ઇચ્છાથી 'જયગંગે' શબ્દનો ઉચ્ચાર કરી તેણે ગંગામાં પડતુ નાખ્યું.

તેને સરિતામાં પડેલી જોતાજ છૂપાએલા અજીતે તેની જગાએથી જળમાં ડુબકી મારી. દિવ્યપ્રભાની સખીયો કિનારામાં સ્નાન કરતી હતી, અને રાજયબાળા તેઓનાથી સ્હેજ દૂર હતી. એટલામાં તો જળમા ડુબકી મારી ચાલી આવતો અજીત દિવ્ય-પ્રભાની લગોલગ આવી પહોચ્યો. દિવ્યપ્રભા તેને જોઇ શકતી

નહોતી, તે તો પ્રભુના ધ્યાનમાં લીન થઇ ગંગામાં સ્નાન કરતી હતી. એવામાંજ તે કુકર્મીએ દિવ્યપ્રભાની પાછળ ડોકું કાઢયું, અને વાઘ જેમ બકરાને પકડે તેમ પાપી અજીતે દિવ્યપ્રભાની પર એકાએક છલંગ મારી મજબુત પકડી લીધી.

દિવ્યપ્રભા ગભરાઇ ગઇ, ને અજીતની બાથમાંથી છૂટવાને જીવતોડ યત્ન કરવા લાગી; પણ તે, એ પાપીના મજબુત હાથમાંથી છૂટી શકી નહિ. આખરે પાપીને પંજે ફસાયેલી દિવ્યપ્રભા મદદને માટે બૂમો પાડવા લાગી. કિનારામા નહાતી સખીયોએ બૂમરાણ મચાવી મૂકયુ, જોત જોતામાં તો પાપી અજીત સુસવાટાબંધ તરતો બીજી બાજુના કિનારે નિકળ્યો. અને શિકારને પકડી જેમ કેશરી નાસે તેમ અજીત દિવ્યપ્રભાને લઇ વિકટ અરણ્યમાં દોડવા લાગ્યો. પોતાના સરદારને ધારેલા કામમાં ફતેહમંદ નીવડેલો જોઈ અજીતના છૂપાઇ ઉભેલા સરદારો પણ તેની પાછળ દોડવા લાગ્યા.

સખીયોની બૂમરાણુથી બાગનો માળી તથા બહાર ફરતા બે પહેરેદારો ત્યા દોડી આવ્યા. સખીયોએ સર્વ વાતથી તેમને જાણીતા કર્યા. પહેરેદારો અને માળી પણ આ અકસ્માતથી ગભરાઇ ગયા, અને દિવ્યપ્રભાને ઉપાડી જનારની પાછળ જવા સખીયોએ બતાવેલા માર્ગ તરફ દોડવા લાગ્યા; પણ આખરે તેમને નિરાશ થઇ પાછુ આવવુ પડયુ. અત્યંત કલ્પાંત કરતી સખીયો ભીંજાયેલા વસ્ત્રેજ નગર તરફ ચાલી, અને અલ્પસમયમાંતો આ વાતની ખબર પડતાં સઘળે હાહાકાર વર્તાઇ રહ્યો.

પ્રકરણ ૪૧ મું.

"મિત્ર મિલન."

સુધરેલા સંસારમા, મળે મિત્રો નવ નવા,
હરે ફરે સાથે જમે, અને સ્વાર્થિ અવનવા,
મિત્ર ઠરવો વિચારીને, કરી પરિક્ષા કષ્ટ મય,
મિત્ર માટે શિર ધરે, તેજ સુહાગી ગણાય

પોતાની પ્રિયતમાના સ્નાનાર્થે ગયા પછી હિંચોળા-ખાટ પર બેઠેલો શૈલેશ વિશ્વેશના વિચાર કરવા લાગ્યો. હા ! વિશ્વેશ ! તુ કયાં વસે છે ? શુ દુશ્મનોએ તો તને સપડાવ્યો નહિ હોય ? ના, ના, એમ થવુ અશક્ય છે. કારણ કે વિશ્વેશ બહાદુર છે, શત્રુઓને સંહારવા સમર્થ છે. ઓ વ્હાલા ભાઇ ! તા'રો વિયોગ મ'ને અસહ્ય થઇ પડયો છે, આ રમણિય દિવસો મ'ને દુઃખદાયક ભાસે છે. વ્હાલા વીર ! તારો વિચાર કરતાં આ હૃદય ઉથલ પાથલ થાય છે, તા'રા વિયોગાગ્નિથી બળતા હૃદયને પ્રાણ પ્રિયા દિવ્યપ્રભા શાન્ત કરવા પ્રયત્ન કરે છે, પણ તે શાન્ત થતું નથી. વીર વિશ્વેશ ! તુ મા'રૂં મન છે, અને સતી દિવ્ય-પ્રભા આ દુઃખીયાનુ જીવન છે. મા'રાં વ્હાલાંઓ ! આ સંસાર સમુહમાં તમેજ મા'રૂં સર્વસ્વ છો. હા, કેવો વીર !? અલ્પ

સમયના સહવાસમાં તેણે તેના ગુણુથી સર્વેને આકર્ષિ લીધા છે, તેના માટે સર્વ પ્રાણુ આપવા તૈયાર છે. પિતાશ્રી તો તેની અમંગળ શંકાઓ કરી નિરંતર. અશ્રુપાત કર્યા કરે છે. મા’રી દિવ્યપ્રભા! મ’ને કહે છે કે વીર વિશ્વેશ અલ્પ સમયમાં નિર્વિધ્ને આવી મળશે. શુ તે સત્ય હશે? હા, તેનું વચન અવશ્ય સફળ થશે. પ્રિયતમાની પ્રાર્થના પ્રભુજી સ્વિકારશે ને અલ્પ સમયમાં વ્હાલા વિશ્વેશને મેળવશે. હા, વિશ્વેશ તા’રા ગુણુ હું મરણુ પર્યંત ભુલનાર નથી. તુ મા’રો મિત્ર! અરે મિત્રથી પણ વિશેષ મા’રો વ્હાલો ભ્રાત છે. અહા! મિત્ર ને મિત્રજ, મિત્રની કિંમત અમુલ્ય છે ગુણવાન મિત્રના સમાગમની સાથે કોઇ રીતે તુલના કરી શકાય એવું જીવતરનું એકે સુખ નથી, એ સત્ય છે. મિત્ર સમાગમ હૃદયનો ભાર હલકો કરે છે, અને દુઃખીને સુખી કરે છે, મિત્ર સમાગમ મલિન વિચારોને દૂર કરાવી મનને સુધારે છે. શુદ્ધ નિ.સ્વાર્થ બુદ્ધિના મિત્રનો જેને નિરતર સહવાસ હોય છે, તેના સમાન આ સંસારમા કોઇ સુખી નથી.

અત્યુત્તમ પદ મિત્ર તણું આ સસારે સમજાય,
આ અવનીમા અન્ય ઘણા જે સુખના સાથી થાય.
માતા પિત ભ્રાતા થકી વળી ગુપ્ત પ્રિય જન સ્વજનથી,
જે ગુપ્તમા પણુ ગુપ્ત તે પણુ ગુપ્ત મિત્ર થકી નથી
મિત્ર રત્નથી આભવરણની સફર સફળ થઇ જાય,
સમૃદ્ધિ ચૌદ ભુવન તણી પુરૂષાર્થે મળવી રહેલ છે,
સદ્‌ભાગ્ય વિણુ સન્મિત્રની પ્રાપ્તિ મહા મુશ્કેલ છે,
શબ્દ લઘુ પણુ અર્થ અધિક એ અક્ષર માંહી સમાય.

મહાશ્વેતા કાદમ્બરી નાટક

વિશ્વેશ ! વ્હાલા મિત્ર ! તને જન્મ આપતાં ઇશ્વરે રંક બનાવ્યો, રાખમાં તુજ સમ અમુલ્ય રત્ન છૂપાયું. ખરેખર ! તારી આકૃતિ અને ગુણો એક મોટા પૃથ્વી પતિના સમાન છે. ભાગ્યદશાએ રંક દશામાં પડેલા. વ્હાલા મિત્ર ! તું હવે રંક નથી, પણ એક મહાન મહારાજાના પાટવી કુમારનો વ્હાલો બંધુ છે, અને....વિચાર અટક્યા. દ્વારરક્ષક અંદર આવ્યો ને નમન કરી બોલ્યો. કુમારશ્રી ! સેનાપતિ શ્રી અંદર પધારવાની આજ્ઞા માગે છે ?

હે શું સેનાપતિ શ્રી વિશ્વેશ ! શૈલેશે આશ્ચર્યથી પૂછ્યું.

હા, નામદાર.

ક્યાં છે ! ક્યાં છે ? તે મારો વ્હાલો બંધુ વિશ્વેશ ? દ્વારપાળ ! બતાવ, બતાવ, આ હૃદયનો વિસામો ને આ નેત્રનો તારો ક્યાં ઉભો છે ? શૈલેશે આનંદના આવેશમાં દ્વારપાળનો હાથ પકડી પૂછ્યું. દ્વારરક્ષક પાટવી કુમારના સ્પર્શથી પોતાને ભાગ્યવાન માની શૈલેશ સાથે દ્વાર સમિપ જવા લાગ્યો દ્વાર આગળ ઉભેલા વિશ્વેશને જોતાંજ શૈલેશ દોડી તેને ભેટી પડ્યો. બાદ થોડીવારે હૃદયથી દૂર થઇ શૈલેશ વિશ્વેશનો હાથ પકડી દિવાનખાનામાં આવ્યો, અને કોચ પર વિશ્વેશને સાથે લઈ બેસી તેને ગુમ થઇ જવાનું કારણ પૂછવા લાગ્યો. વિશ્વેશે બનેલી તમામ હકીકત શૈલેશને જણાવી. દુષ્ટોનો આવો ત્રાસ શ્રવણ કરતાં શૈલેશ ઉશ્કેરાઇ વિશ્વેશને સૈન્ય સાથે જઇ દુષ્ટોનો નાશ કરવાનું કહેવા લાગ્યો, તેને શાન્ત કરતાં વિશ્વેશ કહેવા લાગ્યો. ભાઇ ! તે દુષ્ટોને સૈન્ય સાથે જઇ નાશ કરી શકાય એમ નથી.

તેઓનો નાશ કરવાને બળ કરતાં યુક્તિની ઘણી જરૂર છે, તેઓ અત્યંત વિકટ અને ભયંકર ભોંયરામાં નિવાસ કરે છે, તેથી તે ભોંયરાના સઘળા ભેદ ભરમ જાણ્યા સિવાય આપણાથી તેઓનો નાશ કરી શકાશે નહિ. વિશ્વેશનું કહેવું ધ્યાન પૂર્વક સાંભળી કમલેશ શાન્ત રહ્યો, અને મિત્રની સાથે બીજા વિષયપર ચઢી વાર્તા વિનોદ કરવા લાગ્યો. એવી રીતે થોડો સમય વિતતાં અચાનક તેઓના કાને બહાર લોકોનો થતો કોલાહલ સંભળાયો. બન્ને ચમક્યા, ને દ્વારપાળને બોલાવી થતી ગરબડની તપાસ કરી લાવવાની આજ્ઞા કરી.

દ્વારરક્ષક તપાસ કરવા જાય છે, અટલામા તો રોતી કકળતી દિવ્યપ્રભાની સખીયો દિવાનખાનામા ધસી આવી. તેમને કલ્પાંત કરતી નિહાળી બન્ને મિત્રો આશ્ચર્ય પામ્યા, અને આ વળી નવી શુ આફત હશે એમ તર્ક વિતર્ક કરવા લાગ્યા.

પ્રકરણ ૪૨ મું.

"સખ્ત આઘાત."

લાગે આગ સમાન સુખ હમણા, વા વજ્ર જેવા બન્યો;
લાગે ઝેર સમાન પુષ્પ કળીયો, આ લેપ અગ્નિ થયો
રાત્રિ કલ્પ સમાન પ્રાણ પણ આ, જાશે એ નક્કિ મને.
શુ દુર્ભાગ્ય કર્યું પ્રિયા વિયોગનુ, સંહાર આવ્યો કને.

સખીયોના અત્યંત કલ્પાંતથી આખરે શૈલેશથી ન રહેવાયુ, અને તેથી સર્વેને શાન્ત કરી એકને પૂછવા લાગ્યો. શારદા ! શુ છે ? તમે કલ્પાંત કેમ કરોછો ?

કુમારનો પ્રશ્ન સાભળી શારદા અશ્રુ લુછત કહેવા લાગી. કુમાર ! શું કહુ ? કહેતાં જીભ ઉપડતી નથી દુર્ભાગ્યની સિમા નથી.

શું થયું છે ? જલ્દી બોલો ? શૈલેશે વ્યાકુળ થઇ પૂછયું.

કુમાર ! વિપરીત સમાચાર શ્રવણ કરાવતાં આ પ્રાણને નાશ કેમ થતો નથી, આ ઉપર રહેલું આકાશ કેમ તુટી પડતુ નથી. પુન. શારદા રડી પડી.

શારદા ! શારદા ! તારાં મર્મ ભેદક વાકયોથી મારૂ હૃદય ગભરાય છે, જલ્દી જણાવ કે વિપરીત સમાચારમા શુ છે ?

ઓ, અફસોસ ! રાણી દિવ્યપ્રભાનુ હરણ થયું છે.

ઓહ ! શું મારી હૃદયેશ્વરીનુ હરણ થયુ ? શારદા ! બોલ જવાબ દે ? એવો કોણ કર્મચંડાળ મારી દિવ્યપ્રભાને ઉપાડી જવાની હિંમત કરી શકયો છે ?

સરિતામાં સ્નાન કરતાં પાપીએ પ્રપંચ કર્યો છે, સેનાપતિ અજીતના જેવો કોઇ પાપી સતીને ઉપાડી પલાયન થયો છે.

હા, પાપી અજીતેજ આ પ્રપંચ સાધ્યો હશે. વિશ્વેશે નિશ્વાસ નાખી કહ્યું.

વિશ્વેશ વીરા ! થઇ ચૂકયું, જીવનનું પ્રફુલ્લિત પુષ્પ કરમાઈ ગયુ, મારી સંસાર નૌકા ડામાડોળ થવા લાગી. ઓ ભાઇ ! વ્હાલા ભાઇ ! કહે હવે શું થશે ? શૈલેશે વિશ્વેશના ખભા પર માથુ નાખી કહ્યુ.

“શુ થશે ? હવે દુષ્ટોનો અંત આવશે કે કાંતો આ વિશ્વેશ પ્રાણ ત્યાગશે.”

“ઓ મા’રા પ્રિય બંધુ ! શું તુ મા’રા માટે પ્રાણ ત્યાગીશ ? નહિ, નહિ, વિશ્વેશ ! મારૂં બદન કાંપે છે, જીવ ગભરાય છે, ઓહ ! મ’ને કંઇક થઇ જાય છે. અરે કોઈ હાજર છે કે નહિ ? જાઓ, જાઓ, જલ્દી જાઓ ને મા’રી મનોરમાને ઉપાડી જનાર પાપીને પકડી મારી નાખો. શૈલેશ ઉન્માદની માફક બોલવા લાગ્યો. આ થતી ગરબડ સાંભળી મહારાજા વિરભદ્ર પણ ત્યાં દોડી આવ્યા, ને શૈલેશને હૃદય સાથે દાબી આશ્વાસન આપતા

કે'વા લાગ્યા. શૈલેશ શાન્ત થા, દુઃખમાં ધિરજ ધરવાથી આખર સારાં પરિણામ ઉત્પન્ન થાય છે. દિવ્યપ્રભાની શોધમા ઘણા સૈનિકો દોડયા છે, તેઓ ટૂંક સમયમાં શુભ સમાચાર લઇ પાછા આવશે.

"બાપુ! હું તમને શુ કહું! મારા મનમા થતી વેદના જણાવતાં હુ શરમાઉં છું.

"કુમાર! હું સારી રીતે સમજું છું કે તા'રો તે બાળા પર સાચો પ્રેમ છે તેથી તને અત્યંત દુઃખ ઉત્પન્ન થતુ હશે, પણ શુ કરીએ, લાચાર છીએ કે પડેલી વિપત્તિ સહન કર્યા સિવાય છૂટકો છેજ નહિ. શૈલેશ! જો! આ વિશ્વેશને તા'રા કરતાં અધિક દુઃખ છે, છતાં તે કેવી હિંમત રાખી દિવસ નિર્ગમન કરે છે? માટે મા'રા વ્હાલા બાળકો! ધિરજ ધરો. તમારો સાચો પ્રેમ છે તો જરૂર તમને ઇશ્વર સંકટનો બદલો આપ્યા સિવાય નહિ રહે.

"પિતાશ્રી! હૃદયને દ્રઢ કરૂં છું પણ તે માનતુ નથી, વિપરીત સમાચારે મા'રૂં ભાન ભુલાવ્યું છે, દુષ્ટ વિધાતાએ મા'રા સુખમાં વિઘ્ન નાંખ્યુ છે.

"શૈલેશ! વીરા! આમ કલ્પાંત કરવાથી કંઇ વળનાર નથી, તા'રૂં હૃદય હું પુર્ણ રીતે જાણું છું માટે હૃદયને દ્રઢ કરો ને દિવ્યપ્રભાની શોધ કરવાના પ્રયત્ન કરો. વિશ્વેશે જણાવ્યું.

"હા હવે તેમજ થશે, તા'રો શૈલેશ આ સમયેજ આ રાજ્યભુવનનો ત્યાગ કરશે, ને પ્રિયાની શોધમાં પરવરશે. આ શરીર અનહદ સંકટો સહન કરશે, પણ પ્રિયાને લીધા વિના

પાછો નહિ ફરશે તે નહિજ ફરશે. આમ બોલતો શૈલેશ ઉન્મત થવા લાગ્યો. તેની આંખ્યો ઘેરાવા લાગી, કંઠ રૂંધાવા લાગ્યો, અને આખરે મહા પ્રયાસે તે ગળગળે સાદે મહારાજાને કહેવા લાગ્યો. પિતાજી! અવિનયની ક્ષમા આપશો, અને આ હિનભાગીથી વિખુટા પડેલા પંખીનો શોધમાં જવાની મંને આજ્ઞા આપશો.

હે ! કુમાર તુ આ શું કહે છે? શું તું પોતેજ તેની શોધમાં જવા ઇચ્છે છે? વિરભદ્રે ગભરાઇ પૂછ્યું.

હાજી! તે ગરીબડા પંખિને ખોળવા આ શૈલેશ પોતેજ જવા ધારે છે.

નહિ, હુ તને કદાપિ જવા દેનાર નથી; એક સ્ત્રીના માટે તારે સર્વસ્વનો ત્યાગ કરવાની જરૂર નથી.

પિતાજી! વ્હાલા પિતાજી! આપ આ શું બોલો છો? ઇશ્વરે તે પ્રેમિ બાળાને અબળા બનાવી તેથી શું આ સંસારમા તે હલકી ઠરી? શું તે માણસ નથી? શું તેને જ્ઞાન નથી? પિતાજી! પિતાજી! આપ જ્ઞાની થઈ સ્ત્રીને હલકી ઉપમા કેમ આપો છો? પિતાશ્રી! સ્ત્રી સમસ્ત સંસારની સ્રષ્ટા છે, સંસારનું સ્વર્ગ છે, નરનુ રમકડુ છે, દુઃખમાં આ ભવ જન્મને સુધારનારી સ્વર્ગની દેવી છે. જે ઘરમા સ્ત્રીયોનો તિરસ્કાર થાય છે, જે ઘરમા સ્ત્રીયોને હલકી ઉપમાઓ અપાય છે, તે ઘર નથી પણ ભુતપ્રેતને રમવાનુ નિવાસ સ્થાન છે.

શૈલેશ! તારૂં કહેવું સત્ય છે, પણ તારા જવાથી મને કેટલું કષ્ટ થાય છે તેનો વિચાર કર? તેમજ જ્યાં સુધી ત્હેં કષ્ટનો

અનુભવ નથી કર્યો ત્યાં સુધી તને તેની શોધમાં જવાની ઇચ્છા થશે; પણ અંતે દુઃખી થઇ તુ પસ્તાશે. પુત્ર! વિચાર કર, અને શાન્ત થા. હું દિવ્યપ્રભાની શોધ કરાવીશ, તેને લઈ જનાર પાપીને ભુતળમાથી ખોળી કઢાવી તારી સમક્ષ હાજર કરીશ. બોલ પછી કાંઈ ?

પિતાજી! તમે તેની શોધ કરાવશો એ હું સમજુ છું, પણ જેમ મારી ઉપર તમારો અત્યંત પ્રેમ રહે છે, તેમ બીજાની ઉપર આપનો સ્નેહ મારા કરતાં વિશેષ હોયજ નહિ. આપને મારાથી સર્વ સુખ ભાસે છે પણ મને મારી મનોરમાના વિયોગે અસહ્ય દુઃખ લાગે છે. પિતાશ્રી !

શૈલેશને સુખ છે નહિ. દિવ્યપ્રભા વિણ આજ,
અત્ર તથા પરલોકમા સુખ નહિ મહારાજ.
પ્રિયા વિના પરલોકમા, પિતાજી નહિ વાસ,
નહિ તાપ સમે સંસારના, સત્ય વદે આ દાસ
જ્વાળા વ્યાપી દેહમા. સુણો પ્રિયાનુ દુઃખ;
દ્યો આજ્ઞા વ્હાલા પિતા, જેથી થાયે સુખ.

પિતાજી! એ અમુલ્ય રત્નની શોધમાં આ તમારા અધમ પુત્રને જવાની આજ્ઞા આપો. બાપુ! મ'ને જવા દ્યો, આ જનારાને ન રોકો; હુ તમારા પગે પડુ છુ. કહી ભ્રમિત શૈલેશ પિતાના પગે પડયો.

"શૈલેશ! તુ ગમે તેટલુ કહીશ તથાપી હું તને જવા દેનાર નથી."

"હા ! ત્યારે આ શૈલેશ પ્રાણ કેવી રીતે ધારણ કરી શકશે. આમ બોલતો શૈલેશ જમીનપર માથું અફાળી બેસી ગયો.

શૈલેશનું આક્રંદ નિહાળી વિશ્વેશની આંખોમાંથી પણ અશ્રુ વહેવા લાગ્યાં, અને નીચે પડેલા શૈલેશ નજીક જઇ તેને કહેવા લાગ્યો, સમજુને શોક કરવો વૃથા છે. હૃદયમા હિંમત રાખો તમારૂ કષ્ટ હુ સારી રીતે સમજી શકું છું. મને પ્રેમની પીડાનો પ્રત્યક્ષ અનુભવ થયો છે અને થાય છે ભાઇ ! શાન્ત થાઓ અને પિતાજીને શાન્તિ આપો. જુઓ, તે પણ તમારી સ્થિતિ નિહાળી અશ્રુ વિસરજન કરે છે.

વિશ્વેશનું કેવુ સાભળો શૈલેશ મહારાજાની તરફ જોઇ બોલ્યો. પિતાશ્રી ! શા માટે અશ્રુ વરસાવો છો ! આ કમભાગ્ય શૈલેશ સઘળાના દુઃખનુ મુળ છે છતાં શા માટે આ શૂળનો ત્યાગ કરતા નથી ? પિતા ! વ્હાલા પિતા ! શાન્ત થાઓ, આપને તમારા આ શૈલેશના સોગદ છે. હા....વિશ્વેશ ! આ કેવુ અનહદ સકટનુ વાદળ આપણી ઉપર તુટી પડયુ છે ?

ભાઇ ! આ દુઃખ નથી પણ એક સાચા પ્રેમની કસોટીનો પ્રસગ છે. માટે ઉઠ સાવધ થા, તારા દુખે દુખી થતો આ વિશ્વેશ આજે જ દિવ્યપ્રભાની શોધમા નિકળશે, અને પ્રાણ જાતા પણ તેનો પત્તા મેળવશે. વ્હાલા ભાઇ ! ઉઠ અને મને સ્નેહથી જવાની રજા આપ.

નહિ ! હુ તને જવા દેનાર નથી, મારા દુ.ખના વિસામા ! શુ તુ મારા લીધે દુખના ડુગરાઓ તળે દટાવા જાય છે ? ના, ના, તે દુઃખ ડુંગરમાં દટાવા તને નહિ જવા દેતાં હુ જવા ઇચ્છુ છું.

ભાઇ ! નાહકની હઠ છોડી દ્યો, હું એકજ વચન મુખથી બોલુછુ તે યાદ કરો. સતીને શોધવા જવાનું વચન મુખમાથી નીકળ્યું તે હવે વૃથા જશે નહિ. શૈલેશ ! દુ:ખના ડુંગરા કદાપિ મારી ઉપર તુટી પડશે, બ્રહ્માંડ સઘળુ ચાકડે ચઢશે, તો પણ આ તારો વિશ્વેશ મિત્ર ફરજ સત્ય હિ મતથી અવશ્ય પુર્ણ કરશે.

ઓહ ! પ્રિયા અને મિત્રનો વિયોગ આ હૃદય કેમ સહન કરી શકશે ? આમ બોલતો શૈલેશ ઉભો થયો, ને દિવાનખાનામા દિવાનાની માફક આમ તેમ ફરવા લાગ્યો. અને આખરે દિવાલ પર લટકાવેલી એક મો'ટી તસ્વિર આગળ આવી ત્યા ઉભો રહ્યો તેને ટગર ટગર થોડીવાર નિહાળી બોલી ઉઠયો. હા, આ, તેજ પરમ પવિત્ર પતિત પાવની વ્હાલી દિવ્યપ્રભા ! શૈલેશની પ્રાણ પ્રતિમા ! હા, આ તેજ, કે પ્રાત:કાળમાં સ્નાનાર્થે જવા મા'રી આજ્ઞા માગતી હતી. અરે ! જુઓ, જુઓ, તે મા'રી સામે વક્ર દ્રષ્ટિએ જોઇ રહી છે. શા માટે ? હા. હુ સમજયો. હુ તેનુ રક્ષણ કરવા અશક્ત નીવડયો છુ. પ્રિયા, પ્રિયા ! મા'રી પર ગુસ્સે થઇશ નહિ આ શલેશ તા'રા માટે પ્રાણ આપવા તૈયાર છે. બસ હવે હું સાવધ છુ, ને આજેજ પ્રિયાની શોધમાં નીકળુ છું. ઓ વિશ્વના પ્રકાશમાન રવિ ! તુ આ સમયે આકાશમા અદ્રશ્ય થઇ જગત્ પર ઘોર અંધકાર ફેલાવી દે. પવન ! તુ ભુગર્ભમા સમાઇ જા. અરે હા, આ શું ? મારૂં માથુ ભમે છે ! આ કંઠે પાણીનો સોષ પડે છે. ઓ. ઓહ. પાણી, પાણી, કોઇ પાઓ. આમ બૂમો મારતો શૈલેશ થોડીવારે જમીન પર પડી ગયો, નેત્રો બંધ થઇ ગયાં. તેના પડવાનો ધમાકો સાંભળી

મહારાજા, વિશ્વેશ અને અન્ય સેવકો તેની પાસે દોડી આવ્યા. મહારાજા બેફાટ રૂદન કરવા લાગ્યા. વિશ્વેશ શૈલેશનું માથુ ખોળામાં લઇ ગુલાબજળ છાંટવા લાગ્યો. ઘણો સમય થયો પણ શૈલેશ સાવધ થયો નહિ. આથી સર્વ ગભરાવા લાગ્યા. સેવકો દોડા દોડી કરવા લાગ્યા. વિશ્વેશ તેના કા'નમાં મો'ટેથી બૂમો મારવા લાગ્યો. આખરે શૈલેશની આંખો સ્હેજ ઉંચી થઇને ધીમે સાદે બોલવા લાગ્યો. મ'ને અહિ થી લઇ જાઓ, ગમે ત્યાં ફેંકી દો. આમ બોલતો પુન. તે પાછો બેશુદ્ધ થઇ ગયો. મહારાજા વિરભદ્ર તો તેની સ્થિતિ નીહાળી કેવળ દી મુઢ જેવા બની ગયા, બાદ શૈલેશને ત્યાંથી ઉપાડી સઘળા મો'ટા રાજમહેલમા આવ્યા; અને ત્યા એક મો'ટા પર્યંક પર સુવારી સઘળા તે'ને સાવધ કરવાના ઉપચાર કરવા લાગ્યા.

પ્રકરણ ૪૩ મું.

" આર્યબાળાનો ટેક. "

સંસારમાં સતી નારીનો, સ્વામી હોયે એક,
ભલે દુ:ખે રીબાઇ મરે, તજે ન શિયળ ટેક

અમરાવતી નગરના પાદરે આવેલા પેલા ભેદ ભરેલા મકાનના એક ગુપ્ત ઓરડામાં ઝાંખો દિવો બળી રહ્યો હતો આ ઓરડામાં દિવ્યપ્રભાને અજીતે લાવી મૂકી હતી. દિવ્યપ્રભાને અનેક પ્રકારે સમજાવ્યા છતા તે માનતી નથી. તે સતી બાળા અજીતને જોતાંજ તેને ધિક્કારી કાઢતી હતી. સમય વિતતા તે મારે સ્વાધિન થશે, એમ ધારીને અજીને તેને એક ગુપ્ત ઓરડામા કેદ કરી હતી. આ ઓરડામા દિવ્યપ્રભા ચિંતાતુરવદને લમણે હાથ ટેકવી એક પલગ પર બેઠી હતી, તે વાર વાર મુખથી ઉડા નિશ્વાસ મૂકતી હતી.

રાતના અગીયાર વાગવાનો સમય થયો હતો, છતાં તેને ઉંઘ આવતી નથી. આખરે તે સતી બાળા અકળાઇને ઉભી થઇ ઓરડામાં ફરવા લાગી. ઓરડાની ચારે તરફ મજબુત દિવાલો આવેલી હતી. તે દિવાલમાં એક નાની જાળી પવનને માટે

મૂકવામાં આવેલી હતી. દિવ્યપ્રભા ત્યાંથી નાશી છૂટવાને ઘણી આતુર હતી અને તેથી તે આમતેમ ફરતી બારીકીથી તપાસ કરતી હતી. એવામાં અચાનક તેની નજર દિવાલમાં આવેલી એક બધ બારીપર પડી. આ બારી વાટે નાશી છૂટાશે ધારી દિવ્યપ્રભા બારીની પાસે જઇ તેને ઉઘાડવાનો યત્ન કરવા લાગી. ઘણા દિવસથી બધ રહેલી બારી આખરે જોર કરવાથી ઉઘડો ગઇ. દિવ્યપ્રભા ખુલ્લી થએલી બારી બહાર જોવા લાગી, તો તેની નજરે ઘોર અંધકારવાળો એક બીજો ઓરડો જણાયો તેની નાશી છૂટવાની આશા મનમાજ સમાઈ. હાય હવે શુ કરવુ ? હમણા પાપી અજીત આવશે ને મ'ને સતાવશે આમ મનમા શોચ કરતી દિવ્યપ્રભા બારી બધ કરી પુનઃ પલગ પાસે આવી તેમા પડતુ નાખ્યું. દુખી દિવ્યપ્રભા પલગમા નીચુ વદન રાખો રડવા લાગી. અવામા તે ઓરડાનુ દ્વાર ઉઘાડી પાપી અજીત અદર આવ્યો. દિવ્યપ્રભા નીચું વદન કરી રડતી હોવાથી તેને જોઈ શકી નહિ. તેતો મુખથી હા શૈલેશ, હા શૈલેશ એમ ઉચ્ચાર કરતી બેફાટ રૂદન કરતી હતી. દિપકના ઝાખા પ્રકાશમા વિષયાધ અજીત દિવ્યપ્રભાને એકાગ્ર દ્રષ્ટિએ અવલોકવા લાગ્યો. તે જેમ જેમ તેને વધારે સમય જોતો ગયો, તેમ તે પાપીનો મોહ અધીક વધતો ગયો, તેનુ મન ઉશ્કેરાયું ને તેથી મનમા ગણુગણવા લાગ્યો.

સુદર શોભ વાનતા, ઉર્વશી સમ શ્યામા,
સવાગ રૂપ યુવતી, માહિની જાણે રંભા.
શશીસમ પ્રકાશ્યું, મુખ તેજ જાણે;
કાતીલ કટાક્ષ ફેકી, મમ જીવતો પ્રેમનળે.

"ચાલ જીવ ! હવે આ સુંદરી વિના સર્વ સુખ વૃથા છે, આમ બોલી, પાપી અજીત દિવ્યપ્રભાની છેક નજીક આવી બોલ્યો. મનમોહિની !"

"દિવ્યપ્રભા ચમકી ! સફાળી ઉભી થઇ ને તેનાથી દૂર ખસી ઉભી રહી. તેને દૂર ઉભેલી જોઇ અજીત કહેવા લાગ્યો સુંદરી ! આમ શાને કરે છે ? હું તને કેટલો ચાહું છું, તેનો તો વિચાર કર ? પ્રિયતમા ! મારૂં હૃદય તને ચાહે છે. તે તારી પુજા કરવા ઇચ્છે છે.

"અજીત ! દુષ્ટ બુદ્ધિ અજીત ! તારી બુદ્ધિ કેમ બ્હેર મારી ગઈ છે ? અનેક વખત કહ્યા છતા તુ મને શા માટે સતાવે છે ? હા, શૈલેશ ! આવો, આવો, અને આ અધમના પંજામાથી તમારી પ્રિયાનો ઉદ્ધાર કરો."

"ચંદ્રવદની ! શૈલેશ, શૈલેશ, શું કરે છે ? કદાપિ તારો શૈલેશ આ સ્થળે હોય તો પણ તે તારો ઉદ્ધાર કરી શકે નહિ દયાળુ દિલદાર ! દયા કર અને આ પ્રેમ ભિખારીને તારા મિષ્ટ અધરોષ્ટનુ પાન કરાવી તૃપ્ત કર."

"અભાગી અજીત ! શૈલેશને અર્પણ થયેલી આ વસ્તુની તુ શુ ઇચ્છા રાખે છે ? ખરેખર ! તુ વિચાર વિનાનો એક પશુ છે. પાપી ! શૈલેશ મારો પ્રાણ છે."

ઓ પાપી ધાર શૈલેશ વિણ, સંસાર સઘળો છે વૃથા
શૈલેશ પંચમગ માહરો, એ શાસ્ત્રની સાચી કથા
જીવનહાર આ શરીરના, શિરતાજ શૈલેશ શ્યામ છે;
તેના વિના આ જગતમા, જીવન મમ ના કામ છે.

સતી પતિથી શોભતી, આનંદ કરે આ અવનિમા;
તરી સ્વામિ સહ સંસારને, જાતી સ્વર્ગના ધામમા.

"દિવ્યપ્રભા! હું સઘળું સમજું છું, અને તેથીજ તે નિર્માલ્ય શૈલેશની પાસેથી 'તને છોડાવી સ્વર્ગસમ સુખ આપવા ચાહુ છુ."

"બસકર! મારા સ્વામિને હલકા શબ્દથી સંબોધનાર પાપી અજીત! તારી જીભના સહસ્ર કટકા કેમ થઈ જતા નથી? નરાધમ! તારા સ્વર્ગ સુખને હું તિરસ્કાર કરૂં છું. પાપી! તારૂં સ્વર્ગસુખ મારા નાથના ચરણ કમળમા રહેલા સુખના એક સોમા અંશ જેટલુ પણ નથી. પાપી પલીત! આ શૈલેશની પ્રાણપ્રતિમા તારા વચનને માન્ય કરનાર નથી, તે નથીજ.

"મારો તિરસ્કાર કરનાર નાદાન અબળા! આખર તારે પસ્તાવુ પડશે, માટે વિચાર કર. દુ:ખમાથી સુખમા આવવાની ઇચ્છા રાખ, લક્ષ્મી ચાલ્લો કરે ત્યારે મુખ ધોવા ન જા"

"અરે મુર્ખ! તુ જાણે છે કે હુ કોણ છુ? આ મણીપુરની રાજ્યકન્યાનો ટેક બ્રહ્મા પણ ફેરવવા સમર્થ નથી તો તુ કોણ?"

"તારા પ્રેમનો પુજારી, તારા મોહમા અંધ થયેલો હુ અજીત! રાણી મારીપર કૃપા કર"

"ચુપ થા નાદાન! પ્રેમને તુ ઓળખતોજ નથી."

"શુ હુ પ્રેમને નથી ઓળખતો? નહિ, નહિ! પ્રેમને નહિ જાણનાર તો તારો શૈલેશ છે. એવા અર્ધદગ્ધની સુંદરી ગણાવા કરતા આ બળવાન અજીતની રાણી થવામાં તને ઘણુ જ સુખ છે."

" અભિમાની ! જેમ શ્વાનને વાર વાર લાકડીના પ્રહાર કરવા છતાં તે તેનો જાતીસ્વભાવ તજતો નથી, તેમ તુ પણ નિર્લજ થઇ મારી આગળ તારા ગુણો વાર વાર શા માટે ગાય છે ? તું કેવો ગુણવાન અને બળવાન છે તે હુ સારી રીતે જાણું છુ. સુગંધ યુકત સુવાસમાં દબાયેલો હિંગનો કટકો જેમ મ્હેકી ઉઠી તેનો ગુણ જણાવે છે, તેના જેવાજ તારા ગુણ છે. નરાધમ ! સમજ ! અને વિનાશનાં બીજ રોપતા વિચાર કર. "

" પ્રિયે ! વિચારતો ક્યારનોયે કરી મૂકયો છે, હુ તને જોઇ અંધ બન્યો છુ, તારા યૌવન બહારની મઝા માણવા અત્યંત આતુર થયો છુ. રંગીલી ! મરણથી હુ ડરનાર નથી, અને તારા અધરોષ્ટનુ પાન કર્યા વિના હુ તને છોડનાર નથી. "

' ઓ વિષયાંધ અજીત ! હવે તારો વિનાશ મને પ્રત્યક્ષ જણાય છે. વ્યભિચારી કુતરા ! શુ તુ એમ સમજે છે કે જેવો હુ છુ તેવાજ બીજા હશે ? ખરેખર ! જની આંખોમા કમળો હોય તેઓ સર્વ જગતને પીળુ દેખે છે. ઓ નર્કના અધિકારી ! હું તારા જેવી દુષ્ટ વૃત્તિવાળી નથી, પણ તારા જેવા અધર્મિઓનુ બળીદાન લેનારી પતિવૃતના પ્રભાવવાળી ભયંકર અગ્નિની જવાળા છુ. ખપ્પર યોગિની છુ અને તારા રકતનું પાન કરનારી ચંડીકાદેવી છુ. પાપાત્મા પલિત ! જા, જા, મારાથી દૂર થા ! પાપી."

સતાવતા સતી બાળને, નર્કે જાઇશ કંગાલ,
વિનાશ જલ્દી તારો થશે, ખુટયો જાણું કાળ

" રસવલ્લભા ! તું ગમે તેટલુ કહીશ, પણ હુ મારા વિચારમાથી કદાપિ પાછો નહિ પડીશ, અને મરતાં મરતાં પણ

તારા ગૌર બદનના સ્પર્શનો લ્હાવો લઇશ."

"મારા શરીરનો સ્પર્શ કરતાં પહેલાં યાદ રાખજે કે તુ બળીને ભષ્મ થઇ જઇશ!"

"મૃગલોચની! તને મ્હેં પ્રથમ જણાવ્યુ કે મરીશ પણ ધારેલું કાર્ય કરીશ. માટે દયા કર ને તારા સ્નેહનો સુભાગી કર."

"અરે ઓ અજીત! હુ તને આવો અધમ બુદ્ધિવાળો ધારતી નહોતી? હા ઇશ્વર! સતી નિર્મળાનો સ્વામિ આવો કુટીલ હશે, એવો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો? ઓ કર્મહિણા કંગાળ સાભળ."

આટા તણી કણેક જંતા, તજી ધાર મચ્છ લપટાય છે,
દિપક સુવર્ણ સમ જ્વાળાને, પતંગીયુ હોમાય છે
મધુરા ગાનની બન્સીમા, વિષધર ખત્તા ખાય છે.
સ્વર મોહથી મૃગ રાંકડાં, કેશરી પિંજર પુરાય છે.
નારી તણા નીચ મોહના, ફંદમા અંધ તો ફસાય છે.
તુજ સમા કટીલ કામીયો, રૈરવ નર્કે જાય છે

"નર્કના કીડા તેમાજ મઝા માને છે, તેવીજ રીતે તુ મારા મોહમા આખરે મરણને શરણ થઇ નર્કમાં જવાનો."

"ગમે તેમ થાય પણ મારાથી તારો ત્યાગ નહિ કરી શકાય. દિલદાર! દિપકની જ્યોત સમાન તારી પ્રેમ જ્વાળામાં તારા પ્રેમથી દિવાનો થઇ હુ બળી મરીશ, પણ તને નહિ તજીશ તે નહિજ તજીશ. માટે માન, ને તારા હૃદયમાં સ્થાન આપી મને કૃતાર્થ કર."

"નીચ! તને શ્મશાનમાં ભડભડાટ બળતી ચીતામાં અવશ્ય સ્થાન મળશે, નર્કના કુંડ તારા માટે યમરાજે ખુલ્લા મૂકયા છે એ તુ ખુબ યાદ રાખજે."

"સુંદરી! હુ મરવાને તૈયાર છુ."

આભ અર્વાનિ તુટી પડે વરસે ધારા બાણ,
તોય તને છોડું નાહિ, તુ મુજ જીવીત પ્રાણ

' જીવનહાર! મરતા પહેલા એક વખત આ તા'રા પ્રેમીને તા'રા પ્રેમ સરોવરમાં નવરાવી તૃપ્ત કર. હુ તા'રા વિના અધ છુ, કામાગ્નિથી બળુ છુ અને ફક્ત તા'રો પ્યારજ ઇચ્છું છું."

"ચડાળ! આ અવનિમા તું ઉત્પન્ન થયેલો એક કુલાગાર કસાઈ છે. અહા! આટલું બધુ સમજાવ્યા છતા તુ નર્ક કુડમા પડવા તૈયાર થયો છે પા ! હવે સમજજે કે આ રક અબળાની કકળતી આતરડી તને કેવી દુવા આપે છે? કુટીલ અજીત! યાદ રાખજ કે? જે જીંહ્વાએ ત્હેં મા'રા નાથને દુષ્ટ વચનો કહ્યા છે, તેજ જીભે તા'રે તેમના યશોગાન ગાવાં પડશે અને તેમનીજ કૃપાથી તા'રે તા'રૂં જીવન સદાકાળ નીભાવવુ પડશે."

"તે પહેલાં હુ તા'રા શૈલેશને સ્વર્ગ સદનમાં મોકલી આપીશ. દિવ્યપ્રભા!"

માન વચન માહરૂ, કષ્ટ પડશે કારમુ;
હઠ તજી દો સુંદરી, પ્રાણથી અધીક આહૃ.

"ચુપ કર! ઓ અધમ! તા'રી જીભને આગળ વધતી એકદમ બધ કર."

ધિક વ્યભિચારી કુતરા, તુજ કાળ મુજ નજરે દીસે.
ધરણીધર ધાર્યું તો થશે, ન ધાર્યું કંઇ તુજ તો થશે
શૈલશ ભલે મા'રો જશે, આ પ્રાણની પરવા નહિ.
પણ શિયળ મા'રૂ અમુલ્ય છે, તુજ હાથ તે આવે નહિ

"સુંદરી! શુ તુ નહિ માને?"

"ના."

"એમ તો થા તૈયાર! હુ તને બળાત્કારથી ભ્રષ્ટ કરૂ છુ. કહી અજીત દિવ્યપ્રભા તરફ ધસ્યો. તેને ધસી આવતો જોઇ દિવ્યપ્રભા દૂર ખસી બોલી ઉઠી. દૂર, દૂર, પાપી બદકાર. જો એક પણ પગલું આગળ ભરીશ, તો આ તા'રી કમ્મરની કટાર મા'રા હૃદયમા ભોકી હું મરણને શરણ થઇશ. આમ કહેતાજ દિવ્યપ્રભાએ એક છલ ગ મારી તેની કમ્મરમાથી કટાર ખે ચી લીધી અને તેને હાથમા પકડી ઉભી રહી"

"દિવ્યપ્રભા ક પવા લાગી. તે'ની આંખો રક્તવર્ણી થઇ ગઇ. તે'ની સ્થિતિ અજીત સમજી ગયો, અને તેથી મનમા વિચારવા લાગ્યો કે.–આ હઠીલી અબળા હાલ માનનાર નથી તેથી હુ તેને ભય કર ભોયરામાં પુરી મૂકી સમય ની રાહ જોઇશ. હુ ધારૂં છું કે ત્યાના દુ:ખથી તે મ'ને આખરે ચાહશે, ને મા'રૂ વચન માનશે. આમ મન સાથે નક્કિ કરી અજીતે બૂમ મારી– અરે કોઇ હાજર!

"જી, સરદાર! કહેતા બે સિપાઇઓ ફડોફડ બારણા ઉઘાડી ત્યા દોડી આવ્યા. તેમને જોઇ અજીત કહેવા લાગ્યો. મા'રા વફાદારો! આ હઠીલી અબળાને આજથી આઠમે દિવસે

અહિંથી લઇ જઇ આપણા ગુપ્ત સ્થાનના ઓરડામાં કેદ કરજો. હું પણ તમારી સાથેજ આવીશ, કહી અજીત તેના કે'વાની અસર કેવી થાય છે એ જોવાના ઇરાદાથી તે દિવ્યપ્રભાની સામે વક્રદ્રષ્ટિએ જોઇ રહ્યો."

તેના શબ્દોની અસર દિવ્યપ્રભાને કઇપણ થઇ નહિ તેતો તેના વિચારમા દૃઢ હોય એમ જણાવા લાગી. દિવ્યપ્રભા આખ્યો બધ કરી શૈલેશના ધ્યાનમા લીન થઇ હતી. તણે અજીતના શબ્દો સાભળ્યા નહોતા. પોતાના કહેવાની કાઇપણ અસર થઇ નથી ધારીને અજીત ગુસ્સાથી દિવ્યપ્રભાની સામે એક વખત નજર કરી ત્યાથી ચાલતો થયો. તેના સેવકો પણ તેની પાછળ ચાલ્યા ગયા. બાદ થોડીવારે શૈલેશના ધ્યાનમાં ધ્યાનસ્થ થયેલી દિવ્યપ્રભા જેમ વૃક્ષ ઉપરથી કોમળ પુષ્પ નીચે તુટી પડે તેમ તે સતી બાળા ધ્યાનસ્થ અવસ્થામા નીચે ઢળી પડી. તેના પડવાનો અવાજ થયો, અવાજનો ધ્વનિ અધકારમા ભળી ગયો. અને તેની સાથેજ જાખો બળતો દિપક અદર તેલ થઇ રહેવાથી ગુલ થઇ ગયો. દિવ્યપ્રભાનુ શરીર જમીનપર શબ સમાન પડયુ હતુ, તેનો પ્રાણ શૈલેશના ધ્યાનમા બ્રહ્મા ડમા રમણ કરવા લાગ્યો.

પ્રકરણ ૪૪ મું.

" કાળી ચૌદશની કાળી રાત્રિ. "

હિંમતને હિકમતથી, કરવું ધાર્યું કાજ;
પ્રથમ કષ્ટ સહેવું પડે અંતે છે સુખસાજ

આજે આશ્વિન માસની કાળીચૌદશની રાત્રિ હતી. ઘોર અંધકાર ફેલાયલો હતો. ભુતપ્રેતોને સાધનારાઓ બળીદાનની સામગ્રી સાથે શ્મશાન ક્ષેત્ર તરફ ગમન કરતા હતા. એ વખતે અમરાવતીની પાદરે જવાની સાંકડી ગલીના સરીયામ રસ્તાપર થઈને કોઇ એક વૃદ્ધ મુસાફર લાકડીના ટેકાથી ચાલ્યો જતો હતો. તે વૃદ્ધ માણુસની ઉમ્મર આશરે સાઠેક વર્ષની જણાતી હતી. રસ્તાપર જ્યાં ત્યાં સળગતાં ફાનસોના પ્રકાશમાં તેની સફેત લાંબી દાઢી પવનથી આમતેમ ઉડતી હતી. તે વૃદ્ધ માણુસ દાઢીપર હાથ ફેરવતો અને લાકડીના ટેકાથી ચાલતો આખરે એ સાંકડી ગલીને પસાર કરી પાદરે આવેલા મકાન આગળ આવી એકાએક અટકી ઉભો રહ્યો. કારણ કે તે મકાનમાંથી આ સમયે કાનને પ્રિય લાગતો સંગીતનો અવાજ સિતારની સાથે સંભળાતો હતો. ગાયનની સાથે અંદર બેઠેલાઓના મુખમાંથી વચ્ચે વચ્ચે વાહ વાહના અવાજ પણ સંભળાતા હતા.

પ્રિય પાઠકો ! એ મકાન મધુમુખીનુ હતુ. મકાનમાં અત્યારે ગાનતાન ચાલી રહ્યું હતું. આજે ભદ્રેશશેઠની વર્ષગાંઠ હોવાથી તેણે સઘળા મિત્રોને મીજલસ આપી હતી. અને તેથી ફક્ત ગુરૂ ગિરિનંદ સિવાય સઘળુ મંડળ ત્યાં એકઠુ થયું હતું. મધુમુખી સિતારની સાથે સુર મેળવી મધુરૂં ગાયન ગાઇ રહી હતી, બેઠેલા મંડળમા શરાબના જામ ઉપરાઉપરી ઉડી રહ્યાં હતા. દારૂના તાનમાં ગુલતાન બનેલાઓ મધુમુખીના ગાનથી મસ્તાન થઇ વાહ વાહનો ઉચ્ચાર કરતા હતા. બહાર ઉભેલો વૃદ્ધ પુરૂષ ધ્યાનપૂર્વક અંદરનુ ગાન શ્રવણ કરતો હતો. અને એ ગાનથી તે જાણે ખુશ ન થતો હોય એમ તેની મુખમુદ્રા પર થતા ફેરફારથી જણાતો હતો. થોડીવારમા તો તે ગાયનની અસરથી ડોલવા લાગ્યો અને ગમે તે ઉપાયે અંદર જઇ ગાયન સાભળવા એમ મન સાથે દૃઢ નિશ્ચય કરી ને વૃદ્ધ માણસ એ મકાનના પગથીઆ ચઢવા લાગ્યા. તેના સુભાગ્યે અંદરથી કોઇએ સાંકળ નહિ વાસેલી હોવાથી બારણાને ઠેલતાજ ઉઘડી ગયા, આથી તે આનંદ પામી અંદર ચાલવા લાગ્યો. આજે મીજલસ હોવાથી અંદરના ભાગમા થોડા થોડા અંતરે દિવા ગોઠવેલા હતા. તેથી તે વૃદ્ધને અંદર ચાલતા કંઇપણ અગવડતા નડી નહિ. દિવાના પ્રકાશમા આમતેમ જોતો તે વૃદ્ધ પુરુષ કેટલાક ઓરડા વટાવી દાદર ચઢી ઉપરના દિવાનખાનામાં બેઠેલા મંડળ સમક્ષ આવી ઉભો રહ્યો. તેને એકાએક ત્યાં આવેલો જોઇ સઘળા ચમક્યા, ગાયન બંધ થયું, અને સઘળા તે વૃદ્ધ ડોસાને ધારી, ધારીને જોવા લાગ્યા.

સઘળા મારી તરફ જોઇ રહ્યા છે ને મારા આવવાથી ગાન

કેમ બંધ થઇ ગયું ? એમ મનમા બોલી તે વૃદ્ધ માણુસ બેઠેલા મંડળને નમ્રવદને કહેવા લાગ્યો. ભાઇયો! હું અહિ વગર રજાએ આવી ચઢયો છુ તેને માટે મને માફ કરશોં. હુ એક ભુલો પડેલો પ્રવાસી છુ અને આ નગરથી છેક અજાણ્યો છું તેથી આમતેમ આથડતા અહિં આવી ચઢયો છુ. આપ સર્વ ખાનદાન કુટુંબના લાગો છો, તો દયા કરી મને આજની રાત અહિં ગાળવા દેવાની મહેરબાની કરશો ?

તે વૃદ્ધનું બોલવુ સાભળી સઘળાને તેની દયા આવી. તેઓએ એક બીજાની સાથે કંઇક ખાનગી મસલત ચલાવી, અને પછી વરૂણુસિંહ તે વૃદ્ધને પૂછવા લાગ્યો. કાકા ! તમે કોણ છો ? તમારૂં ગામ અને નામ શુ ?

' તે વૃદ્ધ બોલ્યો, આપ મહેરબાને શુ કહ્યું ? લગીર જોરથી બોલશો તો સંભળાશે કારણ કે હું કાને જરીક ઓછુ સાભળુ છુ, તમને તસ્દી તો પડશે, પણ શુ કરૂ ! લાચાર છુ."

' તમારૂ ગામ અને નામ શુ ? કપટે ઘાટો પાડી પૂછ્યું.

"હાં ! હવે બરોબર સંભળાયુ મહેરબાન ! મારૂં ગામ મધુપુર. કહી તે વૃદ્ધ નીચે બેઠો. "

" સઘળુ મંડળ અત્યારે પુર્ણ નિશામાં હતુ, તેથી તે વૃદ્ધ માણુસની બહેરાશનો લાભ લઇ સઘળા તેની મશ્કરીયો કરી આનંદ મેળવવા લાગ્યા. સમનુ હ્રદયના તે વૃદ્ધ પુરૂષને તેઓની મશ્કરીયોથી ગુસ્સો ચઢવાને બદલે આનંદ થવા લાગ્યો. તેને આનંદ પામતો જોઇ અજીતે પૂછ્યુ. કાકા ! તમારૂં નામ ?

" શુ કામ ? બોલો મારા મહેરબાન, શું બતાવો છો મને કામ ? તે ડોસો ટોળથી ઉભો થઇ પૂછવા લાગ્યો. '

તેને ટોળાથી ઉભો થયેલો જોઇ સઘળું મંડળ ખડખડાટ હસી પડ્યું ,પુનઃ કપટે પૂછ્યું. કાકા! તમારૂં નામ કહો ! નામ? "

" હા, હા, કામ! હું સારી રીતે કરીશ આપનું કામ? ડોસાએ અકળાઇને કહ્યું. "

" અરે બુઢ્ઢા! કામ નહિ પણ નામ? કરૂણાશકર નામના માણસે ઘાંટો પાડી કહ્યુ? "

" હા હવે સમજણ પડી. તમે મારૂં નામ પૂછ્યુ ?મહેરબાન! મારૂં નામ છેલશકર "

" તેનુ નામ સાભળી ફરીથી પાછા સઘળા ખડખડાટ હસી પડયા. તે હસતા મડળ સામે જોઇ અજીત કહેવા લાગ્યો. મારો બેટો! બુઢ્ઢો થયો છે પણ નામ જુવોને છેલશંકર? અલ્યા કરૂણાશકર! પૂછનો ખરો કે પાસે કઇ માલ બાલ છે. "

" કાકા! તમારી પાસે કઈ દોઢીયા છે કે નહિ ? કરૂણાશકરે ઇશારતથી પૂછ્યુ. "

" નારે ભાઇસાબ! હુ ગરીબ માણસ, મારી પાસે પૈસા કયાથી? મારા મહેરબાન! મારે તો ફકત આજની રાતજ અહિ રહેવુ છે "

" એતો જાણે સમજ્યા કે તમારે આજની રાત અહિ રહેવુ છે, પણ પાસે પૈસા તો ચોક્કસ હોવા જોઇયે ? "

" બાપરે! એ વળી શુ કહ્યું? આ ઘરડે ઘડપણ વેષ્યા શી? મારે રાડ વેષ્યાને શું ચુલામા નાંખવી છે? રામ, રામ, તમે જુવાનીયાઓ આમ મારી મશ્કરીયો કરો એ ઠીક કહેવાય નહિ? ડોસાએ અવળો અર્થ સમજી કહ્યું. "

"જો સાળો! વળી પાછુ ઉધું સમજ્યો! અજીત કંટાળી કપટને કહેવા લાગ્યો. કપટ! એને પૂછ તા ખરો કે તે આવ છે ક્યાથી?'

"કાકા સાહેબ! આપંનુ. આવવું કઇ તરફથી થાય છે?

"હં! શું જાય છે? મારા મહેરબાન શુ જાય છે? તે ડોસો ગભરાટથી પૂછવા લાગ્યો."

"તારૂં કપાળ જાય છે સાળા બ્હેરીયા! અજીત બરાડી ઉઠયો."

"અરે! તમે કઇ તરફથી આવો છો? વરૂણે ધાંટો પાડી પૂછયુ."

"હા હવે સમજ્યો! હું સેતબંધુ રામેશ્વરથી આવું છુ અને જાત્રા કરી પાછો મા'રે ગામ જાઉં છુ. મા'રા મહેરબાન! હવે બોલો તો લગીર જોરથી બોલજો."

"મા'રા બાપ! જો આની સાથે આખી રાત વાતો કરવાની હોય તો મ'ને લાગે છે કે સવારમાં મા'રાથી એક શબ્દ પણ બોલી શકાય નહિ. ભદ્રશે વચ્ચે કહ્યુ."

'ત્યારબાદ સઘળા શાન્ત થઇ ગયા, વૃદ્ધ માણસ અજીતના સામે આડી નજરે વક્રદૃષ્ટિથી જોવા લાગ્યો. અજીતને તે'ની દૃષ્ટિ ભયકારક જણાઇ. તે ચમક્યો ને ધાંટો પાડી બોલી ઉઠયો, ડોસા! મા'રી તરફ શામાટે જોઈ રહ્યા છો?"

"કાઇ નહિ! રાજા! મ'ને તમારૂં મ્હો પેલા જુલમી બહારવટીયા જેવું જણાયું તેથી મ્હે તમારી સામુ જોયું."

"કયો બારવટીયો?"

"આ...ઓળખ્યો નહિ? પેલા ચંડાળ સાધુની સાથે ફરે છે તે કાળમુખો અજીતસંગ. કે જે પહેલાં આ નગરનો સેનાપતિ હતો મા'રા મહેરબાન! તે અજીતસંગ હવે ન કરવાના કામ કરી રૈયતને કનડે છે."

"એમ કે?" આમ બોલી અજીતે વરૂણ અને કપટને કંઇક આંખની સંજ્ઞા કરી. તુરત તે બંને જણા ઉભા થયા. અને એકદમ તે ઘરડા ડોસાપર ધસી તેને પકડી મુખમાં ડુચો મારી કહેવા લાગ્યા."

"બુઠ્ઠા! અમે તેજ બ્હારવટીયાના સરદારો છીએ, અને ત્હેં જે બ્હારવટીયાનું નામ દીધું, તે આ બેઠા તેજ અજીતસિંહ મહારાજ. માટે જો હવે ત્હેં કાંઇપણ ગરબડ કરી તો તું મુઆજ સમજજે. આમ કહી તે બંને જણા તે ડોસાને ત્યાંથી ઉઠાવી ગયા અને એક અંધારી કોટડીમાં પુરી પાછા આવ્યા. બાદ સઘળા આડીઅવળી વાતો કરી મોડી રાતે સૌ સૌના સ્થાને વિદાય થઇ ગયા. મકાનમાં ભદ્રેશ અને મધુમુખી વિના કોઇ રહ્યું નહિ."

ભદ્રેશ ઘણા દિવસ થયા મધુમુખીને ત્યાંજ રહેતો હતો તેણે તેના મકાન, બગલા વગેરે તમામ મિલકતનાં રોકડા નાણાં કરી તેમાથી દેવાવાળાને ચુકાવી આપી, બાકીના નાણા સાથે મધુમુખીને ત્યાં રહેતો હતો. મધુમુખી તેને ઘણાજ પ્યારથી ચાહતી હતી. સર્વ મંડળના ગયા પછી ભદ્રેશ પણ મધુમુખી સાથે શયનભુવન તરફ ગયો.

પ્રકરણ ૪૫ મું.

" ઓરડામાં પુરાયેલો વૃદ્ધ પંથી "

દેખી દુઃખ ડરે નહિ, તજે ન હિંમત લેશ
એવા નિપુણ વીરનો, સાહ્યક રામ હમેશ

વૃદ્ધ પંથીને જે ઓરડામા પુર્યો હતો, તે ઓરડામા ઘોર અંધકાર વ્યાપેલો હતો. એથી તે વૃદ્ધ પુરૂષ ગભરાવા લાગ્યો. પણ આખરે હિંમત ધરી રાત ગુજારવાને શરીરપર ઓઢેલો ઉપરણો ઉતારી તેનુ ઉશીકુ કરી તે વૃદ્ધ પંથી સૂઇ ગયો તેને સૂઇ ગયે થોડીકવાર થઇ હશે એવામા તો તે સૂતો હતો ત્યાની નજીકની જમીન હાલવા લાગી. એવુ દૃષ્ય જોતાજ તે વૃદ્ધ સફાળો ઉઠી બેઠો થયો અને તે હાલતી જગાપર હાથ ફેરવવા લાગ્યો. થોડીવારમા તેને માલુમ પડયુ કે—આ જગાએ લાકડાનુ એક ગુપ્ત ઢાકણુ છે. તે ઢાંકણુ અલ્પ સમયમા તો ઉઘડી ગયુ, જમીનમાં ઉંડો ખાડ જણાયો. તે ખાડાના પગથીયા ચઢી અંદરથી કોઇ ઉપર આવવા લાગ્યુ. અંદરથી આવનારને તે વૃદ્ધ ડોસો નીચો નમી ખાડામા જોવા લાગ્યો. તો તેની અજબ અજાયબીની અંદર, એક રૂપ ગુણસંપન્ન બાલીકા, હાથમાં બળતા ફાનસ સાથે ઉપર આવી તે વૃદ્ધની નજીક ઉભી રહી.

તેને ખાડામાંથી નીકળી આવેલી જોઇ વૃદ્ધ પંથી ઘણો ગભરાવા લાગ્યો. તેના બદનમાંથી પરસેવો છૂટવા લાગ્યો અને આખરે ઘણીજ નરમાસથી તે વૃદ્ધ ડોસો ઉભેલી બાળાને પૂછવા લાગ્યો. સુંદર બાળા! - તમે કોણ છો? અને અહિં આવવાનું શું કારણ છે?

"તે તમને હમણાંજ ખબર પડશે. પણ તે પહેલાં એટલું જાણી લેજો કે, તમે લોકોને જે ઠગવાનો ધંધો લઇ બેઠા છો તે હું જાણી ગઇ છું અને તમને પોતાને પણ સારી રીતે ઓળખી ગઈ છું."

"તે બાળાનો જવાબ સાંભળી તે વૃદ્ધ ડોસો ધ્રુજવા લાગ્યો, અને એકાએક બોલી ઉઠયો. અરે! તમે શું બોલો છો? મને બિલકુલ સમજ પડતી નથી. તમે કોને ઓળખી ગયાં છો?"

"વૃદ્ધના વેશમાં પધારેલા સેનાપતિ વિશ્વેશને? તે બાળાએ શાન્તિથી જવાબ આપ્યો.

વાચકો! તે વૃદ્ધ બીજો કોઇ નહિ પણ આપણો પરિચીત વિશ્વેશ હતો. તે દિવ્યપ્રભાની શોધમાં નિકળ્યો હતો, ને મને મુખીના મકાનમાં ભાળ મળશે ધારીને તે ત્યાં આવ્યો હતો.

આ બાળાએ મને ઓળખ્યો છે, અને હું તેને ઓળખતો નથી. આશ્ચર્ય! આમ મનમાં ગણગણતો વિશ્વેશ તે બાળાના મુખ સામે જોવા લાગ્યો, પણ ઝાખાં ફાનસના પ્રકાશમાં તે તેને ઓળખી શકયો નહિ. આથી વિશ્વેશે પૂછયું. રમણી! તમે મને ઓળખી શકયાં છો, તો કૃપા કરી મને જણાઓ કે તમે કોણ છો?

વિશ્વેશ ! હું કોણ છું, તે તમેજ ઓળખી લ્યો. કહી તે ફાનસવાળી બાળાએ હાથમાં પકડેલા ફાનસનો પ્રકાશ તેના મુખપર આવવા દીધો. તેના મુખને જોતાંજ વિશ્વેશ આનંદની બૂમ મારી બોલી ઉઠયો. અરે ! તમે તો કૈલાસ ? !

હા, હુ કૈલાસ.

દયાની દેવી ! તમારૂં આગમન અત્રે શું કારણથી થયું છે ?

વિશ્વેશ ! તમે ગુપ્ત સ્વાંગ ધારણ કરી અહિં આવ્યા છો અને આ ઓરડામા કેદ થયા છો, તેની મને ખબર પડવાથી હુ આ છૂપા રસ્તે થઇને આહ આવી છું.

મોટો ઉપકાર કર્યો. દેવી ! હુ ધારૂ છુ કે તમે મને દિવ્ય પ્રભાની માહિતી આપી શકશો ?

વિશ્વેશ ! તમે જેની શોધમા નીકળ્યા છો તે દિવ્યપ્રભા અજીતના દગાનો ભોગ થઇ કોઇક ગુપ્ત સ્થળે છે. તેને જે સ્થળે રાખવામા આવી છે, તે સ્થળની મને હજી સુધી ખબર પડી નથી, પણ થોડા સમયમા હુ તેનો પત્તો મેળવી તમને ખબર આપીશ

આ સેવકના ઉપર ઘણીજ કૃપા થઇ. કૈલાસ ! ખરેખર તમે કોઇ પવિત્ર રમણી રત્ન છો; શાન્તિ દાયક દેવી છો. તમને જોતાજ મારા મનમા મારી પ્રેમ મુર્તિના થતા વિચારો ભુલુ છુ અને તે જાણે તમે પોતેજ ન હો એમ અનુભવું છુ. કૈલાસ-કુમારી ! મનમા ઇચ્છા થાય છે કે સદા આપણે સાથે રહેવાનુ હોયતો કેવું સારૂ ? આમ કહી વિશ્વેશે એક દિર્ઘ નિશ્વાસ નાખ્યો

તેનું કહેવુ ધ્યાન પૂર્વક શ્રવણ કરી કૈલાસ તેના મુખ

તરફ દયાળુ દ્રષ્ટિએ જોઇ રહી. તેના હૃદયમાં વિશ્વેશનું દયાજનક મુખ જોતાં કંઇક થવા લાગ્યુ. કૈલાસની આંખ્યોમાં ઝળઝળીયા ભરાઇ આવ્યાં. આખરે એ પારકાના દુઃખે દુઃખી થતી બાળા હૃદયને દ્રઢ કરી વિશ્વેશનો હાંથ પંકડી કહેવા લાગી. વિશ્વેશ! તમે અહિંથી બહાર નીકળવા ઇચ્છો છો ?

"હા, હવે હુ એમજ ઇચ્છુ છું. કારણ કે જેના સમાચાર મેળવવા માટે હું અહિં આવ્યો હતો, તેની બાતમી મેળવી ચૂકયો છુ કે તે'ને ઉપાડી જનાર નરાધમ અજીતજ છે હવે તે'ને કયા રાખવામાં આવેલ છે તેની તપાસ બહાર નીકળી કરીશ."

"તો ચાલો હું તમને નિર્વિઘ્ને બહાર કાઢુ. કારણ કે તમે આ સ્થળેથી કદી પણ એકલા બહાર નીકળી શકશો નહિ. એમ ધારીનેજ હુ તમને મુક્ત કરવા આવી છુ."

"ધન્ય છે પરોપકારી બાળા ધન્ય છે."

"વિશ્વેશ! વિશેષ સમય ગુમાવવો વૃથા છે. માટે ચાલો મા'રી પાછળ ચાલ્યા આવો કહી કૈલાસ ખાડાનાં પગથીયા ઉતરવા લાગી, અને પાછળ વિશ્વેશને ખાડામાં આવવા દઇ ઉપરનુ ઢાકણુ બંધ કરી દીધુ. કૈલાસની પાછળ પગથીયા ઉતરતો વિશ્વેશ કૈલાસને પૂછવા લાગ્યો. કૈલાસ! મ'ને લાગે છે કે આ દુષ્ટ મંડળના રહસ્યોથી તમે જાણીતા છો, છતાં તમે મને શામાટે તેમના ભેદ ભરમોથી જાણીતો કરતા નથી ? કે જે જાણુતાં તેમનો નાશ કરવાના પ્રયત્નો યોજાય, ને તેમના ભોગ થતા નિર્દોષ જનો બચી જાય.

"વિશ્વેશકુમાર! તમારે તે સઘળા ભેદ ભરમોથી માહિતગાર થવાને હજી કેટલાક સમયની જરૂર છે."

"કારણ?"

"કારણ ઘણું ગુપ્ત છે, તે તમે હાલમાં સમજી શકશો નહિ."

"જેવી તમારી ઇચ્છા, પણ હું પૂછું તેના થોડાક જવાબ આપશો?"

"હા."

"તમે લગ્નથી જોડાએલાં છો કે નહિ?"

"ના."

"તમારે પિતા છે કે નહિ?"

"છે."

"ત્યારે તમે આવી રીતે કેમ ફરો છો?"

"સૃષ્ટિના કલ્યાણને અર્થે."

"તમે આ દુષ્ટ મંડળમા કેવી રીતે રહો છો?"

વિશ્વેશ! તમારા પ્રશ્ન સાંભળી હું અજબ થાઉછું. આ મંડળનો ગુરૂ કે જે એક યોગી છે, તેના કાર્ય ઘણાં દુષ્ટ છે પણ તે મને તેની પોતાની પુત્રી પ્રમાણે ચાહે છે. તેથી તેના સઘળા સરદારોને માણસો પણ મને તેમની ભગિની સમાન ગણે છે, અને મારા શબ્દ શુભ સુચક ચિન્હ તરીકે માને છે.

ત્યારે તમારા પિતા હાલ કયા નિવાસ કરે છે?

વિશ્વેશ! તમારા મનમાં થતા વિચારોનું સમાધાન કર-

વાને ઘણા સમયની જરૂર છે. અત્યારે મને એમ થાય છે કે હુ તમને મારી સઘળી વાત જણાવી દઉં તો કેવું સારૂં! પણ પ્રસંગ નીહાળતાં હાલ જણાવી શકાય એમ નથી. વિશ્વેશ! તમને ધીમે ધીમે સર્વ બાબતની ખબર પડશે. માટે હાલમા તો આપણી આ ચાલતી વાતનો અત્રેજ છેડો લાવો, અને બનતી ત્વરાએ મારી સાથે ચાલી બહાર નીકળી જાઓ, નહિ તો વખત વિતતાં કદાચ કોઇને ખબર પડી તો અહિં થી કોટી ઉપાયે બહાર નીકળી શકાશે નહિ. આમ કહેતી કૈલાસ વિશ્વેશને લઇ એક બંધ દ્વાર સમિપ આવી એકાએક અટકોને ઉભી રહી; કે વિશ્વેશે પૂછયું. કૈલાસ! કેમ ઉભા રહ્યા ? આપણે હવે કઇ તરફ ચાલવાનું છે ?

"તે તમે જાણી શકશો નહિ, કારણ કે અહિં થી આગળ વધતાં મા'રે મારી ફરજ મુજબ તમારી આખ્યોએ પાટો બાધવો પડશે."

"કારણ ?"

"હુ આ મંડળની સાથે વચનથી બંધાયેલો છું કે મા'રે કોઇને પણ આ ગુપ્ત સ્થાનની માહિતી આપવી નહિ."

"ઘણુંજ આશ્ચર્ય! દેવી કૈલાસ! મા'રા ખરા હૃદયથી હુ તમને એક પવિત્ર બાળા ગણુ છું અને તેથી તમારે આધિન થઇ મા'રો પુર્ણ વિશ્વાસ તમારામા મૂકું છું."

કાઇ ફિકર નહિ. કહી તુર્તજ કૈલાસે વિશ્વેશની આંખ્યો ઉપર કપડાનો પાટો બાંધી દીધો અને તેનો હાથ પકડી બંધ દ્વાર ઉઘાડી આગળ ચાલવા લાગી. વિશ્વેશને દોરી ચાલતી

કૈલાસ આખરે સુરંગની બહાર નીકળી એક મેદાનમાં આવી. વિશ્વેશને હજી ખબર નથી કે અમે સુરંગની બહાર નીકળી મેદાનમાં ચાલીએ છીએ. એવી રીતે ચાલતી કૈલાસ આખરે મોટું પરોઢ થતે નિર્જન સ્થાનમા આવેલા એક ભવ્ય મહાલય સમિપ આવી પહોચી, અને ત્યા આગળ વિશ્વેશને ઉભો રાખી તેનો હાથ મૂકી કૈલાસ તેને કહ્યા વિના ત્યાથી ચાલી ગઇ. થોડીવારે ત્યાં ઉભેલા વિશ્વેશે પૂછ્યુ. કૈલાસ! વળી પાછા કેમ ઉભા રહ્યાં? પણ કોણ બોલે! ફરીથી વિશ્વેશે પૂછ્યું પણ કૈલાસ વિના કોણ જવાબ આપે. વિશ્વેશ ગભરાયો ને આંખ્યોએથી એકદમ પાટો અળગો કરી નાખ્યો. મો'ટા પરોઢના ઝાખા પ્રકાશમા વિશ્વેશે જોયુ તો કૈલાસ ત્યા જણાઇ નહિ. તે આસપાસ જોવા લાગ્યો. પણ એટલામા તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેણે તુર્તજ જાણી લીધુ કે મા'રા મકાન આગળજ મ'ને ઉભો રાખી કૈલાસ જતી રહી છે આથી તેના વખાણ કરતો વિશ્વેશ મહાલયમાં દાખલ થયો. અને આખી રાતના ઉજાગરાથી તે નિદ્રાને શરણ થયો. બાદ પુર્ણ નિદ્રા લઇ મધ્યાન્હ સમયે વિશ્વેશ જાગૃત થયો. સ્નાન વગેરે કાર્ય કરી જમી પરવારી વિશ્વેશ શૈલેશને મળવા રાજ્યભુવન તરફ ચાલ્યો

પ્રકરણ ૪૬ મું.

“ દિવાનો શૈલેશ. ”

નહીં પાછા શું આ જગતમાં પ્યારી મળીશે,
નહીં કોદી વ્હાલી સુખ દુઃખની વાત કરીશે;
કહો ક્યાં છો? શાણી સતી, તુજ વિના ના ઘડી ગમે,
આવો, આવો, પ્રાણ પ્યારી, જેવી પ્રેમાગ્નિ શમે.

ઉપરોક્ત ઉદ્દગાર કાઢતો દિવાનો શૈલેશ એક જાળીવાળા બંધ ઓરડામાં આમ તેમ આંટા મારતો હતો. તે જાળીવાળા ઓરડાની બહાર બે સેવકો તેની આજ્ઞા ઉઠાવાને બેઠા હતા. દિવ્યપ્રભાના વિયોગે શૈલેશનું સુંદર વદન નિસ્તેજ થઈ ગયું હતું શૈલેશ કવચિત ભાનમાં તો કવચિત બેભાનમાં રહેતો હતો. ઘડીમાં કંઇક વિચાર આવતાં અંદર મૂકેલા ટેબલ પર લખવા બેસી જતો, અને વળી પાછો વિચાર બદલાઇ જતાં લખેલા કાગળને ફાડી ચુરે ચુરા કરી નાખતો; અને બ્હાર બેઠેલા સેવકોને દિવ્યપ્રભાના સમાચાર પૂછતો તેને એ જાળીવાળા ઓરડાની બહાર નહિ કાઢવાની મહારાજાએ સેવકોને આજ્ઞા કરી હતી. શૈલેશને અંદર કંઇપણ અગવડતા ન પડે તેને માટે સર્વ ગોઠવણ કરવામાં આવી હતી.

શૈલેશ બહાર બેઠેલા સેવકોને પોતાને બહાર કાઢવાનું કહેતો; આથી તે સેવકો તેને મહા પરાણે શાન્ત કરી સમજાવતા, અને આખરે શૈલેશ શાન્ત થઇ ઉંઘી જતો; પણ પાછો અલ્પ સમયમાં જાગૃત થતો.

" આજે શૈલેશ કંઇક ગહન્ વિચારોમાં ગ્લાની યુક્ત થઈ ઓરડામાં એક છેડેથી બીજે છેડે એમ આંટા મારતો હતો. તેની આંખ્યોમાંથી અશ્રુ વહેતા હતા. એવી રીતે ઘણીવાર ફર્યો પછી ઓરડાની જાળીના સળીયા પકડી ઉભો રહી તે આત્મગત બોલવા લાગ્યો. "

ગઇ કયા સતી સુંદરી, આ શૈલેશને અત્રે મૂકી,
ન સમજાય મન મુઝાય, શુ મરણ ઘડી આવી ચૂકી !
કયા છું હું કયા ઉભો છુ, નથી સમજાતું કે શુ થયું !
જગતમા અંધકાર વ્યાપ્યો, આભ શું તુટી પડયું !
આ રાજભુવન કે કારાગ્રહ છે, આ શરીર છે કે શબ છે,
સૌ સ્નેહિ સગા મમ દૂર છે, જાણ્યુ હવે સૌ કૂર છે;
કયા રાણી દિવ્યપ્રભા ! કયા છે વિશ્વેશ વીર !
તજી ગયા આ અભાગીને. નયને વહે છે નીર.

આમ બોલતાં બોલતા તેનું મગજ ખસવા લાગ્યુ.

બસ હવે જાઉં પ્રિયાની શોધમા, તોડી પિંજર આ વાર,
પ્યારિના વિયોગથી સુખ સૌ, લાગે મંને અંગાર.

" બસ હવે એજ વિચાર ! અરે ત્યાં કોણ છે ? શૈલેશે બૂમ પાડી.

" જી મહારાજ, હાથ જોડી બે સેવકો દોડી આવ્યા. "

"મને બહાર કાઢો, હું તમને હુકમ કરૂં છુ કે આ જાળી ખોલી મ'ને બહાર કાઢો."

"કુમારશ્રી! શાન્ત થાઓ,. હમણાંજ આ જાળી ખોલી આપને બહાર કાઢીએ છીએ. બોલો પછી કાંઇ?"

"વારૂં બહાર કાઢી મ'ને શું કરશો? શૈલેશે વિચિત્ર પ્રશ્ન પૂછયો."

"આપ કહેશો તે કરીશુ. નામદાર!"

"એમ! ત્યારે જાઓ હુ કહું છું કે એક ગુલાબનું પુષ્પ લઇ આવો."

"લઇ આવું મહારાજ. કહી એક સેવક નીચે દોડયો અને રાજઉદ્યાનમાંથી એક ગુલાબનું ખીલેલુ પુષ્પ લઇ સત્વર પાછો આવ્યો, ને તે કુમારના હાથમાં મૂકી એક તરફ ઉભો રહ્યો."

"તે ગુલાબને થોડીકવાર નિહાળી શૈલેશ ઉભેલા સેવકને પૂછવા લાગ્યો. આ પુષ્પ કેવુ સુંદર છે?"

"ઘણું જ સરસ છે મહારાજ."

"વારૂં! જો આ પુષ્પને કોઇ કચરી નાંખે યા છૂંદી નાખે તો આપણને કેવુ લાગે?"

"ઘણુ જ ખરાબ લાગે."

"ખરેખર તુ સત્ય બોલ્યો. મા'રી દિવ્યપ્રભા આ પુષ્પના સમાન સુંદર અને કોમળ હતી, પણ તેને છુંદી નાખવા પાપી અજીત ઉપાડી ગયો છે.'

"હા, મા'રી મધુરી મેનાં! આ હિનભાગ્ય શૈલેશને તજી

તું ક્યાં નિવાશ કરે છે! બોલ, બોલ, આ તા'રા ભર્તારને જવાબ દે? વ્હાલી દિવ્યપ્રભા! આ શૈલેશની પ્રેમપ્રભા! શું તારો મમ પ્રત્યેનો પ્રેમ? સુંદરી!'

બોલ્યાં મધુરા શબ્દ મુખથી, મુજને તું હસાવતી;
ક્યાં ગઇ તું સુંદરી! જે હોંસથી બોલાવતી:
હંસ ચાલે ચાલતી, મમ હુંદયમાં મ્હાલતી;
હા ગઇ તજી તે સુંદરી, મમ મહેલને શોભાવતી.
હતી સુંદર રંભા સમી, મુગ્ધા મધુરી મનોહરી,
ક્યાં દુષ્ટ લઇ ચાલ્યો ગયો પાપી અજીત મારો અરી.

આમ ઉન્માદ અવસ્થામાં બોલતો શૈલેશ ઉશ્કેરાયો, અને ક્રોધ યુક્ત મુખ મુદ્રાથી બોલી ઉઠયો. અજીત! નિમક હરામ અજીત! સાવધ! આ શૈલેશ તને કદાપિ છોડનાર નથી. તું ભુતળમાં છૂપાયો હોઇશ તદપિ હું તારા કેશગ્રહી બહાર ખેંચી કાઢી તારા શીરનું છેદન કરીશ. આમ બોલી તેણે ટેબલ પર હાથનો પ્રહાર કર્યો. ટેબલ ધ્રુજી ઉઠયું કુમારની ચર્ચા નિરખતા સેવકો ધ્રુજી ઉઠયા અને આજ કુમારની સ્થિતિ ઘણી ખરાબ છે એમ ધારવા લાગ્યા.

આખરે ઉશ્કેરાયેલો શૈલેશ શાન્ત થયો, પુનઃ તેના મુખ પર દિનતા છવાવા લાગી. શૈલેશ નીચે બેઠો ને એક હાથ કપાળે અને બીજો હાથ જમીનપર ટેકવી ગદગદ કંઠે બોલવા લાગ્યો. સતી સુંદરી! શું તારો પત્તો હવે નહિ મળે? હા! મણીપુરની રાજ્યકન્યા! તું મારી સાથે લગનથી જોડાઇ લગીર પણ સુખી થઇ નહિ. પ્રિયે! તારા વિયોગથી આ શૈલેશ હવે આ અવનિમાં

લાંબો વખત જીવન ધારી શકશે નહિ. અરે! હવે આ સંસારમા મારૂં કોઇ નથી. જગતનો નીયમ છે કે સુખમાં સૌ સ્વાર્થિઓ ભેગાં થાય છે, પણ દુઃખમાં તેઓ તજીને ચાલ્યાં જાય છે. તે જનારાંની દરકાર હું કરતો નથી. પણ ફક્ત મારી હૃદયેશ્વરીની દરકાર આ હૃદય કરે છે. વ્હાલી! હૃદયની દેવી! તુ જ્યાં હો ત્યાં થોડા દિવસ ધિરજ ધરી રહેજે. હુ તને ગમે તે ઉપાયે પણ આવી મળીશ. પ્રાણવલ્લભા! મારા હૃદયનો તારા પ્રત્યે સાચો પ્રેમ છે, અને તેજ પવિત્ર પ્રેમ મને તુ જ્યા હોઇશ ત્યા ખેંચી લાવશે. ચાલ જીવ! તૈયાર થા, અને પ્યારીની શોધમા જવા આ રાજ્ય મહેલનો ત્યાગ કરી ચાલતો થા. આમ બોલતો તે એકદમ ઉભો થયો. આ સમયે તે એટલો તો ઉશ્કેરાઇ ગયો હતો કે ઓરડાની જાળી બંધ છે એ પણ ભુલી ગયો. તેથી ઉંચુ જોયા સિવાય ચાલતા શૈલેશને જાળીની નજીક જતાંજ કપાળમા સખત પ્રહાર થયો. વાગવાના દર્દથી અને હૃદયદુઃખથી કરૂણા-જનક ચીસ નાખી શૈલેશ જમીનપર પછડાઇ પડયો, અને થોડી-વારમા તો હાલતો ચાલતો પણ બંધ થઇ ગયો. દૂર ઉભા રહેલા સેવકો ગભરાયા, અને આમ તેમ દોડાદોડી કરવા લાગ્યા. તેવા-માંજ શૈલેશને મળવા નીકળેલો વિશ્વેશ ત્યા આવી પહોચ્યો, અને સેવકોના ગભરાટનુ કારણ પૂછવા લાગ્યો. ગરીબ બીચારા નોકરો જવાબ આપવાને બદલે હાથ લંબાવી બેશુદ્ધ શૈલેશને બતાવવા લાગ્યા.

શૈલેશની દશા નીરખી વિશ્વેશ દુઃખી થયો. તે પછી વિશ્વેશ હૃદયને દ્રઢ કરી નોકરોને આશ્વાસન આપી સ્વહસ્તે

જાળી ઉઘાડી શૈલેશ પાસે ગયો, અને બેશુદ્ધ મિત્રનું માથું ખોળામાં લઇ વિશ્વેશ મન સાથે બોલવા લાગ્યો. અરે! મારા મિત્રની શું આ દશા ?! અહા ! કોમળ શૈયામાં સયન કરનાર મારો વ્હાલો ભ્રાત! આજે જમીનપર બેશુદ્ધ દશામાં પડયો છે. હા....જ્ઞાની શૈલેશ જ્ઞાનહિન બન્યો છે. ઉઠ, વ્હાલા વીર ! સાવધ થા, તારી દશા જોઇ મને અપાર દુ:ખ ઉત્પન્ન થાય છે શૈલેશ! વિશ્વેશના હૃદયાત્મા! ઉઠો, જાગૃત થાઓ. આમ બોલતો વિશ્વેશ અશ્રુ વરસાવતો શૈલેશને સાવધ કરવાના ઇરાદે બૂમો મારવા લાગ્યો. વિશ્વેશની આંખોમાથી નીકળતાં અશ્રુ બિંદુઓ શૈલેશના મુખપર પડવા લાગ્યાં. ઉષ્ણુ અશ્રુ બિંદુઓના સ્પર્શથી શૈલેશ સાવધ થયો. તેને સાવધ થતો જોઈ બહાર ઉભેલા સેવકો વિશ્વેશને બહાર નીકળી આવવાને કહેવા લાગ્યા. સેવકો બહાર નીકળવાને શા માટે કહે છે, તેનુ કારણુ નહિ સમજતા વિશ્વેશ તેઓને પૂછવા લાગ્યો, શુ તમે મને બહાર બોલાવો છો ?

"હા નામદાર."

"કેમ વારૂં ?"

'કુમારશ્રી ઉન્માદ અવસ્થામા છે, અને તેથી આપના શરીરને ઇજા કરી બેસવાનો સંભવ છે"

એજ કે કાંઈ બીજું ? વફાદાર સેવકો ! ન ગભરાશો ! મિત્રને માટે આ પ્રાણુ છે, તો તેનાથી ઇજા થતા શરીરની શુ દરકાર છે ? આમ કહી પુન: વિશ્વેશ શૈલેશને કહેવા લાગ્યો. વીરા! સાવધ થા, હું વિશ્વેશ તારી પાસે છું.

વિશ્વેશના શબ્દોથી શૈલેશ જાગ્રત થયો, ને ઉઠી બેઠો

થઇ બોલી ઉઠયો. કોણ મારો ભાઇ?

"હા, વીશ! હું તારો ભાઇ."

"બંધુ! મારૂં શું થશે?"

"સર્વ સારૂં થશે, ગભરા નહિ."

"હું ઘણો દુખી છું."

"હોય, હિંમત રાખવાથી દુ:ખનો નાશ થશે."

"વિશ્વેશ! મારી દિવ્યપ્રભા કયાં છે? વીશ! કહો, એ મારી સુંદરી હાલ કયાં છે? પુન! શૈલેશ ભાન ભુલવા લાગ્યો, ને વિશ્વેશનો હાથ પકડી પૂછવા લાગ્યો."

કયા છે વિશ્વેશ વીર! પ્રાણ પ્રિયા એ મારી:
કયા છે વિશ્વેશ વીર! સુંદરી રમણી સારી.
કયાં છે વિશ્વેશ વીર! આ અંધાની આંખો;
કયાં છે વિશ્વેશ વીર! આ પ્રેમ હંસની પાંખો.
બતાવ્રૂ વ્હાલા વીર! કયા એ મમ રત્ન છે?
દે જવાબ ઓ ભાઇ! રાણી દિવ્યપ્રભા કયા છે?

મારા દુખના દિલાસા, હૃદયના વિસામા! કહે, કહે, કે તે મૃગનયની હાલ કયાં છે?

ભાઇ શૈલેશ! તું સમજુ છે, જ્ઞાની છે, માટે હિંમત રાખ આખરે ઇશ્વર આપણું સારૂં કરશે.

વિશ્વેશ! આ શૈલેશનું જ્ઞાન હાલ ગુમ થઇ ગયું છે અને તેથીજ આ શરીર કારાગ્રહમાં પુરાયું છે.

નહિ, મારો પ્રિય મિત્ર કદી પણ જ્ઞાનહિન થાય નહિ. વીરા ! તુ કારાગ્રહમાં નથી પણ રાજભુવનમાં છે.

" શું હુ રાજ્ય મહેલમાં છું ? "

" હા. "

" એમ ! તો હવે મારે આ રાજ્યમહેલમાં નથી રહેવુ. મારે મારી દિવ્યપ્રભા પાસે જવું છે. "

" શૈલેશ ! સમજુ થઇ કેમ ભુલે છે ? વિચાર કર, પ્રયત્ન કર્યા વિના દિવ્યપ્રભા આપણને મળશે ? માટે શાન્ત થા અને મારી સાથે દિવ્યપ્રભાની શોધ કરવા હિંમતવાન થા. આમ શું કરે છે ? "

" વિશ્વેશના શબ્દોથી શૈલેશ શાન્ત થયો અને થોડી વાર વિચાર કરી પૂછવા લાગ્યો. ભાઇ ! આપણે બગીચા તરફ ચાલશુ ?

" હા, ચાલો, કહી વિશ્વેશ ઉભો થયો. બને મિત્રો રાજ મહેલમાથી નીકળ્યા બગીચા તરફ ચાલવા લાગ્યા. કુમારની સ્થિતિમા અચાનક થયેલો ફેરફાર જોઇ સેવકો આનદ પામ્યા અને એ હર્ષસમાચાર મહારાજાને જણાવવા મોટાં રાજભુવન તરફ દોડયા. "

પ્રકરણ ૪૭ મું.

"મિત્ર વિયોગ."

અલૌકિક માયા પ્રભુ તણી, દિસે જગતમા અવનવી
નડે વિચારો મન ઘણા, પણ લેખ લખ્યા ટળશે નહિ

સાંજ પડવા આવી હતી, ગાયોના વૃંદ ચારો ચરી નગર તરફ આવતાં હતાં, પક્ષિયો તેમના માળા તરફ ગમન કરતા હતા. મુસાફરો રાત પડશે ધારીને ધર્મશાળા તરફ જતા હતા. શિતળ સમીરની મંદમંદ લ્હેરીયો આવતી હતી. આવા સમયે રાજમહેલમાથી નીકળેલા બન્ને મિત્રો દિવ્યપ્રભા જે બગીચામા આવી હતી, તે બગીચામા દાખલ થયા. તે રમણીય બગીચાની ખુશનુમા હવાનો લાભ લેતા, રંગબેરંગી ખીલેલાં પુષ્પોને જોતા, બંને મિત્રો કિલ્લાના દરવાજા આગળ સરિતા સંગમનું ગંભીર જળ અવલોકતા, ત્યા પડેલા એક બાકડા પર બેઠા બંને મિત્રો ઇશ્વરી કુદરતને શાન્તિથી જોતા થોડીવાર મૌનતાથી બેસી રહ્યા. એવામા એકાએક શૈલેશને એક વૃક્ષ નીચે પડેલું કંઇક કપડુ જણાયુ. આથી તે ઉભો થયો, ને તે કપડું ત્યાથી લઇ આવી જોવા લાગ્યો. તે દિવ્યપ્રભાનો રૂમાલ હતો. આ બગીચામા લોકોનો અવર જવર ઓછો હોવાથી તેમજ આટલા

દિવસ સુધી એનીપર કોઇની નજર નહિ પડવાથી તે રૂમાલ ત્યાં પડી રહેવા પામ્યો હતો. રૂમાલમાં દિવ્યપ્રભાનું નામ મોટા અક્ષરે રંગ બેરંગી ભરતે ભરેલું હતું. એ રૂમાલને જોતાંજ શૈલેશ ઉન્મતની માફક બોલી ઉઠયો. પ્રિયાના કર કમળમાં રમણ કરનારા રૂમાલ! તને ધારણ કરનાર દિવ્યપ્રભા કયા ગઇ? શું તેણે તને સમાચાર જણાવવાને અહિં રાખ્યો છે કે તું તેને તજીને અહિં પડયો છે? બોલ! કેમ જવાબ આપતો નથી?

શૈલેશનું બોલવું સાંભળી વિશ્વેશે તેના સામે જોયું, અને તે સમજયો કે શૈલેશનુ મગજ પાછુ ખસ્યું છે, આથી અજાણ્ દેખાવ ધારણ કરી વિશ્વેશે તેને પૂછયુ. ભાઇ! હાથમા શું છે?

વ્હાલીના કરકમળને શોભાવનારો રૂમાલ છે. વિશ્વેશ! આ રૂમાલ મને અત્યારે ઘણોજ પ્રિય લાગે છે. કારણ કે તે મારી પ્રિયતમાના સુકોમળ મુખપર વારેવારે ફર્યો હશે. ખરેખર આ રૂમાલ પણ ભાગ્યશાળી છે.

"શૈલેશ! જો એ રૂમાલ ભાગ્યવાન હોત, તો તે'ને દિવ્યપ્રભા તજત નહિ."

"વિશ્વેશ! તે મા'રી પ્રાણ પ્રિયા ગભરાટમાં આ રૂમાલને અત્રે ભુલી ગઇ હશે. વીર વિશ્વેશ! તે સુંદરીનો પ્રેમ અપાર છે. તેના સમાન સતી રાણી હવે આ જીવનમાં કદાપિ મળનાર નથી."

"શૈલેશ! હવે જવાદે એ વિચાર, આખો વખત એ શું?"

"વિશ્વેશ! વિશ્વપ્રભાના પ્રવિત્ર પ્રેમને યાદ કર, અને પછી મ'ને સવાલ કર. દુખમાંથી સ્હેજ સુખમાં આવતાં તા'રી

પ્રેમમુર્તિને કેમ વિસરી જાય છે ? "

"ભાઇ ! હું વિશ્વપ્રભાને ભુલ્યો નથી, હું અહર્નિશ તે'નું ધ્યાન ધરૂં છું. મા'રા શરીરમાં વહન કરતું રૂધીર પણ વિશ્વપ્રભાના પ્રેમથી ઉષ્ણ થઇ વહે છે. શૈલેશ ! આપણા પ્રેમને માટે આપણે હૃદયમાં સમજવાનું છે, બહાર જણાવેથી શું વળવાનું છે ? માટે મનમાં શાન્તિ ધરવાથી આખરે સૌ સારૂં થશે."

"વિશ્વેશ ! મા'રી શાન્તિ મરી ગઇ છે, બુદ્ધિ હરાઇ ગઇ છે." શૈલેશ બૂમ પાડી ઉઠયો.

"વિશ્વેશ સ્તબ્ધ બની જોઇ રહ્યો. શૈલેશ ઉન્મતની માફક ત્યાંથી ઉઠી આમતેમ ફરવા લાગ્યો. એવી રીતે ઘણો સમય વ્યતિત થઇ ગયો. એવામાં અકસ્માત આકાશમાં વાદળાં ચઢી આવ્યાં, પવનનુ તોફાન થવા લાગ્યુ, દૂરથી ધુળના ગોટેગોટ ઉડવા લાગ્યા. બગીચાની ડંડકથી લપાઇ બેઠેલા કાળા નાગ ફુફવાડા મારતા ચાલવા લાગ્યા. વૃક્ષો પર બેઠેલા કાગડા કર્કશ ધ્વનિથી બોલી ઉઠયા. જળના ઘુઘવાટા સભળાવા લાગ્યા, પવન પુષ્પભદ્રાના ગભીર જળને ઉંચે ઉછાળવા લાગ્યો. આ'વા ભયાનક તોફાનની સાથે શૈલેશના હૃદયમાં પણ ભયંકર તોફાન શરૂ થયુ. તેનુ આખું બદન ધ્રુજવા લાગ્યું. આંખ્યો ફાડી જોતો શૈલેશ આવું ભયાનક દૃશ્ય જોઇ વિશ્વેશનો હાથ પકડી કહેવા લાગ્યો.

વિશ્વેશ ! ફળકળે કાગ આ, નજરે પડે સર્પો નર્યા,
અંધકાર દિશે આભમાં, ભણકાર થાતા ભય ભર્યા.
લાગે ભયાનક બાગ આ, પ્રજળે હૃદયમાં આગ હા,

અદ્ધા ધિરજ રહેતી નથી, નીર્મ્યું હશે શું ભાગ્યમાં ?
આ બદન કંપે માહરૂં, આ ઉર મમ ગભરાય છે,
ગમ ના પડે વીર ! કયા જઉં ? કઇ કઇ કુતુહલ થાય છે.

જો, જો, વીરા ! આ ઇશ્વરી કોપ તો જો. હા, કેવું ભયંકર તોફાન ! ખરેખર અધમોની અધમતા નિહાળી ઇશ્વરે કુદરતી કોપ કરવા ધાર્યો છે. વિશ્વેશ ! કિરતારના કોપથી હુ ઘણોજ ખુશ થાઉ છું, કારણ કે પાપાત્માઓ અવશ્ય આ કોપના ભોગ થઈ મરશે. હા, હા, હા, કહી ઉન્મત શૈલેશ વિશ્વેશનો હાથ મૂકી પવનથી ઉંચે ઉછળતા જળ સામે જોઇ રહ્યો.

અકસ્માત ભયંકર તોફાન થતુ જોઇ વિશ્વેશ પણ આશ્ચર્ય યુકત થઈ યત્રના પુતળાની માફક જોઇ રહ્યો હતો.

જેમ જેમ પવનથી ઉચે ઉછળતુ જળ શૈલેશ વધારે સમય જોતો ગયો, તેમ તેનુ હૃદય ઉશ્કેરાવા લાગ્યું, અને આખરે મનમાં બોલી ઉઠયો. બસ, આ...આ....તેજ સ ગમ ! કે જયા મારી દિવ્યપ્રભા સ્નાનાર્થે આવી હતી. અરે આ એજ જળ ! કે જેમાંથી પાપી અજીત મારી પ્રાણવલ્લભાને ઉપાડી ગયો છે બસ, આજ સ્થળે સ ગમમા પડવાથી આ પવિત્ર પુંણ્યભદ્રા મને મારી વ્હાલીની પાસે પહોચાડશે. ચાલ જીવ, વિશ્વેશની નજર બીજી તરફ છે, એટલામા કાર્ય સાધી લઉ, નહિ તો તે જોશે તો મને મારી પ્રિયાની શોધમાં જતો અટકાવશે ઓ પતિતપાવની સરિતા ! હવે હુ તારે શરણે છુ. જય, જય, જયગ ગે. આમ બોલતાજ ઉન્મત શૈલેશે એકદમ નદીમા પડતુ નાખ્યું.

તેના પડવાનો પ્રતિઘાત શ્રવણ કરતાજ વિશ્વેશ ચમકયો,

અને પાછળ જુએ છે તો ત્યાં શૈલેશને ન જોયો. અરે! શૈલેશ ક્યાં? આ ધબાકો શાનો થયો! આમ બોલતો વિશ્વેશ કિનારે આવી સરિતાના જળ સામે જોવા લાગ્યો. સરિતાના જળમાં ભમરીઓ વળતી હતી, ઘુઘવાટ સાથે મોજાં ઉંચે ઉછળતાં હતાં. એવામાં વિશ્વેશની નજરે દૂર જળનાં ઉંચે ઉછળતાં મોજાંમા ઉપર નીચે જતો શૈલેશ જણાયો. વિશ્વેશ ગભરાટથી બૂમ પાડી ઉઠયો. ઓહ! શું મારા મિત્રે જળમાં જપાપાત કર્યો? આ વિશ્વેશને નોધારો કર્યો? ઓ શૈલેશ! ઓ વિશ્વેશના વિસામા! તું મને તજીને ક્યાં ગયો? ઓ મારા બંધુ! આ દગાખોર સંસાર સિંધુમાં મને એકલો મૂકી તને જતાં શું લગીર પણ દયા ન આવી? આમ બેફાટ આક્રંદ કરતો વિશ્વેશ એકાગ્ર દ્રષ્ટિએ શૈલેશ તરફ જોઇ રહ્યો. અથાગ જળમાં શૈલેશને જોઇ તેનું મન ઉશ્કેરાયું. એક ક્ષણવારમા હ્રદય વિષે કંઇક દ્રઢ નિશ્ચય કરી તે આવેશયુકત બોલ્યો. મારા મિત્રને માર્ગ આપનાર સરિતા! તું આ વિશ્વેશને પણ માર્ગ આપ. આ સંસારમાં વિશ્વેશ સુખી નથી. ઘણાં કષ્ટો સહન કરી આ શરીર હવે થાકી ગયુ છે. પ્રિયા અને મિત્ર વિનાના સ્મશાન સમાન આ સંસારમા હું હવે એક પળવાર પણ રહેવા નથી ઇચ્છતો. ઓ શોક સંતાપને શાન્ત કરનારી પવિત્ર પુષ્પભદ્રા! હવે હું તારૂંજ શરણ ચાહું છું, અને તેથી આ સમયેજ આ અથાગ જળમા પ્રવેસુ છું. દેવી સરિતા! જેમ તું આ સ્થળે સાગર સાથે મળી આનંદ કરે છે, તેમ આ વિશ્વેશને તેના સ્નેહીજનોથી મેળવી આનંદ કરાવજે. દેવી સરિતા!

સન્મિત્ર જાતા વિશ્વમા. વેરાન સમ નીરખાય છે;
વિણુ પ્રાણુનો જ્યમ પડ્યા, વણુ કામનો સમજાય છે.
મળશે હવે ક્યા મિત્ર ! પળ પળ ચિત્ત ચિંતા થાય છે;
સુખ દુ ખ તણો સાથી જતા, દશે દિશ દુઃખ દેખાય છે.
જેના પ્રતાપે દેહ આ. રાચ્યો હતો સુખ આશથી.
તે દેહી જાતા દેહની, કિમત હવે કોડી નથી.

જય, જય, પતિત પાવની પુષ્પભદ્રા ! આ વિશ્વેશ હવે તારા ઉછ ગમા છે. કહી વિશ્વેશે નદીમાં પડતુ નાંખ્યુ. જોત જોતામાં તો વિશ્વેશ ઘણે દૂર મોજા માં ઉ ચો નીચો જણાવા લાગ્યો.

સર્વ સૃષ્ટિ શુન્યકાર જણાવા લાગી, વિશ્વેશના પડયા પછી તોફાન પણુ શાન્ત થઇ ગયું. વાદળાં વિખરાઇ ગયા, થોડો રહેલો દિવસ પણુ પુરો થયો અને રાત્રિદેવીનુ સામ્રાજ્ય ફેલાવા લાગ્યુ. બે વીરપુરૂષોના સરિતામા પડવાથી રાત્રિએ જગતને કાળા અ ધકારથી ઢાકી દીધુ.

॥ ૐ શાન્તિઃ શાન્તિઃ ॥

નામદાર માહારાજા વડોદરા
સ્ટેટના સરકારી કેળવણી
ખાતાએ ઈનામ અને
શાળા લાયબ્રેરી માટે
મંજુર કરેલ

તૈયાર છે! [સચિત્ર!

મણિલાલ છબારામ ભટ્ટ કૃત

શ્રીવિષ્ણુ પુરાણ

કીંમત રૂ. ૨-૦-૦

અપૂર્વ ગ્રન્થ

ફક્ત રૂપીઆ બે માંજ

સત્તર સુંદર ચિત્રો સહિત

શુક મુખામૃત

ભાગવત

ભાષાન્તર.

વિવિધ ટીકાને અનુસારે
આપવામા આવશે
માટે તાકીદે મગાવો

છપાય છે! જલદી નામ નોંધાવો! **છપાય છે!**

તરુણતપસ્વિની

ભાગ બીજો.

• લેખક—સત્યેન્દ્રપ્રસાદ સાકળેશ્વર મહેતા

• અગાઉથી ગ્રાહક થનારને રૂ. ૧-૪-૦
પાછળથી ગ્રાહક થનારને રૂ. ૧-૮-૦

સોલ એજન્ટ.

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

૨૬૩૭, પાનકોર નાકા—અમદાવાદ

જાહેર પ્રજામાં ફાયદાકારક ચેતવણી.

હજારો ગ્રાહકોએ ખાત્રી કરી છે.

અમારી દુકાનમાં દરેક જાતના દાગીના ખાસ જસ્તીથી ઝારેલા તથા ઘુઘરી બાંધેલો બાજો પણ ચોખ્ખી ચાંદીનો તે પણ પાકી ગેરંટીથી મળે છે

૮૦ વરસથી રાજનગરમાં સંપુર્ણ માન પામેલી ભરોંસાદાર ચાંદીના દાગીના વેચવાની જુનામાં જુની પેઢી.

પંચાલ ભુલાભાઈ હીરાચંદ.

ઠેકાણું માંડવીની પોળમાં

[લાલાભાઇની પોળમાં ઘર નં. ૨૨૧૪-અમદાવાદ.

અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર
સદ્ ગૃહસ્થોનાં નામ.

કોપી.	નામ.	ઠેકાણું
	અમદાવાદ.	
	રા. રા. શ્રીયુત સરદાર સર, ચીનુભાઈ માધવલાલ, રણછોડલાલ બેરોનેટ સી આઈ ઈ.	
	રા. રા. નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈ.	
	રા. રા. શેઠ વિમળભાઈ મયાભાઈ	
	રા. રા શેઠ દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ, ખેચરદાસ લશ્કરી	
	રા. રા શેઠ જગાભાઈ દલપતભાઈ.	
*	રા રા શેઠ બાલાભાઈ દામોદરદાસ	
'	રા રા. શેઠ લાલભાઈ ત્રીકમભાઈ	
૧૫	રા રા. શેઠ મોતીલાલ અમનલાલ ગાંધી	શાહપુર, વડવાળી પોળ
૫	રા. રા. શેઠ નવરોજજી નસરવાનજી વકીલ.	,,
૨	રા. રા શેઠ ફીરોજશા કાવસજી કારભાવાળા	,, ચાંદા સુરજનો બંગલો
૨	રા રા. શેઠ દામોદરદાસ સાકળેશ્વર રાવળ	,,
૨	રા રા પટેલ કીશોરભાઈ મુળજીભાઈ મુખી.	,, દરવાજાનો ખાંચો.
૨	રા રા પટેલ નારણદાસ કાળીદાસ.	,, વડવાળી પોળ
૧	રા રા શેઠ બરજોરજી નવરોજજી વકીલ.	ખાનપુર.
૧	રા રા શેઠ જહાંગીરજી પેસતનજી કંટ્રાક્ટર,	નદીંગમાસ્તર, પ્રેમ દરવાજા

કોપી.	નામ.		ઠેકાણું.
૧	રા. રા. શેઠ ધનજીશા અરદેશર કાટપીટીયા.		તેલીયા મીલ.
૧	રા. રા. શેઠ દીનશાજી બેરામજી ખજોતીયા, વીવીંગ માસ્તર.		,,
૧	રા. રા. શેઠ એચ પી. કાટપીટીયા, સ્પીનીંગ માસ્તર.		,,
૧	રા. રા. શેઠ સોરાબજી બેજનજી દલાલ કાર્ડીંગ માસ્તર.		ખમાસા ચકલા.
૧	રા. રા. સોની ડાહ્યાભાઇ વ્રજલાલ.	શાહાપુર,	વડવાળી પોળ
૧	રા. રા. પટેલ માણેકલાલ ગંગારામ ગાંધી	,,	,,
૧	રા. રા. પટેલ મણિલાલ માધવદાસ.	,,	,,
૧	રા. રા. પટેલ ચીમનલાલ સોમનાથ ગાંધી	,,	,,
૧	રા. રા. પટેલ શકરાભાઇ હરગોવનદાસ.	,,	,,
૧	રા. રા. પટેલ શંભુભાઈ દોલતરામ.	,,	,,
૧	રા. રા. પટેલ મગનલાલ જમનાદાસ.	,,	,,
૧	રા. રા. પટેલ ભગુભાઇ મલુકચંદ ગાભા	,,	,,
૧	રા. રા. પટેલ મોહનલાલ આતમારામ (વીરમગામવાળા)		,,
૧	રા. રા. પટેલ મફતલાલ ત્રીકમલાલ.	શાહાપુર,	,,
૧	રા. રા. વાઘેલા ભગાજી ધીરાજી	,,	,,
૧	રા. રા. બારોટ જીભાઇ નથુભાઈ	,,	,,
૧	રા. રા. બારોટ મગનલાલ ત્રીભોવનદાસ.	,,	,,
૧	રા. રા. શાહ રણછોડલાલ જેઠાલાલ	,,	,,
૧	રા. રા. હરીભાઇ પુંજાભાઇ (સીતાપુરવાળા)	,,	વનમાળી વાંકાની પોળ
૧	રા. રા. પટેલ ચુનીલાલ હવશા	,,	,,
૧	રા. રા. મોમીન ગુલામરસુલ નુરમહમદ.	,,	,,

કાપી.			નામ.	ઠેકાણું.
૧	રા.	રા.	મોમીન પીરમહમદ કાજલભાઈ	શાહાપુર, વનમાળીવાકાની પોળ
૧	રા.	રા.	પંડયા ભીમજીભાઈ કલ્યાણજી	„ „
૧	રા.	રા	ઘાંચી જેઠાલાલ છગનલાલ	„ „
૧	રા	રા	રામચંદ્ર હરીભાઇ	, વેલદારવાડ
૧	રા	રા.	મણીલાલ વસંતરામ.	„ „
૧	રા.	રા.	વાઘેલા રામશંગજી દોલતશંગજી	„ „
૧	રા.	રા.	શાહ જેશીંગલાલ હરીચંદ	„ મંગળ પારેખનો ખાંચો
૧	રા	રા.	શાહ ઇશ્વરલાલ પુરશોત્તમદાસ	, „
૧	રા	રા	શાહ માણેકલાલ મંગળદાસ	„ ,
૧	રા	રા	શાહ વાડીલાલ ગીરધરભાઇ.	„
૧	રા.	રા	શાહ નકરાભાઇ કસ્તુરચંદ.	„
૧	રા.	રા	શાહ પોપટલાલ કાળીદાસ.	„ ,
૧	રા	રા	શાહ હીરાલાલ દામોદરદાસ	„ ,
૧	રા.	રા	શાહ ચીમનલાલ અમૃતલાલ	, „
૧	રા	રા	ચુનીલાલ નીબાવનદાસ ખમાર.	„ ચકલે.
૧	રા.	રા.	શાહ કચરાભાઇ દલસુખરામ. બીડીવાળા	,
૧	રા.	રા.	વાચ્છી રણછોડલાલ હરીવલ્લભદાસ	„ દાણાપીઠા.
૧	રા.	રા.	પટેલ રણછોડલાલ ગંગારામ,	„ મકોડીપાડાની પોળ.
૧	રા.	રા.	શાહ કેશવલાલ છોટાલાલ ઝવેરી	„ ગલીયાનું કારખાનું
૧	રા	રા.	પટેલ ઓત્તમદાસ રણછોડદાસ (વરીયોરવાળા)	નવીપોળ
૧	રા.	રા.	પટેલ સાકળચંદ દલસુખરામ.	, આમલીવાળી પોળ.
૧	રા	રા.	શાહ પોપટલાલ છોટાલાલ.	„ ચુનારાનો ખાંચો

પ્રતી.	નામ.	ઠેકાણું.
૧	રા. રા. ચીમનલાલ સાકલચંદ શાહ	શાહપુર, સુતારનો ખાંચો
૧	રા. રા. ગોરધનદાસ વરજીવનદાસ શાહ	,, ,,
૧	રા. રા. કેશવલાલ મુળચંદ શાહ.	,, ,,
૧	રા. રા. પરસોત્તમ કાળીદાસ શાહ	,, ,,
૧	રા. રા. બારૈયા, ધુળાજી ખાતુજી	,, ,,
૧	રા. રા. ગોરધનદાસ પરસોત્તમદાસ શાહ.	,, દરવાજાનો ખાંચો
૧	રા. રા. માસ્તર શંકરલાલ હરીભાઈ જાની.	,, ,,
૧	રા. રા. લવાર સોમનાથ ભાઈચંદ	,, ,,
૧	રા. રા. હરીલાલ દોલતરામ શાહ	,, જીવણકમળશીની પોળ
૧	રા. રા. મણીલાલ ડાહ્યાભાઈ શાહ બી એ.	,, કુવાવાળી પોળ
૧	રા. રા. પટેલ ઇશ્વરદાસ બેચરદાસ	,, વસ્તાસાહેબજીની પોળ
૧	રા. રા. બારોટ છત્રસીંગ લાલજી	,, ભાટવાડો
૧	રા. રા. બારોટ મણીલાલ માનસંગજી	,, ,,
૧	રા. રા. માધવલાલ હરીલાલ માધેલીયા	,, માળીવાડાની પોળ
૧	રા. રા. વ્યાસ ઉમીયાશંકર રૂપરામ	,, મોઢવાડાની પોળ,
૧	રા. રા. માસ્તર જેઠાલાલ ભગવાનદાસ	,, ખજુરીની પોળ.
	રા. રા. નાથાલાલ મગનલાલ.	,, બેચર લશ્કરીની પોળ
૧	રા. રા. સોમનાથ જોઇતારામ	,, શંભુપ્રસાદની પોળ
૧	રા. રા. મોદી નગીનદાસ બાપાલાલ	,, ઇદરીયા ચકલા
૧	રા. રા. તંબોળી હરીલાલ હરગોવનદાસ	,, ,,
૧	રા. રા. ગુલામનબી ઇસમાઇલભાઇ	,, ,,
	રા. રા. ડાભી નારણજી બેચરજી	,, ગાડાની ઇસપીતાલ

કોપી.	નામ.	ઠેકાણું.
૧	રા. રા. પટેલ ડાહ્યાભાઇ રણછોડદાસ.	શાહપુર, ભોઇવાડા
૧	રા. રા. ભાવશાર શીવલાલ છગનલાલ	,, ,,
૧	રા. રા. જમનાશંકર મોતીરામ વૈદ્ય.	નવતાડ
૧	રા. રા. પટેલ. ગીરધર મયાચંદ.	,,
૧	રા. રા. સરવેયર ડાહ્યાભાઇ વાઘજીભાઇ અમીન	મોટી હમામ
	રા. રા. શાહ મોતીલાલ ફુલચંદ.	દેવસાનો પાડો
૧	રા. રા. શંભુભાઇ કુબેરદાસ.	બકરીપોળ
૧	રા. રા. ચુનીલાલ મનસુખરામ નાયક	તરગાળાવાડ
૧	રા. રા. મુળચંદભાઇ વલ્લભરામ નાયક	,,
૧	રા. રા. જેસીંગભાઇ એલ. શાહ.	જુનો મહાજનવાડો
૧	રા. રા. શાહ શામળદાસ ઉમેદરામ	છીપાપોળ.
૧	રા. રા. ચંદ્રશંકર હરગોવન પુરાણી	હનમાનવાળી પોળ
૧	રા. રા. ભોગીલાલ નાનાલાલ ભટ્ટ.	,,
૧	રા. રા. પટેલ પ્રેમચંદ વાડીલાલ	કડવાપોળ
૧	રા. રા. શાહ ચંદુલાલ ભોગીલાલ સુતરીયા	લુણસાવાડો
૧	રા. રા. સાકળચંદ કરમચંદ શાહ	,,
૧	રા. રા. પંચાળ ફકીરચંદ વનમાળીદાસ	,,
૫	રા. રા. પટેલ મણીલાલ ગગલભાઇ	દરીયાપુર
૪	રા. રા. પટેલ મોહનલાલ મોતીલાલ.	,,
૧	રા. રા. શાહ મગનલાલ કુંવરજી સોનાપુરવાળા	,,
૧	રા. રા. દવે ચંદુલાલ હરીલાલ ઉમરેઠવાલા	,,
૧	રા. રા. ડાહ્યાભાઇ શંકરભાઇ શોજીત્રાવાળા	

કોપી.	નામ.	ઠેકાણું.
૧	રા રા. ગુનામનબી ગુલામઅલી	દરીયાપુર.
૧	રા. રા. પટેલ ભોગીલાલ આતમારામ	,,
૧	રા. રા. બીસમીલ્લાખા ગુલાબખા.	મનસુખભાઇની મીલ.
૧	રા. રા ગોપાળદાસ રામજીભાઇ	કાળુપુર
૧	રા. રા. રામજીભાઇ નાગજીભાઇ	,,
૧	રા રા. ચીમનલાલ સાકળચંદ શાહ.	ચંગપોળ.
૧	રા. રા. શેઠ ચીનુભાઇ હરીભાઇ.	કતાસાની પોળ.
૧	રા. રા. તારકસ કેશવલાલ કલ્યાણભાઇ સીતારાલા.	રીચીરોડ
૧	રા રા ગાંધી જમનાદાસ વસરામ	રતનપોળ.
૧	રા. રા સોની ચકુભાઇ જીવાભાઇ.	ઝવેરીવાડો
૧	રા રા ડાહ્યાભાઈ રતનચંદ શાહ	બાદશાહનો હજીરો
૧	રા. રા. ગુલાબજી માનસંગ.	ત્રણ દરવાજા.
૧	રા. રા. નારણરાવ ગોવીંદરાવ.	,,
૧	રા રા. બળવંતરાવ ભીકુબા જાદવ	ભદ્રમા.
૨	રા રા શેઠ રણછોડલાલ કેશવલાલ	માડવીની પોળ
૨	રા રા. ડોકટર ચંમનલાલ ગોવીંદલાલ	,,
૧	રા રા પંચાળ શંકરલાલ બેચરદાસ.	,,
૧	રા. રા. જીવણલાલ વીશાભાઇ.	,
૧	રા રા. ચંદુલાલ સાકળચંદ શાહ	,,
૧	રા. રા. કેશવરાવ આનંદરાવ પાત્રેકર.	ઢાળની પોળ.
૧	રા. રા ગોર જેશંકર મોતીરામ.	,,
૧	રા રા શાહ ચુનીલાલ છોટાલાલ રણછોડદાસ.	

ગ્રાહક

કૉપી.	નામ.	ઠેકાણું.
૨	રા. રા. ચીમનલાલ નારણદાસ	રાયપુર
૨	રા. રા. હરીલાલ નાનાભાઇ ભટ્ટ.	,,
૧	રા. રા છોટાલાલ બેચારદાસ નડીયાદવાળા	,
૧	રા. રા. પટેલ ગોરધનદાસ હરીલાલ	,,
૧	રા. રા. કસ્તુરચંદ ઉજમશી વઢવાણવાળા.	,,
૧	વિશા વિદ્યાવાળ હિતવર્ધકસભા (લાયબ્રેરી)	,,
૧	રા. રા. ઇંદુરાવ નારણદાસ	ખાડીયા
૧	રા. રા પ્રભાશંકર ઉમેદરામ મહેતા	,,
૧	રા. રા માસ્તર ત્ર્યંબકલાલ અંબાલાલ કપડવણજવાળા	,
૧	રા. રા ઇશ્વરલાલ કેશવલાલ મહેતા, વેર્પાગ બેંગ	,,
૧	રા. રા. અમીન બાઇલાલભાઈ મુળજીભાઇ	રાશીરામની પોળ
૧	રા. રા. જોશી સોમનાથ જોઇતારામ	શામશગાની પોળ
૧	રા. રા શાહ નારણદાસ કેશવલાલ.	,,
૧	રા. રા. ચીમનલાલ ડાહ્યાભાઇ શાહ	તળીયાની પોળ
૧	રા. રા પટેલ ખોડાભાઇ ગોપાળદાસ	સસપુર
૧	રા. રા. પટેલ મગનલાલ હરીભાઇ, કેમ હેડ જોબર	,
૧	રા રા પટેલ મથુરદાસ જેસીંગદાસ	,
૧	રા. રા સુતાર ભગવાનદાસ મથુરદાસ.	,,
૧	રા. રા જાની ત્ર્યંબકલાલ કીરપાશંકર.	,,
૧	રા. રા. હીરાલાલ સાકળચંદ કાજીયા	,,
૧	રા. રા. પંચાળ છગનલાલ રણછોડદાસ	,,
૧	રા. રા. શાહ કેશવલાલ હેમચંદ ખાનપરવાળા.	,,

નકલ

નકલ	નામ.

જુવાલડી.

૧ રા. રા ગોર જુગલભાઇ ભુવરભાઈ.
૧ રા. રા. શાસ્ત્રી જયકૃષ્ણ હરીકૃષ્ણ વૈદ્ય.
૧ રા રા. ઘાચી મોતીલાલ ગોવીંદભાઇ.

વળાદ.

૧ રા રા શેઠ ચુનીલાલ ગોરધનદાસ ઉમરેઠવાળા
૧ રા. રા. શેઠ કસ્તુરભાઇ મનસુખભાઇ
૧ રા રા નાથાલાલ જોઇતારામ શાહ

ધમીજ.

૧ રા. રા ત્રીવેદી ચુનીલાલ રેવાશંકર

ખાનપર.

૧ રા રા વાડીલાલ વનમાળીદાસ.
૧ રા રા શાહ અંબાલાલ શીવલાલ

હીરાપર.

૧ રા. રા બેચરલાલ મંછારામ કારપેંટર.

ચુડા.

૨ રા રા ભીખુભાઇ નાગરદાસ કપાશી

ભાવનગર.

૧ રા રા જુઠાભાઇ સકળચંદ
૧ રા. રા પટેલ ભાવનજી ત્રીકમજી
૧ રા રા શાહ મણીભાઇ હઠીસંગ

જેતપુર.

૧ રા. રા સુંદરજીભાઇ નાનજીભાઇ

કૉપી.	નામ.
	રાજકોટ.
૧	રા. રા. જેઠાભાઇ હરજીભાઇ.
૧	રા. રા. ફકીરચંદ નગીનદાસ.
	જામનગર.
૧	રા. રા. રામજીભાઇ પેલાભાઇ.
૧	રા. રા. લખમીચંદ પાનાચંદ.
૧	રા. રા. લાલજીભાઈ રામજીભાઇ.
૧	રા. રા. ઝવેરી મંગળજી વીરજીભાઇ
	મોરબી.
૧	રા. રા. હકુભાઇ ગોવીંદજી
	ધ્રાંગધ્રા.
૧	રા. રા. રતીલાલ કેશવલાલ
	ઉમરેઠ.
૧	ગ. ગ. પંડયા કેશવલાલ અનોપરામ
	ખંભાત.
૧	રા. રા. પોપટલાલ નેમચંદ
	વડોદરા.
૧	કમળાબ્હેન રતનરામ
૧	રા. રા. પરભુદાસ હરીભાઇ
૧	રા. રા. નાથાભાઇ નાનજીભાઇ
	વિશ્વામીત્રી.
૧	રા. રા. મણીલાલ કાનજી શાહ

કૉપી.	નામ.
	મેસરાડ.
૧	રા રા ચુનીલાલ મગનલાલ પંડયા
	ભરૂચ.
૧	રા રા. સાકરલાલ એ આચાર્ય
	અંકલેશ્વર.
૧	રા. રા. ચુનીલાલ નગીનદાસ
૧	રા. રા હીરાલાલ કપુરચદ
૧	રા રા તાર માસ્તર હીરાલાલ મોતીચંદ
	સુરત.
૧	રા રા. શેઠ ચીમનલાલ પરમાનદદાસ મુનીમ
૧	રા રા મોતીલાલ ચુનીલાલ
૧	રા. રા નરોતમ માવજીભાઇ.
૧	રા રા ચંદુલાલ ભાઇચંદ
૧	રા રા મણીલાલ મગળદાસ
૧	રા રા નાથુભાઈ એન્ડ કો
૧	રા રા. જ્યોતીષીજી રેવાશકર ભવાનીશંકર.
૧	રા. રા. શાહ નગીનદાસ ચુનીલાલ
	મુંબાઈ.
૧	રા. રા. શેઠ કકુચંદ ફુલચંદ
૧	રા. રા. જમનાદાસ જેકીશનદાસ
	મદ્રાસ.
૧	રા રા પરમાનંદ છોટાલાલ.
૧	રા. રા. ચતુરભુજ ખુશાલદાસ

હરીફાઇના મેદાનમાં સર્વોત્તમ પુરવાર થવાથી

સીમલા હેઅર ઑઇલ.

માટે

માઇસોરના છેલ્લા એકઝીબીશનમાં ત્યાંના નામદાર મહા-



રાજા, તરફથી પહેલા નંબરનું ઇનામ સોનાનો ચાંદ એનાયત કરવામાં આવ્યો છે, તેમજ ત્યાંના નાના મોટા સઘળા અમલદાર વર્ગ તરફથી સેંકડો સરટીફીકેટો મળ્યા છે.

સીમલા હેઅર ઓઈલ–છેલ્લામા છેલ્લી શોધ મુજબ સાયનટીફીક રીતે બનાવવામા આવ્યુ છે અને તેમા એવા ગુણકારક વસાણાનો મેળવણી કરવામા આવીછે કે, વાળને ખરી પડતા અટકાવીને લાંબા જથાબંધ વધારે છે અને સુવાળા રેશમ જેવા ચળકતા બનાવે છે તમોએ હજુ સુધી નહીં વાપર્યું હોય તો એક વખત જરૂર અજમાયશ કરો અને અમારી ખાત્રી છે કે તમોને તે જરૂર જ પસંદ પડશે

બાટલી ૧ ની કીંમત રૂ. ૧-૦ ૦

ટ. ખ. ચાર આના.

દરેક આબરૂદાર વેપારીઓ વેચે છે. બાટલી ખરીદ કરતી વખતે

ચેતવણી–૧૯૧૪ મા સુધારો કરેલા માલ ઉપર કંપનીની સહી છે.

અમદાવાદ ડીસ્ટ્રીકટના–સોલ એજન્ટ

સીગારેટ મરચંટ–ચંદુલાલ સોમાલાલ–રીચીરોડ–અમદાવાદ.

આર્યબંધુઓને ખુશ ખબર.

સજ્જનો ! જો આપને પવિત્રતા સાથે ધર્મને બરાબર જાળવવો હોય તો અવશ્ય એકવાર અમારો પ્રસંગ પાડી ખાત્રી કરો. આજ કાલ બજારમા લોકો પૈસા પેદા કરવાને ધર્મ ન સચવાય એવી અપવિત્ર વસ્તુઓ બનાવી વેચે છે. કે જેને ખરીદવાથી આર્ય ભ્રાતા ઓના ધર્મની નાસ્તી થાય છે. માટે તેમ ન થવુ જોઇએ ને પોતાનો ધર્મ બરાબર જળવાય તેમજ એ અપવિત્ર વસ્તુઓના કરતા ઘણીજ સસ્તી કીંમતે મળે તેને માટે અમે નવીન ગોઠવણ કરી છે. ગ્રહસ્થો ! અમો અમારી ખાસ દેખરેખ નીચે શુદ્ધ બ્રાહ્મણના હાથે તૈયાર કરાવેલા મીષ્ટ શરબતો, અમૃતનું પણ ભાન ભુલાવે એવા દરેક જાતના મુરબ્બાઓ અને ભોજન સમયે લ્હેજત પ્રાપ્ત થાય એવી સ્વાદિષ્ટ ચટણીઓ, આ ઉપરાત સુવાસ યુકત ગુલાબજળ, શુદ્ધ તલના તેલો, અગરબતીઓ, સાબુઓ, જાતજાતના અર્કો, જેવા કે પીપરમીટ, વરી-યાળી, ઇલાયચી, કપુર વગેરે અમારી દુકાનેથી વ્યાજબી ભાવે મળશે. અમારા સુજ્ઞ ગ્રાહકોને એકવાર અમારી દુકાનની મુલાકાત લેવાની અમો વિનતી કરીએ છીએ.

ચીમનલાલ મુળચંદ મુરબ્બાવાળા

ગીચીરોડ—અમદાવાદ.

નસીબ અને તેના છુપા ભેદ ભરમો.

અરે આતે કળીયુગ કે સતયુગ ?

કેટલાક લેભાગુ પોકલ પાડીત્યોથી જ્યોતિષ શાસ્ત્ર તરફ જન-સમુહને કેટલો બધો તિરસ્કાર ઉપજ્યો છે કે જ્યોતિષ એ શબ્દ સાભળતાજ ભડકી ઉઠે છે તો તેવા સજ્જનોને તો અમો ખરીખાત્રી કરી આપીશુ કે જોતિષ શાસ્ત્ર સાચું છે

ચમત્કાર વીના નમસ્કાર નથી.

એ અનુસાર તમે તમારી આખો જીંદગીનો હેવાલ જાણવા માગતા હો તો એક વખત અવશ્ય અમારી મુલાકાત લેવા ચુકસો નહી. ભાવીનો ભાવ જાણ્યા વગર અનેક દુઃખથી પીડાતા માણુસોને માટે આ એક સોનેરી તક છે જન્મની શાલ માસ તાથી વાર અને ટાઇમ ઉપરથી જન્મોત્રી વર્ષફળ વાગેરે બનાવીને તેમજ જન્મ સમધી કંઇ આધાર નહી હોય તો પ્રશ્ન ઉપરથી આખી જીંદગીનો હેવાલ કહેવામા આવશે, અમો કેટલાક વખતથી આ કામ કરીએ છીએ તેની ખાત્રી અમારા કદરદાન ગ્રાહકોજ જાણે છે વીશેષ ખુલાસા માટે અડધા આનાની ટીકીટ મોકલી પ્રાઇસલીષ્ટ મગાવો. બહાર ગામના ઓર્ડરો ઉપર પુરતુ ધ્યાન આપવામા આવે છે.

જ્યોતિર્ષી રેવાશંકર ભવાનીશંકર

ઠે છાપરીઆ શેરી—સુરત.

ફતેચંદ દોલતચંદ શાહ.

પેબલના ચસ્માના વહેપારી.

ખાસ વિલાયતથી મંગાવેલા ખરા **પેબલના ચસ્મા** અમારા ત્યાંથી ઘણાજ સસ્તા ભાવથી મળશે. દાક્તરી ચસ્માની પેટીમાથી **આંખ** તપાસી **ચસ્માનો નંબર મફત** કાઢી આપવા માટે ખાસ અનુભવી ડૉકટર રોકવામા આવ્યા છે તે સીવાય મોતીઆના ચસ્મા તથા ચસ્માની ફ્રેમો, ઇલ્યુમીનામ, રોલ્ડગોલ્ડ, કેરેટ વીગેરે મળશે. દરેક જાતના **કંપાઉન્ડ ગ્લાસ** પણ અમારે ત્યા મળે છે અમારે ત્યાથી લીધેલા પેબલના ચસ્માનો નંબર એક વરસ સુધી પૈસા લીધા વિના ફેરફાર કરી આપવામા આવે છે એક વરસ પછીથી અમારે ત્યાથી લીધેલા ચસ્મા અગર જુના પેબલના ચસ્માનો નંબર ફક્ત એક રૂપિઓ લઇ કાચ ફેરફાર કરી આપવામા આવે છે જૈનના સાધુ સાધ્વીઓને નફો લીધા વિના **ચસ્મા** આપવામા આવશે

સીલીન દ્રીકલસ–ચસ્મા અમારે ત્યાં ખાસ બનાવી આપવામાં આવેછે.

રબ્સ, આઇ–ડ્રોપ્સ.

આ દવા આખમા નાખવાથી ઝામર, છારી, ફુલ, ઝાખ, વારવાર દુખવું, હમેશા આખનુ લાલ તથા નજરનુ ટુંક થવું વિગેરે ઉપર ફાયદો કરે છે. સવાર તથા સાજે એક એક ટીપુ આખમા નાખી સુવુ કીંમત ૮ આના.

બનાવનાર–રબ્સ કેમીકલ વર્કસ કુંપની.

સોલ એજન્ટ–ફતેચંદ દોલતચંદ શાહ.

ચસ્મા ને દવા વેચનાર, ત્રણ દરવાજા–**અમદાવાદ.**

સીગારેટસ ! શેશીનસ્તાન તથા સિઆલા વાપરો. સીગારેટસ !

ધી ટરકીશ ટોબેકો કંપની.

તથા એસ માર્સની કંપનીની બનાવેલી ઉમદા પ્રકારની તંબાકુમાંથી તૈયાર થએલી શીગારેટો રાજા મહારાજામાં વપરાતી ઉંચી જાતની શીગારેટો છુટક તથા જથાબંધ મુંબાઇના ભાવે મલશે.

ઇસ્ટોન્ઝલ. હજાર. ૧. રૂ. ૫-૪-૦

નન પ્લસ ઉલ્ટ્રા હજાર ૧ ના. રૂ ૭-૧૨-૦

સ્પેશીયલ ગોલ્ડ ટીપડ ઇસલામીયા હજાર. ૧ ના રૂ. ૯-૮-૦

પ્રીન્સેસ હજાર. ૧. ના રૂ. ૧૨-૮-૦

પોસ્ટેજ ખર્ચ જુદુ, ચામટી હજાર મંગાવનારને પોસ્ટેજ માફ અત્યારે જુની અને જાણીતી સ્વટીકા શીગારમેન્યુફેકટરીંગના પ્લાનટર્સ, ટોરપીડો, ફાઈવ મીનીટસ. વીપ્સ, નોબલ, ડાઉસન, વીગેરે વીગેરે ઘણી જાતના શીગાર, તથા સીગારેટસ તથા ફેન્સી માલ એકદમ કીફાયત ભાવે મલશે.

શાહ ચંદુલાલ સોમાલાલની કુંપની.

૯૩. રીચીરોડ—અમદાવાદ.

વલ્લભદાસની ત્રીજોરીઓ.

સૌથી પહેલ વહેલા ફાયરપ્રુફ ત્રીજોરીઓ બનાવનાર.

જાણીતા અને જાતી અનુભવથી પ્રખ્યાતી પામેલા વલ્લભદાસ ગીરધરલાલ એન્ડસન્સની તીજોરીઓ ઘણી મજબુત ને આગની સામે ટક્કર ઝીલી શકે તેવા અખંડ પ્લેટમાથી મશીનથી વાળીને બનાવવામા આવે છે. અમારી બનાવટની કળો વગેરેનું કામ એવું તો સરસ હોય છે કે ત્રીજોરીઓ જોતાજ વીલાયતની સરસાઇ જેવીજ દેખાય છે ફાયરપ્રુફની મજબુતાઇ વીશેના કેટલાક ચાંદ તથા સર્ટીફીકેટો મળેલા છે

પેટન્ટ અજાયબ ગુપ્ત ભંડારની ત્રીજોરીઓ.

અજાયબ ગુપ્ત ભંડારની પેટન્ટ તીજોરીઓમા મુકેલો અસબાબ હરામી ચોર લોકોથી ઉઘાડવાની રીત જાણ્યા સીવાય લેઇ શકાતો નથી ને અસબાબ કાયમ રહે છે, તેમજ જલદી તુટી શકતી નથી. તીજોરી જોતા ગુપ્ત ભંડાર કોઇ જાણી શકતું નથી, અજાયબ રીતે ખુલે છે ત્યારે અજાયબી પમાડે છે

ફાયરપ્રુફનો તાજો પુરાવો.

અમદાવાદ લાલાવસાની પોળમા સંઘવીને ત્યાં અચાનક મોટી આગે ભયંકર રૂપ ધારણ કરી મકાન વીગેરેની પાયમાલી કરી હતી, તેની અંદર તેમણે ઝવેરાત, શેર, નોટ, જડીત દાગીના વગેરે મુકેલી ત્રીજોરીઓ પણ ભયંકર આગમાં આવેલી હતી ત્રીજે દીવસે મોટા અમલદારો, પંચ અને સંઘવીના માણસોની રૂબરૂ તીજોરી ખોલતાં અંદર મુકેલો માલ જોઇને તેની સહિસલામત હાલતમા નીકળ્યો હતો

પ્રથમ ફાયરપ્રુફનો અખતરો.

સરદાર શેઠ લાલભાઇ દલપતભાઇએ અખતરા સાથે ત્રીજોરી લેવા મુંબાઇવાળાને પુછેલ હતું, તો તે વખતે ચોખ્ખી ના લખી હતી. તેથી શેઠ સાહેબે વલ્લભરામને બોલાવ્યા ને આગમાં ટકે તેવી ત્રીજોરી ફાયરપ્રુફની માગણી કરી. તે વખતેજ અમોએ ત્રીજોરી આગમાં મુકાવી અખતરો કરી જોતા ફાયરપ્રુફ તીજોરી બનાવનાર મી૦ વલ્લભદાસને પહેલે નંબરે ગણેલા છે

તીજોરીઓના દરવાજા એકજ જાડી પલેટના બનાવીએ છીએ તેમજ ઇસ્ટાફૂર તથા સ્ટીલ પલેટના વાપરીએ છીએ, તીજોરીમાં અમારી બનાવટનીજ માસ્તર કી કળો બેસારીએ છીએ. કામ ઘણુંજ મજબુત, મગાવી ખાત્રી કરો, તીજોરી એકજ પલેટમાંથી મશીનમાં વાળીને બનાવીયે છીએ.

ક્યાં ક્યાં વપરાય છે.

મોટા, નાના રાજા રજવાડાઓમા, બેંકોમા, કમ્પનીઓની ઓફીસોમા, મ્યુનીસિપાલીટીઓમા, શેઠ શાહુકારોમા, મોટા નાની મીલોમા વિગેરે

મી. વલ્લભદાસ હીરાચંદ એન્ડસન્સ.

પાનકોરને નાકે—અમદાવાદ.

ગ્યાસના દીવા.

હલકો માલ ખરીદી યા ભાડે લઇ પસ્તાતા ના

કોઇ પણ વખતે તમારે વીલાયતી કીટસન અને દેસીઇ નોકઇન્ડીસન લાઇટો વેચાણુ યા ભાડે લેવાની જરૂર પડે ત્યારે અમદાવાદમા લોકપ્રીયતા મેળવી ઘેર ઘેર પ્રસીદ્ધ થયેલા

કેશવલાલ કાલીદાસની કું. ની.

મુલાકાત લેશો.

લગ્ન અથવા મેવાડામા ગામ કરતા ઘણાજ ઓછા ભાવે ભાડે આપીયે છીયે. બહાર ગામના કામપર ખાસ ધ્યાન આપીયે છીયે. અમારા લાઇટોની રોશની કદી ઝાંખી પડતી નથી કારણ કે ઘરાકને ઘેર યા વરઘોડામા લાઇટ સળગાવ્યા પછી અમારા માણસો ઓછામા ઓછા બે ત્રણ વખત તપાસ કરવા માટે આવશે તથા વરઘોડામા સાથે રહેશે આ કામને માટે અમો એવા બાહોશ માણસો રોકીયે છીયે કે જેથી અકસ્માતનો કદી પણ ભય રહેતો નથી કદાપી કોઇ પણ કારણસર લાઇટ રોશનીમા રાસી માલૂમ પડતુ હશે તો ગ્રાહકના દીલ પસંદ પ્રમાણે સુધારી આપવામા આવશે, મટે અમારા કદરદાન ગ્રાહકોને અરજ કરીયે છીયે કે એક વખત ઓડર આપી ખાત્રી કરો. આ સીવાય અમારે ત્યા તદન નવા લાઇટો ત્યા લગતો તમામ સામાન કીફાયત ભાવેથી વેચાતો મલશે તેમજ અમને સારા સારા ગ્રહસ્થોનાં સર્ટીફીકેટો મળેલા છે.

ઠે. રતનપોળ.

ઝવેરીવાડ પાસે ચાહની હોટલના મેડે મુ—અમદાવાદ.

ધી શીલ્વર સોપ ફૈકટરી.

ના

ઉત્તમ પ્રકારના બનાવેલો નાવામા ઘણાજ સરસ કીંમતમા ઘણા કીફાયત તથા કપડા ધોવાના બાર સોપ ઘણાજ ઉત્તમ પ્રકારના તૈયાર થાય છે.

બહાર ગામ માટે આબરૂદાર એજન્ટો જોઇએ છે

ભાવ તથા સેમ્પલ્સ ફ્રી મોકલવામાં આવશે. એક વખત આપરી ખાત્રી કરો.

વેપારીઓને ખાસ કમીશન આપવામાં આવે છે

વધુ વીગત માટે લખો

ચીફ એજન્ટ.

ચંદુલાલ સોમાલાલની કુંપની.

શીગાર એન્ડ સીગારેટ મરચન્ટ.

શીમલા હેઅર ઓઇલના સોલ એજન્ટ

૯૩. રીચીરોડ—અમદાવાદ.

જાહેર ખબર.

ક્રીસ્તીના પ્રખ્યાત કારખાનામાં બનાવેલી જે ડાહ્યાભાઇ એન્ડ કંપનીની જાણીતી ઉંચા. મેકરની બીજા બનાવટી મેકરો કરતાં સારી અને મજબુત ટકાવતવાળી વિલાયતી ટોપીઓ ખરીદ કરો તો અમારો ટ્રેડમાર્ક તપાસી ખરીદ કરજો.

CHRISTYS LONDON

જથાબંધ તથા છુટક કીફાયત ભાવથી વેચનાર

શાહ સરૂપચંદ નાનચંદ જરીવાલા.

રીચીરોડ--**અમદાવાદ.**

સસ્તામા સસ્તુ વાર્તાસાહિત્ય સમગ્ર ગુજરાતી પ્રજામા એકે અવાજે વખણાયલુ અને જાણીતુ થયેલુ નામાંકિત વિદ્વાન અને અનુભવી સાક્ષરોની કસાયલી કલમથી લખાતુ

સચિત્ર માસિક.

વાર્તાવારિધિ.

લવાજમ વાર્ષિક રૂ. ૨. પોસ્ટેજ આના ચાર પ્રત્યેક અંક એક સ્વતંત્ર પુસ્તક રૂપ છે. અને તેમા રસીલી સંપૂર્ણ વાર્તા, નવલ કથા, આપવામાં આવે છે. વાર્તાઓ એક એકથી ચઢીયાતી રસપૂર્ણ અલૌકિક ચમત્કૃતિવાળી અને સુનીતિમય હોય છે.

ગણપતરામ ઉત્તમરામ ભટ્ટ.

પ્રયોજક વાર્તાવારિધિ

સારંગપુર સગડીવાડ—**અમદાવાદ.**

MESSERS MANGALDAS AMRATLAL

Whole Sale & Retail Chemical Merchant.

Pankor Naka—AHMEDABAD

મેસર્સ મંગળદાસ અમરતલાલ.

હરેક જાતની દવાઓ, તથા રંગવાના, ધોવાના કેમીકલ્સ, વોસીંગ સોડા, કોસ્ટીક સોડા, બ્લીચીંગ પાવડર, નાઇટ્રીક, સલફ્યુરીક, મોરીઆટીક, એસીટીક એસીડ, સલફેટ એલ્યુમીના ફુલ છાપ બારસોપ કોપરેલ જથાબંધ વેચનાર.

મીલોને ઉપયોગી તથા સાબુના કારખાનાવાળાઓને માટે ઘણાજ કીફાયત ભાવથી આપીશું, એકવાર પધારો ખાત્રી કરવા ભુલવું નહિ

પાનકોર નાકા—અમદાવાદ.

જાહેર ખબર.

સ્ટેશનરી તથા પ્રિન્ટિંગની સગવડવાળી દુકાને જો જરૂર પડે તો નીચેને ઠેકાણે લખો યા–મળો.

એમ. વાડીલાલની કું.

સ્ટેશનર (પ્રીન્ટર)

પાનકોર નાકા—અમદાવાદ.

આધુનિક આર્ય ઘરસંસાર

આર્યોની ખુબી અને ખામીઓનો આબેહુબ ચિતાર.

એક રસભરી નવલ કથા.

શ્રી નવલ

કુંદન અને કુસુમ.

દોહરો

કહ્યાગરો છે દીકરો, ગુણવતી છે નાર,
જેના ઘરમા તે વસે, ધન્ય તેનો અવતાર

સુધારાનો સાર કે ફેશનનો માર.

આ રસભરી જીવનકથામા સંસાર વ્યવહારની અવનતીના કારણ રૂપે મનાતા બાળલગ્ન, વૃદ્ધલગ્ન, દ્વિત્રિયાલગ્ન, કન્યાવિક્રય અને પુનર્લગ્નના વિષયોના કેન્દ્ર બિન્દુની કલ્પનાના પ્રદેશમા **કુંદન અને કુસુમ** પાત્રો કલ્પી તે દ્વારા સુધારાના સપાટા, કુળ મોટાઇના કદાપા, જમાનાના ઝપાટા, કેળવણીના ફજેતા, પ્રેમની શુળી ને હૈયાની હોળીના આચાર વિચાર ઘણી સરસ ભાષામા ખુબીભરી રીતે આબેહુબ બતાવવામા આવ્યા છે તે સાથે આધુનિક આર્ય ઘરસંસારનું પ્રતિબિંબ સારી રીતે પાડવામાં આવ્યુ છે

આ નવલ કથાના પ્હેલેથી પાચ ભાગ મુદ્રાકીત થઇને બહાર પડયા છે રોયલ સોળ પેજી પૃષ્ટ ૨૦૮ છતાં દરેક ભાગની કીંમત માત્ર રૂ ૦-૧૨-૦ રાખવામા આવી છે.

સોલ એજન્ટ—હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

૨૬૩૦, પાનકોર નાકા—**અમદાવાદ.**

ધાર્મિક, સામાજિક તેમજ નૈતિક તત્વોથી ભરપૂર

નવલકથા

પ્રેમલતા

યાને

કંટકમાં ગુલાબ.

લેખક—સત્યેંદ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

'ધર્મે જય તથા પાપે ક્ષય' એ સૂત્રને ઘણી સ્પષ્ટ રીતે તેમજ સુંદરતાથી વાર્તા પ્રવાહમાં સમજાવવામાં આવ્યું છે, તથા 'દશા ફરે ત્યારે બુદ્ધિ ફરે' એ પ્રમાણે અધમ મનુષ્યોની બુદ્ધિ પાપકર્મ કરવાને માટે કેટલી આગળ પડતી રહે છે, તેમજ તેનું કેવું ભયંકર પરિણામ આવે છે તેનું દર્શન કરાવી પરમાત્માના અંશસ્વરૂપ દૈવી પુરૂષો સત્યવાદી તેમજ ધર્મિષ્ટ જનોને શિરે અસાધારણ સંકટો આવી પડવા છતાં પણ તેઓ 'દુઃખ એ પરમાત્માના આશિર્વાદ છે' એમ માની સંકટોમાંથી કેવી અદ્ભુત દૃઢતાથી પાર ઉતરી જાય, સત્ય, દયા તેમજ ધર્મને અવલંબીને પાપી પુરૂષો ઉપર કેવી રીતે વિજય મેળવી શકે છે, તેનો ચિતાર રસપૂર્ણ, જુસ્સાવાળી ભાષામાં રજુ કરવામાં આવ્યો છે. સુંદર છપાઇ, ઉત્તમ કાગળ, પૃષ્ઠ સંખ્યા ૩૦૦ પાકું સોનેરી કપડાનું પુઠું છતાં કીંમત માત્ર રૂ. ૧—૪—૦. વી. પી. પોષ્ટેજ જુદું.

સોલ એજન્ટ—હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

૨૬૩૦, પાનકોર નાકા—અમદાવાદ.

સંસારના સન્મિત્ર સ્વરૂપ

નવલકથા

કુમુદકુમારી

લેખક—સત્યેંદ્રપ્રસાદ સાંકળેશ્વર મ્હેતા.

આ નવલકથા સંસારનો સન્મિત્ર છે, અનેક પ્રકારના તત્વોથી પરિપૂર્ણ છે. હેતુશુન્ય નવલકથા તે નવલકથાજ નથી. આ નવલકથામાં એવા અનેક હેતુઓ રામાયેલા છે કે જે વાંચવામાં આવતાં બસ 'અપૂર્વ અપૂર્વ' શબ્દનો ઉચ્ચાર

કાવ્યોના શોકિનોને રૂચતી કાવ્ય સામગ્રી પણ આ નવલકથામાં પીરસવામાં આવી છે. પ્રત્યેક પાત્રનું વર્ત્તન વિચારવા યોગ્ય છે. જો નીતિનો માર્ગ નિહાળવો હોય, પ્રાચીન તેમજ અર્વાચીન રૂઢીઓનું અવલોકન કરી યોગ્ય માર્ગ ગ્રહણ કરવો હોય, સતીના સતીત્વનુ દિગ્દર્શન કરવું હોય, પાપીનો જુલ્મ જોવો હોય, આનંદ સાથે જ્ઞાન મેળવવું હોય તો એક વખત કુમુદકુમારી અવશ્ય વાંચો.

આકર્ષક છપાઇ, મનોહર, લાયબ્રેરીને શોભાવે એવુ સુંદર સોનેરી નામવાળું સુંદર બાઇન્ડીંગ.

પૃષ્ટ સંખ્યા ૪૨૫ છતાં કીંમત માત્ર રૂ. ૧—૮—૦.

સોલ એજન્ટ

બુકસેલર હરગોવનદાસ હરજીવનદાસ.

૨૯૮૦, પાનકોર નાકા—અમદાવાદ.

હરેક જણે જાણવું જોઇએ કે

રામબાણ.

શરીરના દરદો માટે ચોપડવામાં, તેમ ઘસવામાં, અને અંદરના દરદો માટે ખાવામાં ઉપયોગમાં લઇ શકાય છે.

સખ્ત માથાનો દુખાવો, સંધીવા, હાથ પગનું ઝલાઇ જવું સળેખમ, શરદી, તાવ, અજીરણ, ખાશી, પેટનો દુઃખાવો, વગેરે દરદોનાં માટે અચુક ઇલાજ છે

કીંમત પા ઔંસ શીશી ૧ ના રૂ. ૦-૧૦-૦ પોસ્ટેજ જુદું

મળવાનું ઠેકાણું.

રામબાણ એજન્સી.

ન. ૪૩૭ સાહુકારપેટ-મદ્રાસ.

ઘડીઆળી પોપટલાલ છોટાલાલ.

અમારે ત્યા હરેક જાતનાં નાનાં તથા મોટાં ઘડીઆળો ગેરંટી સાથે કીફાયત ભાવે મળશે. તથા ઘડીઆળોનું રીપેરીંગ કામ ઘણુ જ સારૂં ગેરંટી સાથે કરી આપવા આવે છે તથા તેને લગતો છુટો સામાન તથા ઓજારો વિગેરે કીફાયત ભાવે મળશે.

રીચીરોડ---અમદાવાદ.

ધી ફોટો આર્ટ સોસાયટી.

રીચીરોડ ફુવારા સામે—અમદાવાદ.

અમારે ત્યા છબીઓ પાડવાનું તથા એન-લાર્જ-મેન્ટ તથા ઓઇલ પેઇન્ટીંગનું કામ ઘણીજ સફાઇબંધ કરી આપવામાં આવે છે કેનવાસ પેઇન્ટીંગ લાઇફ સાઇઝ સુધીના કીફાયત ભાવે કરી આપવામા આવે છે.

બહાર ગામના ઓરડરો ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે

અમારે ત્યા ફોટોગ્રાફીક તથા પેઇન્ટીંગવર્ક શીખવવામા આવેછે

પ્રાઇસ લીસ્ટ મંગાવવાથી મોકલી આપીશું

પ્રોપ્રાયટર્સ— આર, એમ, ભટ્ટ.
અને
આર, કે, શાહ.